सत्यं परं धीमहि

卐 પુરાતત્ત્વ 卐

પુસ્તક ૪

[સં. ૧૯૮૨]

સા વિદ્યા યા વિમુક્તયે
અમદાવાદ
ગુજરાત વિદ્યાપીઠ

સંપાદક અને પ્રકાશક
રસિકલાલ છોટાલાલ પરીખ
ગુજરાત પુરાતત્ત્વ મંદિર
અમદાવાદ

મુદ્રકઃ ચિમનલાલ ઈશ્વરલાલ મ્હેતા
મુદ્રણસ્થાનઃ 'વસન્ત મુદ્રણાલય'
ઘીકાંટારોડ, સિવિલહૉસ્પિટલ સામે,
અમદાવાદ.

લેખાનુક્રમ

(લેખકવાર અકારાદિ પ્રમાણે)

સ્વાધ્યાય

નોંધ

આ બે અંકોથી 'પુરાતત્ત્વ' નું ચોથું વર્ષ પૂરું થાય છે. જે લેખકોએ અને ગ્રાહકોએ 'પુરાતત્ત્વ' ને ચાલુ રાખવામાં મદદ કરી છે તેમનો અમે આભાર માનીએ છીએ, અને આશા રાખીએ છીએ કે તેઓ પૂર્વવત્ મદદ આપશે.

'પુરાતત્ત્વ' ના પાંચમા વર્ષનો પહેલો અંક માઘ માસના અંત સુધીમાં બહાર પાડવા ઇરાદો છે. જેઓની ગ્રાહક તરીકે ચાલુ રહેવાની ઇચ્છા ન હોય તેઓ અમને તે પ્રમાણે લખી જણાવવાની કૃપા કરશે.

સંપાદક

સત્ય પર ધામાહ

卐 પુરાતત્ત્વ 卐

તક ૪ થું] પોષ-ચૈત્ર [અંક ૧-૨ જો

પાટણના બે જૂના દસ્તાવેજો.

[આચાર્ય શ્રી જિનવિજયજી]

પાટણથી પં. પ્રભુદાસજીએ કેટલાક જૂના દસ્તાવેજો અમને જોવા માટે મોકલ્યા છે; ાંના એ ઉપયોગી અને જાણવા જેવા હોવાથી આ નીચે આપવામાં આવે છે. આ ાવેજો કપડા ઉપર લખેલા છે. નં. ૧ વાળા દસ્તાવેજની પહોળાઇ ૮¾ ઈંચ અને ાઇ ૨ ફીટ ૮ ઇંચ જેટલી છે. આ દસ્તાવેજનો ઉપરનો થોડોક ભાગ ફાટી ગયો ૨ જા નંબરવાળા દસ્તાવેજની પહોળાઇ ૯½ ઇંચની અને લંબાઇ ૩ ફીટ ૧½ ા જેટલી છે. આ દસ્તાવેજનો નીચેનો કેટલોક ભાગ જતો રહ્યો છે.

પહેલા દસ્તાવેજમાં મતું કરનાર અને સાક્ષીદારની સહિઓ લેખની નીચે આપ-ાં આવેલી છે અને બીજામાં લેખની ઉપર અને નીચે બંને જગ્યાએ આપવામાં ેલી છે.

પહેલા દસ્તાવેજની સાલ સંવત્ ૧૫૪૭ ની અને બીજાની સંવત્ ૧૫૬૨ છે. આ વખતે રાત ઉપર સુલતાન મહમૂદ બાદશાહી કરતો હતો. આ મહમૂદ તે ઇતિહાસ પ્રસિદ્ધ મહમુદ ડો હોવો જોઇએ, કારણ કે તેણે સંવત્ ૧૫૧૫ થી તે ૧૫૭૦ સુધી બાદશાહી ભોગવી ી. સંવત્ ૧૫૪૦ ના અરસામાં તેણે ચાંપાનેરનો કિલ્લો સર કર્યો અને તે પછી તેને પોતાની નવી રાજધાની બનાવી આખર સુધી ત્યાં જ રહ્યો હતો. તેથી આ બંને ાવેજોમાં ગૂજરાતની રાજધાની તરીકે ચંપકદુર્ગ એટલે ચાંપાનેરનો ઉલ્લેખ કરવામાં યો છે. દસ્તાવેજોમાં બાદશાહ મહમૂદને લગાડવામાં આવેલાં વિશેષણો ઉપરથી તેના ક્રમ અને ન્યાયબુદ્ધિ આદિ ગુણોનું સ્પષ્ટ સૂચન થાય છે કે જે વિષે મુસલમાની ારિખોમાં વિગતથી લખેલું મળી આવે છે.

આ બંને દસ્તાવેજો પાટણમાં થએલા છે. ૧ લા દસ્તાવેજ વખતે પાટણમાં ન્યાય તાનો ઉપરી મફ્દુમકાદી નામે મુસલમાન અમલદાર હતો અને દીવાની ખાતાનો ઉપરી

મહં. હાંસા કરીને કોઇ હિંદુ અમલદાર હતો. જકાતખાતાનો અધિકાર પણ તેને જ સોંપેલો હતો. લશ્કરી અમલદાર તરીકે મલિક અલાવદીન કામ કરતો હતો.

બીજા દસ્તાવેજના વખતમાં દીવાની અમલદાર ખાન મજીદ કરીને મુસલમાન હતો. જકાતખાતાનો ઉપરી મહં. આદા અને નાકેદાર ઠાકુર ભાણા નામે હિંદુ હતો. ન્યાય ખાતાની અમલદારી મહમ્મદ કબીરવતી યાકૂબ નામે કોઇ મુસલમાનું ચલાવતો હતો. લશ્કરી અમલદાર તરીકે શિરખીલ્લ ઈસિપનીયાર (મુસલમાન) કામ કરતો હતો.

આ બંને દસ્તાવેજો સંસ્કૃત ભાષામાં લખેલા છે, તે ખાસ ધ્યાન ખેંચે તેવી બાબત છે. પાટણમાંથી હિંદુ સત્તા નષ્ટ થયાં બાદ લગભગ બે સૈકાઓ પછી આ દસ્તાવેજો લખાયા છે. બસો વર્ષ જેટલા લાંબા સમય સુધી, હિંદુ સંસ્કૃતિ સાથે સર્વથા વિરોધ અને વિદ્વેષની લાગણી રાખનારા મુસલમાની અમલનો પ્રારંભિક દોર ગાઢ રહેવા છતાં પણ કાજીઓની કચેરીમાં સંસ્કૃત ભાષાનો વ્યવહાર થતો હતો ! આ દસ્તાવેજોની સંસ્કૃત બહુ જ સરલ છે. એને બોલચાલની સંસ્કૃત કહી શકીએ. પ્રાકૃત અને દેશ્ય શબ્દોને સંસ્કૃતના વિભક્તિ–પ્રત્યયો લગાડી તથા કેટલાક દેશી શબ્દ–પિંડોને સંસ્કૃતના ચાક ઉપર ચઢાવી હલકા હાથે સહેજસાજ કાંઇક સાંસ્કૃતિક આકાર આપી, વ્યાકરણ શાસ્ત્રથી અપરિચિત મનુષ્યોના કર્ણને પણ સંસ્કૃત ભાષાના પ્રવાહના ધ્વનિથી પરિચિત કરવા માટે આ પ્રકારની ભાષાનો વ્યવહાર કરાતો હતો. શિષ્ટ વાઙ્મયમાં વ્યવહૃત સંસ્કૃતના પ્રવાહની માફક લૌકિક વ્યવહાર માટે ઉપયોગમાં લેવાતી આ જાતની સંસ્કૃતનો પ્રવાહ પણ ઘણા દૂરના કાલપ્રદેશમાંથી ચાલ્યો આવતો હતો. કેટલાયે બૌદ્ધ અને જૈન લેખકોએ સર્વ સાધારણને ધર્મ અને નીતિનો બોધ આપવા માટે આ જાતની સંસ્કૃતનો ગ્રંથ લેખનમાં પણ ઉપયોગ કર્યો છે. હિંદુ રાજાઓના રાજ્યકારભાર માટે મોટે ભાગે આ જ જાતની સંસ્કૃત વપરાતી હતી, અને તેના અંતિમ અવશેષ તરીકે આપણે આ દસ્તાવેજોનો ઉલ્લેખ કરી શકીએ.

૧ લા દસ્તાવેજમાં, પાટણ નિવાસી ઓસવાળ જ્ઞાતિના સાહ ઝાંઝણના પૌત્ર સાહ હેમાના પુત્ર સાહ વીજા અને તેના પુત્ર સાહ જગા યોગ્ય; સાહ હેમાના જ બીજા પુત્રો સાહ ઇસર, રુપા, સોના, પૂના નામના ભાઇઓએ પોતાની માતા પલ્હાઈ અને ભગિની મરગાઇ રજાઇ આદિ સાથે એકમત થઇને, ભાગીદારીની વ્હેંચણી મારેનું કરી આપેલું લખાણ છે. એમ જણાય છે કે સાહ હેમાને પ્રથમ સ્ત્રીથી વીજા નામે પુત્ર થયો હતો અને બીજી સ્ત્રી પલ્હાઇથી સાહ ઇસર વિગેરે પુત્ર–પુત્રિઓ થયા હતા. કોઇ ખાસ કારણને લઇને પલ્હાઇના સંતાનોને પોતાના પિતાની બધી મિલ્કત ઉપરથી પોતાનો હક્ક છોડી દેવાની ફરજ પડી હતી. તેથી સાહ વીજા અને તેના પુત્ર જગના હકમાં આ ખત તેમને લખી આપવું પડ્યું હતું. મિલકતમાં ગણાતી વસ્તુઓની વિગત જાણવા જેવી છે. તાંબા, પિત્તલ, સોના, રૂપા આદિ ધાતુઓ તથા તેમની બનાવેલી વસ્તુઓ; જસત કથિર અને કાંસાના બનાવેલા વાટકા વાટકી આદિ ભાજનો; મજીઠ પટોલિકા આદિ વસ્ત્રો; પંટી, ઉખલ, મુસલ આદિ ઘરગતુ વસ્તુઓ; મરચા, મંજીઠ આદિ ૩૬૦ કરિઆણાની ચીજો; કુંડી, લોટા આદિ તાંબાના વાસણો; ખાટ, પાટ, ચોકી, આસન અને ગાદલાં

આદિ લાકડાની વસ્તુઓ; કોદાળી, પળી, દીવો ઇત્યાદિ લોઢાની ચીજો; કણના કોઠાર અને ભાત આદિ સાત પ્રકારના ધાનથી લઇ મીઠા સુધીની અનાજમાં ગણાતી વસ્તુઓ; ગાય, ભેંસથી લઇ ગધેડા પર્યંતના બધા ચોપગા પ્રાણીઓ; અને પીંપલા હવેલીમાં સાહ હેમાએ ખરીદેલું ઘર: આ બધી વસ્તુઓ જે પિતા અને પિતામહની મિલ્કત તરીકે ગણાય છે તે બધી ઉપરથી સાહ રુપા અને સોના નામના બંને ભાઇઓએ [પોતાના મોટા ભાઇ] ઇસરની સાથે બેસીને, [ઓરમાન ભાઇ] વીજાના હકમાં લખી આપી છે. એમાં એ ભાઇઓના કશો લાગભાગ નથી. હવે પછી, સાહ ઇસર આદિ ભાઇઓ પોતાના ઉદ્યોગથી જે કાંઇ લાખો રૂપિઆની પણ મિલ્કત મેળવે તે તેમની પોતાની છે. તે સાથે સાહ વીજાનો કશો સંબંધ નહિ. જે કોઇ આ અક્ષર-લેખનો લોપ કરશે તેનું પાપ તેના માથે છે. આ લખાણ માટે કોઇ પણ બ્હેન-ભાણેજ કે દુહિતા-દૌહિત્ર આદિ પણ કશું ન કરી શકે તેમ જ બીજા કોઇ માણસો દ્વારા પણ એ બાબતમાં કશો આડો વ્યવહાર ન કરી શકે તે માટે બધાએ આ દસ્તાવેજ ઉપર પોતાનાં હસ્તાક્ષરો આપ્યાં છે. આ લખાણમાં જે કાંઇ અધિકું ઓછું લખાયું હોય તો તે પણ બધાને પ્રમાણ છે.

આ પ્રમાણેનું લખાણ કરી નીચે ડાવી બાજુએ દસ્તાવેજ લખી આપનારાનાં અને જમણી બાજુએ સાક્ષીદારોનાં હસ્તાક્ષરો કરવામાં આવ્યાં છે.

૨ જા દસ્તાવેજમાં, એક ઘર વેચાણ સંબંધી લખાણ છે. એ ઘર, ધુરા હવેલીમાં સાહવાડા મોહલ્લામાં આવેલું છે. એ પૂર્વાભિમુખ અને ત્રણ ઓરડા યુક્ત છે. તેમાં વચલા ઓરડાની આગળ પરસાળ છે અને તે પછી આંગણું છે. દક્ષિણ બાજુએ ખડકીઓ આવેલી છે અને એ જ તરફ વાડો પણ રહેલો છે. આ ઘરના ગ્રાહક (વેચાતું લેનાર) અને દાયક (વેચાતુ આપનાર) નાં નામો આ પ્રમાણે છે.

ગ્રાહક—આ જ શહેર [પાટણ] ના રહેવાસી શ્રી શ્રીમાલી જ્ઞાતિના દો० જોગાના પુત્ર દો० નપા, દો० વસ્તા, દો० નપાના પુત્ર રાયમલ્લ, શ્રી મલ્લ, દો० વસ્તાના પુત્ર દો० રંગા, દો० રાજપાલ: એ બધાએ એકમત થઇને એ ઘર વેચાતું લીધું.

દાયક—અમદાબાદ નિવાસી શ્રી શ્રીમાલ જ્ઞાતીના સાહ ગણપતિ સુત સાહ વર્ધમાન, તેનો પુત્ર દેવચંદ, શ્રીચંદ; સાહ માણિક તેનો પુત્ર સાહ સાધા, તેનો પુત્ર ખીમા; સાહ માણિક સુત સાહ સોમા, તથા સાહ શ્રીરાજ; સાહ માણિકની ભગિની બાઇ હીરી–તેનો પુત્ર સોની માંડણ–તેનો પુત્ર–સોની દેવા; સાહ ગણપતિની પુત્રી બાઇ મર્ધાઇ, બાઇ કુંઅરી; સાહ માણિક સુત સાહ વેણા–તેનો પુત્ર–સાહ રામા; સાહ માણિક સુત સાહ પાંચા–તેનો પુત્ર-ભીમા; સાહ માણિકની પુત્રી–બાઈ ધનીબાઇ, વીરૂ: એ બધાએ એકમત થઇને, વાસમાં રહેનારા સમસ્ત લોકોની દેખતાં તથા સમસ્ત સગાઓની રૂબરૂ, પોતાની જરૂરિઆતને લઇને, ઉપર જણાવેલું પોતાના વડવાઓનું ઘર વેચ્યું છે. ઘરની કિંમત ૩૪૪૪ અંકે ચોત્રીસસો ચમ્માળીશ ટકા પુરા છે. આ ટકા તે સોનાની ટંકશાળમાં પડેલા, ત્રણ ચાર પરીક્ષા કર્યા પછી સોનીઓની પેઢીઓમાંથી પસાર થએલા નવીન નાણાના રૂપમાં છે, આ ટકા એક સાથે સામટા લઇને દાયક માણસોએ ગ્રાહકને એ ઘર વેચી દીધું છે.

[illegible] पु नतमप [illegible]
[illegible] गुमपि कमा [illegible] यपे वमा [illegible]
[illegible] बदशा [illegible] आनन [illegible]
[illegible] विसं [illegible] रिपसो [illegible]
[illegible]
[illegible]
[illegible] मनुरिपि [illegible]
[illegible] कम्यार [illegible] समनुरिपि [illegible]
[illegible]
[illegible] मध्ये [illegible]
[illegible] परमपनु [illegible]
पडुने [illegible] निपु [illegible]
[illegible]

अन्यायांधकारमा-(७) र्त्तंड न्यायैकनिज मंदिर सेवकजन दारिद्रमोचन महाराजाधिरा-(८) ज पातसाह सुरताण श्रीमहमूद विजयराज्ये सांप्रतं पातसाहि (९) चरणै श्री चांपानेरदुर्गे भणित्वा तथा तेनैव परमप्रभुणा श्री (१०) पत्तने धर्म्माधिकरणे नियुक्त धर्मबुद्ध्या धर्मन्यायं कुर्वेति मख-(११) दूसकादी श्रीराजा तथा तेनैव प्रभुणा श्रीपत्तनदीवाने (१२) नियुक्तमहं श्रीहांसासंज्ञे श्रीश्रीकरणादि समस्त मुद्राव्यापा-(१३) रान् परिपंथयति सतीत्येवंकाले प्रवर्तमाने शहर साहण-(१४) केयामत्यां मंडपिकायां च महं श्रीहांसा दुर्गपाल मलिक श्री अ-(१५) लावदीन प्रभृति पंचकुलप्रतिपत्तौ सर्वानुमतेन हस्ताक्षर पत्र-(१५) मभि लिख्यते। यथा । यत् अत्र वास्तव्य ओसवाल ज्ञातीय साह झां-(१६) झण पौत्र साह हेमा सुत साह वीजा तथा पुत्र साह जगा योग्यं (१७) तथा इहैव वास्तव्य ओसवाल ज्ञातीय साह हेमा सुत साह ईसर रू-(१८) पा सोना पूना अनयोर्जननी बाई पल्हाई भगिनी मरगाई रजाई एते (१९) एकमती भूय स्वीय हस्ताक्षराणि प्रयच्छंति । यत् आत्मीये पितृ(२०)पैतामहीकं कुप्यं अकुप्यं सुवर्ण्णं रौप्यं घटितमघटितं च रौ (२१) वयं द्रव्यं जलगतं पातालगतं देशदेशांतरगतं पत्रपत्राचारेण (२२) लभ्यं देयं च । त्रपुसीसकादि त्रोटीपर्यंतं भाजन वाटलां वाटली (२३) प्रभृति सर्वं कांस्यमयं जादरपट्टोलिका प्रभृति वस्त्रं पोति प-(२४) र्यंतं घरट्टोदूपल प्रभृति सर्वं भांडं गृहोपस्करं मरचि मंजि-(२५) ष्टादि सर्वं पण्यधिक शतत्रयक्रयाणकादि लवणांतं कूंडी लो-(२६) टा प्रभृति सर्वं ताम्रमयं पट्टा आसन पट्ट चतुस्कपट्टवाहिनी गा-(२७)डला प्रभृति सर्वं काष्ठमयं कुद्दालिकापलिकाप्रदीप मर्यादीकृ (२८)-त्य सर्वं लोहमयं कणकोष्ठागार व्रीह्यादि सप्तधान्यादिकं लवणां-(२९) तं गोमहिष्यादि सर्वं चतुष्पदादिकं रासभपर्यंतं सर्वं गृहोपस्क (३०)रं सन्मार्जनी भांड पर्यंतं । तथा च गृहं भूमितलकं पींपलाहवेली मध्ये (३१) साह हेमाकेन मूल्येन क्रीतं तस्य गृह विषये गृहवार्तादि विषये (३२) साह कूंपा सोनी उभाभ्यां उपविश्य साह ईसरसमं साह विजाकस्य (३३) सपुत्रेण कमला 'लागभागो नहि । किमपि संबंधो नहि । इहार्थे तडागऽपि (३४) पानीयं साध्यं नहि । अधुना पश्चात् साह ईसर रूपा सोना पूना एते (३५) स्वकर्म्मणा लक्षादिकमुपार्जयंति तत् एतेषां स्वांगीकं । साह विजा-(३६) कस्य संबंधो नहि । यः कोपि एनामक्षरविधिं लोपयित्वा किमपि (३७) वरवचसादिकं करोति तत्पापं तस्यैव । अस्योपरिलिखितविधेः प-(३८) रिपालनाय समस्त कलिकावल कुचवट झगटक

रक्षणाय गो-(३९) त्रुणदायादीनां निवारणाय भगिनीभागिनेयानां दुहितृदौहि-(४०) त्राणां निवारणाय अन्दपत्रहस्तव्दवहारकादीनां निषेधना-(४१) य स्वह-स्तेन दत्तमतानि ॥ हीनाक्षरमधिकाक्षरं प्रमाणमेव ॥

卐

अत्र मतानि	अत्र साक्षिणः (બરાબર વંચાતું નથી)
साह हेमासुत ईसरस्य	१ पा०. मूलासुत कूपा साख
मतुं	१ सा० माणिकसुत सिवादत साख
थाइ पानाही सोनो पूनो कृतो	१ साह मेघासुत कमला साख
ईसर नारचंद सा क्षार्थ (?)	१ साह खेमासुत कुरा साख
	१ हांसा साख...
	१ तेजासा हरखासुत
	१ साह भूरा सुत रामासाख
	१ पं इसरदेसुत देवदत्तसाख
	१ भा० धणपतसाख रूप प्रमाण
	१ भं० देवर उस्तागणी
	१ भं० देवराणा रमना
	१ संघी समरा साखि
	१ जो० गणपति साखि

दस्तावेज नं. २

१ गणपत (?) गरपमानमतं ।

१ गणपतसुत गरपमानमतं ।

(અહિં નીચે ફારસી અક્ષરે લખેલું છે.)

१ मानकसुत मापामतूं ।

(આ નીચે ત્રણ પંક્તિઓ ફારસી અક્ષરમાં લખેલી છે.)

१ मानरसुत गोमामतुं ।

१ मानीकसुत मीरामतुं ।

અહિં ઉપરના ભાગમાં ફારસી અક્ષરોમાં કેટલીક સહીઓ કરેલી છે જે કોર્ટના અમલદારોની હોય તેમ જણાય છે.

१ हांसा नाथा सापी
१ सांधा अदा अत्रे सापी
१ आ. मांडण देवा सापी
१ सोनी गदासुत काहाना सा.

卐 वाई कोईरम
卐 वाई मरघाई
卐 वाई धंनी
卐 वाई हीरीना साथीआ
卐 वाई मणकाई सुतभीमा
卐 वाई वीरु साथीऊ

नसरदीन आउदकानरन साप
आदम वदरुदीन समसेतरी साप
वोहरा सेप आदममलक साप
वोहरा पीरोजसाहा दाउद साप मलेक
वोहरा सगसुदीन कानरोत साप.

॥ ॐ ॥ स्वस्ति श्रीनृपविक्रमोत्पादित संवच्छराणां शतेषु पंचदशसु द्विपष्ट्यधिके-(१) षु अत्रांकतोऽपि संवत् १५६२ वर्षे पौष शुदि ६ षष्ठ्यां बुधे अद्येह श्रीमदणहिल्ल (२) पुरपत्तने समस्त राजावली समलंकृत अरिवरूथिनी गजघटा कुंभस्थल वि-(३) दारणैक पंचानन अन्यायांधकारमार्तंड अन्यायवृक्षोन्मूलन मत्तद्विप न्यायै-(४) क निजमंदिर सेवकजन दारिद्रमोचन अलक्षलब्धवरप्रसाद प्रौढप्रताप (५) राज्यलक्ष्मी स्वयंवरमालालंकृत कंठकंदल महाराजाधिराज पातसाह (६) श्रीसुरत्राण महिम्मूदविजयराज्ये इदानीं तस्मिन् प्रभौ श्रीचंपकदुर्गे तेनै-(७) व परमप्रभुणा नियुक्त श्रीपत्तन दीवाने शिहरसाहणके खान श्रीमन्नीजसं-(८) ज्ञे यामत्यां तथा मंडपिकायां महं आदा ठाकुर भाणा संज्ञे धर्माधिकारिणि (९) धर्मबुद्धया धर्माधर्म प्रपश्यति कादी श्रीमहिम्मदकवीर नियुक्त आकूब संज्ञे (१०) दुर्गपाले शिरखिल्ल ईसपनीयारसंज्ञे पंचकुलप्रवृत्तावेवंकाले प्रवर्त-(११) माने बुराहवेल्यां साहवाडासुहलत्तौ पूर्वाभिमुखस्य अपवरकत्रयस्य त-(१२) न्मध्ये अपवरकयुतस्य अग्रे पट्टशालायुतस्य प्रांगणोपेतस्य दक्षिणाभिमुख (१३) पडवयायुतस्य अत्र स्यंदिलोपेतस्य एवं विधस्य ग्रहस्य ग्राहकदायकयोरनु-(१४) मतेन विक्रयपत्रमभिलिख्यते यथा ॥ ग्राहको नामत इहैव वास्तव्य श्री (१५) श्रीमाली ज्ञातीय दो० जोगा सुतौ दो० नपा दो० वस्ता एतौ दो० नपा सुतौ

दो० राय-(१६) मल्ल दो० श्रीमल्ल दो० वस्तासुतौ दो० रत्ना दो० राजपाल एते सर्वे एकमती भू-(१७) य गृहं मूल्येन गृह्णंति ॥ दायको नाम नामतः अहिमदावाद वास्तव्य श्री श्रीमा-(१८) ल ज्ञातीय साह गणपति सुत साह वर्द्धमान तत्सुत देवचंद श्रीचंद साह माणि-(१९) क तत्सुत साह साधा तत्सुत पीमा साह माणिकसुत साह सोमा तथा साह श्रीरा-(२०) ज साह माणिकभगिनी वाई हीरी तत्सुत सोनी मांडण तत्सुत सोनी देवा साह (२१) गणपति सुता वाई मर्घाई कुंअरि साह माणिकसुत साह वेणा तत्सुत साह (२२) रामा साह माणिकसुत साह पांचा तत्सुत भीमा साह माणिकसुता वाई धनीवाई (२३) वीरू एते सर्वे एकमतीभूय समस्ताधिवासप्रत्यक्षं समस्त सगीन जनानां संन्नि-(२४) ध्यं स्वकीय समुत्पन्नकार्यवशात् गृहं पूर्वलिखितं स्वकीय पितृ पैतामंहि-(२५) कं विक्रीणंति ॥ गृहस्य मूल्ये जातस्वर टंकशालाहत त्रिःपरीक्षित सुवर्णक-(२६) णहट्यां संचरमाण नव्यनाणके चतुस्त्रिंशच्छतानि चतुश्चतुरधिकानि अंके (२७) राज्यटंका शत ॥ ३४४४ अंके चुत्रीससि च्यौआलीस पूरा (एते राज्यटंकाः) (२८) साह गणपति सुत साह वर्द्धमान साह माणिकसुत साह साधा साह सोमा सा-(२९) ह श्रीराज साह वेणा सुत साह रामा साह पांचा सुत भीमा वाई हीरी साह मा-(३०) णिक भगिनी एभिः पूर्वलिखितान् राज्यटंकान् एकमुष्ट्या गृहीत्वा विक्रीतं ॥ (३१) दो० जोगासुत दो० नपा दो० वस्ता एभिरेकमुष्ट्या पूर्वलिखितान् राज्यटंकान् (३२) अर्प्पयित्वा गृहीतं ॥ अथ गृहस्याघाटा यथा पूर्वस्यां चतुरंशे वु० वस्तपाल शं-(३३) पराज यशराज गृहं परतो श्रे० यणदास श्रे० सहिजा श्रे० श्रीराज श्रीचंद एषां मार्गः (३५) अनु च स्वभित्तौ शीमा दक्षिणस्यां खडकी खलहलीयका स्वसंचरण मार्गः । (३५) तथा नीव्राणि तत्रैव पतंति तथा पडकीसंयुत स्यालद्वयं वहंति तथा निछारक-(३६) स्तत्रैव ॥ तथा साह नगराज गृहं उभयोः साध्यभित्तौ शीमा पश्चिमायां स्वभित्तौ शी-(३७) मा तत्र नीव्राणि पतंति परतो श्रे०महीपति श्रे०श्रीपति अनयोर्गृहवाटकः(३८)(तथा विभागे एकस्मिन् वु०वस्तपाल शंवराज भूमिः) उत्तरस्यां साध्यभित्तौ (३९) शीमा परतो वुहुरा वस्तपाल वु० शंवराजगृहं एवं चतुराघाटोपलिखितं स्व (४०) शीमापर्यंतं कस्याप्यनाधीनं कलिकावलि रहितं पूर्वस्थित्या यदमान क्षा-(४१) लमनाल जलनिर्गमनिच्छारकाद्युपेतं दायकैर्विक्रीतं ॥ ग्राहकैर्गृहीतं ॥ (४२) अधुना पश्चात् साह वर्द्धमान साह साधा साह सोमा साह श्रीराज साह वेणा सु-(४३) त रामा पांचासुत

कीका एतेषां बाई हीरीसुत सोनी मांडण सुत देवा साह (४४) माणिक सुता धनी वीरू सा० गणपति सुता बाई कुंअरि बाई मर्घाई एतेषां अ-(४५) स्मिन् विक्रीतगृहविषये किमपि लागभागो नहि किमपि संबंधो नहि ॥ इदं गृ० (४६) दो० नपा दो० वस्ता एताभ्यां स्वकीयं ज्ञात्वा आचंद्रार्कं यावत् पुत्रपौत्रपरंपरया (४७) भोक्तव्यं भोगापनीयं भाटके अर्प्पणीयं स्वकीयमनसो रुच्या च द्वित्रीभूमि वर्यं काराप्यं यद्रोचते तत्मकर्तव्यं अधुना पश्चात् साहवर्द्धमान साह साधा सो-(४९) मा श्रीराज तथा साह रामा साह कीका संबंधी कश्चिदागत्य झगटकादिकं [करोति] तदा (५०) साह वर्द्धमान साह साधा एते सर्वं निर्वहंति ॥ य इमं लिखितविधिं न पालय (५१) ति स श्वायोनिशतं गत्वा चांडालतां व्रजति ॥ अस्य लिखितविधेः परिपाल-(५२) नाय स्वयं स्वहस्तप्रदत्तमतानि ॥-

હિંદુસ્તાનમાં મુસલમાનોનું આગમન

[મૌલવી અબુ ઝફર નદ્વી]

અરબ અને હિંદનો વેપારી સબંધ તો ઘણા વરસોથી હતો. પરંતુ ખાસ મુસલમાનોનું આગમન ખુદ હઝરત મોહમદના વખતથી જ શરૂ થયેલું છે. તોહફતુલમુજાહેદીનનું લખાણ જો સત્ય માનવામાં આવે તો હઝરતના જમાનામાં મલબારના રાજાને ઈસ્લામનું આમંત્રણ પહોંચી ચુક્યું હતું, અને મલબારથી એક એલચી મંડળ મદીનામાં પહેલા ખલીફા હઝરત અબુબકરના વખતમાં આવ્યું હતું. તેના પાછા ફરવા ઉપર મલબારના રાજાએ ઈસ્લામ અંગીકાર કર્યો હતો. આ પછી હી. ૧૫ માં બીજા ખલીફા હઝરત ઉમરે ઉસ્માન બીનીલ–આસી સકફીને બેહરેન અને ઓમ્માનનો સુબેદાર બનાવ્યો. આ વખતે સકફીએ થાણા ઉપર હુમલો લઇ જવા માટે એક ફોજ મોકલી જે છત અને લુંટ સાથે પાછી ફરી. આ લશ્કરનો સરદાર સુબેદાર ઉસ્માનનો ભાઇ હકમ–બીનીલ–આસી હતો. આ હકમે હઝરત ઉમરની મનાઇ છતાં પણ બીજી વખતે ભરૂચ (એને અરબીમાં 'બરૂસ' કહે છે અને એ તેના લાખ અને નીલના વેપારના કારણે હિંદનું પ્રાચીન અને મશહૂર બંદર હતું) ઉપર હુમલો કર્યો અને પોતાના ભાઇ મુગીરા બીનીલ–આસી ને દિબલ (સિંધનું બંદર હતું) ના બંદર ઉપર હુમલો કરવા માટે મોકલ્યો જ્યાં તેણે જીત મેળવી. આ પછી હઝરત ઉસ્માન ત્રીજો ખલીફા થયો. તેમણે અબદુલ્લા બીન આમીર બીન કોરેઝ જે ઈરાક નો સુબેદાર હતો તેને કોઇને હિંદની હાલત તપાસવા માટે મોકલવાનું લખ્યું. અબદુલ્લાએ હકીમ બીન જબલલ અબ્દીને મોકલ્યો. જ્યારે એ પાછો આવ્યો ત્યારે તેને હઝરત પાસે મોકલી દેવામાં આવ્યો. હકીમે હઝરત ઉસ્માન આગળ હિંદની સ્થિતિનો ખ્યાલ પોતાના સિંધના જ અનુભવ ઉપરથી આપ્યો. આથી હઝરત ઉસ્માને પોતાની ખીલાફતના જમાનામાં આ તરફ લક્ષ આપ્યું નહિ. ચોથા ખલીફા હઝરત અલીએ હી. ૩૯ માં હારેસ–બીન મુરહ્લ–અબ્દીને આ તરફ આવવાની રજા આપી. એણે લડાઇમાં ફતેહ મેળવી પણ છેવટે હી. ૪૨ માં માર્યો ગયો. આ પછી હઝરત મઆવીયાના જમાના હી. ૪૪ માં મોહલબ–બીન–અબી–સુફરાએ લાગલાગટ હુમલાઓમાં સફળતા મેળવી. આ પછીથી લાગલાગટ હાકેમો આવવા લાગ્યા જેમના કબજામાં હિંદ અને સિંધના સરહદી પ્રદેશો હતા. તેઓ વારંવાર હિંદના મૂળ રહેવાસીઓ ઉપર હુમલા કરતા હતા જેમાં તેઓ કદી હારતા અને કદી જીતતા હતા. મારા મત પ્રમાણે એમનું સ્થાન આજે પેશાવરના ચીફ કમીશનરના સરહદી પ્રદેશોમાં જેવું છે, તેવું જ હતું. મોહલબના પછી એક પછી એક જે અમલદાર આવ્યા તેમનાં નામો નીચે પ્રમાણે છે: ૧) અબદુલ્લ–બીન–સવારીલઅબ્દી ૨) રાશીદ–બીન–ઉમરૂલજદીદીલબઅઝદી ૩) સનાન–બીન સલમતુલહઝલી ૪)ઝયાદુલ–મનઝર–બીન –જારૂદ–વલ–અબ્દી ૫) ઓબેદુલ્લા બીન ઝીયાદુલ બાહેલી ૬) સઇદ બીન અસ્લમુલકલાબી ૭) મનીઆ બીન સમરૂલ તમી ૮) મોહમંદ બીન હારૂનુન નમરી ૯)ઓબેદુલ્લા બીન નબહાન. હી. ૬૫ એટલે ઇ. સ. ૭૦૫ માં જ્યારે વલીદબીન અબદુલમુલેક ખીલાફતના તખત ઉપર બેઠો ત્યારે હજાજ બીન યુસુફ ઇરાક નો સુબેદાર હતો જેના હાથ

નીચે બલુચીસ્તાન, મકરાન અને સિંધના સરહદી પ્રદેશો હતા. બધા ખલીફાઓમાં વલીદ જ એવા ખલીફા હતા જેના કબજામાં એશીયા, યુરોપ અને આફ્રીકાનો મોટો ભાગ હતો. શુદ્ધ અરબી લોહીના ખલીફાઓમાં એના જેવો મહાન અને ઘણા પ્રદેશોવાળો ખલીફા પછી કોઇ થયો નહિ. કુદરતી રીતે આવા બાદશાહ સાથે રાજકીય કે નૈતીક દૃષ્ટિથી દરેક બાદશાહ પોતાના ફાયદા માટે એની સાથે સુલેહ રાખવા પ્રયત્ન કરે છે. આ જ સ્થિતિ વલીદની હતી. એશીયા, યુરોપ, આફ્રીકા—દરેક જગ્યાએથી એલચીઓ તેના દરબારમાં આવતા હતા અને પોત પોતાના બાદશાહો તરફથી મિત્રતાનો સંદેશો પહોંચાડતા હતા. લંકાનો રાજા પણ એમાંનો એક હતો જે ખીલાફતના દરબાર સાથે રાજકીય કે નૈતીક રીતે મિત્રતાનો સંબંધ કાયમ કરવા ઇચ્છતો હતો. તેને આકસ્મિક રીતે આમ કરવાની તક મળી ગઇ.

આ વખતે અરબો પોતાના રણોમાંથી નીકળી અને દુનીયાના દરેક ખુણામાં પહોંચી જુદા જુદા કામોમાં પરોવાતાં હતાં. આ અરબોમાં કેટલાક એવા મુસલમાન હતા જે લંકામાં વેપાર માટે આવ્યા હતા અને જેમની સાથે તેમના કુટુંબો હતા. એમના મૃત્યુવશ થઇ જવાના કારણે લંકાના રાજાએ ખાસ વ્યવસ્થાપૂર્વક ખીલાફતના દરબારમાં તેમના કુટુંબોને મોકલાવી દીધાં, અને આ કામ તે રાજાએ હજાજ દ્વારા કર્યું. રાજાની કિસ્તીઓ જે હજાજ માટેની ભેટોથી ભરપૂર હતી તે બસરા તરફ જતી હતી. તે ઇરાકનું મોટું બંદર હતું. ત્યાંનો સુબેદાર હજાજ બીન યુસુફ સકફી હતો. જ્યારે આ કિસ્તીઓ દીબલ (ઠઠ્ઠા) નજીક પહોંચી ત્યારે દિબલના ચાંચીયાઓએ લુંટી લીધી. આ વખતે બનીયર બુઅના કબીલાની સ્ત્રી રહીએ હજાજને દાદ પૂકારી. આ ખબર જ્યારે હજાજને પહોંચી કે તરતજ તેણે એક કાગળ સિંધના રાજા દાહેરને જે સ્ત્રીઓ પકડાઇ હતી તેમને છોડી દેવા માટે અને તેમનો લુંટાયલો માલ પાછો આપી દેવા માટે લખ્યું. રાજાએ જવાબ આપ્યો કે આ લુંટ ચોરોએ કરી છે જે મારા કાબુની બહાર છે. વળી આ સિવાય બીજું કારણ એ હતું કે ઘણા ગુન્હેગાર અરબો હજાજથી ડરીને સિંધમાં નાસી આવ્યા હતા. તેમને સિંધના રાજા દાહેરે પોતાની પાસે રહેવા દઇ રક્ષણ આપ્યું હતું. આ કારણથી સિંધની સરહદના સુબેદાર અબદુલ્લા બીન નબહાનને લખ્યું કે સિંધનો દરિયાઇ રસ્તો મુસલમાનો માટે ભયથી ભરેલો છે. તેથી થોડી ફોજ લઇ જઇ એ રસ્તાને રક્ષિત અને શાંત બનાવો. દુર્ભાગ્યે સિંધના માણસોએ તેનો સખ્ત વિરોધ કર્યો જેથી અબદુલ્લા મરાયો. આ પછી હજાજે બુદૈલબજલીને મોકલ્યો. તે ઘોડો ભડકી જવાના કારણે પડી મરી ગયો અને આ હુમલો નિષ્ફળ ગયો. આ બંને હુમલાઓમાં ચાર હજારથી વધારે ફોજ નહોતી તેથી જણાય છે કે શરૂઆતમાં હજાજનો સિંધને જીતવાનો ઇરાદો નહોતો પરંતુ ફક્ત શિક્ષા આપવા માટે ફોજને મોકલી હતી; તે નિષ્ફળ નીવડી. પરંતુ હજાજ એવો માણસ નહોતો કે જે એક વખત નિશ્ચય કરે પછી તેને અપૂર્ણ છોડી દે; કેમકે તે બહાદુર, સાહસિક અને દૃઢ મનનો હતો. બે વખતની નિષ્ફળતાઓથી તેને જણાયું કે આ એક સામાન્ય સરહદી બનાવ નથી. તે થોડી સજા આપવા માટેની ફોજોથી પૂરો ન થઇ શકે. આ કારણથી

તેણે મોટા બંદોબસ્તથી આ તરફ નજર નાંખી. અને સિંધને જીતી લેવાનો પૂર્ણ નિશ્ચય કર્યો.[1]

હજાજે આ કામ પૂરૂં પાડવા માટે પોતાના બધા સરદારોમાંથી મોહમંદ બીન કાસમ સકફીને પસંદ કર્યો. વયમાં તે સૌ કરતાં નાનો હતો એટલે કે ફક્ત ૧૮ વરસનો હતો. આ હુમલામાં હજાજની દીલચસ્પી એટલી બધી હતી કે તેણે ફોજની જોઇતી વસ્તુઓમાં સુઇ, ધાગો અને રૂમાં કોરી કરેલી સીરકા જેવી વસ્તુઓનો પણ સમાવેશ કરી દીધો. મોહમંદ બીન કાસમ શુક્રવારને દિવસે ૯૩ હીજરીમાં સીરાઝ થતાં થતાં દિબલ (સિંધ) પહોંચ્યો, અને જરૂરની વસ્તુઓ અને લડાયક સામાન વહાણોદ્વારા દિબલ પહોંચાડયો. જ્યારે બંનેનો મીલાપ થઇ ગયો ત્યારે સિંધ ઉપર લાગલાગટ હુમલા શરૂ કર્યા અને ધીમે ધીમે આખો સિંધ જ નહિ પરંતુ માલવાની સરહદ સુધીના પ્રદેશો તેના તાબાના પ્રદેશોમાં આવી ગયા. અને શરૂઆતમાં કિસ્તીઓમાંથી જે સ્ત્રીઓ અને બાળકો પકડવામાં આવ્યાં હતા તે પણ દાહેરના વજીરદ્વારા પાછા મળી ગયાં. મોહમંદ કાસીમ હી. ૯૬ માં ખલીફા સુલેમાનના હુકમથી બરતરફ થઇ દમિશ્ક પાછો ચાલ્યો ગયો.[2] એના પછી

૧. આ બધા બનાવો અરબી મોતબર બિલાઝરીના ઇતિહાસમાંથી લીધેલા છે.

૨. બિલાઝરીનો ઇતિહાસ, સિંધની જીતનું વર્ણન. સિંધની જીતના બધા બનાવો મેં એ માટે લખ્યા છે કે આ જગ્યાના સુબેદારોએ ઘણી વખતે ગુજરાત ઉપર હુમલા કર્યા હતા અને મેહમુદ ગીઝનીના પહેલાં ગુજરાત અરબોએ જીતી લીધું હતું જો કે ત્યાં રહી શકયા નહોતાં. મોહમંદ બીન કાસમના જીતેલા પ્રદેશોની હદો આ પ્રમાણે છે. દક્ષિણમાં કચ્છનું રણ, ઉત્તરમાં મુલતાન. રાવી અને કશ્મીરની સરહદ, પશ્ચિમમાં કરાંચી, પૂર્વમાં રાજપુતાના. મોહમદ બીન કાસમના મૃત્યુ સબંધી હિંદુસ્તાનના ઇતિહાસોમાં એવી આશ્ચર્ય ઉત્પન્ન કરનાર કથા મળે છે જેના માટે કાંઇપણ વજૂદવાળો પુરાવો નથી. તેમાં સૌથી પ્રથમ–દાહેર રાજાની પુત્રીઓ વિષે. તેમને ખલીફા પાસે મોકલવામાં આવી હતી કે નહિ? આ સવાલ વિવાદગ્રસ્ત છે. બીજું–જે લોકો ઇસ્લામના ઇતિહાસથી વાકેફ છે તે સારી રીતે જાણતા હશે કે ખલીફા સુલેમાનને હજાજ બીન યુસુફ. આફ્રીકાનો સુબેદાર મુસા, અને તુર્કસ્તાનના સુબેદાર કતીબા એ બીન મુસ્લીમોની સાથે કયા કારણોથી દુશ્મની હતી. હું મુનાસીબ સમજું છું કે આ વખતે ટુંકાણમાં વાંચકોને માટે ખરા બનાવો એકઠા કરૂં. વાસ્તવિક વસ્તુ આ છે કે આપણા જે સામાન્ય ફારસી ઇતિહાસો લખવામાં આવ્યા છે તેના કર્તાઓએ બીજી ભાષાઓના ઇતિહાસોની અતિશય બેદરકારી રાખી છે અને તે કારણથી કેટલાક ખોટા બનાવો લખવામાં આવી ગયા છે. મોહમદ બીન કાસમનો બનાવ પણ આવો જ એક છે. સામાન્ય ફારસી ઇતિહાસો જેવાંકે ચચનામું, ફરીસ્તાનો ઇતિહાસ, મઅસુમીનો ઇતિહાસ, તબકાતે અકબરી, ઝબ્દતુત તવારીખ, સૈયરૂલ મુતાખેરીન વગેરે વગેરેએ કોઇ પણ ઐતિહાસિક સાબીતી વગર આ બનાવને પોતપોતાના ઇતિહાસોમાં જગ્યા આપી છે અને પછી આ ઇતિહાસો ઉપરથી અંગ્રેજી, હિંદી, ગુજરાતી, મરાઠી, સિંધી ભાષાઓમાં જે ઇતિહાસો લખવામાં આવ્યા છે તે તેમના અવાજનો પડઘો છે. સૌથી પહેલાં ફારસી ઇતિહાસકારોએ આ બનાવનું જે વર્ણન કર્યું છે તે આપું છું.

યઝીદ બીન અબી કબશા સકસકી, એન પછી હબીબ બીન મોહલ્લીબ એના પછી ઉમર બીન મુસ્લીમ બાહેલી સુબેદાર થયો. પછી હી ૧૦૭ માં જોનિદ બીન અબદુર

"રાજા દાહેરના માર્યા જવાથી અને બ્રાહ્મણાબાદના કિલ્લાની જીત થવાથી લુંટના માલમાં જીતનારના હાથમાં રાજા દાહેરની બે પુત્રીઓ પણ આવી હતી. એમનું સાદર્ય જોઇ મોહમંદ બીન કાસીમે એ મુનાસિબ ધાર્યું કે તેમને ખલીફા પાસે પહોંચાડવામાં આવે. તેથી હજાજના વસીલાથી તે મોકલવામાં આવી. જ્યારે તે ખલીફા પાસે પહોંચી ત્યારે તેમણે કહ્યું કે હવે હમે ખલીફાને લાયક રહ્યાં નથી કેમકે મોહમદ કાસમે પહેલાંથી જ હમારા સૌંદર્યના બગીચાની વસંતને ભોગવી લીધી છે. આથી ખલીફાએ એકદમ ગુસ્સામાં આવી મોહમંદ બીન કાસમ જ્યાં હોય ત્યાંથી તેને બળદના ચામડામાં લાવવાનો હુકમ કર્યો. જ્યારે આ હુકમ મોહમદ બીન કાસમ પાસે પહોંચ્યો ત્યારે તેણે જરાપણ સામા થયા વિના તે હુકમ આગળ માથું ઝુકાવી દીધું અને ત્રીજે દિવસે તે આ જગતમાંથી કુચ કરી ગયો. જ્યારે આ લાશ ખલીફા પાસે પહોંચી ત્યારે ખલીફાએ તે દાહેરની પુત્રીઓને દેખાડી જે જોઈ તે ઘણી ખુશ થઇ. પરંતુ તે સાથે ખલીફાનો કેટલીક શીખામણો પણ કરી કે ખલીફાએ કોઇ કામ કરતાં વિચાર કરી લેવો જોઇએ અને મિત્ર–શત્રુ, સત્ય–અસત્યનો ખ્યાલ કરી લેવો જોઇએ. સાચી વાત આ હતી કે મોહમંદ બીનકાસીમ બેગુન્હા હતો; એણે એમને હાથ પણ લગાડ્યો નહતો. પરંતુ તેઓએ એ કામ ફક્ત વેર લેવા માટે આમ કહ્યું કારણકે એણે હમારા દેશ અને ખાનદાનનો નાશ કર્યો હતો. ખલીફા નારાજ થયો અને તે સ્ત્રીઓને મારી નાખવાનો હુકમ કર્યો. આ જ બનાવને કોઇએ લંબાણથી અને કોઇએ ટુંકમાં આલેખ્યો છે; જો કે એમાં એક શબ્દ પણ સત્ય નથી.

સૌથી પહેલાં આ બનાવ 'ચચનામા'માં લખાયલો છે. મૂળ આ પુસ્તક અરબીમાં હતું. એ ગ્રંથે સુલતાન નાસીરૂદ્દીન કબાચાના વખતમાં ફારસી વસ્ત્રો પહેર્યા. અનુવાદકનું કહેવું છે કે આ પુસ્તક એક પ્રાચીન અરબી ખાનદાનના એક સભ્યથી મળ્યું છે જેના બાપદાદાઓમાંથી કોઇ આ પુસ્તકનો કર્તા હશે. પરંતુ જે વડવાઓના નામનું વૃક્ષ આપવામાં આવ્યું છે એમાં દરેકને ૨૫ વરસનો જમાનો આપ્યા પછી પણ ૨૨૫ વરસ થાય છે. આનો અર્થ એ થાય છે કે આ પુસ્તક મૃત્યુનો બનાવ બન્યા પછી ૨૦૦ વર્ષ પછી લખવામાં આવ્યું. આના મુકાબલામાં બીજી ત્રીજી અને ચોથી સદી હીજરીના એવો મોતેબર ગ્રંથકારોના પુસ્તકો મળે છે જેમનો દરજ્જો ઉંચો છે; અને સરકારી દરબારી સંબંધના કારણે બધી ઐતિહાસિક સામગ્રી તેમની આગળ મોજુદ હતી. વળી આ સાથે ભરોસાદાર અહેવાલોના બયાનો એમની વાતોને ટેકો આપે છે. તેથી એ આપણી ફરજ છે કે આપણે એ મોતેબર અરબી ઇતિહાસોમાંથી પણ સામગ્રી એકઠી કરીએ. વાસ્તવિક બનાવ આ છે. ખલીફા વલીદ બીન અબદુલમલેકે પોતાના અંતકાળ વખતે પોતાની પછી તખ્તનો વારસદાર પોતાનો ભાઈ સુલેમાન બીન અબ્દુલમલેકને બદલે તેના પુત્ર અબ્દુલ અઝીઝ થાય એ માટે મોટા મોટા પ્રયત્નો કર્યા. અને આ માટે એક મોટું કાવત્રું કરવામાં આવ્યું, જેમાં હજાજ બીન યુસફ, કતીબા અને મુસલીમ જેવા મોટા મોટા સુબેદારો પણ ભાગીદાર હતા. મોતેબર અને પ્રખ્યાત અરબી ઇતિહાસ તીબરી (પુસ્તક ૮, પાનું ૧૨૮૩)માં વર્ણન છે કે "વલીદ બીન અબદુલ મલેકે ઇચ્છ્યું કે પોતાના ભાઇ

રહેમાન મુરી ખલીફા હશામના તરફથી સ્થાયી ગવરનર થયો. જુનિદે જ્યારે પુરેપુરી આંતર વ્યવસ્થા કરી લીધી અને સિંધ ઉપર કબજો મજબુત થઇ ગયો

સુલેમાનને બદલે પોતાના પુત્ર અબ્દુલ અઝીઝને ગાદીનો વારસદાર બનાવે. અને આ કાવત્રાંને ફોજી સરદારો અને કવિઓમાં ફેલાવી દીધો. હજાજ બીનયુસુફ અને કતીબા એ સુલેમાનની ગાદીના વારસામાંથી બરતરફીને વલીદના હાથ ઉપર સ્વીકારી. હમને અબુહાસમ ઝીયાદીએ હવાસફલબીથી નકલ કરીને દેખાડયું કે અમે હિંદમાં મોહમંદ બીનકાસીમ સાથે હતા કે દાહેરને કતલ કરવામાં આવ્યો અને હમારી પાસે હજાજ તરફથી કાગળ આવ્યો કે સુલેમાનને બરતરફ કરી દો."

આ કાવત્રું પૂર્ણ થયું નહોતું કે ખુદ હજાજ મૃત્યુવશ થઈ ગયો. સાત મહિના પછી ખલીફા વલીદ પણ મરણ પામ્યો અને સુલેમાન ખલીફા થઇ ગયો. બીલાઝરી લખે છે (પાનું ૪૨૮) કે

"કતીબા સુલેમાન બીન અબ્દુલમલેકથી ગભરાયલો હતો કેમકે એણે અબ્દુલ અઝીઝ બીન વલીદ ગાદીનો વારસ થાય તે માટે પ્રયત્નો કર્યો હતાં"

મારા ઉપરના પૂરાવાથી માલુમ થઇ ગયું હશે કે કતીબા, હજાજ અને તેનો માણસ મોહમંદ બીન કાસિમ વગેરે બધા આ કાવત્રામાં જોડાયલાં હતાં. આ જ કારણથી સુલેમાને ગાદી ઉપર બેસતાં જ એમને બરતરફ અને કેદ કરવાનો હુકમ આપ્યો. હુજાજ મરી ગયો હતો અને તેની જગ્યાએ સાલેહ બીન અબ્દુર રેહમાન ઇરાકનો સુબેદાર હતો. આ તે માણસ છે જેના ભાઇ આદમને હજાજ 'ખારજી' હશે એ શંકામાં મારી નાખ્યો હતો. તેથી સ્વાભાવિક રીતે તેને હજાજના ખાનદાન સાથે દુશ્મની હતી. તેથી સિંધની સુબેદારી યઝીદ બીન અબી કબશાને આપવામાં આવી અને મોહમંદ બીન કાસિમને સાંકળોની હાથકડીએ પહેરાવી ઇરાક લાવવામાં આવ્યો, અને ઘણી નિર્દયતાથી મારી નાખવામાં આવ્યો. તીબરી પાનું ૧૨૮૨ માં છે કે—

"વલીદ બીન અબ્દુલમલેક મરી ગયો અને સુલેમાન બીન અબ્દુલમલેક ખલીફા થયો; તો તેણે સાલેહ બીન અબ્દુરરેહમાનને ઇરાકની મ્હેસુલનો અધિકારી બનાવ્યો; અને યઝીદબીન કબશા સીકસકીને સિંધનો હાકેમ બનાવ્યો ત્યારે મોહમંદ બીન કાસમને બેડીઓમાં જકડીને મોકલવામાં આવ્યો.'

કામિલ ઇબ્ને અસીર પાનું ૪૬૫૦ પુસ્તક ચોથામાં છે કે "ત્યારે સાલેહએ તેને (મોહમંદ બીન કાસમને) વાસીતા (શહેરનું નામ) માં કેદ કર્યો; અને આલઅબી અકીલની સાથે તેના ઉપર ઘણો જુલમ કરવામાં આવ્યો. અહિં તેમને કતલ કરવામાં આવ્યા કેમકે હજાજે સાલેહના ભાઇને ખારજી હોવાના ગુન્હામાં મારી નાંખ્યો હતો."

ઇબ્ને ખલદુન પુસ્તક ચોથું પાનું ૬૬ માં છે કે "સુલેમાન બીનઅબ્દુલ મુલકખલીફા થયો. તો તેણે મોહમંદ બીન કાસમને બરતરફ કર્યો અને યઝીદ બીન અબી કબશા સકસકીને

ત્યારે તેણે ગુજરાત તરફ દૃષ્ટિ ફેરવી. તે સિંધમાંથી નીકળી 'સરમદ' આવ્યો અને પછી અહિંથી 'મનદલ' [માંડલ] આવ્યો અને માંડલથી 'ધંજ' પહોંચ્યો અને ધંજથી ગુજરાતનો પ્રખ્યાત બંદર 'બરૂસ' (ભરૂચ) ઉપર હુમલો કર્યો. પછી અહિંથી જુનિદ 'માલવા' તરફ ગયો. તેના એક સાહસિક સરદાર હબીબ બીન મુરરાએ 'ઉજ્જન' ઉપર હુમલો કર્યો

સિંધનો સુબેદાર બનાવ્યો. યઝીદે તેને (મોહમંદ બીનકાસમ)ને કેદ કરી ઇરાક મોકલાવી દીધો. સાલેહ બીન અબ્દુરરેહમાને તેને હજાજના બીજા સગાઓ સાથે વાસતામાં કેદ કરી સખત સજા આપી મારી નાંખ્યો. હજાજે તેના ભાઇ આદમને કતલ કર્યો હતો કેમકે તે ખારજી હતો."

બિલાઝરી પાન ૪૪૫ માં છે કે "વલિદ બીન અબ્દુલ મલેક મરી ગયો અને સુલેમાન બીન અબ્દુલ મલિક ખલીફા થયો. તેણે સાલેહ બીન અબ્દુર રેહમાને ઇસકનો સુબેદાર બનાવ્યો. અને યઝીદ બીન અલી કબશાને સિંધનો સુબેદાર બનાવ્યો. એણે મોહમદ બીન કાસમને મઆવીયા બીન મોહલ્લબની સાથે કેદ કરી મોકલી દીધો. સાલેહે તેને આલે અકીલ (હજાજ સકરી નું ખાનદાન) ની સાથે સખત તકલીફ આપી મારી નાંખવામાં આવ્યો. કેમકે હજાજે તેના ભાઈ આદમને તે ખારજી હોવાના કારણે મારી નાખ્યો હતો. શું આ સાબીતીઓ મળ્યા પછી પણ કોઇ પ્રામાણિક માણસ મોહમંદ બીન કાસમના મૃત્યુ વિષેના પગને માથા વગરની જુઠી કહાણી ઉપર ભરોસો રાખી શકશે ?

હવે રહ્યો આ સવાલ કે બંને પુત્રીઓ કેદ થઇ કે નહિ. મારા અભિપ્રાયમાં આ પણ અસત્ય છે કેમકે આ બીના સંબંધી તો બધા ઇતિહાસો એકમત છે કે દાહરના મૃત્યુ પછી તેની સ્ત્રી, બેન અને પુત્રીએ ઘણા વખત સુધી લડાઇ ચાલુ રાખી. પરંતુ જ્યારે ઘેરાનું કામ લંબાયું અને મુશીબતો વધતી ગઈ ત્યારે દાહેરની સ્ત્રી પોતાની દાસીઓ અને માલ સાથે સતી થઇ ગઇ; અને આ ગુણ હિંદુસ્તાની રાજપુતોનો ઘણા પ્રાચીન કાળથી ચાલતો આવે છે એ કોઈ ના પાડી શકશે નહિ. બિલાઝરી પાનું ૪૪૪ માં છે કેઃ—

"મોહમંદ બીન કાસમે રાવરને જીતી લીધો ત્યાં દાહેરની સ્ત્રી જેને કેદ પકડાવાનો ભય હતો તેણે પોતાને પોતાની દાસીઓ અને માલ સાથે બાળી નાંખ્યા એટલે કે તે સતી થઇ ગઇ."

હવે આ વાત વિચારવા જેવી છે કે દાસીઓ સુધી તો સતી થઇ ગઇ, તો શું દાહેરની પુત્રીઓ મોહમંદબીન કાસમની રાહ જોતી બેઠી હશે? આ સિવાય તે ઇતિહાસોમાં લુંટના માલની જે યાદી આપવામાં આવી છે તેમાં સોના અને ચાંદીની મૂર્તિઓનું પણ વર્ણન છે. ત્યારે આશ્ચર્યકારક વાત છે કે એ બંને પુત્રીઓ સબંધી કંઇ પણ ઉલ્લેખ નથી. જો કે આ જ ઇતિહાસોમાં બીજી જગ્યાઓએ જ્યાં એવો બનાવ બન્યો છે અને શાહી ખાનદાનના લોક કેદ કરવામાં આવ્યા છે ત્યાં એમના નામો બરાબર આપવામાં આવ્યા છે. આથી સાબીત થાય છે કે દાહેરની પુત્રીઓનું ખલીફા પાસે જવું તે તદ્દન અસત્ય બનાવ છે.

અને ત્યાંથી 'મહરીમદ' પહોંચ્યો. પછી 'બિલમાન' [ભિન્નમાલ] અને 'જુરઝ' [ગુજરાત]ને જીતતાં સિંધમાં પાછો ફર્યો.

જુનિદ પછી તમામ અતબી અને પછી હુકમ બીન અવાના સુબેદાર થયો. જેના વખતમાં કચ્છવાળા મુસલમાન વફાદાર રહ્યા. એના પછી એક પછી બીજો એમ હાકેમો આવતા ગયા, તે અહિં સુધી કે ઉમ્મીયા ખાનદાનના રાજ્ય પછી અબ્બાસી સલતનત શરૂ થઇ અને અબ્બાસી હાકેમો આવવા લાગ્યા. હી. ૧૪૦ ની લગભગ 'ખલીફા મનસુર અબ્બાસીએ હેહુશામ બીન ઉમર તગલબીને સિંધનો સુબેદાર બનાવ્યો. તેણે ઉમરબીન જમલને જુદી જુદી જગ્યાઓ જીતવા માટે મોકલ્યો અને એ દરેક જગ્યાએ જીતો મેળવી પાછા આવ્યા પછી તેણે વહાણોનો એક એક કાફલો તૈયાર કરાવીને દરીયાના માર્ગે 'ગુંદહાર' ઉપર હુમલો કરી વિજેતા તરીકે તેમાં દાખલ થયો, અને બૌદ્ધ મૂર્તિપૂજાની જગ્યાએ તેણે યાદગાર તરીકે એક મસીદ બનાવી. ખલીફા મહદી બીલ્લાહ અબ્બાસીએ હી. ૧૫૯ માં અબ્દુલમલેક બીનશેહાબ મુસમ્મીને પુરતા સામાન સાથે લડાઇ માટે મોકલ્યો. તેની સાથે સ્વયંસેવકોની ફોજ પણ હતી. એ ફોજમાં અબુબકર બીનરબી હતા. તેમના સંબંધમાં વિદ્વાન ચલપીએ 'કશફઝ ઝુનુન'માં લખ્યું છે કે મુસલમાનોમાં તે પહેલો માણસ છે જેમણે ગ્રંથ રચ્યો હોય. આ ફોજ હી. ૧૬૦ માં 'બારબદ' પહોંચી અને દરેક જગ્યાએ જીતો મેળવી. પરંતુ તે વખત દરિયાની ભરતીનો હતો. ઉતરવાની રાહ જોતાં અબ્દુલ મલેકે કેટલા દિવસ સુધી ત્યાં વાસ કર્યો. આ જ જમાનામાં એકાએક હવા ખરાબ થઇ ગઇ અને એક હજાર માણસ બીમારીમાં મરી ગયા. આ જ બીમારીમાં રબીબીન સબી પણ મરણ પામ્યા અને તેને ત્યાં જ દફન કરવામં આવ્યો.

ઉજ્જૈનમાં મળેલો ૧૧૯૫નો શિલાલેખ

[દત્તાત્રેય બાલકૃષ્ણ ડિસ્કળકર]

આ શિલાલેખ બાર વરસ પહેલાં ઉજ્જૈનમાં ગવાલિયર રાજ્યના પુરાણવસ્તુસંશોધનખાતાના મુખ્યાધિકારી ગર્દે સાહેબને પ્રાપ્ત થયો હતો. હાલ તે લેખ ઉજ્જૈનના માધવ-કૉલેજના આંગણામાં પડયો છે. પ્રસ્તુત લેખ ઉપર એક નોંધ રા. રા. દેવદત્ત ભંડારકરે સને ૧૯૧૨–૧૩ના 'આર્કીઓલૉજિકલ સર્વે વેસ્ટર્ન સરકલ પૂના'ના રિપોર્ટમાં પ્રકટ કરી હતી. પરંતુ સંપૂર્ણ લેખ ક્યાંઇ અત્યાર સુધી છપાયો નથી. રા. રા. ગર્દે સાહેબે તે લેખની છાપ મને છાપવા માટે આપી; તે માટે હું તેમનો આભારી છું.

પ્રસ્તુત લેખનો નીચેનો ભાગ ખંડિત છે. પરંતુ સુભાગ્યે તેનો ખાસ મહત્ત્વનો ભાગ સુરક્ષિત હોવાથી ગૂજરાતના ચૌલુક્યો અને માળવાના પરમારોના ઇતિહાસના એક મહત્ત્વના પ્રકરણ વિષે સારી માહિતિ મળી આવે છે. લિખિત ભાગની લંબાઇ ૧૦ ઇંચ અને પ્રસ્તુત સ્થિતિમાં ઉંચાઇ ૯¾ ઇંચ છે. અક્ષરો નાગરી છે. તે સારી રીતે કોતરેલા છે. તથાપિ કોઇ દુષ્ટ લોકોએ લેખનો કેટલોક ભાગ ખરાબ કરેલો દેખાય છે. લેખની ભાષા સંસ્કૃત ગદ્ય છે. સાતમી આઠમી લિટીઓની ભાષા અશુદ્ધ છે.

સુધી–લગભગ એક સરખું યુદ્ધ ચાલતું હતું. આ બે રાજવંશોના વિગ્રહની પહેલામાં પહેલી હકીક્ત વિજાપુરના એક શિલાલેખમાં છે. તે લેખના દસમા શ્લોકમાં એમ કહેવામાં આવ્યું છે કે પરમાર રાજા મુંજે જ્યારે ગુર્જર રાજાનો પરાભવ કર્યો ત્યારે ગુર્જર સૈન્યને રાષ્ટ્રકૂટ રાજા ધવલે આશ્રય આપ્યો. આ લેખનો મુંજ રાજા તે પરમાર રાજા મુંજ અને ગુર્જર રાજા તે ચામુંડરાજ હોવો જોઇએ. ઉદેપૂર પ્રશસ્તિના ચૌદમા શ્લોકમાં મુંજ રાજાએ લાટદેશ ઉપર વિજય મેળવ્યો હતો એવો ઉલ્લેખ છે. દ્વયાશ્રય કાવ્યમાં આમ લખ્યું છેઃ મૂળરાજના ઉત્તરાધિકારી ચામુંડરાજે પોતાના પુત્ર વલ્લભને ગાદી ઉપર બેસાડી પોતે કાશી યાત્રા કરવા ગયા; માળવા દેશમાંથી જતી વખતે ત્યાંના મુંજ રાજાએ ચામુંડ રાજાના છત્ર વગેરે રાજચિન્હોનો અપહાર કર્યો. ઉપર કહેલા વિજાપુરના અને ઉદેપૂરના લેખોમાંથી ઉલ્લેખો અને આ હકીકત એક જ પ્રસંગ વિષે છે એમ દેખાય છે. આનો અર્થ એમ થાય છે કે ચામુંડ રાજાએ જ્યારે માળવા ઉપર સ્વારી કરી ત્યારે ત્યાંનાં મુંજ રાજાએ તેનો સારી રીતે પરાભવ કર્યો. આ વૃત્તાંત સં. ૧૦૫૩માં બન્યો હશે, કેમકે ચૌલુક્ય રાજા ચામુંડ અને અને પરમાર રાજા મુંજ તે કાળે સમકાલીન હતા. ચામુંડ રાજાએ ફરીથી માળવા ઉપર સ્વારી કરી પરમારોનો પરાભવ કર્યો અને મુંજ રાજાના પુત્ર સિંધુરાજને મારી નાંખ્યો એમ જયસિંહસૂરિના કુમારપાલચરિત [અ. ૧ શ્લો. ૩૧] તેમ જ કુમારપાળ રાજાના વખતના સં. ૧૨૦૮ ની વડનગરની પ્રશસ્તિ ઉપરથી ધ્વનિત થાય છે. આ હકીકત સં. ૧૦૬૬માં બની હશે.

ચૌલુક્ય રાજા ચામુંડના હાથે બનેલા સિંધુરાજાના આવા દુઃખદ પરિણામનો બદલો લેવા માટે તેનો પુત્ર ભોજ પ્રસંગ જોતો હતો. એક સારો પ્રસંગ તેને મળ્યો. ચૌલુક્ય રાજા ભીમ સિંધ દેશના રાજા સાથે યુદ્ધ કરવામાં રોકાએલો હતો તે સમયે ભોજ રાજાએ પોતાનો સેનાપતિ કુલચંદ્રને પોતાના કેટલાક માંડલિક રાજાઓની સેના સાથે અણહિલવાડ ઉપર સ્વારી કરવા મોકલ્યો. કુલચંદ્રે અણહિલવાડની લૂટફાટ કરી એટલે સુધી હાહાકાર કરાવ્યો કે 'કુલચંદ્રની લૂટ' એ ગુજરાતમાં એક કેહવત જ થઇ ગઇ.

ચૌલુક્ય રાજા ભીમે આનો બદલો લેવામાં કમી ન રાખી. ચેદી રાજા કર્ણની મૈત્રી સંપાદન કરી તેણે તેની મદદથી લગભગ સં. ૧૧૧૦ માં માળવા ઉપર સ્વારી કરી ત્યાંના પ્રસિદ્ધ રાજા ભોજને કેદ કર્યો. થોડા કાળ પછી ભોજ રાજા પોતાને મુક્ત કરી શક્યા, પરંતુ તે મરી ગયા પછી માળવાનું રાજ્ય બહુ જ અસ્તવ્યસ્ત થઇ ગયું. તે જોઈ ચેદિ રાજા કર્ણે ચૌલુક્ય રાજા ભીમની મદદ લઇ માળવા ઉપર સ્વારી કરી ધારાનગરીની લુંટફાટ કરી.

ભોજ રાજાના ઉતરાધિકારી જયસિંહ રાજાએ પોતાની કફોડી સ્થિતિ જોઇ દક્ષિણના પશ્ચિમીય ચાલુક્ય રાજા સોમેશ્વર બીજાની મદદ માગી. સોમેશ્વરે પોતાના પરાક્રમી પુત્ર છઠ્ઠા વિક્રમાદિત્યને તે મદદ કરવા મોકલ્યો અને માળવા રાજ્યનો બચાવ કર્યો; નહિ તો તે રાજ્યનો ભંગ તરત જ થઇ જાત[1].

---

૧ જુઓ ઇંડિયન એંટીક્વરી સને ૧૯૧૯ પા ૧૩૭.

જયસિંહ પછી ઉદયાદિત્ય જ્યારે માળવાની ગાદી ઉપર આવ્યો ત્યારે તેણે પોતાના વંશનો વૈભવ પાછો મેળવવા માટે અથાગ શ્રમ ઉઠાવ્યો. પૃથ્વીરાજવિજય અને હમીર મહાકાવ્ય ઉપરથી એમ જણાય છે કે તેણે શાકંભરીના ચાહુમાણ રાજા દુર્લભ (૩)ની મદદ લઇ અણહિલવાડ ઉપર સ્વારી કરી અને ચૈલુક્ય રાજા ભીમના ઉત્તરાધિકારી કર્ણને મારી નાંખ્યો. આ હકીકત સં. ૧૧૫૦માં બની હશે.

કર્ણનો આવો દુઃખદાયક અંત થયેલો સાંભળી તેના મહાપરાક્રમી પુત્ર સિદ્ધરાજ જયસિંહે ગમે તે શરતે માળવાના રાજ્યનો નાશ કરવાની પ્રતિજ્ઞા લીધી અને માળવાના રાજા નરવર્મા સાથે યુદ્ધ શરૂ કર્યું. પરંતુ નરવર્માને જીતવાનું કાર્ય સહેલું ન હતું. પરમારોના કેટલાક લેખોમાં નરવર્માએ ગુજરાતના રાજા ઉપર જય મેળવ્યો હતો એમ હકીકત લખેલી છે. તે ઉપરથી એમ દેખાય છે કે પ્રથમ જ્યારે સિદ્ધરાજે માળવા ઉપર સ્વારી કરી ત્યારે નરવર્માનું બળ અધિક જોઈ તેને પાછું જવું પડયું હશે. પરંતુ જયસિંહે પોતાનો નિશ્ચય કાયમ રાખ્યો. એમ કહેવાય છે કે તેણે બાર વરસ સુધી માળવા સાથે યુદ્ધ કર્યું. માળવાના રાજા નરવર્માની હયાતીમાં જયસિંહની ઇચ્છા સફળ ન થઇ. નરવર્મા પછી તેનો પુત્ર યશોવર્મા માળવાની ગાદી ઉપર આવ્યો. તેણે પણ જયસિંહની સામે ઉભો રહેવામાં કમી કર્યું ન હતું. પરંતુ છેવટે લગભગ સં. ૧૧૯૨ માં તેનો પૂરેપૂરો પરાભવ થયો. જયસિંહે તેને કેદ કરી માળવા દેશ પોતાના સામ્રાજ્યમાં દાખલ કર્યો. ગુજરાત અને માળવાની વચ્ચે યુદ્ધનો આવો ઇતિહાસ હોવાથી સિદ્ધરાજ જયસિંહને પોતાની પ્રતિજ્ઞા અને પોતાના પૂર્વજોની ઇચ્છા પૂર્ણ થયેલી જોઇ અત્યંત આનંદ થયો હશે એ સ્વાભાવિક છે. આ મોટા વિજયનું દ્યોતક 'અવન્તીનાથ' એ બિરૂદ તેણે પોતાના નામ સાથે મોટા અભિમાનથી લગાડવાનું શરૂ કર્યું.

પ્રસ્તુત લેખમાં કહ્યા પ્રમાણે સિદ્ધરાજ જયસિંહે માળવા પ્રાંત ઉપર મહામાત્ય દાદાકના પુત્ર દંડનાયક અથવા સેનાપતિ મહાદેવને નિમ્યો. એટલું જ નહિ પણ પરમારોથી પોતાના સામ્રાજ્યનું પૂર્ણ સંરક્ષણ થાય તેમને તેણે દધિપદ્ર એટલે દોહદમાં જે માળવા અને ગુજરાતની સરહદ ઉપર છે ત્યાં વાહિનીપતિ કેશવને ગોધ્રાના મહામંડલેશ્વર ઉપર બારીક નજર રાખવા થાણાદાર તરીકે નીમ્યો જેથી તે શત્રુને સામીલ ન થઇ જાય.

નાગર મહાદેવ સિદ્ધરાજનો ભરોસાનો માણસ હતો એમ દેખાય છે. નવા જ જીતેલા પ્રાંત ઉપર અમલ ચલાવવાને પરાક્રમી જ માણસ જોઇએ. સિદ્ધરાજે માળવા જીત્યા પછી જિનચંદ્રને ત્યાંનો સુબેદાર કર્યો એવી જે દંતકથા છે તે પ્રસ્તુત શિલાલેખ ઉપરથી ખોટી ઠરે છે. અને પ્રસ્તુત લેખના વખતમાં સિદ્ધરાજના દરબારમાં દાદાક નામના નાગર ગૃહસ્થનું બહુ જોર હતું એમ સ્પષ્ટ થાય છે. આ જ દાદાકનું નામ સિદ્ધરાજના કારભારી તરીકે તેના કચ્છમાં ભદ્રેશ્વરમાં મળેલા સં. ૧૧૯૫ આષાઢ વદિ ૧૦ રવિવારના શિલાલેખમાં આપ્યું છે. તેનો પુત્ર માળવાનો સુબેદાર મહાદેવ પછીથી કુમારપાળના વખતમાં તેનો મુખ્યામાત્ય થયો હતો એમ કુમારપાળના પાલીમાં મળેલા સં. ૧૨૦૯ ના તથા પાલીમાં મળેલા સં. ૧૨૧૬ ના શિલાલેખો ઉપરથી દેખાય છે.

નાગર શબ્દના પ્રસ્તુત લેખમાં આવેલા ઉલ્લેખનું બીજું એક મહત્ત્વ છે. આનંદપુરના બ્રાહ્મણોના ઉલ્લેખો ઘણી વખત વલભીના તામ્રલેખોમાં આવ્યા છે. નાગર બ્રાહ્મણો મૂળ આનંદપુરના હતા એ વાત પ્રસિદ્ધ હોવાથી તે તામ્રપત્રોમાં દર્શાવેલા આનંદપુરના બ્રાહ્મણો નાગર બ્રાહ્મણો હોવા જોઈએ એમ તર્ક કરવાને સ્થાન છે; પરંતુ વલભીના એક પણ તામ્રલેખમાં તે બ્રાહ્મણના નામ સાથે નાગર શબ્દનો ઉપયોગ કરેલો નથી. આનંદપુર અથવા વડનગરના બ્રાહ્મણના નામ સાથે 'નાગર' શબ્દ જોડવાનો દાખલો પહેલવહેલાં સં. ૧૧૦૫ ના પરમાર રાજા સીયકના હરસોલમાં મળી આવેલા તામ્રલેખમાં આવ્યો છે એમ મેં આ જ ત્રૈમાસિકના પુસ્તક બીજાના અંક ૧ ના પાન ૪૭ ઉપર બતાવ્યું છે. ત્યાર પછીનો નાગર શબ્દનો સ્પષ્ટ ઉલ્લેખ પ્રસ્તુત શિલાલેખમાં જ કરેલો જણાઈ આવે છે.

હવે સિદ્ધરાજ જયસિંહે માળવા પ્રાંત કયા સાલમાં જીત્યો તે નક્કી કરવાનો પ્રયત્ન કરીશું. સંવત ૧૧૯૧ની શરૂઆતમાં [કાર્તિક સુદિ ૬][2] માળવાના રાજા યશોવર્માએ એક દાનપત્ર કરી આપ્યું હતું. તેમાં તે પોતાના નામ સાથે પરમ ભટ્ટારક મહારાજાધિરાજ અને પરમેશ્વર આ સ્વતંત્ર રાજાના દ્યોતક બીરૂદો લગાડે છે. સં. ૧૧૯૨ માઘ વદિ ૩નો બીજો એક તામ્રલેખ[3] તે જ રાજાનો મળ્યો છે. દુર્દૈવે તે તામ્રલેખનું પહેલું પતરૂં નષ્ટ થયું છે જેમાં તે યશોવર્માના બીરૂદો લખેલા હોય. તેથી તે તામ્રલેખમાં ઉપર બતાવેલા સ્વાતંત્ર્યદ્યોતક બીરૂદો યશોવર્માએ તે વખતે વાપર્યા હતા કે નહિ તે આપણે નથી જાણી શકતા. આપણે એમ માની શકીએ કે યશોવર્માએ તે તામ્રલેખ પોતાનો પરાભવ થયા પછી તરત જ આપ્યો હશે. મને એમ લાગે છે કે તે વખતે તે સ્વતંત્ર રાજા હશે. અને તેનો પરાભવ વગેરે સં. ૧૧૯૨ પછી થયો હશે. હવે પ્રસ્તુત ઉજ્જૈનમાં મળેલા શિલાલેખ કરતાં પહેલો એક શિલાલેખ સિદ્ધરાજ જયસિંહના વખતનો છે. તે ધ્રાંગધ્રા સંસ્થાનમાં ગાળા ગામમાંથી મળ્યો છે. તે સંવત ૧૧૯૩ વૈશાખ વદિ ૧૪ નો છે. તેમાં સિદ્ધરાજ જયસિંહના નામ સાથે અવન્તીનાથ એ બીરૂદ લગાડેલું નથી. જે ઉપરથી એમ સ્પષ્ટ થાય છે કે તે શિલાલેખના વખત પહેલા સિદ્ધરાજે માળવા દેશ જીત્યો હતો. ગાળાના લેખમાં ફક્ત માળવા જીત્યાનો અને ત્યાંના રાજાનો ઉલ્લેખ કર્યો નથી જે ફક્ત પ્રસ્તુતના ઉજ્જૈનના લેખમાં કર્યો છે. આ બધા વિવેચનથી આપણે એમ માની શકીએ કે સિદ્ધરાજે સં. ૧૧૯૨ના માર્ગશીર્ષ માસ પછી અને સં. ૧૧૯૩ના વૈશાખ માસ પહેલાં માળવા પ્રાંત તાબે કર્યો હશે.

१ ॐ ॥ स्वस्ति [×] विक्रमनृपकालातीतसंवत्सरशतैकादशसु पंच ॥
२ नवत्यधिकेषु म चांकतो सं ११९५ ज्येष्ठ व. १४ गुरावद्येह
३ श्रीमदणहिल्लपाटकावास्थितमहाराजाधिराजपरमेस्व
४ रत्रिभुवनगण्डसिद्धचक्रवर्त्ति अवंतीनाथ बर्बरकजिष्णु श्री
५ जयसिंहदेवविजयराज्ये अस्यैव परमस्वामिनः प्रसादा
६ त् श्रीमदणहिल्लपाटकेभ्य [:×] श्रीकरणादिव्यापारान् महत्तम

૨ ઇંડિયન ઍન્ટીક્વરી ૧૯–૩૫૨.
૩ સદર પુસ્તક પા. ૩૪૮.

७ श्रीदादाके परिपंथयति [पुरुष ?] प्रतापजितमालवराजश्रीय ॥

८ शयर्मनामानं राजानं स जित्वा श्रीमवंतीमंडलवला [दृष्ट ?] त क्रि

९ तविभूंषितनागरकुलान्वये दंड श्रीदादाकसंप्रसूतश्रीमहादेवे

१० मालवव्यापारं कुर्वति अत्रत्यश्रेष्ठि० सोढदेवो हगच्छ श्रे० धार

११ देव । गांश्रि नागडो मालव्य चातुर्वुर्हा ? राणु । साति । श्रीकीर्त्तिनारा

१२ यणदेवतटिकायां श्रे जोग । वारिक-प्रचारिक को,...

१३ ....

नगरब्रह्मपुर्यां द्वि......

....

બલદએ ઝિનુલબેલાદ અહમદાબાદ[1]

[શ્રી. ચુનીલાલ પુ. બારોટ]

બૃહસ્પતિના વર્તુલમાં આવેલા બીજા પ્રદેશમાંનું આ નવામાં નવું ખરલામી શહેર[2] છે.

એનો રેખાંશ[3] ૧૦૮°–૪૦ છે અને અક્ષાંસ ૨૩૦°–૧૫ છે. ઉનાળાનો લાંબામાં લાંબો દહાડો ત્યાં ૩૩ ઘડી અને ૮ પળનો અને ટુંકામાં ટુંકો ૨૬ ઘડી ૨૨ પળનો હોય છે. એનો પાયો મુઝફ્ફરશાહના પૌત્ર સુલ્તાન અહમદશાહે[4] નાખ્યો. એવું કહેવાય છે કે હિજરી સંવત ૮૧૩ માં અર્થાત્ પોતાના રાજ્યના પ્રથમ વર્ષમાં પોતાના પિત્રાઇ

---

૧ મિરાતે અહમદીની પૂર્તિમાંથી 'શોભીતા પાટનગર અમદાવાદ' ને લગતા ભાગનો અનુવાદ. આ અનુવાદ મૂળ ફારસીના આધારે કરવામાં આવ્યો છે. મૂળ ફારસી સમજવામાં ગૂજરાત મહાવિદ્યાલયના અરબી અને ફારસીના અધ્યાપક મૌલવી અબુઝફર નદવી સાહેબ તરફથી ઘણી જગાએ મળેલી અમુલ્ય મદદ માટે હું એમનો અત્યંત ઋણી છું. એમની મદદ સિવાય ફારસીનું મારૂં અલ્પ જ્ઞાન જોતાં કદાચ આ સાહસ હું ન જ ઉઠાવી શક્યો હોત. તદુપરાંત મી. સેડન અને નવાબઅલી સાહેબે કરેલો આ ગ્રંથનો અંગ્રેજી અનુવાદ પણ ઓછો સહાયભૂત થયો નથી. ફુટનોટો જે મુખ્યત્વે કરીને અંગ્રેજી અનુવાદકોની છે તેની તળે તેમનાં નામ આપેલાં છે.


૨. અમદાવાદની સ્થાપના અને તેની ઇમારતોના વર્ણન માટે જુઓ બોમ્બે ગેઝેટીઅર, આર્કયોલોજીકલ સર્વે ઓફ વેસ્ટર્ન ઇન્ડિયા, વો. ૨૪; બૈલી ઇત્યાદિ. મન્ડેલશો (Mandelsho) જે ઇ. સ. ૧૬૩૮ માં ત્યાં આવ્યો હતો તે કહે છે કે દુનિયાની ભાગ્યેજ કોઇ પ્રજા અને એશીઆનો ભાગ્યે જ કોઇ માલ એવો હશે કે જે આ શહેરમાં જોવામાં ન આવે. સેડન અને નવાબઅલી

૩. આપેલો રેખાંશ ફોરચ્યુનેટ આઇલ્સ (ભાગ્યશાળી ટાપુઓ) થી માંડીને ટોલેમીની પદ્ધતિસર ગણેલો છે. સેડન અને નવાબઅલી

૪. થોમસ હર્બર્ટ ઇ. સ: ૧૬૨૬ ની આસપાસ લખતાં જણાવે છે કે "અમદાવાદ મને બેશક એરીઅનનું Amacastis in Ptol Amadavastis શહેર જ હોય એમ જણાય છે. એમ છતાં કેટલાક કહે છે કે એનું નામ અહમદ નામનો બાદશાહ જેણે હિજરી સં. ૩૭૫ માં વર્ષમાં એને વિસ્તૃત અને સુંદર કર્યું એના ઉપરથી પડેલું છે." પરંતુ આ રમુજી લેખક હમેશાં વિશ્વસનીય નથી. (સ્થાપના સાલ પણ ખોટી છે. ચુ.) ઔરંગઝેબને અમદાવાદ વિષેનો તિરસ્કાર સારી પેઠે જાણીતો છે. પહેલાંના યુરોપી મુસાફરો આ શહેરને વખાણતા પરંતુ એમને કંઇક વિરોધી ટીકા કરવાનું પણ હતું. પિટર ડેલ્લા વેલ્લા ઇ. સ. ૧૬૨૩ ની સાલમાં લખતાં જણાવે છે કે 'ત્યાંની ધૂળ અમને ઘણી દુઃખકારક લાગી. આટલા સારા અને મોટા શહેર માટે ખરેખર આ મોટી નામોશી છે.' સેડન અને નવાબઅલી

મઆદુદ[૫] બીન ફિરોઝખાનના બંડને દાબી દીધા પછી સુલ્તાન અસાવલ[૬] નામના કસ્બામાં આવ્યો. ત્યાં એણે આસાભીલને હરાવ્યો અને થોડા કાળ માટે સાબરમતીના કિનારા પર પડાવ નાખ્યો.

ત્યાંનાં હવાપાણી પસંદ આવવાથી સુલ્તાને સરખેજવાસી સાધુચરિત શેખ અહમદ ખાતુની સલાહ લઇને નદીના પૂર્વ કિનારા પર આવેલું અસાવલની પાડોશમાંનું એક વિશાળ મનોહર મેદાન પસંદ કર્યું અને તીજી ઝુલકદાને ગુરુવાર ને રોજ (સૂર્યોદય પછી પંદર ઘડી અને પાંત્રીશ પળે) અર્થાત્ સં ૧૪૪૯ યા શકસંવત ૧૩૧૪ ના વૈશાખ સુદી પંચમીને દિવસે ત્યાં નવા શહેરનું ખાતમૂરત કર્યું. એની કુંડળી નીચે પ્રમાણે છે.



જે મંગળ ઘડીએ એનો પાયો નાખવામાં આવ્યો, તે સમયે ગૃહોની સ્થિતિ આ હતી[૭].

એમ કહેવાય છે કે આ શહેરનો પાયો પોતાની પવિત્રતા અને સાધુતા માટે પ્રખ્યાત એવા ચાર અહમદોએ ભેગા મળીને નાખ્યો હતો. એમનાં નામ નીચે પ્રમાણે.

૧. મુખ્ય પીર શેખ અહમદ ખાતુ જેમણે દોરડાનો એક છેડો સ્વહસ્તે ધારણ કર્યો હતો.

૨. સુલતાન અહમદ, રાજકર્તા બાદશાહ.

૩. મલેક અહમદ જેને કાળુપુર દરવાજા પાસે દાટવામાં આવ્યો છે.

૪. કાઝી અહમદ, હઝરતે ગંજ અહમદનો વારસ. એની પાટણમાં દરગા છે, જેના પર અમદાવાદનો પાયો નાખનારા ચાર જણમાંનો એ એક હોવાનો મૃત્યુલેખ છે.

---

૫. જુઓ બેલી પૃ, ૮૯. મઆદુદ અહમદના કાકા અને વડોદરાના સુબા ફિરોઝખાનનો પુત્ર હતો.-મિરાત, વૉ. ૧. સેડન અને નવાબઅલી

૬. અલબિરૂનીએ (આશરે ઇ. સ. ૧૦૩૦) અસાવલને ખંભાતથી બે દિવસને રસ્તે અને ભરૂચથી ત્રીશ ફરસંગને અંતરે આવેલું જણાવ્યું છે. (આર્કોલૉજીકલ સર્વે, પૃ. ૧૫) ૧૧ મા શતકમાં કરણઘેલાએ એને પોતાનું પાટનગર બનાવ્યું હતું. પાછળના ઇતિહાસમાં એ અનેક પ્રસંગોની રંગભૂમિ હતું. સેડન અને નવાબઅલી

૭. જુઓ પરિશિષ્ટ ૧. સેડન અને નવાબઅલી

શહેરનો કોટ પાકી ઇંટો અને ચુનાનો બાંધવામાં આવ્યો હતો. અને તે ત્રણ વરસે એટલે હિજરી સં. ૮૧૫ માં પુરો થયો હતો. કોટને બાર દરવાજા, ૧૩૯ બુરજ, ૯ ખુણા અને ૬૭૦૯[૮] જંગીઓ છે. બધું મળીને બે ગાઉ અને એક જરીબનો એનો ઘેરાવો છે. પથ્થરની જુમા મસજીદ અને ગઢનો તેમાં સમાવેશ થાય છે. કોટની દિવાલની ઉંચાઇ સાત કે આઠ વારથી વધારે નથી, સિવાય કે (બકઝર) ખડકી આગળ, જે સૈફખાને શાહજહાન બાદશાહના અમલ દરમિયાન ખુલ્લી મુકી હતી, જ્યાં તે પંદર વાર જેટલી છે. ઉત્તરનો ઇડર દરવાજો જેને હાલ દિલ્હી દરવાજો કહેવામાં આવે છે ત્યાંથી તે દક્ષિણ તરફના જમાલપુર દરવાજા સુધીની લંબાઇ ૧૦૧૨૫ વાર (ઇલાહી) છે. અને 'ઝરોકા ભદ્ર'થી પૂર્વ તરફ સારંગપુર દરવાજા સુધીની પહોળાઇ ૨૫૦૦ વાર (કુલ ક્ષેત્રફળ ૨૨૯ વીધાં અને ૧૩ વસા) છે. નીચેની કડીઓ હુલ્વી શીરાઝી નામના કવિએ રચેલા સુલ્તાન અહમદશાહના રાજ્યના પદ્યબંધ ઇતિહાસમાંથી ઉતારવામાં આવી છે[૯].

ચુનિન ગુફ્ત હુલ્વાયે શીરીં સુખન
કે અફ્શાન્દ સદ દુર્જ દર દર સુખન ૧
કે ચું ચન્દ કે શાહ ગરદું ખરામ[૧૦]
શુદશ બર લબે રૂદે સાબર મુકામ ૨
ઝમીને બઘાયત ફેરહનાક દીદ
અ ગરદે મહન્ ખાકે ઉ પાક દીદ ૩
હવાઇ કે મી કર્દ દિલરા હવસ
નસીમશ ચુ મિશ્કે ખતન્ ખુશ નફસ ૪
મકાં નઝઆ દીદા જાયે લતીફ[૧૧]
મહલ ખુશ આબો હવાએ લતીફ ૫

અર્થ—મધુર બાનીવાળો, હુલ્વી જે એક એક શબ્દમાં સો સો મોતી વેરતો એણે આમ ગાયું:-એક દિવસ જ્યારે બાદશાહ વિહાર કરવા નીકળ્યા હતા ત્યારે સાબરમતી નદીના અધર પર અર્થાત્ કિનારા પર એમનો મુકામ થયો. (૧,૨)

ત્યાંની જમીન એમને અત્યંત આનંદકારી જણાઇ અને મહેનતની ધુલિથી ત્યાંની ભૂમિ પવિત્ર થયલી દીઠી. ત્યાંની હવા હૃદયને મુગ્ધ કરતી હતી. એનો શ્વાસોશ્વાસ અર્થાત્ ફેરમ ખોતાનની કસ્તુરી જેવી સુગંધિત હતી. (૩, ૪,)

---

૮. અંગ્રેજી ભાષાંતરકારે ૬૦૭૯ લખ્યા છે. પાઠફેર હોય કે પછી કદાચ છાપખાનાની ભૂલ પણ હોય.

૯. પદ્ય ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ બીજું.

૧૦. મિરાતે સિકંદરીમાં 'ખરામ' ને બદલે 'ગુલામ' એવો પાઠ છે. એ સ્વીકારીએ તો 'નભચક્ર જેનું ગુલામ ' છે એવો બાદશાહ એમ અર્થ થાય.

૧૧. 'નઝીફ' અર્થાત્ સ્વચ્છ—મિરાતે સિકંદરી

બઈલ્હામે ઘૈબી વ હુકમે ઇલાહ
ચુનિન આમદન્દ[12] દર દિલે બાદશાહ ૬
કે દર આઁ ઝમીને મફ્રેહ હવા
કુનદ તાજ[13] શહરી મુઅઝ્ઝિમ બિના ૭
હમાઁ લહઝા બાની તલબ કર્દ શાહ
બફરમુદ તા હમ દરાઁ જાયગા ૮
બસાઝદ યકે શહરે આલી અસાસ
કે ગુયન્દ મુક્કાને ઉખાકશ સિપાસ ૯
સરે[14]ખાક બર ઔજે ખિઝ્રા બુરદ
સરેશ બર[15]ઔજે શુરૈયા બુરદ ૧૦
જહાઁરા અસાસે મુઅઝ્ઝમ દેહદ
ઝ સર ઝિન્નતો ઝેબ આલમ દેહદ ૧૧
બિનાયે બરાવર[16] ચુ કસ્રે ફલક
કે દર વય શવદ ખીરા ચશ્મે મલક ૧૨
પયે દફ્અે યાજુજ ઓ દીન હાવરી[17]
કશદ બર ઝમી સદ્દે ઈસ્કન્દરી[18] ૧૩

સ્થળ પવિત્ર અને રમ્ય હતું, પાણી આનંદકારી હતું અને હવા દિલચસ્પ આવતી હતી. આ બધું જોઇ કોઇ અગમ્ય આદેશથી તથા અલ્લાહના હુકમથી બાદશાહના દિલમાં એવી સ્ફુરણા થઇ કે આ સુખકર હવાવાળી ઝમીનમાં મોટી ઇમારતોવાળું પાટનગર રચાવું. (૫, ૬, ૭,) તત્ક્ષણ તેણે એક કારીગરની શોધ કરાવી અને ફરમાવ્યું કે એ જગામાં એક આલીશાન ઇમારતોવાળા એવા શહેરની રચના કરો કે જ્યાં વસનારાઓ એને માટે ધન્યવાદ આપે; જેની ખાકનું શિર આકાશથી પણ વધારે ઉંચું થાય અને જેનું શિર ગોવાળીઆઓથી [એ નામના તારાઓના ઝુમખાથી] પણ ઉંચું જાય (૮, ૯, ૧૦) જે જગતને આલીશાન આધાર આપે અને પોતાના શિરથી આકાશને શણગારે. ગગન મ્હેલની જેમ એની બાંધણી એવી ઉંચી કરો કે ફરસ્તાઓની આંખો એ જોઇને અંજાઇ જાય. (૧૧, ૧૨) યાજુજને અટકાવવા માટે ફરિયાદ થતાં ઉભી કરવામાં આવી હતી એવી 'સદ્દે ઇસ્કન્દરી'ના જેવો કોટ કરો, જે આસમાનને જમીન પર ટેકવી રાખે અને જેની ઇંટો જામે ગેતીનુમા જેવી બને. (૧૩, ૧૪)

---

૧૨. આમદ્ અન્દર—મિરાતે સિકંદરી.
૧૩. તાઝા અર્થાત્ નવું— ,,
૧૪. ઝમીરા— ,,
૧૫. નેહદ અર્થાત્ મુકે, નાંખે—,,
૧૬. બર આરદ— ,,
૧૭. આવરી—મીરાતે સિકંદરી. આવરદન અર્થાત્ લાવવું એ ક્રિયાપદ પરથી.
૧૮. સદ્દે ઈસ્કન્દરી અર્થાત્ સિકંદરની દિવાલ.

કુનદ બર ઝમીં આસ્માની બપા
કે ખિશ્તશ બુવદ જામે ગેતી નુમા[19] ૧૪
યકે મિસ્ર જામી[20] કુનદ આશકાર
કે ખાકશ બુરદ આબે ચીનો તતાર ૧૫
ઘબારી કે ખિઝદ ઝ રાહશ અયાન
કશદ સુર્મા દર દીદયે અસ્ફ્હાન ૧૬
નિશાપૂરરા અઝ હસદ જાઁ રવદ
કે ગુજરાત રશ્કે ખુરાસાઁ શવદ ૧૭

એક મિસ્રી જામી (લોકોને જમા થવાની જગા–મોટી મસીદ) એવી જાહેર કરો અર્થાત્ ખુલ્લી મુકો કે જેની આગળ ચીન અને તતાર (Tartary) પાણી ભરે. એના રસ્તા પર ઉડતી જણાતી ધૂળ અસ્ફહાન (ના લોકો) પોતાની આંખોમાં સુર્મા રૂપે વાપરે. (જે જોઇને) ગુજરાત ખુરાસાનની હરિફાઇ કરે છે એ ઈર્ષાથી નિશાપૂરના પ્રાણ નીકળી જાય; (૧૫, ૧૬, ૧૭,)

નભોમંડળ તો જેનું આકાશ છે એવા આ બાદશાહના મનમાં જ્યારે આ શાહી યોજના

મહાન સિકંદરે ઇરાન જીત્યું ત્યારે 'યુરલ પર્વતો વચ્ચેના એક ઘાટમાં થઇને યાજુજમાજુજ નામના બે સરદારોની સરદારી હેઠળ યુરલ પહાડમાંના યા પેલીપારના જંગલી લોકો અમારા પર વારંવાર ચડી આવે છે અને અમને લુંટી જાય છે. ટુંકમાં એમનો અતિ ત્રાસ છે માટે એમનાથી અમારૂં રક્ષણ થાય એવું કાંઇ કરો' એવું ત્રાસપીડિત ઇરાનીઓએ મહાન સિકંદરને કહ્યું. લોકોનું દુઃખ જોઇને ઘણા વિચારને અંતે સિકંદરને એક યુક્તિ સુઝીઃ જે ઘાટને રસ્તે યાજુજ માજુજનાં ધાડાં આવતાં હતાં તે ઘાટનો રસ્તો જ બંધ કરવાનો સિકંદરે નિશ્ચય કર્યો. આ વિચારથી એણે એ ઘાટની આડે પથ્થરોના બે થર ઉભા કરાવ્યા. અને આની વચ્ચેની જગામાં લાકડાં, ઘાસ વગેરે બળતણનાં પદાર્થો અને લોઢું તાંબુ સીસું ઇત્યાદિ તરેહ તરેહની ધાતુઓના એક ઉપર એક થર ગોઠવાવ્યા. એક થર લાકડાંનો તે એક થર ધાતુઓનો એમ પૂરી પૂરીને એણે છેક પર્વતની ઉંચાઇ સુધીની એક દિવાલ ઉભી કરી. પછી આ ગંજને આગ મુકી. આ નેમો કેટલા ય દિવસ સુધી સળગ્યા કર્યો અને પરિણામે ધાતુઓના થર બધા પીગળીને એક ઉપર એક જમા થઇને એક એવી દુર્ભેદ્ય દિવાલ થઇ કે જેની આગળ યાજુજ માજુજ લાચાર થઈ પડયા. આ દિવાલ ખોદી તો શકાય એવી ન હોતી અને જો કદાચ છે તેએ લોકો એ દિવાલ ચડી ઉતરવાના વિચારથી પર્વતને શિખરે પહોંચે તો દૂરથી જ ઇરાનીઓની નજરે પડે એટલે ઇરાનીઓ સુસજ્જ થઈ જાય અને એમને નિરાશ થવું પડે. આ દિવાલને સદ્દે ઇસ્કન્દરી કહે છે.

મોલવી અબુઝફ્ર નદવી

૧૯. દાસ જેમ પૃથ્વીના ગોળા બનાવાય છે એમ જમશેદ નામના ઇરાનના બાદશાહે એક પ્યાલો બનાવડાવ્યો હતો તેમાં પૃથ્વીનાં બધાં સ્થાનોનું નિરીક્ષણ થઇ શક્તું.

૨૦. મીસરની જામી મસજીદ એની વિશાળતા માટે વખણાય છે તે ઉપરથી.

ચુઁ દર ખાતિરે શાહ ગરદુઁ સરીર
શુદ આઁ ફિક્ર શાહી ફરા જાયગીર ૧૮
તલબ કર્દ અસહાબે ઇલ્મે નજુમ
કે બુદન્દ ગંજુરે ગંજે ઉલૂમ ૧૯
દકાયક શનાસાઁને દૌરે ફલક
કે વાકેફ બુદંદ અઝ સમાઁ તા સમક ૨૦
ગિરફતન્દ ઝીચો ઉસતરલાબરા
કશીદન્દ નુહ ચર્ખે દોલાબરા ૨૧
મુહન્દિસ સિફાતાન અખ્તર શનાસ
બરાહીન નુમાયાન સાહેબ કયાસ ૨૨
મુતાલે કશાયાને સતહે સિપહ્‌ર
તવાલે નુમાયાને નાહીદો મિહ્‌ર ૨૩
બદીદન્દ હર કૌકબીરા શરફ
નઝર બર કુશાદન્દ અઝ હર તરફ ૨૪
બફરમાને શાહિનશાહે બખ્તીઆર
બકરદંદ સાઆત સાદ અખ્તિઆર ૨૫
મહે ઝુલકઅદ રફ્ત અઝ હિજ્રીઆ
સલાસા અશાર બા સમાના મેઆ ૨૬
ચુઁ બાની બિના બર કશિદ અઝ ઝમીઁ
બરઉ ખાન્દા હરદમ ફલક આફરીઁ ૨૭
ચુઁ શુદ આઁ અસાસે મુઅલ્લી તમામ
ગુઝશ્ત અઝ સરે ચર્ખે ફિરોઝા ફામ ૨૮

વસી ગઈ. ત્યારે જ્યોતિઃશાસ્ત્રના (એવા) પંડિતોની શોધ કરાવી કે જેઓ જ્ઞાનભંડારના માલિકો હતા, જેઓ આકાશચક્રની ખુબીઓના જાણકાર હતા, અને આકાશથી તે માછલી સુધી અર્થાત્ પાતાળ સુધી (સર્વ ચીજોથી) વાકેફ હતા; (આ પંડિતો) નભોચક્રના ગુણધર્મના અને ભૂમિતિના જાણકાર હતા; દલિલો તોળી જાણતા અને ગણિતના પારંગત હતા: સાતે આકાશનો હિસાબો કાઢી જાણતા અને શુક્ર તથા સૂર્યની ગ્રહકુંડળી બતાવી જાણતા હતા. એમણે ખગોળી કોષ્ટકો અને ઉસતરલાબો (ઉન્નતાંશમાપક યંત્રો) લીધાં અને સાતે ભુવનનાં (સાતે આકાશનાં) ચક્રો દોર્યાં. જ્યારે દરેક સિતારા શુભ જોવામાં આવ્યા ત્યારે (આ જોશીઓએ) દરેક દિશામાંથી નઝર ખેંચી લીધી અને સદ્‌ભાગ્યસંપન્ન શહેનશાહના ફરમાનથી શુભ મહૂર્તની પસંદગી કરી (૧૮–૨૫). (મહૂર્ત) હિજરીસાલ ૮૧૩ નો ઝુલકાદ[૨૧] મહીનાનું હતું. જ્યારે કારીગરોએ ઈમારતો ઉઠાવી ત્યારે હરદમ આકાશ 'ધન્યવાદ' બોલતું હતું. જ્યારે એ આલીશાન પાયાનું ચણતર પુરૂં થયું ત્યારે એ (ઈમારતો) વિજય કરતી આકાશથી પણ ઉંચે સુધી પહોંચી. (૨૬–૨૮)

૨૧. ઈદ ને બકરી ઈદ વચ્ચેનો મહીનો

ચું આઁ શહેર આબાદો મામુર ગશ્ત
જહાઁ હફ્ત કલીમ બુદ ગશ્ત હશ્ત ૨૯
નવાબાદ શહેરી શુદા નાઝનીન
સવાદશ ચુ ખાલી બરૂયે ઝમીન ૩૦
ચું તરતીબે આઁ શહરે આલી મુકામ
શુદ અઝ નાસિરૂદ્દીન અહમદ તમામ ૩૧
દરઆઁ નામ હમ અહમદાબાદ ગશ્ત
દર આઁ મિલ્લતે અહમદ આબાદ ગશ્ત ૩૨
શુદા તાઝા શહરે ઇમારત પઝીર
કે ગરદૂં નદીદશ બદોરાઁ નઝીર ૩૩
ઇલાહી તુ ઈંશહરે આલી બિના
મદે તા બહસ્રશ ઝવાલો ફ઼ના ૩૪

જ્યારે એ શહેર આબાદ અને વસ્તીવાળું થયું ત્યારે પૃથ્વી જે સાતખંડી હતી તે અષ્ટખંડી થઈ ગઇ. નવું આબાદ થયલું એ શહેર વસુંધરાના મુખ પરના શ્યામ સુંદર તલ જેવું થયું અર્થાત્ શોભી ઉઠયું; જ્યારે મોટા મોટા મહેલોવાળા આ શહેરની રચના નાસિરૂદીન અહેમદે પૂર્ણ કરી ત્યારે આ અભિનવ નગર એવું થયું કે જેની જોડી એ જમાનામાં આકાશે જોઇ નહોતી. હે ખુદા! આ આલીશાન બાંધણીવાળા શહેરને કિયામત સુધી તું નાશ વિનાશ ન આપીશ. (૨૯–૩૪)

બાર મુખ્ય દરવાજાઓનાં નામ[૨૨]

પૂર્વ તરફના—કાળુપુર દરવાજો: સારંગપુર દરવાજો; અને આસ્ટોડીયા દરવાજો જે પૂર્વ તરફ અગ્નિકોણમાં આવેલા રાયપુર (રામ્પુર) દરવાજાની અને બંધ દરવાજાની વચ્ચે આવેલા છે.

પશ્ચિમ તરફના—સાબરમતીના કિનારા પર ખાનપુર, રાયખડ અને ખાનજહાન. દરીયા બાગ અને ખડકી નામની બે બારીઓ ભદ્રના કિલ્લાની સામે આવેલી છે અને તે ખાનપુર અને રાયખડ દરવાજાની વચ્ચે મુકાયલી છે.

ઉત્તર તરફના—શાહપુર; ઇડરીઓ, હવે દિલ્હી દરવાજો; અને દરીઆપુર દરવાજો. શાહપુર દરવાજા અને ઇડરીઆ દરવાજા વચ્ચે હાલિમની બંધ બારી આવેલી છે. એ બારી શા કારણથી બંધ છે એ સ્પષ્ટ નથી.

દક્ષિણ તરફના—જમાલપુર દરવાજો; એક બંધ દરવાજો જે ઢેડીઓ દરવાજો પણ કહેવાય છે; (આ દરવાજો બંધ હોવાનાં જુદાં જુદાં કારણો અપાય છે) તથા રાયપુર દરવાજો.

ભદ્ર[૨૩] નામથી ઓળખાતા કિલ્લાની લંબાઇ અને પહોળાઇ

સાબરમતીના કિનારાથી બે ઉંચા બુરજો વચ્ચે આવેલા પુરાણા કિલ્લા સુધીની લંબાઇ

૨૨. અત્યારે ત્રણ નાના દરવાજા ઉપરાંત ૧૪ ખુલ્લા અને એક બંધ એમ પંદર દરવાજા જોવામાં આવે છે. નવાબઅલી અને સેડન.

૨૩. ભદ્રના વર્ણન માટે જુઓ બોમ્બે ગેઝેટીઅર પૃ. ૨૭૫ વડોદરામાં તેમ જ મુગ઼માં દર્શાવેલી જગાઓ પણ ભદ્રના કિલ્લાઓ છે. નવાબઅલી અને સેડન।

૪૮૭ વાર છે; સુલ્તાન અહમદે બંધાવેલી પથ્થરની મસીદથી માંડીને બાગના દરવાજા સુધીની પહોળાઇ ૪૦૦ વાર છે. નિઝામોના કાળમાં બંધાવેલો દરબારી દરવાજો, બાગદરવાજો અને શાહી નગારખાનાનો દરવાજો એ ઉપરાંત નજમુદ્દૌલાએ ઉમેરેલા દરવાજાના મળીને એને ૧૪ જુના બુરજો છે. સામાન્ય રીતે આ કિલ્લો ભદ્રના નામથી ઓળખાય છે. ગુજરાતના સુલ્તાનો અને ઉમરાવો અહીં રહેતા હતા. કિલ્લાનું નામ શા ઉપરથી પડ્યું એ વિષે વિવિધ સમજુતીઓ અપાય છે પરંતુ સૌથી વધારે સંભવિત કલ્પના નીચે મુજબની છે.

પ્રાચીન હિંદુ રાજાઓએ બાંધેલો પાટણનો કિલ્લો આવા જ આકારનો છે અને એને આને છે એવા જ બુરજો છે. એ કિલ્લામાં ભદ્રકાળી દેવીનું મંદિર છે. એ સ્થળને પુરાણા કાળથી ભદ્ર કહેવામાં આવતું હતું. એ ઉપરથી લોકોએ આ કિલ્લાને તેમ જ ચાંપાનેર અને અહમદનગરના કિલ્લાને પણ એ જ નામ આપ્યું.

અમદાવાદ શહેર જ્યારે ગુજરાતના સુલ્તાનોનું પાટનગર બન્યું ત્યારે એની વસ્તી ધીમે ધીમે વધી—ખાસ કરીને સુલ્તાન મહમદ બેગડાના વખતમાં—અને ભદ્રમાં મોટામોટા (ભવ્ય) મહેલો બાંધવામાં આવ્યા જેમની ભાગીતૂટી દિવાલો હજી જોવામાં આવે છે. પરંતુ અફસોસ મૃત્યુએ એમની આજુબાજુ એના માલિકોનાં સુકાં અસ્થિ વેરેલાં છે।

*જમશેદ કુ સિકંદરે ગેતીસિતાં કુજાસ્ત ?
વાઁ હુશ્મતે જલાલ મલુક કસાં કુજાસ્ત ?
તાજે કબાઓ તખ્તે ફરીદું નગીને જમ+?
તબ્લે સિકંદરો અલમે કાવીઆઁ કુજાસ્ત ?
ઈઁ બાંગ અઝ મિનારે સિકંદર રસદ બગોશ ?
દારા ચે શુદ સિકંદરે ગરહું મકાં કુજાસ્ત ?
ગર બગુઝરદ બદુખ્મએ સલ્જુકીઆ બગો ?
સંજર ચેગુને ગશ્ત મલિક સાયબાઁ કુજાસ્ત ?
ફર્દાસ્ત બુલ્બુલાં હમે બાઁ સદ ફુઘાને શોર ?
ખાહન્દ ગુફ્ત વાયઝે શિર જબાઁ કુજાસ્ત ?

અર્થ—જમશેદ ક્યાં છે ? સમસ્ત આલમને જીતનાર મહાન સિકંદર ક્યાં છે ? પાદશાહ લોકોનો એ ઠાઠમાઠ અને દમામ ક્યાં છે ? કૈકોબાદનો તાજ,ફરીદુનનું તખ્ત અને જમશેદનાં ઝવેરાત ક્યાં છે ? સિકંદરનું ચામઢોલ અને કાવીઆન બાદશાહોનો ઝુંડો ક્યાં છે ? સિકંદરના મિનારામાંથી આ બાંગ કાને પડે છે કે 'દારાનું શું થયું અને નભોમંડળ જેવો મહેલ છે એવો સિકંદર ક્યાં છે ?' જો સલ્જુકીઓના કબ્રસ્તાન પાસેથી જવાનું થાય તો પૂછજે 'સંજર કેવી રીતે ચાલ્યો ગયો અને છત્રપતિ બાદશાહ ક્યાં છે ?' આવતી કાલે બધાં બુલ્બુલો પણ સોસો હાયશોરથી કહેશે 'મધુર ઝબાનવાળો વાયઝ ક્યાં છે ?'

* પદ્યભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-ત્રીજું.

હફ્તઇકલીમનો[૨૪] લેખક કહે છે કે સ્વચ્છતાની, આબાદ વસ્તીની તથા સુંદર મકાનોની બાબતમાં અમદાવાદ અજોડ છે. અને એના જેવું ભવ્ય અને શોભીતું શહેર બીજે ક્યાંય મળે એમ નથી. ત્યાંના બજારો વિશાળ અને સુવ્યવસ્થિત છે. ત્યાંના રહેવાસીઓ નર તેમ જ નારીઓ બન્ને રૂપાળાં છે. વાસ્તવમાં આવું સૌંદર્યસંપન્ન શહેર જવલ્લે જ જોવામાં આવે છે. આ ગુણો ઉપરથી જ એને રાજ્યકન્યાનું ઉપનામ મળ્યું છે. ત્યાંથી ઝીણુ પોતનું કાપડ દરીઆ માર્ગે અને ખુશ્કી માર્ગે પરદેશ જાય છે; અને એનો વેપાર લાભદાયક ચાલે છે. મસીદો અને બજારો ત્યાં પુષ્કળ છે. અને ૩૬૦ પરાં (કેટલાક ૩૮૦ કહે છે) જેટલો શહેરનો વિસ્તાર છે. સુલ્તાન મહમદ બીજાએ પોતાના રાજ્યકાળ દરમિયાન અહીંથી ૧૨ ગાઉને અંતરે મહેમદાવાદ નામનું એક નવું શહેર બંધાવ્યું અને એને પોતાનું પાયતખ્ત બનાવ્યું. પરંતુ અમદાવાદથી ત્યાં જતા રસ્તાની બન્ને બાજુએ બજારો લાગી ગયાં અને લોકોએ મકાનો બંધાવી દીધાં જેથી કરીને બન્ને શહેરો એક દેખાતાં. કાળના વહેવા સાથે કારીગરો પણ ત્યાં વસ્યા. સોનાચાંદીના તારની કીનખાબ વણવાની કળા, તરેહતરેહના પોતની અને રંગની મલમલ, ઇલાયચા, ગાઝ, કોરો અને ભરત ભરવા વણવાની ત્યાંની કળા હિંદુસ્તાનભરમાં અજોડ છે. ગુજરાતની કીર્તિ ઇરાન, તુરાન, રોમ અને સીરીયાના દૂરના દેશો સુધી ફેલાઇ છે. કહેતાં નવાઇ લાગે છે પણ વણવા અને ધોવાની કળા જો કોઈ જગાએ પરાકાષ્ટાએ પહોંચેલી હોય તો તે અમદાવાદમાં જ છે અને ત્યાંથી ચાર ગાઉને છેટે પણ આ કામ ઉતરતા પ્રકારનાં થાય છે.

ફિરદૌસે આરામગાહ[૨૫]ના રાજ્યકાળમાં અમ્બરનરેશ રાજા જયસિંહે પોતાના નવા બંધાવેલા જયનગર શહેરમાં અમદાવાદના વણકરો અને ધોબીઓનું સંસ્થાન વસાવ્યું. પરંતુ ત્યાં બનેલો માલ, વધારેમાં વધારે સંભાળ લીધા છતાં અને મોટી મોટી બક્ષીસો અપાયા છતાં રંગમાં કુમાશમાં અને સૌંદર્યમાં અમદાવાદ કરતાં ઉતરતો જ નીકળ્યો. બંધારાઓએ આનું કારણ એમ બતાવ્યું કે અમારાં હથિયારો જે રાંપણનાં બનાવાય છે એ ઉતરતા માલનાં છે. કદાચ એ ત્યાંના જેવાં પોલીશ નથી થયાં. આ ઉપરથી રાજાએ અમદાવાદમાંથી એમને જોઇતાં હથિયારોનાં કેટલાંક ગાડાં ભરાવી મંગાવ્યાં પરંતુ એથી કાંઇ વળ્યું નહિ.

શહેરમાં સત્તર ચકલા છે અને એંશી મુખ્ય બજારી રસ્તા છે. એમનાં નામ નીચે પ્રમાણેઃ—

ચકલા

ખાસ બજાર, ભદ્ર અને ત્રિપોલીઆ વચ્ચે; પાનકોર; માણેકચોક; ઢીંકવા; ત્રણ લીમડી; ભન્ડેરીપુર; ઇદ્વારપુર અથવા કબીરપુર (જે ખાડીઆ તરીકે પણ ઓળખાય છે;) રાયપુર; આસ્ટોડીઆ; જમાલપુર; રાયખડ; ખાનપુર; શાહપુર; ઇદરીઆ; દરીઆપુર; સદરજહાન; ઝવેરીવાડો. આમાંના દરેક ચકલા અને ચબુતરા પર રાત પડતાં કોટવાલ તરફથી પ્યાદા ચોકીદારો મુકાય છે.

૨૪. હફ્તઇકલીમ=સપ્ત ખંડ, અમીન અહમદે રાઝીકૃત. રચ્યા ૧૦૦૨ હીજરી. આ ભૌગોલિક અને જીવનવૃત્તાંત વિષયક સુવિખ્યાત ગ્રંથ છે. રેહન અને નવાબઅલી.

૨૫. ફિરદૌસ આરામગાહ (સ્વર્ગમાં આરામ કરનાર)થી દીલ્હીનો શહેનશાહ મહમદ-

બજાર અને રસ્તાઓનાં નામ

સારંગપુર દરવાજા તરફના મોંઢાના:—કુમનીવાડાનો રસ્તો, શેખસિરાજની હવેલી પાસેનો; અકબરપુરનો રસ્તો (આ રસ્તો જુના જમાનામાં ખાડીઆતા નામથી ઓળખાતો પરંતુ અકબર બાદશાહના સમયમાં ત્યાં રહેતા ખત્રીઓએ એનું નામ અકબરપુરનો રસ્તો રસ્તો એવું પાડયું; આસ્ટોડીઆનો રસ્તો; બુર્હાનુલ મુલ્કનો રસ્તો, ઇડરીઆ ચકલામાં; બહોદુરપુરી રસ્તો; ખાસબજારનો રસ્તો, ભદ્રની આગળનો; હલીમબજારનો રસ્તો, લાલ દરવાજા પાસે; કુસાબજારનો રસ્તો, શેખુલ ઇસ્લામની મદ્રેસા પાસે; સિકંદરખાનનો રસ્તો, ખમાસા પાસે; ઇતમાદુલ મુલ્ક બજારનો રસ્તો, ખાનપુરમાં આવેલો; અલ્લુખાન ગુજરાતીનો રસ્તો, શાહ અલીરિઝાના મકબરા પાસેનો; બે છત્રીઓનો રસ્તો, સાંકડીશેરી પાસે; પાપબરી રસ્તો, પાનકોર પાસેનો; ત્રિપોળીઓ રસ્તો; તાજપુરનો રસ્તો; ભન્ડેરી પોળનો રસ્તો; આગળના દિવાન ઇતિમાદખાનની હવેલી આગળ આવેલો ભીડા રસ્તો; પીપ્પિલી અર્થાત્ દબંદપીલી રસ્તો, દારૂલમુલ્ક આગળનો; ખારદાર દરવાજામાં આવેલો ખાનજહાન રસ્તો,[૨૬] પાનકોર રસ્તો; માનપસનો રસ્તો; પખાલીઆ રસ્તો; જમાલપુર રસ્તો; જલાલપુર રસ્તો; ઝવેરીવાડાનો રસ્તો;ઝામરી રસ્તો,માણેકચોકમાંનો;રાયબીરકલા રસ્તો;આકાશેકના કુવાનો રસ્તો; (પથ્થરનાકુવા તરીકે પંકાયલા)લૈરામના કુવાનો રસ્તો;ચંગીરપુરનો રસ્તો;દરિયાપુરમાંનો રસ્તો; [૨૭]ઝોજારખાનનો રસ્તો; હીરા સુતારના ચબુતરાનો રસ્તો, સાંકડીશેરી પાસે; ખાજાયુસફનો રસ્તો;ખવાસુલ મુલ્કનો રસ્તો,શેખુલ ઇસ્લામ ખાનની સરાઇ પાછળનો;ખુદાવન્દખાનનો રસ્તો; હાજી[૨૮] રસ્તો;દરીઆપુર રસ્તો;રાયખડ રસ્તો; દોલતખાન રસ્તો; ઢીંકવા રસ્તો; દરીઆખાન મહેરામનો રસ્તો; રંગરેજોનો રસ્તો; અકાબી રસ્તો; રાણીસીરાનીનો રસ્તો; રાયપુર રસ્તો; રૂકનુલમુલ્ક રસ્તો; રાઝી–ઉલ–મુલ્કનો રસ્તો; શેખતુર સમરકંદીનો રસ્તો; સીંગ ભગીનનો રસ્તો; સુખા રસ્તો; આસુદ્દીન રસ્તો; શાહમકોબનો રસ્તો, માજી નાઝિમ સુજાઅત ખાનના મકાન પાસેનો, ઇતિમાદ ખાનની સરાઇનો રસ્તો; સૈયદ્ખાનનો

શાહ સમજવાનો છે. મોગલ શહેનશાહોને એમના મૃત્યુ બાદ દુઆ તરીકે નીચેનાં નામ આપવામાં આવ્યાં હતાં.

ફિરદૌસે મકાની=સ્વર્ગસદનવાળા=બાબર

જન્નત આશીયાની=સ્વર્ગના બગીચામાં જેનો માળો છે એવા હુમાયુન

અર્શઆશીયાની=ખુદાના તખ્તમાં જેનો માળો છે એવા=અકબર

જન્નત મકાની=સ્વર્ગસદનમાં વસનાર=જહાંગીર

ફિરદૌસ મકાની= ,, ,, =શાહજહાંન

ખુલ્દ મંઝિલ=સ્વર્ગમાં જેનો મહેલ છે એવા=ઔરંગઝેબ

—સેડન અને નવાબઅલી

૨૬. ખાનજહાન દરવાજાની સામેનો રસ્તો—નવાબઅલી અને સેડન

૨૭. અંગ્રેજીમાં જુધરખાન કર્યું છે. ૨૮. મૂળમાં ખ્વાજી છે.

રસ્તો ઉર્ફે સરાઇ નાગોરી; સિકંદર ખાનનો રસ્તો ઉર્ફે સરાઇ ખેદકર; દરજીઓનો રસ્તો; શેખ ફરીદ ઉર્ફે બુખારાનો રસ્તો; મહમદ ભટ્ટી સરાઇનો રસ્તો, ત્રિપોળીઆની બાજુમાં; સરાઈ દસ્તુર ખાનનો રસ્તો, આરંટોડીઆ પાસેનો; અઝીઝુલ મુલ્કનો રસ્તો, જમાલપુર પાસે; આલમ બુરહાનનો રસ્તો ઉર્ફે પટવા શેરી; ધાલીઅખાન અને રાયપુરનો રસ્તો; ફરીદપુર રસ્તો, કાલુપુર ચકલામાં; ખજુરી રસ્તો, વલન્દીસ હવેલી પાસે; ગોન્દી રસ્તો, પાનકોરની ડાબુ બાજુપર; ગોરીખાન રસ્તો; કન્દોઇશેરીનો રસ્તો, પાનકોર પાસે; કામીલુલમુલ્ક રસ્તો, રાણી રૂપમોહિનીની મસીદ પાછળ; કોઠારી હાલિમ રસ્તો; લાલબાઇ રસ્તો; મલેક નાસીરનો રસ્તો, સુલ્તાન અહમદ ગુજરાતીના મકબરા પાસે: મલેક બનાદિરનો રસ્તો, ભન્ડેરીપુર ચકલામાં; મુહાફિઝખાનની મસીદનો રસ્તો, ઇડરીઆ ચકલામાં; માણેકચોકનો રસ્તો; રાણીના હજીરાનો રસ્તો.

ઈમારતો પડી જવાથી હવે આમાંના કેટલાક રાજમાર્ગો અવડ પડી ગયા છે. અને ક્યાંક નવા રસ્તા પણ પડયા છે. જ્યાં ચોક અને આંગણાંઓ હતાં ત્યાં ઘર થઇ ગયાં છે. અરે પ્રભુ ! આ મકાનો કેવાં આકર્ષક, કેવાં ચોકખાં અને કેવાં સ્વચ્છ હતાં ? મોટી મોટી ચિત્તાકર્ષક ઇમારતો અને ઉંચા ઉંચા રાજમહાલયો જે મોટા મોટા માન મરતબાવાળા શાહજાદાઓએ, ઉમરાવોએ, પ્રૌઢ વૈભવવાળાઓએ, અને ધનવાનોએ મોટી મોટી રકમ ખર્ચીને બંધાવ્યા હતા તે આજે કાળચક્રે કરીને દીવા વગરના અને વેરાન થઇ ગયા છે. એના માલિકોનાં નામ નિશાન પણ દુનિયાના પટ પરથી ભુંસાઇ ગયાં છે. ' ઘર ન રહ્યું, ઘરનું ન રહ્યું ' એવું સાચું મોત જ આવી ગયું; ક્યાંક ખડ ઉગી ગયાં અને ક્યાંક ખેતી થવા માંડી.

નવિશ્તા યાફતમ્ ઈં એત બર દરે કસ્રી
અઝ આઁ દિલમ્ હુમાં ખુઁ ગ સીને અમ પૂરદર્દ
ખુશ અસ્ત કસ્રે હયાતો નિગારે અમ્મારાઁ[૨૯]
વલે ચે સૂદ કે મર્ગશ ખરાબ ખાહદ કર્દ[૩૦]

અર્થ:—એક મહેલના દરવાજા પર આ બેત મને લખેલી મળી. એનાથી તત્ક્ષણ મારૂં દિલ લોહી લુહાણ થઇ ગયું અને મારી છાતી દર્દથી ભરાઇ આવી. ઝીંદગીનો મહેલ આનંદજનક છે. ઇમારતોનાં ચિત્રો મનોહર છે. પરંતુ એથી શો લાભ ? જો મૃત્યુ (એ બધાની) ખરાબી કરશે તો ?

ઘણા ખરા મહેલોનું નામ નિશાન નથી રહ્યું અને થોડાં ખંડીએરો જે હજી જણાય છે તેમાં કેટલાંકમાં ચામાચીડીઆં અને ઘુવડોએ માળા બાંધ્યા છે, ભયંકર સર્પો અને ઝેરી જનાવરોએ વાસ કર્યો છે, અને ક્યાંક શિયાળ ભૂંકે છે.

---

૨૯ ' અમ્મારાં ' નો અર્થ જડી શક્યો નથી. એથી ઇમારત શબ્દ ધારીને તરજુમો કર્યો છે. ૩૦ પદ્ય ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ ચોથું.

આં કસ્ર કે બા ચર્ખ હમીંઝદ પહેલુ
બર દર્ગહે આં શાહાં નેહાદન્દ રુ
દિદેમ કે કંગરેઅશ ફાખ્તા
બેનશિસ્તા વ મીગુફ્ત કે કૂ કૂ કૂ કૂ[31]

અર્થ—પેલો મહેલ જે આકાશને કોણી મારતો હતો તેણે પેલા બાદશાહોની દરગા પર મોઢું મુક્યું છે. (અર્થાત્ પડી ગયો છે.) એના કાંગરા પર એક હોલો બેઠેલો મેં જોયો જે કહેતો હતો કે 'કૂ કૂ કૂ કૂ' અર્થાત્ કયાં ? કયાં ? મોતને કોણ આધીન નથી ?

મસીદો

राजा कालस्य कारणम् અથવા લોકો રાજાના ધર્મને અનુસરે છે એ કહેવત પ્રમાણે. ગુજરાતના સુલતાનો અને એમના ઉમરાવો ઇસ્લામના પ્રચાર માટે આગ્રહી હતા એટલે એઓએ દૂર દૂરનાં સ્થળોએથી પથ્થરો મંગાવ્યા અને મસીદો બંધાવી. એમાંની ઘણી હજી પણ હયાત છે. એમનાં નામ જે શાહઝાદાએ કે ઉમરાવે એ બંધાવેલી છે એના ઉપરથી પડેલાં છે. ૪૫૦ અને કેટલાકના કહેવા પ્રમાણે ઘુમ્મટો અને સ્તંભોની સુંદર અને મજબુત રચનાવાળી આવી ૫૦૦ મસીદો શહેરમાં અને શહેર બહાર થઇને જોવામાં આવે છે. અને એમાંની કેટલીકમાં ખાસ કરીને મુઅઝિમખાનના પરામાંની અને ખુદાવંદ ખાનની તથા અત્યારે અચુતેકાજીની તરીકે ઓળખાતી મસીદમાં (જે મલેક સારંગ ઇખ્તિયારૂલમુલ્કના ભાઇ મલેક બહાઉદ્દીને બંધાવેલી) એના કારીગરોએ કમાલ કામ કર્યું છે. સાક્ષાત અનુભવવાળા કહે છે કે કમાન આગળના બે મિનારા એવા છે કે એક હલાવવાથી (એક જ માણસ આખો મિનારો હલાવી શકે છે) બીજો જે જરા છેટે છે તે આપોઆપ હાલે છે. આ એક અજાયબી છે અને પ્રભુ જાણે શી કરામત કરી છે ? શહેરમાં અને શહેર બહાર અસંખ્ય મસીદો છે પરંતુ ગુજરાતના ઉમરાવોની બાંધેલી સિવાયની ઘણી અત્યારે અવઢ પડી છે અને તુટી ફુટી દશામાં છે.

શહેનશાહ ઔરંગઝેબના રાજ્યકાળ સુધી એમનું સમારકામ સરકાર કરાવતી પરંતુ ત્યાર પછીથી 'તો હરિ કરે તે ખરૂં' એવી જ સ્થિતિ છે.

શહેર બહારનાં પરાં

શહેરમાં શરૂઆતમાં ઘીચ વસ્તી નહોતી. તેથી ગુજરાતના સુલ્તાનઝાદાઓ અને ઉમરાવો કિલ્લામાં પોતાને જોઇતી વસવાટની જમીન પસંદ કરી લેતા અને એમના હજુરીઆ વગેરેનાં ઘર એની આજુબાજુમાં જ બાંધવામાં આવતાં. આ બધાં મકાનોનો આખો લત્તો એ ઉમરાવના નામના પરાથી ઓળખતો. જેમકે અઝદરપુર, કાળુપુર, તાજપુર, જમાલપુર ઇત્યાદિ જેનો ઉપર બજાર અને રસ્તાઓની યાદીમાં ઉલ્લેખ કર્યો છે. જ્યારે શહેરની આબાદી વધી ત્યારે વસ્તી શહેર બહાર આવવા માંડી અને પરાંની સંખ્યા પણ વધી. એવું કહેવાય છે કે જુના વખતમાં શહેરની આજુબાજુ થઇને ૩૬૦ અને કેટલાકના કહેવા પ્રમાણે ૩૮૦ આવાં પરાં હતાં. આ સંખ્યાફેરનું કારણ કદાચ એ છે કે અકબર બાદશાહના રાજ્યકાળમાં એમાંનાં કેટલાંક વધારે દૂરનાં પરાં જેવાં કે ઇસનપુર, અસારવા, અસ્પુર, સાબીપુર, ઇનાયતપુર, શેખપુર ઇત્યાદિ જુદાં ગામડાં

૩૧ પદ્ય ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ ૫.

ગણાતાં. આમાંના દરેક પરાનું નામ ગુજરાતના સુલતાનોના ઉમરાવોના નામ પરથી પડેલું હતું અને આ ઊમરાવો પોતપોતાના લાવલશ્કર સાથે મોટા ઠાઠમાઠથી આ પરાંઓમાં રહેતા હતા. આ દરેક પરામાં અકેકી મજબુત અને વિશાળ મસીદ મોજુદ છે. કિલ્લા પાસેના પરાની વસ્તી કેટલીકવાર ઘટી જતી ત્યારે ત્યાંનો સુબો કે કોઇ અમીર ઉમરાવ પોતાના નામપરથી એનું નામ પાડી એને પુંનઃ આબાદ કરતો.

આ પરાંની આબાદી એક શહેર જેવી રહેતી. તઝકીરાતુલમુલ્કનો કર્તા લખે છે કે ' ઉસ્માનપુર એકલામાં કંઇ નહિ તો એક હજાર હુન્નરમંદોની દુકાનો હતી. અને અંદર અંદરના કલહ કંકાસથી અને ગેરવ્યવસ્થાથી બધાં પરાં પાયમાલ નહોતાં થયાં ત્યારે એમાંના દરેકમાં વેપારીઓ, કારીગરો, સરકારી નોકરો, લશ્કરી માણસો હિંદુ અને મુસલમાન બન્ને પ્રકારના–ની વસ્તી હતી. આ પરાંને આ પુસ્તકના કર્તાએ જાતે આબાદ સ્થિતિમાં મોટાં મોટાં મકાનો અને ભવ્ય ઇમારતો સહિત જોયાં છે. પરંતુ અત્યારે એ બધાં ખંડીએર થઇ ગયાં છે અને થોડી મસીદો અને દરવાજા બાદ કરીએ તો કદાચ બધાં થોડા અરસામાં વીસરાઇ જશે. ' આ બધાં પરાંનાં નામ નીચે આપ્યાં છે. એમાંનાં કેટલાંકનાં નામ અકબરે ગુજરાત જીત્યું ત્યાર પછી સુબાઓએ ફરી પાડ્યાં હતાં.

સાબરમતીની દક્ષિણે આવેલાં પરાં

શાહપુર, દક્ષિણ તરફ નદીની પાસે અને પ્રાચીન કાળથી આબાદ થયેલું. ઔરંગઝેબના રાજ્યમાં ખ્વાજા અબદુલા નામના મુખ્ય કાઝીએ એને કાઝીપુરનું નામ આપ્યું. અમીર બહાઉદ્દીન જેને ઇખ્તીઆરૂલમુલ્કનો ખિતાબ મળેલો હતો એની ત્યાં એક પથ્થરની મસીદ છે; જે હાલ અચ્યુતકોકીના નામથી ઓળખાય છે.

હાજીપુર. આની સ્થાપના કરનાર હાજી બહાઉદ્દીન હતો કે જે અઝદુલમુલ્કના નામથી સુવિખ્યાત છે અને જે સુલ્તાન મહમદ બેગડાનો ઉમરાવ હતો. ત્યાંની મસીદ પણ એની બાંધેલી છે.

દરીઆપુર ઉપર્યુક્ત સુલતાનના એક બીજા ઉમરાવ દરીઆખાને વસાવ્યું હતું. ત્યાં એણે એક ઇંટેરી ઘુમ્મટ ચણાવ્યો છે જેની નીચે એને દાટવામાં આવ્યો છે. આ ઘુમ્મટ ગુજરાતના આખા રાજ્યમાં મોટામાં મોટો ઇંટેરી ઘુમ્મટ છે.

સુલ્તાનપુર—સ્થાપક અજ્ઞાત છે.

મકસુદપુર—મૂળ એક પરૂં હતું પરંતુ શાહજહાનની સુબાગીરીના કાળમાં એને શાહીબાગ માટે પસંદ કરવામાં આવ્યું હતું.

માહુપુર—સ્થાપક અજ્ઞાત.

શેરપુર—હાલ એ કબરસ્તાન થઇ ગયું છે.

લોદીપુર—જુના કાળથી સ્થપાયલું.

પનાહપુર—ઔરંગઝેબના રાજ્યમાં બહાદુરખાન નામના એક સુબાએ એને ફરી આબાદ કર્યું અને એનું નામ મહમદપનાહ રાખ્યું.

જહાંગીરપુર—અહીં એક પુરાણું પરૂં હતું. જહાંગીર જ્યારે ગુજરાતમાં આવ્યો ત્યારે એનું પુનઃ નામકરણ થયું હતું.

સિકંદરપુર—આ પહેલાં હૈબતપુર કહેવાતું. હૈબતખાન નામના એક ગુજરાતી ઉમરાવે એ વસાવેલું. ત્યાં એક પથ્થરની મસીદ છે.

અસારવા—આ પરૂં શહેરની સ્થાપના પહેલાંનું-પુરાણું છે. પરંતુ હવે એનો હવેલી પરગણામાં સમાવેશ કરવામાં આવ્યો છે.

હરિપુર—ગુજરાતના એક સુલતાનના જમાનામાં હરિબાઈએ વસાવેલું. એમાં સારી બાંધણીની એક મોટી વાવ, એક મસીદ અને વસાવનાર બાઈની કબર છે. ઘણા વણકરો અને કારીગરોએ ત્યાં વસવાટ કર્યો છે. અસારવાની પાડોશમાં હોવાથી ત્યાં જોઈએ એટલી વસ્તી નથી.

બીબીપુર—ગુજરાતના સુલતાનોના જમાનામાં બીબીમા નામની એક અનન્ય પવિત્રતા અને ચારિત્ર્યવાળી સાધ્વી થઇ ગઇ. એ ચિસ્તી કુળની હતી. એણે આ પરૂં સ્થપાયું હતું. એ ત્યાં જ રહેતી હતી. એની દરગા, મસીદ અને તકીઓ અત્યારે પણ ત્યાં મોજુદ છે.

હરહરપુર અને રૂપ્પરની આબાદી જુના કાળથી છે. કાળુપુર, આબાહાજી કાળુ[૩૨] નામના સુલ્તાન મહમદના એક ઉમરાવે વસાવ્યું. રસુલપુર, ઘાલીબપુર, અને સૈયદાબાદ (ઉર્ફે સરસપુર) એ બધાં ગુજરાતના સુલ્તાનોના વારાનાં જુનાં પરાં છે અને હજી થોડાં ઘણાં આબાદ હાલતમાં છે. મીઠાપુર, જમનાપુર, અને સાહેબપુર જુના કાળથી આબાદ છે.

સરસપુરની બાજુમાં આવેલું નુરૂલ્લાહપુર શહીદ શાહ મહમદ ફરૂખસીયારના રાજ્યમાં થઇ ગયેલા અમાનતખાનનો ઇલ્કાબ ધરાવનાર શેખ નુરમહમદે આબાદ કર્યું.

સલીમપુર, ખીમપુર, નસીરપુર, સર્કીવાડો, રસુલપુર, બર્માપુર, એ બધાં જુનાં પરાં છે. એમનાં તળપદાં નામો માલુમ નથી.

શહેરની આગ્નેયમાં નજીકજ આવેલું સારંગપુર જે બિહાનપુર નામથી પણ ઓળખાય છે તે મલેક સારંગ[૩૩] નામના સુલ્તાન મહમદના એક ઉમરાવે વસાવ્યું. આ ઉમરાવ કિવામુલ્મુલ્કના નામથી વધારે વિખ્યાત છે. ત્યાં એક ભવ્ય અને મજબુત પથ્થરની

---

૩૨. મલેક કાલુ. પાછળથી ઇમાદુલમુલ્ક જુઓ બેલી, પૃ૦ ૨૦૨ સે.

૩૩. અફઝલખાન બમ્બાની શહીદ હતો. સુલ્તાન મહમદનો એ વઝીર હતો. પોતાના ઉંચા દરજ્જા અને અઢળક ધન છતાં એ પવિત્ર ભક્તમય જીવન ગુજારતો. જ્યારે એ 'ગાદી'પર બેસતો ત્યારે એના હુકમથી એક ચાકર એના ઉપર ચાદર ઝાલી રહેતો અને કહેતોઃ—"અફઝલખાન, તારા અત્યારના મરતબાની મગરૂરી કરીશ મા. મૃત્યુ નજીક આવતું જાય છે અને એનું કફન તારા પર ઓઢાડવામાં આવશે. દુન્યવી ઇજ્જત અને માનમરતબા થિરથાવર નથી. કયામતના દિવસથી સાવચેત રહેજે."

વઝીર પોતાનું બધું કામ ઇશ્વરથી ડરીને કરતો. પાપી બંડખોર બુરહાને, સુલ્તાન

મસીદ છે. જેવું નામ ત્યાં દટાયલા (શીલ્પી સીદી બશીરના નામ પરથી (કારણ એ જ એનો કારીગર હતો) પડયું છે. હિજરી સાલ ૧૧૭૧ માં જ્યારે (ઇતિહાસ વિભાગમાં વર્ણવ્યા પ્રમાણે) જ્યારે મોમીનખાનને સદાશિવ રામચંદ્રે ઘેર્યો ત્યારે એ મસીદ તોડી નાંખવામાં આવી હતી.

અફ્ઝલપુર—અફ્ઝલખાન બમ્બાનીએ આબાદ કર્યું. એ સુલ્તાન મહમદ બીજાનો ઉમરાવ હતો. ત્યાં એક પથ્થરની મસીદ, સરાઇ અને સ્થાપકનો મકબરો છે.

બેગનપુર—પુરાણું પરૂં.

તઘાનપુર[૩૪]–સુલ્તાન મહમદના એક ઉમરાવે આબાદ કર્યું.

રાજપુર જે પુરાણા વખતનું સ્થપાયલું છે અને જેનો સ્થાપક અજ્ઞાત છે એ બીજા શહેર જેવું જ એક ઘણું મોટું પરૂં હતું. એમાં વેપારીઓ, કામદારો અને નોકરી-આટ વર્ગના લોકો અને કારીગરો અનેક રહેતા હતા. દરીઆ માર્ગે અને જમીન માર્ગે મોટો મોટો વેપાર ચલાવનારા શીઆ પંથના વહોરા વેપારીઓની ત્યાં મોટી વસતી હતી. ત્યાં મનોહર મહાલયો અને ઇમારતો હતી જે બાંધવામાં પુષ્કળ પૈસો ખર્ચ કરવામાં આવ્યો હતો.

મહમદ બીજાનું અને એના બે વઝીર આસફખાન અને ખુદાવંદખાનનું ખુન કર્યા પછી અફ્ઝલખાનને પોતાની હજુરમાં બોલાવ્યો અને પોતાના પક્ષ તરફ સમજાવી લેવા પ્રયત્ન કર્યો પરંતુ પાક વઝીરે ના પાડી અને ત્યાર પછી મહમદાબાદ આગળ હિજરી સાલ ૯૬૧ના રજ્જબી મહીનાની ૧૩ મી તારીખ ને મંગળવારની રાત્રે એ બંડખોરે એનું ખુન કર્યું. શહેર બહાર રાયપુર અને સારંગપુર દરવાજા વચ્ચે એની દરગા છે. એ એક સંતની જેમ પૂજાય છે. લોકો એની દરગાના દર્શને જાય છે. એનો ભાઇ મલેક કૈતુદ્દીનમીયાં. કુતુદ્દીન શાહીનો શિષ્ય અને એની ગાદીએ આવનાર જે એક સુવિખ્યાત સુફી હતો તેને વઝીરની પાસે જ પૂર્વ તરફની બાજુ પર દાટવામાં આવ્યો છે.

અફ્ઝલખાન વઝીરે અફ્ઝલપુર વસાવ્યું અને ત્યાં એક સરાઇ બંધાવી. એ હજી એના વારસોના તાબામાં છે. (વડોદરાના વર્તમાન કાઝી અહમદ હુસૈન એના વારસ થાય છે) પરંતુ અત્યારે બધું પડી ભાગ્યું છે. એણે એક ભવ્ય અને સુંદર મસીદ પણ બંધાવેલી પરંતુ નજમુદ્દૌલાના પુત્ર મોમીનખાનના જમાનામાં જ્યારે મરાઠાઓએ શહેરને ઘેરો ઘાલ્યો ત્યારે રખેને હુમલો લાવનારા આ મસીદમાં ભરાઇને યુદ્ધ માંડે એમ સમજીને લોકોએ એમાં ઇંધણ ભરીને એને આગ લગાડી.

આમ એક કિંમતી પુરાણું સ્મરણ ખોવાયું. સરદાર ખાનની મસીદ પાસે જમાલપુરમાં કિલ્લાની અંદર આવેલી એક બીજી મસીદ પણ આ વઝીરે બંધાવેલી—મીરાતે અહમદી અંગ્રેજી ભાષાંતર, પૃ. ૮૭

૩૪. તુઘાન પાછળથી ફરહતુલમુલ્ક–એલી પૃ. ૨૦૨ જુઓ. સં.

ગોમતીપુર—એનું મૂળ માલુમ નથી. એ ઓછું વત્તું અત્યારે પણ આબાદ છે. કાંગસીવાડો, શાલપુર, મોઆઝમપુર અને મોઆઝમાબાદ—આ બધાં જુના પરાં છે.

મન્ઝનપુર—શાહઆલમ કદુસ્સર્‌હિ[૩૫] ના પૌત્ર સય્યદ મસૌદે આબાદ કર્યું.

બાબીપુર—સફદરખાન બાબીએ વસાવ્યું.

નવાપુરા, ગંજપુરા, અને સુલ્તાનપુરા—જુનાકાળથી આબાદ છે. એ સય્યદ અબ્દુર રહીમ રફાઇ જેનો મકબરો પણ ત્યાં છે એણે વસાવેલાં.

કીશોરપુર—રાજપુરની દક્ષિણમાં સફદર ખાનના મુનીમ કિશોરદાસે એ સ્થાપ્યું. એમાં એક નાની વાડી અને એક સાધારણ મકાન છે, જે એનું બંધાવેલું છે.

માસુમપુર—માસુમ કુલી ઉર્ફે શુજાઅતખાને તે વસાવ્યું. એ અહીં મરાયો હતો.

મુરાદગંજ—શાહઝાદા મુરાદબક્ષની સુબાગીરી વખતે વસ્યું.

જમનાપુર અને બેગમપુર ઉર્ફે પુરાખાજા જુના સમયથી આબાદ છે.

રહેમતપુર ઉર્ફે વહાબગંજ—ઔરંગઝેબના સમયમાં મુખ્ય કાઝી અબ્દુલ વહાબે સ્થાપેલું. આ સમયમાં કાપડ બજારનું મહેસુલી ખાતું આ કાઝીના જમાઇ મહમદ જમાલના હાથમાં હતું. સુગંધિત મૂળો અને દવાઓ—સુરતથી આવેલી—અહીં જકાત માફ વેચવાની વ્યવસ્થા કરવામાં આવી હતી, જેથી આ પરાની વસ્તી અને આબાદી વધે.

નયનપુર—જુનું પરું છે. તેમાં અત્યારે ફોજદાર માટે એક નાનો ગઢ છે.

સૈયદપુર—આસ્ટોડીઆ દરવાજા પાસે. સુલ્તાન મહમદના એક ઉમરાવ નામે સૈયદ અતોલ્લાહે એ વસાવ્યું. એને કિવામુલ્મુલ્કનો ખિતાબ હતો. એનો મકબરો પણ ત્યાં જ આવેલો છે.

ચંગિઝપુર—સુલ્તાન મહમદ બીજાના ગુલામ ચંગિઝખાને વસાવ્યું. આગળના પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે આ ગુલામે પોતાના માલિક સામે બંડ ઉઠાવેલું.

લીકુપુર અને કંગાલની આબાદી પ્રાચીન છે.

બહાદુરગંજ—સુલ્તાન બહાદુર ગુજરાતીએ વસાવ્યું.

ઇકરમપુર અને મુફખિરપુર—ઔરંગઝેબના સમયમાં મુખ્ય સુબા ઇકરમુદ્દીન અને એના ભાઇ અબ્દુલ મુફખિરખાને વસાવ્યાં.

પીરપુર, અને નવાપુરા—બન્ને જુનાં પરાં છે.

અલીમપુર—મલેક અલીમના નામથી મશહૂર થયેલા ખુદાવંદખાને વસાવ્યું. સુલ્તાન એહમદના દીકરા સુલ્તાન મહમદનો એ ઉમરાવ હતો. ત્યાં એક પથ્થરની મસીદ છે એમાં એને દાટવામાં આવ્યો છે. આ મસીદ પાછળ માળવાના શેખ કમાલનો મકબરો છે.

---

૩૫ એમની દરગાને નમન હો.

ફરહદપુર[૩૬] ઉર્ફે કાઝીપુર-કાઝી અબુલફરહદખાને ઔરંગઝેબના જમાનામાં સ્થાપ્યું. એણે અહીં એક સારી મસીદ બંધાવી અને પોતાને માટે એક મકાન બંધાવ્યું ત્યાં બેસીને એ ન્યાય આપતો. આ ગ્રંથકર્તાએ ઘણીવાર જાતે એ મકાન જોયું છે. પરંતુ અત્યારે એ ખંડીએર થઇ ગયું છે.

નુરગંજ—જહાંગીર શિકારે નીકળ્યો ગુજરાતમાં આવ્યો ત્યારે બેગમ નુરજહાનના નામ પરથી એણે એનું નામ પાડયું.

ખરદોસ્તપોલીયા જુના કાળથી વસેલું છે. તાજખાન નરસી નામનો એક ગુજરાતી ઉમરાવ જેણે હઝરત શાહનો રોજો બંધાવ્યો તેનો મકબરો ત્યાં છે.

ઝોરાવરપુર—ઝોરાવરખાન બાબીએ વસાવ્યું. જુના અહમદાવાદ (એના નાનામાં નાના પુત્રને સમર્પિત)ની પાસે. ફરૂખસીયારના રાજ્યમાં વસ્યું.

રસુલાબાદ—હઝરત શાહ આલમે વસાવ્યું. એમનો મકબરો પણ ત્યાં છે. એમના સમયથી એમના વંશજો અને સૈયદો ત્યાં રહે છે. આજુબાજુનાં ગામડાં સરકારે એમના પોષણ અને ધર્માદા કાર્ય માટે આપેલાં. એથી કરીને આ લોકો સુખપૂર્વક રહેતા. ધીમે ધીમે એમણે ત્યાં સુંદર મકાનો અને બગીચાઓ બંધાવ્યા. સૈયદ સાહેબ અને હજરત સાહેબને અપાતા માનને લીધે કોઇ પણ નાઝિમ કે અમલદાર ત્યાંના રહેવાસીઓને પજવતા નહિ. જુના કાળથી એ હઝરત સાહેબની ગાદીએ બેસનારાઓને દાવાના નિર્ણય કરવાની અને ત્યાંના રહેવાસીઓ અને વેપારીઓની ટંટાફિસાદ પતાવવાની સત્તા છે. દરગા માટે એક જુદા કાઝીની નિમણુક થઇ હતી.

રસુલાબાદ,ખાન્દોલપુરા;સૈયદ હામિદપુરા;સૈયદ રિઝવીખાન; ફિરોઝપુર; હુસનપુર અગલીપુર; ઇસ્ન્દાપુર અને બહાઉદ્દીનપુર. આ બધાં પરાં આબાદ હાલતમાં હતાં. પરંતુ આગલા પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે મહારાણા રૂપસીંગના કાળમાં નાશ પામ્યાં.

પુરા રીઝવીખાન-રીઝવીખાને વસાવ્યું. એ ઔરંગઝેબના વખતમાં સુબો હતો.

ઇસ્ન્દાપુર-નીસાપરપરથી અને ખિઝરપુર એ બે જુનાં પરાં છે.

હુસનપુર, મહમદપુર અને સૈયદ હામિદબુખારીનું પરું હઝરત શાહઆલમના પૌત્રોએ વસાવ્યાં. ત્યાં પાછળથી સુંદર ઇમારત પણ બંધાવી હતી.

ખામનદરૂલ ગુજરાતના સુલતાનોના જમાનામાં વસ્યું હતું. સુલતાન કુતુબુદીન બીન સુલતાન મહમદે ત્યાં એક મહેલ બંધાવ્યો હતો. તે અવારનવાર ત્યાં રહેતો હતો. પરંતુ અત્યારે એ ખંડીએર દશામાં છે.

ઇશાનપુર—રસુલાબાદ અને વટવાની વચ્ચે આવેલું હજરત શાહઆલમ એને બાહુન બુસતર્ક (ગાનુ અને પિનુ બન્ને પગે ઉગતા) કહેતા. મલેક ઇશન નિઝામુલમુલ્ક નામના સુલતાન મહમદના એક અમીરે એ વસાવ્યું. સરના પર આવેલી એક સુંદર પત્થરની મસીદ, સ્થાપકનો મકબરો, એક બાગ અને વસ્તીની આજુબાજુ વાળી લીધેલો કોટ

૩૬. અંગ્રેજી બાતાંનરમાં ફરૂખપુર છે.

ચુનાનો એક કિલ્લો અત્યારે પણ ત્યાં મોજુદ છે. કિલ્લા બહાર આંબાવાડીઓ અને રાયણનાં ઝાડ જોવામાં આવે છે. (હવેલી પરગણામાં ગણાતું) આ આખું પરૂં શાહઆલમના રોજાના ચાલુ ખર્ચ માટે સમર્પણ કરેલું છે.

નવોવાસ—સ્થાપક અજ્ઞાત.

ખુન્દનપુર—ગુજરાતી ઉમરાવ મલેક ખુન્દને વસાવ્યું. એમાં મલેક ખુન્દનનો મકબરો અને મસીદ છે. શાહઆલમના કેટલાક ચેલાઓ અને હજુરીઆઓ ત્યાં રહેતા એથી એ 'ખેદમ' (ખાદિમ અર્થાત્ ચાકરનું લઘુરૂપ) કહેવાતું. શેખઅલી ખતીબની ઘોર ત્યાં જ આવેલી છે.

બહેરામપુરા, મઝુરી અને અસાવલ જુનાં પરાં છે..

કુતબપુર—હઝરત શાહઆલમ જ્યારે અહીં રહેતા ત્યારે આ પરાનો પુનઃ નામ સંસ્કાર થયો હતો. અત્યારે એ વરાન છે.

કાસિમપુર—શહેરની પશ્ચિમે સાબરમતી નદી પાસે ઔરંગઝેબના રાજ્યકાળમાં મીરકાસિમ નામના એક જણે એની સ્થાપના કરી. એનો મકબરો ત્યાં છે.

રાજુપુર—હઝરત શાહઆલમના પૌત્રોએ વસાવ્યું.

ખાનપુર—સાબરમતી નદીની બાજુમાં આવેલું સૈયદ હસનખાન બર્ચાએ ઔરંગઝેબના જમાનામાં એ વસાવ્યું. ત્યાં એક બાગ છે અને સૈયદનો મકબરો છે.

સાબરમતીના સામા કાંઠાપરનાં ઉર્ફે નદીપારનાં પરાનાં નામો

હવેલી પરગણાનાં ગામોના સંબંધમાં (આગળ) જુની વસ્તીનો અહેવાલ આપેલો છે.

ઉસ્માનપુર—હઝરત કુત્બેઆલમના વંશજ સૈયદ ઉસ્માને વસાવેલું.

સૈયદ ઉસ્માનને પોતાના પીર તરફથી 'શમયે બરહાની' (પ્રમાણજ્યોતિ) નો ખિતાબ નવાઝ કરવામાં આવ્યો હતો. ત્યાંની પથ્થરની મસીદ અને સૈયદની દરગાહ રોનકદાર, સુંદર ઇમારતો છે. આગળ લખવામાં આવ્યું છે એમ 'તઝકીરાતુલમુલ્ક'ના લેખકે ઉસ્માનપુરને આબાદ પરા તરીકે વર્ણવેલું છે. હાલના લેખકે પોતે જોયું છે કે એ કેટલી વસ્તીવાળું હતું? તરેહ તરેહનાં ઓસડો ખાસ કરીને હરડાં બહેડાં ને આમળાં, ઘી તથા શહેરમાં આવતી ઇતર ચીજોનો અહીં જથાબંધ વેપાર ચાલતો હતો. પરંતુ અત્યારે એમાંનું કાંઇ નથી.

ખાનપુર—શહેરના એ નામના દરવાઝાની સામે આવેલું.

નૌરંગપુર. એમાં થોડી વસ્તી છે. એ ઔરંગઝેબના રાજ્યમાં શુજાઅતખાને વસાવ્યું.

અબ્દુલપુર અને અઝદરપુર. આગળના વખતમાં અફ્ઘાનોએ વસાવેલાં.

સલાબતપુર—સલાબતખાન બાબીએ વસાવેલું.

શર્કપુર—મલેકશર્ક નામના સુલ્તાન મહમદ બીજાના એક ગુલામે વસાવ્યું. બાદશાહ શાહજહાંના રાજ્યમાં શાહી ફરમાનથી ગાઝીઉદ્દીન હુસૈને ત્યાં એક બાગ બનાવ્યો. એનો મકબરો પણ ત્યાં છે.

શાદમાનપુર—શાદમા બીન આઝમખાન કોકલતશે અકબરના સમયમાં સ્થાપેલું.

ફરિદાબાદ અને કમાલુદ્દીનપુર-અફઘાનોનાં વસાવેલાં પુરાણાં પરાં.

શેખપુર;—સુલ્તાન મહમદ બેગડાના પીર શેખ અઝિઝુલ્લા સિદીકીના પુત્ર શેખ રહેમતુલ્લાહે વસાવ્યું; શેખનો મકબરો અને મસીદ ત્યાં છે.

સુલ્તાનપુર ઉર્ફે નીમકમાંડવી, કાસીમપુર, નસીરાબાદ અને ફતેહપુર જુનાં પરાં છે.

કમાલુદ્દીનપુર—જવાઁમર્દ ખાનબાબીએ વસાવ્યું અને પોતાના પુત્રના નામ પરથી એનું નામ પાડ્યું.

ઐશપુર, રહિમપુર અને મીરઝાપુર જુના વખતથી આબાદ છે.

કોચરબ પાલડી પણ પરાંમાં ગણાય છે. એનો હવેલી પરગણામાં સમાવેશ કરવામાં આવ્યો છે.

૭ સાત હજાર અફઘાન સૈનિકો, (ઘોડે-સવાર અને પ્યાદા) મુઝફ્ફરશાહ અને મહમદશાહની પાછળ ઉત્તર હિંદમાંથી આવેલા અને આ નદીપારનાં પરાંમાં વસેલા. આ લેખકને એમના ઉમદા વંશજો બરાબર યાદ છે. પરંતુ અફસોસ! અત્યારે એમનાં ઘરો ખંડીએર વેરાન અને બિચિરાધ છે.

શહેરની આડોશપાડોશમાં આવેલા બાગબગીચા

આગળના જમાનામાં ગુજરાતના સુલ્તાનો, ઉમરાવો, સુબાઓ, મનસુબદારો અને ધનિકોએ રચાવેલા સુશોભિત અને સુગંધિત પુષ્પોથી ભરેલા, સુંદર ઇમારતો, આરોગ્યદાયક હવાવાળા અને કુંજમાર્ગોથી ભરેલા, તથા સતત પડતા ધોધો અને નહેરોવાળા બાગ બગીચા શહેરની આડોશપાડોશમાં ક્રમે ક્રમ સંખ્યાબંધ થઈ ગયેલા છે. નીચેની બેતો તેની તારીફ કરે છે.

લતિફે દિલકુશા આબોહવાએ
મુબારિક મન્ઝિલે ફરખુન્દા જાએ ૧
રહાયઁ બર કિનારે જુએ બારે
બ આબે ઝયાલા શુસ્તા દસ્ત રૂયે ૨
દિરખ્તાઁ ચુ બુતાઁ કદ બરકશીદા
બયક દિગર બઝુએ સર કશીદા ૩
ફરાખે શાખ સુર્ધાને ખુશ આવાઝ
બપધલહાઁ અરધનુહાઁ કર્દા પુરસાઝ ૪
નિહાલે સબ્ઝ બર જેન્નત સબક દાશ્ત
ખતે તુબા લહુમ બર હર વરક દાશ્ત ૫

અર્થઃ—દિલપસંદ અને સુખકર આબોહવા છે; આનંદકારી રમણીય સ્થળો અને રહેઠાણો છે; ઝરણાંના કિનારે ફળ ફુલો ઝાકળના પાણીથી હાથ મોં ધોઇ ઉભાં છે.

(૧-૨.) પોતાના પૂરા કદમાં શિર ખેંચી ખેંચીને (ટટાર)વૃક્ષો ઉભાં છે-જાણે સુંદરીઓ ઊભી છે. વિશાળ વૃક્ષોની ઘટાઘોર શાખાઓ પર પંખીઓ મધુર કિલકિલાટ કરે છે—જાણે સાઝ સામાન સાથે 'ઓરગન' (એક પ્રકારનું વાદ્ય) બજાવી રહ્યાં છે. લીલાં વૃક્ષોની (શોભા) સ્વર્ગને ટપી જાય છે. એમના પલ્લવે પલ્લવ પર 'તુબા લહુમ'[૩૭] અર્થાત્ 'ખુશ ખબરી'નો આશીર્વાદ લખેલો છે.

પરંતુ ઝાડોની જગાએ અત્યારે કાંટા ઉગ્યા છે. કેટલાક એમના વારસોએ વેચી ખાધા છે અને કેટલાક ખેડી ખાવાનાં ખેતરો બની ગયા છે. સરકાર સાથે સંબંધ ધરાવનારા યા સરકારની માલીકીના બાગ બગીચાઓનું જ વર્ણન નીચે આપ્યું છે.

બાગે નગીના—શહેરની પૂર્વ અને દક્ષિણ તરફની ભાગોળોની વચ્ચે પરાંના ઘરોની લગોલગ આવેલો અને અમદાવાદના સ્થાપક અહમદશાહના પૌત્ર સુલ્તાન કુત્બુદ્દીને બંધાવેલો આ બાગ કાંકરીઆ સરોવરરૂપી વીંટી પર જડેલા નંગ જેવો દેખાય છે. એની રચના સુંદર છે. અને યદ્યપિ એ મોટો નથી પરંતુ સરોવરની મધ્યમાં આવેલો હોઇ મનોરમ દેખાય છે. સરોવર ઉપર પૂલને ચુમ્માળીસ કમાનો છે. હાલ તેમાંની કેટલીક પડી ગઇ છે અને એથી રસ્તો રોકાઇ ગયો છે. સુજાઉદ્દૌલાના રાજ્યકાળમાં કેટલીક પડેલી કમાનોની પુનઃ રચના કરવામાં આવી હતી. પાટવી શાહઝાદાની સુબાગીરીના સમયમાં બળદની બે જોડ પાણી ખેંચવા માટે અને ચાર બાગબાનો એને માટે નીમવામાં આવ્યા હતા.

તાલાબે કાંકરીઆ ઉર્ફે હોજે કુત્બી—લંબાઇ ૭૫૦ વાર ઇલાહી. આકાર દસ્તુર મુજબ ગોળ. કુલ ક્ષેત્રફળ ૪૫૦૦૦૦ ગજ અર્થાત્ ૧૨૫ વીઘાં (એક વીઘું=૩૬૦૦ ગજ) એની ફરતે આવેલાં પગથીઆં પથ્થર અને સીમેંટનાં છે.

ઉત્પત્તિ—એમ કહેવાય છે કે સુલ્તાન કુત્બુદ્દીન પોતાના ઓરમાન ભાઇ (બીરાદરે ઇલાતી) ફતેહખાન જે પાછળથી સુલ્તાન મહમદ બેગડાના નામથી પ્રસિદ્ધ થયો તેને મારી નાંખવા ઇચ્છતો હતો. ફતેહખાન પોતાની માતા બીબી મોઘલી સાથે હઝરત શાહઆલમ જેમણે બીબી મિર્ગીના મરણ પછી એની બેન બીબી મોઘલી સાથે નેકા પઢ્યા હતા તેમના રક્ષણમાં રહેતો હતો. આ વાત મિરાતે સિકંદરીમાં આપેલી છે. આથી સુલ્તાન પોતે સીધી રીતે તો એના પર હાથ નાખી શકતા નહોતા એટલે એમણે આ સરોવર અને નગીનાવાડી બંધાવવા માંડી. અને પોતે અમરદરોલમાંની નજીકની એક ઇમારતમાં મુકામ કર્યો.—એવી આશાથી કે ફતેહખાન જો સૈર કરતો કરતો ત્યાં આવી ચડે તો એને ત્યાં જ વિના ઢીલ પરહેજ કરી દેવાય. પરંતુ એ ત્યાં આવ્યો જ નહિ. એક દિવસે હઝરત

---

૩૭. આ કુરાનમાંથી ઉતારો છે. (પ્ર. ૧૩)

તુબાલહુમ વ હુસ્નમોઆબ

અર્થાત્ 'એમને માટે આશીર્વાદ અને સારૂં રહેઠાણ (સ્વર્ગમાં)'. શ્રુતપરંપરા પ્રમાણે 'તુબા' જિન્નતમાંનું 'આશીર્વાદ પામેલું વૃક્ષ' છે.—નવાબઅલી અને સેડન; હિંદુઓના પરમ-આનંદદાયી કલ્પવૃક્ષના જેવી આ કલ્પના છે.—ચુ.

શાહઆલમ એ ખોદકામ આગળ થઇને પસાર થયા. ત્યાં એક કાંકરો એમના પગમાં પેસી ગયો. એ બોલી ઉઠયા ' આ કેવો કાંકરો ?' અને એ ઉપરથી એ તળાવ કાંકરીઆ નામે મશહૂર થયું.

બીજાઓ કહે છે કે સુલ્તાને એ મહંતને એ સરોવર અને બગીચા માટે સ્થળ પસંદ કરવાની વિનંતી કરી. એઓશ્રીએ એ સ્થળની પસંદગી કરી અને ત્યાં થોડા કાંકરા વેરી નિશાન કર્યું. ત્યાં ખોદકામ શરૂ થયું અને સરોવરનું નામ એ ઉપરથી કાંકરીઆ પડયું. સુલ્તાનની એવી ઇચ્છા હતી કે સરોવરની ફરતે ચારે કોર કુંજવિથિઓ અને સુંદર સુંદર ઇમારતો બંધાવવી પરંતુ થોડા કાળ પછી એનું મરણ થવાથી બધી યોજનાઓ એમના મનમાં રહી.

બેત. બર આબે જુયે નશીઁ ગુઝરે ઉમર બેબીન
કે ઈઁ ઇશારત ઝ જહાઁ ગુઝરઁા મારા બસ અસ્ત.
અર્થાત્ સરિતા તીરે બેસો ઉમરનું નીર વહી જાતું જુઓ
બસ છે ઇશારો આ અમોને, ગુઝરતી દુનિયા તણો.

સરોવરને દક્ષિણ કિનારે એક અધુરો મોગરાનો બગીચો, કેટલાંક મકાન, ફુવારા અને હોજ અત્યારે પણ જોવામાં આવે છે.

શાહવાડી—હીંદી ઝબાનમાં બાગને વાડી કહે છે એ ઉપરથી આ બગીચાને શાહવાડી કહેવામાં આવતી. સાબરમતીના દક્ષિણ કિનારા પર શહેરથી બે ગાઉને અંતરે આવેલા ફૈઝાબાદ નામના ગામડામાં એક ગુજરાતી સુલ્તાને એ બંધાવ્યો. એમાં ઇમારતો અને આરસની ફરસબંધીઓ છે અને ફરતે ૬૨ વીઘાનો એક દક્ષિણે અને એક ઉત્તરે એમ બે દરવાજાવાળો પાકી ઇંટનો કોટ છે. બાગની બહાર ૫૦ વીઘાં જમીન એના તાબાની હતી. એમાં ઇમારતો પણ હતી પરંતુ અત્યારે તે નાશ પામી છે. મુબરિઝુલ-મુલ્કની સુબાગીરીના અંત સુધી આ બાગની વ્યવસ્થા સરકાર તરફથી કરવામાં આવતી હતી અને એને પાણી પાવા માટે ચાર જોડ બળદ, આઠ માળી અને ઝાડુ કાઢનારાઓ આપવામાં આવ્યા હતા. મહારાજા અભેસીંગના સમયથી એની આવક નાઝિમો પચાવી પડયા છે.

બાગે ફિરદૌસ—શહેરથી ત્રણ ગાઉને અંતરે પૂર્વ તરફ હવેલી પરગણામાં ગણાતા કતરાર નામના ગામમાં આવેલા આ બાગ મહમદ બેગડાએ કરાવ્યો. એને ચાર દિવાલ અને બુર્જો છે. મિરાતે સિકંદરીના કર્તાના કહેવા પ્રમાણે એની લંબાઇ પાંચ ગાઉની અને પહોળાઇ એક ગાઉની હતી. આખો બાગ અત્યારે નાશ પામ્યો છે. માત્ર બાગની દિવાલનો અને દરવાજાનો એક ભાગ હજુ મોજુદ છે. એમ કહેવાય છે કે સુલ્તાને ૯૦૦૦૦૦ આંબા, રાંયણ અને આમળાંનાં વૃક્ષો ત્યાં રોપાવ્યાં હતાં. અને એથી એને ' નવલખો બાગ ' પણ કહેતા. એની ઉપજ હવેલી પરગણાની આમદાનીમાં ગણાય છે.

બાગે શાયઆઁ—આ બાગ શહેરથી એક ગાઉને અંતરે પૂર્વ દિશામાં રખ્યાલ નામના ગામમાં આવેલો છે. અમદાવાદના સ્થાપક સુલ્તાન અહમદના શાહઝાદા સુલ્તાન

મહમદનો ગુલામ મલેક શર્ફ જેણે સુલતાન કુત્બુદ્દીનના જમાનામાં મલેક શાબઆંના ઇલ્કાબથી વઝીરાત મેળવી એણે આ બાગ બંધાવ્યો. એને ઈંટ ચુનાની ચાર દિવાલો છે. એમાં ચિત્તાકર્ષક ઇમારતો, આનંદજનક વિહારસ્થાનો, એક ઘુમ્મટવાળી મસીદ તથા મકબરો, પથ્થરનાં પગથીઆંવાળું એક તળાવ, એક વાવડી વગેરેની રચના કરવામાં આવી છે. સુલ્તાન મહમદના જમાનામાં વઝીરાતનું પોતે રાજીનામું આપ્યું ત્યારથી મલેકે ત્યાં રહી ખુદાની બંદગીમાં મરણપર્યંત ફકીર તરીકે જીવન ગુજાર્યું. એના શબને ત્યાં જ દાટવામાં આવ્યું છે. બગીચાની આવક રખ્યાલ પર હકુમત ચલાવતા નાઝિમને મળતી.

બાગે દિરખ્તે હલીલા—આ બાગ શહેરથી એક ગાઉને અંતરે પૂર્વ તરફ રખ્યાલ ગામમાં આવેલો છે. ત્યાં ત્રણ ઘણાં પુરાણાં આમળાંનાં વૃક્ષો હતાં. તે વર્ષ વર્ષે ફળતાં હતાં. એમાંનાં બે સુકાઇ ગયાં અને બાકીનું એક ઓછામાં ઓછું નજમુદ્દૌલાના જમાના સુધી મોજુદ હતું પરંતુ એનાં ફળ યોગ્ય ખાતર બરદાસ્તને અભાવે ઉતરતી જાતનાં ઉતરતાં હતાં. રખ્યાલની આવકમાંથી પગાર કરીને સરકારે એને માટે એક માળી અને પટાવાળો રોક્યો અને ફરતે પાકી ઈંટોની દિવાલ બંધાવી અને કુવાવાળી જમીનનો એક ભાગ ફુલઝાડો માટે અલગ કાઢ્યો. કારભારીની દેખરેખ તળે તૈયાર કરાવેલો ત્યાંના આંમળાંનો મુરબ્બો બારોબાર હજુરમાં મોકલવામાં આવતો. કાળના વહેવા સાથે નાઝિમોએ એ પોતાને માટે જ રાખી લીધો અને અત્યારે છેલ્લું વૃક્ષ પણ સુકાઇ ગયું છે.

રૂસ્તમબાગ—ઉત્તર તરફ સાબરમતી નદીના કિનારા પર આવેલો છે. રૂસ્તમખાન નામના ગુજરાતી ઉમરાવે એ રચાવ્યો. એને ફરતે દિવાલ છે. એમાં એક ઇમારત છે, છ કુવા છે અને એક પથ્થરનો દરવાજો છે. એમાં ૬૦ વીઘાં જમીન રોકવામાં આવી છે. પાછળથી આ સ્થળ શાહજાદા મહમદ આઝમશાહના મહેલ માટે રોકવામાં આવ્યું.

ગુલાબબાગ અને બાગે તોત[૩૮]—રૂસ્તમબાગની નજીકમાં એક બીજાની પાસે જ આવેલા છે. એ ગુજરાતના સુલ્તાનોના જમાનાથી ચાલ્યા આવે છે. શાહઝાદા મહમદ આઝામશાહની સુબાગીરીની શરૂઆત સુધી શહેનશાહ માટે આ ફુલોમાંથી ગુલાબજળ કાઢી મોકલાતું. પરંતુ જ્યારથી શાહજાદાએ ત્યાં એક મહેલ બંધાવ્યો અને ત્રણ વર્ષ સુધી ત્યાં નિવાસ કર્યો ત્યારથી બગીચા તરીકેનું એનું જીવન પુરૂં થયું! અત્યારે એનો બાજરી બાવટો વાવવામાં જ ઉપયોગ થાય છે.

ફતેહબાગ—સાબરમતી નદીના કિનારા ઉપર શહેરથી ત્રણ ગાઉને અંતરે સરખેજમાં આવેલો. અકબરના રાજ્યમાં બહેરામખાનના પુત્ર ખાનખાનાન મીરઝાખાને દક્ષિણના સુલ્તાન મુઝફ્ફર હુસૈન પર મેળવેલા વિજયના સ્મરણમાં સરખેજમાં બુરજો, ઇમારતો અને નહેરોવાળો એક કિલ્લો કરાવ્યો અને એનું ફતેહબાગ એવું નામ આપ્યું. એ ગામ નાઝિમની જાગીરીનો એક ભાગ હોવાથી કાળના વહેવા સાથે એમણે એને પોતાની જ મિલકત ગણી લીધી. ઇમારતનો એક ભાગ અને વાડ હજી પણ મોજુદ છે. બાગને ઠેકાણે અત્યારે ખેતર જ છે.

---

૩૮. તોત=સેતુર.

બાગેશાહી—બાદશાહ શાહજહાનની શાહઝાદગીના સમયમાં જ્યારે એમના વકીલો (Agents) ગુજરાતનો કારભાર ચલાવતા ત્યારે હવેલી પરગણામાં આવેલી મકસુદપુરની જમીન શાહજાદાના ફરમાનથી મેળવવામાં આવી હતી અને તેના પર ઈડરીઆ દરવાજાની સામે નદી કિનારે સુંદર ઇમારતો, કમાનો, અને બેઠકો, તથા બાર બુરજો અગીઆર કુવાઓ, અનેક હોજ અને ઈમારતની ચોગરદમ ફરતી એવી એક નહેરવાળો સુંદર બગીચો રચવામાં આવ્યો. આ કામ માટે કુલ ૧૦૫ વીઘાં અને ત્રણ વિશા જમીન રોકવામાં આવી છે અને એને ફરતે કોટ કરી લીધેલો છે. આ આખા દેશમાં આટલી બધી સુંદર મહત્વની ઇમારતો અને આનંદજનક વિધિઓ ધરાવતો બીજો એકે બગીચો નથી. એના દરવાજાથી કાજીપુર સુધીના રસ્તાની બન્ને બાજુ પર ઉંચાં લીલાં ઘટાદાર વૃક્ષોની હારો આવી રહેલી છે.—માનો એક નીલમની કમાન કરેલી છે. એની પેલી પાર નાઝિમો અને ઉમરાવોના સુંદર બગીચાઓ આવેલા છે અને લીલોતરીથી વીંટળાએલો આ આખો રસ્તો અજબ હૃદય પુલકીત કરનારો અને આલ્હાદ પમાડનારો છે. એને પાણી પાવા માટે ૧૦૦ જોડ બળદ, સિત્તેર માળી, એક કારભારી, એક ખજાનચી, સાત પટાવાળા અને અનેક ભંગીઓ આ બાગ માટે નીમવામાં આવ્યા હતા અને સમારકામ વગેરેનું ખર્ચ દર વર્ષે શાહી ખજાનામાંથી આપવામાં આવતું હતું. પરંતુ જ્યારે મોગલ સરકાર નબળી પડી ત્યારે લોભી નાઝિમો એ પચાવી પડયા અને મરાઠા લશ્કર એનાં વૃક્ષો કાપી લઇ ગયું. ત્યાંનો બે માળનો શાહી બુરજ નાઝિમુદ્દૌલાના જમાનામાં પુર વખતે તુટી પડયો. ઘણી ઇમારતોની પણ એજ દશા થઇ. અત્યારે ફળફુલનાં બધાં વૃક્ષો સુકાઇ ગયાં છે અને થોડાં આમલીનાં ઝાડ જે આ દેશમાં સામાન્ય રીતે ખૂબ થાય છે અને જેનાં ખાટાં ફળની અહીંથી અરેબીઆ અને ઇરાનના દેશોમાં નિકાશ થાય છે અને જેનો મુરબ્બો ઘણો લહેજતદાર થાય છે એ સિવાય બીજું કશું દેખાતું નથી. જે સ્થળે અનેક ગુલો અને ગુલાબો ખીલતાં એ સ્થળ અત્યારે જવ બાજરીના વાવેતરનું ખેતર બની રહ્યું છે.

ફરમાનબાડી—આ વાડી સાબરમતી નદીની સામે પશ્ચિમ તરફ શહેરથી અર્ધા ગાઉને અંતરે આવેલી છે. એની ફરતે ચાર નાની દિવાલો છે અને એક દરવાજો છે.

પ્રાચીન સમયથી એ સરકારના તાબામાં હતી. કાળના વહેવા સાથે એમાંની એક ઇમારત પડી ભાગી છે. શહી દશાહ (ફરૂખસીયારના) જમાનામાં બુયુતાત[૩૯] કચેરીના કોઇ મહમ્મદ મુઇઝ નામના આદમીએ એ ફિરોઝખાન જાલોરીને વેચ્યા અને એણે એની મરામત કરાવી નવું નામ પાડયું. એની આગલી ઈમારતનું નામ નિશાન પણ નથી.

જીતબાગ—જહાંગીરના જમાનામાં જ્યારે પોતે અબદુલ્લાખાન ફિરોઝજંગને નસાડયો ત્યારે સૈયદ્ખાને હવેલી પરગણામાં આવેલા જેતલપુર નામના ગામમાં પોતાની ફતેહની યાદગીરીમાં આ બાગ બનાવ્યો. અત્યારે તેનો ગામેચી જમીનમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

હોજ.

દાદાહરિની વાવ—વાવ એ એક જાતનો કુવો છે. એના પહોળા ખુલ્લા મુખદ્વારથી ઠેઠ પાણીની સપાટી સુધી એને પગથીઆં હોય છે, જેથી કોઇ પણ મુસાફર

---

૩૯. મરણ નોંધવાની.

એમાં ઉતરી પાણી લઇ શકે. આવા કિંમતી કુવાઓ હિંદુઓ તેમ જ મુસલમાનો પુરાણા કાળથી સાર્વજનિક હિતનું પુણ્યનું કામ ગણીને બંધાવતા આવ્યા છે. આવા કુવાઓની સંખ્યા મોટી છે જેની વિગતવાર યાદી આપવી અતિ લંબાણભરી થઇ પડશે.

આ બધી વાવોમાં મજબુત ઇમારતકામ અને પાણીની મીઠાશની બાબતમાં સર્વ શ્રેષ્ઠ એવી વાવ તે આ દાદાહરિની[૪૦] વાવ છે. દાદાહરિએ અસારવા આગળ પોતાના નામનું એક પરૂં પણ વસાવ્યું છે; અને એક મસજીદ, મકબરા અને ઘુમ્મટ પણ ચણાવ્યો છે: વાવની કોર પર કોતરેલા અરબી અને હિંદી શિલાલેખોમાં એમ જણાવેલું છે. કે ૯૬૦ હિજરી અર્થાત્ વિક્રમ સંવત ૧૫૫૬ યાને શાલીવાહન સંવત ૧૪૨૧ માં જ્યારે સુલ્તાન મહમદ બીજો રાજ્ય કરતો હતો ત્યારે ૩૨૯૦૦૦ મહમુદી[૪૧] રૂપીઆ ખર્ચીને સંગીન મકાસ્તંભો, અને ઘુમ્મટોવાળી આ ત્રણ માળની વાવ તથા મસીદ બંધાવવામાં આવી હતી. એના બે માળ હમેશાં પાણીમાં ડુબેલા જ રહે છે સિવાય કે દુકાળના વખતમાં, જ્યારે એક માળ પાણી સુકાઇ જાય છે.

× × ×

અમદાવાદના રહેવાસીઓ

ગુજરાતના સુલ્તાનોના જમાનમાં એમની દીનપરવરી, નિષ્કલંક નામના, ન્યાયીપણું પ્રજાપાલકતા એકવચનીપણું ઈત્યાદિ સાંભળીને પોતાની ઇચ્છાથી યા એમના બોલાવવાથી હરેક શહેરના અને હરેક દેશના હરેક પ્રકારના માણસો—મોટા મોટા શેખસૈયદો, પૂજનીય ઉલેમાઓ, અમીરઉમરાવો, ખુશ્કી વેપારીઓ તેમ જ દરીઆઇ વેપારીઓ, આરબો, ઈરાનીઓ, સીરીયાઇ તથા રૂમી લોકો તથા હિંદી અને સિંધી લોકો–ક્રમેક્રમે આ શહેરમાં આવી વસ્યા હતા. ત્યારબાદ નોકરીઆટ લોકો, બાદશાહી જાગીરદારો તથા હિંદુ મુસલમાન એમ હરેક કોમના અનેક લોકો નોકરી મેળવવાની આશાએ મોગલ બાદશાહે મોકલેલા નાઝિમોની પાછળ પાછળ આવ્યા અને અમદાવાદની બળવાન સરકારને લઇને મળતી જીવનવ્યાપારની સહીસલામતી જોઇને તથા લક્ષ્મીના અણસારા જોઇને પોતાનાં પસંદ કરેલાં માણસો સાથે દિલપસંદ મકાનો કરી કરીને વસ્યા. એમાંના ઘણાની ઓલાદ હજી હયાત છે અને કેટલાકની અકસ્માત અને કાળે કરીને સદંતર નાશ પામી છે. તદુપરાંત કસ્બાઓ, પરગણાઓ અને ગામડાંઓમાં મુસલમાનોની અનેક જમાતો વસતી આવેલી છે. દાખલા તરીકે કાસરા, ઊંઝા, જૈન્દરૈન (?) અને બીજી જગાઓમાં વસતા કુરૈશીઓ જેઓ ગુજરાતના સુલ્તાનોના જમાનાથી જાગીરદારી ભોગવતા આવ્યા છે. આ બધા વસવાટ કરનારાઓનું અને એમના વારસોનું સર્વેનું સંપૂર્ણ વર્ણન કરવું મુશ્કેલ છે. આથી કરીને અમદાવાદની સ્થાપના પછી ગુજરાતના સુલ્તાનોના જમાનાથી જે લોકો અસલ

૪૦. બીજે ઠેકાણે દાદાહરીર અને ધાઇ વરીરની વાવ એવું નામ પણ મળે છે. સં. ૧૫૫૬=ઇ. સ. ૧૫૦૦ વાવ પરના અરબી લેખપર સાલ ઇ. સ. ૧૪૮૫ જણાય છે. —જુઓ બોમ્બે ગેઝેટીયર, પૃ૦ ૨૮૨. નવાબઅલી અને સેડન

૪૧. આપણો લેખક ૨૮૦ મહમુદી=૧૬૨ રૂપીઆ જણાવે છે. મહમુદીની કિંમતમાં ફેર પડે છે. હર્બર્ટ લખે છે–" ૧ મહમુદી=૧ શિલિંગ, ૧ રૂપીઓ=બે શિલિંગ અને ત્રણ પેન્સ "–સે.

ગુજરાતી કહેવાય છે અને જેઓ આજુ બાજુના કસ્બાઓમાંથી તથા ગામડાંઓમાંથી શહેરમાં આવી વસ્યા છે અને જેમનું મૂળ વતન એમના પૂર્વજોના નામથી મશહૂર છે, જેવા કે ડેસવાળ અર્થાત્ પાટણ સરકારમાં આવેલા ડીસા નામના સ્થળેથી આવી વસેલા. એવાઓનું જ અહીં યથાશક્તિ વર્ણન કરેલું છે.

છાનું નથી કે શહેરના ઉમદા લોકો બે પ્રકારના છેઃ મુસલમાન અને હિંદુ[૪૨], જે પરાપૂર્વના અસલ ગુજરાતી કહી શકાય.

મુસલમાન લોકોઃ વહોરા

હિંદસિંધના સામ્રાજ્યના તમામ શહેરોમાં અને દેશોમાં, અરબસ્તાનમાં અને ઇરાનમાં જ્યાં ત્યાં આ લોકોનો વેપાર ચાલે છે. મોટે ભાગે આ લોકો અસલમાં ગુજરાતી છે. એમના મુસલમાન બનવાના કારણ વિષે કંઇ કંઇ દંતકથાઓ પ્રચલિત છે પરંતુ વિશ્વાસ રાખી શકાય એવી આ છેઃ—

મુલ્લાં મહમદઅલી કરીને ખંભાત બંદરમાં[૪૩] એક મહાન પુરુષ થઇ ગયો છે. એ પીરેરવાંના નામથી ત્યાં મશહૂર છે. એની દરગાએ હજી પણ આજુબાજુના ઘણા વહેરાઓ જાત્રાએ જાય છે. એ ઘણો વિદ્વાન અને પવિત્ર પુરુષ હતો. ઇસ્લામ ફેલાવવાના આશયથી પ્રથમ જ્યારે એણે ખંભાતના બંદર પર પગ મુકયો ત્યારે ખંભાત બંદર એક મોટું શહેર હતું. અને ગુજરાતના લોકો ઇસ્લામથી અજાણ્યા હતા. એ જમાનામાં ખંભાતમાં એક મહંત રહેતો હતો જેને ઘણા લોકો

૪૨. એન્થોવન્સ ટ્રાઇબ્સ એન્ડ કાસ્ટસ ઓફ બોમ્બે પૃ. ૧૯૭ જુઓ—નવાબઅલી અને સેડન.

૪૩. પીરેપરવિઝ—ઉડતો સંત. બીજો પાઠ પીરેરવાં છે. જુઓ ટ્રાઇબ્સ એન્ડ કાસ્ટસ ઓફ બોમ્બે વો. ૧. પૃ. ૧૯૯. મી. એન્થોવનના કહેવા પ્રમાણે પીરેરવાંનો અર્થ 'અમર સંત' એવો ભાગ્યે જ થાય. રવાં વિશેષણ તરીકે વાપરીએ તો એનો અર્થ 'હાલતો ચાલતો' એવો થાય. એટલે પીરેપરવિઝના જેવો જ લગભગ એનો અર્થ થાય છે.

આપણો લેખક ખંભાતને બરાબર જાણતો હોવો જોઇએ, છતાં અત્યારે 'પીરેરવાં' વા 'પીરેપરવિઝ' નામથી ઓળખાતા કોઇ પીર હોવાનું ત્યાં જણાતું નથી. તેમ જ આદ્યપ્રચારક (missionary) મહમદઅલી હતો એ લખાણને પણ વર્તમાન માન્યતાઓથી કાંઇ અનુમોદન મળતું નથી. યુસફઅલી આદરજીએ લખેલી અને ઇ. સ. ૧૯૦૧ માં મુંબઇના હૈદરી પ્રેસમાં છપાયલી 'બોસ્તાને મારેફત' નામની એક ગુજરાતી ચોપડી છે. તેમાં આ આદ્ય ધર્મબદલાનો લૌકિક ઇતિહાસ આપેલો છે. તે પ્રમાણે રાજા સિદ્ધરાજ દરરોજ એક મુસલમાન મારતો. એક દિવસ અહમદ નામના એક મુલ્લાંજી એના હાથમાં સપડાયા પરંતુ એની વિનવણીથી રાજાએ એનો માત્ર એક હાથ કાપી નાંખીને સંતોષ માન્યો. ત્યારબાદ મુલ્લાં મિસર દેશમાં ગયો અને હીજરી સં. ૪૨૭ થી ૪૮૭ સુધી (ઇ. સ, ૧૦૩૫-૧૦૯૫) એટલે કે કોઈપણ જગાએ કોઇપણ ખલીફ કરતાં લાંબા કાળ સુધી રાજ્ય કરનાર આઠમા ફાતીમીદ ખલીફ અલમુસ્તન્સીર આગળ બનેલી હકીકત કહી સંભળાવી. અલમુસ્તન્સીરે ચમત્કાર

માનતા હતા. મુલ્લાં મહમદઅલીને એને જોઇને એક નિર્દોષ તદબીર સુઝી કે આ મહંત આગળ જઇને એને પોતાનો ગુરુ કરવાની ઇચ્છા જણાવવી અને પછી તેને અક્કલથી તેમ જ નકલથી મુસલમાન બનાવવો અને પોતાની સાથે કલમા પઢવા તૈયાર કરવો. એ મુસલમાન થશે એટલે બીજા લોકો આપોઆપ ઇસ્લામ ધર્મનું શિક્ષણ લેવા ઇંતેજાર થશે. આ ઇરાદાથી એણે કેટલાંક વર્ષ એ મહંતની સેવામાં નિર્ગમન કર્યાં; અને એની ભાષા યાદ કરી, એનાં શાસ્ત્રો પાઠે કર્યાં તથા એની વિદ્યા પોતાની કરી લીધી. પછી આસ્તે આસ્તે એ મહંતના દિલમાં એણે ઇસ્લામનાં સત્યોની રોશની પ્રગટાવી અને આખરે એ મુસલમાન થયો. એ મુસલમાન થયો એટલે એના કેટલાક ચેલા પણ ગુરુને પગલે અનુસરીને મુસલમાન થયા. આખરે એ મહંતનો ઇસ્લામી ઉપદેશ રાજકર્તા કાન સુધી પહોંચ્યો અને વઝીર એની સેવામાં દાખલ થઇને તાબેદારીના તરીકા પ્રમાણે વર્તીને મુસલમાન બન્યો. પરંતુ કેટલીક મુદ્દત સુધી આ મહંતે, વઝીરે અને બાકીના મુસલમાનોએ પોતે ઇસ્લામ અખ્તિયાર કર્યો હોવાની વાત છુપી રાખી એવી બીકથી કે રખેને રાજાને કાન આ વાત જાય અને તે રોષે ભરાય. પરંતુ છેવટે રાજાના કોટવાળને અને ધર્માધિકારીને આ લોકો નિમાઝ પઢે છે અને કયી જગાએ પઢે છે એ સુદ્ધાંની ખબર પડી ગઇ. વઝીરના ઇસ્લામની ખબર રાજાને કાને પહોંચતાં એઓ એક દિવસ ઓચિંતા વઝીરને ઘેર જઇ પહોંચ્યા અને જોયું તો વઝીર નીચો પડીને નિમાઝ પઢતો હતો. આ જોઇને રાજા ખીજાયા. હજુર સવારીનું કારણ વઝીરને સમજાયું અને એમનો ખિજવાટ પોતે નિમાઝ અને ઇબાદતની સ્થિતિમાં બેઠેલો છે એ શંકા જ છે એવું જણાયું કે તરત નરમાશ અને હાજરજવાબીપણાનો ઉપયોગ કરીને એ બોલ્યો:

કરીને એનો હાથ પાછો હતો એવોને એવો કરી આપ્યો અને એને પાછો હિંદમાં મોકલ્યો. અહમદ ખંભાત આવ્યો અને રામજી અને રૂપચંદ નામના બે હિંદુ છોકરાઓને પોતાની સાથે ભળવા સમજાવ્યા. આ છોકરાઓને (હવે અબદુલ્લા અમ નુરૂદીનને) તે મિસર લઇ ગયો અને ત્યાં તેમને ભણાવ્યા ગણાવ્યા. અને પછી એમણે જણ-અહમદ અબદુલ્લા અને નુરૂદીન-પ્રચારક તરીકે હિંદુસ્તાનમાં પાછા આવ્યા. સૌથી પહેલો મુસલમાન એમણે બનાવ્યો તે સિદ્ધરાજનો વઝીર ભરમાલ.' ત્યાર બાદ 'ઓસ્તાને મારફ્ત' મી. એન્થોવને આપેલી દંતકથાઓ વિગતવાર વર્ણવે છે. અહમદ અને અબદુલ્લા બન્ને ખંભાતમાં દટાયલા છે. અનુક્રમે એક 'પીરે અહમદ' વા 'પીરે નરઅલી'ના નામથી ઓળખાય છે ને બીજો પીરે મૌલાઇના નામથી. કમનસીબે અલમુસ્તન્સીર ઇ. સ. ૧૦૯૫ માં મરણ પામ્યો. અને રાજા સિદ્ધરાજે ઇ. સ. ૧૦૯૩ સુધી તો રાજ્ય કરવું શરૂ પણ નહોતું કર્યું. આમ કાળમેળ બેસાડવો જરા મુશ્કેલ છે. પરંતુ ખંભાતના વહોરાઓની ઉત્પત્તિ મિસરથી મોકલેલા કોઈ ઇસ્માઇલી પ્રચારકના ઉપદેશમાંથી થઇ એટલું સ્વીકારી શકાય. કારણ મિસરનો ખલીફ એ સમયનો સૌથી વધારે બળવાન ઇસ્માઇલી બાદશાહ થઇ ગયો. અલમુસ્તન્સીરના સમયની કૈરોની લક્ષ્મી અને જાહોજલાલી પશ્ચિમ તરફના, બાજુથી એશિયામાં ધર્મપ્રચારક તરીકે કામ કરનાર ઇરાની મુસાફર નાસિર ખુસૌએ પોતાના સફરનામામાં વર્ણવી છે. લોડન અને નવાબઅલી

'મહારાજ ક્ષમા કરશો. એક ખુણામાં સાપ નીકળેલો એને ઓળાને પકડવાની તજવીજમાં હું ઉંચોનીચો થતો હતો.' આ ઉપરથી રાજાએ એ ઘરના ખુણામાં નજર કરી અને પરમેશ્વરને તે કરવું ખરેખાત એક સાપજ એમની નજરે પડયો. રાજાની શંકા ટળી ગઇ અને પ્રસન્ન થઇને વઝીરે માગેલી માફી મંજુર કરી. કાળે કરીને વઝીરનો બોધ રાજાને પણ લાગ્યો. અને એનું હૃદય મુસલમાન બન્યું. જો કે જાહેર કામોના હિતની દૃષ્ટિથી એણે પોતાની બદલાયલી મનોદશા ગુપ્ત રાખી. જ્યારે રાજાનું મોત નજદીક આવ્યું ત્યારે એણે વસીયતનામું કર્યું કે મારા શબને હિંદુ સંપ્રદાય પ્રમાણે દાહ દેશો નહિ પરંતુ ઈસ્લામી સંપ્રદાય પ્રમાણે દફન કરજો.

પેલો મુલ્લાં શીયાપંથી હોવાથી હોવાથી આ બધા શીયાપંથી મુસલમાન થયા. પાટણ જે એ વખતે મોટું શહેર હતું ત્યાં આ લોકો મોટી સંખ્યામાં વસતા હતા. જ્યારે સુલતાન મુઝફ્ફર શાહે એ પ્રદેશ જીત્યો ત્યારે દિલ્હીથી એની સાથે આવેલા સુન્ની અનુયાયીઓ અને સુન્ની ઉલેમાઓએ ત્યાંના શીયા વહોરાઓને સુન્ની બનાવ્યા. આ પ્રમાણે પાટણની આડોશપાડોશના કસ્બાઓના વહોરાઓ પણ સુન્ની પંથમાં ભળ્યા. પરંતુ બાકીના દૂર કસ્બાઓ તથા શહેરના વહોરાઓ મૂળ પંથના જ રહ્યા. એક બીજાના ધર્મથી અજ્ઞાત હોવાને લીધે ત્યારબાદ લાંબા કાળ સુધી એ લોકો અરસપરસ કન્યાની લેવડ દેવડ કરતા હતા. છેવટે સૈયદ અહમદ ઝફર શીરાઝી જેમની કબર આસ્ટોડીઆ દરવાજા પાસે કિલ્લાની અંદરના ભાગમાં આવેલી છે તેમના ઉપદેશથી એમની વચ્ચેના સંબંધનો આ તાંતણો તોડી નાખવામાં આવ્યો અને સુન્નીઓ બડી જમાતના નામથી અને શીયાઓ છોટી જમાતના નામથી મશહૂર થયા. શીયા લોકો હમેશાં પોતાની જમાતમાં એક વિદ્વાન ઉલેમા રાખે છે જે મુલ્લાં કહેવાય છે. એ એમના ધર્મ પ્રમાણે શરીઅતની તાલીમ આપે છે અને વહોરાઓ આ મુલ્લાંને યા એના નિમેલા માણસને પોતાની કોમ તરફથી 'ઝકાત'[૪૪] અને 'ખમ્સ'[૪૫] આપે છે. એ પૈસા મદીનાના સૈયદો[૪૬] અને પોતાની કોમનાં ગરીબ ગુરબાંઓમાં તે વ્હેંચે છે. ઘણા શીઆઓ ધર્મ, પવિત્રતા અને માન્યતાની બાબતમાં બાર ઇમામોને[૪૭] અનુસરે છે.

છોટી જમાતના અર્થાત્ શીઆ વહોરાઓના સાત વિભાગ છે. દાઉદીઆ, સુલેમાનીઆ; અલીઆ; જેદીઆ; હજુમીઆ; ઇસ્માઇલીઆ; અને નઝારીયા જે ગરમેથા મુકામે દટાએલા સૈયદ ઇમામુદ્દીનના અનુયાયીઓ છે.

---

૪૪. ઝકાતઃ—કમાણીનો ચાલીસમો ભાગ જેહરસાલ ખુદાના રાહમાં આપવો એ દરેક મુસલમાનની ધાર્મિક ફરજ ગણાય છે.

૪૫. ખમ્સઃ—પાંચમો ભાગ.

૪૬. અંગ્રેજી અનુવાદકોએ ' એમના સૈયદો ' એવા તરજુમો કર્યો છે પરંતુ અમારી પાસેના મૂળમાં મદીનાના સૈયદો એવું સ્પષ્ટ વાક્ય છે.

૪૭. બાર ઇમામો એ શીયા પંથના મૂળ પુરુષો છે. એમાંનો પહેલો પુરુષ અલી છે અને છેલ્લો મહમદ અલમુન્તઝર જે હીજરી સં. ૨૬૭ માં અદૃશ્ય થયો અને વચન પ્રમાણે મહદીરૂપે કોઇ દિવસ પાછો દેખાશે. અને નવાબઅલી

બાદશાહ ઔરંગઝેબના રાજ્ય વિષેના પ્રકરણ[૪૮]માં દર્શાવ્યા મુજબ શીઆ લોકોને કનડવામાં આવતા. આથી કરીને એ લોકો પોતાની માન્યતાઓ છુપાવે છે અને પોતાના ધાર્મિક ગ્રંથો સંતાડી રાખે છે. એમ છતાં પણ આટલું જણાય છે કે આ લોકો હિંદુ ગણતરી પ્રમાણે પોતાના મહીનાઓ ગણે છે. દાખલા તરીકે એમના રમઝાનનો પહેલો દિવસ હિંદુ પડવા પર આવે છે—નવો ચાંદ દેખાય તેના એક બે દિવસ પહેલાં. આથી કરીને મુસલમાનોના સાધારણ રમઝાનની ૨૮ કે ૨૯ મી તારીખે એમનો રમઝાન પુરો થાય છે અને તેઓ ઇદનો તહેવાર પણ પોતાનો જુદો પાળે છે. ઔરંગઝેબના રાજ્યમાં આ લોકોને જબરદસ્તીથી શઅબાનના છેલ્લા દિવસે રોઝો તોડવો પડતો અને રમઝાનના છેલ્લા દિવસે રોઝો કરવો પડતો. એમના પર જબરદસ્તીથી સુન્ની દરોગાઓ, સુન્ની ઉલેમાઓ અને સુન્ની ઇમામો લાદવામાં આવતા.

વહોરા નામની ઉત્પત્તિ

હિંદુઓમાં બાપદાદાના સમયથી વહોરાની અડક ધરાવનારા ઘણા બ્રાહ્મણ વાણીઆ અત્યારે પણ જેવામાં આવે છે; એટલે આ લોકોમાંથી જે લોકો મુસલમાન થયા હશે, એઓ પોતાના આદ્ય ગુરુ મહમદઅલીના જમાનાથી પોતાની મૂળ અડક ચાલુ રાખી રહ્યા હશે. અથવા તો તેમના પહેલા ગુરુની અડક વહોરા હશે એ ઉપરથી એના ચેલાઓ બધા વહોરા કહેવાયા. આ શબ્દની બીજી અનેક વ્યુત્પત્તિઓ છે પરંતુ તે આપણે ધ્યાનમાં લેવા જેવી નથી.

હિંદુઓમાં અનેક ન્યાતો અને પંથો છે, જેમકે; બ્રાહ્મણ; શેવડા; ખત્રી; રાજપુત વાણીઆ; કાયસ્થ; કણબી અર્થાત્ ખેડુત; કોળી; સોની; લુહાર; ધોબી; ઘાંચી; સુતાર; વણકર; દરજી; રંગરેજ; ચામડીઆ; અને ઢેઢ. આ બધાં ગુજરાતના જ વતની છે. પરંતુ એમાંના કેટલાકની મૂળ ઉત્પત્તિ પરદેશી છે. દરેક ન્યાત કાળના વહેવા સાથે કોઇ ખરાબ

---

૪૮. સૈયદ રાજુ નામના માણસને પોતાની આવી ધાર્મિક માન્યતા માટે ઔરંગઝેબના હુકમથી મારી નાખવામાં આવેલો. તેના સંબંધમાં મિરાતે અહમદીમાં આ પ્રમાણે લખેલું છે. 'તે લોકોની એવી આસ્થા હતી કે ઇમામ મુહદી આવીને ગયા. એવું માનનારને મેહદવી કરે છે. આ વખતે પાટણમાં આવેલા પાલનપુરમાં ઘણા ખરા લોકો અથવા સઘળાઓ એ જ પંથને માને છે......આ આસ્થાની ખબર શાહજાદાને થઈ એટલે તેમને શહેરબહાર કરવાનો હુકમ કર્યો. (ચાલી નીકળવાના) ઇરાદાથી તેઓ ફરતમબાગમાં ભરાયા. તે વખતના મુસલમાન પંડિતોઅર્થાત્ મોલવીઓએ એવો ફતવો બહાર પાડયો કે "આ લોકો ખરા માર્ગ ભૂલેલા છે. અને ધર્મના અજ્ઞાને કરીને એ લોકોને અધર્મી બનાવી દેશે. માટે તેમને પશ્ચાત્તાપ કરાવી ખરા રસ્તા પર લાવવાની જરૂર છે." તેઓએ પશ્ચાત્તાપ કરવાની ના પાડી તેથી એમને શિક્ષા કરવા માટે એક લશ્કરી ટુકડી મોકલવામાં આવી પછી બન્ને પક્ષ વચ્ચે ઝપાઝપી થઇ અને સૈયદ રાજુ તથા તેના માણસો લડતાં લડતાં એક પછી એક કપાઇ મુઆ.'—જુઓ મિરાતે અહમદી ભાગ ૧, પૃ. ૨૩૨ મૂળ. આ ભાગનું ગુજરાતી ભાષાંતર જિનાબ નિઝામુદ્દીન ફારૂકી ચિશ્તિના હાથનું પ્રસિદ્ધ થઇ ચુકેલું છે.

રિવાજે કરીને યા માબાપ સંબંધી કંઈ કલંક કરીને પેટાવિભાગોમાં વહેંચાઇ ગઇ છે. બ્રાહ્મણો હિંદુઓમાં સૌથી ઉમદા ગણાય છે. એ લોકો ઋગ્વેદી, યજુર્વેદી, સામવેદી અને અથર્વવેદી એમ ચાર વેદ પ્રમાણે ચાર પ્રકારના હતા; પરંતુ પાછળથી એઓ ભિન્ન ભિન્ન ભાષ્યકારો પ્રમાણે અનેક પેટાન્યાતોમાં વહેંચાઇ ગયા છે. બીજા લોકોમાં પોતાની ઉત્પત્તિ પ્રમાણે ભિન્ન ભિન્ન સામાજિક દરજ્જાઓ છે. જેમકે વીસા એટલે માતૃપિતૃ બન્ને પક્ષે શુદ્ધ કુળવાળા. દશા અર્થાત્ માતૃ પક્ષે નીચા કુળના: અને પાંચા એટલે કે દશા કરતાં અર્ધા શુદ્ધ કુળના અને અઢીઆ અર્થાત્ દશા કરતાં એક ચતુર્થાંશ શુદ્ધ કુળના. આ નીચામાં નીચા છે. જે પુરુષ સ્ત્રી અઘટિત કામ કરે છે એને ન્યાતબહાર મુકવામાં આવે છે. જો તે પાછળથી પશ્ચાત્તાપ કરે અને દંડ આપે તો એને પુનઃ ન્યાતમાં દાખલ કરવામાં આવે છે. આવી જાતની શિક્ષા ખત્રી, કાયસ્થ અને વાણીઆઓમાં વધારે કરવામાં આવે છે.

હિંદુઓની તમામ ન્યાતોનું વર્ણન કરવું અતિ લાંબુ થઇ પડતું હોવાથી અત્રે બ્રાહ્મણ, શેવડા, મેશ્રી વાણીઆ અને શ્રાવક વાણીઆ જે મોટા શહેરોમાં માલુમ પડે છે તેમનું જ ટુંક બ્યાન આપ્યું છે.

બ્રાહ્મણો

શેખ અબુલફઝલે પોતાની આઇને અકબરી નામની કિતાબમાં. આ કોમની હકીકતમાં એવું લખ્યું છે કે કાળના વહેવા સાથે બ્રાહ્મણ નામ ધરાવતા એવા 'બરાહમન' લોકો સૃષ્ટિકર્તા બ્રહ્માના મુખમાંથી ઉત્પન્ન થયા. મૂળ ચાર વેદ પ્રમાણે એમના ચાર વર્ગો હતા અને દરેક વર્ગ એક ખાસ વેદનું પઠન કરતો. કાળે કરીને આ ખાસ વર્ગોમાંના દરેકમાં કર્માનુસાર અનેક શાખા ઉપશાખાઓ ઉત્પન્ન થઇ. આ બધાની ગણતરી કરી જાય એમ નથી; પરંતુ કશ્યપ, અત્રી, ભારદ્વાજ, વિશ્વામિત્ર, ગૌતમ અંગિરસ, અને પુલસ્ત્ય નામના સાત મુખ્ય ઋષિઓના અનુયાયીઓ અને ગોત્રજો એમાં મુખ્ય છે. અમુક અમુક મોટા દાર્શનિકો પાછળ બીજી અનેક ઉપશાખાઓ બનેલી છે. આવા પૂર્વજોના તમામ વારસો એક કુળના અથવા ગોત્રના કહેવાય છે અને આ લોકોના રિવાજ પ્રમાણે એક ગોત્રના છોકરા છોકરી વચ્ચે વિવાહસંબંધ બાંધવો હરામ લેખાય છે; પછી તેમની વચ્ચે ભલેને ઘણી યે પેઢીઓ થઇ ગઇ હોય. છોકરો છોકરી બન્ને જુદા જુદા ગોત્રના હોય તો જ તેમનો લગ્નસંબંધ કરવો હલાલ ગણાય. જો કોઇ બ્રાહ્મણ પોતાનો ધર્મ તજી પરધર્મ ગ્રહણ કરે તો તે ન્યાતબહાર મુકાય છે અને પછી તે પશ્ચાત્તાપ કરીને પોતાના અસલ ધર્મમાં આવવા ઇચ્છતો હોય તોપણ, તેને ફરી ન્યાતમાં દાખલ કરતા નથી. વળી કોઈ બીજી કોમોનો માણસ એમનો ધર્મ સંપૂર્ણ રીતે પાળવા કબુલ થાય તોપણ તેને એ લોકો પોતામાં દાખલ કરતા નથી. એમના પુરાણા વૈદિક કર્મકાંડથી વિરૂદ્ધ વર્તનારનો પણ એ લોકો ત્યાગ કરે છે.

આ લોકોની જીંદગીના ચાર સમયો યાની આશ્રમો છેઃ—

૧ બ્રહ્મચર્યાશ્રમ યાની અપરિણિત રહીને જ્ઞાનપ્રાપ્તિ કરવાનો સમય.

૨. ગૃહસ્થાશ્રમ યાની ઘર માંડીને સંસાર વહેવારમાં સામેલ થવાનો કાળ.

૩. વાનપ્રસ્થાશ્રમ યાની પુત્ર ઉત્પન્ન થાય અને ધોળાં આવે એટલે એને સંસાર વહેવાર સોંપી પોતાની સ્ત્રી સાથે વનમાં વાસ કરવાનો અને કેવળ વનફળ ઉપર ગુજારો કરીને ઇશ્વરચિંતનમાં સમય નિર્ગમન કરવાનો કાળ.

સંન્યાસ્થાશ્રમ યાની તમામ પ્રવૃતિઓનો ત્યાગ કરીને ઇશ્વિરોપસનાનાનું કડક તપ કરવાનો સમય.

• આ દેશમાં વતનપસંદગી પ્રમાણે ન્યાતોનાં નામ પડયાં છે જેમકે જે નાગરો વડનગરના રહેવાસી છે તે વડનગરા કહેવાય છે. એ જ પ્રમાણે વીસનગરા અને સાઠોદરા નાગર એવી ન્યાતો છે જે મૂળ એક હતા. આ પદ્ધતિ પ્રમાણે બ્રાહ્મણોની સો[૪૯] કરતાં વધારે ન્યાતો થઈ ગઈ છે જેની ગણતરી કરવી મુશ્કેલ છે. છતાં નીચેની ચોરાશી ન્યાતો સુવિખ્યાત છે. બ્રાહ્મણો એ જ સંખ્યાથી પ્રખ્યાત છે.

ચોરાશી બ્રાહ્મણોનાં નામ

૧. નાગર, તેઓ ૭ પેટાન્યાતોમાં વહેંચાયલા છે. પેટાન્યાતો વચ્ચે કન્યાવહેવાર નથી. अ. વડનગરાઃ–વડનગરના મૂળ રહેવાસી. ब. વીસનગરાઃ–વીસનગરમાં વતન કરી રહ્યા તે ઉપરથી. क. સાઠોદરાઃ–ડભોઈ પરગણામાં આવેલા સાઠોદમાં વસવાટ કરવાથી જુદા પડી ગયા. ड. કૃષ્નોરા. इ. પ્રશ્નોરા. फ. ચિત્રોદા.

૨. ઔદિચ્ય ત્રણ પેટાન્યાતોમાં વહેંચાયલા છે. अ. સહસ્ત્ર. ब. માલ્વી. क. ટોળકીઆ.

૩. મોઢ[૫૦] અમની ૭ પેટાન્યાતો છે. अ. ત્રિવેદી. ब. ચતુર્વેદી. क. અગ્યારશા. ड. ધીણોજીઆ. इ. જેઠી क. તાર્જુજા.

૪. શ્રીમાળી. ૫. શ્રીગોડ, જેની ચાર પેટાન્યાતો છેઃ अ. માલ્વી ब. મીરતવાલ क. હરયાના. ड. પરાવલીઆ. ૬. ખન્ડોલીઆ. ૭. ઓરસદીઆ. ૮. જામ્બુ.

૯. કપોલીઆ	૧૦. રાયકલીઆ	૧૧. કોડલી
૧૨. ખેડવા	૧૩. સોમપુરા	૧૪. વસોરા

૪૯. જુઓ કાસ્ટસ એન્ડ ટ્રાઇબ્સ ઓફ બોમ્બે પૃ. ૨૧૨. મી. એન્થોવનનો ગ્રંથ સંપૂર્ણ માહિતીની ખાણ છે. અહીં આપેલાં ઘણાં નામ એમના ગ્રંથમાં જણાતાં નથી. પરંતુ મિરાતના લખાયાને દોઢ સૈકા ઉપરાંત કાળ થઈ ગયો અને એ દરમયાન ફેરફારો થાય જ. તદુપરાંત જોકે અલી મહમ્મદખાન પોતે ચકોર પૃચ્છક હતો અને એની પાસે એક હિન્દુ મદદનીસ પણ હતો છતાં કદાચ પોતાનાથી જુદી અને એથી કરીને ઉતરતી ન્યાતો પ્રત્યેની સામાન્ય હિંદી લાપરવાઇનો એ કેટલેક દરજ્જે ભોગ થઇ પડયો હતો. એથી કરીને હિંદુઓની ન્યાતો અને રીતરીવાજો સંબંધીની એની વિગતોમાં પ્રસંગોપાત શંકાને સ્થાન રહે. **સેડન અને નવાબઅલી**

૫૦. વાત્રક નદી પર આવેલા મોઢેરા નામના ગામ પરથી મોઢ નામ પડેલું છે. તાર્જુજા અને જેઠી એ અનુક્રમે તાંદળજા અને જેઠીમલનાં રૂપો છે. જુઓ બોમ્બે ગેઝેટીઅર વો. ૯, ભાગ ૧. પૃ. ૧૨

૧૫. વદરીય	૧૬. વલાધરા	૧૭. ગેરનીઆ
૧૮. ખડાનીઆ	૧૯. ચાભાર્ગવ	૨૦. નારદિક
૨૧. વાલમ્બીઆ	૨૨. ઉદનીર	૨૩. પુષ્કરણા
૨૪. મેવાડા જેમના ત્રણ ભાગ છેઃ–		
अ. ભટમેવાડા	ब. ચોરાશી અને	क. તરવાડી
૨૫. નાગોર	૨૬. ઝાર્વલા	૨૭. ચોદલીઆ
૨૮. અમીરીઆ	૨૯. કપીલ	૩૦. દરાવડ
૩૧. કરનારા	૩૨. સારસ્વત	૩૦. ડસફુ
૩૪. દાયડા	૩૫. પલીવાલ	૩૬. ગોમતીવાળ
૩૭. ઉનેવાલ	૩૮. ખેતવાલ	૩૯. મીરટીઆ
૪૦. પરીઆનવાલ	૪૧. રોદાવાલ	૪૨. રાયકવાલ
૪૩. ડીસાવાલ	૪૪. તિલક	૪૫. મથુરીઆ
૪૬. દંતાવાલ	૪૭. તિલોટીઆ	૪૮. નરસીપુરા
૪૯. સાચોરા	૫૦. શલોદીઆ	૫૧. કોગોમિત્ર
૫૨. અષ્ટમંગળ	૫૩. ભાટેલા	૫૪. નન્દોનીઆ
૫૫. સાદિકપુરા	૫૬. તરપાટ	૫૭. દરકમના
૫૮. કતરબરા	૫૯. કનોજીઆ	૬૦. ગોપાલ
૬૧. ધીમા	૬૨. પારાસુરા	૬૩. કોદરધના
૬૪. વસદા	૬૫. એકાસના	૬૬. મોકલવદા
૬૭. પટોધના	૬૮. તશોર	૬૯. પરાધીઆ
૭૦. નામદક	૭૧. ભદાના	૭૨. દનપુરા
૭૩. હરસકીઆ	૭૪. હરબના	૭૫. મોતાલા
૭૬. સાકાવેડ	૭૭. લાડ	૭૮. સિકમોરીઆ
૭૯. ધની	૮૦. અહિંસાપુરા	૮૧. ગયાવાલ
૮૨. પરીખીસ્તલા	૮૩. કોલવાલ	૮૪. રદીવાલ[૫૧]

---

૫૧ અંગ્રેજી ભાષાંતરમાં નીચેનું વધારે છે. જે ઉપરથી એમ જણાય છે એમની પાસેની પ્રત જ જુદી છે.

આ ચોરાશી (નામો) સામાન્ય રીતે પંકાયલાં છે, પરંતુ વિશ્વસનીય માહિતી પરથી હું કેટલાંક ઉમેરૂં છું. એ આ છેઃ—

૧. બંડજર. ૨. ઉમેદા. ૩. ગુડ. ૪. ગુન્ડ. ૫. સામપુરા. ૬. વરત્રર્ષા. ૭. નપુલ. ૮. જગ્નિવાલેક. ૯. દાલોડીઆ. ૧૦. મહેસન્તુક. ૧૧. વેરૂમલ. ૧૨. માલુ. ૧૩. હનમેન. ૧૪. પોટીવાલ. ૧૫. પનવાલ. ૧૬. પેરૂમંડપા. ૧૭. મથમોન. ૧૮. તરવાડી. ૧૯. ચૌરાશી. ૨૦. ભટસંકરનેક.

શેવડા ઉર્ફે જતિ. આ લોકો ખીન સંસારી, ફકીરો જેવા છે. તેઓ વૈદક અને જ્યોતિષ જાણે છે અને ધાર્મિક જીવન ગુજારે છે. એઓ પારસનાથને પૂજે છે અને તપસ્વી જીવન ગાળે છે. પરંતુ ઢુંઢીઆ નામનો એમનો એક વિભાગ મૂર્તિપૂજામાં માનતો નથી. એમના ખાસ સમય નામે 'પર્યુસણ'માં કેટલાક જણ સામટા ચાળીસ અને કેટલાક એથી ઓછા દિવસ ઉપવાસ કરે છે. ઉપવાસમાં તેઓ ખાવું પીવું તદ્દન બંધ કરે છે. ચોમાસામાં એમના આચાર્યોએ મુકરર કરેલા અમુક અમુક સ્થળોએ દરેક જતિ ચાર માસ મુકામ કરે છે. બાકીના દિવસોમાં તેઓ પરિક્રમણ કરતા રહે છે.

જીવરક્ષા એ એમના ધર્મનું મુખ્ય તત્ત્વ છે. અને એથી કરીને કીડી સરખા નાના પ્રાણીને પણ ઇજા ન પહોંચે એટલા માટે એ લોકો ઉઘાડા પગે ચાલે છે. ઘણા હોઠ અને મોંઢા આગળ કપડાનો કકડો બાંધે છે જેથી અદૃશ્ય એવા વાયુકાય સૂક્ષ્મ જંતુઓ શ્વાસોશ્વાસથી મરણ ન પામે. કુવા તળાવ ખોદાવવા અગર બાગબગીચા બંધાવવામાં એ લોકો પાપ માને છે; કારણ એથી જીવોની હિંસા થાય છે. રાત્રે તેઓ દીવો કરતા નથી; પોતાને માટે રાંધવા કરવા માટે અગ્નિ પ્રગટાવતા નથી તેમ જ પોતાને પીવા જોઇએ એ પાણી પણ કુવામાંથી કાઢતા નથી. એમના શિષ્યો–શ્રાવક વાણીઆઓ જે ખોરાક પાણી આપે એ ઉપર એમનું ગુજરાન ચાલે છે. પોતાને માટે લાઝિમ માન્યાં હોય એટલાં બે ત્રણ ઘરને બારણે એઓ ગોચરી માટે ઉભા રહે છે. પરંતુ બારણાં બંધ હોય તો તે ઠોકતા નથી અને ખોરાક વગર રાત દહાડો કાઢે છે. શ્રાવકોએ પોતાના ઘરના ખપપુરતું રાંધ્યું હોય તેમાંથી જ એ લોકો ભિક્ષા સ્વીકારે છે. કારણ એમ ન કરે તો શ્રાવકોમાં ગરીબ ગરબાં માટે રાંધી મુકવાનો ચાલ પડે. પોતાની જરૂરીઆત કરતાં વધારે પણ એઓ કદિ લેતા નથી કારણ એટલી બેજરૂરી હિંસા એમ ઓછી થાય છે. તે જ પ્રમાણે લગ્ન મરણ પ્રસંગે કે મીજબાનીની વખતે પણ એઓ ગોચરી માટે જતા નથી. એઓ રાત્રે ભોજન કરતા નથી. તથા રીંગણ, કાકડી અને બીજી અમુક અમુક લીલોતરીઓ ખાતા નથી. કારણ એમાં જીવ છે એમ એ લોકો માને છે. તેઓ જરૂરી લંગોટીનો એક ટુકડો વીંટે છે અને માથેથી પગ સુધી ઓરતોના જેવી ચાદર ઓઢે છે. હાથમાં એક રેશમના જેવો ઘણો સુંવાળો સાવરણો રાખે છે. અને એના વતી વાળી ઝુડીને જ એ લોકો કોઇ પણ જગાએ બેસે છે, જેથી જંતુઓની હિંસા ન થાય. જગતના સૃષ્ટા એવા કોઇ ઇશ્વરને એ લોકો માનતા નથી. કારણ એમના આદિ પુરુષોનું વચન છે કે માણસ અને બીજાં જીવતાં પ્રાણીઓ અનાદિ કાળથી ઘાસની જેમ સ્વાભાવિક રીતે ઉત્પન્ન થાય છે. એમના મત પ્રમાણે માણસ ચાર તત્ત્વોનો બનેલો છે. બીજી દુનિયામાં સજા ભોગવવાની છે એ મત પણ એમને મંજુર નથી. કારણ મૃત્યુ સમયે ચારે તત્ત્વો છુટાં પડી જાય છે અને પોતપોતાના મૂળ તત્ત્વમાં મળી જાય છે પછી શિક્ષા કોને થવાની છે ? આ જ કારણે મુએલાંને એક પ્રકારનો બળિ આપવાનો જે વિધિ મેશ્રીઓના ધર્મમાં છે એને આ લોકો યોગ્ય માનતા નથી. દીપ્તિ વગરના દિવાને તેલ પુરવાથી શો લાભ ? એઓ માથા અને મોંઢા પરના વાળ મુંડાવતા નથી, ન્હાતા નથી તેમ જ દાતણ પણ કરતા નથી. બ્રાહ્મણ અને મેશ્રી જેઓ રોજ બે વાર ન્હાય છે એમનાથી આ લોકો ઉલટું વર્તન કરે છે. એઓ ગમે તે જાતનું બાળક સ્વીકારે છે અને પોતાની વિદ્યા ભણાવીને એમાંના ઉત્તમને

પોતાની ગાદીનો વારસ ગણે છે. મેશ્રીઓ જેઓ બ્રાહ્મણના અનુયાયી છે તે આ લોકોને એટલી હદ સુધી ધિક્કારે છે કે એક તરફ એ ખુની બદમાશને છૂટો મુકેલો જુએ અને બીજી તરફ ગરીબ શેવડો રહેતો હોય તો શેવડાને મળવા કરતાં પેલો બદમાશ પોતાને કચડી નાંખે એ એમને વધારે પસંદ પડે. એમ કહેવાય છે કે બ્રાહ્મણી ગ્રંથોમાં વર્ણવેલા સાત ઋષીશ્વરોમાંના ગૌતમ નામના ઋષિએ આ પંથ સ્થાપ્યો છે. આ મૂળ પુરુષની આજ્ઞાઓની વિગત આપતાં લંબાણ થવા સંભવ છે. બ્રાહ્મણોથી ઉલટું ગમે તે ન્યાતનો કે જાતનો માણસ શેવડો થઇ શકે છે. શેવડાઓના ૮૪ વિભાગ છે. હરેક વિભાગને ગચ્છ કહે છે.

શેવડાના ચોરાશી ગચ્છનાં નામ

બ્રાહ્મણવાણીઆની પેઠે આ લોકોના વિભાગોનાં નામ પણ સામાન્ય રીતે વસવાટ ઉપરથી જ પડેલાં છે.

૧. ઓસ્વાલ ગચ્છ	૨. જરાવલ	૩. કંકીરા
૪. ગીરન્ટીઆ	૫. ભરૂચા	૬. આન્પૃજા
૭. અડુોવીઆ	૮. કોદલીઆ	૯. વીકોદીઆ
૧૦. રહેનમાલીઆ	૧૧. મોડાસીઆ	૧૨. વાસહીઆ
૧૩. કચ્છપાલીઆ	૧૪. ઘોઘાવાલ	૧૫. બડોડીઆ
૧૬. બ્રહ્મના	૧૭. જાલોરા	૧૮. ખોકડીઆ
૧૯. મોડાહરીઆ	૨૦. ચિતોડા	૨૧. સાચોરા
૨૨. કૂજડીઆ	૨૩. સીદાહાનીઆ	૨૪. સાકસનીઆ
૨૫. આંચળીઆ	૨૬. બાલ્ધાસા	૨૭. ભાદરાજીઆ
૨૮.	૨૯. લૂરનાસાઆ	૩૦. નાકીદક
૩૧. ધરમકોખા	૩૨. નાગોરા	૩૩. પપ્તવાલ
૩૪. તાનાવાલ	૩૫. ખંડરવાલ	૩૬. મંડોરા
૩૭. નાગરાલ	૩૮. સોરાના	૩૯. ખંભાતા
૪૦. બડોડીઆ	૪૧. સુરૈયા	૪૨. મંડાલીઆ
૪૩. કોકીપગ	૪૪. જાંગરા	૪૫. બાપરવાલ
૪૬. ઓરસદ	૪૭. દોહન્દીઆ	૪૮. ચરાદ
૪૯. દિગડા	૫૦. વેડ	૫૧. વસાહરા
૫૨. કુતુંપપુરા	૫૩. કછોલીઆ	૫૪. સરપલીઆ
૫૫. દકરા	૫૬. કનીઆ	૫૭. બુરન્તલક
૫૮. રણુયા	૫૯. દસરસેખા	૬૦. નાગનસ
૬૧. પંજદલીઆ	૬૨. પાલનપુરા	૬૩. કંધારા
૬૪. કોદિલીઆ	૬૫. સાદાપુનમીઆ	૬૬.
૬૭. નગરકોટીઆ	૬૮.	૬૯. હંસારકોટીઆ

૭૦. ભટનેરા	૭૧. સોરટી(ઠી)આ	૭૨. ભીમસેના
૭૩. નાનકડીઆ	૭૪. ખનોજીઆ	૭૫. વાખીર
૭૬. ડધા	૭૭. સીદાપુરા	૭૮. સેવન્તરીઆ
૭૯. ખોખાધારા	૮૦. તકમીઆ	૮૧. અકમીઆ
૮૨. દડ	૮૩. ચૈત્રવાલ	૮૪. સંજતીઆ
૮૫. બારેજા	૮૬. નંદિલ	

• **મેશ્રી અને શ્રાવક વાણીઆની ચોરાશી ન્યાતોનાં નામ**

અસલમાં આ લોકો વણિક યા બનીઆ, જેને અરબીમાં 'બકાલ' કહે છે તે નામથી ઓળખાય છે. આ દેશમાં એઓ ચોરાશી જથામાં વ્હેંચાયલા છે.

૧. સિર[શ્રી]માલી	૨. ઓસવાલ	૩. વાખીઆવાલ
૪. ધિંડા	૫. પકરવાલ	૬. મસ્યારતવાલ
૭. હરસોરા	૮. સૂરાનના	૯. પલીવાલ
૧૦. ભાલુ	૧૧. ખંડેવાલ	૧૨. દોહિલવાલ
૧૩. ખંડેરદવાલ	૧૩. પુરવાલ	૧૫. દિસાવાલ
૧૬. ગુજર	૧૭. મુડવાલ	૧૮. અગરવાલ
૧૯. જાફલવાલ	૨૦. માતાવાલ	૨૧. કઠોલીવાલ
૨૨. કુઝશાવાલ	૨૩. ચૈત્રાવાલ	૨૪. સોની
૨૫. સુરતીવાલ	૨૬. જાલોરા	૨૭. મોઢ
૨૮. નાગર	૨૯. રા[લા]ડ	૩૦. કપોલ
૩૧. ખડાતીઆ [યતા]	૩૨. વાયડા	૩૩. વસોરા
૩૪. બાજવાલ	૩૫. નાકદરા	૩૬. કરહડા
૩૭. ભલુડા	૩૮. મેવાડા	૩૯. તરસંકાહરા
૪૦. કાથેવાલ	૪૧. પંજમ્વાલ	૪૨. હાતરવાલ
૪૩. સરખદેશ	૪૪. વપસ	૪૫. સમ્ઝી
૪૬. ખડવાલ	૪૭. જન્ડાવાલ	૪૮. બોકીઉવડા
૪૯. ઓઝતવાત	૫૦. બાનીઆવાડા	૫૧. શીગોદ [શ્રીગોડ]
૫૨. ઠાકૂર	૫૩. વાલમીલ	૫૪. તીસૂડા
૫૫. તીલોટા	૫૬. અરતવર્કી [અષ્ટવર્ગી]	૫૭. લારીસકા
૫૮. દરથોરા	૫૯. કજોરા	૬૦. ખીચુ
૬૧. હુંબડ	૬૨. નસીમા	૬૩. પદમાવનીઆ
૬૪. ગીરીઆ	૬૫. હીહરીઆ	૬૬. ધાકવાલ
૬૭. મંગોરા	૬૮. ગોયલવાર	૬૯. મહોરવાડ
૭૦. ચિત્રોડા	૭૧. કાકલીઆ	૭૨. ભારેજા
૭૩. અનન્દવારા	૭૪. નાગોરા	૭૫. સાચોરા
૭૬. જુન્કદવાલ	૭૭. મદાહડા	૭૮. ભરામનીઆ
૭૯. વાગડીઆ	૮૦. મન્દોરીઆ	૮૧. બોરીઆલ
૮૨. સૂરતીઆ ચોરવાડ	૮૩. બઘનોરા	૮૪. નીભાવા

× × ×

શહેર અને એની આડોશપાડોશમાં આવેલાં દેવમંદિરો

શહેરમાં અને શહેર બહાર નાનાં મોટાં ઘણાં દહેરાં છે. પરંતુ જે મશહૂર અને પંકાતાં છે એ જ અહીં વર્ણવ્યાં છે.

રણછોડ

માણેકચોકની દક્ષિણે માંડવીમાં રણછોડજીની એક પથ્થરની મૂર્તિ છે. મુખ્યત્વે કરીને વાણીઆ અને કારીગર વર્ગના લોકો એને વધારે પૂજે છે. એના ભક્તોએ દહેરાની ફરી મરામત કરાવી ત્યારે બ્રાહ્મણોએ ત્રીકમજી નામની નવી મૂર્તિ એની પાસે બેસાડી છે.

રણછોડ બીજા

સારંગપુર દરવાજા પાસે દોલતખાના શેરીમાં રણછોડજીનું બીજું દહેરું છે. પ્રાચીન સમયમાં એ જ દરવાજા પાસે શહેર બહાર રાનશેરીમાં આ દેવ હતા. જ્યારે એની આજુબાજુનાં પરાં ભાગી ગયાં ત્યારે એ મૂર્તિને શહેરમાં લાવવામાં આવી. સદાશિવ રામચંદ્રના ભાઇ૫૨ન તોજીએ પોતાની સુબાગીરી દરમિયાન આ મૂર્તિનું ઘણું સુંદર મંદિર બંધાવીને પ્રતિષ્ઠા કરી. અને એના ચાલુ ખર્ચ માટે શહેરમાંના એના ભક્તો તરફથી ધર્માદા રકમની આવક બાંધી આપી.

રઘુનાથ

આ મૂર્તિ હાજાપટેલની પોળમાં આવેલી છે. એના પ્રશંસકો કહે છે કે એના એવી સુંદર કારીગરીની મૂર્તિ બીજે ક્યાં ય જોવામાં નથી આવતી. એની જમણી અને ડાબી બાજુ પર લક્ષ્મણ અને સીતાની મૂર્તિઓ મુકેલી છે. ચૈત્ર મહીનામાં રામનવમીને દિવસે સ્ત્રીપુરુષોનાં ટોળેટોળાં એના દર્શને જાય છે.

ચતુર્ભુજ

ચંગપોળમાં મૂર્તિ શ્યામરંગી છે. એને ચાર હાથ છે જે ઉપરથી એનું નામ ચતુર્ભુજ[૫૩] પડયું છે.

મદનમોહના

રાજામહેતાની પોળમાં મૂર્તિ પિત્તળની છે. એના ભક્તોનો એક નાનકડો વર્ગ છે.

ગોકુલચંદ્રમાન

રાજામહેતાની પોળમાં રઘુનાથ ગોસાંઇ નામના એક માણસના ઘરમાં પ્રાચીન કાળથી આ મૂર્તિ રાખવામાં આવેલી. એના પુત્ર બ્રિજનાથના મરણ પછી એને દોશીવાડામાં બ્રિજભૂખણ નામના એક જણના ઘરમાં લઈ જવામાં આવી હતી. વાણીઆ દિવસમાં પાંચ વાર એના દર્શને જાય છે.

રામનાથ

આ મૂર્તિ માંડવી પોળમાં, દેવશેરીમાં, ભોંયરામાં છે. ત્યાં રાત દિવસ અખંડ દીવો બળે છે. એમ કહેવાય છે કે એ મકાન શહેરની સ્થાપનાના સમયથી છે અને મુસલમાનોનું રાજ્ય થયું ત્યારથી એને માટે ભોંયરાનું અત્યારનું ગુપ્ત સ્થાન નવું બનાવવામાં આવેલું.

---

૫૨. સન્તોજી.

૫૩. અંગ્રેજી ભાષાંતરકારે માથાં પણ ચાર કહ્યાં છે. પરંતુ એ અસંભવિત છે. વળી અમારી પાસેના મૂળમાં પણ એવા ભાષાંતર માટે લેશ માત્ર આધાર નથી.

ભૈરવ

મહાદેવનું આ દહેરૂં સાંકડીશેરીમાં આવેલું છે. સામાન્ય રીતે મહાદેવના દહેરામાં મૂર્તિ નથી હોતી પણ પથ્થરનું લિંગ હોય છે. એથી ઉલટું આ દહેરામાં મહાદેવની પિત્તળની ચતુર્ભુજ મૂર્તિ છે.

અંબા અને બેચરા

ચંગપોળમાંની આરસની સ્ત્રીમૂર્તિનું નામ. દહેરૂં રાજમાર્ગ પર આવેલું હોવાથી ત્યાં દર્શન કરનારાઓનું ટોળું ને ટોળું એકત્ર થાય છે. ખાસ કરીને રવિવારે ભક્તો દેવીને કિંમતી લુગડાં અને ઘરેણાં પહેરાવે છે. બીજી મૂર્તિ રામપુરમાં (રાયપુરમાં) આકાશેઠના મહેલ્લામાં આવેલી છે. જમીનમાં ભોંયરૂં બનાવવામાં આવ્યું છે તેમાં મૂર્તિ ખાસ આભૂષણોથી શણગારાયલી રહે છે અને ત્યાં રાત દિવસ અખંડ દીવા બળે છે.

બેચરાજી[૫૪]

સારંગપુર દરવાજા પાસે તલ્જા[૫૫] પોળમાં એક બ્રાહ્મણીના ઘરમાં એક તાકામાં બેસાડેલી છે. એ સ્ત્રી એની સેવાપૂજા કરે છે. કેટલાક કાળ સુધી એ બાઈ તમામ ખોરાકનો પરિહાર કરીને કેવળ દૂધ પીને રહેતી હતી. આસો મહીનામાં નવરાતરના દહાડા જેમાં નવ દિવસના ઉપવાસ કરવામાં આવે છે અને દશમે દિવસે અગ્નિ પ્રદિપ્ત કરી 'હવન' કરવામાં આવે છે અર્થાત્ જવ, તલ, અક્ષત અને દુધ (ઘી ?) નો હોમ થાય છે તે દિવસોમાં વરસમાં એક જ વાર તે ભોંયરામાંથી બહાર આવે છે. એમ કહેવાય છે કે આ સ્ત્રી એ દિવસે પોતાની જીભ કાપીને હોમે છે. પરંતુ તે તરત અજબ રીતે હતી એવીને એવી થઇ જાય છે. હાલ એ બાઈ ઘડપણમાં પોતાની તંદુરસ્તી જાળવવા માટે સામાન્ય ખોરાક ખાય છે પરંતુ જીભ કાપવાની ક્રિયા શિરસ્તા મુજબ એ હજી ય કરે છે.

તોતલા ભવાની

ઢાળની પોળમાં આરટોડીઆ ચબુતરા પાસે એક તાકું છે, જે અબરખના તરેહ તરેહના વરકથી શણગારેલું છે. એના ચમત્કારો સંબંધી ઘણી વાતો ચાલે છે. એના હિંદુ ભક્તો અને સેવકોના ઘણાં ટોળાં ત્યાં જાય છે.

બેચરા (એની એ જ)

રાજા મહેતાના મહોલ્લામાં એ જ નામની પોળમાં એક વાણીઆના ઘરના મેડા પર દિવાલથી ઘલાયદું એક તાકું બનાવેલું છે. તે ભવાનીનું થાનક છે. તેમાં ત્રણ સોનાના વરખથી મઢેલા અણઘડ પથ્થરના કકડાઓ છે. એને તોતલા ભવાની[૫૬] કહે છે. એના

---

૫૪. બહુચરા.

૫૫. અંગ્રેજીભાષાંતકારોએ 'તલુજા પોળમાં' એમ કર્યું છે. સારંગપુર દરવાજા પાસે અત્યારે તળીઆની પોળ છે. બંને યમાં ફારસીમાં એક મીંડાનો જ ફેર છે. 'બે' ની જગાએ 'યે' હોય તો મૂળ ફારસી પણ 'તલીઆ' વંચાય.

૫૬. આની આગલા ફકરાનું મથાળું મૂળમાં તોતલા ભવાની છતાંએ ફકરામાં મૂર્તિનું નામ બેચરા જણાવેલું છે. અને આમાં બેચરાનું મથાળું કરી મૂર્તિનું નામ તોતલા (તુળજા ભવાની) જણાવ્યું છે. અંગ્રેજી ભાષાંતરકારોએ આ ક્રમ ઉલટાવ્યો છે. પરંતુ મૂળને વળગી રહેવા માટે અમે એમ કરવું ઉચિત ધાર્યું નથી.

સંબંધમાં પણ કંઇ કંઇ દંતકથાઓ વર્તમાન છે જેનું વર્ણન કરવાથી લંબાણ સિવાય કશું પ્રાપ્ત થાય એમ નથી. બાન્દા[૫૭] જાતના વાણીઆઓ એને પૂજે છે. આસો અને ચૈત્ર મહીનાની પાંચમની રાતે માતાના એકાદ ખાસ શિષ્યના શરીરમાં માતાનો આવિર્ભાવ થાય છે અને તે વખતે ભક્તો પોતપોતાની જરૂરીઆતો અને માગણીઓનો જવાબ માગે છે.

આશાપુરી

સાંકડી શેરીના રસ્તા પર એક સુંદર જગામાં સુંદર કોતરણીવાળી એક આરસની મૂર્તિ છે. એ દહેરૂં કૃપાશંકર નામના નાગરે બંધાવ્યું. મૂર્તિને સુંદર લુગડાં અને તરેહ તરેહનાં ઘરેણાં પહેરાવેલાં છે.

પરાંમાં આવેલા મહાદેવ

નરસિંગ—રાજપુરમાં તુલસી શેરીમાં આ દહેરૂં છે. ત્યાં આરસની ફરસબંધી છે. લોકો ત્યાં ફુલ ચડાવે છે. એના ભક્તોએ મુસલમાનોના રાજ્યકાળમાં મૂર્તિને એક ગુપ્ત ઘરમાં સંતાડી હતી. તે હજી તે જ સ્થળે છે. ચંદોલા તળાવ પર નરસિંગજીનું બીજું દહેરૂં છે. ત્યાં દિવાલમાં એક ઘણો નાનો ગોખલો છે. ત્યાં ઘણા હિંદુઓ દર્શને જાય છે.

ચાકેશ્વર

ચાકેપેશ્વર એ મહાદેવનું બીજું નામ છે. આ દહેરૂં રાજપુર દરવાજા બહાર આવેલું છે. નજમુદૌલાની હકુમત દરમિયાન આનંદરામ નામના એક આદમીએ એ દહેરૂં સમરાવ્યું અને ત્યાં બગીચો પણ કરાવ્યો.

કાકરેજી ભવાની

કાંકરીઆ તળાવ પર પાણી આવવાના ગરનાળા પર કેટલાક થાંભલા પર એક બેઠક બનાવેલી છે. એમાંનો એક થાંભલો ભવાનીનો છે. એને કાકરેજી ભવાની કહે છે. હિંદુઓ એની પૂજાર્થે ત્યાં જાય છે.

સૈંદવાવ ભવાની

શહેરથી ત્રણ ગાઉને અંતરે આવેલા મહમુદાબાદ નામના કસ્બામાં એક વાવ છે. જે સૈંદવાવ ભવાનીનું થાનક મનાય છે. શ્રાવણ મહીનામાં દર રવિવારે હિંદુઓ ત્યાં દર્શન કરવા અને ન્હાવા જાય છે.

હનુમાન મહાદેવ

સુલ્તાનપુરમાં મજબુત પથ્થરની ઘણી ઉંચી વાંદરાની મૂર્તિ છે. જુના કાળથી એ જમીનમાં દટાયલી હતી. પરંતુ દામાજી ગાયકવાડના નાયબ રિન્કાજી પંડિતને એની આગાહી મળવાથી એણે એને ખોદી કઢાવી અને એને માટે એક મંદિર બંધાવ્યું. હિંદુઓ દર શનિવારે ત્યાં જાય છે.

---

૫૭. અંગ્રેજી ભાષાંતરકારોએ 'માંડ' લખ્યું છે. આપણા લેખકે આપેલી વાણીઆની પેટાન્યાતોમાં આમાનું એકે નામ નથી મળતું; જો કે મોઢ નામ છે.

સાક્કેશ્વર[૫૮] મહાદેવ

શહેરથી ત્રણ ગાઉને અંતરે આવેલા હવેલી પરગણામાંના બિરલાલ નામના ગામમાં આ દેવ ઘણા પ્રાચીન સમયથી પ્રખ્યાત છે. દહેરાને માથે ઘુમ્મટ છે. શ્રાવણ મહીનામાં દર વર્ષે શહેર અને ગામડાંના હિંદુઓ ત્યાં દર્શન કરવા જાય છે.

માતર ભવાની

શહેરની અર્ધા ગાઉને અંતરે હવેલી પરગણામાં અસારવા મુકામે એક વાવડી છે. એનું નામ માતર ભવાની છે. એમ કહેવાય છે કે શહેર વસ્યું ત્યારે એક મૂર્તિપૂજકને આ જગાએ વાવડી બંધાવવાની ઇશારત (સ્વપ્નમાં) થઇ હતી. ત્યાં એક ગોખલો છે જેની પૂજા કરવામાં આવે છે.

ધનક દહેરી

સૈયદપુર[૫૯] પાસે ન્હરવાલા નામના પરામાં એક ઘુમ્મટ [દહેરૂં] છે. એમાં એક ગોખલો છે, જેમાં ભવાનીની મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે. શહેર અને ગામડાના લોકો, ખાસ કરીને કાળી લોકો એના ભકતો છે. દર શ્રાવણ મહીનામાં એ લોકો ત્યાં એકઠા થાય છે અને દેવીની પૂજા કરે છે.

નિલકંઠ મહાદેવ

અસારવા નામના પરામાં આ લિંગ છે. આ કાળમાં એના ભકતોએ દહેરાની મરામત કરાવી એને સુંદર બનાવ્યું છે.

આચાર્ય ગોસાંઇનાં પગલાં

આચાર્ય ગોસાંઇ અસારવામાં વૈશ્નવધર્મનો સ્થાપક હતો. અત્યારનો ગોસાંઇ એનો વારસ છે. વૈશ્નવ વાણીઆઓનો એ ગુરુ છે. પગલાં સંબંધી [કંઇ કંઇ] દંતકથાઓ ચાલે છે. માગશર[૬૦] મહીનાની નોમને દિવસે ભકતો ત્યાં જાય છે. એ દિવસને ઓચ્છવ કહે છે.

નહુગંગ [૬૧](?) ભવાની

સાબરમતી નદીને તીરે શાહી બાગ પાસેના દુધેશ્વરના પુલ પર એક પ્રાચીન ગોખલો છે. એ પુંજાય છે. સાં રાત દિવસ સન્યાસીઓ પડયા રહે છે. રવિવારને દિવસે ઘણા લોકો ત્યાં જઇને ન્હાવામાં ઘણું પુણ્ય માને છે. ખાસ પ્રસંગો પર તમામ હિંદુઓ— ન્યાતે ન્યાતના ત્યાં ન્હાવા જાય છે. અને એ સ્થળ પવિત્ર મનાતું હોવાથી એ લોકો મડદાં પણ ત્યાં બાળે છે.

---

૫૮. અંગ્રેજી ભાષાંતરકારોએ નિલકંઠેશ્વર લખ્યું છે.

૫૯. અંગ્રેજી ભાષાંતકારોએ સિદ્દપુર લખ્યું છે. મૂળ 'સીદપુર' એમ પણ વાંચી શકાય એમ છે. પરંતુ પરાઓમાંનાં દેવસ્થાનોના આ પ્રકરણમાં છેક સિદ્ધપુર પાસેનું દહેરૂ આવી શકે નહિ. એટલે સૈયદપુર એવો પાઠ વાંચવાનું જ અમે ઉચિત માન્યું છે.

૬૦. અંગ્રેજી ભાષાંતરમાં માઘ મહીનો છે.

૬૧. અંગ્રેજી ભાષાન્તરકારોએ એકલિંગ લખ્યું છે.

ભીમનાથ મહાદેવ

શાહીબાગ પાહે સાબરમતી નદીને કિનારે આ દહેરૂં છે. શ્રાવણ મહીનામાં હિંદુઓ ત્યાં ન્હાવા જાય છે. ખાસ ભક્તો આખો માસ ત્યાં ન્હાવા જાય છે.

ખડકદાર ખૂંર[62] મહાદેવ.

સાબરમતી નદી પર મહમદ અમીનખાનના બગીચા પાસે. શ્રાવણ મહીનામાં ભક્તો ત્યાં જાય છે.

હિંગલાજ ભવાની.

નૌરંગપુરમાં બારણા વગરનો ગગનાકાર ઘુમ્મટ છે, જેમાં એક ઘણો નાનો ગોખલો છે. ત્યાં રાત દિવસ અખંડ દીવો બળે છે. ઘુમ્મટમાં કશું દેખાતું નથી. હિંદુઓ ત્યાં પૂજા કરવા જાય છે.

સબુત[63] શનેશ્વર મહાદેવ

સાબરમતી નદીપર મઝુરી મુકામે એક લિંગ છે, જેને પાંચ માથાં છે. એ પંચમુખી કહેવાય છે. ભાદરવા સુદ પાંચમ જે ઋષિપંચમી કહેવાય છે એ દિવસે હિંદુઓનાં ટોળાં ત્યાં જાય છે. એ દિવસે ત્યાં નદીમાં ન્હાવું અને એ લિંગની પૂજા કરવી એ પુણ્ય મનાય છે.

× × × ×

તીર્થ–સાબરમતી અને દુધેશ્વર

શાહીબાગ પાસે સાબરમતી નદીને કિનારે તિર્થ છે. પ્રાચીન સમયમાં દુધિ [દધિચિ] નામના ઋષિ ત્યાં રહેતા હતા. એમને વિષે નવાઇ પમાડે એવી વાત ચાલે છે. તે સ્થળ એમને લીધે પવિત્ર મનાય છે. હિંદુઓ ત્યાં ન્હાવા જાય છે. એ લોકો મડદાં પણ ત્યાં બાળે છે.

[અપૂર્ણ]

---

૬૨. અંગ્રેજી ભાષાંતરમાં ખડકેશ્વર મહાદેવ એમ લખ્યું છે.

૬૩. સબુત એટલે શનિવાર થાય. પરંતુ એનો અહીં કંઇ અર્થ બેસતો નથી. અંગ્રેજી ભાષાંતરમાં આ શબ્દ છે જ નહિ. તદુપરાંત આની આગળ એક બીજા મહાદેવનું એમાં વર્ણન છે તે નીચે પ્રમાણેઃ—

સિદ્ધેશ્વર મહાદેવ

ઇમ્લિપુરમાં પેશવાના નાયબ શ્રીપતરાવે ફરીથી બંધાવેલું એ પુરાણું મંદિર છે. એના પર ઘુમ્મટ છે.

ગૂજરાતનું પ્રધાન વ્યાકરણ*

[પં. બેચરદાસ જી. દોશી]

પ્રભાચંદ્રસૂરિ (વિ. સં. ૧૩૩૪) પ્રભાવકચરિત્રમાં જણાવે છે કે[૧]–" મહારાજ જયસિંહ દેવે માલવમંડલ ઉપર વિજય મેળવ્યો, ધારાની સમગ્ર ઋદ્ધિ પાટણમાં આવી, એની સાથે ભોજરાજાનો પુસ્તક ભંડાર પણ લાવવામાં આવ્યો." ૭૦

" વિજયવંત સિદ્ધરાજ પાટણ આવ્યો તે વખતે આશીર્વચન કરવા અનેક પંડિતો રાજઆસાદે આવ્યા હતા, તેમાં આચાર્ય હેમચંદ્ર પણ હતા " ૭૧

" આશીર્વચન થઈ રહ્યા પછી સિદ્ધરાજે હેમચંદ્રને કહ્યું કે, આપ વખતો વખત મારે ત્યાં પધાર્યા કરશો " ૭૩

" હવે કોઈ સમયે હેમચંદ્રસૂરિ સિદ્ધરાજને મળવા આવ્યા ત્યારે સિદ્ધરાજના પુસ્તકભંડાર રક્ષકો અવંતીના એ ભંડારનું નિરીક્ષણ કરતા હતા. એ રક્ષકોએ ' લક્ષણ ' નામનું એ ભંડારનું એક પુસ્તક રાજાને બતાવ્યું " ૭૪

" રાજાએ આચાર્યને પૂછ્યું કે, એ શું છે? આચાર્યે કહ્યું કે, ' ભોજવ્યાકરણ ' નામનું એ શબ્દશાસ્ત્ર છે. " ૭૫

" વળી કહ્યું કે, એ માલવનરેશ વિદ્વચ્ચક્રશિરોમણિ હતો. એણે શબ્દશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, જ્યોતિઃશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, ચિકિત્સાશાસ્ત્ર, રાજસિદ્ધાંત, તરુશાસ્ત્ર (વૃક્ષાયુર્વેદ), વાસ્તુ-

---

* આઠમી ગૂજરાતી સાહિત્યપરિષદ્‌માં રજૂ કરેલો નિબંધ.

१ " अन्यदा सिद्धराजोऽपि जित्वा मालवमण्डलम् ।
समाजगाम तस्मै चाशिषं दर्शनिनो ददुः ॥७०॥
तत्र श्रीहेमचन्द्रोऽपि सूरिर्भूरिकलानिधिः ।
उवाच काव्यमव्यग्रमतिश्रव्यनिदर्शनम् ॥७१॥
व्याख्याविभूषिते वृत्ते वृत्ते इव विभोस्ततः ।
आजुहावावनीपालः सूरिं सौधे पुनः पुनः ॥७३॥
अन्यदावन्तिकोशीयपुस्तकेषु नियुक्तकैः ।
दर्श्यमानेषु भूपेन मैक्षि लक्षणपुस्तकम् ॥७४॥
किमेतदिति पप्रच्छ स्वाम्यपीति व्यजिज्ञपत् ।
भोजव्याकरणं ह्येतच्छब्दशास्त्रं प्रवर्त्तते ॥७५॥

લક્ષણ, અંકગણિત, શકુનવિદ્યા, અધ્યાત્મશાસ્ત્ર, સ્વપ્નશાસ્ત્ર, સામુદ્રિક તથા મેઘમાલા વગેરે અનેક ગ્રંથોનું પ્રણયન કરેલું છે" ૭૬-૭૭-૭૮,

"આ બધું સાંભળીને સિદ્ધરાજ બોલ્યો કે, શું અમારા ભંડારમાં આવાં શાસ્ત્રો નથી ? સમગ્ર ય ગૂજરાતમાં આવો કોઈ સર્વશાસ્ત્રનિષ્ણાત પંડિત નથી એનું શું કારણ ?" ૭૯

"આ સમયે ત્યાં ઉપસ્થિત રહેલા વિદ્વાનોની દૃષ્ટિ આચાર્યહેમચંદ્ર તરફ જ વળી.

રાજાએ હેમચંદ્રને વિનંતિ કરી કે, તમે શબ્દવ્યુત્પત્તિકર શાસ્ત્રને રચીને અમારો મનોરથ પૂરો કરો, તમારા સિવાય બીજો કોઇ પંડિત એને રચી શકે તેમ નથી" ૮૦-૮૧

"વર્તમાનમાં આપણો દેશ સંક્ષિપ્ત કલાપ (કાતંત્ર) વ્યાકરણને અધીન છે, એ અધીનતા ભોગવતાં છતાં ય વિદ્યાર્થિને શબ્દવ્યુત્પત્તિ તો બરાબર થતી નથી. વળી, એક વ્યાકરણ તરીકે પાણિનિનું વ્યાકરણ ઠીક છે. પણ બ્રાહ્મણો અભિમાનથી એને વેદાંગ કહીને અભ્યાસિઓની અવગણના કરે છે. એ લોકો સમયે સમયે એમ ટંકાર કર્યા કરે એ કરતાં નવીન જ વ્યાકરણ રચવું ઉત્તમ છે" ૮૨-૮૩

છેવટે—

असौ हि मालवाधीशो विद्वच्चक्रशिरोमणिः ।
शब्दालंकारदैवज्ञतर्कशास्त्राणि निर्ममे ॥७६॥

चिकित्साराजसिद्धान्ततरुवास्तूदयानि च ।
अङ्कशाकुनकाध्यात्मस्वप्नसामुद्रिकान्यपि ॥७७॥

ग्रन्थान्निमित्तव्याख्यानप्रश्नचूडामणीनिह ।
विवृतिं चाय (?) सद्भावेऽर्थशास्त्रं मेघमालया ॥७८॥

भूपालोऽथावदत् किं नास्मत्कोशे शास्त्रपद्धतिः ।
विद्वान् कोऽपि कथं नास्ति देशे विश्वेऽपि गूर्जरे ? ॥७९॥

सर्वे संभूय विद्वांसो हेमचन्द्रं व्यलोकयन् ।
महाभक्त्या च राज्ञाऽसावभ्यर्थ्य प्रार्थितः प्रभुः ॥८०॥

शब्दव्युत्पत्तिकृच्छास्त्रं निर्मायास्मन्मनोरथम् ।
पूरयस्व महर्षे ! त्वं विना त्वामत्र कः प्रभुः ॥८१॥

संक्षिप्तश्च प्रवृत्तोऽयं समयेऽस्मिन् कलापकः ।
लक्षणं तत्र निष्पत्तिः शब्दानां नास्ति तादृशी ॥८२॥

पाणिनेर्लक्षणं वेदस्याङ्गमित्यत्र च द्विजाः ।
अवलेपादसूयन्ति कोऽर्थस्तैरुन्मनायितैः ॥८३॥

"સિદ્ધરાજે એમ કહ્યું કે, મારો દેશ અને હું ધન્ય છીએ જ્યાં આવા અલૌકિક વિદ્વાનનો નિવાસ છે." ૯૫

ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રમાં રાજા કુમારપાલ હેમચંદ્રાચાર્યનો ઉપકાર માને છે કે—

पूर्वं पूर्वजसिद्धराजनृपतेर्भक्तिस्पृशो याञ्चया
साङ्गं व्याकरणं सुवृत्तिसुगमं चक्रुर्भवन्तः पुरा ।
मदुपेतोरथ योगशास्त्रममलं लोकाय च द्व्याश्रय-
च्छन्दोऽलंकृतिनामसंग्रहमुखान्यन्यानि शास्त्राण्यपि ॥

આચાર્ય હેમચંદ્રે સિદ્ધહેમની પ્રશસ્તિમાં જણાવ્યું છે કે,—

"અતિવિસ્તૃત, દુર્બોધ અને વિપ્રકીર્ણ વ્યાકરણોના સમૂહથી કદર્થિત થએલા શ્રીસિદ્ધરાજ જયસિંહે સર્વાંગપૂર્ણ એક નૂતન શબ્દાનુશાસન રચવાની આચાર્ય હેમચંદ્રને પ્રાર્થના કરી અને તે મુજબ આચાર્ય હેમચંદ્રે આ વ્યાકરણને વિધિપૂર્વક (સર્વાંગપૂર્ણ) બનાવ્યું"

આમાં 'કદર્થિત' એ સિદ્ધરાજનું વિશેષણ છે એનો ધ્વનિ એવો છે કે, સિદ્ધરાજના પોતાના સમયે ગૂજરાતમાં ભિન્નભિન્નકર્તૃક કેટલાંય વ્યાકરણોનો પ્રચાર હશે. પણ એમાંનું એકે સર્વાંગપૂર્ણ વ્યાકરણ ગૂજરાતના વિદ્વાને નહિ રચેલું હોય તેથી એ માતૃભૂમિના અભિમાની રાજાનાં મનમાં વ્યથા થઇ આવી હોય,

અથવા

પોતાના પ્રપિતામહનો પ્રતિસ્પર્ધી માળવનરેશ ભોજ એક વ્યાકરણકાર હતો અને એ પોતાના દેશમાં પોતાનું જ વ્યાકરણ પ્રસરાવતો હતો વા એ જ ભોજ વ્યાકરણ (જેનું બીજું નામ સ્વરસ્વતીકંઠાભરણ છે) ગૂજરાતની પાઠશાળાઓને ગજવતું હોય, આથી પણ એ રાષ્ટ્રમહત્ત્વાકાંક્ષી નરેશ સિદ્ધરાજને લાગી આવ્યું હોય,

અથવા

અતિવિસ્તારવાળાં છતાં યે અપૂર્ણ અને દુર્ગમ વ્યાકરણોના અભ્યાસથી ત્રાસી ગએલ ગૂર્જરાતી વિદ્યાર્થિઓને જોઈને એક પ્રજાપ્રિય અને વિદ્યાપ્રેમી નૃપતિ તરીકે એણે આચાર્ય હેમચંદ્રને સર્વાંગપૂર્ણ સર્વથા નવીન વ્યાકરણ રચવાની પ્રાર્થના કરી હોયઃ

"तेनातिविस्तृतदुरागमविप्रकीर्ण—
शब्दानुशासनसमूहकदर्थितेन ।
अभ्यर्थितो निरवमं विधिवद् व्यधत्त
शब्दानुशासनमिदं मुनिहेमचन्द्रः ॥

इत्याकर्ण्य चमत्कारं धारयन् वसुधाधिपः ।
उवाच धन्यो मद्देशोऽहं च यत्रेदृशः कृती " ॥९५॥

એ પદ્યના પૂર્વાર્ધમાં આવો જ કોઇ ભાવ ભરેલો છે.

હેમચંદ્રના સમસમયી (સં. ૧૨૪૧) આચાર્ય સોમપ્રભે પોતાના કુમારપાલ પ્રતિબોધ (પૃ૦૨૨) માં આ જ વૃત્તાંતને સંક્ષેપથી દર્શાવેલો છે અને થોડા ફેરફાર સાથે પ્રબંધચિંતામણિ (પૃ૦ ૧૪૫–૧૪૮)માં એ પ્રભાચંદ્રના સમસમયી ગુરૂભ્રાતા મેરૂતુંગે (સં. ૧૩૬૧) જણાવેલો છે અને તે પછી શતક શતકને અંતરે થએલા (સં.૧૪૯૨) જિનમંડનગણિએ અને (સં.૧૬૦૦ ?) ચારિત્રસુંદરગણિએ યથાક્રમે કુમારપાલ० પ્રબંધ (પૃ૦ ૧૬–૧૭) માં અને કુમારપાલચરિત્ર (પૃ૦ ૮ શ્લોક. ૨૯–૪૬)માં જણાવેલો છે.

આ તેમ જ આવા અન્ય ઉલ્લેખોથી આપના લક્ષ્યમાં આવ્યું હશે કે ગુર્જરરાષ્ટ્રના મહારાજા સિદ્ધરાજની વિનંતિથી આચાર્ય હેમચંદ્રને ગુજરાત માટે નવીન સાહિત્ય નિર્માણ કરવાની પ્રેરણા મળી. આ પ્રેરણા રાજા તરફથી આવેલી હોવાથી એ રાષ્ટ્રમાંથી ઉત્પન્ન થએલી એમ કહીએ તે અઘટિત નથી. આ લક્ષ્મીસમૃદ્ધ દેશને વિદ્યાસમૃદ્ધ કરવા આ મહત્ત્વાકાંક્ષી આચાર્યે અપૂર્વ પ્રયત્ન આદર્યો.

પ્રાચીન સાહિત્યમાં અનેક વૈયાકરણો થઇ ગયા છે અને તેઓએ નાનાં મોટાં અનેક શબ્દાનુશાસનો રચ્યાં છે પણ પોતાના દેશમાં પ્રસિદ્ધ સકલ વાઙ્મયનું સંપૂર્ણ રીતે અનુ- શાસન કરનાર બીજો કોઇ આચાર્ય જાણ્યો નથી:—સંસ્કૃતનું સંપૂર્ણ પંચાંગી વ્યાકરણ તેમ જ પ્રાકૃત અને અપભ્રંશનું સંપૂર્ણ વ્યાકરણ, સંસ્કૃત અને દેશ્ય શબ્દોના કોશો, સંસ્કૃત અને પ્રાકૃતનું છંદોનુશાસન અને કાવ્યાનુશાસન અને આ સર્વના ઉદાહરણરૂપ દ્વયાશ્રય મહાકાવ્ય—પ્રાચીન સાહિત્યમાં વાણીનું આવું સંપૂર્ણ અનુશાસન કરનાર વાગીશ્વર અન્ય જાણ્યો નથી. એ વાગીશ્વરને પોતાના કહેવાનું માન ગુજરાતને છે.

આચાર્યના મહાન્ પ્રયત્નથી જૈનસંપ્રદાયને પણ ઉજ્જવલતા પ્રાપ્ત થઇ, પણ આ પ્રવૃત્તિમાં આચાર્યનો મુખ્ય ઉદ્દેશ તો વધારે વ્યાપક હતો એ ઉપરનાં પૂરાવાથી તેમ જ આ સર્વશાસ્ત્રોના મૂળભૂત એમના વ્યાકરણને તપાસવાથી જણાઈ આવે છે.

હેમચંદ્રે કરેલું સૂત્રનું મંગલ અને વૃત્તિનું મંગલ જોઇએ:

પ્રત્યેક મંગલવિધાતા પોતાના ઇષ્ટદેવને યાદ કરે છે. સિદ્ધહેમના મંગલમાં એવી રચના કરવામાં આવી છે કે કોઇ પણ સંપ્રદાયને માનતો અભ્યાસી એ મંગલને પોતાના ઇષ્ટદેવના સ્તવનમાં યોજી શકે છે.

'अर्हन्' શબ્દ જૈનસંપ્રદાયમાં સુપ્રસિદ્ધ છે, અહીં આદિમાં તેનો ઉચ્ચાર ન કરતાં હેમચંદ્રે अर्हं પદ મૂકેલું છે.

જૈન અભ્યાસી 'अर्हं' શબ્દથી 'अर्हन्'ને યાદ કરે છે. બૌદ્ધ સંપ્રદાયમાં બુદ્ધને '<u>अरहत</u>' કહેવામાં આવે છે એથી બુદ્ધના ઉપાસક માટે પણ अर्हं મંગલ ઉચિત છે. શિવ, વિષ્ણુ અને બ્રહ્માનો ઉપાસક अर्हं પદથી શિવ, વિષ્ણુ અને બ્રહ્માનું પણ સ્મરણ કરી શકે છે.

આ સંબંધે ન્યાસકાર કનકપ્રભ જણાવે છે કે—

" अकारेणोच्यते विष्णू रेफे ब्रह्मा व्यवस्थितः ।
हकारेण हरः प्रोक्तस्तदन्ते परमं पदम् " ॥ (લઘુન્યાસ પૃ૦ ૧)

અહીં ચતુર્થ ચરણમાં 'तदन्ते परमं पदम्' કહીને નિર્વાણતત્ત્વને દર્શાવેલું છે જેને સર્વ ધર્મો પરમોત્કૃષ્ટ તત્ત્વરૂપે સ્વીકારે છે એથી બીજી રીતે પણ 'अर्हं' પદ સર્વ ધર્મોપાસકોને માટે મંગલરૂપ છે.

" प्रणम्य परमात्मानं श्रेयःशब्दानुशासनम् "

એ મંગલ વૃત્તિનું છે, એમાં તો સર્વ ધર્મના તીર્થંકરોનું સ્થાન સ્પષ્ટપણે છે, એમ માનતાં કશું ખેંચવું કે મરડવું પડતું નથી.

સિદ્ધહેમનું બીજું સૂત્ર 'सिद्धिः स्याद्वादात्' છે.આચાર્ય હેમચંદ્રે પોતાના પુસ્તકની વ્યાપકતા વૃદ્ધિને સારૂ જ એ સૂત્રની બે વ્યાખ્યા કરેલી છેઃ

અહીં સ્યાદ્વાદનો સિદ્ધાંત સ્થાપીને જૈનસંપ્રદાયની મહત્તા દર્શાવવાનો આચાર્યનો ઉદ્દેશ નથી પણ આદ્ય વૈયાકરણ પાણિનિ અને વ્યાડિ વગેરે મહર્ષિઓએ વ્યાકરણના પદાર્થોમાં આ સિદ્ધાંતને સ્વીકારેલો છે માટે જ તેને અહીં સ્મરવામાં આવ્યો છે.

આ સંબંધમાં પાણિનિનો આશય પ્રકટ કરતાં મહાભાષ્યકાર પોતે જણાવે છે કે,

" किं पुनराकृतिः पदार्थः आहोस्विद् द्रव्यम् ? उभयम् इत्याह । कथं ज्ञायते ? उभयथा हि आचार्येण सूत्राणि प्रणीतानि आकृतिं पदार्थं मत्वा× × × द्रव्यं पदार्थं मत्वा " । (મહાભાષ્ય પૃ૦ ૫૨ અધ્યાય ૧)

અર્થાત્ "શબ્દના અર્થને જાતિરૂપે એટલે સામાન્યરૂપે માનવો કે દ્રવ્યરૂપે-વિશેષરૂપે?

મહાભાષ્યકાર ઉત્તર આપે છે કે, પદના અર્થને ઉભયાત્મક માનવો, કારણ કે, આચાર્ય પાણિનિના લક્ષ્યમાં એ બન્ને પ્રકારો છે અને સૂત્રો પણ એમણે એ જ રીતે ગુંથેલાં છે."

વળી,

" किं पुनर्नित्यः शब्दः, आहोस्वित् कार्यः ? संग्रह एतत् प्राधान्येन परीक्षितम्—नित्यो वा स्यात् कार्यो वेति। तत्रोक्ता दोषाः, प्रयोजनान्यपि उक्तानि। तत्र त्वेष निर्णयः—यद्येव नित्यः अथापि कार्यः, उभयथापि लक्षणं प्रवर्त्यमिति"॥
(મહાભાષ્ય પૃ૦ ૫૪ અ૦ ૧)

અર્થાત્ " શું શબ્દ નિત્ય છે કે કાર્ય એટલે અનિત્ય છે? આ સંબંધમાં સંગ્રહ નામના ગ્રંથમાં વ્યાડિ આચાર્યે સવિશેષ ચર્ચા કરેલી છે, તેમાં દોષો દર્શાવેલા છે તેમ પ્રયોજનો પણ દર્શાવેલાં છે. તેમાં આ નિર્ણય છે—જો કે શબ્દ નિત્ય છે તો પણ કાર્ય—અનિત્ય—છે, બન્ને પ્રકારે લક્ષણને (શબ્દશાસ્ત્રને) પ્રવર્તાવવાનું છે."

આ એક બે સ્થળે નહિ પણ અનેક સ્થળે પાણિનિના વ્યાકરણમાં આ સિદ્ધાંતને માનવામાં આવ્યો છે—જૂઓ મહાભાષ્ય કૈયટ (પૃ૦ ૪૯૬ અ૦ ૨)

વ્યાકરણના પદાર્થો પૈકી લિંગવ્યવસ્થા, વિશેષણવિશેષ્યભાવ, સામાનાધિકરણ્ય, અનેકકારકતા અને વાચ્યવાચકતા વગેરે તત્ત્વો આ સિદ્ધાંત ઉપર નિર્ભર છે. આ જોતાં સ્યાદ્વાદનો સિદ્ધાંત સર્વવ્યાકરણ સાધારણ છે માટે જ હેમચંદ્ર પણ જણાવે છે કે,

" सर्वपार्षदत्वाच्च शब्दानुशासनस्य सकलदर्शनसमूहात्मकस्याद्वादसमाश्रयणमतिरमणीयम् " (સિદ્ધહેમ પૃ૦ ૨)

બીજી દૃષ્ટિએ આ સૂત્રનો અર્થ વ્યાકરણના પ્રયોજનને લગતો બતાવેલો છે:

' वादात् सिद्धिः स्यात् '

અર્થાત્ શુદ્ધ શબ્દના ઉચ્ચારણથી સિદ્ધિ–મુક્તિ–મળે છે. હેમચંદ્રના આ કથનમાં મહાભાષ્યકારનો અને ભર્તૃહરિનો પ્રતિધ્વનિ છે.

મહાભાષ્યકાર કહે છે કે,

"एकः शब्दः सम्यग् ज्ञातः शास्त्रान्वितः सुप्रयुक्तः स्वर्गे लोके कामधुग् भवति "

ભર્તૃહરિ પોતાના વાક્યપદીયમાં આ જ ભાવને જણાવે છે:

" तद् द्वारमपवर्गस्य वाङ्मलानां चिकित्सितम् ।
पवित्रं सर्वविद्यानामधिविद्यं प्रकाशते "॥
" तस्माद् यः शब्दसंस्कारः सा सिद्धिः परमात्मनः ।
तस्य प्रवृत्तितत्त्वज्ञस्तद् ब्रह्मामृतमश्नुते ॥

(વાક્યપદીય પૃ૦ ૫૧ કાંડ ૧ શ્લો૦ ૧૪–૧૩૩)

સ્યાદ્વાદને લગતા આ સૂત્રનો બીજો ભાવ કોઇ પણ ધર્મના અનુયાયિને સર્વથા અનુકૂળ છે માટે જ એને અહીં દર્શાવેલો છે.

યદ્યપિ સ્યાદ્વાદનો સિદ્ધાંત સર્વવ્યાકરણ સાધારણ છે તો પણ જેઓ માત્ર એ શબ્દથી જ ભડકતા હોય તેવાઓને માટે એમણે આ બીજો પ્રયોજનનો ભાવ જણાવેલો છે.

જૈનસંપ્રદાયની મહત્તાનો જ એમનો ઉદ્દેશ હોત તો 'सिद्धिः स्याद्वादात्' જેવા દ્વિઅર્થી સૂત્રને બદલે એમણે જૈનેંદ્ર અને શાકટાયનની પેઠે ' सिद्धिरनेकान्तात् ' જેવું એકાર્થક સૂત્ર જ રચ્યું હોત.

વળી, પોતાના બૃહન્ન્યાસમાં મંગળ કરતાં એમણે તીર્થંકરોને યાદ કરવા સાથે મહાભાષ્યકારની સ્મૃતિનો પણ ધ્વનિ કરેલો છે અને અનેક સ્થળે એ મહાવૈયાકરણ પતંજલિને એમણે સવિશેષ બહુમાનસહ નિર્દેશેલા છે:

" श्रीमन्तमजितं देवं श्रीमत्पार्श्वजिनोत्तमम् ।
शेषं निःशेषकर्तारं स्मृत्वा टीका मतन्यते " ॥ (ન્યાસ પૃ૦ ૧)

એ એમનું ન્યાસનું મંગળ છે અને

" यदाह श्रीशेषाहिभट्टारकः " (ન્યાસ પૃ૦ ૪૨)
" यदाह श्रीशेषाहिः " (ન્યાસ પૃ૦ ૮)

એમના મહાભાષ્યકારને લગતા ઉલ્લેખો છે.

આ બધી બાબતોનો વિચાર કરતાં સ્પષ્ટપણે એમ સમજાય છે કે, સિદ્ધહેમને સર્વગ્રાહ્ય કરવાનો જ એમનો ઉદ્દેશ છે, આ ઉદ્દેશને લક્ષ્યમાં રાખીને એમણે ઉદાહરણો પણ પ્રાચીન અને સર્વસાધારણ જેવાં મૂકેલાં છે, જે ઉદાહરણો જૈનધર્મને લગતાં આપવામાં આવ્યાં છે તે તો માત્ર ઇતિહાસપૂરતાં છે પણ એમાં ક્યાંય સાંપ્રદાયિકભાવનો ગંધ સરખો ય નથી આવતો.

ગૂજરાતના બૃહદ્ વ્યાકરણની આ વિશેષતા ખાસ આકર્ષક છે અને નીચે આપેલાં ઉદાહરણોથી એ સમજાય એવી છે:

जघान कंसं किल वासुदेवः	साधोः
वलभ्याः शत्रुंजयः षड् योजनानि	आ आर्येभ्यो यशो गतं गौतमस्य
अरुणत् सिद्धराजोऽवन्तीन्	श्रमणा गच्छन्ति
अजयत् सिद्धः सौराष्ट्रान्	अधीयन्नाचाराङ्गम्
आग्नेयो ब्राह्मणः	अधीयंस्तत्त्वार्थम्
ऐन्द्रं हविः	आम्नाती द्वादशाङ्गे
वारुणश्चरुः	उपमा नास्ति कृष्णस्य
पित्र्यम्	तुला नास्ति सनत्कुमारस्य
छान्दसः	अधि अवन्तीषु प्रद्योतः
पाणिनीयः	अधि मगधेषु श्रेणिकः
आपिशलः	लोकमध्यात् लोकान्तमुपरि अधश्च सप्त रज्जूनामनन्ति
भाद्रबाहवः	नमोऽर्हद्भ्यः
वाजसनेयिनः	नमः सिद्धेभ्यः
देवा अर्जुनतोऽभवन्	अनेकान्तजयपताकायाः कृतिराचार्यहरिभद्रस्य
मनुष्यः	अनु सिद्धसेनं कवयः
मानवः	अनु मल्लवादिनं तार्किकाः
श्रमणाभ्यां	उप उमास्वातिं संग्रहीतारः
संयताय	उप जिनभद्रक्षमाश्रमणं व्याख्यातारः વગેરે.
मुनिः	

સિદ્ધહેમના સાત અધ્યાયોમાં સંસ્કૃતનું વ્યાકરણ છે અને એકલો આઠમો અધ્યાય પ્રાકૃત, શૌરસેની, માગધી, પૈશાચી, ચૂલિકાપૈશાચી અને અપભ્રંશને માટે છે.

સંસ્કૃતના વ્યાકરણની સાથે પ્રાકૃત, શૌરસેની વગેરેનું વ્યાકરણ લખવાની પ્રથાનો આદિ આવિર્ભાવક આચાર્ય હેમચંદ્ર છે.

આપ કોઇ પણ વ્યાકરણ જોશો તો એ પ્રથા ગૂજરાતના આ બૃહદ્ વ્યાકરણ–સિદ્ધહેમ–સિવાય ક્યાંય મળી શકશે નહિ.

વરરૂચિ અને ભામહ વગેરે પંડિતોએ પ્રાકૃત વ્યાકરણો તો અનેક રચ્યાં છે પણ તેમાં અને ગૂજરાતના આ પ્રાકૃત વ્યાકરણમાં નદી અને સમુદ્રની જેટલું અંતર છે.

વરરૂચિ વગેરે લેખકોએ માત્ર નાટકોને સમજવા પૂરતાં જ પ્રાકૃત વ્યાકરણો લખ્યાં છે પણ આચાર્યે તો પોતાના સમય સુધીના સમગ્ર પ્રાકૃત સાહિત્ય અને આર્ષ પ્રાકૃતને લક્ષ્યમાં રાખીને પ્રાકૃત વ્યાકરણ રચેલું છે અને સાથે નાટકોની ભાષાને પણ સ્થાન આપેલું છે.

પાણિનિએ '**छान्दसम्**' કહીને જેમ વેદની ભાષાનું વ્યાકરણ લખ્યું છે તેમ આચાર્યે '**आर्षम्**' કહીને જૈન આગમોની ભાષાનું પણ અનુશાસન કરેલું છે.

વિશેષ મહત્ત્વનું તો એ છે કે, બીજા કોઇ પણ પ્રાકૃત વ્યાકરણ કરતાં ગૂજરાતના આ વ્યાકરણમાં પ્રાકૃત ભાષાને અને અપભ્રંશ ભાષાને સમજાવવાનો આચાર્યનો વિશિષ્ટ પ્રયત્ન છે. અને ખાસ કરીને અપભ્રંશ ભાષા માટે તો તે પહેલાં કોઇ પણ પ્રાચીન વૈયાકરણે આટલું સવિશેષ લખ્યું હોય એમ કહેવાને કાંઇ પ્રમાણ નથી.

હેમચંદ્રની પૂર્વે કેટલાય સૈકાથી સાહિત્યમાં શિષ્ટ લોકભાષા તરીકે અપભ્રંશ ભાષા જામી ગએલી હતી છતાં ય એ પહેલાંના કોઇ પણ વૈયાકરણે અપભ્રંશનું આવું સંપૂર્ણ અનુશાસન કર્યું જણાતું નથી. સંભવ છે કે, આમ થવામાં શ્રમણપરંપરાની અને બ્રાહ્મણપરંપરાની વિશેષતા જ હેતુરૂપ હોય–બ્રાહ્મણ પંડિતો લોકોમાં સર્વદા અગ્નિની જેમ વંદ્ય રહ્યા છે અને શ્રમણ ગુરુઓ જીવનપ્રદ જલધરના જલની પેઠે સર્વત્ર મળી ગયા છે–આથી જ કદાચ બ્રાહ્મણ પંડિતોને સંસ્કૃત ભાષાનો જ આગ્રહ હોય અને શ્રમણ ગુરુઓને સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ વગેરે ભાષાઓ પ્રત્યે સમભાવ હોય.

હેમચંદ્ર પોતાના સમયના પ્રતિષ્ઠિત સંસ્કૃત પંડિત હતા, શ્રમણગ્રામના અગ્રણી હતા અને એક શિષ્ટ લોકનેતા પણ હતા એથી એમણે પોતાના વ્યાકરણને સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશરૂપ ત્રિવેણીનું સંગમ સ્થાન બનાવ્યું છે. અપભ્રંશના ભાગમાં એમણે જે પદ્ય ભાગ આપ્યો છે તે ભાષાશાસ્ત્રના ઇતિહાસમાં ખાસ સ્થાન લે એવો છે, અને એથી જ આપણે હેમચંદ્રના સમયની શિષ્ટ સાહિત્ય ભાષાને મેળવી શકીએ છીએ.

બીજું તો ઠીક, પણ ગૂજરાતનો વિદ્યાર્થી કોઇ પણ ભાષાના જ્ઞાનમાટે સર્વદા સ્વતંત્ર રહે એવો જ ઉદ્દેશ એમના આ પ્રયાસમાં છે.

ગૂજરાત તો આ એક જ વ્યાકરણને લઇને બધી શાસ્ત્રીય ભાષાઓ તરફની પોતાની મમતાને વ્યક્ત કરી શકે છે અને એમ પણ કહી શકે છે કે, આ જાતની ઉદારતા દર્શાવવાનું પ્રથમ માન ગૂજરાતને જ છે.

વર્તમાનમાં તો પ્રાકૃત વગેરે ભાષાઓને શીખવા માટે કે પ્રાચીન ભાષાના અભ્યાસને માટે કોઇ પણ દેશના વિદ્યાર્થીને ગૂજરાતના આ બૃહદ્ વ્યાકરણ તરફ જ ખેંચાવું પડે છે—ગૂજરાતનું આ ગૌરવ કાંઇ સાધારણ ન ગણાય.

ગૂજરાતનો સાક્ષર આ આઠમા અધ્યાયને તદ્દન છેલ્લી પદ્ધતિએ સંપાદિત કરવાનું મારે, અને ડો. પિશલ જેવો વિદ્વાન એનું સરસ સંપાદન કરે એ બે પ્રયત્નમાં ગૂજરાતનું ગૌરવ શેમાં રહેલું છે એનો આપ જરૂર વિચાર કરશો.

વ્યાકરણ એ લોકપ્રસિદ્ધ ભાષાનું શાસ્ત્ર છે એટલે એમાં નવીનતા વિષયની ન હોય એ સ્વાભાવિક છે. જે કાંઇ નવીનતા હોય તે સર્વસંગ્રાહિતાની દૃષ્ટિએ અને પદ્ધતિની દૃષ્ટિએ હોય.

સિદ્ધહેમની સ્વોપજ્ઞ વૃત્તિમાં હેમચંદ્રે પોતે અનેક વૈયાકરણોનાં મતોને વિવેકપૂર્વક પ્રરૂપેલાં છે અને તેમાંનાં કેટલાંક મતોની તો સમાલોચના પણ કરેલી છે.

હેમચંદ્રની એ વ્યાકરણોના મતોને લગતી પ્રરૂપણા વ્યાકરણશાસ્ત્રના ઇતિહાસમાં મોટો ફાળો આપે એવી છે. વૈયાકરણોનાં જે નામો એમણે દર્શાવેલાં છે એમાં કેટલાંક તો અશ્રુતપૂર્વ જેવાં છે. એમણે આપેલાં સમગ્ર નામોની યાદી અને વિશેષ પરિચય આપતાં ખાસું એક ટીપણું થઇ જાય એવું છે. તેથી અહીં એ બધાં નામોને નહિ આપતાં એમાંના થોડાને જ ટાંકી બતાવું છું:

સ્થળ.	નામ.
અ૦ ૧, પૃ૦ ૫	तथा च आपिशलिः शिक्षामधीते
અ૦ ૨, પૃ૦ ૬૭	पाणिनेः पूर्वे
અ૦ ૨, પૃ૦ ૩૯	इन्द्र-चान्द्राभ्याम्
બૃહન્ન્યાસ પૃ૦ ૧૧	ऐन्द्रादिपूर्वव्याकरणेषु
અ૦ ૨, પૃ૦ ૩૬	श्रीशेषाहिभट्टारकस्यापि संमतम्
અ૦ ૨, પૃ૦ ૪	पाणिनीयादिः
અ૦ ૨, પૃ૦ ૫	पाणिनिसूत्रानुसारिणः
અ૦ ૧, પૃ૦ ૩૬, ૪૪	इन्द्रगोमिचन्द्रप्रभृतयः (આ ઉતારો અશુદ્ધ છપાએલો જણાય છે)
અ૦ ૧, પૃ૦ ૨૮	देवनन्द्यादयः
અ૦ ૩, પૃ૦ ૭૦	जयादित्यप्रभृतयः
અ૦ ૧, પૃ૦ ૪૪	शाकटायनादयः
અ૦ ૨, પૃ૦ ૧૦	इति कक्कलस्य व्याख्या
" "	न्यासकारव्याख्या
અ૦ ૧, પૃ૦ ૩૫	काशिकाकारादयः जयादित्यः

અ૦ ૨, પૃ૦ ૧	विश्रान्तविद्याधरादयः
અ૦ ૨, પૃ૦ ૭૫	विश्रान्तन्यासकारैस्तु
અ૦ ૧, પૃ૦ ૪૮	उत्पलादयः
અ૦ ૧, પૃ૦ ૪૪	दुर्गसिंह-श्रुतपालादयः
બૃહન્ન્યાસ પૃ૦ ૨૫	हरिः
અ૦ ૨, પૃ૦ ૩૯	श्रुतपालेन कालापके
અ૦ ૧, પૃ૦ ૪૪	क्षीरस्वामी
,, ,, ,, ૪૮	वामनादयः
અ૦ ૨, પૃ૦ ૩૯	सरस्वतीकण्ठाभरणे
	(चन्द्र-भोज-क्षीरस्वाम्यादयः)
અ૦ ૨, પૃ૦ ૪૧	ललितस्वभावः
અ૦ ૨, પૃ૦ ૫૨	नैयासिकाः
,, ,,	पारायणकारैस्तु
અ૦ ૨, પૃ૦ ૬૩, ૭૩	उद्द्योतकरस्तु
	(उद्द्योतस्तु)
અ૦ ૨, પૃ૦ ૩૫,	रत्नमतिर्बौद्धः
અ૦ ૨, પૃ૦ ૭૪	आचार्यरत्नमतिर्बौद्धः
અ૦ ૨, પૃ૦ ૭૬	नारायणकण्ठी
અ૦ ૨, પૃ૦ ૩૬	सारसंग्रहकारादयः
,, ,,	अजितयशोवादी
અ૦ ૩, પૃ૦ ૭૦	द्रमिलास्तु
બૃહન્ન્યા૦ પૃ૦ ૧૧	शिक्षाकाराः

વગેરે વગેરે અનેક વૈયાકરણોનાં મતોને આચાર્ય હેમચંદ્રે જણાવેલાં છે. અહીં આપેલી આ યાદી મારા સાધારણ અવલોકનની છે.

હેમચંદ્રની સામે કેટલાં વ્યાકરણો[૨] હશે અને એમને કેટલાં વ્યાકરણોને મથવાં પડયાં

---

૨ સિદ્ધહેમ વ્યાકરણને રચતી વખતે હેમચંદ્ર કેટલાં વ્યાકરણો સામે રાખ્યાં હતાં અને તે કયાંથી મંગાવ્યાં હતાં તથા એ સંબંધમાં રાજા સિદ્ધરાજે કેવો ઉત્સાહ° બતાવ્યો હતો એ બધો વૃત્તાંત પ્રભાવકચરિત્રના આ નીચેના ઉતારામાં છે—જૂઓ હેમચંદ્રસૂરિપ્રબંધ.

परं व्याकरणान्यष्टौ वर्त्तन्ते पुस्तकानि च ।
तेषां श्रीभारतीदेवीकोश एवास्ति ते ध्रुवम् ॥८६॥
आनाययतु काश्मीरदेशात् तानि स्वमानुषैः ।
महाराजो यथा सम्यक् शब्दशास्त्रं प्रतन्यते ॥८७॥
इति तस्योक्तिमाकर्ण्य तत्क्षणादेव भूपतिः ।
प्रधानपुरुषान् प्रैषीद् वाग्देवीदेशमध्यतः ॥८८॥
प्रवराख्यपुरे तत्र प्राप्तास्ते देवतां गिरम् ।
चन्दनादिभिरभ्यर्च्य तुष्टुवुः पाठनस्तवैः ॥८९॥

હશે એનો સહજ ખ્યાલ ઉપરના ટુંકા મુદ્દાથી પણ આવી શકે તેમ છે. એથી જ મારે એ કહેવું છે કે, ગૂજરાતનું આ પ્રધાન વ્યાકરણ અનેક વ્યાકરણોના નવનીતરૂપ છે અને એ નવનીત આટલો સમય વીત્યા પછી પણ તાજું જ છે.

વિદ્યાર્થીઓએ વ્યાકરણ દ્વારા જે જે પ્રયોગોને જાણ્યા હોય છે તેના તે જ પ્રયોગો કાંઇ સાહિત્યમાં નથી આવતા, એથી જો કોઇ કાવ્ય એવું હોય કે જેમાં એ શીખેલા જ પ્રયોગો બરાબર ક્રમપૂર્વક વપરાયા હોય તો એ કાવ્ય વિદ્યાર્થીઓને પ્રયોગવ્યવહારની દિશા દર્શાવી શકે અને સાથે વ્યાકરણ પણ પરિપક્વ થાય, આ એક જ ઉદ્દેશને સિદ્ધ કરવાને સારૂ આચાર્યશ્રીએ સંસ્કૃત દ્વયાશ્રયમહાકાવ્યની રચના કરી છે અને એમાં સંસ્કૃતના સાતે અધ્યાયનાં બધાં એનાં એ જ ઉદાહરણો વ્યાકરણના જ ક્રમ પ્રમાણે યોજ્યાં છે અને એવું જ બીજું એક પ્રાકૃત દ્વયાશ્રય મહાકાવ્ય પણ રચેલું છે, એમાં પણ પ્રાકૃત, શૌરસેની, માગધી, પૈશાચી ચૂલિકાપૈશાચી અને અપભ્રંશનાં બધાં એનાં એ જ વ્યાકરણગત ઉદાહરણો આનુપૂર્વીપૂર્વક મૂકેલાં છે.

समादिक्षत् ततस्तुष्टा निजाधिष्ठायकान् गिरा ।
मम प्रसादवित्तः श्रीहेमचन्द्रः सिताम्बरः ॥९०॥
ततो मूर्घ्यन्तरस्येव मदीयस्यास्य हेतवे ।
समर्प्य प्रेष्यतां प्रेष्यवर्गैः पुस्तकसंचयम् ॥९१॥
ततः सत्कृत्य तान् सम्यग् भारतीसचिवान्नरान् ।
पुस्तकान्यर्पयामासुः प्रैपुश्चोत्साहपण्डितम् (?)॥९२॥
अचिरान्नगरं स्वीयं प्रापुर्देवीप्रसादिताः ।
हर्षप्रकर्षसंपन्नपुलकाङ्कुरपूरिताः ॥९३॥
सर्वं विज्ञापयामासुर्भूपालाय गिरोदिताः ।
निष्ठानिष्ठे प्रभौ हेमचन्द्रे तोपमहादरम् ॥९४॥
श्रीहेमसूरयोऽप्यत्रालोक्य व्याकरणव्रजम् ।
शास्त्रं चक्रुर्नवं श्रीमत्सिद्धहेमाख्यमद्भुतम् ॥९६॥
द्वात्रिंशत्पादसंपूर्णमष्टाध्यायगुणादिमत् ।
धातुपारायणोपेतं रङ्गल्लिङ्गानुशासनम् ॥९७॥
सूत्रसद्वृत्तिमन्नाममालानेकार्थसुन्दरम् ।
मौलिं लक्षणशास्त्रेषु विश्वविद्वद्भिरादृतम् ॥९८॥

દ્વયાશ્રયનો અર્થ 'બે આશ્રયવાળું' છે, આ કાવ્યનું એ નામ ચરિતાર્થ છે. આમાં એક તરફ જોતાં આઠે અધ્યાયનાં બધાં ઉદાહરણો સંગતિપૂર્વક મળી આવે છે અને બીજી તરફ જોતાં મૂલરાજથી તે ઠેઠ કુમારપાલ સુધીનો સોલંકી વંશનો ઇતિહાસ ચીતરાએલો છે.

આ કાવ્ય વ્યાકરણના અભ્યાસિને તો ઉપયોગી જ છે પણ ગૂજરાતના ઇતિહાસમાં એનું અસાધારણ સ્થાન છે.

પાણિનિનું વ્યાકરણ સમજવા માટે ગૂજરાતના ભટ્ટિકવિએ શ્રીધરનરેશની વલભીમાં રહીને ભટ્ટિકાવ્ય રચેલું છે એટલે એ કાવ્ય ગૂજરાતનું છે. પણ તેમાં વ્યાકરણગત ઉદાહરણોનો ક્રમ નથી તેમ એમાં કોઇ તત્કાલિક ઐતિહાસિક વૃત્તાંતને નથી વર્ણવેલો એથી એ ગૂજરાતના કાવ્યનું મહત્ત્વ બીજી અનેક રીતે હોવા છતાં વ્યાકરણ અને ઇતિહાસ એ બન્નેની દૃષ્ટિએ હેમચંદ્રનું દ્વયાશ્રય અસાધારણ છે. આ કાવ્યના કેટલાક નમૂના આ પ્રમાણે છેઃ

कच्छात् सुराष्ट्राऽष्टसु योजनेषु दीपोत्सवः पक्ष इवाश्वयुज्याः ।
फुल्लात् प्रभूतो न तदस्य दूरे स्वाम्नाऽधिको भूमिपतिभ्य उर्व्याम् ॥ १०६
स० २

आदौ विस्तीर्णशास्त्राणि नहि पाठ्यानि सर्वतः ।
आयुषा सकलेनापि पुमर्थस्खलनानि तत ॥९९॥
संकीर्णानि च दुर्बोधदोषस्थानानि कानिचित् ।
एतत् प्रमाणितं तस्माद्विद्वद्भिरधुनातनैः ॥१००॥
मूलराजप्रभृतिभी राजपूर्वजभूभृताम् ।
वर्णवर्णनसंवद्धं पादान्ते श्लोकमेककम् ॥१०१॥
तच्चतुष्कं च सर्वान्ते श्लोकैस्त्रिंशद्भिरद्भुतम् ।
पञ्चाधिकैः प्रशस्तिश्च विहिता विहितैस्तदा ॥१०२॥
राज्ञः पुरपुरोगैश्च विद्वद्भिर्वाचितं ततः ॥
चक्रे वर्षत्रयं वर्षे राज्ञा पुस्तकलेखने ॥१०३॥
राजादेशान्नियुक्तैश्च सर्वस्थानेभ्य उद्यतैः ।
तदा चाहूय सच्चक्रे लेखकानां शतत्रयम् ॥१०४॥
पुस्तकाः समलेख्यन्त सर्वदर्शनिनां ततः ।
प्रत्येकमेवादीयन्ताध्येतृणामुद्यमस्पृशाम् ॥१०५॥

चक्षुः प्रति नृपं ग्रामपतिं पर्यनु कर्षकम् ।
प्रति ग्रामं दिशं पर्यनु क्षेत्रं सस्यसंपदः ॥ २

स० ३

मघाभिः पायसं श्राद्धं मघासु ब्रह्मचर्यवत् ।
श्रुत्या स्मृतौ च मसिता विदधुर्विधिनोत्सुकाः ॥ १७

स० ३

पुंस्फाल्गुनः स पुंस्याता मत्तपुंस्कोकिलस्तदा ।
शिरस्पदमलंचक्रे पुंस्खड्गिभिरधस्पदम् ॥ ८७

स० ३

ये पयो व्रतयन्त्यन्नं व्रतयन्ति च ये द्विजाः ।
वेदापयन्तस्ते चक्रुर्मधुपर्कादिकं तयोः ॥ ११

स० ७

यथार्को दृपदीभूतं कुर्यादुदकसाद्धिमम् ।
आन्नभक्तिर्दृपद्भूतमस्मदीयं मनस्तथा ॥ ३०

स० १९

पलितंकरणी नग्नंकरण्यन्धंकरण्यथ ।
अनाढ्यंकरणी वृद्धेर्जराप्यङ्गं ग्रसिष्यते ॥ ९३

स० ११

આ કાવ્ય ગૂજરાતના ઇતિહાસ સાથે સંકળાએલું છે, સિદ્ધહેમ સાથે પણ એનો વિશિષ્ટ સંબંધ છે, વળી એ બન્ને એકકર્તૃક છે માટે ગૂજરાતનું બૃહદ્વ્યાકરણ ગૂજરાતી સાક્ષરોને ખાસ અભિમાનની વસ્તુ છે.

મુંબઈની રાજકીય ગ્રંથમાળાએ આ સમગ્ર કાવ્યને પ્રકટ કરેલું છે એ પણ ગૂજરાતને માટે ગૌરવની વાત છે.

હવે પદ્ધતિની અને સર્વાંગસંપૂર્ણતાની દૃષ્ટિએ વિચાર કરીએ:

સિદ્ધહેમના સૂત્રકારે પહેલેથી જ એવી રચના કરી છે કે જેમાં પાછળથી કશું ઉમેરીને 'उपसंख्यानम्' કરવાની જરૂર નથી રહી. બીજાં વ્યાકરણો જોશો તો જણાશે કે, એમાં સૂત્રરચના કર્યા પછી પણ કેટલાંક વાર્તિકો વધારવાં પડયાં છે.

વાર્તિકો વિનાનાં સૂત્રો રચતાંય સિદ્ધહેમની સૂત્રસંખ્યા વધી નથી એ જ આચાર્યનું કૌશલ છે. સિદ્ધહેમના સૂત્રશ્લોકોની સંખ્યા માત્ર ૧૧૦૦ છે, એ કોઈ અભ્યાસીની દૃષ્ટિએ વધારે ન જ ગણાય. આ રચનામાં 'मात्रालाघवं पुत्रोत्सवाय मन्यन्ते वैयाकरणाः'નો ન્યાય બરાબર લાગુ થાય છે. આવા ગભીરાર્થ અને અલ્પસૂત્રવાળા વ્યાકરણને લીધે ગૂજરાતનો કેટલો ય નકામો કંઠશોષ બચી જાય તેમ છે.

આનું એક જ ઉદાહરણ જૂઓ:

पाणिनि	हेमचन्द्र
ध्रुवमपायेऽपादानम् ।	अपायेऽवधिरपादानम् ।
वार्तिक { जुगुप्साविरामप्रमादार्थाना- मुपसंख्यानम् ।	
भीत्रार्थानां भयहेतुः ।	
पराजेरसोढः ।	
वारणार्थानामीप्सितः ।	
अन्तर्धौ येनाऽदर्शनमिच्छति ।	
जनिकर्तुः प्रकृतिः ।	
भुवः प्रभवः ।	

આચાર્ય પાણિનિનાં આ સૂત્રો અને વાર્તિક એ બધાંને બદલે આચાર્ય હેમચંદ્રે આ સામે દર્શાવેલા એક જ સૂત્રથી બધો વ્યવહાર સાધેલો છે અને એ સાધનમાં પણ અસંગત કે ક્લિષ્ટ જેવું કશું જણાતું નથી.

વ્યાકરણનાં પાંચ અંગો છેઃ સૂત્ર, ગણપાઠસહિતવૃત્તિ, ધાતુપાઠ, ઉણાદિ અને લિંગાનુશાસન. કેટલાંક વ્યાકરણો એવાં છે કે, જેમાં સૂત્રકાર બીજો અને વૃત્તિકાર બીજો, પાણિનિવ્યાકરણનાં પાંચે અંગો કોઇ એક-કર્તાનાં બનાવેલાં નથી; ત્યારે ગૂજરાતના આ મહદ્ વ્યાકરણનાં પાંચે અંગોનો કર્તા એક જ છે.

સિદ્ધહેમનો શીખનાર વિદ્યાર્થી એના કોઇ બીજા અંગ માટે પરકીય કૃતિનો આશ્રિત થાય એ 'સિદ્ધ' ના નામને, સિદ્ધરાજની સભાના ગૂજરાતી પંડિતોને વા ગૂજરાતદેશને શોભારૂપ ન ગણાય—ગૂજરાતના આ ઉત્કર્ષને લક્ષ્યમાં રાખીને આપણા એ પંડિતપ્રવરે પોતાના વ્યાકરણનાં એ પાંચે અંગોને પોતે જાતે જ પૂરાં કર્યાં છે.

આ જાતનું સાહિત્ય નિર્માણ કરવામાં જૈનધર્મની પ્રભાવનાનો એમનો હેતુ હતો પણ આ એમની કૃતિ સાથે રાજા 'સિદ્ધ'નું નામ જોડાએલું છે એથી સિદ્ધરાજની અને તેના રાજ્ય ગૂજરાતની પ્રતિષ્ઠા કરવાનો તો ખાસ હેતુ હતો.

૧ મૂળ સૂત્રો, ૨ એ ઉપરની મહતી અને લઘુવૃત્તિ, ૩ સવિસ્તર વૃત્તિવાળું અને અનેક ધાતુપારાયણના દોહનવાળું ધાતુપારાયણ, ૪ ઉણાદિસૂત્ર સવૃત્તિ, ૫ લિંગાનુશાસન પણ બૃહતી ટીકા સાથે—સિદ્ધહેમનાં એ પાંચ અંગો છે. એ ઉ... પોતાની ટીકા સાથેનો અભિધાનચિંતામણિકોશ, અનેકાર્થસંગ્રહ, નિઘંટુકોશ ... કરતાં વધારે મહત્ત્વનો તથા ભાષાશાસ્ત્રના ઇતિહાસમાં અત્યંત ઉપયોગી राजा... દેશી શબ્દોનો કોશ અને એની વૃત્તિ વગેરે શબ્દશાસ્ત્રને લગતા અનેક तदा चाहू...રી છે.

पुस्तकाः समल...ગ્રંથોનાં નામ સાંભળીને જ સંતોષ રાખવાનો છે. એ સંબંધી ...ાં એ પ્રત્યેક ગ્રંથ સંબંધી એક એક સ્વતંત્ર નિબંધ मस्येकमेवादीय...

ગમે તેમ હો પણ આપણે હેમચંદ્રના આ સાહિત્ય તરફ ઉદાસીન રહ્યા છીએ અને બીજા પરદેશી વિદ્વાનોએ આ સાહિત્ય કે જે ગૂજરાતના વ્યક્તિત્વને માટે જ સરજાયું છે તેને ઘણી જ સરસ રીતે પ્રકાશિત કરીને આપણા ચૈતન્યને જાગરૂક કરવાનો પ્રયત્ન કરેલો છે છતાં ય આપણે કૂટસ્થ જેવા રહ્યા છીએ તેથી જ આ હકીકતને આપની સ્મૃતિ પર આણવામાં આવી છે. ધાતુપારાયણ, ઉણાદિવૃત્તિ, લિંગાનુશાસન, અનેકાર્થસંગ્રહ અને અભિધાનચિંતામણિ વગેરે ગ્રંથોને દરિયાપારના વિદ્વાનોએ સંશોધિત કરીને પ્રથમ પ્રથમ પ્રકાશમાં આણ્યા છે અને એની આવૃત્તિઓ પણ વર્તમાનમાં દુર્લભ છે માટે જ આપણો એ માટેનો પ્રયત્ન કાંઈ પિષ્ટપેષણ જેવો નહિ થાય.

ઉપર્યુક્ત સર્વગ્રંથો સિદ્ધહેમશબ્દાનુશાસનના અંગભૂત છે, એ બધાનો પ્રણેતા એક છે અને એથી જ ગૂજરાતનું આ મહાવ્યાકરણ સર્વથા સ્વતંત્ર છે—આ વ્યાકરણના વિદ્યાર્થિને કોઈ રીતે પરતંત્રતાની ગ્લાનિનો ભય નથી, આ એક જ વ્યાકરણને લીધે ગૂજરાતને બીજા કોઈપણ દેશમાં માત્ર વ્યાકરણની દૃષ્ટિએ ગુરુપદ મળી શકે એમ છે.

પાણિનિના વ્યાકરણમાં અષ્ટાધ્યાયીનો ક્રમ છે એ ક્રમ ભલે કોઈ વિશેષ કારણથી રચાયો હોય પણ અભ્યાસિને માટે તો એ ક્લિષ્ટ છે એમ મારો જાતિ અનુભવ છે. એ જ ક્રમ ઉપર ચંદ્રગોમિનું ચાંદ્રવ્યાકરણ, દેવનન્દિ (પૂજ્યપાદ સ્વામી)નું જૈનેંદ્રવ્યાકરણ અને શાકટાયનનું શાકટાયન વ્યાકરણ રચાયાં છે. એ બધાં જોતાં પણ વિદ્યાર્થિની ક્લિષ્ટતા ઓછી થતી નથી.

હેમચંદ્રે તો વિદ્યાર્થિજગતને વ્યાકરણનો બોધ સરલ થાય અને અલ્પતર અલ્પતમ આયાસે પણ સૂત્રોનો ભાવ સ્મૃતિદ્વારા ઝીલી શકાય એવા જ ઉદ્દેશથી સર્વથા નવીન ક્રમમાં જ આપણા આ વ્યાકરણને ગૂંથેલું છે—એમાં જે સૂત્રો રચવામાં આવ્યાં છે તે બધાં સાંકળના મકોડા જેવાં પરસ્પર અનુસ્યૂત છે, કોઈપણ સ્મૃતિશાળી વિદ્યાર્થી એ સૂત્રપ્રણાલીદ્વારા વ્યાકરણના આ મહાસાગરને સુખેથી પી શકે છે. આ સંકલના સાથે એમણે વ્યાકરણનાં પ્રકરણોનો અને એ પ્રકરણોમાંનાં વિધાનોનો ક્રમ પણ વર્તમાન પદ્ધતિના શબ્દકોશની પેઠે ગોઠવેલો છે. આ ક્રમને લીધે વિદ્યાર્થિની સ્મૃતિ ઉપર ઘણો જ ઓછો ભાર પડે છે.

સિદ્ધહેમ વ્યાકરણની બે વૃત્તિ છે: બૃહદ્‌વૃત્તિ અને લઘુવૃત્તિ, કુશાગ્રબુદ્ધિ વિદ્યાર્થી બૃહદ્‌વૃત્તિને રસપૂર્વક શીખી શકે છે, મંદમેધા વિદ્યાર્થી પણ વ્યાકરણના બોધથી વિમુખ ન રહે એ માટે લઘુવૃત્તિ છે અને આ લઘુવૃત્તિનો ક્રમ એ બૃહદ્‌વૃત્તિના જેવો જ છે.

પાણિનિના ક્રમમાં કોઈ પ્રકારનો પ્રકરણવિભાગ નથી. એમાં વિધાનના ક્રમ પ્રમાણે સૂત્રો ગોઠવાએલાં છે એટલે એક જ અધ્યાયમાં નામને લગતાં, ક્રિયાપદને લગતાં, કૃદંતને લગતાં એમ અનેક જાતનાં સૂત્રોનું મિશ્રણ છે. આ રીતે પાણિનિનો અષ્ટાધ્યાયીક્રમ વિશેષ દુર્ગમ છે. એથી જ ભટ્ટોજીદીક્ષિતે એને ફેરવેલો જણાય છે. ભટ્ટોજીદીક્ષિત પોતાના સમયના એક વૈયાકરણ હતા, સંભવ છે કે, એમના જોવામાં ગૂજરાતનું આ પ્રધાન વ્યાકરણ આવ્યું હોય અને એમણે એ જોઈને જ પરાપૂર્વથી ઉતરી આવેલા પાણિનિના ક્રમને ફેરવવાનો પ્રયાસ કર્યો હોય.

માત્ર સમજવાને સારૂ હેમચંદ્રનો અને દીક્ષિતજીનો ક્રમ સંક્ષેપથી દર્શાવી દઉં:

हेमचंद्र	भट्टोजीदीक्षित
संज्ञाप्रकरण	संज्ञाप्रकरण
स्वरसन्धिप्रकरण	अच्सन्धिप्रकरण
व्यञ्जनसन्धिप्रकरण	हल्सन्धिप्रकरण विसर्गसन्धिप्रकरण स्वादिसन्धिप्रकरण
नामप्रकरण	अजन्तनामप्रकरण हलन्तनामप्रकरण
कारकप्रकरण	स्त्रीप्रत्ययप्रकरण
षत्वणत्वप्रकरण	
स्त्रीप्रत्ययप्रकरण	कारकप्रकरण
समासप्रकरण	समासप्रकरण
आख्यातप्रकरण	तद्धितप्रकरण
कृदन्तप्रकरण	तिङन्त(आख्यात)प्रकरण
तद्धितप्रकरण	कृदन्तप्रकरण
प्राकृतप्रक्रिया	वैदिकप्रक्रिया

પાણિનિની અષ્ટાધ્યાયીમાં આ જાતનો ક્રમ સચવાયો નથી, એમાં નામપ્રકરણને લગતાં કેટલાંક સૂત્રો છઠ્ઠા અધ્યાયમાં છે, કેટલાંક સૂત્રો બીજા અધ્યાયમાં છે અને કેટલાંક સૂત્રો સાતમા અધ્યાયમાં છે. એ રીતે એમાં એ પ્રત્યેક પ્રકરણનાં સૂત્રો જુદા જુદા અધ્યાયમાં ગોઠવાએલાં છે. આમ હોવાથી પાણિનિના ક્રમનો નિર્દેશ થઈ શકે એમ નથી. પૂર્વ વ્યાકરણોમાં ગૂજરાતનું નવીન વ્યાકરણ વિશિષ્ટક્રમ ઉપર રચાએલું છે અને એ પણ એની નવીનતા છે.

આ મહાવ્યાકરણની રચના કરતાં પહેલાં આચાર્ય હેમચંદ્રે બીજાં પ્રાચીન અનેક વ્યાકરણોને સામે રાખ્યાની હકીકત તો ઉપર આવી ગઇ છે. અહીં તો એ વિચારવું છે કે, આ મહદ્ વ્યાકરણમાં ખાસ કરીને કયા વ્યાકરણનું પ્રતિબિંબ છે.

સૂત્રોની સમાનતા જોતાં જણાય છે કે, હેમચંદ્રના વ્યાકરણમાં જૈન શાકટાયનના વ્યાકરણનું વિશેષ પ્રતિબિંબ છે. આ નીચે આપેલાં સૂત્રોના કોષ્ટક દ્વારા આ હકીકતની સ્પષ્ટતા થઇ શકે છે:

शाकटायन	हेमचन्द्र	
१ क्रियार्थो धातुः	क्रियार्थो धातुः	३–३–३
२ प्रादिर्नाप्रत्यये	न प्रादिरप्रत्ययः	३–३–४
३ कणेमनःश्रद्धोच्छेदे	कणेमनस्तृप्तौ	३–१–६
४ गत्यर्थवदोऽच्छः	गत्यर्थवदोऽच्छः	३–१–८
५ तिरोऽन्तर्धौ	तिरोऽन्तर्धौ	३–१–९

६ स्वाम्येऽधिः	स्वाम्येऽधिः	३–१–१३
७ प्राध्वं वन्धे	प्राध्वं वन्धे	३–१–१६
८ नित्यं हस्ते पाणौ स्वीकृतौ	नित्यं हस्ते पाणावुद्वाहे	३–१–१५
९ मनस्युरस्युपाजेऽन्वाजे मध्येपदेनिवचने	मध्येपदेनिवचनेमनस्युरस्य-नत्याधाने	३–१–११
	उपाजेऽन्वाजे	३–१–१२
१० मनुर्नभोऽङ्गिरो वति	मनुर्नभोऽङ्गिरो वति	१–१–२४
११ ह्रस्वो वाऽपदे	ह्रस्वोऽपदे वा	१–२–२२
१२ ऋत्यारुपसर्गस्य	ऋत्यारुपसर्गस्य	१–२–९
१३ प्रस्योढोढ्यूहैष्ये	प्रस्यैषैष्योढोढ्यूहे स्वरेण	१–२–१४
१४ स्वैरस्वैर्यक्षौहिण्याम्	स्वैरस्वैर्यक्षौहिण्याम्	१–२–१५
१५ ओमाङि	ओमाङि	१–२–१८
१६ एवेऽनियोगे	अनियोगे लुगेवे	१–२–१६
१७ वौष्ठौतौ समासे	वौष्ठौतौ समासे	१–२–१७
१८ आर्तृतीयाया ऋते	ऋते तृतीयासमासे	१–२–८
१९ चादेरचोऽनाङः	चादिः स्वरोऽनाङ्	१–२–३५
२० सौ वेतौ	सौ नवेतौ	१–२–३८
२१ अब्धौ चोदन्वान्	उदन्वानब्धौ च	२–१–९७
२२ राजन्वान् सुराज्ञि	राजन्वान् सुराज्ञि	२–१–९८
२३ नोर्म्यादिभ्यः	नोर्म्यादिभ्यः	२–१–९९

હૈમ વ્યાકરણ શાકટાયનનું પ્રતિબિંબ છતાં ય કાંઇ અનુકરણ માત્ર નથી, એમાં સૂત્રના ક્રમની યોજનાનું કૌશલ, વૃત્તિનું કૌશલ, ઉદાહરણો ઘડવાનું ચાતુર્ય અને વ્યાકરણના ખાસ સિદ્ધાન્તો ઉપર ચર્ચા કરવાની પદ્ધતિ એ બધામાં હેમચંદ્રની પ્રતિભા પદે પદે દેખાય છે.

મારા શ્રોતાઓ જો ખાસ કરીને વૈયાકરણો હોત તો જરૂર એમને આ હકીકત શાકટાયન અને હૈમ વ્યાકરણના કેટલાંક વિશેષ ઉદાહરણોનું તારતમ્ય દર્શાવીને સ્પષ્ટતાથી કહી શકત, પણ મારે અહીં આટલાથી જ સંતોષાવું પડે છે.

હેમચંદ્રના એ સંસ્કૃત બૃહદ્વ્યાકરણના મૂળની સંખ્યા ૧૧૦૦ શ્લોક છે; એટલે સર્વ સૂત્રસંખ્યા ૩૫૬૬ અને પ્રાકૃતવ્યાકરણની સૂત્રસંખ્યા ૧૧૧૯ છે. કોઇ નવીન

અભ્યાસીને પણ આ વ્યાકરણ પ્રસાદ ઉપજાવે એવું છે. વ્યાકરણમાં કાવ્યોની પેઠે પ્રસાદ તો ન હોય પણ જેને સાંભળતાં જ શ્રોતાને સહજમાં ભાન થયા જેવું લાગે એ ગુણ આ વ્યાકરણમાં સળંગ રીતે પરોવાએલો છે. હેમચંદ્રે પોતાના વ્યાકરણની પ્રાયઃ બધી સંજ્ઞાઓ એ જાતની પ્રાસાદિક ગોઠવેલી છે, આ જોતાં બીજા વ્યાકરણની સંજ્ઞાઓ તદ્દન અપરિચિત જેવી લાગે છે, સાંભળતાં કશો અર્થ ઉપજાવે તેવી જણાતી નથી. આ સંજ્ઞાવિધાનમાં હેમચંદ્રે પૂર્વની [3]ઐન્દ્રપરંપરા, પ્રાતિશાખ્યપરંપરા કે કાતંત્રપરંપરાને સામે રાખેલી છે.

ખાસ નવીનતા લાવવા માટે કોઇ અપરિચિત સંજ્ઞાઓ ઘડવા કરતાં પૂર્વપરંપરાગત પ્રથાને અનુસરીને સાર્થક સંજ્ઞાઓ ઘડવી એ વિશેષ યોગ્યતાદર્શક પ્રવૃત્તિ છે. હેમચંદ્રે આ બાબતમાં પરંપરાને માન આપ્યું છે અને એથી વ્યાકરણના સર્વથા નીરસ વિષયમાં ય ક્યાંય સરસતા જળવાઇ રહી છે; નીચેના કોષ્ટક ઉપરથી જોઇ શકાશે કે કયા વ્યાકરણની કઇ સંજ્ઞા કર્કશ છે, દુઃશ્રવ છે અને કઇ સંજ્ઞા મધુર છે, સુશ્રવ છે. હેમચંદ્રે તદ્ધિત પ્રત્યયોમાં પણ આવી મધુરતા મૂકેલી છે. એ પણ આ કોષ્ટકમાં દર્શાવેલું છે.

हेमचन्द्र	पाणिनि
स्वर	अच्
व्यञ्जन	हल्
अन्तःस्थ	यण्
अघोष	खर्
घोष	हश्
वर्तमाना	लट्
सप्तमी	लिङ्
पञ्चमी	लोट्
ह्यस्तनी	लङ्
अद्यतनी	लुङ्
परोक्षा	लिट्
आशीः	आशीर्लिङ्
श्वस्तनी	लुट्
भविष्यन्ती	लृट्
क्रियातिपत्ति	लृङ्

3 ऐन्द्रादिपूर्वव्याकरणेषु च 'अच' 'झल' आदिरूपस्याप्रसिद्धेः— (बृहन्न्यास पृ० ११).

इकण् प्रत्यय (वैनयिकम्) — ठक् प्रत्यय (वैनयिकम्)

આમાંની કોઈ કોઈ સંજ્ઞા પ્રાતિશાખ્યમાં મળે છે. કાતન્ત્ર વ્યાકરણમાં અને કાત્યાયનકૃત પાલિભાષાના વ્યાકરણમાં પણ આ બધી સંજ્ઞાઓને નિર્દેશેલી છે.

ગૂજરાતના આ વ્યાકરણની આ ઉપરાંત બીજી બીજી પણ કેટલી ય વિશેષતાઓ છે–આ લઘુ લેખમાં એ બધી ન દર્શાવાય એ સ્વાભાવિક છે.

એક સમય એવો હતો કે, જ્યારે ગૂજરાતની કીર્તિ [૪]કાશ્મીરથી તે કર્ણાટક પર્યંત આ વ્યાકરણદ્વારા ફેલાએલી હતી, રાજા સિદ્ધરાજને આ વ્યાકરણ માટે સવિશેષ બહુમાન હતું, એણે પોતે રાજકોશનો વ્યય કરીને ત્રણ વરસ સુધી આ વ્યાકરણની અનેક પ્રતિઓ લખાવી હતી અને પોતાના તથા એ સમયના જાણીતા દરેક દેશમાં એની પ્રતો મોકલાવી હતી–આ વ્યાકરણના અભ્યાસીને બહુ ઉત્તેજન મળતું હતું. કાકલ કે કક્કલ નામના કાયસ્થને આ વ્યાકરણનો અધ્યાપક નીમવામાં આવ્યો હતો.

આપણું આ બૃહદ્વ્યાકરણ ગૂજરાતના મહારાજા સિદ્ધરાજના નામ સાથે સંબંધ ધરાવે છે, સર્વાંગે સંપૂર્ણ છે, સર્વધર્મ સાધારણ છે, પ્રાકૃત વગેરે ભાષાઓનું પણ એ શાસ્ત્ર છે, અનેક વ્યાકરણોનું નવનીત છે, કોઈ અંશે અપૂર્ણ નથી, કર્તાની પ્રતિભાથી ભરેલું છે અને ભણનારને પ્રસન્નતા આપે એવું છે માટે જ ગૂજરાતનું એ ભૂષણરૂપ છે.

સિદ્ધહેમ ઉપરના બીજા ટીકાગ્રંથો

જે જે વિદ્વાનોએ સિદ્ધહેમ વ્યાકરણ ઉપર ટીકાગ્રંથો, તેને લગતા બીજા ગ્રંથો અને એ ઉપરથી જે નવાં વ્યાકરણો લખ્યાં છે તે બધાનાં કર્તા સાથેનાં નામ અહીં આપવાનાં છે:

---

[૪] "अङ्ग-वङ्ग-कलिङ्गेषु लाट-कर्णाट-कुङ्कणे ।
महाराष्ट्रसुराष्ट्रासु वत्से कच्छे च मालवे ॥१०६॥
सिन्धु-सौवीरनेपाले पारसीक-मुरण्डके ।
गङ्गापारे हरिद्वारे काशि-चेदि-गयासु च ॥१०७॥
कुरुक्षेत्रे कन्यकुब्जे गौडश्री-कामरूपयोः ।
सपादलक्षवज्जालन्धरे च खसमध्यतः ॥१०८॥
सिंहलेऽथ महाबोधे चोडे मालवकौशिके ।
इत्यादिविश्वदेशेषु शास्त्रं व्यस्तार्यत स्फुटम् ॥१०९॥
अस्य सोपनिबन्धानां पुस्तकानां च विंशतिः ।
प्राहीयन्त नृपेन्द्रेण काश्मीरेषु महादरात् ॥११०॥
एतत् तत्र गतं शास्त्रं स्वीयकोशे निवेशितम् ।
सर्वो निर्वाहयेत् तेनाद्य देव्यास्तु का कथा" ॥१११॥

—(પ્રભાવકચરિત્ર–હેમચંદ્ર સૂરિનો પ્રબંધ).

(આમાંના ઘણા ગ્રંથો એવા છે કે જે મારા જોવામાં આવ્યા નથી પણ 'જૈન ગ્રંથાવલી'માં ભાષાસાહિત્યના વિભાગમાં તે નામો નોંધેલાં છે તેનો જ મેં અહીં ઉપયોગ કર્યો છે.)

નામ	પૂર	કર્તા	સંવત્
૧ બૃહન્ન્યાસ	૮૪૦૦૦	હેમચંદ્ર	
૨ લઘુન્યાસ	૫૩૦૦૦	રામચંદ્રગણી (હેમચંદ્રના શિષ્ય)	
૩ ,,	૯૦૦૦	ધર્મઘોષ	
૪ ન્યાસોદ્ધાર		કનકપ્રભ[5]	

५ "आसीद्वादिद्विरदपृतनापाटने पञ्चवक्त्र-
श्चान्द्रे गच्छेऽच्छतरधिषणो धर्मसूरिर्मुनीन्द्रः ।
पट्टे तस्याजनि जनमनोऽम्भोरुहानन्दकन्दः
सूरिः सम्यग् गुणगणनिधिः ख्यातिभाग् रत्नसिंहः ॥ १ ॥
यस्योपरागसीमायामुदयः परभागभाग् ।
देवेन्द्रसूरिस्तत्पट्टे जज्ञे नव्यो नभोमणिः ॥ २ ॥

इतश्च,

निर्वीराधनमुक्तिशासनजीवाऽवद्योत्सर्पणा-
श्रीकौमारविहारमण्डितमहीभूपप्रबोधादिकाः ।
क्षीरोदोदधिमुद्रितेऽवनितले यस्योर्जिताः केलयः
सोऽभूत् तीर्थकरानुकारिरचनः श्रीहेमचन्द्रो गुरुः ॥ ३ ॥

किञ्च,

भूपालमौलिमाणिक्यमालालालितशासनः ।
दर्शनषट्कनिस्तन्द्रो हेमचन्द्रो मुनीश्वरः ॥ ४ ॥
तेषामुदयचन्द्रोऽस्ति शिष्यः संख्यावतां वरः ।
जगज्जीवमभूद् यस्य व्याख्या ज्ञानामृतप्रपा ॥ ५ ॥
तस्योपदेशाद् देवेन्द्रसूरिशिष्यलवो व्यधात् ।
न्याससारसमुद्धारं मनीषी कनकप्रभः" ॥ ६ ॥

—(સિદ્ધહેમના લઘુન્યાસની પ્રશસ્તિ.)

૫ હૈમ લઘુવૃત્તિ	કાકલ (કક્કલ) કાયસ્થ (હેમચંદ્રનો સમસમયી)	
૬ હૈમ બૃહદ્વૃત્તિ ઢુંઢિકા	સૌભાગ્યસાગર	૧૫૯૧
૭ હૈમ ઢુંઢિકાવૃત્તિ	ઉદયસૌભાગ્ય	
૮ હૈમ લઘુવૃત્તિ ઢુંઢિકા	મુનિશેખર	
૯ હૈમ અવચૂરિ	ધનચંદ્ર	
૧૦ પ્રાકૃત દીપિકા	બીજા હરિભદ્ર	
૧૧ પ્રાકૃત અવચૂરી	હરિપ્રભ સૂરિ	
૧૨ હૈમ ચતુર્થપાદવૃત્તિ	હૃદયસૌભાગ્ય	૧૫૯૧
૧૩ હૈમ વ્યાકરણ દીપિકા	જિનસાગર	
૧૪ હૈમ વ્યાકરણ અવચૂરિ	રત્નશેખર	
૧૫ હૈમ દુર્ગપદ પ્રબોધ	જ્ઞાનવિમળ શિષ્ય વલ્લભ	(૧૬૬૧)
૧૬ હૈમકારક સમુચ્ચય	શ્રીપ્રભસૂરિ	(૧૨૮૦)
૧૭ હૈમવૃત્તિ	,,	,,

હૈમ વ્યાકરણને લગતા બીજા ગ્રંથો.

૧ લિંગાનુશાસનવૃત્તિ બીજી	જયાનંદ	
૨ ધાતુપાઠ (સ્વરવર્ણાનુક્રમ)	પુણ્યસુંદર	
૩ ક્રિયારત્ન સમુચ્ચય	ગુણરત્ન	૧૪૬૬
૪ હૈમ વિભ્રમસૂત્ર	ગુણચંદ્ર	
૫ હૈમ વિભ્રમવૃત્તિ	જિનપ્રભ	
૬ હૈમ લઘુન્યાય પ્રશસ્તિ અવચૂરિ	ઉદયચંદ્ર	
૭ ન્યાયમંજૂષા	હેમહંસ	૧૫૧૫
૮ ન્યાયમંજૂષા ન્યાસ	,,	,,
૯ સ્યાદિશબ્દ સમુચ્ચય	અમરચંદ્ર	

હૈમ વ્યાકરણ ઉપરથી બનેલાં બીજાં વ્યાકરણો.

૧ હૈમ કૌમુદી (ચંદ્રપ્રભા)	મેઘવિજય	૧૭૫૮
૨ હૈમ પ્રક્રિયા	મહેન્દ્રસુત વીરસી	
૩ હૈમ લઘુપ્રક્રિયા	વિનયવિજય	

આ સિવાય બીજા કેટલાય ગ્રંથો નામ વિના પણ નોંધાએલા છે. આ બધા ગ્રંથોનો તેમ ગ્રંથકારોનો પરિચય જરૂર આપી શકાય એમ છે પણ એને લગતાં બધાં સાધનો મારી સામે નથી એટલે નામ માત્રથી જ ચલવવું પડે છે.

વ્યાકરણશાસ્ત્રના વિષયમાં ગૂજરાતનો ફાળો

ઉપર જે જે ગ્રંથોનાં નામ જણાવેલાં છે તેમાંના મોટે ભાગે તો ગૂજરાતના જ વિદ્વાનો છે એ ઉપરાંત આ બે નામો ખાસ ધ્યાન ખેંચે એવાં છે:

ભદ્રેશ્વરસૂરિ અને વર્દ્ધમાન

ગણરત્ન મહોદધિનો પ્રણેતા વર્ધમાન પોતાના એ ગ્રંથની ટીકાના પ્રારંભમાં જ ભદ્રેશ્વરસૂરિને એક વૈયાકરણ તરીકે યાદ કરે છે:

"शालातुरीय शकटाङ्गजचन्द्रगोमि–
दिग्वस्त्रभर्तृहरिवामनभोजमुख्याः ।
मेधाविनः प्रवरदीपककर्तृयुक्ताः
प्राज्ञैर्निषेवितपदद्वितया जयन्ति ॥"

ટીકા–"दीपककर्ता भद्रेश्वरसूरिः, प्रवरश्चासौ दीपककर्ता च प्रवरदीपककर्ता प्राधान्यं चास्य आधुनिकवैयाकरणापेक्षया ।"

અર્થાત્ વર્ધમાન આ ભદ્રેશ્વરસૂરિને પોતાના સમયના પ્રધાન વૈયાકરણ જણાવે છે. વર્ધમાનનો સમય—

सप्तनवत्यधिकेष्वेकादशसु शतेष्वतीतेषु ।
वर्षाणां विक्रमतो गणरत्नमहोदधिर्विहितः ॥

અર્થાત્ વિક્રમસંવત્ ૧૧૯૭ માં વર્ધમાને ગણરત્નમહોદધિની રચના કરી. આ વર્ધમાન પણ જયસિંહદેવની સભાનું રત્ન હતો. એના ગુરુનું નામ ગોવિંદસૂરિ. આ ઉપરથી જણાય છે કે, કદાચ ભદ્રેશ્વરસૂરિ અને વર્ધમાન બંને સમસમયી હોય અથવા ભદ્રેશ્વરસૂરિ વર્ધમાનના પૂર્વવર્તી હોય. ગમે તેમ હો પણ આ બંને ગ્રંથકારે ગુજરાતના પંડિતવરો હતા, ભદ્રેશ્વરસૂરિનો 'કથાવલી' નામનો એક મોટો પ્રાકૃત ગ્રંથ મળે છે તે આ ભદ્રેશ્વરનો કે બીજાનો, તેનો નિર્ણય એ ગ્રંથ જોયા સિવાય થઇ શકે નહિ.

છેવટે જણાવવાનું કે, ગૂજરાતના પંડિતોની આ પરિષત્ પોતાના પૂર્વગૌરવને પ્રતિષ્ઠાપિત કરવા પ્રયત્નવંત થશે અને ગુજરાતમાં વિદ્યાભ્યાસંગનો ઉત્કર્ષ સધાવીને વર્ધમાને ઉદ્ધરેલું આ વાક્ય ચરિતાર્થ કરશે—

"द्रव्याश्रयाः श्रीजयसिंहदेव ! गुणाः कणादेन महर्षिणोक्ताः ।
त्वया पुनः पण्डितदानशौण्ड ! गुणाश्रयं द्रव्यमपि व्यधायि "॥

(ગણરત્નમહોદધિ પૃ૦ ૭૯)

પરિશિષ્ટ ૧

ગૂજરાતનાં કેટલાંક વ્યાકરણોનો પરિચય.

૧ બુદ્ધિસાગર વ્યાકરણ–આ વ્યાકરણના પ્રણેતા બુદ્ધિસાગરસૂરિ છે, એમના વ્યાકરણનો આદિ ભાગ આ પ્રમાણે છે:

" सिद्धं जिनं सर्वविदं निरञ्जनं सर्वीयमीशं कमलालयं गुरून् ।
नत्वा प्रवृद्धो लघुपूर्णपद्यवाक् लब्ध ? लक्ष्म्याऽनुधवुद्धिवृद्धये ॥ "

અંતભાગ—

" श्रीविक्रमादित्यनरेन्द्रकालात् साशीतिके याति समासहस्रे ।
सश्रीकजावालिपुरे तदाद्यं दृब्धं मया सप्तसहस्रकल्पम् ॥"

આ બુદ્ધિસાગરનો સમય વિક્રમનો ૧૧ મો સૈકો છે, તેઓ વર્ધમાનસૂરિના શિષ્ય હતા અને જિનેશ્વરસૂરિના સહોદર હતા. આમના સમયે ગૂજરાતનો રાજા દુર્લભદેવ હતો અને એઓ એની સભામાં પ્રતિષ્ઠા પામ્યા હતા.

આ સંબંધમાં વધારે જાણવા માટે એ જ વ્યાકરણની પ્રશસ્તિ તથા પ્રભાવક ચરિત્રમાંનો અભયદેવનો પ્રબંધ જોવો જોઈએ (પૃ૦ ૨૬૧–૨૭૨).

જૈન સંપ્રદાયમાં આ આચાર્ય આદ્ય વૈયાકરણ છે. તે એમણે પ્રશસ્તિના છેલ્લા પદ્યમાં 'आद्यम्' શબ્દથી સૂચિત કર્યું છે.

વ્યાકરણની સંખ્યા તેઓ સાત હજાર શ્લોકની કહે છે, પ્રભાવકચરિત્રમાં—

सहस्राष्टकमानं तत् श्रीवुद्धिसागराभिधम ॥ ९०॥

એને આઠ હજાર શ્લોક પ્રમાણ કહેલું છે.

આ સંબંધમાં બુદ્ધિસાગરના સમસમયી શ્રીજિનેશ્વરસૂરિનો ઉલ્લેખ આ પ્રમાણે છે:

" श्रीवुद्धिसागराचार्यैः पाणिनि–चन्द्र–जैनेन्द्र–विश्रान्त–दुर्गटीका अवलोक्य, वृत्तबन्धैः ? धातुसूत्रगणोणादिवृत्तबन्धैः कृतं व्याकरणं संस्कृत-प्राकृतशब्दसिद्धये "–(પ્રમાણલક્ષણવૃત્તિ);

તથા એ જ સમયના અભયદેવસૂરિ પણ એ માટે " व्याकरणादिशास्त्रकर्तुः श्रीबुद्धिसागराचार्यस्य " એ જાતનો ઉલ્લેખ કરે છે—(પંચાશકવૃત્તિ, સ્થાનાંગવૃત્તિ). આ વ્યાકરણની ઉત્પત્તિ વિષે શ્રીજિનેશ્વરસૂરિએ આ પ્રમાણે કહેલું છે:

" तैरवधीरिते यत् तु प्रवृत्तिरावयोरिह ।
तत्र दुर्जनवाक्यानि प्रवृत्तेः सन्निबन्धनम् " ॥

" कीदृशानि दुर्जनवाक्यानि ? इत्याह–
शब्दलक्ष्म प्रमालक्ष्म यदेतेषां न विद्यते ।
नादिमन्तस्ततो ह्येते परलक्ष्मोपजीविनः " ॥

" श्रीबुद्धिसागराचार्यैर्वृत्तैर्व्याकरणं कृतम् ।
अस्माभिस्तु प्रमालक्ष्म वृद्धिमायातु सांप्रतम् ॥ "

(પ્રમાણલક્ષણનો પ્રાંત ભાગ)

અર્થાત્ 'આ જૈન લોકોનું કોઇ શબ્દલક્ષણ (વ્યાકરણ) નથી તેમ ન્યાયલક્ષણ નથી તેથી તેઓ અર્વાચીન છે' આ જાતનો આક્ષેપ દૂર કરવા માટે બુદ્ધિસાગરસૂરિએ પદ્યબંધ નવું વ્યાકરણ કર્યું અને અમે (જિનેશ્વરસૂરિએ) પ્રમાલક્ષણ કર્યું."

આ વ્યાકરણ જોતાં જણાય છે કે, એ કેવળ પદ્યોમાં નથી પણ ગદ્યપદ્યરૂપ છે. આની લખેલી પ્રતિ મુનિરાજશ્રીહંસવિજયજી પાસેથી મળેલી છે માટે એમનો અહીં ઉપકાર માનું છું.

૨ મલયગિરિનું વ્યાકરણ મેળવી શક્યો નથી. એનો ઉલ્લેખ 'જૈનગ્રંથાવલી'માં પૃ. ૨૯૮ માં છે. કુમારપાલ પ્રબંધમાં એમ જણાવ્યું છે કે, દેવેન્દ્રસૂરિ અને મલયગિરિની સાથે આચાર્ય હેમચંદ્ર ગૌડદેશ તરફ વિચર્યા હતા–(પૃ. ૧૨). આ મલયગિરિની ખ્યાતિ જૈન-સૂત્રોના ટીકાકાર તરીકે સુવિશ્રુત છે.

૩ વિદ્યાનંદ વ્યાકરણના પ્રણેતા વિદ્યાનંદસૂરિ છે, એમનો સમય વિક્રમનો ૧૪ મો સૈકો, અને એમના ગુરુનું નામ દેવેન્દ્રસૂરિ; એ સંબંધમાં મુનિ સુંદરસૂરિની (સં. ૧૪૬૬) ગુર્વાવલીમાં સવિસ્તર વૃત્તાન્ત છે (પૃ. ૧૫–૧૬ શ્લો. ૧૫૨–૧૭૨).

" विद्यानन्दाभिधं तेन कृतं व्याकरणं नवम् ।
भाति सर्वोत्तमं स्वल्पसूत्रं बह्वर्थसंग्रहम्" ॥

(ગુર્વા૦ પૃ૦ ૧૬ શ્લો૦ ૧૭૧)

આ વ્યાકરણ મારા જોવામાં નથી આવ્યું.

પરિશિષ્ટ ૨

હેમચંદ્રે જણાવેલા કેટલાક વૈયાકરણોનો પરિચય

आपिशलि—આ શાબ્દિકોમાંનો એ એક મોટો શાબ્દિક છે. પાણિનિ પોતાની અષ્ટાધ્યાયીમાં એનું સ્મરણ કરે છે. પાણિનિના વૃત્તિકાર 'आपिशली मीमांसा' એનું ઉદાહરણ આપે છે.

એ ઉપરથી એ કોઇ મહાન્ મીમાંસક હોય એવું જણાય છે, એણે કોઇ 'શિક્ષા'ને પણ રચેલી છે જેનો ઉતારો હેમચંદ્ર આપે છે. આ સંબંધમાં વધારે જાણવા માટે જુઓ, નિરુક્તાલોચન પૃ૦ ૧૧૫ (સામશ્રમી સત્યવ્રત).

पाणिनेः पूर्वे—પાણિનિના પૂર્વવર્તી વૈયાકરણો–યાસ્ક, શાકટાયન, ગાર્ગ્ય, વેદમિત્ર અને શાકલ વગેરે.

इन्द्र–चान्द्राभ्याम्—'ઇન્દ્ર' નામનો કોઇ મહાન્ વૈયાકરણ થઇ ગયો છે, જેનો ઇતિહાસ ઇતિહાસના રૂપમાં ઉપલબ્ધ નથી, દંતકથાના રૂપમાં છે. તો પણ 'ઇન્દ્ર'ને લગતા જે ઉતારા મળે છે તેથી એમ જણાય છે કે, એ આદ્ય વૈયાકરણ હતો અને પાણિનિનો પૂર્વવર્તી હતો. બ્રાહ્મણ, બૌદ્ધ અને જૈન સાહિત્યમાં જ્યાં જ્યાં એ ઉતારા છે તે આ નીચે આપું છું:

१ " वाग् वै पराची अव्याकृताऽवदत् ते देवा इन्द्रमब्रुवन् इमां नो वाचं व्याकुरु इति सोऽब्रवीद् वरं वृणै मह्यं चैवैष वायवे च सह गृह्याता इति तस्माद् ऐन्द्रवायवः सह गृह्यते तामिन्द्रो मध्यतोऽवक्रम्य व्याकरोत् तस्मादियं व्याकृता वाग् उद्यते "–

કૃષ્ણયજુર્વે૦ તૈત્તિરીય સં૦ ૬, ૪, ૭ પૃ૦ ૪૧૧૯
આનંદાશ્રમ ગ્રં૦ ભાગ ૮ ગ્રંથાંક ૪૨

આ શ્રુતિનો ઉપોદ્ઘાત આપતાં ભાષ્યકાર સાયણ જણાવે છે કે,

" व्याकरणमपि प्रकृति–प्रत्ययाद्युपदेशेन पदस्वरूप–तदर्थनिश्चयाय उपयुज्यते । तथा च ऐन्द्रवायवब्राह्मणे समाम्नायते "

અને આ શ્રુતિની વ્યાખ્યા કરતાં એ જ આચાર્ય જણાવે છે કે,

" 'अग्निमीळे पुरोहितम्' इत्यादिवाक् पूर्वस्मिन् काले पराची समुद्रादिध्वनिवद् एकात्मिका सती अव्याकृता 'प्रकृतिः' 'प्रत्ययः' 'पदम्' 'वाक्यम्' इत्यादिविभागकारिग्रन्थरहिता आसीत्, तदानीं देवैः प्रार्थितः इन्द्रः × × × तुष्टः तामखण्डां वाचं मध्ये विच्छिद्य प्रकृति–प्रत्ययादिविभागं सर्वत्र अकरोत् "—

ઋગ્વેદની પ્રસ્તાવના સાયણ ભા૦ પૃ૦ ૧૯

તાત્પર્ય એ છે કે, " 'अग्निमीळे पुरोहितम्' ઇત્યાદિ વાણી પહેલાના સમયમાં અવ્યાકૃત હતી એટલે એ વાણીમાં પ્રકૃતિ, પ્રત્યય, પદ કે વાક્ય વગેરેના વિભાગને દર્શાવતો કોઇ ગ્રંથ ન હતો પણ પછી ઇંદ્રે એ વાણીનું વ્યાકરણ કર્યું."

२ " एवं हि श्रूयते–" बृहस्पतिरिन्द्राय दिव्यं वर्षसहस्रं प्रतिपदोक्तानां शब्दानां शब्दपारायणं प्रोवाच, नान्तं जगाम "

—મહાભાષ્ય પ્રથમ ભા૦ પસ્પશાભાષ્ય અ૦ ૧ આ૦ ૧ પા૦ ૧ પૃ૦ ૫૦

આ ઉતારામાં મહાભાષ્યકાર પતંજલિએ 'ઇન્દ્ર' નામની કોઇ વ્યક્તિને શબ્દપારાયણની શ્રોત્રી તરીકે વર્ણવી છે–જેણે 'ઐન્દ્ર' વ્યાકરણ રચ્યું હોય.

३ " इन्द्रश्चन्द्रः काशकृत्स्नापिशली शाकटायनः ।
पाणिन्यमरजैनेन्द्रा जयन्त्यष्टौ च शाब्दिकाः "

—મુગ્ધબોધ વ્યાકરણકર્તા વોપદેવ–કવિ કલ્પદ્રુમ.

४ " इन्द्रादयोऽपि यस्यान्तं न ययुः शब्दवारिधेः ।
प्रक्रियां तस्य कृत्स्नस्य क्षमो वक्तुं नरः कथम् " ॥

અનુભૂતિ૰ સારસ્વત પૃ૦ ૫

" इन्द्रादयः अष्टौ महाव्याकरणकर्तारः—"

ચંદ્રકીર્તિટીકા.

५ " इत्याख्याय कथां मध्ये विन्ध्यान्तः काणभूतये ।
पुनर्वररुचिस्तस्मै प्रकृतार्थमवर्णयत् ॥ १ ॥
एवं व्याडि-इन्द्रदत्ताभ्यां सह तत्र वसन् क्रमात् ।
प्राप्तोऽहं सर्वविद्यानां पारमुत्क्रान्तशैशवः ॥ २ ॥

× × × × ×

अथ कालेन वर्षस्य शिष्यवर्गो महानभूत् ।
तत्रैकः पाणिनिर्नाम जडबुद्धितरोऽभवत् ॥२०॥
स शुश्रूषापरिक्लिष्टः प्रेषितो वर्षभार्यया ।
अगच्छत् तपसे खिन्नो विद्याकामो हिमालयम् ॥२१॥
तत्र तीव्रेण तपसा तोषितादिन्दुशेखरात् ।
सर्वविद्यामुखं तेन प्राप्तं व्याकरणं नवम् ॥२२॥
ततश्चागत्य मामेव वादायाऽऽह्वयते स्म सः ।
प्रवृत्ते चावयोर्वादे प्रयाताः सप्त वासराः ॥ २३ ॥
अष्टमेऽह्नि मया तस्मिन् जिते तत्समनन्तरम् ।
नभःस्थेन महाघोरो हुंकारः शंभुना कृतः ॥२४॥
तेन प्रणष्टमैन्द्रं तदस्मद्व्याकरणं भुवि ।
जिताः पाणिनिना सर्वे मूर्खीभूता वयं पुनः " ॥२५॥

—કથાસરિત્સાગર તરંગ ૪.

" વ્યાડિ, ઇંદ્રદત્ત અને વરરુચિ ત્રણુ સહાધ્યાયી છે, એમના ઉપાધ્યાય ' વર્ષ ' છે. પાણિનિએ શાસ્ત્રાર્થ કરીને વરરુચિને પરાજિત કર્યો અને તે સાથે જ શંભુએ ' ઐન્દ્ર ' વ્યાકરણુનો સંહાર કર્યો ". આમાં ' ઐન્દ્ર ' વ્યાકરણુનો નાશ અને ' શંભુ ' વ્યાકરણુની ઉત્પત્તિ જણુાવ્યાં છે.

બાદ્ધ ઉલ્લેખ—

૬ " यावत् क्रमेण शारिपुत्रो जातः । तेन द्विरष्टवर्षेण ऐन्द्रं व्याकरणमधीतम्, सर्ववादिनश्च निगृहीताः "—

(અવદાનશતક-દીર્ઘનખ અવદાન ૯૯ મું, ભા૦ ૨ પૃ૦ ૧૮૭.)

' શારિપુત્ર સોળ વરસે ઐન્દ્ર વ્યાકરણને ભણ્યો ' એ ભાવ આ ઉલ્લેખમાં છે.

જૈન ઉલ્લેખ (દિગંબરસાહિત્ય)

૭ " जराया ङस् इन्द्रस्याचि "—શાકટાયન વ્યાકરણ પૃ૦ ૩૪ સૂ૦ ૯૨. આ સૂત્રમાં ' જરા ' શબ્દનાં રૂપ વિષે ઇન્દ્રનો મતભેદ દર્શાવ્યો છે.

૮ " इन्द्रचन्द्रार्कजैनेन्द्रव्यापि(डि)व्याकरणेक्षिणः "—હરિવંશપુરાણ

(જૈનસા૦ સં૦ ભા૦ ૧ પૃ૦ ૬૬ પ્રેમીજીનો લેખ)

(શ્વેતાંબરગ્રંથ)

૯ " अह तं अम्मापियरो जाणित्ता अहिअअट्ठवासं तु ॥
कयकोउअलंकारं लेहायरिअस्स उवर्णिति ॥ ७६ ॥
सक्को य तस्समक्खं भयवंतं आसणे निवेसित्ता ।
सद्दस्स लक्खणं पुच्छे वागरणं अवयवा इंदं " ॥ ७७ ॥

જિનભદ્રગણિક્ષમાશ્રમણ આવશ્યકભાષ્ય—આવશ્યક સૂત્ર પૃ૦ ૧૮૨

"शक्रश्च × × × शब्दस्य लक्षणं पृच्छति, भगवता च व्याकरणमभ्यधायि, तदवयवाः केचन उपाध्यायेन गृहीताः, ततश्च ऐन्द्रं व्याकरणं संजातमित्यर्थः "—આવ૦ હરિભદ્રવૃત્તિ.

૧૦ " सव्वालंकारधरं सोहणदिवसे कलाण गहणत्थं ।
कयपूयासक्कारस्स उवज्झायस्स उवर्णिति ॥ ७९३ ॥
तस्सेव य पच्चक्खं वीरकुमारं निवेसइ पहट्ठो ।
वंदित्तु सद्दलक्खणमह पुच्छइ मउलकरकमलेण ॥७९७॥
तुट्ठा अम्मापियरो एवं नाउं वियक्खणं वीरं ।
सक्को वि य सट्ठाणं वंदिय वीरं गओ खिप्पं ॥ ८०० ॥
वीरजिणस्स सगासे अवधारियसद्दलक्खणलवेणं ।
उज्झाएण वि रइयं वागरणं किर अइंदं ति " ॥ ८०१ ॥

નેમિચંદ્રસૂરિ (વિ૦ સં૦ ૧૧૪૧)
વીરચરિય પૃ૦ ૩૪

૧૧ " इदं भगवतेन्द्राय प्रोक्तं शब्दानुशासनम् ।
उपाध्यायेन तच्छ्रुत्वा लोकेष्वैन्द्रमितीरितम् " ॥ १२२ ॥

હેમચંદ્ર–વીરચરિત્ર પર્વ ૧૦, સર્ગ ૨ તથા
યોગશાસ્ત્ર પ્રથમ પ્રકાશ શ્લો૦ ૫૮

આ બધા જૈન (શ્વેતાંબર) ઉલ્લેખોનો સાર 'ભગવાન્ મહાવીર ઐન્દ્ર વ્યાકરણના મૂળ ઉત્પાદક છે' એ છે. તે વિષે મારો નમ્ર અભિપ્રાય આ પ્રમાણે છેઃ

કદાચ ખરેખર ઐન્દ્ર વ્યાકરણની ઉત્પત્તિ ભગવાન્ મહાવીરથી જ માનવામાં આવે તો ઉપર્યુક્ત દંતકથામિશ્રિત પરંપરા સિવાય એ માન્યતાનું બીજું કોઇ સાધક પુષ્ટ પ્રમાણ તો મળતું નથી; ઉલટું એમાં નીચે જણાવેલાં બાધક પ્રમાણો ઉપલબ્ધ છેઃ

(૧) એક પુરાતનચરિત્રકાર તરીકે ભલે હેમચંદ્રે મહાવીરની કથામાં સંપ્રદાયની પદ્ધતિએ 'ઐન્દ્ર' અને 'મહાવીર'નો સંબંધ વર્ણવ્યો હોય, પણ એક વૈયાકરણ તરીકે તો એમણે પોતાના વ્યાકરણમાં અનેક સ્થળે 'ઐન્દ્ર'નો ઉલ્લેખ કરેલો છે. છતાં ય ક્યાંય 'ઐન્દ્ર' વ્યાકરણના પ્રણેતા તરીકે ભગવાન્ મહાવીરને નિર્દેશેલા નથી. પોતાના વ્યાકરણના આરંભમાં જ 'ઐન્દ્ર'ના આદિ કર્તા તરીકે મહાવીરને એમણે સંભાર્યા હોત તો એ વિશેષ ઉચિત હતું પણ એમણે એમ ન કરતાં મહાભાષ્યકારના સ્મરણનો ધ્વનિ દર્શાવેલો છે. એ આગળ કહેવાઇ ગયું.

(૨) જૈનસંપ્રદાયની એવી સ્પષ્ટ માન્યતા છે કે, છદ્મસ્થ સ્થિતિમાં વર્તતા કોઇ તીર્થંકર કોઇ પ્રકારના શાસ્ત્રની રચના કરતા નથી, તો પછી હેમચંદ્રના મત પ્રમાણે મોક્ષ સાથે સંબંધ ધરાવતા આ લોકોત્તર વ્યાકરણશાસ્ત્રની રચના તો તેઓ કેમ કરી શકે ?

(૩) જૈનધર્મનો કોઇ પણ અનુયાયી જિન–તીર્થંકર–ના મતથી જુદો મત ધરાવી શકતો જ નથી એ પણ એક જૈનસંપ્રદાયની માન્યતા છે. જો કોઇ જુદો મત ધરાવી પ્રકાશમાં આવે તો તેને 'નિહ્નવ' કહેવામાં આવે છે. હેમચંદ્રે જણાવેલાં અનેક વૈયાકરણોનાં મતો ઉપરથી આપ જાણી શકો એમ છો કે, એ આચાર્યે એક સ્થળે નહિ પણ અનેક સ્થળે 'ઐન્દ્ર'ના મતથી પોતાનો ભિન્ન મત દર્શાવેલો છે–તો જૈનધર્મની દૃષ્ટિએ એમની આ હકીકતની સંગતિ કેમ થઇ શકે ?

આ સંબંધમાં કોઇ એમ કલ્પે કે, હેમચંદ્ર જે ઐન્દ્રથી જુદો મત દર્શાવે છે તે, અને મહાવીરપ્રણીત ઐન્દ્ર એ બન્ને જુદાં જુદાં સ્વતંત્ર વ્યાકરણો છે તો એ માત્ર કહેવા પૂરતી કલ્પના છે–કલ્પના પ્રતિભાસના ટેકા સિવાય ન જ ચાલી શકે.

ચાંદ્રવ્યાકરણનો પ્રણેતા 'ચંદ્રગોમિ' નામક બૌદ્ધઆચાર્ય છે–એ એક મહાન્ વૈયાકરણ હતો. આપણી પાસે મહાભાષ્યનો જે ભાગ ઉપલબ્ધ છે તેને માટે સમસ્ત ભારતવાસિજન એ ચંદ્રાચાર્યનો અત્યંત ઋણી છે. એ મહાનુભાવે સાંપ્રદાયિક અસ્મિતાને વશ થઇ મહાભાષ્ય તરફ ઉપેક્ષા કરી હોત તો આપણા દેશમાં અત્યારે મહાભાષ્યની ઉપલબ્ધિ

હોત કે નહિ એ સંદેહાવહ છે. એના સમસમયી કેટલાક શુષ્ક તાર્કિક બ્રાહ્મણોએ મહાભાષ્ય જેવા અદ્વિતીય ગ્રંથ તરફ જરૂર દુર્લક્ષ્ય કર્યું હતું પણ આ ગુણગ્રાહી ભિક્ષુએ તો અત્યંત પરિશ્રમ કરીને મહાભાષ્યની શાખાને પોતાના સમયમાં ખીલવી હતી. જ્યારે વ્યાડિમુનિનો 'સંગ્રહ' નામક ગ્રંથ નષ્ટ થયો ત્યારે પતંજલિએ મહાભાષ્યની રચના કરી. બૈજિ, સૌભવ અને હર્યક્ષ વગેરે શુષ્ક તાર્કિકોએ પતંજલિના એ આર્ષગ્રંથને–જે વ્યાડિના સંગ્રહનો નમૂનો હતો–વિપ્લાવિત કર્યો. આ રીતે પતંજલિના શિષ્યોદ્વારા વ્યાકરણનો એ મહાન્ આગમ નષ્ટ થયો, ફક્ત દાક્ષિણાત્યોમાં એ પાઠમાત્ર રહ્યો.

ત્રિકૂટ દેશમાં આવેલા ત્રિલિંગ દેશના કોઇ પર્વતથી ચંદ્ર અને વસુરાત વગેરે ગુરુઓએ (ભર્તૃહરિએ ચંદ્રાચાર્ય માટે અહીં 'ગુરુ' શબ્દ વાપરેલો છે, તે ખાસ વિચારણીય છે) એ નષ્ટ થતા મહાભાષ્યના આગમને હસ્તગત કર્યો અને સવિશેષ પલ્લવિત કર્યો:
ભર્તૃહરિ પોતાના વાક્યપદીયમાં આ જ હકીકતને નીચેના શ્લોકો દ્વારા જણાવી ગયા છે:

" प्रायेण संक्षेपरुचीन् अल्पविद्यापरिग्रहान् ।
संप्राप्य वैयाकरणान् [6]संग्रहेऽस्तमुपागते ॥ ४८४ ॥
कृतेऽथ पतञ्जलिना गुरुणा तीर्थदर्शिना ।
सर्वेषां न्यायबीजानां महाभाष्ये निबन्धने ॥ ४८५ ॥
वैजि–सौभव–हर्यक्षैः शुष्कतर्कानुसारिभिः ।
आर्षे विप्लाविते ग्रन्थे संग्रहप्रतिकञ्चुके ॥ ४८८ ॥
यः पतञ्जलिशिष्येभ्यो भ्रष्टो व्याकरणागमः ।
काले स दाक्षिणात्येषु ग्रन्थमात्रव्यवस्थितः ॥ ४८९ ॥
[7]पर्वतादागमं लब्ध्वा भाष्यबीजानुसारिभिः ।
संततो बहुशाखत्वं चन्द्राचार्यादिभिः पुनः ॥ ४९० ॥
न्यायप्रस्थानमार्गांस्तानभ्यस्य स्वं च दर्शनम् ।
प्रणीतो गुरुणाऽस्माकमयमागमसंग्रहः " ॥ ४९१ ॥

કાંડ ૨, પૃ૦ ૨૮૩.

રાજતરંગિણીનો કર્તા કવિરાજ કલ્હણ પણ આ ચંદ્રાચાર્યના સંબંધમાં એક પદ્ય દર્શાવે છે અને તેમાં એ એટલું વધારે જણાવે છે કે, 'ચંદ્રાચાર્યે પોતે એક નવું વ્યાકરણ રચેલું છે:'

---

૬ "व्याडयुपरचितं ग्रन्थलक्षपरिमाणं संग्रहाभिधानं निबन्धनमासीत् "।

૭ "त्रिकूटैकदेशवर्तित्रिलिङ्गैकदेशादिति । तत्र हि उपलतले रावणविरचितो मूलभूतव्याकरणागमस्तिष्ठति "—(વાક્યપદીય ટીકા.)

" चन्द्राचार्यादिभिर्लब्ध्वा देशात् तस्मात् तदागमम् ।
प्रवर्तितं महाभाष्यं स्वं च व्याकरणं कृतम् " ॥

રાજત૦ તરંગ ૧ શ્લો૦ ૧૭૬.

श्रीशेषभट्टारक—પતંજલિનું બીજું નામ 'શેષ' કે 'શેષાહિ' છે.

पाणिनीयादिः / पाणिनि— —પાણિનિ અને પાણિનીય વ્યાકરણ એ બન્ને સુપ્રતીત છે.

देवनन्द्यादयः—દેવનંદિ એક જૈન દિગંબરાચાર્ય છે, એનું બીજું નામ પૂજ્યપાદસ્વામી છે, એમની 'તત્ત્વાર્થસૂત્ર' ઉપરની 'સર્વાર્થસિદ્ધિ' નામની ટીકા સર્વ ટીકાઓમાં પ્રથમની છે. 'ગણરત્નમહોદધિ'ના કર્તા વર્ધમાનસૂરિએ એમને 'દિગ્વસ્ત્ર'ના નામથી સંબોધેલા છે, ન્યાસોદ્ધારકાર કનકપ્રભે એમને 'દિગમ્બર' પણ કહેલા છે (લઘુન્યાસ અ૦ ૨ પા૦ ૩ પૃ૦ ૫૫).

આ દેવનંદિનું એક મોટું વ્યાકરણ પણ છે જેનું નામ 'જૈનેંદ્ર' છે. આ વ્યાકરણ વિષે શ્વેતાંબર જૈનસંપ્રદાયમાં એક આવો શ્લોક પ્રચલિત છે:

" यदिन्द्राय जिनेन्द्रेण कौमारेऽपि निरूपितम् ।
ऐन्द्रं जैनेन्द्रमिति तत् प्राहुः शब्दानुशासनम् " ॥

કલ્પસૂત્રના ટીકાકાર વિનયવિજયે, ધર્મસાગરે અને લક્ષ્મીવલ્લભે પોતપોતાની કલ્પસુબોધિકા (પૃ૦ ૨૬૭), કલ્પકિરણાવલી (પૃ૦ ૯૨) અને કલ્પદ્રુમકલિકા (પૃ૦ ૧૧૫) માં જૈનેંદ્ર વ્યાકરણની ઉત્પત્તિ મહાવીર જિનેંદ્રથી દર્શાવી છે અને ૧૮ મા સૈકાના એક રત્નર્ષિ નામના કોઇ સાધુએ તો જૈનેંદ્ર વ્યાકરણને મહાવીરપ્રણીત સિદ્ધ કરવા માટે 'ભગવદ્વાદવાદિની' નામનો એક ખાસો નિબંધ પણ લખી કાઢ્યો છે. કલ્પસૂત્રના એ ત્રણે ટીકાકારો પણ ૧૭ મા સૈકાના છે. કલ્પસૂત્રના મૂળમાં કે બીજા કોઇ અંગસૂત્રના મૂળમાં મહાવીરે વ્યાકરણ કર્યાની હકીકત મળી શકતી નથી. છતાં ય આ અને બીજા ટીકાકારો એ હકીકતને નોંધે છે. એનો અર્થ એટલો જ જણાય છે કે, 'વ્યાકરણ એ લોકપ્રિય શાસ્ત્ર છે અને એને પણ અમારા મહાવીરે બનાવ્યું છે.'

'જૈનેંદ્ર' વ્યાકરણ વિષે જે હકીકત એઓએ નોંધેલી છે એની સત્યતા તો દેવનંદિકૃત જૈનેંદ્ર વ્યાકરણને જોવાથી જ સમજી શકાય તેમ છે. આ વ્યાકરણ વર્તમાનમાં ઉપલબ્ધ છે અને પ્રકાશિત પણ થએલું છે.

જૈનેંદ્ર વ્યાકરણ ઉપરાંત આચાર્ય દેવનંદિએ બીજા પણ અનેક ગ્રંથો રચેલા છે. આ સંબંધમાં વધારે જાણવા માટે જૈનસાહિત્યસંશોધકને જોવું જોઇએ (જૈનસાહિત્યસં૦ ભા૦ ૧ પૃ૦ ૬૪-૮૭ 'જૈનેંદ્ર વ્યાકરણ ઔર આચાર્ય દેવનંદી' શીર્ષક લેખ પં૦ નાથૂરામજી પ્રેમીજી).

जयादित्य, वामन—આ બંને કાશિકાના વૃત્તિકાર છે. ગણરત્નમહોદધિના કર્તાએ વામનને વિશ્રાન્તવિદ્યાધર વ્યાકરણનો કર્તા જણાવેલો છે: " वामनो विश्रान्तविद्या-

धरव्याकरणकर्ता-(ગણ૰ પૃ૰ ૨). આ ઉપરથી એમ જણાય છે કે, વામનનું બીજું નામ વિશ્રાન્તવિદ્યાધર છે. આચાર્ય હેમચંદ્રે કેટલેક સ્થળે વિશ્રાન્તવિદ્યાધરનો ઉલ્લેખ કરેલો છે. તેને આપણે વામનનો સમજવો જોઈએ.

વામનનું કરેલું એક 'લિંગાનુશાસન' પણ પ્રકટ થએલું છે. તે વામન અને આ વામન એક કે જૂદા એ જોવું જોઈએ. એક બીજો વામન અલંકારશાસ્ત્રનો કર્તા છે. કદાચ તે અને આ (વામન) એક ન હોય. હેમચંદ્રે કાશિકાકારનો જે મત બતાવેલો છે તે આ જયાદિત્ય અને વામન બંનેનો છે. દૈવવ્યાકરણમાં આ બંને વામનોનો ઉલ્લેખ છે.

विश्रान्तन्यासकार—આ કોઈ વિશ્રાન્તવિદ્યાધર વ્યાકરણનો ન્યાસકાર હોવો જોઈએ.

शाकटायन—આ નામના બે આચાર્યો છે. એક વૈદિક અને બીજો જૈન. અહીં જે મત જણાવેલો છે તે આ જૈન શાકટાયનનો સમજવો. આ શાકટાયન જૈન દિગમ્બર સંપ્રદાયના અને યાપનીય સંઘના છે. એ હકીકત આચાર્ય મલયગિરિએ નન્દિસૂત્રની ટીકામાં જણાવેલી છે.

આમનું રચેલું એક વ્યાકરણ છે જેનું નામ શાકટાયન વ્યાકરણ છે. આ વ્યાકરણ પાણિનીય વ્યાકરણને અનુસરે છે. એના ઉપર એક 'અમોઘવૃત્તિ' નામની મોટી વૃત્તિ છે. હેમચંદ્ર પોતાના વ્યાકરણમાં આ જ શાકટાયનને અનુસરેલા છે. આચાર્ય પાણિનિ પોતાની અષ્ટાધ્યાયીમાં જે શાકટાયનનો ઉલ્લેખ કરે છે તે વૈદિક હતા, આ નહિ.

कक्कल—હેમચંદ્રનો સમસમયી આ કક્કલ જાતે કાયસ્થ હતો અને આચાર્ય હેમચંદ્રે એને જ પોતાના વ્યાકરણનો અધ્યાપક નીમ્યો હતો. આ સંબંધમાં પ્રભાવકચરિતકાર જણાવે છે કે—

"काकलो नाम कायस्थः कुलकल्याणशेखरः ।
अष्टव्याकरणाध्येता प्रज्ञाविजितभोगिराट् ॥ ११२ ॥
प्रभुस्तं दृष्टमात्रेण ज्ञाततत्त्वार्थमस्य च ।
शास्त्रस्य ज्ञापकं चाशु विदधेऽध्यापकं तदा ॥ ११३ ॥
प्रतिमासं स च ज्ञानपञ्चम्यां पृच्छनां दधौ ।
राजा च तत्र निर्व्यूढान् कङ्कणैः समभूषयत् ॥ ११४ ॥
निष्पन्ना अत्र शास्त्रे च दुकूलस्वर्णभूषणैः ।
सुखासनातपत्रैश्च ते भूपालेन नियोजिताः"॥ ११५ ॥

(હેમચંદ્રસૂરિપ્રબંધ-પ્રભાવકચ૦ પૃ૦ ૩૦૩)

दुर्गसिंह, श्रुतपाल—આ બંને કાતંત્ર (કાલાપ)ના વૃત્તિકાર છે. કાતંત્ર ઉપરની દુર્ગસિંહની વૃત્તિ છપાએલી છે.

हरि—ભર્તૃહરિનું બીજું નામ હરિ છે. એની વ્યાકરણની કૃતિ તરીકે વાક્યપદીય સુપ્રતીત છે.

क्षीरस्वामी—આ અમરકોશનો ટીકાકાર છે. દૈવવ્યાકરણમાં આમનો ઉલ્લેખ ઘણી જગ્યાએ આવે છે. રાજતરંગિણીમાં 'ક્ષીર' નામના કોઇ વૈયાકરણને રાજા જયાપીડનો ઉપાધ્યાય કહેલો છે, તે અને આ બંને એક જ વ્યક્તિ લાગે છે. (રાજત૦ ચ૦ ત૦ શ્લો૦ ૮૮–૮૯)

सरस्वतीकंठाभरणभोज—આ નામનો ગ્રંથ રાજા ભોજનો કરેલો છે. એમાં કાંઇ વ્યાકરણનો જ વિષય નથી. અલંકાર અને છંદનો વિષય પણ તેમાં છે. હેમચંદ્ર સરસ્વતીકંઠાભરણ અને ભોજ એ બંનેનો ઉલ્લેખ કરે છે. ક્ષીરસ્વામી અમરકોશની ટીકામાં અનેક સ્થળે ભોજનો ઉલ્લેખ 'શ્રીભોજ' શબ્દથી કરે છે. આ ગ્રન્થને નિર્ણયસાગર મુદ્રણાલયે પોતાની કાવ્યમાળામાં પ્રકાશિત કરેલો છે.

नारायणकंठी—ક્ષીરસ્વામી 'નારાયણ' નામના ગ્રંથકારને પોતાની ટીકામાં યાદ કરે છે તે કદાચ આ જ હોય.

सारसंग्रहकार—મુગ્ધબોધનો કર્તા વોપદેવ " अन्ये संक्षिप्तसारकाः "–(પૃ. ૨ મુગ્ધબોધવ્યા૦) કહીને આમને જ યાદ કરતો જણાય છે.

द्रमिल—દૈવ વ્યાકરણમાં તેના કર્તા દેવે અનેક સ્થળે આમનો ઉલ્લેખ 'દ્રમિડ' શબ્દથી કરેલો છે. ક્ષીરસ્વામીએ તો અમરકોશની ટીકામાં 'દ્રમિડ' અને 'દ્રવિડ' બંને શબ્દો વાપરેલા છે.

शिक्षाकार—નિરુક્તાલોચનમાં યાજ્ઞવલ્ક્ય શિક્ષા, કાત્યાયની શિક્ષા, નારદીય શિક્ષા, ગૌતમી શિક્ષા અને પાણિનીય શિક્ષા વગેરે ત્રીશ શિક્ષાઓનાં નામો જણાવેલાં છે (પૃ. ૪–૫).

उत्पल—મહારાષ્ટ્રીય જ્ઞાનકોશમાં 'ઉત્પલ'નામના કોઇ કાશ્મીરના વિદ્વાનનો ઉલ્લેખ છે. તેનો સમય ઇ. સ. ૯૩૦ જણાવેલો છે. વળી લખ્યું છે કે એ શૈવસંપ્રદાયી અને શૈવદર્શનનો પંડિત હતો. હેમચંદ્રે જણાવેલો ઉત્પલ અને આ ઉત્પલ કદાચ એક ન હોય.

न्यासकारઅને **पारायणकार**—એ બંને સામાન્ય નામો છે. તે અહીં કોને માટે વપરાએલાં છે તે વિશેષ રીતે જણાવ્યું નથી.

ललितस्वभाव, उद्‌घोतकर કે **उद्‌घोत, रत्नमति,** અને **अजितयशोघादी** વગેરે નામો તો તદ્દન નવીન છે. આ સંબંધમાં ઇતિહાસકારોએ પ્રકાશ પાડવાની જરૂર છે.

પરિશિષ્ટ ૩

સિદ્ધહૈમના પ્રત્યેકપાદને છેડે આવેલી સોલંકીઓની પ્રશસ્તિ

हरिरिव बलिबन्धकरस्त्रिशक्तियुक्तः पिनाकपाणिरिव ।
कमलाश्रयश्च विधिरिव जयति श्रीमूलराजनृपः ॥ १ ॥

पूर्वभवदारगोपीहरणस्मरणादिव ज्वलितमन्युः ।
श्रीमूलराजपुरुषोत्तमोऽवधीद्दुर्मदाभीरान् ॥ २ ॥

चक्रे श्रीमूलराजेन नवः कोऽपि यशोऽर्णवः ।
परकीर्तिस्रवन्तीनां न प्रवेशमदत्त यः ॥ ३ ॥

सोत्कण्ठमङ्गलगनैः कचकर्षणैश्च
वक्त्राब्जचुम्बननखक्षतकर्मभिश्च ।
श्रीमूलराजहतभूपतिभिर्विलेसुः
संख्येऽपि खेऽपि च शिवाश्च सुरस्त्रियश्च ॥ ४ ॥

मातङ्कं जातेति हे भूपा मास्म त्यजत काननम् ।
हरिः शेतेऽत्र नत्वेष मूलराजमहीपतिः ॥ ५ ॥

मूलार्कः श्रूयते शास्त्रे सर्वकल्याणकारणम् ।
अधुना मूलराजस्तु चित्रं लोकेषु गीयते ॥ ६ ॥

मूलराजासिधारायां निमग्ना ये महीभुजः ।
उन्मज्जन्तो विलोक्यन्ते स्वर्गगङ्गाजलेषु ते ॥ ७ ॥

श्रीमूलराजक्षितिपस्य बाहु–
र्बिभर्ति पूर्वाचलशृङ्गशोभाम् ।
संकोचयन्वैरिमुखाम्बुजानि
यस्मिन्नयं स्फूर्जति चन्द्रहासः ॥ ८ ॥

असंरब्धा अपि चिरं दुःसहा वैरिभूभृताम् ।
चण्डाश्चामुण्डराजस्य प्रतापशिखिनः कणाः ॥ ९ ॥

श्रीमद्वल्लभराजस्य प्रतापः कोऽपि दुःसहः ।
प्रसरन् वैरिभूपेषु दीर्घनिद्रामकल्पयत् ॥ १० ॥

श्रीदुर्लभेशद्युमणेः पादास्तुष्टुविरे न कैः ।
लुलद्भिर्मेदिनीपालैर्वालिखिल्यैरिवाग्रतः ॥ ११ ॥

प्रतापतपनः कोऽपि मौलराजेर्नवोऽभवत् ।
रिपुस्त्रीमुखपद्मानां न सेहे यः किल श्रियम् ॥ १२ ॥

कुर्वन् कुन्तलशैथिल्यं मध्यदेशं निपीडयन् ।
अङ्गेषु विलसन् भूमेर्भर्ता ऽभूद्भीमपार्थिवः ॥ १३ ॥

श्रीभीमपृतनोत्खातरजोभिर्वैरिभूभुजाम् ।
अहो चित्रमवर्धन्त ललाटे जलबिन्दवः ॥ १४ ॥

कर्णं च सिन्धुराजं च निर्जित्य युधि दुर्जयम् ।
श्रीभीमेनाधुना चक्रे महाभारतमन्यथा ॥ १५ ॥

दुर्योधनोर्वीपतिजैत्रबाहु-
र्गृहीतचेदीशकरोऽवतीर्णः ।
अनुग्रहीतुं पुनरिन्दुवंशं
श्रीभीमदेवः किल भीम एव ॥ १६ ॥

अगणितपञ्चेषुबलः पुरुषोत्तमचित्तविस्मयं जनयन् ।
रामोल्लासनमूर्तिः श्रीकर्णः कर्ण इव जयति ॥ १७ ॥

अकृत्वाऽऽसननिर्बन्धमभित्त्वा पावनीं गतिम् ॥
सिद्धराजः परपुरप्रवेशवशितां ययौ ॥ १८ ॥

मात्रयाप्यधिकं किंचिन्न सहन्ते जिगीषवः ।
इतीव त्वं धरानाथ ! धारानाथमपाकृथाः ॥ १९ ॥

क्षुण्णाः क्षोणिभृतामनेककटका भग्नाऽथ धारा ततः
कुण्ठः सिद्धपतेः कृपाण इति रे मा मंसत क्षत्रियाः ।
आरूढप्रबलप्रतापदहनः संप्राप्तधाराश्चिरात्
पिता मालवयोषिदश्रुसलिलं हन्तायमेधिष्यते ॥ २० ॥

श्रीविक्रमादित्यनरेश्वरस्य
त्वया न किंचित् प्रकृतं नरेन्द्र ! ।
यशांस्यहार्षीः प्रथमं समन्तात् ।
क्षणादभाङ्क्षीरथ राजधानीम् ॥ २१ ॥

मृदित्वा दोःकण्डूं समरभुवि वैरिक्षितिभुजां
भुजादण्डे दध्रुः कति न नवखण्डां वसुमतीम् ।
यदेवं साम्राज्ये विजयिनि वितृष्णेन मनसा ।
यशो योगीशानां पिबसि नृप ! तत् कस्य सदृशम् ॥ २२ ॥

जयस्तम्भान् सीमन्यनुजलधिवेलं निहितवान्
वितानैर्ब्रह्माण्डं शुचिगुणगरिष्ठैः पिहितवान् ।
यशस्तेजोरूपैरलिपत जगन्त्यत्रैघुसृणैः
कृतो यात्रानन्दो विरमति न किं सिद्धनृपतिः॥ २३ ॥

भूमिं कामगवि ! स्वगोमयरसैरासिञ्च रत्नाकरा
मुक्तास्वस्तिकमातनुध्वमुडुप ! त्वं पूर्णं कुम्भीभव ।
धृत्वा कल्पतरोर्दलानि सरलैर्दिग्वारणास्तोरणा-
न्याधत्त स्वकरैर्विजित्य जगतीं नन्वेति सिद्धाधिपः ॥२४॥

लब्धलक्षा विपक्षेषु विलक्षास्त्वयि मार्गणाः ।
तथापि तव सिद्धेन्द्र ! दातेत्युक्तिधरं यशः ॥ २५ ॥

उत्साहसाहसवता भवता नरेन्द्र !
धाराव्रतं किमपि तद्विषमं निषेवे ।
यस्मात् फलं न खलु मालवमात्रमेव
श्रीपर्वतोऽपि तव कन्दुककेलिपात्रम् ॥ २६ ॥

अयमत्रनिपतीन्दो ! मालवेन्द्रावरोध—
स्तनकलशपवित्रां पत्रवल्लीं लुनातु ।
कथमखिलमहीभृन्मौलिमाणिक्यभेदे
श्रयति पटिमानं भग्नधारस्त्वदासिः ॥ २७ ॥

क्षितिधव ! भवदीयः क्षीरधारावलक्षै
रिपुविजययशोभिः श्वेत एवासिदण्डः ।
किमुत कवलितैस्तैः कज्जलैर्मालवीनां
परिणतमहिमासौ नीलिमानं बिभर्ति ॥ २८ ॥

यद्दोर्मण्डलकुण्डलीकृतधनुर्दण्डेन सिद्धाधिप !
क्रीतं वैरिकुलात् त्वया किल दलत्कुन्दावदातं यशः ।

भ्रान्त्वा त्रीणि जगन्ति खेदविवशं तन्मालवीनां व्यथा-
दापाण्डौ स्तनमण्डले च धवले गण्डस्थले च स्थितिम् ॥ २९ ॥

द्विषत्पुरक्षोदविनोदहेतो-
र्भवादवामस्य भवद्भुजस्य ।
अयं विशेषो भुवनैकवीर !
परं न यत्काममपाकरोति ॥ ३० ॥

ऊर्ध्वं स्वर्गनिकेतनादपि तले पातालमूलादपि
त्वत्कीर्तिर्भ्रमति क्षितीश्वरमणे ! पारेपयोधेरपि ।
तेनास्याः प्रमदास्वभावसुलभैरुच्चावचैश्चापलै-
स्ते वाचंयमवृत्तयोऽपि मुनयो मौनव्रतं त्याजिताः ॥ ३१ ॥

उपसंहार

आसीद्विशांपतिरमुद्रचतुःसमुद्र-
मुद्राङ्कितक्षितिभरक्षमबाहुदण्डः ।
श्रीमूलराज इति दुर्धरवैरिकुम्भि-
कण्ठीरवः शुचिचुलुक्यकुलावतंसः ॥ ३२ ॥

तस्यान्वये समजनि प्रबलप्रताप-
तिग्मद्युतिः क्षितिपतिर्जयसिंहदेवः ।
येन स्ववंशसवितर्यपरं सुधांशौ
श्रीसिद्धराज इति नाम निजं व्यलेखि ॥ ३३ ॥

ग् निषेव्य चतुरश्चतुरोऽप्युपायान्
क्षुण्णाः
भुज्य च भुवं चतुरब्धिकाञ्चीम्
कुण्ठः सि
गविनीतमतिर्जितात्मा
आरूढप्रबल
रूपार्थचतुष्टये यः ॥ ३४ ॥
पित्वा मालवया

गमविप्रकीर्ण-
श्रीविक्रमादित्यनर
कदर्थितेन ।
त्वया न किंचित् प्र
विधिवद्व्यधत्त ।
यशांस्यहार्षीः प्रथमं
निर्हेमचन्द्रः ॥ ३५ ॥

અનુવાદ

મૂલરાજ.

શ્રીમૂલરાજ નૃપતિ જયવંત છે જે હરિના જેવો [1]બલિબંધકર છે, શિવના જેવો [2]ત્રિશક્તિયુક્ત છે અને બ્રહ્માના જેવો [3]કમલાશ્રય છે. ૧

શ્રીમૂલરાજપુરુષોત્તમે દુર્મદ આભીરોનો (ગ્રાહરિપુ નામના આભીરકુલના રાજાનો) વધ કરેલો, કારણ કે, જ્યારે મૂલરાજ પૂર્વભવમાં પુરુષોત્તમના અવતારમાં હતો ત્યારે તેની ગોપીઓને આભીરોએ હરેલી અને એ જ આભીરોને આ ભવમાં જોવાથી એને એ વાતની સ્મૃતિ થઇ આવી અને તેથી જ મૂલરાજ એ આભીરો ઉપર ગુસ્સે થયો. ૨

શ્રીમૂલરાજે તો કોઇ નવીન યશઃસમુદ્રની રચના કરી છે કારણ કે, જલસમુદ્રમાં તો અનેક નદીઓનો સંગમ થાય છે ત્યારે મૂલરાજે પોતે રચેલા સમુદ્રમાં શત્રુની કીર્તિરૂપ નદીઓનો સંગમ થઇ શકતો નથી. ૩

શ્રીમૂલરાજે હણેલા ભૂપતિઓની સાથે એક સરખી રીતે શિઆળિઆં અને અપ્સરાઓ વિલાસ કરતાં હતાં, ફક્ત સ્થાન અને આશયનો ભેદ હતો. શિઆળિઆં રણભૂમિ ઉપર હતાં અને અપ્સરાઓ આકાશમાં—સ્વર્ગમાં—હતી. શિઆળિઆં અને અપ્સરાઓ એ મૃત નૃપતિનાં અંગને આલિંગતાં હતાં, એમના કેશ ખેંચતાં હતાં, ચુંબન કરતાં હતાં અને નખક્ષત કરતાં હતાં. (શિઆળિઆં ભોજન માટે એમ કરતાં હતાં અને અપ્સરાઓ કામાભિલાષ માટે એમ કરતી હતી.) ૪

હે રાજાઓ ! 'હવે ચોમાસું આવ્યું છે માટે વન છોડીને મહેલમાં જઇએ' એવો વિચાર ન કરતા, કારણ કે, ચોમાસામાં સિંહ જ સુવે છે પણ આ મૂલરાજ મહીપતિ નથી સુતો. અર્થાત્ મૂલરાજ તો નિરંતર રણસજ્જ જ રહે છે. ૫

'[4]મૂલાર્ક સર્વકલ્યાણનું કારણ છે' એમ શાસ્ત્રમાં સંભળાય છે પણ હમણાં 'મૂલરાજ[5] સર્વકલ્યાણનું કારણ છે' એમ લોકોમાં ગવાય છે એ આશ્ચર્ય છે. ૬

જે રાજાઓ મૂલરાજની અસિધારામાં નિમગ્ન થયેલા છે તે, સ્વર્ગગંગામાં (પાણીમાં) તરતા દેખાય છે. ૭

શ્રીમૂલરાજનો બાહુ વૈરિમુખકમળોને સંકોચતો ઉદયાચલને શિખરે શોભી રહ્યો છે—જે બાહુમાં આ [6]ચંદ્રહાસ સ્ફુરે છે—ગાજે છે.

ચામુંડરાજ

ચામુંડરાજના પ્રતાપાગ્નિની પ્રખર કણિકાઓ અસંરબ્ધ (અનુત્તેજિત) છતાં ય વૈરિનૃપતિઓને દુઃસહ લાગે છે. ૯

---

૧ બલિ એટલે બલિરાજા અથવા બલવાન શત્રુ. ૨ સર્જન, રક્ષણ અને પ્રલય એ શિવની શક્તિ. ઉત્સાહ, મંત્ર અને પ્રભાવ એ મૂલરાજની શક્તિ. ૩ કમળ અથવા કમલા એટલે લક્ષ્મી. ૪ મૂલનક્ષત્રનો સૂર્ય. ૫ મૂલરાજ—મૂલચંદ્ર (રાજ એટલે ચંદ્ર) ૬ ચંદ્રહાસ નામની તરવાર અથવા ચન્દ્રનો હાસ.

વલ્લભરાજ

વલ્લભરાજનો [7]પ્રતાપ દુસ્સહ તો છે પણ એમાં બીજા પ્રતાપો કરતાં ખાસ નવીનતા પણ છે અને એ, એ કે, જ્યારે એ પ્રતાપ શત્રુ રાજાઓમાં પ્રસરે છે ત્યારે એ રાજાઓને [8]દીર્ઘનિદ્રા આવી જાય છે જ્યારે બીજો કોઈ (સૂર્યનો કે અગ્નિનો) પ્રતાપ નિદ્રાનો વિરોધી છે. ૧૦

દુર્લભરાજ

[9]દુર્લભેશદ્યુમણિના [10]પાદોને [11]વાલિખિલ્યોની પેઠે આગળ લુલતા એવા કયા રાજાઓએ નથી સ્તવ્યા. ૧૧

મૂલરાજના આ પ્રપૌત્રનો પ્રતાપતપન કોઈ નવા જ પ્રકારનો હતો. જ્યારે બીજો [12]તપન પદ્મોની શોભાને વધારે છે ત્યારે આ તપન તો રિપુસ્ત્રીઓનાં મુખપદ્મોની શોભાને સહી જ શકતો નથી. ૧૨

ભીમ

જેમ કોઈ સ્ત્રીનો ભર્તા એના કુંતલને શિથિલ કરે છે, મધ્યભાગને દબાવે છે અને અંગોમાં વિલાસ કરે છે તેમ ભૂમિના ભર્તા ભીમરાજાએ [13]કુંતલદેશને શિથિલ કર્યો છે. મધ્યદેશને દબાવ્યો છે અને અંગ દેશમાં વિલાસ કર્યો છે. ૧૩

શ્રીભીમની સેના ચાલે છે ત્યારે રજ બહુ ઉડે છે એ તો ઠીક, પણ એમાં એ આશ્ચર્ય છે કે, એ રજથી વૈરિ રાજાઓના કપાળમાં પરસેવો નીતરે છે. ૧૪

યુદ્ધમાં દુર્જય [14]કર્ણરાજ અને [15]સિંધુરાજને જીતીને આ ભીમરાજે પ્રાચીન મહાભારતને અન્યથા કરી નાખ્યું અર્થાત્ પ્રાચીન મહાભારતમાં જે કર્ણ અને સિંધુરાજ ભીમથી નહિ જિતાએલા તે આ ભીમના સમયના મહાભારતમાં જિતાયા. ૧૫

આ શ્રીભીમદેવ તે મહાભારતનો ભીમ જ છે, કારણ કે, એના બાહુએ [16]દુર્યોધન રાજાને જિતેલો છે, એણે ચેદિ રાજાનો કર[17] ગ્રહેલો છે અર્થાત્ ચંદ્રવંશને અનુગૃહીત કરવાને આ તે જ ભીમ અવતરેલો છે જે મહાભારતનો હતો. ૧૬

કર્ણરાજ

શ્રીકર્ણરાજ મહાભારતના કર્ણની પેઠે જયવંત છે—એ બન્ને કર્ણો પંચેષુના[18] બલને ગણકારતા નથી—અથવા એ બન્નેનું [19]પંચેષુનું બલ અગણિત છે—[20]પુરુષોત્તમના ચિત્તને વિસ્મિત કરનારા છે અને એમની મૂર્તિ [21]રામોલ્લાસજનક છે. ૧૭

---

૭ પ્રતાપ અથવા ગ્રીષ્મનો ભયંકર તાપ. ૮ દીર્ઘનિદ્રા એટલે મરણ. ૯ મણિ એટલે સૂર્ય. ૧૦ પાદ એટલે કિરણો અથવા ચરણો. ૧૧ વેંતિયા માણસ જેવા એ નામના અંગુષ્ઠપ્રમાણ ઋષિઓ. ૧૨ પ્રતાપ અથવા સૂર્ય. ૧૩ તે તે દેશોનાં નામ છે. ૧૪–૧૫ ભીમરાજના સમયના કોઈ રાજાનાં નામો અને મહાભારતના સમયના રાજાનાં નામો. ૧૬ દુર્યોધન રાજા અથવા જેને જિતવો અતિદુર્ઘટ હોય તે દુર્યોધન. ૧૭ કર એટલે હાથ અથવા વેરો. ૧૮ પંચેષુ એટલે કામદેવ. ૧૯ પાંચ-ઇષુ એટલે બાણ. ૨૦ શ્રીકૃષ્ણ અથવા ઉત્તમ પુરુષો. ૨૧ રામ એટલે બલરામ, અને રામા એટલે સ્ત્રીઓ.

સિદ્ધરાજ

[22]પરપુર પ્રવેશની વિદ્યાને મેળવવા માટે [23]આસનનિર્બંધ કરવો જોઇએ, [24]પાવની ગતિને ભેદવી જોઇએ ત્યારે રાજા સિદ્ધરાજે તો આસનનિર્બંધ કર્યા સિવાય અને [25]પાવની ગતિને ભેદ્યા સિવાય જ એ [26]પરપુરપ્રવેશની વિદ્યાને મેળવેલી છે. ૧૮

વિજયી પુરુષો કોઇની અધિકતાને પણ સહી શકતા નથી માટે જ હે ધરાનાથ! તેં [27]ધારાનાથને જિતેલો છે. ૧૯

સિદ્ધરાજના કૃપાણે અનેક રાજાઓનાં કટકોને ભેદેલાં છે, તેથી ધારા(અણી) ભગ્ન થએલી છે માટે હે ક્ષત્રિયો! તમે એમ ન માનતા કે, સિદ્ધરાજનો એ કૃપાણ કુંડ(બુઠો) થયેલો છે. કારણ કે, એ તો પ્રબલ પ્રતાપના દહનથી તપીને માલવની નારીઓનાં અશ્રુ-સલિલ [28]પીને અને [29]ધારાને સંપ્રાપ્ત કરીને પાછો ચિરકાળ સુધી વધવાનો છે. ૨૦

હે નરેન્દ્ર! તારી સાથે વિક્રમાદિત્ય રાજાનું કાંઇ પ્રકૃત (સામ્ય) જણાતું નથી. તું પ્રથમ ગોતંરકથી યશને હરી લે છે અને પછી તુરત જ રાજધાનીને ભાંગી નાખે છે. ૨૧

રણાંગણમાં શત્રુરાજાઓને હરાવીને પોતાના ભુજદંડ ઉપર નવખંડ વસુમતીને કેટલાએ ધારણ નથી કરી? પણ એ પ્રકારનું વિજયિ સામ્રાજ્ય હોવા છતાં હે નૃપ! તેં જે વિતૃષ્ણ મન રાખીને યોગીશોનો યશ પીધો છે તેની સરખામણીમાં બીજો કોણ આવી શકે? ૨૨

રાજા સિદ્ધરાજે સમુદ્રવેલાની સીમા ઉપર જયસ્તંભોને સ્થાપેલા છે, પવિત્ર ગુણગરિષ્ઠ [30]વિતાનોદ્વારા બ્રહ્માંડને ઢાંકેલું છે અને યશ, તેજ તથા બળરૂપ અર્ઘ્ય ધુસૃણદ્વારા જગતને લિંપેલું છે એ રીતે એણે યાત્રાના આનંદને અનુભવેલો છે તો પણ હજી એ રાજા કેમ વિરમતો નથી? ૨૩

કામગવિ! ભૂમિ ઉપર સ્વગોમયરસનો છંટકાવ કર, રત્નાકરો! મોતીના સાથિઆ પૂરો, ચંદ્ર! તું પૂર્ણકલશરૂપ થઇ જા અને દિગ્ગજો! કલ્પતરુનાં સરળ પાંદડાંનાં તોરણો બાંધો (જૂઓ). આ સિદ્ધરાજ પોતે જાતે પૃથ્વીને જિતીને ચાલ્યો આવે છે. ૨૪

હે સિધ્ધેન્દ્ર! [31]માર્ગણો તારા તરફ આવતાં વિલખા પડી જાય છે અને વિપક્ષો તરફ જતાં લક્ષ્યને મેળવી લે છે તો પણ તારી દાતાર તરીકેની કીર્તિ કાયમ જ છે. ૨૫

હે નરેન્દ્ર! ઉત્સાહ અને સાહસયુક્ત થઇને તેં કોઇ વિલક્ષણ વિષમ [32]ધારાવ્રતને સેવ્યું છે જેથી તને કાંઇ [33]માલવમાત્ર ફળ નથી મળ્યું, [34]શ્રીપર્વત પણ તારૂં ક્રીડાસ્થળ બનેલો છે. ૨૬

---

૨૨ બીજાના-પુર એટલે-શરીરમાં પેસવાની વિદ્યા. ૨૩ પદ્માસન વગેરે આસનો. ૨૪ પવનની ગતિ તે પાવની. ૨૫ પાવની એટલે પવિત્ર ગતિ. ૨૬ પરપુર એટલે શત્રુનું નગર. ૨૭ ધરા. ધારા. ૨૮ જ્યારે તરવાર બુઠી થાય છે ત્યારે તેને શરાણના ઘસારેથી તપાવીને પાણી પાવું પડે છે એ વાત સુપ્રતીત છે. ૨૯ 'ધારા' નગરીનું નામ અને 'ધાર'. ૩૦ વિતાન એટલે વિસ્તાર અથવા ચંદરવા. ૩૧ માર્ગણ એટલે બાણ અથવા માગણ-ભિક્ષુ. ૩૨ ધારાવ્રત-આકરૂં વ્રત અથવા ધારાને જીતવાનો નિયમ. ૩૩ માલવ એટલે મા-લવ અર્થાત્ થોડી લક્ષ્મી અથવા માળવા દેશ. ૩૪ 'શ્રીપર્વત'. નામનો કોઇ પર્વત અથવા લક્ષ્મીનો પર્વત.

હે રાજન્ ! તારો કૃપાણુ માલવનરેશની અંતઃપુરીઓના સ્તનકલશથી પવિત્ર એવી પત્રવલ્લીને લણે એ ઠીક છે, પણ, એ કૃપાણુ ૩૫ભગ્નધાર હોવાથી સમસ્ત રાજાઓના મૌલિ-માણિક્યને કેમ ભેદી શકે છે ? ૨૭

હે રાજન્ ! ક્ષીરની ધારા જેવાં ધોળો વિજયયશોદ્વારા તારો અસિદંડ ધોળો જ છે; છતાં પ એ સહજ શ્યામ જણાય છે, કેમકે એ અસિદંડ માલવી સ્ત્રીઓના ૩૬કાજળ પણ પીધાં છે અને તેથી જ એ, શ્યામતાને ધારણ કરે છે. ૨૮

હે સિદ્ધાધિપ ! તેં તારા બાહુબળદ્વારા વૈરિકુલ પાસેથી મોગરાના ફુલ જેવો નિર્મળ જે યશ પ્રાપ્ત કર્યો છે, તે ત્રણે લોકમાં ભમી ભમીને છેવટ થાકી ગયો ત્યારે માલવીઓના સ્તનમંડળ અને ગંડસ્થળ ઉપર જઇને બેઠો. ૨૯

હે ભુવનૈકવીર ! તારો જમણો હાથ અને મહાદેવનો જમણો હાથ એ બન્ને એક સરખા છે, કેમકે એ બન્ને ૩૭પુરક્ષોદ વિનોદના હેતુ છે, પણ તારો હાથ તો મહાદેવના હાથ કરતાં પ જરા વિશિષ્ટતાવાળો છે—એ હાથ ૩૮કામનો અપકાર નથી કરતો ત્યારે મહાદેવનો હાથ ૩૯કામનો અપકાર કરે છે. ૩૦

હે નરપતે ! તારી કીર્તિ સ્વર્ગથી પણ ઉંચે. પાતાળના મૂળથી પણ નીચે અને સમુદ્રને સામે કાંઠે—એમ ચારે તરફ ભમ્યા કરે છે. એ સ્ત્રીજાતિ એટલી બધી ચપલ છે કે, જેથી મૌનવ્રતધારી મુનિઓ પણ ઠગી ગયા અને મૌનવ્રતને છાંડી ગયા. ૩૧

ઉપસંહાર

શ્રીમૂલરાજ નામે રાજા હતો, જેનો બાહુદંડ ચાર સમુદ્રથી વિંટળાએલી પૃથ્વીનો ભાર વહવાને સમર્થ હતો, જે વૈરિઓને માટે દુર્ધર સિંહ સમાન હતો અને પવિત્ર સોલંકીકુળને શિખરરૂપ હતો. ૩૨

તેના વંશમાં જયસિંહ દેવ નામે રાજા થયો જે પ્રબલ પ્રતાપી હતો અને જેનું બીજું નામ ૪૦સિદ્ધરાજ હતું. ૩૩

એ સિદ્ધરાજે રાજનીતિના ૪૧ચારે ઉપાયોને બરાબર અજમાવીને ચારે ખંડ ધરતીનું રાજ્ય ભોગવ્યું, ચાર વિદ્યાઓદ્વારા પોતાની બુદ્ધિને વિનીત કરી અને છેવટે એ જિતાત્મા (જિતેંદ્રિય) ચારે પુરુષાર્થ સાધીને દેવ થયો. ૩૪

શ્રીકર્ણે સિદ્ધરાજ પોતાના સમયે ચાલતાં, લાંબાં લાંબાં, દુર્ગમ અને અપૂર્ણપ્રાય વ્યાકરણુકરતાનથી—અપવા કંટાળ્યો અને એથી જ એણે આચાર્ય હેમચંદ્રને એક નવા શબ્દાનુ-કરનારા છે અને એમની મૂર્તિ સ્થાપના કરી અને એ પ્રાર્થના મુજબ આચાર્ય હેમચંદ્રે

૭ પ્રતાપ અથવા ગ્રીષ્મનો ભયંકર તાપ. ...ાંગ પૂર્ણ કર્યું. ૩૫

એટલે સૂર્ય. ૧૦ પાદ એટલે કિરણો અથવા ચરણ અથવા જે દ્વારા ધારા નગરી ભંગાણી છે. અંગુષ્ઠપ્રમાણ ઋષિઓ. ૧૨ પ્રતાપ અથવા સૂર્ય ખરાબ પાણી—ખરાબ પાણી પીવાથી ૧૪–૧૫ ભીમરાજના સમયના કોઇ રાજાનાં બે પુરનામનો રાક્ષસ અથવા પુર એટલે રાજાનાં નામો. ૧૬ દુર્યોધન રાજા અથવા જેને ... ૩૯ કામ એટલે કામદેવ. ૪૦ 'સિદ્ધરાજ' ૧૭ કર એટલે હાથ અથવા વેરો. ૧૮ પંચેષુ એઅને આનું બીજું 'સિદ્ધરાજ' છે. ૪૧ સામ. ૨૦ શ્રીકૃષ્ણ અથવા ઉત્તમ પુરુષો. ૨૧ શામ ... ઉપાયો છે.

પ્રાચીન દ્વારકાપુરી*

[દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી]

દ્વારકાપુરી ભારતવર્ષનું એક પ્રખ્યાત વૈષ્ણવ તીર્થ છે. સાત મોક્ષદાયક પુરીઓમાં દ્વારિકાની ગણતરી થાય છે. પશ્ચિમનું આ મહાધામ ગુજરાતનું ગર્વસ્થાન છે. ભગવાન્ કૃષ્ણની જીવનલીલાના સ્થાન તરીકે દ્વારકાને આ પ્રતિષ્ઠા મળી છે. છતાં અત્યારે ઓખા મંડળમાં જે દ્વારકાપુરી નામનું પ્રખ્યાત તીર્થ ગામ છે તે જ ભગવાન્ કૃષ્ણની લીલાભૂમિ છે કે કોઇ બીજું સ્થાન એ બાબત પુરાતત્ત્વવેત્તાઓને શંકા છે. હજી સુધી આ પરમ વૈષ્ણવ ધામનું સ્થાન નિશ્ચિત થયું નથી.[1]

આધુનિક દ્વારકાપુરી પ્રાચીન તીર્થસ્થાન નથી એ તો ઇતિહાસસિદ્ધ હકીકત છે. અને મૂળ દ્વારકા જેવાં બીજાં સ્થાનોનો દાવો આધુનિક દ્વારકાને પદભ્રષ્ટ કરવા સમર્થ હોવા છતાં એ સ્થાનોમાંથી કોઇનો દાવો સર્વમાન્ય થયો નથી. ખરી રીતે પ્રાચીન દ્વારકાના સ્થાન વિશે જે ઉલ્લેખો પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં મળે છે તે સર્વનો ઐતિહાસિક વિચાર કોઇએ કર્યો જણાતો નથી.

પ્રાચીન દ્વારકામાટે મહાભારતના તથા પુરાણોના ઉલ્લેખો શીવાય બીજો કોઇ પુરાવો નથી. એટલે આ ઉલ્લેખોનો ઐતિહાસિક વિચાર કરવો એ જ પ્રાચીન દ્વારકાનું સ્થાન શોધવાનો માર્ગ છે. દ્વારકા આનર્તમાં સમુદ્ર પાસે હોવું જોઇએ એમ કેટલાક પૌરાણિક ઉલ્લેખો ઉપરથી લાગે છે; પણ બીજા ઉલ્લેખો ઉપરથી દ્વારકા રૈવતક પર્વત પાસે હોવું જોઇએ એમ ઠરે છે.

મહાભારત આદિપર્વ, મહાભારત સભાપર્વ, મહાભારત મૌસલપર્વ, હરિવંશ, વાયુ પુરાણાદિ પુરાણો, તથા વિષ્ણુ ભાગવતાદિ વૈષ્ણવ પુરાણો એ બધામાં દ્વારકા વિશે છૂટા છવાયા ઉલ્લેખો છે. પણ હરિવંશમાં, વિષ્ણુપુરાણમાં અને ભાગવતમાં દ્વારકાનું સવિસ્તર વર્ણન મળે છે. (બ્રહ્મવૈવર્ત ભાગવત પછીનું અને આ બાબતમાં ભાગવતને અનુસરતું હોવાથી એને નથી ગણ્યું.) વિષ્ણુપુરાણ અને શ્રીમદ્ભાગવત બન્ને પુરાણો અલ્બીરૂની (ઇ. સ. ૧૦૩૦) પહેલાંનાં છે. હરિવંશ એ એથી જૂનું છે.

---

* આઠમી ગુજરાતી સાહિત્ય પરિષદમાં રજુ થએલો નિબંધ.

૧ બોમ્બે ગેઝીટીઅરના પ્રથમ ભાગ–ગુજરાતના ઇતિહાસ—ઉપર ટિપ્પણો લખનાર વિદ્વાને દ્વારકા પંજાબમાં હોવાની શંકા કરી છે (જુઓ Bombay Gazetteer Vol 1 part1 p 11 n. 1). અને આ વિષય ઉપર છેલ્લા લેખક રા. રા. અનન્ત સદાશિવ અલ્તેકર, એમ. એ. એલ. એલ. બી દ્વારકાનું સ્થાન સંશયિત ગણે છે. અને પ્રાચીન દ્વારકાનું સ્થાન સમુદ્રમાં ડુબી ગયું હોવાથી જુદાં જુદાં સ્થાનો મૂળ દ્વારકાપુરી હોવાનો દાવો કરે છે, અને આધુનિક દ્વારકાપુરી જૂના વખતનું તીર્થ સ્થાન નથી એમ પુરાવા આપે છે (જુઓ Indian Antiquary 1925 June, Supplement p. 25).

વિષ્ણુપુરાણમાં વૈવસ્વત મનુના વંશનું વર્ણન કરતાં કહ્યું છે કે "મનુના ચોથા પુત્ર શર્યાતિને સુકન્યા નામની પુત્રી (જે ચ્યવનને આપેલી) અને આનર્ત નામનો પુત્ર હતો, એનો પુત્ર રેવત આ રૈવત. પોતાના પિતાના નામ ઉપરથી આનર્ત નામે ઓળખાતા દેશનો રાજા હતો અને આનર્તની રાજધાની કુશસ્થલીમાં રહેતો હતો" (વિષ્ણુપુરાણ અં. ૪ અ. ૧).

વાયુપુરાણમાં આ જ મતલબના નીચેના શ્લોકો છે. જે મત્સ્યપુરાણે પણ ઉતાર્યા છે:-

शर्यातेर्मिथुनं त्वासीदानार्तो नाम विश्रुतः।
पुत्रः सुकन्या कन्या च भार्या या च्यवनस्य तु॥
[2]आनार्तस्य तु दायादो रेवो नाम्ना तु वीर्यवान्।
आनार्तो विषयो यस्य पुरी चापि कुशस्थली॥२४॥

(વાયુ પુ. अ. ८६ श्लो. २३ २४.)

આ કુશસ્થલી સમુદ્રમાં બેટ રૂપ હતી કે સમુદ્રકાંઠે હતી એમ વિષ્ણુપુરાણે કે વાયુપુરાણે કહ્યું નથી. પણ ભાગવત જૂના વર્ણનમાં થોડો ઉમેરો કરે છે. ભાગવત કહે છે કે "રૈવતે કુશસ્થલી નગરી સમુદ્ર વચ્ચે વસાવી:

सोन्तःसमुद्रे नगरीं विनिर्माय कुशस्थलीम्।

(भा. ९ अ-३ श्लो २८)

આ ઉમેરો દ્વારકા હાલની જગ્યાએ કર્યા પછી થયો લાગે છે. જૂનું કુશસ્થલી જ પાછળથી ભગવાન્ કૃષ્ણના વખતમાં દ્વારકા અથવા દ્વારવતી કહેવાવા લાગ્યું એમ વાયુપુરાણના નીચેના શબ્દોથી સ્પષ્ટ લાગે છે:—

आजगाम युवा चैव स्वां पुरी यादवैर्वृताम्
कृतां द्वारमतीं नाम बहुद्वारां मनोरमाम्॥

(वायु पु. अ. (८६ श्लो. २७)

મતલબ કે "ઉપર કહેલ રેવનો પુત્ર રૈવત રાજા પોતાની પુત્રી માટે વરવિશે બ્રહ્માને પૂછવા ગયેલો ત્યાંથી પાછો આવ્યો ત્યારે પોતાની કુશસ્થલી નામની પુરી ઘણાં દ્વાર-વાળી યાદવોથી વીંટાયેલી જોઈ અને એનું નામ દ્વારવતી પડેલું જોયું"

મહાભારત પણ સ્પષ્ટ રીતે જૂનાં કુશસ્થલીને કૃષ્ણે દ્વારવતી બનાવ્યું એમ કહે છે. મહાભારતના સભાપર્વમાં જરાસન્ધના દબાણથી પોતાને કેવી રીતે મથુરા તજવું પડ્યું અને દ્વારાવતી વસાવવું પડ્યું તેનું વર્ણન ભગવાન્ કૃષ્ણે યુધિષ્ઠિર આગળ કર્યું છે. આ પ્રસંગના દ્વારકાના વર્ણનનો શ્લોક જૂનું દ્વારકા ક્યાં હોવું જોઈએ એનો વિચાર કરવામાં અતિ ઉપયોગી હોવાથી વિસ્તારથી નીચે ઉતાર્યો છે:—

---

[2] વિષ્ણુ ભાગવત વગેરેમાં આનર્ત છે તેનું વાયુમાં आनार्त છે અને રૈવતનું રેવ છે. બાકીના શબ્દો વિષ્ણુ અને વાયુમાં એક જ છે.

पलायामो भयात्तस्य ससुतज्ञातिबान्धवाः ।
इति संचिन्त्य सर्वे स्म प्रतीचीं दिशमाश्रिताः ॥५२॥
कुशस्थलीं पुरीं रम्यां रैवतेनोपशोभिताम् ।
ततो निवेशं तस्यां च कृतवन्तो वयं नृप ॥५३॥
तथैव दुर्गसंस्कारं देवैरपि दुरासदम् ।
स्त्रियोऽपि यस्यां युध्येयुः किमु वृष्णिमहारथाः ॥५४॥
तस्यां वयममित्रघ्न निवसामोऽकुतोभयाः
आलोच्य गिरिमुख्यं तं मागधं तीर्णमेव च ॥५५॥
माधवाः कुरुशार्दूल परां मुदमवाप्नुवन् ॥५६॥

....

सामर्थ्यवन्तः संबन्धाद्दोमन्तं समुपाश्रिताः ।
त्रियोजनायतं सद्म त्रिस्कन्धं योजनावधि ॥५७॥
योजनान्ते शतद्वारं वीरविक्रमतोरणम् ।

....

वयं चैव महाराज जरासन्धभयात्तदा ।
मथुरां संपरित्यज्य गता द्वारमतीं पुरीम् ॥ ७७

(सभापर्व अ. १४ ७७)

ઉપરના શ્રીકૃષ્ણના મોઢામાં મૂકેલા દ્વારકાના વર્ણનમાં દ્વારકા સમુદ્ર વચ્ચે અથવા સમુદ્ર પાસે હોવાનું બીલકુલ સૂચન નથી. અને રૈવતક પર્વત પાસે હોવાનું સ્પષ્ટ સૂચન છે. **रैवतेनोपशोभिताम्** એટલે તો રૈવતક પર્વતની તળેટીમાં હોવું જોઇએ. " વળી જેમાં રહીને સ્ત્રીઓ પણ યુદ્ધ કરી શકે " અને " દેવો પણ ન લઇ શકે " **देवैरपि-दुरासदम्** એવો દુર્ગ તો પર્વત ઉપરનો કિલ્લો જ ગણાય અને આખા આનર્તમાં રૈવતક પર્વત ગિરનાર શિવાય એવું બીજું સ્થાન ક્યાં છે?

રૈવતક-પર્વતની તળેટીમાં દ્વારકા હોવું જોઇએ એમ મહાભારતના જ બીજા ઉલ્લેખ ઉપરથી પણ જણાય છે. અર્જુન તીર્થયાત્રા કરતો કરતો પ્રભાસ આવે છે અને ત્યાંથી દ્વારકા આવી શ્રીકૃષ્ણની બેન સુભદ્રાને ઉપાડી જાય છે. આ પ્રસંગનું વર્ણન જુઓ:—

ततः संवादिते तस्मिन्ननुज्ञातो धनंजयः
गतां रैवतके कन्यां विदित्वा जन्मेजय ॥१॥

....

....

रथेन कांचनांगेन कल्पितेन यथाविधि ।

....

सन्नद्धः कवची खड्गी बद्धगोधांगुलित्रवान् ।
मृगया व्यपदेशेन मययौ पुरुषर्षभः ॥
सुभद्रा त्वथ शैलेन्द्रमभ्यर्च्यैव हि रैवतम्

....

प्रदक्षिणं गिरेः कृत्वा मययौ द्वारकां मति
तामभिद्रुत्य कौन्तेयः प्रसह्यारोपयद्रथम् ॥

(म. आ. प. अ. २३९)

આ વર્ણન ઉપરથી રૈવતગિરિ દ્વારકાની અતિ પાસે હોય એવું જ લાગે છે. આ સુભદ્રાહરણપર્વમાં અમુક હસ્તપ્રતોમાં ૨૪૮ શ્લોકો વધારે છે. આ પ્રતોમાંના વર્ણનમાં અર્જુન સુભદ્રાને ઉપાડીને નીકળે છે એ પ્રસંગ વિશેના નીચેના શ્લોકો જોવા જેવા છે.

क्षोभयित्वा पुरश्रेष्ठं गरुत्मानिव सागरम् ।
प्रेक्षन्रैवतकद्वारं निर्ययौ भरतर्षभः ॥
शासनात्पुरुषेन्द्रस्य बलेन महता बली ।
गिरौ रैवतके नित्यं बभूव विपृथुश्रवाः ॥
प्रवासे वासुदेवस्य तस्मिन्हलधरोपमः ।
संबभूव तदा गोप्ता पुरस्य पुरवर्धनः ॥
सोऽभिपत्य तदाध्वानं ददर्श पुरुषर्षभम् ।
निःसृतं द्वारकाद्वारादंशुमन्तमिवाम्बरात् ॥

પરના શ્લોકોમાં ઉત્તરપુર (દ્વારકા)ને હલમલાવીને રૈવતકના દ્વારને જોતો પાર્થ ...ગ્યો એ શબ્દો તથા રૈવતક ગિરિ ઉપર પુર (દ્વારકા શહેર)નો જે રક્ષક રહેતો હતો મતલ...ીને દ્વારકાના દ્વારમાંથી અર્જુનને નીકળતો જોયો" એ શબ્દો તો દ્વાર-ખબાને પૂછવા ગયેલો લાખ...ે દ્વારકા શહેર રૈવતક પર્વતની તળેટીમાં હોય અને દ્વાર-વાળી યાદવોથી વીંટાયેલી જોઈ ...ય તો જ દ્વારકાનો રક્ષક (गोप्ता) રૈવતક ઉપર મહાભારત પણ સ્પષ્ટ રીતે જૂનાં જોઈને મગધના રાજાને તરી ગયા' એ શબ્દોની મહાભારતના સભાપર્વમાં જરાસન્ધના દ્વાર ઉપર કિલ્લો હોય તો જ ગણાય.

અને દ્વારાવતી વસાવવું પડ્યું ...નું વર્ણન પ્રસંગના દ્વારકાના વર્ણનનો શ્લોકો જૂનું અતિ ઉપયોગી હોવાથી વિસ્તારથી નીચે

...ઓ ઉપરથી એટલું સ્પષ્ટ લાગે છે કે કાશી-...મતું ગામ જૂના વખતમાં હશે. પછી જરાસ-...ીને પશ્ચિમમાં ભાગવું પડ્યું ત્યારે તેઓએ

૨ વિષ્ણુ ભાગવત વગેરેમાં આનર્ત શહેર બનાવ્યું તથા રૈવતક પર્વત ગિરનાર છે. બાકીના શબ્દો વિષ્ણુ અને વાયુમાં છે.

આ રીતે યાદવોને મધ્ય દેશ-મથુરા છોડવું પડયાની કથા ઘણી જૂની હોવી જોઈએ. ભગવાન્ બુદ્ધના સમય પ્હેલાં જ મગધનું જોર વધવા માંડેલું અને ગિરિવ્રજના માગધોએ કોઈ કાળે યાદવોને એટલા પીડયા હોવા જોઇએ કે તેઓને મધ્યદેશ છોડવો પડે.

હવે દ્વારકા બેટ કે બંદર હોવાની વાત કયાંથી ચાલી એ જોઇએ. વિષ્ણુપુરાણના ચોથા અંશમાં એ વાત નથી.ચોથા અંશની વસ્તુ જૂના પુરાણમાં લીધેલી છે.જૂનામાં જૂના વાયુપુરાણમાં દ્વારકાને બેટ કે બંદર નથી કહ્યું. વિષ્ણુપુરાણના પાંચમા અંશમાં કૃષ્ણચરિત્રના પ્રસંગમાં દ્વારકાનું જે વર્ણન છે તે મહાભારતના સભાપર્વમાંથી ઉપર ઉતારેલા વર્ણનથી કેટલું જુદું પડે છે એ જોવા જેવું છે. મહાભારત સભાપર્વમાંથી ઉપર કરેલા ઉતારામાં કાલયવનનું નામ પણ નથી. પણ વિષ્ણુપુરાણમાં કહ્યું છે કે અહીં એક તરફથી કાલયવન આવ્યો અને બીજી તરફથી જરાસન્ધ આવશે. તેથી શ્રીકૃષ્ણ વિચાર કરવા લાગ્યા કે આ વખતે જો પ્રથમ કાળયવન સાથે યુદ્ધ કરીશું તો તે યાદવોના બળનો ક્ષય કરશે; તેથી નિશ્ચય યાદવો જરાસન્ધથી પરાજય પામશે. અને જો પ્રથમ જરાસન્ધ સાથે યુદ્ધ કરશું તો જરાસન્ધ યાદવોના બળનો ક્ષય કરશે એટલે કાલયવન યાદવોનો નાશ કરશે. અર્થાત યાદવો ઉપર બે બાજુથી વિપત્તિ આવી છે (શ્લોક ૧૦). માટે હમણાં હું શત્રુઓથી ન છુતી શકાય એવો દુર્ગ તૈયાર કરૂં કે જે દુર્ગમાં રહીને મોટા ક્ષત્રિયો તો શું પણ સ્ત્રીઓ પણ યુદ્ધ કરી શકે (શ્લોક ૧૧). શ્રીકૃષ્ણે એ પ્રકારે વિચાર કરી સમુદ્ર પાસે બાર યોજન પૃથ્વી માગી તેમાં દ્વારકા નામની નગરી વસાવી (૧૩)[૩] વિષ્ણુ પુ૦ અં. ૫ અ. ૨૩.

આ અધ્યાયનો બારમો શ્લોક મહાભારત સભાપર્વમાંથી (શ્લોક ૫૪) ઉતાર્યો છે. બાકીની વાત નવી છે.

હરિવંશ, " યાદવો મથુરાં છોડીને સિન્ધુ દેશમાં ગયા અને ત્યાં સમુદ્રકાંઠે રૈવતક પર્વતથી અતિ દૂર નહીં એવા સારા સ્થાનમાં દ્વારકા નગરી વસાવી " એમ કહે છે. હરિવંશ ૨ અ. ૫૫.

ઉપરના જુદા જુદા ઉલ્લેખો મેળવતાં એમ દેખાય છે કે દ્વારકા રૈવતક પર્વતની તળેટીમાં હતી એ જૂનામાં જૂની ખ્યાતિ. મહાભારતના સભાપર્વમાંથી ઉપર કરેલા ઉતા-

---

૩ ભાગવતમાં વિષ્ણુપુરાણમાં ઉપલાં વચનોનો નીચે પ્રમાણે અનુવાદ કર્યો છેઃ—

तं दृष्ट्वाऽचिन्तयत्कृष्णः संकर्षणसहायवान्
अहो यदूनां वृजिनं प्राप्तं ह्युभयतो महत् ॥ ४६ ॥

....

तस्माद्द्य विधास्यामो दुर्गं द्विपददुर्गमम् ।
तत्र ज्ञातीन् समाधाय यवनं घातयामहे ॥ ४९ ॥
इति संमन्त्र्य भगवान् दुर्गं द्वादशयोजनम् ।
अन्तःसमुद्रे नगरं कृत्स्नाद्भुतमचीकरत् ॥ ५० ॥

भा. अ. १०. श्लो, ५०

રાનું વર્ણન એટલું સ્વાભાવિક, અતિશયોક્તિ વગરનું, તથા કૃષ્ણના અવતારીપણાના સૂચન વગરનું છે કે એ અધ્યાયને મહાભારતના પ્રાચીન થરને ગણવો જોઈએ. અને વાયુ, મત્સ્ય અને વિષ્ણુ પુ. અં. ૪ મહાભારતના સભાપર્વને ટેકો આપે છે. ત્યારે સમુદ્ર પાસે દ્વારકાની વાત ક્યાંથી આવી? હરિવંશમાં એ પ્રથમ દેખાય છે. ત્યાં સમુદ્રકાંઠે દ્વારકા વસાવ્યાની વાત છે. પણ હરિવંશ તો સિન્ધુ-સિન્ધમાં દ્વારકા હોવાનું કહે છે. પછી વિષ્ણુપુરાણ સમુદ્ર પાસેથી બાર યોજન જમીન માગીને દ્વારકા વસાવ્યાનું કહે છે. અને ભાગવત તો સમુદ્ર વચ્ચે બેટમાં દ્વારકા વસાવ્યાનું કહે છે. બાર યોજન વગેરે માપમાં તો અતિશયોક્તિ હોય એટલે એના ઉપર આધાર ન રખાય. પણ આ સમુદ્ર કાંઠે કે સમુદ્ર વચમાં દ્વારકાની વાત આવી ક્યાંથી? વિચાર કરતાં એમ લાગે છે કે રૈવતક-ગિરનારની તળેટીમાં એક ગામ ઘણા જૂના વખતમાં વસેલું હશે. પુરાણો આનર્તનો પુત્ર રેવત કહે છે. એ ઉપરથી આનર્ત દેશમાં પ્હેલાં વસ્તી રેવતમાં થઈ એમ અર્થ થાય. આનર્તને મનુનો પૌત્ર ગણે છે એ જોતાં રૈવતમાં વસ્તી ઘણી જુના કાળમાં હોવી જોઈએ. આ રૈવતનું ગામ તે પ્હેલાં કુશસ્થલી કહેવાતું. પછી એ કોઈક કારણથી ઉજ્જડ થઈ ગયું (જુઓ વાયુ. અ ૮૬). પછી યાદવો મથુરા છોડીને આનર્ત ગયા, ત્યારે તેઓને આ જૂના ખંડેરનું સ્થાન સરસ લાગ્યું અને પાસેના ડુંગર ઉપર કિલ્લો બાંધ્યો હોય તો શહેર સુરક્ષિત થાય એમ જાણતાં યાદવોએ રૈવતક ગિરિની તળેટીમાં મોટું શહેર વસાવ્યું. એ ઘણા દરવાજાઓવાળા શહેરનું નામ પડયું દ્વારકા કે દ્વારવતી. પણ યાદવો પ્રભાસ આગળ દારૂ પીને અંદર અંદર કપાઈ મુવા, યાદવોની સ્ત્રીઓને કાબાઓ ઉપાડી ગયા, અને ફરી આ શહેર ઉજ્જડ થઈ ગયું. પણ એ સ્થાન લશ્કરી દૃષ્ટિએ અતિ અગત્યનું હોવાથી મૌર્ય ચંદ્રગુપ્તે કે તે પ્હેલાં નંદ રાજાએ ફરી વસાવ્યું હશે. આ વખતે એ શહેરનું નામ ગિરિનગર પડયું એમ. ઇ. સ. બીજા શતકના મહાક્ષત્રપ રુદ્રદામનના ગિરનાર પાસેના શિલાલેખથી જણાય છે. ઇ. સ. પૂર્વે ચોથા શતકથી તે ઇ. સ. પાંચમાં શતક સુધી આ શહેર કેવું અગત્યનું ગણાતું એ સુદર્શન તળાવની રુદ્રદામન તથા સ્કંદગુપ્તની પ્રશસ્તિઓ ઉપરથી જણાય છે. ફરી એ શહેર ઉપર કાળનો કોપ થયો, સુદર્શનનું નામ નિશાન ન રહ્યું. ગિરિનગર ગયું; પણ પાછું અમુક કાળે જીર્ણદુર્ગ થયું, અને હાલ જુનાગઢ છે. મતલબ કે મહાભારતાદિનાં વચનોનું તાત્પર્ય કહાડતાં મારો મત એવો થાય છે કે આજનું જુનાગઢ જેમ એક કાળે ગિરિનગર કહેવાતું તેમ તે પ્હેલાં એ જ શહેર દ્વારકા કહેવાતું.

હવે દ્વારકા સમુદ્રકાંઠે કે વચ્ચે ક્યાંથી આવ્યું તેનો વિચાર કરીએ. આ બાબતમાં તર્ક જ કરવો પડે તેમ છે. મહાભારતના જૂના ઉલ્લેખોમાં દ્વારકાપાસે સમુદ્રની વાત નથી, વાયુ પુરાણમાં નથી. પણ યાદવોના નાશ સાથે દ્વારકા ઉજ્જડ થઈ જવાથી કાઠીઆવાડ ઠીક ઠીક વસ્યા પછી કાઠીઆવાડમાં વૈષ્ણવોને દ્વારકાનો પત્તો ન લાગ્યો. ગિરનારની તળેટીનું શહેર તો એ વખતે ગિરિનગર કહેવાતું હતું. ત્યારે દ્વારકા ગયું ક્યાં? આ પ્રશ્નના ઉત્તરમાં દ્વારકા સમુદ્રમાં ડુબી ગયાની વાત ચાલી. જુઓ મહાભારત મૌસલપર્વઃ—

इमां च नगरीं सद्यः प्रतियाते धनंजये ।
प्राकाराट्टलकोपेतां समुद्रः प्लावयिष्यति ॥ म. भा. मौ-पर्व अ ८

વિષ્ણુપુરાણ, ભાગવત બંધામાં આ વાત છે, પણ પરમ ભાગવત ગુપ્તોને જ્યાં ભગવાન કૃષ્ણની રાજધાની ત્યાં એની કાંઇ નિશાની પણ ન હોય એ અત્યંત ખુચ્યું હશે. ગુપ્તોના વખતમાં ગિરનારની તળેટીનું શહેર તો ગિરિનગર કહેવાતું હતું. એ જ શહેર કોઇ કાળે દ્વારકા નામથી પ્રખ્યાત હતું એ વાત પણ ગુપ્તકાળમાં ભુલાઇ ગયેલી. એટલે પોતાના પ્હેલાં ઇ. સ. બીજા શતકમાં કે આસપાસમાં હરિવંશે સમુદ્રકાંઠે દ્વારકા હોવાનું કહેલું એ ઉપર આધાર રાખી, હાલનું દ્વારકા છે ત્યાં કોઇ ગુપ્તકાલીન ભગવદભકતે સ્કંદગુપ્તના સુરાષ્ટ્રના પાલકે સુદર્શન તળાવને કાંઠે જેમ વિષ્ણુનું મંદિર બંધાવ્યું તેમ એક વિષ્ણુ મંદિર બંધાવ્યું હશે. મહાભારતના મૌસલ પર્વે દ્વારકાને સમુદ્ર ડુબાડી દેશે એમ કહ્યું ત્યારે આ મન્દિર બંધાયેલું નહીં. પછી પણ વિષ્ણુપુરાણ અને ભાગવતનું એ પ્રસંગનું વર્ણન વિષ્ણુનું મંદિર બંધાયા પછી લખાયું લાગે છે. વિષ્ણુપુરાણ કહે છે કે " સમુદ્રે સમગ્ર દ્વારકાને ડુબાડી દીધી માત્ર એક ભગવન્મંદિરને ન ડુબાડ્યું. હજી સુધી સમુદ્ર મંદિરને ધોઇ નાખી શકયો નથી. અને ત્યાં હજી કેશવ નિરંતર રહે છે, જેઓ તે પવિત્ર સ્થાને જાય છે તેઓ સર્વ પાપથી મુક્ત થાય છે "૪. વિષ્ણુ પુ. અં-૫ અ—૩૮.

મહાભારતના અને વિષ્ણુ ભાગવતના આ ઉલ્લેખો સરખાવતાં સ્પષ્ટ દેખાય છે કે પ્હેલાં એ સ્થળે મંદિર ન હતું અને વિષ્ણુપુરાણ તથા ભાગવત રચાયા પ્હેલાં બંધાયું છે. ગુપ્ત રાજાઓ પરમ ભાગવત હોવાથી તથા તેઓના વખતમાં સેંકડો દેવમન્દિરો આ દેશમાં બંધાયેલાં હોવાથી ઉપરનું મન્દિર પણ સુદર્શન તળાવના કાંઠાના મન્દિર પેઠે ગુપ્તકાળમાં બંધાયું હશે એમ હું અટકળ કરૂં છું. આ મન્દિર એલ્બેરૂની પ્હેલાંનું તો છે જ.

સમુદ્રના કાંઠા ઉપર ઓખા મંડળમાં જ્યાં આજે છે ત્યાં વિષ્ણુનું મન્દિર બંધાયા પછી આસપાસની જગ્યા પવિત્ર મનાવા લાગી હશે. પણ ગામ મોડું વસ્યું છે. વિષ્ણુપુરાણ અને ભાગવતમાં માત્ર મંદિર બચ્યાની વાત છે. પછી કાળે કરીને પાસેનો બેટ પણ પવિત્ર મનાવા લાગ્યોં. બેટની શંખનારાયણની પ્રાચીન મૂર્તિ પાછલા ગુપ્તકાળની હોવાનો સંભવ છે. આ બેટ અંતર્દ્વીપની વાત વિષ્ણુપુરાણમાં નહીં પણ ભાગવતમાં છે. ભાગવત દ્વારકાને ' અન્તઃસમુદ્રે ' કહે છે તે આ બેટને ઉદ્દેશીને હશે. મહાભારતના આદિ પર્વમાં જ અમુક હસ્તપ્રતોમાં ન મળતા સુભદ્રાહરણ પર્વના અધ્યાયોમાં અન્તર્દ્વીપની વાત છે. એટલે એ અધ્યાયો પાછળથી ઉમેરાયેલા લાગે છે.

---

૪ જુઓ ભાગવતઃ—

द्वारकां हरिणा त्यक्तां समुद्रोऽप्लावयत् क्षणात् ।
वर्जयित्वा महाराज श्रीमद्भगवदालयम् ॥
नित्यं सन्निहितस्तत्र भगवान्मधुसूदनः ।
स्मृत्याशेषाशुभहरं सर्वमंगलमंगलम् ॥ भा-११ अ-३१ श्लो-२३, २४

વનપર્વમાં દ્વારકાના ઉલ્લેખો છે. ખાસ કરીને તીર્થયાત્રા પર્વમાં **पुण्या द्वारवती यत्र (म–वन पर्व अ ८६)** વગેરે. પણ એ કદાચ દ્વારકા જોયા વગર લખાયેલાથી અને પાછળના તથા ખાસ અગત્યતા વગરના હોવાથી અહીં વિચારમાં નથી લીધા. ગુજરાતમાં દ્વારકાની તીર્થ તરીકે વધારે પ્રસિદ્ધિ તો બારમા શતકથી થઈ છે. એટલે દ્વારકા ગામ તે પ્હેલાં સો બસો વર્ષો ઉપર વસેલું હશે.

ટોલેમી 'બારાકી' (Baroke) નો ઉલ્લેખ કરે છે પણ તે દ્વારકા વિશે છે કે વેરાવળ વિશે એ બાબત મતભેદ છે. હાલના દ્વારકા વિશે જ હોય તો એ વખતમાં ત્યાં બંદર હોવું જોઈએ એમ સાબીત થાય. કદાચ હરિવંશનો ઉલ્લેખ એ વખતે લખાયો હોય અર્થાત્ ઈ–સ પ્હેલા બીજા શતકમાં સમુદ્ર કાંઠે દ્વારકા હોવાની કલ્પના પ્રચારમાં આવી હોવાનો સંભવ છે. એ વખતે ત્યાં વહાણવટાંનો કે ચાંચીઆનો ધંધો કરનારા લોકોની થોડી વસ્તી પણ હોય એ સંભવિત છે. સંસ્કૃતસાહિત્યમાં સમુદ્ર કાંઠે દ્વારકાપુરી મુકવાનું પ્હેલું માન હરિવંશના રચનારને હોય એમ લાગે છે.

આ શિથિલ ચોકસાઇ વાળા ગ્રન્થકારે પશ્ચિમ કાંઠાનું ભૂગોળ પણ કદાચ જોયા વગર સમુદ્ર કાંઠે દ્વારકા ઠરાવી અને મહાભારત સાથે દેખીતો વિરોધ ટાળવા રૈવતક પર્વતથી **नातिदूरे** લખી દીધું. વિષ્ણુ ભાગવત હરિવંશને ન છૂટકે અનુસરે છે. આ રીતે આધુનિક દ્વારકા ઘણું કરી ગુપ્તકાલીન વિષ્ણુ મંદિરની આસપાસ પાછળથી વસેલું ગામ છે અને પ્રાચીન દ્વારકા ગિરનારની તળેટીમાં જૂનાગઢની આસપાસ હોવું જોઈએ.

૭

સ્વપ્નવાસવદત્તાદિ નાટકચક્ર

પ્રતિમા

[રસિકલાલ. છો. પરીખ.]

રામાયણના કથાચક્ર ઉપર રચાએલાં બે નાટકો વિદ્યમાન છેઃ પ્રતિમા અને અભિષેક[*]. બન્ને નાટકો મોટાં છે, પ્રતિમાના સાત અંક છે, અભિષેકના ૭ છે. પ્રતિમાનું વસ્તુ રામના અભિષેકની તૈયારીથી તે રામ વનવાસ સેવી અભિષેક પામે છે ત્યાં સુધી છે. અભિષેકનું વાલીના વધથી લંકામાં સીતાની અગ્નિશુદ્ધિ અને રામના અભિષેક સુધી છે. આ રીતે પ્રતિમાનું વસ્તુ વધારે વિસ્તૃત છે; અભિષેકના કથાંશો એમાં સમાઇ જાય છે. આમ છે છતાં નાટકોમાં પુનરુક્તિ નથી.

નાટકકાર જ્યારે પુરાણમાંથી કે ઇતિહાસમાંથી વસ્તુ લે છે ત્યારે એ કથાસર્જનની તકલીફમાંથી ઘણે ભાગે મુક્ત થાય છે. પણ એથી નાટક તરીકે એની મુસીબતો ઓછી થતી નથી. પુરાણના અથવા ઇતિહાસના વસ્તુને નાટકોચિત સ્વરૂપ આપવામાં આખું સંકલન ફરીથી કરવું પડે છે; અને આ સંકલનમાં સ્વતંત્ર વસ્તુના સંકલન કરતાં વિશેષ નિયંત્રણ હોય છે. સ્વકલ્પિત વસ્તુમાં કવિ નાટકની દૃષ્ટિએ જ કથાને ગોઠવે છે, એમાં એને બ્હાારનું નિયંત્રણ હોતું નથી. પણ પુરાણ અથવા ઇતિહાસપ્રસિદ્ધ વસ્તુમાં કવિ પોતાની મરજી પ્રમાણે ફેરફાર કરી શકતો નથી. એમાં મોટો ભય દુર્બોધિતાનો છે. પ્રેક્ષકો અને વાચકોના ચિત્તમાં આ જાતની કથાઓ વિષે સંસ્કારો પડી ગયા હોય છે. આ સંસ્કારોને જો વધારે પડતો આઘાત નાટકકાર પ્હોંચાડે તો એ નાટકના અર્થગ્રહણમાં જ ચિત્તનો વિરોધ થાય, તો પછી રસસંવેદન કુણ્ઠિત થાય એમાં નવાઇ નહિ. પણ બીજી બાજુ પુરાણ કે ઇતિહાસના વસ્તુનો કવિ યથાસ્થિત સમાવેશ કરવા જાય તો નાટક નાટક જ ન રહે; કારણકે કથાને કેવળ સંવાદના સ્વરૂપમાં મુકવાથી નાટક થતું નથી. કવિ જો વસ્તુ, પાત્રો, અને રસનું નાટકોચિત સંઘટન ન કરી શકે, બીજ–અંકુર–ફલની જીવન્ત એકતાથી એને સ્પષ્ટ રીતે ન ઘટાવી શકે, તો એ નાટક તરીકે નિષ્ફળ જાય. આથી કવિને કથાના સ્થૂલ પ્રવાહને સચવાય તેટલો સાચવીને પોતાના રહસ્યદર્શન પ્રમાણે પુનઃસર્જન કરવું પડે છે. આ પુનઃસર્જન અને તેમાંથી વ્યક્ત થતા રહસ્યદર્શનમાં કવિની મહત્તાનું માપ આવી જાય છે. (મહાભારતની શકુન્તલાની કથા અને કાલિદાસનું શાકુન્તલ નાટક ઉદાહરણ તરીકે સરખાવો.) કવિ નાટકના વસ્તુની સાંકળનું નિર્માણ કરતાં નવી કડીઓ ઘડે છે, અને જૂની અને નવી કડીઓને પોતાના રહસ્યદર્શન પ્રમાણે ગોઠવે છે. કવિને જો કોઇપણ જાતનું પોતાના વસ્તુનું રહસ્યદર્શન ન હોય તો પુનઃસર્જનનું કાર્ય લગભગ અસંભવિત થાય, અને જો કાંઇ થાય તો તે અંધકારગ્રસ્ત જ રહેવાનું. એટલે

---

[*] ડૉ. ગણપતિશાસ્ત્રી રામના બાલચરિત વિષે એક નાટક હશે એમ કલ્પના કરે છે. આ માટે સાહિત્યદર્પણમાંનો એક શ્લોક પૂરાવારૂપે છે. રામના ઉત્તરચરિતનું પણ કવિએ નાટક લખ્યું હોય.

કલાકાર તરીકે પોતાની કૃતિમાં પ્રકાશ આવે તે માટે કવિનું દર્શન સ્પષ્ટ હોવું જોઈએ. આ પ્રાથમિક ભૂમિકાની હયાતી પછી જ તેના દર્શનની કોટિ પ્રમાણે કવિની મહત્તાનું માપ આવી શકે.

આ દૃષ્ટિથી કવિએ રામાયણની કથાને પ્રતિમામાં કેવી રીતે ઘટાવી છે તે જોઈએ.

સૂત્રધાર સામાજિકોને આશીર્વાદ આપી નટીને બોલાવે છે, અને તે સમયે ચાલતી શરદૃઋતુને ઉદ્દેશી ગાવાનું કહે છે. નટી ગાય છે.[૨] સૂત્રધાર પણ શરદૃઋતુમાં નદીના રેતાળ પટમાં વિહાર કરતી હંસીનું વર્ણન કરે છે. એટલામાં નેપથ્યમાંથી 'આર્ય–આર્ય' નો અવાજ આવે છે. સૂત્રધાર વર્ણન, હંસીને 'નરેન્દ્રભવનમાં આનંદિત થઇ ત્વરાથી જતી પ્રતિહારી' સાથે સરખાવી પૂરું કરે છે.

પ્રતિહારી કંચુકીને બોલાવી તેને મહારાજા દશરથની રાજકુમાર રામના અભિષેકની શીઘ્ર તૈયારી કરવાની આજ્ઞા જણાવે છે. કંચુકી કહે છે કે મહારાજની આજ્ઞા પ્રમાણે સર્વ તૈયારી થઇ ગઇ છે. 'છત્ર, ચામર, નન્દિપટહ, અને ભદ્રાસન તૈયાર છે; તીર્થજળથી ભરેલા સુવર્ણના ઘડાઓ દાભ અને ફલ સાથે ગોઠવાઇ ગયા છે, પુષ્પરથ જોડાઇ ગયો છે, મન્ત્રીઓ સાથે નગરજનો ભેગા થયા છે, અને **सर्वस्यास्य हि मंगलं स भगवान वेद्यां वसिष्ठः स्थितः** આ સર્વના મંગલરૂપ તે ભગવાન વસિષ્ઠ વેદિમાં ઉભા છે.' પ્રતિહારી પોતાનો સંતોષ જણાવે છે; કંચુકી પ્રજાનો સંતોષ જાહેર કરવા રોકાય છે એટલે એને ત્વરાથી કામે વળગવાનું સૂચન કરી તે બીજા પુરોહિતને સર્વ સામગ્રી સાથે તૈયાર રહેવાનું કહેવડાવે છે, અને સારસિકા નામની દાસીને સંગીતશાળામાં જઇ 'નાટકીઓને સમય અનુકૂળ નાટક સાથે સજ્જ થવાનું' કહે છે; પોતે મહારાજ પાસે જાય છે. આ પ્રમાણે રાજદરબારના એક ભાગમાં અભિષેકની તૈયારી ચાલે છે.

બીજા ભાગમાં–અવદાતિકા નામની એક દાસી વલ્કલ લઇ દાખલ થાય છે. એ મશ્કરીમાં આ વલ્કલ છાનીમાની લઇ આવી છે. પણ છાનીમાની લઈ આવી છે એટલે એનું દીલ ભયથી ભારે થઇ ગયું છે. 'અહો! કષ્ટ! પરિહાસથી હું આ વલ્કલ લઇ આવું છું તો પણ મને આટલો બધો ભય લાગે છે! તો પછી લોભથી પરધનનું હરણ કરનારને કેટલો લાગતો હશે! હસવાને ઇચ્છું છું, પણ એકલાં એકલાં હસવું ઠીક નથી.' આ પ્રમાણે આ દાસીનું મન વિચારવમળમાં ગોથાં ખાય છે, એવામાં સીતા પરિવાર સાથે પ્રવેશ કરે છે. અવદાતિકાને જોઈ તે દાસીને પૂછે છે 'અવદાતિકાનો ચ્હેરો શંકિત કેમ દેખાય છે?' દાસી જવાબ આપે છે કે કાંઇ અપરાધ કર્યો હશે; પણ સીતા જુએ છે કે એ હસવાનો પ્રયત્ન કરે છે. અવદાતિકા સીતાને જુએ છે અને તેની પાસે આવી બોલી દે છે 'જય જય ભટ્ટિણી! મેં કાંઇ અપરાધ કર્યો નથી.' સીતા–'કોણ તને પૂછે છે?' તેના ડાબા હાથ તરફ જોઇ 'અવદાતિકા આ ડાબા હાથમાં શું છે?' અ—'વલ્કલ'. સી–'વલ્કલ કોનું લઇ આવી?' અવદાતિકા જણાવે છે કે નાટકના વેશનાં કપડાં સાચવનારી આર્યા રેવા પાસે એણે અશોકવૃક્ષનું એક કિસલય માગ્યું હતું. એ વૃક્ષનું નાટકમાં પ્રયોજન પૂરું થયું હતું. 'પણ રેવાએ ન આપ્યું એટલે એ સતાવવાના

૨ ગાયન નથી આપ્યું. નાટકમંડળી પોતાને અનુકૂળ ગાયન મૂકી દેતી હશે!

દાવની છે એમ ધારી આખું વલ્કલ લઇ આવી.' સીતા–'પાપ કર્યું. જા પાછું આપી આવ.' અવ–'ભટ્ટિની પરિહાસ કરવા લઇ આવી છું.' સીતા–'ઉન્મત્તિકે એ રીતે દોષ વધે છે. જા પાછું આપી આવ, પાછું!' અવદાતિકા આપવા જાય છે, પણ સીતાને કુતૂહલ થાય છે. અવદાતિકાને પાછી બોલાવે છે, 'હલા શું મને પણ આ શોભે કે?' અ–સુરૂપને બધું એ શોભે. ભટ્ટિની ધારણ કરો.' સીતા લઇને પ્હેરે છે, અને પૂછે છે 'હલા જો જેઇએ–મને હવે શોભે છે?' અવદાતિકા કહે છે 'શોભે છે? વલ્કલ જાણે સોનાનું થઈ ગયું.' બીજી દાસીને પૂછે છે, એ પણ શોભાથી ખુશ થઇ ગઇ છે. સીતાનું સ્ત્રીજન-સહજ કુતૂહલ શમતું નથી. દર્પણ મંગાવે છે. ચેટી દર્પણ લઇને આવે છે, પણ એ કાંઇ સાંભળી આવી છે. સીતા એના મુખ ઉપરથી એ જોઇ શકે છે, એટલે દર્પણ બાજુ ઉપર રાખી પૂછે છે 'તું કાંઇ કહેવા માગે છે?' ચેટી ખબર આપે છે 'આર્ય બાલાકિ કંચુકી અભિષેક અભિષેક એવું બોલે છે.' સીતા–'રાજ્યમાં કોઇ ધણી થવાના હશે.' પોતાનો પતિ રામ રાજા થવાનો છે એ કલ્પના એને નથી આવતી. એટલામાં બીજી દાસી આવી શુભ ખબર આપે છે કે રામનો અભિષેક થવાનો છે. સીતા પૂછે છે–'પિતાજી તો કુશળ છે ને?' દાસી કહે છે 'મહારાજ સ્વહસ્તે જ રામનો અભિષેક કરે છે.' સીતા આનંદ પામે છે અને બક્ષીસ લેવા દાસીને ખોળો પાથરવા કહે છે; પોતાના સર્વ આભરણો કહાડી દાસીને આપે છે. ઢોલ વાગે છે. અભિષેક થાય છે એમ સૌ અનુમાન કરે છે, પણ એકદમ ઓચિંતુ વાગતું બંધ થઈ જાય છે. સીતા આશ્ચર્યથી પૂછે છે 'અભિષેકમાં શું વિઘ્ન આવ્યું? અથવા રાજકુળોમાં બહુ બનાવો બને છે, **बहुवृत्तान्तानि राजकुलानि नाम**। ચેટી કહે છે 'એમ સંભળાય છે કે રાજકુમારનો અભિષેક કરી મહારાજ વનમાં જવાના છે.' સીતા–'જો એમ છે તો તો એ અભિષેક નહિ, એતો મુખોદક થયું.'

રામ પ્રવેશ કરે છે. છુટકારાનો શ્વાસ મુકે છે. 'ઢોલ વાગવા માંડ્યું. ગુરુજન ઉભા થયા, હું ભદ્રાસન ઉપર ચઢ્યો, અભિષેક અર્થે ખભો ઉંચો કરી મ્હોંડુ નમાવ્યું, અને એના ઉપર ઘડામાંથી પાણી પડવા માંડ્યું–એટલામાં રાજાએ મને આસન ઉપરથી ઉતરવાનું કહ્યું; લોકો મારા ધૈર્યથી વિસ્મિત થયા. પણ પુત્ર પિતાનું કહ્યું કરે એમાં વિસ્મય પામવાનું શું?' રામનું દીલ હળવું થાય છે, પોતે જવાબદારીથી મુક્ત થયો છે; 'સુભાગ્યે હું એ જ રામ રહ્યો અને મહારાજ મહારાજ રહ્યા. લાવ ત્યારે મૈથિલીને મળું.' રામ સીતા પાસે જાય છે. અવદાતિકા ખબર આપે છે, અને પેલું વલ્કલ હજી પ્હેરેલું જ છે, એ સીતાને જણાવે છે. રામ સીતા મળે છે. અવદાતિકા સીતાને કહે છે કે રાજકુમારનો વેષ હજી એનો એ છે એટલે કે રામ રાજા થયો નથી. સીતાને શંકા થાય છે–કારણ કે એની ખબર ખોટી છે તે એ માની શકતી નથી. પણ પ્હેલાંની જેમ **बहुवृत्तान्तानि राजकुलानि**થી પોતાના મનનું સમાધાન કરે છે. રામ પૂછે છે શી વાતચીત ચાલે છે. સીતા હકીકત જણાવે છે અને રામ તેનું કુતૂહલ સર્વ વૃત્તાન્ત જણાવી શાન્ત કરે છે. 'પિતાએ રાજ્ય સ્વીકારવાનું કહ્યું, પોતે ના પાડી, ધરડા પિતાએ પોતાના જીવના સમ આપ્યા, પછી અભિષેક શરૂ થયો. શત્રુઘ્ને અને લક્ષ્મણે ઘડા લીધા, આંસુ સાથે રાજાએ પોતે છત્ર ગ્રહણ કર્યું. એટલામાં ગભરાતી ગભરાતી મન્થરાએ

આવી રાજાના કાનમાં કાંઇક કહ્યું–અને હું રાજા ન થયો.' રામ પણ કારણ જાણતા નથી. સીતા—' ભલું થયું. મહારાજ એ જ મહારાજ રહ્યા અને આર્યપુત્ર એના એ રહ્યા.'

રામ સીતાને આભરણ વિનાની જોઇ પૂછે છે ' આભરણો કેમ કહાડી નાંખ્યાં છે?' સીતા મશ્કરીમાં આડો જવાબ આપે છે, પહેર્યાં જ નથી. રામ–' નહિ હમણાં જ ઉતાર્યાં હોય એમ દેખાય છે;' અને જે અવયવો ઉપરથી આભરણો ઉતારી નાખ્યાં છે તેનું વર્ણન કરે છે. સીતા–' આર્યપુત્ર ખોટાને પણ સાચું હોય એમ કહી શકે છે.' રામ—' તો અલંકાર પહેર, હું દર્પણ ધરીશ.' રામ દર્પણમાં સીતાની છબિ જુએ છે, એટલે એણે ધારણ કરેલા વલ્કલ ઉપર એનું ધ્યાન ખેંચાય છે. ' ઉભી રહે! દર્પણમાં વલ્કલ જેવું શું છે? શું એ સૂર્યનાં કિરણો છે. હસવાથી સમજાય છે. ગમ્મત માટે પ્હેર્યું છે કે સંયમની સ્પૃહાથી?' સીતા કાંઇ જવાબ આપતી નથી. રામ અવદાતિકાને પૂછે છે. અવ–'શોભે છે કે નથી શોભતું એવા કુતૂહલથી પ્હેર્યું હતું.' રામ કહે છે ' મૈથિલિ! આ શું? ઇક્ષ્વાકુઓના ઘડપણનો અલંકાર તેં પ્હેર્યો છે! મને પણ ગમે છે. લાવ.' રામ પોતે પ્હેરવા માગે છે. સીતાનું સ્ત્રીહૃદય આ વલ્કલમાં અમંગલનો ભય અનુભવે છે; અને રામને કહે છે ' એવું અમંગલ ન બોલો.' રામ પૂછે છે 'કેમ રોકો છો?' સીતા–'અભિષેક ન પામેલા આર્યપુત્રના અમંગળ જેવું દેખાય છે.' રામ સીતાને શાન્ત કરે છે, ' આ તો ગમ્મત છે. અને તેં પહેર્યું એટલે મારા અર્ધા શરીરે તો પહેર્યું જ ને.' રામ, રાજ્ય ભારમાંથી મુક્ત થએલો રામ, આ પ્રમાણે વિનોદ કરે છે, એટલામાં નેપથ્યમાંથી ચીસ આવે છે ' હા મહારાજ!' બધા આશ્ચર્ય પામે છે. કંચુકી દાખલ થાય છે અને રામને મહારાજને બચાવવા કહે છે. રામ કહે છે, ' મહારાજને બચાવવા એટલે એક શરીરમાં સંક્ષિપ્ત થએલી પૃથ્વીને બચાવવી. પણ દોષ કયાંથી ઉત્પન્ન થયો છે?' કં–'સ્વજનથી!' રામ–સ્વજનથી? તો તો ઉપાય નથી.

> शरीरेऽरिः प्रहरति हृदये स्वजनस्तथा ।
> कस्य स्वजनशब्दो मे लज्जामुत्पादयिष्यति ॥

શત્રુ શરીર ઉપર પ્રહાર કરે છે, સ્વજન હૃદય ઉપર. કોને વિષે સ્વજન શબ્દ મને શરમ ઉત્પન્ન કરશે?' કંચુકી કહે છે–'તત્રભવતી કૈકેયીથી.' રામ જવાબ આપે છે ' તો તો ભાવીમાં એથી ફાયદો હશે.' ઉદ્વેગ પામેલો કંચુકી પૂછે છે ' શી રીતે?' રામ–' સાંભળ, જેનો શક્ર સમો ભર્તા છે, જે મારાવડે પુત્રવતી છે, તેને શા ફળમાં સ્પૃહા હોય કે જેથી તે અકાર્ય કરે?' કંચુકી ચીડાએલો છે. રામને પોતાની ઋજુતા પ્રમાણે અભિપ્રાય બાંધતા રોકે છે, અને રામને ખબર આપે છે કે કૈકયીના કહેવાથી જ અભિષક બંધ રહેલો છે. રામ એમાં પણ ગુણ જુએ છે; ' રાજા વન જતા અટકયા, મારે માથે

૩ અત્યાર સુધી રામની નજરે સીતાએ પ્હેરેલું વલ્કલ કેમ નહિ ચઢયું હોય એ શંકા થાય છે. હું ધારૂં છું કે રામ દાખલ થાય છે તે સમયે અવદાતિકા જ્યારે વલ્કલનું સૂચન કરે છે ત્યારે સીતાએ વલ્કલ ઢાંકવાનો પ્રયાસ કર્યો હશે, એવી કોઇ સૂચના સમજવી જોઇએ. અથવા રામની નજર અત્યાર સુધી સીતાના મુખ ઉપરથી ખસી ન હોય.

પિતા રહે છે અને મારૂં બાળપણુ કાયમ રહે છે. નવો રાજા થતાં શંકા થાય તેમાંથી પ્રજા બચી, અને મારા ભાઈઓ ભોગોથી વંચિત ન થયા.' કંચુકી–' વગર બોલાવે આવીને તેણે કહ્યું ભરતનો રાજ્ય ઉપર અભિષેક કરો. આમાં પણ અલોભ ખરૂં ને?' રામ–'આર્ય ! અમારા વિષે પક્ષપાતને લઇને જ વસ્તુ સ્થિતિનો વિચાર નથી કરતા. શાથી જે

शुल्के विपणितं राज्यं पुत्रार्थे यदि याच्यते ।
तस्या लोभोऽत्र नास्माकं भ्रातृराज्यापहारिणाम् ॥

' શુલ્ક માં મુકેલું રાજ્ય જો પુત્રાર્થે એ માગે તો એમાં તેનો લોભ, અને ભાઈનું રાજ્ય લઇ લેનાર અમારો નહિ ?' કંચુકી ' અથ ' કહી કાંઇ જવાબ આપવા જાય છે, પણ રામ એને માતાની નિન્દા કરતો રોકે છે અને પિતાની ખબર આપવા કહે છે. કંચુકી– ' શોકને લઇને બોલ્યા વિના હાથના ઇસારે જ રાજાએ મને જવાનું જણાવ્યું; એ કાંઇક ઠીક થયું કે રાજા મૂર્છા પામ્યા.' ' રામ–'હેં મૂર્છા પામ્યા ?' નેપથ્યમાંથી અવાજ આવે છે 'कथं कथं मोहमुपागतः.' રામ લક્ષ્મણને આવતો જુએ છે

अक्षोभ्यः क्षोभितः केन लक्ष्मणो धैर्यसागरः ।
येन रुष्टेन पश्यामि शताकीर्णमिवाग्रतः ॥

લક્ષ્મણ અતિ ક્રોધાવિષ્ટ થયો છે. આખી દુનીઆને યુવતિરહિત કરવા માગે છે. સીતા લક્ષ્મણની સ્થિતિ જોઇ કહે છે ' આર્યપુત્ર ! આ રોવાના સમયે લક્ષ્મણે ધનુષ ગ્રહણ કર્યું ! એને અપૂર્વ દુઃખ થયું છે.' રામ લક્ષ્મણને શાન્ત પાડવા પ્રયત્ન કરે છે. પણ લક્ષ્મણ શાન્ત થતો નથી, 'હું રોષને નથી રોકી શકતો. ગમે તેમ થાઓ ! અમે જઇએ છીએ. ' લક્ષ્મણ જવા માંડે છે. પણ રામ ' ત્રિલોકને બાળવા માગતી નિયતિ સમી ' ' લક્ષ્મણની ભ્રુકુટી જોઇ ' એને પાછો બોલાવે છે, અને પૂછે છે ' પિતા, માતા અને ભ્રાતા એ ત્રણમાંથી કોને માર- વાનું પાતક કરવું ?' લક્ષ્મણ રડી પડે છે. એ અતિશય ગુસ્સાનું જ પરિણામ છે. ' હા ધિક્ ! જાણ્યા વિના જ તમે મને ઠપકો આપો છો. જેને માટે આ કલેશ થાય છે તે રાજ્ય નથી, પણ તમારે ચૌદ વર્ષ વનમાં રહેવાનું છે.' રામ લક્ષ્મણને કાંઇ જવાબ આપતા નથી,પણ વિચારે છે 'આ કારણથી પિતાજી મૂર્છા પામ્યા.અધૈર્ય બતાવ્યું!'રામ સીતાને કહે છે–જાણે પૂર્વે કરેલી માગણી જ ફરીથી કરતો હોય તેમ–' મૈથિલિ ! આણે આપેલાં વલ્કલ મંગલ માટે લાવ; બીજા રાજાઓને ન મળેલો અને તેઓએ ન કરેલો ધર્મ હું કરૂં. ' સીતા તરત જ આપે છે,'લ્યો આર્યપુત્ર !' આવા શાન્ત ગંભીર ઉત્તરથી પ્રેરાઇ રામ પૂછે છે 'મૈથિલિ ! કેમ શો વિચાર કર્યો ?' સીતા જાણે પ્રશ્ન સહન ન કરી શકતી હોય એમ 'હું સહધર્મચારિણી છું ?' રામ એને વનમાં ન આવવા સમજાવે છે. સીતા માનતી નથી. લક્ષ્મણને સમજાવવા કહે છે. લક્ષ્મણ કહે છે એ રોકી ન શકે. એટલામાં એક દાસી આવે છે, ' આર્યા રેવા વિનવે છે કે અવદાતિકા સંગીતશાળામાંથી વલ્કલો ઉપાડી લાવી છે. આ બીજા કોઇએ ન વાપરેલાં છે.એને ઉપયોગ માટે લ્યો.' રામ–'ભદ્રે આમ લાવ.એ તો સંતુષ્ટ છે.અમારે જરૂરછે.' દાસી આપીને જાય છે.રામ પ્હેરવા માંડે છે.લક્ષ્મણ રામને કહે છે 'દરેક બાબતમાં તમે મને ભાગ આપતા; પણ આજે આ વલ્કલ વિષે કેમ મત્સરી થયા ?' રામ સીતાને લક્ષ્મણને રોકવા કહે છે. સીતા રોકે છે. પણ લક્ષ્મણ કહે છે 'તમે એટલાં જ વડીલની સેવા કરવા

ઇચ્છો છો ? જમણો પગ તમારો જ રહેશે, ડાબો પગ મારો થશે.' સીતા–' આર્યપુત્ર ! દયા કરો. લક્ષ્મણ સંતાપ પામે છે.' રામ–' સૌમિત્રે સાંભળ. વલ્કલો તો તપ સંગ્રામમાં કવચરૂપ છે, નિયમ હાથીના અંકુશરૂપ છે, ઇન્દ્રિય અશ્વોનું ચોકડું છે, ધર્મરથનો સારથિ છે. ગ્રહણ કર.' લક્ષ્મણ લઇને પ્હેરે છે, રામ ચાલવાનો વિચાર કરે છે; પણ આખા નગરમાં ખબર ફેલાઇ ગઇ છે. લોકો ટોળે વળ્યાં છે અને રસ્તો રોકાઇ ગયો છે. લક્ષ્મણ આગળ જઇ માર્ગ કરે છે. રામ સીતાને ઓઢણું મુખ ઉપરથી ખસેડવા કહે છે. રામ લોકોને સંબોધી કહે છે ' હે નગરવાસીઓ ! આપ સાંભળો

स्वैरं हि पश्यन्तु कलत्रमेतद् बाष्पाकुलाक्षैर्वदनैर्भवन्तः।
निर्दोषदृश्या हि भवन्ति नार्यो यज्ञे विवाहे व्यसने वने च ॥

' આ સ્ત્રીને ખુલ્લા દીલથી આંસુભરી આંખે નિહાળો. યજ્ઞમાં, વિવાહમાં, દુઃખમાં અને વનમાં સ્ત્રીઓને જોવામાં દોષ નથી.' રામ જવા માંડે છે. એટલામાં કંચુકી આવી રોકે છે, ' મહારાજ તમારા વન જવાની ખબર સાંભળી ધૂળથી રગદોળાએલા શરીરે ધરડાં વનગજની જેમ ઉઠીને આવે છે.' લક્ષ્મણ કહે છે ' વલ્કલધારી વનવાસીઓમાં શું જોવાનું છે ? ' લક્ષ્મણના ઉત્તરમાં રોષ છે. પણ રામ કહે છે ' અમારા ગયા પછી રાજા અમારા શિરઃસ્થાનો જુવે.'[૪]

પ્રથમ અંક પૂરો થાય છે. અભિષેકની તૈયારીથી શરૂ થએલો અંક વનગમનમાં પરિણમે છે. રાજકુલના એક ભાગમાં આનંદ ઉત્સવ થાય છે એ જણાવી તેજ બીજા ભાગમાં તેજ સમયે કવિ વલ્કલનું દર્શન કરાવે છે. તોફાની અવદાતિકાના હાથમાં વલ્કલને જોતાં જ સહૃદયોનાં દીલમાં એક પ્રકારની કંપારી છુટે છે. આ અંકને જો ખાસ નામ આપવું હોય તો ' વલ્કલાંક ' કહી શકાય. રાજપુત્રની વધૂને વલ્કલ જોઇ કુતૂહલ થાય છે, અને ' પોતાને શોભે કે ' એવો અભિલાષ થાય છે. રમતમાં પહેરેલું વલ્કલ બનાવોની ઘટનાથી વનવાસનું ચીર બને છે. પતિના રાજ્યાભિષેકના આનંદમાં સીતા પોતાનાં સર્વ આભરણો દાનમાં આપી દે છે; અને રામ દર્પણ ધરી એને બીજાં પહેરાવે તે પહેલાં તો આભૂષણ વિનાની સ્થિતિ વનગમનની મૂક પણ કારમી તૈયારીરૂપ બને છે. જીવનના આનંદની સ્થિતિઓ વિધિની વિષમતાથી કેવી સહજ અને કારમી રીતે વિરુદ્ધ સ્થિતિમાં પરિણમે છે એનું કવિએ કરાવેલું દર્શન પામતાં હૃદય શોકાર્દ્ર થાય છે; અને આનંદોત્સવથી શરૂ થએલા અંકને અન્તે રામે જ્યારે નગરવાસીઓને પોતાની સ્ત્રી તરફ જોવા કહ્યું હશે ત્યારે કયા સામાજિકના નયનમાંથી આંસુ નહિ પડયાં હોય !

આ અંકમાં રામ વનમાં જાય છે.દેખીતું કારણ કૈકેયી છે એ કંચુકીના ગુસ્સા ઉપરથી જણાય છે. પણ રામ એમાં અન્યાય જોતા નથી,અને પોતાને સહજ ઉદારતાથી એમાં ભવિષ્યનું હિત જુએ છે, અને કૈકેયી તરફની પોતાની માનવૃત્તિને ઓછી થવા દેતા નથી. પણ એનું તાત્કાલિક પરિણામ તો ભયંકર આવે છે.

બીજા અંકમાં આ ભયંકર પરિણામનું કવિ કરુણ દર્શન કરાવે છે. કંચુકી પ્રવેશ કરે છે, અને ગંભીર અવાજે બધા પ્રતિહારીઓને પોત પોતાના સ્થાનમાં સાવધાન રહે-

૪. શિરઃસ્થાનનો અર્થ ડૉ. ગણપતિ શાસ્ત્રી ટીકામાં ' પ્રધાન આવાસો ' કરે છે. શિરઃસ્થાનનો અર્થ ' પૂજ્યો ' એવો નહિ હોય ? એટલે કે માતાઓની સંભાળ લેજો !

વાનો આદેશ આપે છે. એક પ્રતિહારી પૂછે છે ' આર્ય આ શું છે ? ' કંચુકી દશરથ રાજાની સ્થિતિનું વર્ણન કરે છેઃ ' મહારાજ સત્યવચન સાચવવામાં તત્પર (અને એથી જ) રામને વન જતા રોકવા અશક્ત, પુત્રવિયોગના શોકાગ્નિથી દગ્ધહૃદય ઉન્મત્તની જેમ બકતા સમુદ્ર ગૃહમાં સૂતા છે. ' કંચુકીને આ મહાન વંશના મહાન્ રાજાની આવી અપૂર્વ દુઃખદ સ્થિતિ જોઈ ' શોકથી શિથિલ દેહ અને મતિવાળો થએલો આ રાજા પ્રલયકાળના સમયે જાણે મેરુ ચલિત થતો હોય, અમાપ મહોદધિ જાણે સૂકાતો હોય, સૂર્યમણ્ડલ માત્રથી દેખાતો જાણે આથમતો હોય, ' એવો લાગે છે. પ્રતિહારી શોકગ્રસ્ત થઇ ચાલી જાય છે. રામના ગયા પછી શૂન્ય થએલી અયોધ્યાનું કંચુકી વર્ણન કરે છે, અને સૂચવે છે કે મહારાજા દશરથ કૌશલ્યા અને સુમિત્રા સાથે બેઠા છે. રાણીઓ પોતાના શોકને દબાવી રાજાની પાસે બેઠી છે. દશરથ રાજા ઉભા થઇ થઇને પડે છે અને જે દિશામાં રામ ગયા છે તેને જ જોયાં કરે છે

पतत्युत्थाय चोत्थाय हाहेत्युच्चैर्लपन् मुहुः ।
दिशं पश्यति तामेव यया यातो रघूद्वहः ॥'

મિશ્ર વિષ્કમ્ભક પૂરો થાય છે.

વિલાપ કરતા દશરથ રાજા અને રાણીઓનો પ્રવેશ થાય છે. વિલાપ ઉત્કટ છે. અને દશરથ રાજાની સ્થિતિ બરાબર ધ્યાનમાં ન હોય તો એ ઉત્કટતા જરા ઘૃણા પણ ઉત્પન્ન કરે. પણ ઘડપણ, રાજકાજમાંથી નિવૃત્ત થવાની વૃત્તિ, વ્હાલામાં વ્હાલા પુત્રને રાજ્ય સોંપવાની અભિલાષા, અને પોતાના હાથે જ ભદ્રાસન ઉપરથી ઉતારી એને વનમાં ધકેલવો—આ બધું ધ્યાનમાં આવતાં દશરથનો શોક સામાજિકોમાં સહજ રીતે સંક્રાન્ત થઇ જાય છે. પોતાના હાથે જ પોતે દુઃખ માથે વ્હોર્યું છે એવી કઠોરતાનો ભાવ કદી ઉત્પન્ન થાય, પણ રાજાને જોયા પછી એ ભુલાઈ જવાય, અને વચનભંગ કરવા કરતાં આટલું અગાધ દુઃખ સહન કરવાનું પસંદ કરતા આ રાજા તરફ માન પણ ઉત્પન્ન થાય.

રાજા શોકમાં બકયા કરે છે, ઉન્મત થાય છે, રામ સીતા અને લક્ષ્મણને બોલાવ્યા કરે છે, અને નસીબને ઉપાલંભ આપે છે, ' મને વાંઝીઓ કેમ ન કર્યો, રામને બીજા રાજાનો પુત્ર કેમ ન કર્યો, અને કૈકેયીને વનમાં વાઘણ કેમ ન કરી?' ઉન્માદમાં રાણીઓને ઓળખી શકતો નથી; કૌશલ્યાને પૂછે છે ' તું કોણ છે ? ' એ રામની માતા છે એમ જાણી એને અભિનન્દન આપે છે. ' કૌશલ્યા તું સારવાળી છે. તેં તો ખરે રામને ગર્ભમાં ધારણ કર્યો. પણ હું આ અગ્નિ જેવા દુઃખને સહન કરી શકતો નથી અને દૂર પણ કરી શકતો નથી. ' સુમિત્રાને જોઇ પૂછે છે ' આ બીજી કોણ છે ? ' કૌશલ્યા કહેવા જાય છે, ' મહારાજ વત્સ લક્ષ્મણ–' રાજા ઉભો થઇ જાય છે, ' ક્યાં છે ક્યાં છે એ લક્ષ્મણ ? અરે દેખાતો નથી. હાય–' રાણીઓ ઉભી થઇને રાજાને ટેકવે છે.

થોડીક વાર પછી કંચુકી સુમંત્ર સારથિના વનમાંથી પાછા આવ્યાની ખબર આપે છે. સુમન્ત્ર એકલો રથ સાથે આવ્યો છે જાણી રાજા મૂર્છા ખાઇ પડે છે. ધીમે ધીમે શુદ્ધિમાં આવી લવે છે ' જો રથ શૂન્ય જ આવ્યો હોય તો મારો મનોરથ ભાગી ગયો.

ખરેખર એ તો કાળે દશરથને લેવા મોકલેલો રથ છે.' સુમન્ત્ર આવે છે, એની સાથે રાજા ગાંડાની જેમ બોલ્યા કરે છે. સુમન્ત્ર અવકાશ મળતાં ખબર આપે છે 'शृङ्गिबेरपुरे रथादवतीर्यायोध्याभिमुखाः स्थित्वा सर्व एव शिरसा प्रणम्य विज्ञापयितुमारब्धाः ।

कमप्यर्थं चिरं ध्यात्वा वक्तुं प्रस्फुरिताधराः ।
बाष्पस्तम्भितकण्ठत्वादनुक्त्वैव वनं गताः ॥

'શૃંગીવેરપુર આગળ રથમાંથી ઉતરી અયોધ્યા તરફ મુખ કરી ઉભા રહી બધાએ મહારાજને મસ્તક નમાવી વિજ્ઞપ્તિ કરવાનો પ્રયત્ન કર્યો.' પણ 'બહુવાર સુધી મનમાં કાંઇક ધોળી ધોળી બોલવા માટે ઓઠ ફફડાવ્યા પણ ગળે આંસુથી ડચુરો બાઝતાં કાંઇ પણ કહ્યા વિના જ ચાલ્યા ગયા.'

આ વર્ણન ઉપર ટીકા કરવી એ રસભંગ કરી કવિને અન્યાય કરવા બરાબર છે. સહૃદયોનાં મર્મ ભેદવા એ સમર્થ છે. રાજા ઉદ્‌ગાર કહાડે છે–'શું કાંઇ પણ બોલ્યા વિના જ વનમાં જતા રહ્યા?' રાજા ગાઢ મૂર્છામાં પડે છે. સુમન્ત્ર કંચુકી મારફત અમાત્યોને કહેવડાવે છે કે મહારાજ નિરુપાય દશામાં વર્તે છે. રાજા જાગે છે,–કૈકેયીએ પોતાના સર્વ મનોરથો ભાગી નાખ્યા એવું કરુણ કથન કરી કૈકેયીને સંદેશો મોકલાવે છે, 'રામ ગયો. તારૂં પ્રિય થાઓ. મને પણ પ્રાણ છોડે છે. પુત્રને જલદી બોલાવ. પાપ સફળ થાઓ.' સુમન્ત્ર સંદેશો કહેવા જાય છે.

દશરથ અન્તિમ દશાએ પ્હોંચે છે; પોતાના પૂર્વજોને જુએ છે. ધીમે ધીમે બેભાન થાય છે. કંચુકી રાજા ઉપર ચાદર ઢાંકે છે. બીજો અંક પૂરો થાય છે.

રામના વનવાસનું પરિણામ આવી ગયું. દશરથ રાજાની અન્તિમ સૂચના પ્રમાણે કૈકેયીએ ભરતને બોલાવ્યો હશે.

ત્રિજા અંકના પ્રવેશકમાં કવિ સામાજિકોની તંગ મનોદશાને સ્થિતિ બદલી જરા શિથિલ કરે છે. સ્થળ અયોધ્યા નગરીની બ્હાર પ્રતિમાગૃહ છે. સુધાકાર–ચુનો દેનાર–બધું સાફસુફ કરી આર્ય સંભવકની આજ્ઞા પ્રમાણે પોતે બધું કર્યું છે એમ કહી સુવે છે. ત્યાં એક ભટ–સીપાઇ–એની પાસે આવી એને લગાવે છે, અને ગાળ દઈ કાંઇ કામ કરતો નથી એમ કહી ફરી લગાવે છે. સુધાકાર ઉંઘમાંથી જાગતાં ચીડાય છે અને થોડીક વાર એ ભટના સામુ બોલે છે; પણ વધારે માર પડતાં એ રોઇ પડે છે અને પોતાનો અપરાધ જાણવા માગે છે. ભટ–'ના, અપરાધ નથી કર્યો! મેં સંદેશો ન્હોતો મોકલાવ્યો કે રામના રાજ્યભ્રંશને લીધે સ્વર્ગ પામેલા મહારાજ દશરથના પ્રતિમાગૃહને જોવા કૌશલ્યા આદિ આખું અન્તઃપુર આવવાનું છે? અંહીઆ તેં શું કર્યું છે?' સુધાકાર કબુતરના માળા વગેરે કહાડી નાંખી પોતે કરેલું સાફસુફનું કામ બતાવે છે. ભટ સંતોષ પામી એને જવાનું કહે છે. પ્રવેશક પૂરો થાય છે.

અયોધ્યાના માર્ગમાં રથમાં બેઠેલો ભરત અને સારથિ પ્રવેશ કરે છે. ઘણાં વર્ષોથી આ રાજકુમાર મોસાળમાં રહેલો છે. અયોધ્યાના વૃત્તાન્તથી તે બીનવાકેફ છે. ભરત દાખલ થતાં કહે છે 'સૂત! લાંબા કાળથી મોસાળમાં રહેવાથી વૃત્તાન્તથી અવિજ્ઞાત છું. મેં એમ સાંભળ્યું છે કે મહારાજની તબીઅત બહુ બગડેલી છે. તો કહો કે પિતાને શો વ્યાધિ છે?' સારથિ–'મોટો હૃદયપરિતાપ છે.' ભરત સ્પષ્ટીકરણ અર્થે પ્રશ્નો પૂછે જાય છે. જવાબમાં જાણે છે કે આશા દૈવની છે. સારથિ તને ત્વરાથી રથ હાંકવા કહે છે. રથ વેગથી ચાલે છે. ભરત રથવેગનું વર્ણન કરે છે. સારથિ વૃક્ષોની ઘટા ઉપરથી અયોધ્યા પાસે આવ્યાનું જણાવે છે. ઘણા વર્ષે ઘેર આવતાં ભરતના મનમાં કાંઈ કાંઈ વિચારો આવે છે: 'હું સ્વજનને જોવા ઉત્સુક હોવાથી મારું મન કેવી ત્વરા કરે છે! મારું શિર પિતાના પગમાં જાણે પડ્યું, સ્નેહાળ રાજાએ જાણે મને ઉભો કર્યો, ભાઈઓ બધા એકદમ ભેગા થઈ ગયા, માતાઓ આંસુથી જાણે મને ભીંજવે છે. પિતાજીના જેવો છે, મહાન છે, પ્રૌઢકાય છે એ રીતે સેવા સાથે નોકરો જાણે મારી સ્તુતિ કરે છે, અને લક્ષ્મણને મારાં વેષ અને ભાષા ઉપર જાણે હસતો જોઉં છું.' સારથિ કુમારના આ વિચારો સાંભળી નીસાસો મુકે છે. 'કુમાર નિષ્ફળ આશા રાખી અયોધ્યામાં પ્રવેશ કરે છે, જાણતાં છતાંએ અમે જણાવતા નથી. પિતાનો પ્રાણત્યાગ, માતાની ઐશ્વર્યલુબ્ધતા, અને મોટાભાઈનો પ્રવાસ આ ત્રણ દોષોને કોણ જણાવે?'

એક ભટ આવી ભરતને મળે છે. ઉત્સુક ભરત પૂછે છે 'શું શત્રુઘ્ન મારી સામે આવ્યો છે!' ભટ જણાવે છે 'તે આવ્યો છે; પણ ઉપાધ્યાયોએ કહ્યું છે કે એક નાડિકા પછી કૃત્તિકા પૂરી થશે. રોહિણી બેઠા પછી કુમારે પ્રવેશ કરવો.' ભરત ગુરુજનની સૂચનાને માન આપે છે. વિશ્રામ ક્યાં કરવો એની શોધ કરતાં વૃક્ષોમાંથી દેવકુલ દેખાય છે. ત્યાં જઈ દેવતાપૂજન અને વિશ્રામ લેવાની ઇચ્છા કરે છે; રથને ઉભો રખાવે છે. પોતે ઉતરી ઘોડાને વિશ્રાન્તિ આપવાનું કહી દેવકુલમાં દાખલ થાય છે. પોતે આ દેવકુલથી અજ્ઞાત છે એમાં કાંઈ આશ્ચર્ય નથી. જૂનો રાજા મરી જાય અને તેની પ્રતિમા થાય ત્યારે જ એ મંદિર તરફ સાધારણ રીતે ધ્યાન ખેંચાય. અને વળી વધારામાં ભરત લાંબાકાળથી મોસાળમાં રહેલો હોવાથી તેને એની ખબર ન હોય એ તદ્દન સ્વાભાવિક છે. આમ આ કવિકલ્પિત પ્રસંગની સહજતા વિષે શંકા લાવવાનું કારણ નથી.

પુષ્પો અને અક્ષત ગોઠવેલાં છે, એમાંથી બલિ દેખાય છે, ભિંતો ઉપર ચંદનના થાપા મારેલા છે, દ્વારોને માળાઓ લટકાવી સુશોભિત કરેલા છે, રેતી પાથરેલી છે. આ બધી વ્યવસ્થા જોઈ ભરતને શંકા થાય છે 'આજે કાંઈ પર્વ છે એટલે આ તૈયારી છે કે એતો હમેશનો રીવાજ છે?' 'આ કયા દેવનું સ્થાન હશે.' દેવને ઓળખવા ચિહ્ન શોધવા પ્રયત્ન કરે છે, 'અંહીઆ કાંઈ આયુધ અથવા ધ્વજ જેવું બાહ્ય ચિહ્ન દેખાતું નથી.'

ભરત અંદર પ્રવેશ કરે છે, મૂર્તિઓ જોઈ પોતાનો આનંદ વ્યક્ત કરે છે. 'અહો પાષાણોનું ક્રિયામાધુર્ય! અહો આકૃતિઓની ભાવગતિ! દૈવને ઉદ્દેશીને કરેલી છે છતાં આ પ્રતિમાઓ માનુષતાનો વિશ્વાસ કરાવે છે.' દેવોની સંખ્યા જોઈ કહે છે 'શું આ ચતુર્દૈવત સ્તોમ–ચાર દેવોનો સમૂહ–છે?' નમસ્કાર કરવાનો

વિચાર કરે છે. પણ મન્ત્રોચ્ચાર વિના દેવોની અર્ચા કરે છે એટલે એ પ્રણામ વાર્ષલ (વૃષલ એટલે શૂદ્ર કરે એવો) થવાનો. પ્રણામ કરવા જાય છે એટલામાં દેવકુલિક દાખલ થાય છે, અને એ પ્રતિમાઓને મળતા પુરુષને જોઇ આશ્ચર્ય પામે છે. તે ભરતની પાસે જાય છે. ભરત 'નમોસ્તુ' કહી મૂર્તિઓને નમસ્કાર કરવા જાય છે ત્યાં એને રોકે છે. ભરત કારણ પૂછતાં તે જણાવે છે 'તે દેવો નથી પણ ક્ષત્રિયો છે.' ક્ષત્રિયો છે એમ જાણી ભરતને વિશેષ જિજ્ઞાસા થાય છે. ભરત–'એમ કે ? આ ક્ષત્રિયો છે ? એ કયા ?' દેવકુલિક–'ઇક્ષ્વાકુઓ.' ભરત આનંદ પામે છે. 'ઇક્ષ્વાકુઓ ! આ તો તે અયોધ્યાના માલિકો, દેવોને અસુરપુરનો નાશ કરવામાં મદદ કરનારા, પોતાના સુકૃત્યોથી સકલ પ્રજા સાથે ઇંદ્ર લોકમાં જનારા, એ પોતાના ભુજબલવડે આખી વસુમતી–પૃથ્વી–મેળવનારા, અને મૃત્યુ પણ એમની ઇચ્છા પ્રમાણે વર્તનાર હોવાથી દીર્ઘકાળ સુધી અંત નહિ પામેલા !' ભરત પ્રત્યેકના નામ જાણવા પ્રયત્ન કરે છે, 'કહો આરે આ કોણ ?' દેવકુલિક ક્રમે ક્રમે દરેકના પ્રસિદ્ધ કાર્યોના ઉલ્લેખ પૂર્વક નામો સૂચવે છે. વિશ્વજિત યજ્ઞનો પ્રવર્તાવનાર ધર્મપ્રદીપ પ્રજ્વલિત કરનાર દિલીપ, દાનવીર રઘુ, પ્રિયાવિયોગની ગ્લાનિથી રાજ્યભાર છોડી સતત અવભૃથ સ્નાનથી પવિત્ર થએલ અજ. ભરત એ બધાને નમસ્કાર કરે છે. એની દૃષ્ટિ ચોથી પ્રતિમા ઉપર પડે છે, પણ એનું નામ પૂછવાને બદલે ભરત પૂછે છે 'અરે ! બહુમાનથી ચિત્ત વ્યાક્ષિપ્ત થતાં બરાબર ધ્યાનમાં ન રહ્યું. કહો જોઇયે આ કોણ ?' એમ ફરીથી દરેક વિષે પ્રશ્ન પૂછે છે.

દે. કુ.–'આ દિલીપ,' ભ–'મહારાજના પિતૃપિતામહ, પછી?' દે. કુ.–'અત્રભવાન્ રઘુ,' ભરત–'મહારાજના પિતામહ, પછી?' દે. કુ.–'અત્રભવાન્ અજ,' ભ–'તાતના પિતા' (ફરીથી પૂછે છે) 'શું શું ?' દે. કુ.–'આ દિલીપ, આ રઘુ, આ અજ.' ભરતનું મન એક શંકાનું આલંબન કરે છે, અને પૂછે છે 'આપને કાંઇક પૂછવું છે; જીવતાંઓની પણ પ્રતિમા સ્થપાય છે ?' દેવકુલિક ભાર દઈ જવાબ આપે છેઃ 'નહિ જ. આતક્રાન્તોની જ.'

આ પ્રસંગના નિરૂપણમાં કવિની અદ્‌ભુત કળાનું તેમ જ ચિત્તવ્યાપારના સૂક્ષ્મ ગ્રહણનું દર્શન થાય છે. ભરત આનંદ ઉત્સાહ ભર્યો મંદિરમાં દાખલ થાય છે, અને આ ઇક્ષ્વાકુઓ છે જાણી પોતાને દર્શન માટે ધન્ય માને છે. દરેકનાં નામ જાણે છે, પણ ચોથી પ્રતિમા જોતાં પિતાજીની માંદગીના જ્ઞાનના સંસ્કાર અનિષ્ટ દુઃખકારક જ્ઞાન તરફ જતાં ચિત્તને રોકે છે. ચિત્તના આવા વ્યાપાર સ્પષ્ટ ભાનથી થતાં નથી, પણ સંસ્કારોના કાર્યના પરિણામ પ્રમાણે ચિત્ત પ્રવૃત્તિ કર્યા કરે છે. અનિષ્ટ તરફ જવાની મન કેવી ના પાડે છે તેનું આમાં સુરેખ દર્શન થાય છે. પિતાના વિચારની આજુ બાજુ ચિત્ત ખેલ્યા કરે છે–એ ભરત જે રીતે 'આ પિતાજીના પ્રપિતામહ' એમ દરેકને ઓળખે છે એ ઉપરથી દેખાઇ આવે છે. પિતાજીને મળવાની ઉત્કટ અભિલાષા અનિષ્ટ જ્ઞાનના ગ્રહણમાં અન્તરાયરૂપ થાય છે; પણ બીજી બાજુ બાહ્ય પરિસ્થિતિ એના ચિત્તમાં દાખલ થવા આઘાત કર્યા જ કરે છે, અને એ રીતે વિચારોની ખેંચતાણ થાય છે. બાહ્ય પરિસ્થિતિમાંથી ઉત્પન્ન થવાના જ્ઞાનની સંભાવના અને મનના તે ગ્રહણ ન કરવાના પ્રયત્નના વિરોધમાંથી શંકારૂપે એક આશા પેદા

થાય છે; અને ભરત છેવટનો સવાલ પૂછે છે. પણ અતિક્રાન્તોની જ પ્રતિમા થાય છે એ ખબર મળ્યા પછી એનું મન પાછું પડે છે. ચિત્ત આ છેવટના આઘાતને જવાબ આંધળુ થઇ આપે છે. ભરત દેવકુલિકને આગળ પૂછ્યા વિના જ રજા માગે છે. પણ આથી તો દેવકુલિકનું આશ્ચર્ય વધે છે અને એ સુવાનને ઉભો રાખી પૂછે છે 'જેણે પ્રાણ અને રાજ્ય સ્ત્રીશુલ્ક માટે સજી દીધા એ દશરથની પ્રતિમા વિષે તું કેમ પૂછતો નથી?' ભરત 'હા તાત' કહી બે ભાન થઇ પડે છે. આ રીતે જે અનિષ્ટ જ્ઞાનથી ચિત્ત દૂર નાસવા ફાંફાં મારતું હતું તે અનિષ્ટ બીજાં ઘોરતર અનિષ્ટો સાથે તેના ઉપર આઘાત કરે છે, અને ચિત્તને વિહ્વલ થઇ મૂર્છિત થાય છે.

ભરત ભાનમાં આવે છે, પણ હવે બીજી જાતનો જ ભરત આપણે જોઇએ છીએ. આનંદી નિર્દોષ અલ્હેલો રાજકુમાર હવે એ નથી. એક ક્ષણમાં-રાજકુલમાં થએલી ઉથલ પાથલ જાણી લે છે, અને એનું પ્રયોજન પોતે છે એ સમજી લે છે. એના પવિત્ર ચિત્તને આ મોટું કલંક લાગે છે, અને એ દૂર કરવાને તૈયાર થએલું ચિત્ત બીજી દિશામાં જ વિકાસે છે, પરિણમે છે.

જાગતાંની સાથે ભરતને પોતાના ચિત્તની દશાનું ભાન થાય છે. હૃદય! તારી કામના પૂરી કર. જેની તું શંકા કરતું હતું તે પિતૃમરણ સાંભળ. તો પણ ધૈર્ય પામ પણ આ નીચ શુલ્ક શબ્દ મને અડકે તો તો ખરેખર આ દેહની વિશુદ્ધિ જ કરવી પડશે.' એટલે દેહની અગ્નિદ્વારા શુદ્ધિ કરવી પડે. ભરત દૃઢતાથી બોલાવે છે 'આર્ય!' દેવકુલિકને વ્હેમ આવે છે અને પૂછે છે "આપ કૈકેયીના પુત્ર તો નહિ ને? ભરત-'હા, હા, દશરથ-પુત્ર ભરત, કૈકેયીનો નહિ." શુલ્કના દોષથી અસ્પૃષ્ટ રહેવા ભરત માતાનો અસ્વીકાર કરે છે. દેવકુલિક-'તો તો આપની રજા લઉંછું.' ભરત-'ઉભો રહે! બાકીનું કહી દે.' દેવકુલિક દશરથના મરણની અને રામાદિના વનગમનની ખબર આપે છે. ભરતને અતિશય આઘાત લાગે છે. દેવકુલિક આશ્વાસન આપે છે. ભરત કહે છે 'પિતા અને ભ્રાતાથી ત્યજએલી અટવી થએલી અયોધ્યા તરફ પાણી વિનાની નદી તરફ તરસ્યાની જેમ હું જાઉં છું.' એકવાર આ દુઃખદ બનાવ તરફ મન વળ્યા પછી એ જ દિશામાં વેગથી મન દોડે છે, અને વધારે જાણવા માગે છે. ભરત કહે છે કે બધું વિસ્તારથી સાંભળવાથી એનું મન સ્થિર થશે. દેવકુલિક વિસ્તારથી કહેવા માંડે છે. પણ એને બોલતો અટકાવી પોતાની કલ્પનાવડે બધું કહી દે છે, અને છેવટે ઉમેરે છે 'પ્રજાજનો મને ધીટકાર આપે છે.' ભરત મૂર્છિત થઈ પડે છે. એટલામાં પ્રવેશકમાં સૂચવ્યા પ્રમાણે કૌશલ્યાદિક આવતાં જણાય છે. દેવકુલિક કહે છે 'યોગ્ય સમયે રાણીઓ આવી. પુત્ર મૂર્છા પામ્યો છે તે સમયે માતાનો સ્પર્શ જલાંજલિ સમો થશે.'

સુમન્ત્ર આવે છે. રાણીઓને માર્ગ બતાવે છે; અને આ ઉંચા પ્રતિમાગૃહનું વર્ણન કરે છે. પણ ભરતને પડેલો જોઇ રાણીઓને રોકે છે. 'પ્રવેશ ન કરશો, ન કરશો. આ કોઇ ઉમ્મર લાયક રાજાના જેવો પડયો છે.' દેવકુલિક-'પરશંકા કરવાની જરૂર નથી. એને ભરત જાણો.' દેવકુલિક ચાલ્યો જાય છે. રાજમાતાઓ એક-

દમે અંદર આવે છે, અને 'બેટા બેટા' કહી પ્રલાપ કરે છે. ભરત કાંઇક શુદ્ધિમાં આવે છે, અને 'આર્ય' કહી સુમન્ત્રને બોલાવે છે. સુમન્ત્ર જાણે દશરથ જ બોલે છે એમ સ્વરસાદૃશ્યથી ઘડીભર ભુલી જઇ 'મહારાજ' કહી સંબોધવા જાય છે; પણ 'મહા' કહી અટકી જાય છે. ભરત પૂછેછે 'અત્યારે માતાઓની શી અવસ્થા છે.?' માતાઓ જ જવાબ આપે છે 'બેટા આ અમારી અવસ્થા છે,' અને પોતાનું ઓઢણું ખસેડે છે. ભરતને બરાબર ભાન આવે છે. અને સુમન્ત્રને પૂછે છે 'આપ સુમન્ત્રને'? 'સુમન્ત્ર' હા પાડે છે, અને પોતાને 'શૂન્ય રથના સારથિ' તરીકે ઓળખાવે છે. ભરત માતાઓને નમસ્કાર કરવાનો ક્રમ સૂચવવા સુમન્ત્રને કહે છે. પ્રથમ કૌશલ્યાને "હું નિર્દોષ છું' કહી નમસ્કાર કરે છે. કૌશલ્યા એને નિઃસન્તાપ થવા કહે છે, પણ ભરતને એમ લાગે છે જાણે કૌશલ્યા એને મ્હેણું મારે છે. સુમિત્રાને નમસ્કાર કરે છે. પછી કૈકેયીને ઉદ્દેશી સુમન્ત્ર કહે છે, 'આ તારી જનની.' ભરત રોષથી ભભુકી ઉઠે છે "આ પાપીણી ગંગા અને યમુના વચ્ચે પેસી ગએલી કોઇ કુનદીને જેમ મારી માતા અને માતા વચ્ચે તું શોભતી નથી.' અતિ કર્કશ વચનો ભરત બોલે છે, અને માતાએ ઉભી કરેલી પરિસ્થિતિનું કલંક પોતા ઉપર આવે છે એ ભાનથી ઉત્પન્ન થતો ક્ષોભ અને પોતાને એ કૃત્યના ફળ સાથે કોઇપણ જાતનો સંબંધ નથી એ બતાવવાની તીવ્ર ઇચ્છા એ બન્ને જો ધ્યાનમાં ન રહે તો—માતા અનેક વર્ષો પછી મળતાં, આ જાતનાં વચન અક્ષમ્ય ગણાય; અને છતાં એ બોલ હૃદયને ચીરી નાંખે એવા છે, અને સહૃદય પ્રેક્ષક કે વાંચક માટે તરત સમાધાન કરવું કઠિન છે. કૈકેયી ધૈર્યથી શાન્ત ઉત્તર આપે છે–'બેટા મેં શું કર્યું છે?' ભરતના ઉત્તરમાં સૌથી પ્રથમ એના મનને જે વસ્તુ ખુબ દુભવે છે તે આવે છે. 'શું કર્યું એમ બોલે છે? અમને અપજશથી યુક્ત કર્યા, આર્યને વલ્કલથી યુક્ત કર્યા, રાજાને ગૃહમૃત્યુથી' ઇત્યાદિ. 'અમને અપજશથી યુકત કર્યા' આ ભાનથી ભરત ધુંધવાઇ ગયો છે. કૈકેયી કાંઇ જવાબ આપતી નથી. કૌશલ્યા આચાર પ્રમાણે જનનીને વન્દવા કહે છે. ભરત એને માતા ગણવાની ના પાડે છે. 'લોકમાં હું સૌથી પ્રથમ ધર્મને મુકું છું. ભર્તૃદ્રોહના (અધર્મથી) માતા પણ અમાતા થાઓ.' આ આઘાત કૈકેયી માટે સખત છે. શાન્ત રહેલી કૈકેયી શાન્તિથી પણ કરુણ સ્વરે જવાબ આપે છે 'બેટા મહારાજના સત્ય વચનનું રક્ષણ કરવા હું તેમ બોલી.' ભ–'શું શું બોલી?' કૈ–'મારો દીકરો રાજા થાય.' ભરત પૂછે છે 'તો શું રામ તમારો પુત્ર નહિ? શું મારા પિતાનો એ ઔરસ નથી, શું ક્રમ પ્રમાણે એ અભિષેકને યોગ્ય ન હતો, ભાઇઓમાં સ્નેહ ન હતો, પ્રજાને શું એ ન્હોતો રુચતો?' કૈકેયીને જાણે વસ્તુસ્થિતિનો સ્ફોટ ન કરવો હોય એમ, ભરતને આ વિષયમાં વધારે બોલતો અટકાવવા ઇચ્છતી હોય એમ, કહે છે 'શુલ્કલુબ્ધને શું પૂછવું?' પણ ભરત આ દેખીતા દોષસ્વીકારથી મૂક ન થતાં ઉલટો પૂછે છે 'શુલ્કમાં વનવાસ પણ કહેલો હતો?' કૈકેયી એક ગૂઢ જવાબ આપે છે, 'બેટા યોગ્ય સ્થળે અને સમયે જણાવીશ.' પણ ભરતને તો પોતાની જાત ઉપર આવેલું કલંક—કારણ કે ભરતને રાજ્ય મળે તે માટે આ બધી ઉથલપાથલ થએલી છે–તે જ સાલ્યા કરે છે, અને એની એ જ વાત જૂદી જૂદી રીતે કહે છે. 'તમને અપજશમાં જો લોભ હતો, તો મારું નામ શા માટે લીધું? કયા કારણથી આ ખોટું કર્યું'? ઇત્યાદિ; અને કૈકેયીના આ કૃત્યથી નિષ્પન્ન થએલી દશા વર્ણવી ફરી અફસોસ કરે છે. 'તેં રાજ્યના લોભથી રાજાના

પ્રાણ ગયા એ ન ગણકાર્યું, મોટા દીકરાને વન મોકલી દીધો; અરે જનકતનયાને વલ્કલવતી જોઇને તારૂં દીલ ન ફાટયું ? અહો વિધાતાએ વજ્રકઠિન હૃદય સર્જ્યું છે.' કૈકેયી ઉત્તર નથી આપતી.

સુમન્ત્ર કહે છે 'વસિષ્ઠ અને વામદેવ પ્રકૃતિ સાથે અભિષેક લઇ આવે છે; પ્રજા રાજા વિનાની ન રહેવી જોઇએ.' ભરત કહે છે 'પ્રકૃતિઓ મારી પછવાડે આવે.' સુમન્ત્ર આશ્ચર્યથી પૂછે છે 'અભિષેક છોડી આપ કયાં જાઓ છો ?' ભરત અભિષેકનું નામ સાંભળી છંછેડાય છે, 'અભિષેક ?' (કૈકેયીને ઉદ્દેશી) 'આ બાઈ સાહેબને આપો.' સુમન્ત્ર પૂછે છે 'આપ કયાં જશો ?' ભરત–'ત્યાં જાઉં છું કે જ્યાં એ લક્ષ્મણપ્રિય છે. તેના વિના અયોધ્યા અયોધ્યા નથી; જ્યાં રાઘવ છે ત્યાં અયોધ્યા છે. **तत्र यास्यामि यत्रासौ वर्तते लक्ष्मणप्रियः। नायोध्या तं विनायोध्या सायोध्या यत्र राघवः॥'**

ભરત ચાલ્યો જાય છે. પ્રતિમાગૃહનો પ્રસંગ પૂરો થાય છે. ત્રિજો અંક પણ પૂરો થાય છે.

આખા નાટકનું નામ આ પ્રસંગ ઉપરથી પડયું છે. આ નાટકમાં કવિનું વિશિષ્ટ નિર્માણ પણ આ અંક જ છે. આ પ્રસંગનું આખા કાર્યની દૃષ્ટિએ મહત્ત્વ વિચારવા જેવું છે. પ્રથમ અંકમાં રાજ્યાસન ઉપર આરૂઢ થતા રામને ત્યાંથી ઉતારી ચૌદ વર્ષ માટે વનવાસ કરવા મોકલવામાં આવે છે. બીજા અંકમાં દશરથ સુમન્ત્રના મુખે રામની વનમાં ચાલ્યા જવાની ખબર સાંભળી ભરતને સત્વર બોલાવવા કૈકેયીને કહેવડાવી દેહ છોડે છે. ત્રિજામાં ભરત આવે છે. શુલ્કના ન્યાયથી મળેલું રાજ્ય તે ભોગવશે એમ સાની અપેક્ષા છે; અને ભરત સાધારણ સ્વાર્થી માણસ હોત તો સરલક્રમમાં તે રાજા થાત અને રામ પ્રથમ અંકમાં કંચુકીને કહે છે તે પ્રમાણે તો તે અન્યાય્ય પણ ન ગણાત; અને રામ ચૌદ વર્ષ પછી યોગ્ય લાગત તો અયોધ્યા પાછા આવત, અને એ પ્રમાણે, દેખીતી રીતે કૈકેયીની ઇચ્છાથી ઉત્પન્ન થએલો વસ્તુસ્થિતિનો ફેરફાર પોતાનું સહજ પરિણામ પામત. પણ દુનીઆમાં ફેરફારો એમ સરળતાથી માણસનું ધારેલું પરિણામ પામતા નથી. આ ઉથલપાથલનું દેખીતું પ્રયોજન તો ભરતને ગાદી મળે એ છે, જો કે રામની શ્રદ્ધા એમાં કાંઇક ભાવી ગુણ જુએ છે. કૈકેયી પોતે ઐશ્વર્યલુબ્ધ છે એમ એને જોયા પછી લાગતું નથી, જો કે અમુક વસ્તુ ગૂઢ રાખવા પોતે એ દોષ સ્વીકારી લે છે. આથી આખા નાટકના અન્તિમ પ્રયોજક વિષે કુતૂહલ પેદા થાય છે. પણ અત્યારે તો અન્તિમ રહસ્યથી અજ્ઞાત માણસની દૃષ્ટિએ વિચાર કરતાં કૈકેયીની સ્વાર્થી દેખાતી ખટપટ વિલક્ષણ પરિણામ પામે છે.

ગમે તે હેતુથી કૈકેયીએ આ પ્રવર્તનનાં બીજ રોપ્યાં. પણ એક વાર પ્રવર્તન શરૂ થયા પછી અપેક્ષિત ફળનું નિયંત્રણ એ પ્રવર્તન ઉપર રહેતું નથી. પ્રવર્તન પોતા સાથે સંબંધ ધરાવનાર વ્યક્તિઓની વૃત્તિઓને પ્રેરે છે, અને તેઓ પોતપોતાના સ્વભાવ પ્રમાણે પ્રવૃત્તિ કરે છે; અને આ બધી પ્રવૃત્તિઓ એક બીજા ઉપર અસર કરી મૂળ પ્રવર્તનને જટિલ બનાવે છે, અને તેની દિશા બદલી નાખે છે. આવાં જટિલ પ્રવર્તનો મહાકવિઓ જ કળા દ્વારા બતાવી શકે છે; અને નિયતિના જેટલા જ બળથી કવિ અકલ્પ્ય છતાં સહજ રીતે, માણસની અપેક્ષાથી વિરુદ્ધ છતાં બન્યા પછી નિયત તરીકે સ્વીકારાય એવાં પરિણામો બતાવી શકે છે.

ભરતને રાજ્ય મળે તે માટે કૈકેયીની પ્રવૃત્તિને સાધારણ રીતે તેના વિરોધીઓ ગણાય તેના તરફથી સુદૃઢ વિરોધ મળતો નથી. લક્ષ્મણ ચીડાય છે, પણ તે તો વનવાસના કારણે. રામ તો એને ન્યાય્ય ગણી ઉદારતાથી અને નમ્રતાથી આદેશ સ્વીકારી વનમાં પ્રયાણ કરે છે. દશરથ પાંજરામાં પડેલા સિંહની જેમ પછાડા મારે છે, પણ સત્ય વચનના બંધનને તોડાવાનો, વંશપરંપરાના સંસ્કારથી, એને વિકલ્પ પણ શક્ય નથી. આ રીતે આખા પ્રવર્તનને સફળ થવા માર્ગ ખુલ્લો છે. પણ તે જ સમયે કોણ કલ્પી શકે કે જેને માટે આ બધી ખટપટ થાય છે તે જ એનો વિરોધી થશે? અરે રાજ્ય નહિ સ્વીકારે એટલું જ નહિ પણ પોતાને કાજે થએલી આ ઉથલપાથલ પોતાના ઉપર કલંક જેવી ગણી એ કલંકને દૂર કરવું એ જ પોતાના કર્તવ્યનું પરમ ધ્યેય ગણી એ ઉથલપાથલને મૂળ સ્થિતિ ઉપર લાવવા સમર્થ પ્રયત્ન કરશે? એવું કોણ કલ્પી શકે કે જે બીજા માટે લાભ ગણી પ્રયત્ન થયો હોય તેને તે બીજો જ કલંક ગણી તોડી નાખવા પ્રયત્ન કરશે? પણ આપણે જોયું કે ભરત એમ કરે છે. અને કવિની કુશળતા આ અકલ્પ્ય પરિણામને સહજ રીતે મુકવામાં જ છે, અને પ્રતિમાના પ્રસંગનું એ દૃષ્ટિએ મહત્ત્વ છે. ઉપર જોયું તે પ્રમાણે પ્રતિમાગૃહનો પ્રસંગ જ ભરતને અયોધ્યા જતાં રોકે છે, તે પ્રસંગ જ ભરત પાસે કૈકેયીને ફીટકાર અપાવી અભિષેકનો ત્યાગ કરાવી એને રામ પાસે મોકલે છે; અને દેખીતી રીતે નાટકનું આખું કાર્ય કોઇ અગમ્ય દિશામાં જતું દેખાય છે. આ પ્રસંગના પરિણામે ભરત પોતાના સંકલ્પ બળથી જાણે વિધિના લેખને ફેરવવા ઉદ્યુક્ત થાય છે.

આ રીતે કવિ આ પ્રસંગદ્વારા નાટકના પ્રવર્તનમાં જીવનના જેટલી જટિલતા દાખલ કરી પોતાના પ્રયોજનને સાધવાની પણ તૈયારી કરે છે. લોકો જેને માથે આક્ષેપ મૂકે છે, તેઓની દૃષ્ટિએ આ ઉથલપાથલની જે પ્રેરનારી છે તેનું દર્શન આ પ્રસંગે થાય છે. પણ એને જોતાં એમ જ થાય છે એ કૈકેયી આ ન હોય. અને તેથી આ બધી ઉથલપાથલના સાચા પ્રયોજનની ગૂઢતા વિષે કુતૂહલ થાય છે; એ ગૂઢતા ઉપર 'સત્ય વચનની ખાતર' આદિથી કાંઇક પ્રકાશ પડે છે, પણ વિજળીના ચમકારાની જેમ કાંઇક પ્રકાશ કરી તે પાછું બધું ઢાંકી દે છે અને તેથી પરિણામે કુતૂહલ વધે જ છે. અને આ નાટકનું પ્રયોજન વધારે ગંભીર તત્ત્વોમાં શોધવાની અપેક્ષા ઉત્પન્ન કરે છે. આ રીતે પ્રતિમાગૃહનો પ્રસંગ સાધારણ રીતે અપેક્ષિત દિશામાંથી નાટકના કાર્યને ફેરવી ગૂઢતર અને પારમાર્થિક પ્રયોજન તરફ વાળે છે. આમાં એનું મહત્ત્વ છે.

ચોથા અંકમાં ભરત અને રામનો તપોવનમાં મેલાપ થાય છે, અને ભરત પોતાના માથા ઉપર આવતા કલંકને દૂર કરે છે. તે પ્હેલાં ત્રિજા અંકના બનાવના સારરૂપ એક નાનો પ્રવેશક અયોધ્યાના રાજકુળમાં કવિ મુકે છે. પ્રતિમાગૃહના બારણે રહી ગએલી વિજયા નામની દાસી રાણીઓ સાથે અંદર ગએલી બીજી નન્દનિકાને વૃત્તાન્ત પૂછે છે, 'કૈકયી સાથે ભરત કાંઇ બોલ્યા કે નહિ?' નન્દનિકા–'બોલ્યા? અરે સામું જોવાએ નથી ઇચ્છતા.' વિજયા–'ઘણું રૂડું થયું. રાજ્યલોભિણીએ રામને રાજ્યભ્રષ્ટ કરી પોતાનું વૈધવ્ય સાધ્યું, અને લોક દુઃખ પામ્યા. ભટ્ટિણી નિર્દય છે. ભુંડું કર્યું એણે.' નન્દનિકા આ વિષે કાંઇ અભિપ્રાય આપતી નથી, પણ ફક્ત એટલી ખબર આપે છે કે ભરત અભિષેક છોડી રામ-તપોવન ગયા છે.

: તપોવનના માર્ગ ઉપર રથમાં બેઠેલા ભરત, સુમન્ત્ર અને સારથિ દેખાય છે. ભરત રામને જોવા આતુર થઇ ગયો છે. સુમન્ત્રને પૂછયા કરે છે 'ક્યાં છે એ મહારાજનો પ્રતિનિધિ, ક્યાં છે એ સત્ત્વવાળાઓને પણ સુંદર ઉદાહરણરૂપ, ક્યાં છે એ રાજ્યલોભી કૈકેયીના તિરસ્કારરૂપ, ક્યાં છે એ યશનું પાન, ક્યાં છે એ નરપતિનો પુત્ર, ક્યાં છે એ સત્યને અનુચરનારો? મારી માને પ્રિય કરવા જેણે લક્ષ્મીનો ત્યાગ કર્યો તેને–મારા પરમદેવને–હું જોવા ઇચ્છું છું.' આશ્રમ આગળ પ્હોંચે છે, રથમાંથી ઉતરે છે અને નિવેદનનો પ્રસંગ આવે છે. સુમન્ત્ર પૂછે છે નિવેદન કેમ કરવું. ભરત–'કહો કે રાજ્યલુબ્ધ કૈકયીનો પુત્ર આવ્યો છે.' સુમન્ત્ર એમ કહેવા ના પાડે છે, અને સ્હેજ ઠપકો આપતો હોય એમ કહે છે 'ગુરુજનવિષે ભૂંડું બોલવાનું હવે બસ કરો.' ભરત રીસમાં પોતાના માથે દોષ વ્હોરે છે. 'કહો કે ઇક્ષ્વાકુકુલમાં કલંકભૂત ભરત આવ્યો છે.' એ પણ સુમન્ત્ર કહેવાની ના પાડે છે. ભરત પોતે જ પોતાનું નિવેદન કરે છે 'નિર્ઘૃણ, કૃતઘ્ન, પ્રાકૃત, પ્રિયસાહસ કોઇક આપના ઉપર ભક્તિવાળો આવ્યો છે. ઉભો રહે કે જાય.'

આ બધા વચનોથી એક વાત સ્પષ્ટ થાય છે. ભરત એમ જણાવા માગે છે કે આ બધાનો બોજો એના માથે નથી. પોતે મોટાભાઇ ઉપર ભક્તિવાળો છે.

પ્હેલા અંકમાં વન જતાં જોએલાં રામ સીતા અને લક્ષ્મણ સાથે દેખાય છે; અને પિતાના જેવા સ્વરથી આ કોણ બોલે છે એમ શંકા કરતા આવે છે. લક્ષ્મણને પણ સ્વરસંયોગ બન્ધુજનનું માન પેદા કરે છે. રામને પણ એમ લાગે છે. જાણે ભરતની જ શંકા આવી હોય એમ કહે છે, 'મારૂં હૈયું ભીંજાય છે. વત્સ લક્ષ્મણ એ કોણ છે?'

લક્ષ્મણ ભરતને જુએ છે, રામ જેવો લાગે છે પણ ઓળખતો નથી; સુમન્ત્રને ઓળખી લે છે. ભરત નમસ્કાર કરે છે. લક્ષ્મણ આશીર્વાદ આપી સુમન્ત્રને પૂછે છે 'તાત અત્રભવાન્ કોણ છે?' સુમન્ત્ર ઓળખાવે છે. લક્ષ્મણ આશીર્વાદ આપી રામને ખબર આપવા જાય છે, 'તમારા દર્પણ સમો ભરત આવ્યો છે.' રામને સાનન્દઆશ્ચર્ય થાય છે; સીતાને કહે છે 'મૈથિલિ! ભરતને જોવા નયન વિશાળ કર.' સીતા સાનન્દાશ્ચર્ય પામે છે. રામ ભરતને બોલાવવા લક્ષ્મણને જવા કહે છે, પણ તેને રોકી સીતાને મોકલે છે. 'માન માટે આ જ જાય; માતાના જેવા સ્નેહથી હર્ષાશ્રુ સાથે આ જ બોલાવે.' સીતા જાય છે. ભરત આ 'સ્ત્રીમય તેજને' નમસ્કાર કરે છે. બધાં રામ પાસે જાય છે, ભરત નમસ્કાર કરે છે, રામ પ્રેમથી ભેટે છે. ભરત—'अनुगृहीतोऽस्मि'. સુમન્ત્ર મળે છે. દશરથ રાજાના અવસાનની ખબર મળ્યા પછી પોતે પ્હેલીવાર મળે છે એટલે પાછળ રહ્યો છે. મેલાપથી પિતાના અવસાનનો શોક ફરી જાગે છે. રામ લક્ષ્મણ પાસે પાણી મંગાવે છે. ભરત એને રોકે છે અને સેવાની અભિલાષાથી પોતે પાણી લઇ આવે છે. સીતા પૂછે છે 'આ પણ તમારી સેવા કરશે!' રામ–સુંદર! અહીંઆ લક્ષ્મણ સેવા કરે ત્યાં રહી ભરત મને સેવે!' આ વાતચીતમાંથી સહજ રીતે મુખ્ય વિષય રજુ થાય છે. ભરત કહે છે 'હું પણ દેહથી અહીંઆ જ રહીશ: કર્મવડે ત્યાં રહીશ. તમારા નામથી જ રાજ્યનું રક્ષણ થઇ જશે.' રામ ઉત્તમ રીતે ભરતને સમજાવે છે 'વત્સ કૈકેયીપુત્ર! એમ નહિ. નહિ. હું પિતાના હુકમથી વનમાં આવ્યો છું. વત્સ! અભિમાનથી

કે ભયથી કે ભ્રમથી આવ્યો નથી. હું તને કહું છું આપણા કુલનું ધન સત્ય છે. તમે નીચ માર્ગે કેમ જાઓ છો ?

पितुर्नियोगादहमागतो वनं
न वत्स दर्पान्न भयान्न विभ्रमात् ।
कुलं च नः सत्यधनं ब्रवीमि ते
कथं भवान् नीचपथे प्रवर्तते ॥'

સુમન્ત્ર જુએ છે કે ભરત અભિષેક સ્વીકારવાની ના પાડે છે. સત્યને ખાતર રામનો વનવાસનો નિશ્ચય દૃઢ છે; એટલે તે પૂછે છે ' ત્યારે હવે આ અભિષેકનું ઉદક ક્યાં રહે ? ' રામ—' મારી માતાએ કહ્યું છે ત્યાં જ તે રહો. ' ભરત તો બધું એના મનોવિકાર પ્રમાણે જ સમજે છે. ત્રિજા અંકમાં કૌશલ્યાનો આશીર્વાદ એને મ્હેણા જેવો લાગ્યો હતો, અહીંઆં રામને કહે છે ' આર્ય કૃપા કરો. વ્રણ ઉપર ઘા ન કરો. આપણે એક કુળનાં અને પિતાનાં ફરજંદ છીએ. માનો દોષ એ પુરુષોનો દોષ નથી. આ દુઃખી ભરત તરફ જુઓ. ' સીતાનું હૃદય ભરતના વચનોથી પીગળી જાય છે. રામ અફસોસ કરે છે કે આવા પુત્રને જોયા વિના જ દશરથ દેવલોક પામ્યા. ભરતને ખાત્રીપૂર્વક આશ્વાસન આપે છે કે પોતે એને નિર્દોષ માને છે. ભરતના કહેવાથી પોતે જાત પણ ' તારે રાજાનું વચન અન્યથા કરવું યોગ્ય નથી; તારા જેવો પુત્ર પ્રાપ્ત કરી પિતા મિથ્યાભાષી થાય ? ' આ છેવટની દલીલની ભરત ઉપર અસર થાય છે, રામને પાછા લઈ જવાનો આગ્રહ છોડી દે છે; પણ જણાવે છે ' જ્યાં સુધી તપસ્વીજીવનનો સમય પૂરો થશે ત્યાં સુધી હે રાજન્ ! તારા પગ પાસે જ રહીશ.' રામ એમ કરતો એને રોકે છે ' જો રાજ્યને ન રક્ષે તો મારા સમ છે. ' ભરત અનુત્તર થઇ જાય છે. પણ તે રસ્તો શોધી કહાડે છે. ' એક કબુલાત આપો તો તમારા રાજ્યનું રક્ષણ કરું. ' રામ પૂછે છે ' શી કબુલાત છે ? ' ભરત—'મારા હાથમાં સાચવવા મૂકેલું રાજ્ય, ચૌદ વર્ષના અન્તે પાછું સોંપવા ઇચ્છું છું. ' રામ સ્વીકાર કરે છે. ભરત સૌની સાક્ષી માગે છે. લક્ષ્મણને ઉદ્દેશી 'આર્ય સાંભળ્યું!' સીતાને ઉદ્દેશી 'આર્યે. સાંભળ્યું ? ' સુમન્ત્રને ઉદ્દેશી ' તાત સાંભળ્યું ? ' સર્વે—'અમે પણ શ્રોતાઓ છીએ. ' વધારાના વરદાનમાં રામની પાદુકા માગી લે છે. ભરતના આ આચરણથી રામ ઉદ્‌ગાર કહાડે છે,

' सुचिरेणापि कालेन यशः किंचिन्मयार्जितम् ।
अचिरेणैव कालेन भरतेनाद्य संचितम् ॥'

' બહુ વખત પછી મને જે કંઈ યશ મળ્યો, તે ભરતે અલ્પકાળમાં ભેગો કરી લીધો. ' સીતા વચમાં પડે છે અને ભરતની ' પ્રથમ માગણી આપવા ' વિનવે છે. રામ આપે છે. ભરત પાદુકા ઉપર અભિષેક કરવા કહે છે. રામ પ્રેમ આગળ નમી જઈ કહે છે, ' ભરતને જે ગમે તે બધું કરો. ' સુમન્ત્ર પાદુકાનો અભિષેક કરે છે. ભરતનું હૃદય હળવું થાય છે. ' ' સ્વજન હવે મારા વિષે શ્રદ્ધા રાખશે, નગરવાસીઓને હું ગમીશ,

લોકો. મને જુએ એવો હવે થયો, સ્વર્ગસ્થ રાજાનો હવે શીલયુકત વ્હાલો પુત્ર થયો, ગુણશાલી ભાઈઓનો સારો અભિપ્રાય મળશે, મોટી કીર્તિ મળશે, ' ઇત્યાદિ.

રાજપુત્ર રામ ભરતને રાજ્ય બરાબર સંભાળવાનો આદેશ આપી તુરત જ જવા કહે છે. સીતા સ્ત્રી છે, એનું માતૃહૃદય બોલી ઉઠે છે, 'હેં આજે જ ભરત જશે?' ધર્મ-કઠિન રામ ઉત્તર આપે છે ' अलमतिस्नेहेन । આજે જ કુમાર વિજય અર્થે પાછો ફરે. ' ભરત જવાનું સ્વીકારે છે, ' નગરમાં નગરવાસીઓ તને જોવાની આશાથી જ રહેશે. તારા પ્રસાદના દર્શનથી એમને હું ખુશ કરીશ. ' સુમન્ત્ર, દશરથ રાજાનો ઘરડો સારથિ, પોતાનું કર્તવ્ય પૂછે છે. રામ—' તાત ! મહારાજની જેમ કુમારનું રક્ષણ કરજો. ' સુ.—' જો હું જીવીશ તો પ્રયત્ન કરીશ. ' રામ ભરતને પોતાની સમક્ષ જ રથ ઉપર બેસવાનું કહી વિદાય કરે છે. ભરત રથ ઉપર બેસે છે. રામ સીતા અને લક્ષ્મણને લઇ તપોવનમાં ચાલ્યા જાય છે. ચોથો અંક પૂરો થાય છે.

ભરત પોતાના સંકલ્પબળથી પોતાના ઉપરનું કલંક દૂર કરે છે. નાટકના કાર્યની દૃષ્ટિએ રામના રાજ્યસ્વીકારના અન્તરાયો દૂર થઇ જાય છે; અને રાજ્ય સ્વીકાર ન્યાય્ય બને છે. અહીંઆં સહજ પ્રશ્ન થાય કે નાટકનો અંત અહીંઆં ન આવે ? પણ ત્રીજા અંકમાં કૈકેયી અને તેના ઉત્તરો જેણે બરાબર ધ્યાનમાં લીધા હોય તેને આ શંકા નહિ થાય. એ ગુંચ હજી ઉકલી જ નથી.

પાંચમો અંક તપોવનમાં સીતા-રામના આશ્રમ આગળ ઉઘડે છે. સીતા અને તાપસી પ્રવેશ કરે છે.સીતા તાપસી સાથે વાત કરે છે 'આર્યે ! દેવનિર્માલ્ય પુષ્પોથી ભરાઇ ગએલો આશ્રમ વાળીને સાફ કર્યો છે. દેવની પૂજાવિધિ આશ્રમમાં શક્ય વૈભવથી કરી છે. આર્યપુત્ર આવ્યા નથી એટલામાં બાલવૃક્ષોને પાણી પાઉં. ' થોડેક દૂર રામ પ્રવેશ કરે છે. રામનું મુખ ગંભીર અને શોકગ્રસ્ત છે. અભિષેક લઇ આવેલા ભરતને સમજાવી પાછો અયોધ્યા મોકલ્યો છે. ભરત એકલો રાજ્યની ધુરા કેમ વહન કરતો હશે એની રામને ચિન્તા થાય છે. રામ વિનોદ માટે સીતા પાસે જવા ઇચ્છા કરે છે. સીતાને શોધે છે. પાણી પાએલાં વૃક્ષોનાં મૂળ જોઇ રામ તર્ક કરે છે કે સીતા પાસે જ હોવી જોઇએ. એક સુંદર શ્લોકથી તાજાં પાણી પાએલાં વૃક્ષોનું વર્ણન આપે છે.

> भ्रमति सलिलं वृक्षावर्ते सफेनमवस्थितं
> तृषितपतिता नैते क्लिष्टं पिबन्ति जलं खगाः ।
> स्थलमभिपतन्त्यार्द्राः कीटा बिले जलपूरिते
> नववलयिनो वृक्षा मूले जलक्षयरेखया ॥

વૃક્ષના આલવાલમાં રહેલું ફીણવાળું પાણી ફરે છે, તરસથી ઉડી આવેલા પક્ષીઓ ડહોળાએલું પાણી પીતા નથી. કીડા દર પૂરાઇ જતાં જમીન ઉપર દોડી આવે છે, પાણી સમાઇ જવાથી થએલી રેખાથી વૃક્ષો નવવલયવાળાં થયા છે.' સીતા દેખાય છે. આ

રાજપુત્રી અને રાજવધૂને આમ કામ કરતી જોઇ રામને અફસોસ થાય છે, ' જેનો હાથ દર્પણ ઝાલતાં પણ થાકે (રામે પ્રથમ અંકમાં સીતા આભૂષણ ધારણું કરે માટે દર્પણ ઝાલેલું તે સ્મરણમાં આવે છે) તે આજે ઘડો લઇને વૃક્ષોને પાણી પાય છે. વન જેમ પોતાની લતાઓને કઠિન કરે છે તેમ સ્ત્રીજનના સૌકુમાર્યને પણ કઠિન કરે છે.' રામ સીતા પાસે જાય છે. ' મૈથિલિ! તપ વૃદ્ધિ પામે છે ને?' ધર્મવિઘ્ન ન આવતું હોય તો સીતાને બેસવાનું કહે છે. સીતા બેસે છે. રામની શોકગ્રસ્ત મુખમુદ્રા જોઇ સીતા કારણ પૂછે છે. રામ કહે છે ' આવતી કાલે પિતાજીનું વાર્ષિક શ્રાદ્ધ છે.' પિતાજી અને રામને અનુરૂપ તે કેવી રીતે કરાય તેની ચિન્તામાં તે છે. સીતા તેનો સરળ પણ ઉચ્ચ આત્મા વ્યક્ત કરતો ઉત્તર આપે છે, ' આર્યપુત્ર! સમૃદ્ધિથી ભરત શ્રાદ્ધ કરશે, અને આશ્રમને અનુરૂપ ફલોદકથી આર્યપુત્ર કરે. તાતને એ બહુમત થશે.' પણ રામનું રાજકુમારપણું ગયું નથી. રામ કહે છે-'દર્ભમાં આપણા હાથે ગોઠવેલાં ફલો જોઇ, વનવાસનું સ્મરણ પામતાં ત્યાં પણ પિતાજી રોશે.' આ નાનકડા સંવાદમાં સીતાનો આત્મા વધારે પૂજ્ય નથી લાગતો?

પરિવ્રાજકના વેષે રાવણ આવે છે. રામે વનવાસ દરમ્યાન અસુરોનો નાશ કર્યો છે. આસુરી રીત પ્રમાણે વેર વાળવાનો પ્રસંગ પ્રાપ્ત થયો છે. રાવણ—' ખરના વધથી વેર કરનાર રાઘવને છેતરી સીતાને હરી જવા આવ્યો છું.' અતિથિ તરીકે પોતાને જાહેર કરે છે. રામ સ્વાગત આપી બેસાડે છે અને સીતાને પગ ધોવા પાણી લાવવા કહે છે. સીતા લઇ આવે છે, રામ એને પરિવ્રાજકની સેવા કરવા કહે છે. પણ માયા ઉઘાડી પડી જવાના ભયથી ગભરાઇ એ ' અરુન્ધતી સમી ' ને રોકે છે; રામ સેવા કરવા જાય છે એને પણ રોકે છે. વચનસત્કારથી જ આ અતિથિ સંતોષ માને છે. રાવણ ઢોંગ ચાલુ રાખવા કહે છે ' ભો:! હું કાશ્યપ ગોત્રનો છું, સાંગોપાંગ વેદનું અધ્યયન કર્યું છે, માનવીય ધર્મશાસ્ત્ર, માહેશ્વર યોગશાસ્ત્ર, બાર્હસ્પત્ય અર્થશાસ્ત્ર, મેધાતિથિનું ન્યાયશાસ્ત્ર, પ્રાચેતસ શ્રાદ્ધકલ્પ-.' શ્રાદ્ધકલ્પનું નામ સાંભળી તે તરફ રામ આકર્ષાય છે; કારણ થોડા વખત પહેલાં જ પિતાજીનું ઉત્તમ રીતે કેમ શ્રાદ્ધ કરવું તેનો તે વિચાર કરતો હતો. રાવણ સ્પૃહાનું કારણ પૂછે છે. રામ પૂછે છે ' નિવપન કાલે શેનાવડે પિતાઓનું તર્પણ કરું?' રાવણ—' શ્રાદ્ધથી આપેલું બધુંએ શ્રાદ્ધ.' રામને વિશેષની અપેક્ષા છે. રાવણ વનસ્પતિ, પશુપક્ષી આદિમાં શ્રાદ્ધયોગ્યનાં નામો ગણાવી જાય છે. પણ રાવણ છેવટે 'વા' શબ્દ મૂકી વિશેષની અપેક્ષા કરાવે છે. રામ જાણવા માગે છે પણ રાવણ કહે છે એ તો ' પ્રભાવ-સમ્પાદ્ય' છે. રામ તે જ જાણવા આગ્રહ કરે છે. રાવણ ધીમે ધીમે કુશળતાથી જણાવે છે ' હિમાલયના સાતમા શૃંગે કાંચનપાર્શ્વ નામનાં મૃગ છે. શ્રાદ્ધમાં તે ઉત્તમ છે.' રામ સીતાને એ પ્રદેશ તરફ જવા તૈયારી કરવા કહે છે. પણ રાવણ એને રોકે છે. ' અતિ-મનોરથ મા કર. કૌસલ્યાપુત્ર! માણસોથી તે દેખાતો નથી.' રામ પરાક્રમથી તે મેળ-વવા પોતાનો નિશ્ચય જણાવે છે. રામના અસહ્ય અવલેપથી રાવણ આભો થઈ જાય છે. ત્યાં વિજળીનો ચમકારો દેખાય છે. રાવણ કહે છે, 'હિમાલય આપનો અહીંઆ જ સાત્કાર કરે છે. આ રહ્યો કાંચનપાર્શ્વ!' રામ કહે છે. ' **भगवतो वृद्धिरेषा** ' ' એ ભગવાનનો પ્રતાપ!' અજાણતાં કેટલીક વાર કેવું સાચું બોલાઇ જવાય છે! સીતા રામને

અભિનન્દન આપે છે. રામ કહે છે 'એ તાતનું જ ભાગ્ય છે કે એ મૃગ પોતે જ અહીં આવ્યો છે.' એનો સત્કાર કરવા લક્ષ્મણને બોલાવા કહે છે. પણ સીતા કહે છે 'લક્ષ્મણને તો આર્યપુત્રે તીર્થયાત્રામાંથી પાછા ફરતા કુલપતિને સામો લેવા મોકલ્યો છે.' રામ પોતે જવાનું કહે છે. સીતા પૂછે છે 'હું શું કરું?' રામ—'ભગવાનની સેવા કર.' રામ જાય છે. રાવણ રામ પછવાડે જોઇ રહ્યો છે. રાઘવની પૂજાની ઉપેક્ષા કરી મૃગ તો દોડ્યો જાય છે. રામ ધનુષ ઉપર બાણ ચઢાવે છે. રામની શક્તિ જોઇ રાવણ ચકિત થાય છે. મૃગ એક ફલંગ જેટલા અંતરાયથી તીરથી બચી જઇ વનગહનમાં પ્રવેશ કરે છે. રાવણ 'અમન્ત્રોક્ત આહુતિની' જેમ સીતાને લઇ જવા તૈયારી કરે છે. સીતાને એકલાં ભય લાગે છે એટલે ઝુંપડીમાં જવા વિચારે છે. રાવણ રોકે છે. પોતાનું રૂપ પ્રકટ કરે છે. સીતા જવા માંડે છે. રાવણ એને જવા નથી દેતો. સીતા શાપ આપે છે. રાવણને સીતાનો શાપ સૂર્યના સાન્નિધ્યથી એ વધારે દાહક લાગે છે. પણ હિંમત કરી સીતાને પકડે છે. અને રામને જનસ્થાનના તપસ્વીઓ દ્વારા આહ્વાન મોકલે છે

'बलादेष दशग्रीवः सीतामादाय गच्छति ।
क्षात्रधर्मं यदि स्निग्धः कुर्याद्रामः पराक्रमम् ॥

આ હું દશગ્રીવ બલાત્કારથી સીતાને લઇ જાઉં છું. રામને ક્ષાત્રધર્મ વ્હાલો હોય તો પરાક્રમ કરે.' રાવણ સીતાને લઈ ચાલવા માંડે છે. ત્યાં રસ્તામાં જટાયુ સામો થાય છે. પાંચમો અંક પૂરો થાય છે.

છઠ્ઠાના વિષ્કમ્ભકમાં બે વૃદ્ધ તાપસો દાખલ થાય છે. રાવણથી હરી જવાતી સીતાનું વર્ણન કરે છે. અને પછી જટાયુ અને રાવણના યુદ્ધનું વર્ણન કરે છે. જટાયુ પડે છે. બન્ને જણા રામને ખબર આપવા જાય છે. વિષ્કમ્ભક પૂરો થાય છે.

પાછા આપણે અયોધ્યાના રાજકુલમાં આવીએ છીએ. કંચુકી પ્રતિહારીને બોલાવે છે અને ભરતકુમારને ખબર મોકલે છે કે રામને મળવા જનસ્થાન ગએલા સુમન્ત્ર પાછા આવ્યા છે. પ્રતિહારી પૂછે છે 'આર્ય કૃતાર્થ થઇ આવ્યા છે?' કંચુકી કાંઇ જાણતો નથી. એટલામાં ચીવરધારી માથે જટાવાળો ભરત અને પ્રતિહારી આવે છે. ભરત પૂછે છે 'સુમન્ત્ર ક્યાં છે?' કાંચન તોરણ દ્વારે ઉભો છે એમ જાણી એને તુરત બોલાવા કહે છે. સુમન્ત્ર પ્રવેશ કરે છે; એને એના દીર્ઘ આયુષ ઉપર કંટાળો આવે છે, 'જેણે પોતાના રાજાના મૃત્યુનો, રાજપુત્રની આફતનો સાક્ષી બનાવ્યો, અને જેણે સીતાહરણની ખબર સંભળાવી.' સુમન્ત્ર ભરત પાસે આવે છે. અને ભરત ઉતાવળો ખબર પૂછે છે 'બધાં મળ્યાં?' સુમન્ત્ર જાણે કાંઇ સાંભળ્યું ન હોય એમ સચિન્ત મૂંગો થઇ ઉભો રહે છે. પ્રતિહારી કહે છે 'રાજકુમાર આપને પૂછે છે.' સુ–'બાઇ મને?' ભરત જુએ છે કે સુમન્ત્રને બહુ ખેદ થએલો છે. ભરત પૂછે છે–'આપ રસ્તામાંથી પાછા આવ્યા છો?' સુમન્ત્ર-'કુમાર, તારી આજ્ઞાથી રામને મળવા જનસ્થાન જવા નીકળેલો વચમાંથી કેમ પાછો આવું?' ભરત–'શું ક્રોધ અથવા શરમથી તેઓ ન મળ્યા?' સુ–'એવો વિનીતોને ક્રોધ કે શરમ કેવાં? તપોવન મેં તેમના વિનાનું શૂન્ય જોયું?' ભરત પૂછે છે એટલા જ સુમન્ત્ર

ઉત્તર આપે છે. ઉત્તરો ઉપરથી સમજાય છે કે રામ કિષ્કિન્ધા ગયા છે જ્યાં વાનરો વસે છે. ખબર આપતાં આપતાં સમન્ત્ર કહી દે છે 'વાનરો પણ ઉપકારને સમજે છે!' ભરત પૂછે છે શી રીતે?' સુ–'તુલ્યદુઃખ રામે ભ્રષ્ટરાજ્ય અને હતદાર સુગ્રીવને મોટાભાઇ વાલીથી મુક્ત કર્યો.' ભરત ચમકે છે. 'તુલ્યદુઃખ શી રીતે?' સુમન્ત્ર પરતાય છે, 'હાય! બધું કહેવાઇ ગયું.' પણ તે સંતાડવા પ્રયત્ન કરે છે, 'કાંઇ નહિ કાંઈ. ઐશ્વર્યભ્રંશની તુલ્યતા.' ભરત એમ છેતરાય એવો નથી. તે પૂછે છે 'તાત શું છાનું રાખો છો? સ્વર્ગ ગએલા મહારાજના શપથ છે જો સાચું ન બોલો તો.' સુમન્ત્ર–का गतिः श्रूयताम् ।

वैरं मुनिजनस्यार्थे रक्षसा महता कृतम् ।
सीता मायामुपाश्रित्य रावणेन ततो हृता ॥

મુનિજનને કાજે મહાન રાક્ષસ સાથે વેર કર્યું. કપટનો આશ્રય લઇ અને પછી સીતાને રાવણ હરી ગયો.'

ભરત–'શું હરાઇ ગઈ?' ભરતને આ ઘા કારમો લાગે છે, અને બેભાન થઇ પડે છે. ત્રીજા અંકમાં દશરથના મૃત્યુની, અને રામના વનવાસની, ખબર સાંભળી જે સ્થિતિ થઇ હતી તે જ પાછી અત્યારે થાય છે. અને તેનાથી એ આ બનાવ તો વધારે મર્મભેદક છે. થોડીક વાર પછી જાગે છે, પણ બેબાકળો થઈ જાય છે. 'અરે હવે હું શું કરૂં? ઠીક સમજ્યો. તાત મારી પછવાડે આવો.' બન્ને જાય છે. પણ ભરત તો રાણીવાસ તરફ જાય છે. સુમન્ત્ર એને રોકે છે. ભરત–'મારે અહીંઆં જ કામ છે. પ્રતિહારી કોણ છે?' વિજયા આવે છે. ભરત કહે છે 'મારૂં આગમન અત્રભવતીને જણાવો.' પ્ર–'કયાં રાણીજીને?' ભ–'જે મને રાજા ઇચ્છે છે તેમને'. પ્રતિહારી ભરતના આ શબ્દો અને તેની મુખમુદ્રા જોઈ વિચારમાં પડી જાય છે, 'શું હશે?' આજ્ઞા પ્રમાણે કરે છે. કૈકેયી આવે છે, 'વિજયા! મને મળવાને ભરત આવ્યો છે?' કઇ કઇ લાગણીઓથી કૈકેયી આ વાકય બોલી હશે! પોતાનું મોં જોવાનો પણ જેને તિરસ્કાર છે તે એને મળવા આવે છે! કૈકેયીને સારાની તો આશા રાખવાની શાની જ હોય? વિજયા ખબર આપે છે 'રાજકુમાર રામ પાસેથી તાત સુમન્ત્ર આવ્યા છે. તેની સાથે રાજકુમાર ભરત રાણીજીને મળવા ઇચ્છે છે.' કૈકેયી વિચારે છે 'કયા પ્રસંગ ઉપર વળી મને ઠપકો આપશે!' કૈકેયી બીચારી પોતાનો સમય આવી સ્થિતિમાં જ ગાળતી હશે. પ્રતિહારી ભરતને પ્રવેશ કરાવે છે. કૈકેયી કહે છે 'બેટા વિજયા કહે છે કે રામની પાસેથી સુમન્ત્ર આવ્યા છે.' બ્હીતાં બ્હીતાં જ આ વાકયો કૈકેયી બોલી હશે! ભરત કરડાકીમાં બોલે છે–'એનાથી એ વધારે પ્રિય આપને જણાવું છું.' કૈકેયી બીચારી કહે છે 'કૌશલ્યા અને સુમિત્રાને પણ બોલાવીએ'. ભરત–'તેઓને સાંભળવા યોગ્ય નથી.' કૈકેયી વિચારે છે 'હં! શું હશે?' ભરતને પૂછે છે 'બેટા શું છે?' ભરત–'સાંભળો! જે પોતાનું રાજ્ય છોડી તારા કહેવાથી વનમાં ગયો તેની ભાર્યા સીતાનું

હરણ થઇ ગયું. તારો મનોરથ પૂરો થયો?' કૈકેયી જવાબમાં ' હં ' એટલું જ બોલે છે. ભરતનો રોષ ભભૂકે છે

' हन्त भोः सत्त्वयुक्तानामिक्ष्वाकूणां मनस्विनाम् ।
वधूमघर्षणं प्राप्तं प्राप्यात्रभवतीं वधूम् ॥

અફસોસ ! આપને વધૂ પામી સત્ત્વયુક્ત મનસ્વી ઇક્ષ્વાકુઓની વધૂનું હરણ થયું.'

• કૈકેયી માટે હવે હદ આવી ગઇ છે. રામના દુઃખની જેમ અવધિ પ્હોંચી છે. તેમ એ બધાની પોતાના માથેની જવાબદારીની પણ અવધિ પ્હોંચી છે. વસ્તુસ્થિતિને સ્પષ્ટ કરવાનો પ્રસંગ એને આવ્યો લાગે છે. કૈકેયી વિચારે છે ' હવે કહેવાનો કાળ આવ્યો છે.' ભરતને ઉદ્દેશી કહે છે 'બેટા તું મહારાજના શાપને જાણતો નથી.' ભરત અતિશય આશ્ચર્યથી પૂછે છે ' શું મહારાજ શાપને પામેલા હતા!' કૈકેયી સુમન્ત્રને બધું વિસ્તારથી કહેવા કહે છે. સુમન્ત્ર આજ્ઞાને માન આપે છે અને વનગજનો શિકાર કરતાં ચક્ષુવિહીન મુનિનો પુત્ર કેવી રીતે મરાઇ ગયો તે જણાવે છે, અને ' તેને એ સ્થિતિમાં જોઇને રુદનના અન્તે તે સત્યભાષી મુનિએ કહ્યું ' જેમ હું તેમ તું પણ પુત્ર-શોકથી વિપત્તિને પામજે '. ભરત-' આ તો ખરેખર કષ્ટદાયક જ. ' કૈકેયી-બેટા ! આ કારણસર મારી જાતને અપરાધમાં મુકી 'પુત્રક રામને વન મોકલ્યો, રાજ્યલોભથી નહિ. પુત્રના વિયોગ વિના મહર્ષિશાપ દૂર ન થઇ શકે.' ભરતને હજી શંકા છે. ' પુત્રવિયોગની જ વાત હતી તો મને અરણ્ય કેમ ન મોકલ્યો ? ' કૈકેયી-'બેટા તું તો મોસાળમાં હતો એટલે તારો તો સહજ જ વિયોગ હતો.' ભરત-' ત્યારે ચૌદ વર્ષ શા કારણે કહ્યાં ?' કૈકેયી-'ચૌદ દિવસ બોલવા જતાં હૃદય પર્યાકુલ થતાં ચૌદ વરસ બોલાઇ ગયાં ', અથવા પાઠાન્તર પ્રમાણે ' મેં ચૌદ દિવસ એમ કહ્યું અને ગભરાએલી મન્થરાએ ચૌદ વરસ કહ્યાં.' છેવટનો સવાલ ભરત પૂછે છે ' ગુરુજનને આ બધું વિદિત છે?' સુમન્ત્ર-'કુમાર ! વસિષ્ઠ-વામદેવ-આદિને આ અનુમત અને વિદિત છે. ' ભરતનો રોષ ઉતરી જાય છે. લોકતીત તત્ત્વ આગળ એનું માથું નમી જાય છે. ' ખરે એ તો ત્રિલોકનો સાક્ષીઓ છેઃ ' પોતાના કઠોર શબ્દો માટે ભરત માફી માગવા કૈકેયીના પગે પડે છે; ત્રિજા અંકમાં બાકી રહેલું અભિવન્દન અહીં પૂરૂં થાય છે. કૈકેયી-' બેટા કઇ માતા પુત્રના અપરાધને માફ નહિ કરે ! ઉઠ ઉઠ એમાં શો દોષ ? ' ભરત ઉઠે છે અને રામની મદદ માટે મોટી સેના તૈયાર કરાવવાનું જણાવે છે, અને વીરોચિત શબ્દમાં જણાવે છે

वेलामिमां मत्तगजान्धकारां
करोमि सैन्यैर्घनिवेशबद्धाम् ।
बलैस्तरद्भिश्च नयामि तुल्यं
ग्लानिं समुद्रं सह रावणेन ॥

પણ એટલામાં અવાજ થાય છે અને ખબર પડે છે કે કૌસલ્યા સીતાહરણના ખબર સાંભળી મૂર્છા પામ્યા છે. બધા આશ્વાસન આપવા જાય છે. છઠ્ઠો અંક પૂરો થાય છે.

આ અંકમાં ત્રિજા અંકના ગૂઢ નિર્દેશનો નીકાલ થાય છે. કૈકેયીનું વર્તન સમજાય છે, અને બીજા વડીલોનું એના તરફ જાણે કાંઈ જ ન બન્યું હોય, એ તદ્દન નિર્દોષ હોય—એવું વર્તન પણ સમજાય છે. સાથે સાથે આખા નાટકના કાર્યનો વળ ઉકલે છે: અને રામે પ્રથમ અંકમાં દર્શાવેલી શ્રદ્ધા સાચી પડે છે. અને આ બધી ઊથલપાથલનું મૂળ ક્યાં છે તે પણ સમજાય છે. અને આ ગુંચ ઉકેલવામાં પાંચમા અંકનો સીતાહરણનો પ્રસંગ નિમિત્ત બની તે પ્રસંગ આખા કાર્ય સાથે સુગઠિત બને છે. આ બધું કેવી રીતે થાય છે તે ટુંકામાં જોઈએ.

સૌથી પ્રથમ એ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે રામને શા માટે રાજગાદી છોડી વન જવું પડે છે. ઉપરથી દેખાતું અને લોકપરિચિત નિમિત્ત કૈકેયીની શુલ્કલુબ્ધતા છે. પણ આ કારણ પર્યાપ્ત નથી. કૈકયીને આપેલા શુલ્કની દશરથને સ્મૃતિ ન હતી એમ તો ન જ હોય. તો પછી રામને શી રીતે ગાદી આપવા તે પ્રેરાય છે ? રામ જ્યેષ્ઠ છે, યોગ્ય છે એ ખરૂં, પણ કૈકેયી તરફથી અડચણ આવવાનો સંભવ હોત તો દશરથ રામને ગાદી આપવાનો વિચાર ન કરત. અત્યાર સુધીના કૈકેયીના અનુભવે એ જાતની શંકાને અવકાશ જ નહિ આપ્યો હોય એટલે એકાએક અભિષેકને સમયે કૈકેયી આવી પોતાનું શુલ્ક માગે એમાં કાંઈક ન સમજાય એવી ગૂઢતા રહેલી છે. દશરથ અને ભરત અને કેટલાંક નોકરો સિવાય કૈકેયી-નો બીજી કોઈ જવાબદાર વ્યક્તિ દોષ કહાડતી નથી. એથી આ ગૂઢતાને ટેકો મળે છે.

ભરત અણસમજુ અને અજાણ્યો છે; દશરથ છેલ્લી ઘડીએ પોતાની બધી આશાઓ તુટી પડે છે એટલે વિહ્વલ અને ભાન વિનાનો થઇ જાય છે. આ ગૂઢતાનો થોડોક નીકાલ ત્રિજા અંકમાં થાય છે. દશરથને માથે અસત્યનું કલંક કેમ રહેવા દેવાય ? કૈકેયીને અપાઇ ગયેલું અને તેથી ભરતનું થયેલું રાજ્ય એમ રામને દશરથ આપે તો દશરથને માથે કલંક રહે. (અને એટલા માટે જ ચોથા અંકમાં ભરત પાસે રામને રાજ્ય અપાવી રામનો ગાદીનો હક કવિ ન્યાય્ય બનાવતો હશે.) રામ કહે છે કે 'कुलं च नः सत्यधनम्.' આ સત્યધન કુલને અસત્યમાંથી બચાવવું એ કુલનો ધર્મ આ કાર્યનું પ્રથમ પ્રેરક બળ; પણ આટલાથી તો રામવનવાસ અને એથી ઉત્પન્ન થએલું દશરથનું મૃત્યુ આદિ આકસ્મિક પરિણામો રહી જાય છે. એ બધાનું નિરાકરણ આ અંકમાં મળે છે. દશરથના માથે મુનિનો શાપ હતો; એ વૃદ્ધ રાજા નિઃશાપ થાય એમ એ કુલના દૈવત જેવા વસિષ્ઠ અને વામદેવાદિ પણ ઇચ્છતા, અને તે અંગે વ્હાલામાં વ્હાલા પુત્રનો દુઃખદ વિયોગ કરાવવો આવશ્યક હતો.[૫] ભયંકર અપવાદ વ્હોરી લઈ રામને રાજ્યભ્રષ્ટ કરી વન મોકલ્યા એ બધું કૈકેયીએ રાજાને નિઃશાપ કરવા કર્યું છે એ કૈકેયીના કહેવાથી અને સુમન્ત્રની સાખથી જણાય છે. આ રીતે આખા નાટકના કાર્યનું મૂળ ઇક્ષ્વાકુ કુળને સત્ય અને શુદ્ધ રાખવાના પ્રયત્નમાં છે. નાટકની બ્હાર શોધવું હોય તો દશરથ રાજાના પોતાના પ્રમાદમાં છે. શુલ્કમાં રાજ્ય આપ્યું એ પણ પ્રમાદ

૫. આ નાટકમાં જણાવ્યા પ્રમાણે શાપમાં શબ્દ 'સમાન વિપત્તિ' છે, આથી રાજાનું મૃત્યુ થશે એમ કૈકેયી જાણતી હશે એમ ન કહી શકાય.

અને મુનિના પુત્રને હણ્યો એ પણ પ્રમાદ. એનાં ફળ એને પોતાને અને આખા કુટુમ્બને ચાખવા પડ્યાં. પણ છેવટે કુલ શુદ્ધ રહ્યું. કવિએ કર્ણભાર નાટકમાં સ્વકર્મનું નિયતફળ માણસને કેવું સતાવે છે એ બતાવ્યું છે. અહીંઆં પણ એનો એવો હેતુ હશે ?

પણ આ સમાલોચનામાં હજી એક ગુંચ રહે છે. કૈકેયી પોતે જાણે છે એ બધું કહી વસ્તુ ઉપર પ્રકાશ પાડે છે. પણ કૈકેયી આ બધું આટલું મોડું કેમ કહે છે ? આના ઉત્તરનું સૂચન ચૌદ દિવસના ચૌદ વરસ થઇ ગયાં એમાં મળે છે. કૈકેયીએ વિધિના લેખ બદલવા પ્રયત્ન કર્યો, 'ચૌદ દિવસના વિયોગની વિપત્તિથી મહારાજ નિઃશાપ થશે' એમ ધારી આ બધી ખટપટ કરી. પણ એમાં જ પોતે ફસાઇ ગઇ. અને જીવનમાં જેમ બને છે તે રીતે પરિણામ ધાર્યા કરતાં એવડું મોટું અને ભયંકર આવ્યું કે ધીરજ રાખ્યા વિના છૂટકો ન રહ્યો. ભરત પ્રથમવાર એનાં દીલને આઘાત પ્હોંચે એવું બોલે છે ત્યારે 'રાજાનું સત્ય વચન રક્ષવાનું' એક કારણ આપે છે. પણ ભરત એ માનવા તૈયાર નથી એમ જોઇ કૈકેયી દોષનો સ્વીકાર કરી મૌન રાખે છે. બીજીવાર જ્યારે આઘાત પ્હોંચાડે છે ત્યારે એ 'શાપની વાત' કહી દે છે. ભરતને આશ્ચર્ય થાય છે, પણ સુમન્ત્રની સાખ અને વસિષ્ઠવામદેવાદિની એમાં અનુમતિ છે એમ જાણી તે માને છે. ભરતે બોલતાં બોલતાં બહુ બોલી નાખ્યું, એટલે એનું મન પણ પાછું પડ્યું હશે, નરમ થયું હશે, એટલે એ પણ માનવા માટે વધારે અનુકૂળ બન્યું હશે. અને કૈકેયીને માટે પણ વધારે ધૈર્ય રાખવું અશક્ય હતું. બને ત્યાં સુધી આ બધું દુઃખ અને પોતાની નિન્દા સહન કરી લીધી. જાણનારા જાણતા હતા, અને ભરત માનવાને તૈયાર ન હતો એટલે મૌન રાખ્યું. અને અસહ્ય થયું ત્યારે બધું કહી દીધું. આ નવો પ્રસંગ કલ્પવામાં કવિનો હેતુ આવું કાંઇક બતાવવાનો હશે.

સાતમા અંકમાં રામના વિજયની વાત સાંભળીએ છીએ. બે તાપસો પ્રવેશ કરે છે. નન્દિલક કુલિપતિની વિજ્ઞપ્તિ જણાવે છે, 'રાક્ષસોનો અને રાવણનો નાશ કરી, વિભીષણનો લંકામાં અભિષેક કરી, દેવ દેવર્ષિ સમસ્ત સિદ્ધ થએલા વિમલ ચરિત્રવાળી સીતાને લઇ, રીંછ રાક્ષસ અને વાનરોના અગ્રેસરોથી વીંટળાએલા રામચન્દ્ર આવે છે. તેમનો સત્કાર કરવાની આશ્રમના વૈભવ પ્રમાણે સર્વ સામગ્રી તૈયાર કરવાનું કહે છે.' બધી તૈયારી થઇ છે પણ પેલો બીચારો તપસ્વી રાક્ષસોથી બ્હીએ છે. નન્દિ–'પણ એ હવે વિભીષણને વશ છે' એમ કહી એને શાન્ત પાડે છે. રામની સ્તુતિ ગાતાં બન્ને જણા જાય છે.

રામ પ્રવેશ કરે છે. રામ સંતોષપૂર્વક પોતાની સ્થિતિ જાહેર કરે છે. 'રાવણનો નાશ કર્યો, ગુણસમગ્ર વિશુદ્ધ સીતાને પાછી મેળવી, ગુરુઓનું વચન અન્ત સુધી પૂરૂ કર્યું, અને મુનિજનનો પુષ્કળ સંગ પ્રાપ્ત થયો.' સીતાની રાહ જુએ છે. સીતા તપસ્વિનીઓ સાથે વાતો કરતી મન્દ મન્દ ગતિથી આવે છે. બધાં મળે છે અને પૂર્વપરિચિત

તપોવન જોતાં પૂર્વનાં પ્રસંગો એ યાદ આવે છે. કાંચન પાર્શ્વમૃગનો પ્રસંગ પણ રામ સંભાળે છે. એથી સીતા કમ્પી ઉઠે છે. રામ એને શાન્ત કરે છે. એટલામાં મોટું સૈન્ય આવતું હોય એવાં બધાં ચિહ્નો જણાય છે. લક્ષ્મણ ખબર આપે છે. ભરત મોટા સૈન્ય સાથે માતાઓને લઇને આવે છે. રામ સીતાને સાસુઓને આગળ કરી આવતા ભરતને જોવા તૈયાર થવા કહે છે. શીતા–'ઇચ્છવા યોગ્ય સમયે ભરત આવ્યો.' ભરત માતાઓ સાથે પ્રવેશ કરે છે. ભરત કહે છે. 'प्राप्तोऽस्मि तुष्टहृदयः स्वजनानुबन्धः।' સ્વજનોની સાથે સંતુષ્ટ હૃદયથી આવી પ્હોંચ્યો છું.' રામ આદિ માતાઓને નમસ્કાર કરે છે. ભરત રામાદિને નમસ્કાર કરે છે. છેવટે ભરત રામને કહે છે 'આર્ય! રાજ્યભાર સ્વીકારો.' રામ પૂછે છે 'શી રીતે?' કૈકેયી જવાબ આપે છે 'બેટા એ ચિરઅભિલષિત મનોરથ છે.' રામનું રાજ્યારોહણ હવે ન્યાય્ય થયું. રાજ્ય કૈકેયીનું હતું, અને કૈકેયીએ રામને આપ્યું. રાજ્ય આપવાનો દશરથને હક ન હતો.

શત્રુઘ્ન આવે છે, સૌને મળે છે અને 'વસિષ્ઠ વામદેવ પ્રકૃતિઓ સાથે અભિષેક લઇ આવે છે' એની ખબર આપે છે. કૈકેયી રામને કહે છે "જા બેટા! અભિષેકની અભિલાષા કર." રામ–'જેવી માતાની આજ્ઞા.' રામ જાય છે; અભિષેક પામ્યાની નેપથ્યમાં જય ઘોષણા થાય છે. કૈકેયી પોતાનો આનન્દ અને સંતોષ જાહેર કરે છે. અભિષેક પામેલો રામ સપરિવાર આવે છે. પિતાને સ્વર્ગમાં સંતોષ પામવાનું કહે છે, કારણકે તેની ઇચ્છા હવે પૂરી થઇ છે, રામ રાજા થયો છે. ચારે ભાઇઓ આનંદ વ્યક્ત કરે છે. કંચુકી વિભીષણના તથા સુગ્રીવ હનુમાન આદિના 'दिष्ट्या वर्धते' ના ખબર લઇ આવે છે. રામ કહેવડાવે છે 'સાથીઓના પ્રસાદથી વૃદ્ધિ પામ્યો છું એમ કહો.' કૈકેયી–'હું ધન્ય છું. આ અભ્યુદય અયોધ્યામાં જોવા ઇચ્છું છું.' રામ–'આપ જોશો.' રામ પુષ્પક વિમાનને બોલાવે છે અને તેમાં બેસી બધા અયોધ્યા તરફ ઉડે છે. ભરતવાક્યથી નાટક પૂરૂ થાય છે.

× × × × ×

કવિએ રામાયણના મુખ્ય ભાગના વિપુલ વસ્તુને નાટકની દૃષ્ટિએ કેવી રીતે ગોઠવ્યું છે તે આ સમાલોચનાથી સ્પષ્ટ થયું હશે. રામાયણનો આ ભાગ વિવિધ અને વિપુલ પ્રસંગોથી ભરેલો છે. આપણી સામાન્ય કલ્પનામાં તો રામના વનવાસના પરાક્રમોનું અને રાવણ સાથેના વિગ્રહનું જ પ્રાધાન્ય છે. પણ કવિએ આ નાટકમાં કુશળ કારીગરની જેમ પોતાના ધ્યેય પ્રમાણે અપ્રસ્તુતની સફાઇ બહુ દૃઢતાથી કરી છે. રામાયણના આ ભાગનું મુખ્ય વસ્તુ એટલે રામના અભિષેકની તૈયારી, રાજ્યાસન ઉપરથી વનવાસ, અને વનવાસ પછી પુનઃ રાજ્ય પ્રાપ્તિ. કવિએ આ કથા–ભાગને મુખ્ય વસ્તુ તરીકે લઇ તેની નાટકની દૃષ્ટિએ વ્યવસ્થિત સંકલના કરી છે. આ મુખ્ય વસ્તુને પોષે અને એ ભાવકના ચિત્ત સમક્ષ સ્પષ્ટ રહે એ રીતે બીજા પ્રસંગોને ગોઠવ્યા છે. તેથી રામ–વનવાસના વસ્તુને નિરૂપિત કરતાં છતાં એનાં ઘણા પ્રસંગો તો અયોધ્યામાં જ બને છે. આ મુખ્ય વસ્તુને

નાટકોચિત વ્યવસ્થિતતા આપવા તથા સંકલિત કરવા માટે આખો પ્રતિમાગૃહનો પ્રસંગ છે; આખા વસ્તુ ઉપરની ગૂઢતાનો સ્ફોટ કરી તે ઉપર પ્રકાશ કવિએ આ વસ્તુના રહસ્ય દર્શનથી નાખ્યો છે; અને એ રીતે આખા નાટકમાં સમગ્રતા, બીજ–અંકુર–ફલના રૂપકની સમગ્રતા કહો કે ઉપાય–પ્રત્યવાયના સંઘર્ષણ અને વિરોધની એકતાનતાની સમગ્રતા કહો, સાધી છે.

પ્રત્યેક અંકના કથાંશો એક બીજામાં સાંધો જણાયા વિના કેવા મળી જાય છે તથા પ્રત્યેક પોતાના કથાંશનો કેવા આરોહ—અવરોહથી નિરૂપણ કરે છે તે તે અંકોના વસ્તુ-સંકલનથી દેખાય છે. પ્રથમ અંકમાં રમતમાં પ્હેરેલું વલ્કલ સીતાનું વનવાસમાં પ્હેરવાનું ચીર થાય છે, બીજામાં આ બનાવના પરિણામરૂપ દશરથનું મૃત્યુ થાય છે. આથી આ કાર્યનું ગૂઢ પ્રયોજન સિદ્ધ થઈ જાય છે, એટલે બધાં બળ એ ગૂઢતાને સ્ફુટ કરવા તરફ વળે છે. પણ પ્રકટ રીતે ઉદ્દિષ્ટ પ્રયોજનના ઘાતક બને છે. ત્રિજા અંકમાંથી ઉત્પન્ન થતું બળ આ બે બાજુવાળું કાર્ય સાધે છે એ હવે આપણે સમજીએ છીએ; તે દેખીતે રીતે, ત્રિજા અંકની સમાલોચનાના અન્તે બતાવ્યા પ્રમાણે, મૂળ પ્રયોજનને ઉંધુ વાળી કાર્યને જટિલ બનાવે છે; જ્યારે છઠ્ઠા અંકની દષ્ટિએ વિચારતાં તે ગૂઢ અને પરમ પ્રયોજનને સાધે છે. બીજા અંકમાં મરતા દશરથની આજ્ઞાથી કૈકેયીએ બોલાવેલો ભરત પ્રતિમાઓની ઓળખાણ પછી આઘાત પામી, દર્શનાર્થે આવેલી રાણીઓ સાથે મેલાપ પામી, કૈકેયીને ધીટકાર આપી અયોધ્યામાં દાખલ થયા વિના રામ પાસે ચાલ્યો જાય છે. ચોથામાં તે રામને પાછો લાવી શકતો નથી પણ પોતાના માથા ઉપરનું કલંક દૂર કરી શકે છે; અને રામ પાસે ચૌદ વર્ષના અન્તે રાજ્ય સ્વીકારવાનું વચન લઈ પાદુકાનો અભિષેક કરી ભરત પાછો આવે છે. પાંચમામાં વનવાસની સ્થિતિમાંથી પ્રસંગ ઉત્પન્ન થાય છે. તપસ્વીઓનું રક્ષણ કરતાં રામ ખર આદિ રાક્ષસોનો વધ કરે છે અને રાવણ સાથે વેર બાંધે છે અને પરિણામે સીતાનું હરણ થાય છે. છઠ્ઠામાં આ બનાવની ખબર ભરતને પ્હોંચે છે અને ભરત અતિશય ઉદ્વિગ્ન થઈ કૈકેયીને સખત મ્હેણું મારે છે; એના પરિણામે આખા કાર્યનું પ્રયોજક તત્ત્વ વ્યક્ત થાય છે અને એ રીતે સીતાહરણનો છૂટો લાગતો પ્રસંગ નાટકના કાર્યમાં સંગઠિત થાય છે. રામના પુનરભિષેકના સર્વ વિઘ્નો દૂર થયાં છે; એટલે સાતમા અંકમાં રાવણનો વધ કરી રામ આવે છે તે પછી કૈકેયીની આજ્ઞાથી જ રામ રાજા થાય છે. એ રીતે દશરથ રાજાનું સત્ય વચન અને ઇચ્છા બન્ને સચવાય છે.

આ રીતે કવિ આખા વસ્તુને ગોઠવે છે. રાવણ સાથેના વિગ્રહના આખા એવડા મોટા પ્રસંગને એક નાટકકારને છાજે એટલી દક્ષતાથી કવિ દબાવી દે છે. એ બધા વનવાસના પ્રસંગોને–રામે સીતાને કેવી રીતે પાછી મેળવી એ પ્રસંગોને–કવિ આમાં પેસી જવા દેતો નથી. આ નાટકના કાર્યમાં તેમનું પ્રધાનપદ અનુચિત ગણી તેને અર્થે બીજું નાટક લખવાનું કવિ ઔચિત્ય બતાવે છે.

આ મહાન કાર્યના કર્તાઓનું વ્યક્તિવૈશિષ્ટ્ય પણ કવિએ સુરેખ, સૂક્ષ્મ અને મર્મગ્રાહી રીતે કર્યું છે એ કહેવાની જરૂર નથી. છતાં આ નાટકમાં કાર્યના કર્તાઓ કરતાં કાર્ય જ પ્રધાનપદ ભોગવે છે. જો કે ભરતની વૃત્તિ અને પ્રવૃત્તિના વિકાસનું નિરૂપણ કવિએ અદ્ભુત કૌશલ્યથી કર્યું છે. ત્રિજા અંકમાં પ્રવેશ કરતો અલ્લ્હેતો નિર્દોષ રાજકુમાર પરિવર્તન પામતો પામતો ત્રિજા અંકને અન્તે મોટી આફતને દૂર કરવા સમર્થ આવેગવાળો આદર્શ વીરપુરુષમાં વિકાસ પામે છે.

સાતે અંકોમાં ભિન્ન ભિન્ન પ્રસંગોના નિરૂપણદ્વારા અને સમગ્ર કાર્યદ્વારા જે રસનિષ્પત્તિ કવિએ કરી છે તે બતાવવું એટલે બધું ફરીથી કહી જવું. વાચકોને—આ નાટકને સામાજિકો મળે તો તો સુભાગ્ય—તે તે ભાગનો પુનઃ પુનઃ પરામર્શ કરવાની વિજ્ઞપ્તિ કરવી એ જ યોગ્ય છે. પ્રસંગે પ્રસંગે નાટક કરુણ રસથી ટપકે છે, પણ આખા કાર્યના પરામર્શથી ઉત્પન્ન થતો રસ વધારે ગંભીર છે, જીવનના રહસ્યદર્શનમાંથી નિષ્પન્ન થતો હોઇ અનિર્દેશ્ય છે.

પ્રો. ક્રીશ્ચીયન લાસેનનો પ્રાચીન હિંદના વાણિજ્યનો ઇતિહાસ

જર્મન ઉપરથી પ્રો. કે. પી. જાયસ્વાલ તથા પ્રો. બેનરજીના અંગ્રેજી
ઉપરથી ગુજરાતીમાં અનુવાદક

[અ. શ્યામલાલ હ. ભગવતી.]

(પુરાતત્ત્વ પુ. ૩. પૃષ્ઠ ૩૮૯ થી ચાલુ)

વહેપારની વસ્તુઓ (ચાલુ)

હવે આપણે હિન્દુસ્તાનમાંથી નિકાશ કરવામાં આવતા છેલ્લા વનસ્પતિવર્ગને અથવા સુગંધિદાર પદાર્થોના વર્ગને તપાસીશું. આ વર્ગના પદાર્થોમાં અગલોચમ (Agallochum) અથવા અગર એ હિન્દુસ્તાનની અંદરના ભાગમાં બનતો એટલું જ નહિ પરંતુ આસામમાં પણ બનતો, અને પુરાણોમાં આસામમાંથી હિન્દના રાજાઓને નજરાણાં તરીકે અપાતી વસ્તુઓમાં તેનો ઉલ્લેખ સંસ્કૃત નામ અગુરુથી કરવામાં આવ્યો છે.[1] પ્રાચીનકાળમાં તેનો ઉપયોગ ફક્ત દવા તરીકે થતો.[2] પ્રસ્તુત હિન્દના વેપારી ઇતિહાસના સમય પછીના સમયમાં માલુમ પડે છે કે વેપાર અર્થે પૂર્વના દેશોમાંથી અગુરુ લંકામાં આવતું અને તેને એલો (aloo) નામ આપવામાં આવ્યું હતું.[3]

રોમન લોકો સારામાં સારો લોબાન હિન્દને બદલે અરબસ્તાનમાંથી મેળવતા હોવાને લીધે, અત્રે આપણે એટલું જ જાણવું જોઇએ કે પેરીપ્લસ ઓફ ધી રેડ સીના લેખકના

---

૧. જુઓ ૧. ૨૮૫ અને પા. ૫૫૪, નોંધ ૧. તથા રોબીનસનનો A descriptive Account of Assam પા. ૬૩.

૨. Dioskorides De mat med. ૨૧ જેની અંદર અગલોચમ હિન્દ અને અરબસ્તાનમાંથી આવતું હતું એમ લખેલું છે. તેનો અર્થ હિન્દુસ્તાનનું અગલોચમ અરબસ્તાન દ્વારા પાશ્ચાત્ય દેશોમાં જતું હતું એમ સમજવો જોઇએ. ડાઇજેસ્ટમાં ગોથો ફ્રેડસની માફક આપણે alohelacia ને બદલે agalloche વાંચવું જોઇએ. તથા જુઓ Gabnos De succed XIX પા. ૭૨૩ અને ૭૩૨.

૩. Kosmas. પા. ૩૩૭.

મત પ્રમાણે હિન્દમાંથી પણ લોબાન નિકાશ થતો હતો.[1] રોમન લોકો તેનો ઉપયોગ દારૂને સુગંધિત બનાવવા માટે કરતા, જો કે તેનો ખાસ ઉપયોગ તો દવા તરીકે હતો.[2] આ સ્થાને એ પણ કહેવું ઉચિત છે કે હિન્દનો રસગંધ (myrrh) કાંટાવાળાં છોડવાઓમાંથી લેવામાં આવતો હતો અને સહેલાઇથી ઓળખાય તેમ હતો, તેની ખરાબમાં ખરાબ જાત હિન્દમાંથી નિકાશ કરવામાં આવતી હતી અને ઘણી વાર તેને અરબસ્તાનમાં રસગંધ સાથે ભેળવવામાં આવતી.[3]

સુખડના ઝાડની વસ્તુઓ જેને હિન્દીઓ ઘણી કિંમતી ગણતા હતા અને જેને અનેક રીતે તેઓ ઉપયોગમાં લેતા હતા, તેનો રોમન તથા ગ્રીક લોકો જુજ ઉપયોગ કરતા હતા. પેરીપ્લસ ઓફ્ ધી રેડ સીમાં આને લગતો પાઠ અશુદ્ધ છે એટલે ઝુલોન સેગેલીનોન (Zulonsagalinon) ને બદલે આપણે સેટેલીનોન (Satalinon) અથવા સેન્ટેલીનોન (Santalinon) વાંચવું જોઇએ. આ (શબ્દ) નો ઉપયોગ તેઓ વૈદકમાં રેચક તરીકે કરતા હતા. ઇ. સ. ની છઠ્ઠી સદીના પ્રથમ ભાગમાં પૂર્વના પ્રદેશોમાંથી સુખડ લંકા તરફ નિકાશ થતું હતું. આ પ્રદેશોને આપણે સુન્દ ટાપુઓ ઉપર આવેલા સમજવા જોઇએ કારણકે સુખડનાં ઝાડો ત્યાં ઉગતાં હતાં.[4]

પ્રાચીન સમયનો " કોસ્ટોસ " (Kostos) શબ્દ, સંસ્કૃત શબ્દ ' કુષ્ઠ '[5] ઉપરથી નીકળતો હોવાને લીધે, આ સુગંધિ દ્રવ્ય જે રોમન લોકો સીરીયા તથા અરબસ્તાનમાંથી પણ મેળવતા હતા, તે પ્રથમ હિન્દમાંથી મળતો હશે એમ સંભવ છે. અને ત્યારબાદ તે રોમન રાજ્યમાં મુખ્યત્વે હિન્દમાંથી જ લાવવામાં આવતો હશે. રોમન લોકો તેનો ઉપયોગ ઘણું કરીને તેલો, લેપો, તથા યજ્ઞોમાં કરતાં, તેને દારૂમાં પણ નાંખવામાં આવતો અને તે ઉપરાત વૈદ્યો તેનો ઉપયોગ દવા તરીકે પણ કરતા.[6] તેના એક રતલની કિંમત ૬ દીનાર અથવા લગભગ એક થેલર પાંચ ગ્રોસન જેટલી હતી.

---

૧. Periplus mar Erythr પા. ૨૮ અને પ્લીની XII, ૩૫. ૪. તેમ જ ડાઓસ્કોરાઇડસ હિન્દી ધુવ વિષે De mat mod. ના. I, પા. ૮૧.

૨. પ્લીની પ્ર. ૧૪. ભા. ૧૫–૧ અને દવા તરીકે ધુપના ઉપયોગ માટે Galenos, De, simplic. med. Temp. પ્ર. ૭. ભા. ૩૦. D માં તેને સ્મીર્ના કહેવામાં આવ્યું છે.

૩. પ્લીની પ્ર. ૧૨. ભા. ૩૫. ૪.

૪. જુઓ I. પા, ૨૮૭ અને નોંધ ૧. સામાન્ય ગ્રીકરૂપ Santalon છે. જુઓ Galenosmed પ્ર. ૧૪. પા. ૭૫૯ જેમાં તે નામનું રૂપ Sandala છે અને તે પ્રસ્તુત નામને તથા Kosonas ના શબ્દ Zandana તે બહુ મળતું આવે છે.

૫. cf ૧. પ્રા. ૨૮૮ ટીકા ૧.

૬. P. અને D. કોસ્ટમની સાથે આની અંદર આપેલ કોસ્ટેમોમ એ ઘણું કરીને એક પ્રકારનો એમોમમ છે, જે કુષ્ઠના જેવો હશે. આ

જો કે રોમન લોકો ગેલીક, કેલ્ટીક, સીરીયન અને બીજી જાતના જટમાશીનાં (Nard) છોડોનું વર્ણન કરે છે અને આ છોડ ગીડ્રોસીયામાં પણ ઉગતો હતો તે છતાં, આ સર્વેમાં હિન્દની જટમાશીને પ્રથમ સ્થાન આપવું જોઇએ. તેનાં પાંદડાંઓને હેડ્રોસ્ફેરોન (Hadrosphaeron) નામ આપવામાં આવ્યું હતું અને તેના એક રતલની કિંમત ૫૦ દીનાર હતી. મેસોસ્ફેરોન (mesosphaeron) ના એક રતલની કિંમત ૬૦ દીનાર હતી અને નાનામાં નાના માઇક્રોસ્ફેરોન (microsphaeron) ના રતલની કિંમત ૭૫ દીનાર હતી.[૧]

નાર્દીનમ (Nardinum) અથવા જટમાશીનો લેપ બનાવવામાં ઉતફળ અથવા દ્રાક્ષનો રસ, ગલમંદી, સરખટ, કુષ્ઠ, જટમાશી, એમોમમ (amomum), રસગંધ; અને ચેસ્ટનટ મેળવવામાં આવતાં હતાં—પરંતુ આની અંદર છેતરપીંડી થતી હતી અને હિન્દની જટમાશીને બદલે નવ પ્રકારના જુદા જુદા છોડોને તે નામ આપવામાં આવતું હતું. તે ઉપરાંત, જટમાશી દારૂમાં નાંખવામાં આવતી હતી અને તે સમયે રોમન લોકોએ જટમાશીના પાંદડાંઓના હાર પહેરવા શરૂ કર્યા હતા. છેવટે એટલું કહેવું જોઇએ કે આ પાંદડાંઓ દવા તરીકે પણ વપરાતાં અને સૌથી શ્રેષ્ઠ[૨] જટમાશી હિન્દમાંથી આવતી.

હવે આપણે પ્રથમ એ જાણવું જોઇએ કે ડેલીઓન (Bdellion) જેને પેરીપ્લસ ઓફ ધી રેડ સીમાં ડેલા (Bdella)નું નામ આપ્યું છે તે ફક્ત હિન્દુસ્તાન[૩] અને તેની પાસે આવેલ ગીડ્રોસીયામાં જ[૧] ચોક્કસ મળતો હશે. યજ્ઞપ્રસંગે તેને દારૂમાં નાંખવામાં આવતો અને તે ઉપરાંત દવા તરીકે પણ વપરાતો. ત્યાર પછી, એક બીજા છોડને

છોડ જેનો ચોક્કસ નિર્ણય થયો નથી તે મીડીયા અને આરમીનીયામાં ઉગતો હોવાને લીધે, કારડેમોમમ ઘણું કરીને હિન્દમાંથી આવતો નહિ હોય. આ ઉપરાંત જુઓ પ્લીની પ્ર. ૧૨. ભા. ૨૫, ૧. પ્ર. ૧૩. ભા. ૨–૯. પ્ર. ૧૪. ભા. ૧૯–૬ અને પ્ર. ૨૨ ભા. ૫૬ અને ૧ કુષ્ઠના દવા તરીકેના ઉપયોગને માટે જુઓ Dioskorides De mat med પ્ર. ૧ અને ૧૫ તથા Galenos De simplic medic temp. પ્ર. ૫ ભા. ૨૨ તથા પ્ર. ૭ ભા. ૪૬ De composit medic sec loc. VI. પા. ૧૫૫

૧. આ વેપારી નામો માટે જુઓ ઉપરનું પા. ૩૮

૨. Galenos De simplic medic temp. પ્ર. ૮, ભા. ૧૩.

૧. ગીડ્રોસીયા—સીંધુ નદીની પશ્ચિમે આવેલ પ્રદેશ જ્યાં અત્યારે બલુચીસ્તાન આવેલ છે.

૩. cf. પ્ર. ૧. પા. ૨૮૯. આના ઉપરની માહિતી તથા જુદા નામો માટે જુઓ પા. ૨૯૦, નોંધ ૧ અને પ્લીની પ્ર. ૧૨. ભા. ૧૯. ૧. Dioskorides De mat med ૧, ૮૦ અને Galenos Ad glance. de med. meth II પા. ૧૦૬ તથા De. mat. tempos V. ૮ અને ૯ તથા De. compos. med. per Gen. IV ૮.

તપાસવો જોઇએ, જેનો નિર્ણય કરવો ઘણો મુશ્કેલ છે. તેને એમોમમ (amomum) નામના જંગલી છોડની દ્રાક્ષ (ફળ) તરીકે વર્ણવામાં આવે છે, જ્યારે બીજા લેખકો તે હાથ જેટલો ઉંચો થતો એક જાતનો જંગલી છોડ હતો એમ વર્ણવે છે. ફળને મૂળ સાથે તોડવામાં આવતાં અને બહુ નાજુક હોવાને લીધે તેની ઝુડીઓ બાંધવામાં આવતી. જેના પાંદડાં પ્યુનિક (punic) સફરજન જેવાં હોય અને જેના ઉપર કરચલી ન હોય તથા જેનો રંગ રાતો ન હોય તે જાત ઘણી ઉત્તમ ગણાતી. તેથી ઉતરતી જાત ફીકકાશ પડતી હતી. તેનાથી ઉતરતી ઘાસ જેવી હતી. અને સૌથી ખરાબ જાત સફેદ હતી-જે, રંગ કદાચ તેની વૃદ્ધાવસ્થાનો રંગ હોય. એમોમમ અને તેની દ્રાક્ષ રોમન લોકો આયાત કરતા. ઉત્તમ જાતના એક રતલની કિંમત ૬૦ દીનાર હતી અને સાધારણ જાતના રતલની કિંમત ૪૮ દીનાર હતી. તે આરમીનીયાના ઓટેન (Otene) ભાગમાં તથા મીડીયા અને પોન્ટાસમાં થતાં. તેની અંદર પ્યુનિકનાં પાંદડાંઓની તથા ચોંટી રહે અને દ્રાક્ષ જેવા આકારના થાય તે માટે ગુંદરની ભેળસેળ કરવામાં આવતી. છેવટે એમોમમની બીજી એક એવી જાત[1] હતી જેમાં નસો તથા સુગંધ ઓછી હતી પરંતુ તે વધુ મજબુત હતી અને તે ઉપરથી એમ માની શકાય કે તે કાં તો તદ્દન જુદી જ જાતનો છોડ હશે અથવા તેને કાચો તોડવામાં આવતો હશે. આ વર્ણન સીસસ વીટીગીને (Cissus Vitiginea) નામના છોડને બંધ બેસતું આવે છે-જેને આરબ લોકો હમાન (hamana) તરીકે ઓળખે છે અને જે આરમીનીયા, મીડીયા તથા હિંદુસ્તાનમાં ઉગે છે.

ખનીજ અને વનસ્પતિની વસ્તુઓની સરખામણીમાં, હિન્દમાંથી નિકાશ થતો પ્રાણીવર્ગ ઓછી અગત્યનો છે. હિન્દુસ્તાનનું કિંમતીમાં કિંમતી પ્રાણી હાથી, રોમન શહેનશાહોને ઉપયોગી ન હતું કારણ કે તેમની પાર્થીઆના લોકો સાથેની લડાઇઓમાં તેઓ આ ધીમા પ્રાણીઓનો ઉપયોગ પાર્થીઆના જલદ ઘોડેસ્વારો સામે કરી શકતા ન હતા અને સરકસની લડાઇઓ વખતે તેઓ મોરીટેનીયા (mauritania)માંથી હાથીઓ આયાત કરતા. બીજા જે પ્રાણીઓને રોમન લોકો આયાત કરતા તે ફક્ત તેમની સીરીસેન્સીઅન (ciricensian) રમતો[2] માટે જ ઉપયોગમાં આવતાં. આ ઉપરાંત હિન્દનાં પ્રાણીઓ રોમન રાજ્યના માણસોને બીજા વધુ ઉપયોગનાં નહતાં. આમાં ફક્ત રેશમ અને મોતી અપવાદરૂપે છે. પરંતુ તેમને વિષે આપણે આગળ ઉપર વર્ણન કર્યું છે. આ

---

૧. પ્લીની પ્ર. ૧૨. ભા. ૨૮. ૧.

આરમીનીયાનો 'ઓટેન' નામનો પ્રદેશ ચોકસાઇથી નક્કી થઇ શકતો નથી કારણકે તે નામ બીજે કોઇ ઠેકાણે જડતું નથી.

૨. આ પ્રસંગે હું એટલું કહેવા માગું છું કે પેરીપ્લસ ઓફ ધી રેડ સીના પા. ૩૫ ઉપર આપેલ ડોસારેનના હાથીઓનું નામ બોસારેને બદલે ડોસારે વાંચવું જોઇએ કારણ કે તેઓ તથા તે પ્રદેશને અપાતું નામ ત્યાંની નદી ડોસારોન ઉપરથી આવેલ છે.

(રેશમ તથા મોતી) તથા હાથીદાંત ઉપરાંત રોમન કાયદાશાસ્ત્રમાંના ફક્ત સિંહ, સિંહણ, વાઘ અને ચિત્તાઓ જેનો ઉપયોગ રમતોમાં કરવામાં આવતો હતો, તે જ અગત્યનાં હતાં.

પશ્ચિમના દેશોમાં બીજું કોઇ હિન્દનું પ્રાણી લઇ જવામાં આવ્યું હોય તો તેનો ફક્ત એક જ ઉલ્લેખ છે અને તે એ છે કે એક હિન્દનો મોર મીસરના રાજાને (લેગાઇડ કુળના) ભેટ કરવામાં આવ્યો હતો.[૧]

હાથીદાંત રોમ તથા રોમન રાજ્યના બીજા ભાગોમાં ઇથીઓપીયામાંથી નિકાશ તથા હોવાને લીધે, તેનો ઘણોખરો ભાગ હિન્દમાંથી કે ઇથીઓપીયામાંથી આવતો હતો તેનો નિર્ણય કરવો અશકય છે. કારણ કે રોમન કવિઓ હાથીદાંતમાંથી બનાવેલી વસ્તુઓ હિન્દની હોય તેમ કેટલેક ઠેકાણે વર્ણવે છે જો કે તે ઉપરથી જ તે હિન્દની હતી તેમ માનવું ઉચિત ન કહેવાય.[૨] તે છતાં એલેક્ઝાન્ડ્રીયન વેપારીના અહેવાલ ઉપરથી નક્કી થાય છે કે હિન્દમાંથી પણ હાથીદાંત નિકાશ કરવામાં આવતો હતો અને રોમની અંદર તેની એટલી બધી વપરાશ હતી કે હિન્દ સિવાય બીજેથી મોટા હાથીદાંત મેળવવા અશકય હતા અને તેથી હાથીદાંતને બદલે હાથીના હાડકાને તેવી રીતે વ્હેરવાની જરૂર પડતી.[૩] આનું કારણ એ છે કે હાથીદાંતનો ઉપયોગ ફક્ત ચિત્રકામ માટે જ નહિ પરંતુ નાનામોટા વાસણો તથા અલંકારની ચીજો બનાવવામાં પણ થતો.

કયા પ્રાણીનું ઉન અલેકઝાન્ડ્રીયા લાવવામાં આવતું હતું તેનો નિર્ણય થઇ શકે તેમ નથી કારણ કે રોમન કાયદાશાસ્ત્રમાં તે પાઠ અશુદ્ધ છે અને તેનો સમર્થનકારક સુધારો હજુ કોઇએ કર્યો નથી.[૪] આ ટીકા તે જ પુસ્તકમાં વર્ણવેલા હિન્દના શીંગડાંઓને પણ લાગું પડે છે. ઘણું કરીને તેનો (શીંગડાંઓનો) ઉપયોગ ચાળણીઓ બનાવવામાં થતો હશે. જે શીંગડાઓ પેરીપ્લસ ઓફ ધી રેડ સીમાં નિકાશ થતી વસ્તુઓમાં વર્ણવ્યાં છે તે ઘણું કરીને બળદનાં શીંગડાં હોવાં જોઇએ. ગમે તેમ હોય પરંતુ એમ કહેવામાં આવ્યું છે કે એક મોટું બળદનું શીંગડું હિન્દમાંથી પોલેમી બીજાને મોકલવામાં આવ્યું હતું, જો કે તેના કદનું વર્ણન અતિશયોક્તિ ભરેલું હોવાથી સ્વીકારનીય નથી.[૫]

તે સમયે કસ્તુરી હિન્દમાંથી રોમન રાજ્યમાં આવતી હતી કે નહિ તે શંકાસ્પદ છે, કારણ કે "કેસ્ટોરીયમ" (castoreum) જેનો વૈદ્ય લોકો ઉપયોગ કરતા હતા તે

---

૧ Ailianos De mat. amim. XI, ૩૩.

૨ A. W. Von Schlegel તેના પુસ્તક On the history of the elephant માં વર્ણવે છે તે પ્રમાણે.

૩ પ્લીની પ્ર. ૮ ભા. ૪–૧.

૪ D. તે marocorum lana કહેવાય છે.

૫. Ailianos, De nat amim III, ૩૪. તેના કહેવા પ્રમાણે તે ત્રણ એમ્ફોરા જેટલું મોટું થાય.

પેોન્ટાસ અને ગેલેટીઆના બીવર નામના પ્રાણીઓમાંથી મેળવવામાં આવતું હતું અને ફક્ત કોસમાસે જ (Kosmas) હિન્દના કસ્તુરીમૃગ તથા કસ્તુરીનું વર્ણન કર્યું છે—જો કે તેમ કરવામાં પણ તેણે ખોટી રીતે તે પ્રાણી તીબેટ, નેપાલ, ભુતાન અને આસામને બદલે લંકામાં મળતાં હતાં એમ કહ્યું છે.[૧]

પ્રાણીવર્ગને લગતી બે વસ્તુઓ હજુ વિચારવી બાકી છે અને તેમના વિષે આપણે નક્કી જાણીએ છીએ કે તે હિન્દમાંથી રાતા સમુદ્રના રસ્તે પશ્ચિમના દેશોમાં આવતી હતી. પહેલી વસ્તુને પેરીપ્લસ ઓફ ધી રેડ સીમાં 'પીનીકોન' (pinikon) કહેવામાં આવેલ છે. તેનો અર્થ " પીના " નામની સમુદ્રની છીપોમાંથી મળતો રેશમ જેવો લાગતો ખરાબ પદાર્થ જેના તાર કાઢવામાં આવતા હતા અને જેને વણીને તરેહ તરેહનાં કપડાં, મોજાં. વિ. બનાવવામાં આવતાં હતા, તે થાય છે.[૨] આ પદાર્થ જમીન તથા દરીયામાં વસતા કાચબાઓ બનાવતા હતા. આ કાચબાઓ કેટલાક મલબાર કિનારા પાસે આવેલા નાના ટાપુઓમાં પકડવામાં આવતા હતા અને તેઓ " કૃસોનેતીઓતીકા " (Chrusonetiotika) નામથી ઓળખાતા હતા. આ નામ અશુદ્ધ છે અને તેને સુધારીને " કૃસોનીસીઓતાઇક " (Chrusonesiotike) વાંચવું જોઇએ કારણ કે પેરીપ્લસ ઓફ ધી રેડ સીના લેખકે બીજે સ્થળે એમ વર્ણવ્યું છે કે ગંગાનદીના મુખની પાસે પૂર્વ તરફ સમુદ્રમાં એક ટાપુ આવેલો હતો અને ત્યાંથી મળી આવતા કાચબાઓ ઘણા જ ઉત્તમ હતા.[૩] કાચબાઓની બીજી જાત આ ટાપુમાંથી નહિ, અને કદાચ આ ટાપુ ફક્ત કલ્પિત જ હશે, પરંતુ મલાકાની સામુદ્રભૂમિ જેને ગ્રીક લોકોના અહેવાલો પ્રમાણે મલાકાની સુવર્ણ સામુદ્રભૂમિ કહેવામાં આવતી હતી, ત્યાંથી મળતી હશે. પેરીપ્લસનો લેખક હિન્દની દક્ષિણ ભૂશીરથી આગળ ગયેલો નહિ હોવાથી અને પૂર્વ તરફ આવેલા હિન્દના ભાગની ફક્ત બીજાઓ પાસેથી સાંભળેલી હકીકતો વર્ણવેલી હોવાથી, આ ભૂલ જેને માટે તે અથવા તેના બીજા આધારો જવાબદાર હશે, તે સમજી શકાય છે. તેના અહેવાલ પ્રમાણે લંકાના કિનારે પણ કાચબાઓ પકડવામાં આવતા હતા. આ અહેવાલની સત્યતાના પુરાવા તરીકે એમ પ્રમાણ છે કે નર્મદા[૪] નદીના મુખ આગળ મોટા

---

૧. પ્લીની પ્ર. ૮ ભા. ૪૭, ૧ તથા પ્ર. ૩૨ ભા. ૧૨, ૨ તથા Galenos De simplic medic temper ૧, ૪૫: એન્ટીગોનોસે કસ્તુરીના ઉપયોગ ઉપર એક ખાસ પુસ્તક લખ્યું છે, તથા Kosmas પા. ૩૩૫ તે કસ્તુરીમૃગને મોચોસ (moschos) કહે છે અને કસ્તુરીને કસ્તોરી (chastouri) કહે છે અને લખે છે કે તે નામોથી ત્યાંના પ્રદેશોમાં તેને ઓળખતા. પણ પ્રથમ નામ એશિયા માઇનોરમાંથી અને બીજું સંસ્કૃતમાંથી લીધેલું લાગે છે.

૨. તેથી આ શબ્દ ખરેખરી રીતે rinnichon લખાય છે.

૩. Peripl mar. Erythr. પા. ૩૨, ૩૫, ૩૬.

૪. cf. પ્ર. ૨ પા. ૫૪૧ અહિંયાં ઉમેરવું જોઇએ કે તે ગંગા નદીના મુખ આગળ એક બીજા ટાપુને પણ વર્ણવે છે જેને તે કાઇસ કહે છે અને જે ઘણું કરીને પહેલો જ ટાપુ હોવો જોઇએ.

કાચબાઓ મળતા હતા તેમ જ લંકાના કિનારા ઉપર તથા દક્ષિણ હિન્દના ટાપુ કેડુબામાં (Keduba)[૧] પણ મળતા હતા, અને આ ઉપરથી એમ અનુમાન થઇ શકે કે આ પ્રાણીઓ મલબાર કિનારા ઉપરના નાના ટાપુમાં તેમ જ મલાક્કાના કિનારા ઉપર પણ પકડવામાં આવતાં હશે. કાચબાઓના કરવામાં આવતા ઉપયોગની બાબતમાં, તેમના ટુકડા કરવામાં આવતા હતા; અને તેમની ચામડીનો ઉપયોગ પથારીઓ બખ્તરો વગેરે જડવામાં થતો હતો. તેની પીઠ ઉપરની ચામડીમાંથી હિન્દના લોકો વાજીંત્રો બનાવતા હતા.[૨]

નિકાશની વસ્તુઓની સમાપ્તિ આપણે એ ચીજોથી કરીશું જે હિન્દમાં બનતી ન હતી પરંતુ એલેઝાન્ડ્રીયન વેપારીના કહેવા પ્રમાણે હિન્દમાંથી એલેક્ઝાંડ્રીયા લાવવામાં આવતી હતી. પહેલી વસ્તુ તે રેશમ જેવી સુંવાળી ચામડીઓ (ચર્મો), જે આ બાબત ઉપર આગળ બતાવ્યા પ્રમાણે આંતર એશિયામાંથી આવતી હતી પરંતુ તે મેળવવા માટે કયા પ્રાણીઓની ચામડીઓ ઉતારવામાં આવતી હતી તેનો નિર્ણય થઇ શકે તેમ નથી. કિંતુ આ હકીકત ઉપરથી એમ પુરવાર કરી શકાય કે હિન્દ અને ઉત્તર એશિયા વચ્ચે વેપારી સંબંધ હતો અથવા ચાલુ રહ્યો હતો કારણ કે તે સંબંધ તો ઘણા જુના કાળથી શરૂ થયો હતો. કિંમતની દૃષ્ટિએ જોતાં બીજી વસ્તુ વધુ મહત્વની છે કારણ કે રોમન લોકો તેના માટે માની ન શકાય તેટલી ભારે કિંમત આપતા હતા. આ વસ્તુ તે પ્રખ્યાત મુરીનીયન (murrhinian) વાસણો જે એલેઝાન્ડ્રીયન વેપારીના અહેવાલ પ્રમાણે ગોમેદની સાથે ભરૂચથી નિકાશ થતા હતા.[૩] જે પથ્થરોમાંથી આ કિંમતી વાસણો બનાવવામાં આવતાં હતાં તે પારથીઅન રાજ્યના દૂરના પણ જાણીતા ભાગોમાંથી આવતા અને ખાસ કરીને કારમીનીયામાંથી. બીજી કેટલીક જગ્યાઓ જ્યાં આ પથ્થર મળતા હતા તે પૂર્વ ઇરાનમાં હોવી જોઇએ કારણ કે તેમ ન હોય તો આ વાસણો હિન્દમાંથી કેવી રીતે નિકાશ થતા હતા તે સમજી શકાય તેમ નથી. ઘણું કરીને પેરીપ્લસ ઓફ ધી રેડ સીમાં તેના પછી વર્ણવેલી વસ્તુઓની માફક આ વાસણો પણ "પુષ્કલ"ની આસપાસના ભાગ દ્વારા ભરૂચ લાવવામાં અવતા હશે.

આ પથ્થરને લગતા ગ્રીક તથા રોમન લેખકોના જુદા જુદા અહેવાલો જેને અહિંયાં આપવાનો અથવા સમજાવવાનો અવકાશ નથી તેનો સમન્વય કરવા માટે આપણે આ

---

૧. Ritter's Asien IV, ૧ પા. ૧૪૭ અને ૫૮૦ તથા Edward, P. Halstead નો Report on the island of Kedooba. પ્લીની પણ સાક્ષી દે છે કે હિન્દી સમુદ્રમાં મોટા કાચબાઓ રહેતા હતા.

૨. પ્લીની પ્ર. ૯ ભા. ૧૩. ૧. તથા Pausanias પ્ર. ૮ ભા. ૨૪. ૯ તેના કહેવા પ્રમાણે આરકેડીયાના જંગલોમાં મોટા કાચબાઓ હતા તેમાંથી તેઓ હિન્દીઓની માફક વાજીંત્રો બનાવતા.

૩. Peripl. mar. Erythr. પા. ૩૨. અને પ્લીની પ્ર. ૩૩, ભા. ૨. ૩. તથા પ્ર. ૩૫. ભા. ૪૬, ૧. તથા પ્ર. ૩૭ ભા. ૭, ૧. અને પ્ર. ૩૮ ભા. ૮, ૧.

પથ્થર કેટલે અંશે સરિતક્ષાર (River-spate), કેટલે અંશે ક્ષેત્રક્ષાર (field-spate), કેટલે અંશે ચૂનાક્ષાર (Lime-spate) તથા કેટલે અંશે ચંદ્રમણિ હશે એ સમજવું જોઇએ. તે તેની કઠણાંશ તથા સુંદર રંગને લીધે ઓળખી શકાતા હતા, અને જાંબલી અને સફેદ એ બે મુખ્ય વર્ણો હતા. આ ગુણોને લીધે તેઓ કિંમતી પત્થર જેવા લાગતા. આ જાતના પત્થરનો ઉપયોગ મુખ્યત્વે કરીને પીવાના તથા ખાવાના વાસણો બનાવવા માટે તથા નાના ટેબલો બનાવવામાં થતો. ઈ. સ. પૂર્વેની ૫૧ મી સાલમાં એશિયા માઇનોરના રાજ્યોની જીત પછી તેની ત્રીજી વિજયયાત્રા વખતે સમ્રાટ પોમ્પેઈ આ મુરીનીયન વાસણો સૌથી પ્રથમ રોમમાં લાવ્યો હતો. ત્યારબાદ મુરીનીયન વાસણો ઘણા વપરાવા લાગ્યાં અને દીન પ્રતિદિન તેને અવલંબીને મોજશોખમાં વૃદ્ધિ થવા માંડી. આ પથ્થરનો એક કકડો જેની અંદરથી સેકસટેરીયસના જેટલી કદવાળી અને એમ્પોરાનો ૧/૪૮ મો ભાગ માઇ શકે તેટલી ફક્ત ત્રણ જ પ્યાલીઓ બનાવી શકાય, તેની કિંમત લખાણના જુદા જુદા પાઠોના આધારે ૭૦,૦૦૦ સીસ્ટેરટી અથવા લગભગ ૪૦૦૦ થેલર અથવા ૭૦ ટેલન્ટના પ્રમાણે લઇએ તો લગભગ ૨૦૦૦ થેલર જેટલી આપવામાં આવતી. પ્લીનીના આ વસ્તુને લગતા ભાગના અર્થાન્વય પ્રમાણે બીજી કિંમત વધુ પ્રમાણભૂત છે અને તે પણ તે સમયે રોમન લોકો આ જાતના વાસણો માટે કેટલી ઉંચી કિંમતો આપતા હતા તે બતાવી આપે છે.

હિન્દની આયાતની વસ્તુઓ

હિન્દની અંદર આયાત કરવામાં આવતાં માલની બાબતમાં પેરીપ્લસ ઓફ ધી રેડ સીના જાણીતા ભાગો સિવાય કેટલાક જુજ ગ્રીક તથા રોમન લેખકોના ફકરાઓ છે અને આપણે તેનો ઉપયોગ ઉચિત સ્થળે કરીશું. આયાતની વસ્તુઓ વર્ણવવામાં હું તેમને ભૌતિક પદાર્થની ત્રણ કોટિઓ પ્રમાણે ગોઠવીશ.

ખનીજ પદાર્થોમાં, હિન્દીઓ પરદેશીઓ પાસેથી ત્રાંબુ, સીસું અને કલાઈ લેતા. તે ઉપરાંત ગ્રીક અને રોમના વેપારીઓ રૂપાના તથા સોનાના સીક્કાઓ લાવતા જેને તેઓ હિન્દના ચલણમાં ફાયદાકારક રીતે વટાવતા. તેઓ બીજા રોમન સીક્કાઓ પણ લાવતા. આ વસ્તુ ઘણી અગત્યની ગણવી જોઇએ કારણ કે હિન્દનો માલ ઘણો મોંઘો હતો અને તેથી તેની ખરીદ માટે પરદેશી વેપારીઓને ઘણું રોકડ નાણું લાવવું પડતું હતું. રોમન રાજ્યમાંથી પ્રતિવર્ષ હિન્દ કેટલી મોટી રકમ મેળવતું હતું તે આપણે આગળ જોઇ ગયા છીએ[1] અને આપણે હવે પછી જોઇશું કે હિન્દના કેટલાક ભાગોમાં જુના શહેરોના ખંડેરોમાંથી રોમન સીક્કાઓ મળી આવતા હતા.

કાચના વાસણો ખનીજ પદાર્થની બીજી કોટિમાં આવે. તે સમયે હિન્દમાં ઘણા મોટા પ્રમાણમાં દારૂ આવતો હોવાથી (જે વિષય ઉપર હું આગળ ઉપર વધુ માહિતી આપીશ) એ સિદ્ધ

૧. જુઓ આગળ પા. ૪

થાય છે. જો આ વસ્તુ હિન્દના પુરુષોના ઉપભોગને લગતી હતી, તો હવે જે વસ્તુ વર્ણવવામાં આવે છે તે હિન્દની સ્ત્રીઓના કામની હતી. આ વસ્તુ તે સ્ટીમી અથવા સ્ટીબીયમ જે વડે સ્ત્રીઓ પોતાની ભમર તથા પાંપણોને કાળો રંગ કરતી. આ ઉપરથી એમ આશ્ચર્ય થાય છે કે હિન્દીઓ આ વસ્તુ શા માટે પરદેશથી આયાત કરતા હશે? કારણ કે આ (કાજળ વાપરવાનો) ચાલ ઘણા જુના કાળથી ઉતરી આવેલો છે અને ખુદ હિન્દમાં જ એવી કેટલી વસ્તુઓ થાય છે દા. સુરમો વગેરે કે જેમાંથી તેઓ અંજન બનાવી શકે. બીજા ઉપયોગો માટે શિલારસ, સોમલ, અને રાતા સમુદ્રમાંથી આવતો અગ્નિવર્ણો સન્દારીક (Sandaricho)–જે રાતો સોમલ તથા ગંધકના મિશ્રણથી થાય છે, તે વાપરવામાં આવતો હતો.[1]

પરવાળાં, જે પેરીપ્લસ ઓફ ધી રેડ સીના લેખકના કહેવા પ્રમાણે હિન્દમાં આયાત થતાં હતાં તે મુખ્યત્વે કરીને અરબસ્તાનના અખાતમાંથી નહિ પણ ઘણું કરીને પરસ્પન અખાતમાંથી આવતાં હશે. અને પરવાળાની મુખ્ય જાત જે ગોલ (Gall)માં બનતી હતી તે ત્યાંથી દૂરના હિન્દુસ્તાન તરફ નિકાશ થતી હતી એમ માનવું મુશ્કેલ છે.[2] રોમન સૃષ્ટિશાસ્ત્રના લેખકનો અહેવાલ ખરો હોય તો જેમ રોમમાં મોતી પ્રિય ગણાતાં તેમ હિન્દમાં પરવાળાં પ્રિય ગણાતાં.

લસણીયા હીરાની બાબતમાં તો આપણે આગળ જોઇ ગયા છીએ કે હિન્દમાં આયાત થતા હીરા ઇથીઓપીયામાંથી આવતા, જો કે હિન્દની અંદર પણ આ જાતનો પથ્થર મળી આવતો.[3] પોખરાજની પણ આવી જ સ્થિતિ હતી. આ જાતના અરબીયાના હીરાઓમાં ' સાર્ડ ' ની છાંટ ન હતી અને જુદા જુદા રંગના સાર્ડોને પોખરાજ તરીકે વેચવામાં આવતા હતા. તે, થોડે અંશે કાળા અને થોડે અંશે ભુરા રંગના હતા અને તેમના ઉપર કાં તો જાડી ધોળી રેખાઓ હતી અથવા પર્વતીયા સિંદુર જેવો ચળકાટ હતો.[4] ક્ટીનોડોટસના અહેવાલ પ્રમાણે પ્રથમ તો હિન્દવાસીઓ આને પ્રસંદ કરતા ન હતા. આ જાતના કેટલાક પથરાઓ તો એટલા મોટા હતા કે તેમાંથી તલવારો બનાવી શકાતી. રોમન લોકો આ પથ્થરને ખાસ પસંદ કરતા, કારણ કે સીલ કરવાની વીંટીનો ઉપયોગ કરતી વખતે તેને લાખ ચોંટી રહેતી નહિ. આ પત્થરનો શોખ હિન્દીઓને કેમ લગાડવો તે રોમન લોકો જાણતા હતા અને રોમના મધ્યમ વર્ગના માણસો પણ આ હીરાને ગળામાં પહેરતા. આ દાખલા ઉપરથી તથા ઉપર આપેલા જનના દાખલા ઉપરથી આપણે જોઇ શકીએ છીએ કે કેટલીક લુજ વસ્તુઓના વિષે હિન્દના લોકો પરદેશની વસ્તુઓને તેમની પોતાની વસ્તુઓ કરતાં વધુ પસંદ કરતા. હિન્દની અંદર પુષ્કળ પોખરાજ થતા હતા તે આપણે આગળ જોઈ ગયા છીએ.

---

૧. પ્લીની પ્ર. ૩૫ ભા. ૨૨ તથા ડેલાકેસની આવૃત્તિમાં પ્ર. ૯. ૫. ૬૭૨.

૨. પ્લીની પ્ર. ૩૨. ભા. ૧૧. ૧.

૩. જુઓ આગળ પા. ૧૮

૪. પ્લીની પ્ર. ૩૭ ભા. ૨૬–૮.

હિન્દુસ્તાનની વનસ્પતિની સમૃદ્ધિ ધ્યાનમાં રાખતાં આપણે એમ ધારીએ કે આ બાબતમાં બીજા દેશોમાં હિન્દીઓને આકર્ષી શકે તેવી જુજ વસ્તુઓ પ્રાપ્ત થતી હશે. અને ખરેખર પરદેશી વેપારીઓ આ જગતની ઘણી થોડી વસ્તુઓ હિન્દમાં લાવતા હતા અને આપણી પ્રથમ ધારણા સત્ય છે.

આ વસ્તુઓમાં, ધુપ અને તેમાંથી બનાવવામાં આવતું કિંમતી તેલ અથવા લેપ પ્રથમ આવે છે. પછી, મીસરનાં કમળ આવે-જેના સાંઠાઓમાં મીઠો સુગંધીદાર પદાર્થ રહેતો અને જે મીસરવાસીઓને ઘણો પ્રિય હતો.[૧] તેના પછી, આયાતની બીજી વસ્તુ તે દારૂ, જેથી આપણે વિસ્મય પામીએ છીએ. તે સીરીયાના "લુડીકેઇઆ" ભાગમાં થતો તે ઉપરાંત ઇટાલીમાં[૨] પણ બનાવવામાં આવતો. વધુ વિચિત્ર તો એ છે દારૂ અને એવા બીજા માદક પદાર્થોનો હિન્દીઓના કાયદાઓમાં નિષેધ કરવામાં આવ્યો છે અને તે પ્રમાણે દારૂની આયાત કરવી એ કાયદાનું ઉલ્લંઘન ગણાય. કેટલેક અંશે આમ થયું પણ હોય પણ તે મુખ્યત્વે કરીને હિન્દના રાજાઓમાં, કારણ કે એલેક્ઝાન્ડ્રીયન વેપારીના અહેવાલ પ્રમાણે અમુક રાજાને દારૂ ભેટ તરીકે મોકલવામાં આવ્યો હતો. પરંતુ આ દારૂની આયાત ઉપરથી અને એલેક્ઝાન્ડરના ઇતિહાસકાર મીટીલેનના કેરસ (Charis of mitylene)[૩] ના પુરાવા ઉપરથી હિન્દીઓ દારૂ પીતા હતા અને દારૂ તેઓમાં સામાન્ય થઈ પડ્યો હતો એમ અનુમાન કરવામાં આપણે હિન્દીઓને અન્યાય કરીશું કારણ કે આ હકીકતને ગ્રીક લેખકોની કલ્પના તરીકે જ રદ કરવી જોઇએ.

પેરીપ્લસ ઓફ ધી રેડસીમાં હિન્દની આયાત તરીકે વર્ણવેલ બીજી વસ્તુ તે કપડાં છે અને તેની એક જ જાત સામાન્ય શબ્દોમાં સૂચવવામાં આવી છે. આ શબ્દ તે Imatismosaplans અથવા Nodos અને Rolumita અથવા Rolumiti. છેલ્લા શબ્દનો અર્થ જે કપડાના વાણામાં ફુલો તથા બીજી આકૃતિઓ વણવા માટે વધુ તાર

૧. Vincent 1- q. w. પા. ૭૪

૨. Peripl mar. Erythr પા. ૨૨, ૨૮. અરબસ્તાનનો દારૂ તે ઘણું કરીને અરબસ્તાનમાં બનતો નહિ હોય પણ અરબસ્તાન દ્વારા આયાત થતો હશે.

૩. આ ભાગ A thenaiosમાં પ્ર. ૧૦. પા. ૪૩૭માં આવે છે. તથા Ailianos var his. II પા. ૪૧. તથા પહેલા લેખકની ચોપડીમાંથી script, Er, Alex, magu ના પા.૧૮ માં આ અહેવાલ પ્રમાણે કેલેનોર્સ પર્શીયામાં બળી અગ્નિને પોતાની જાતનો ભોગ આપી મુઓ. તેને લગતા ઉત્સવને પ્રસંગે એલેઝાન્ડરે ફરમાવ્યું હતું કે હિંદીઓના દારૂ ઉપરના પ્રેમને લીધે દારૂ પીવાની શરત કાઢવી. પ્રથમ નંબરે આવનારને ૧ ટેલન્ટ, બીજાને ૩૦ મીન અને ત્રીજાને ૧૦ મીન આપવાના હતા. પ્રથમ જીતનાર ચાર કોસ દારૂ પી ગયો અને એક અહેવાલ પ્રમાણે તરત જ મરી ગયો અને બીજા અહેવાલ પ્રમાણે ત્રણ દિવસ પછી મરી ગયો. તેનું નામ પ્રોમેચોસ હતું. આ નામ બનાવટી છે અને બીજી બાબતો ઉપરથી સમજી શકાશે કે આ આખી વાત બનાવટી છે.

રાખવામાં આવે છે તેવા કપડાં થાય છે. આ ઉપરથી એમ અનુમાન થઇ શકે કે પહેલા શબ્દનો અર્થ એકવડા કાપડમાંથી બનાવેલા લુગડાં થતાં હશે અને બીજા શબ્દનો અર્થ સાધારણ જાતના લુગડાં થતો હશે. ઉપરના શબ્દથી આપણે ખરી રીતે શણનાં કપડાં સમજવાં જોઇએ કારણ કે પાશ્ચાત્ય દેશો હિન્દમાંથી સુતરાઉ તથા રેશમી કાપડ મેળવતા હતા. બીજી જાતનાં કપડાં જે આવતાં તે એક એલ (Ell) લાંબા કમરબંધો હતાં.

વાજીંત્રો કયા પ્રકારનાં હતાં તે ચોકસાઇથી કહી શકાય તેમ નથી અને ઘણું કરીને તે આયાતની વસ્તુ તરીકે ખરી રીતે ગણાય પણ નહિ કારણકે તે એરીએકના રાજા સુબેરાસ[1] અથવા અકબર્નર્સને ભેટ તરીકે મોકલવામાં આવ્યાં હતાં. તે ઉપરાંત તેને ત્યાં ઝનાના માટે સુંદર સ્ત્રીઓ પણ લાવવામાં આવતી હતી પણ તે કંઇ વેપાર અર્થે નહિ.

આ પ્રમાણે હિન્દની આયાત તથા નિકાશના વર્ણન કર્યા પછી હવે હું તેમને કયાં ભાગોમાં વહેંચવામાં આવતી હતી તે બતાવીશ. આમ કરવામાં હું પેરીપ્લસ ઓફ ધી રેડ સીમાં આપેલી શ્રેણીને અનુસરણ માટે સ્વીકારીશ અને મેં આગળ ઉપર દર્શાવેલા નામોના અર્થને વળગી રહીશ. હિન્દુસ્તાનની બહાર આવેલા વેપારી મથકો માટે ચૂંટણી કરવી જરૂરી છે અને ફક્ત એવી જ વસ્તુઓ બતાવવી કે જે હિન્દમાં ચોક્કસ મળતી ન હતી અને જેની આયાત કરવી પડતી.

મુસા—અરબસ્તાનના કિનારા ઉપર.[2] આયાતની વસ્તુઓ–કેસર અને ઝીણું સુતરાઉ કાપડ. નીકાશ–ધુપ.

ઓપોન—ઇથીઓપીયાના[3] બારબેરીયન અખાત ઉપર આરજક (Arjake) નામના આંતર હિન્દના પ્રદેશમાંથી તથા ભરૂચમાંથી અથવા વધુ ચોકસાઇથી કહીએ તો ભરૂચ મારફત નીચેની ચીજો નીકાશ થતી હતી; ચોખા, હિંગ, તલનું તેલ, મોનોચ જાતના ઝીણાં ગરમ કપડાં, સાકર અને ખાંડ.

એઝેનીયા—આફ્રિકાના પૂર્વ કિનારા ઉપર આવેલ આ ટાપુ ઉપર અથવા અત્યારના પેમ્બા ટાપુ ઉપર વેપાર અર્થે ગ્રીક, હિન્દી તથા આરબ વેપારીઓ રહેતા હતા.[4] ત્યાં માંગરોળ, ભરૂચ અને તામીલથી થોડા હિન્દી વેપારીઓ આવતા કારણકે તેમનાં વહાણો પ્રતિકુલ પવનને લીધે ત્યાં ધસડાઇ આવતાં. ત્યાં તેઓ ચોખા, ઘઉં, સુંદર ઝીણું કાપડ તથા ગુલામ સ્ત્રીઓ જેમની સાથે તેઓ કોઇ વાર ત્યાંથી નાસી પણ જતા, તે વેચતા અને કાચબાઓથી તેમનાં વહાણ ભરતા.

---

૧. આ રાજાના શંકારપદ નામ માટે તથા આરયકની સરહદ માટે જુઓ Peripl. mar. Erythr પ્ર. ૨. ૫. ૮૫૫. વીન્સન્ટ તેને શક હિન્દનો રાજા માને છે તે ભૂલ છે.

૨. Peripl. mar. Erythr. પા. ૨૨ તથા પ્ર. ૨. પા. ૫૮૪.

૩. Peripl. mar. Erythr. પા. ૭ તથા ૩.

૪. „ પા. ૧૭. ૧૬. તથા G. Bunsen's Diss on the East coast of Zania in Africai પા. ૧૭.

મોસીલોન—સેચેલીટીક અખાતના પૂર્વના ખુણા ઉપર આવેલું આ ઉત્તમ બંદર હતું અને ત્યાં ભરૂચ તથા તામીલથી, તોફાનને લીધે ઉંધે રસ્તે ચઢી ગયેલાં વહાણો કોઇ વાર આવતાં અને આગળ જવાને માટે વહાણના કપ્તાનો ત્યાં આખો શિયાળો ગાળતા.[1] ત્યાંના રાજાના પ્રધાન સાથે તેઓ કપડાં, ઘઉં, અને તેલ ધુપને સાટે ખરીદતા.

પર્શીઅન અખાત ઉપર, ટેરીડોનની જરા દક્ષિણે અને પેરટી ગ્રીસ નદીના પશ્ચિમ કિનારા ઉપર એપાલોગોઇ નામનું પ્રખ્યાત બંદર આવેલું હતું—જ્યાં વેપારીઓની સાથે ન્યાયથી વર્તવામાં આવતું હતું. તેથી વધુ પૂર્વ તરફ, કારમેનીયાની કિનારા ઉપર 'ઓમાન' નામનું[2] બીજું વેપારી મથક હતું જ્યાં ઘણા વેપારીઓ આવતા હતા. આ બન્ને મથકોમાં મોટા વહાણોમાં, ત્રાંબુ—જે ભાગ્યે જ હિન્દમાંથી આવતું, સુખડ, ઘણું કરીને સાગના લાકડાના પાટડાઓ, શીંગડાં, તલનું તેલ અને મહોગની લાવવામાં આવતાં.

હિન્દુસ્તાનની અંદર આપણે પ્રથમ બારબરીકોન બંદર લઇશું જે સિંધુ નદીના મુખ ઉપર આવેલું હતું અને જે સિંધુ નદી દ્વારા શક–હિન્દના (Indo–Scythia) પાટનગર મીનાગર[3] અથવા અત્યારે જ્યાં અહમદપૂર આવેલું છે તેની સાથે વેપાર કરતું. ત્યાં એક તારના વાણાવાળાં ઘણાં કપડાં અને સામાન્ય જાતનાં થોડાં કપડાં આયાત થતાં હતાં. તે ઉપરાંત, ઘણી જાતના કાપડમાંથી બનાવેલાં કપડાં, તથા પુષ્પરાગો, પરવાળાં, શિલારસ, કાચનાં વાસણો જેથી મુખ્યત્વે આપણે પીવાના વાસણો સમજવાં જોઇએ, તથા થોડો દારૂ, ચાંદીની ચીજો તથા સીક્કા આવતાં હતાં. નિકાશની વસ્તુઓ આ પ્રમાણે હતી. કુષ્ઠ, ડેલીઓન, લીકીઓન, નાર્દ (જટમાશી), કલ્યાણુ, કિંમતી હીરા, રેશમી ચર્મો, ઝીણાં કપડાં, રેશમી સુતર અને ગળી.

તે સમયના સર્વ વેપારી મથકોમાં સૌથી પ્રખ્યાત મથક ભરૂચ હતું. તે હિંદના જુદા જુદા ભાગો તથા પરદેશો સાથે ઘણો સુંદર વેપારી સંબંધ ધરાવતું હતું.[4] તેના વેપારી સંબંધનો દૂરમાં દૂર પ્રદેશ તે ચીન દેશ હતો જ્યાંથી બેકટ્રીયાના[5] રસ્તે જમીન

---

૧. Peripl. mar. Erythr. પા. ૮ તથા પ્ર. ૨. પા. ૫૮૪.

૨. ,, પા. ૨૨. તથા Markianos Heracl પા. ૨૨.

૩. ,, પા. ૨૨ તથા ૨૪.

૪. Peripl. mar. Erythr. Peripl. પા. ૨૪, ૨૮, ૨૯, ૩૬.

૫. આ કપડાં પ્રથમ ભરૂચથી ગંગાનદી અને ત્યાંથી તામીલ લઇ જવામાં આવતાં હતાં એમ કહેવું ભૂલ ભરેલું છે કારણકે તેમ કરવું નકામું અને વધારે પડતું છે.

માર્ગે રેશમી કાપડ ભરૂચ આવતું હતું. ઘણું ખરું ઝીણું સુતરાઉ કાપડ મીન્નગરમાંથી આવતું, તે ઉપરાંત બીજું ઝીણું કાપડ બીજા પ્રદેશોમાંથી પણ આવતું અને સસ્તું ગીલો ચીનાઇ નામનું કાપડ તથા તેનાથી પણ હલકી જાતનું કાપડ પણ ત્યાં આવતું. સીંધુ નદી પાસે આવેલ પુકલ શહેરની પાસેથી અથવા ' પોકલે ' માંથી શક-હિન્દ દ્વારા ત્રણ પ્રકારની જટમાંશી ભરૂચ લાવવામાં આવતી હતી, જેનાં નામ કેટી શુરાઇન, પેટ્રોપેપીગ, તથા કાશુલાઇટ હતાં અને જેની સમજુત આગળ આપવામાં આવી[1] છે. તે ઉપરાંત આ માર્ગ દ્વારા કુષ્ઠ અને ડેલીઓન આવતાં. ગોદાવરીના ઉત્તરના ભાગ ઉપર આવેલ પૈથાન અથવા પ્રતિષ્ઠાનમાંથી પુષ્કળ ગોમેદ આવતાં અને અત્યારના ક્લમર્ગા પાસે આવેલ તગારામાંથી દરેક પ્રકારનાં સામાન્ય સુતરાઉ કપડાં આવતાં. આ પ્રમાણેના બહોળા વેપારને લીધે ભરૂચના વેપારીઓ તેમના ગ્રીક તથા રોમન ગ્રાહકોને માલની પસંદગી કરવા સારૂં મોટું ક્ષેત્ર આપી શકે તેવી સ્તીતિમાં હતાં અને તે નીચેની નોંધ ઉપરથી સ્પષ્ટ થશે. ત્યાંથી નિકાશ થતી વસ્તુઓઃ—કેસર, લીકીઓન, લાખથી રંગેલાં કપડાં તલનું તેલ, હિંગ, સુખડ, સાગના પાટડાઓ, કાળાં મરી, કુષ્ઠ, ત્રણ પ્રકારની જટમાશી, ડેલીઓન, ધુપ, સુતર, દરેક જાતનાં સુતરાઉ કપડાં, રેશમી કપડાં, અને છેવટે શીંગડાં અને હાથીદાંત. રાતા સમુદ્રના પ્રવેશ આગળ આવેલ મુસામાં આયાત કરવામાં આવતી વસ્તુઓમાં ભરૂચ પણ પોતાનો ફાળો આપતું હતું.[2] આ ઉપરાંત બીજી વસ્તુઓ પણ ભરૂચમાંથી નિકાશ થતી. ગંગાપ્રદેશની જટમાશી, બેસાઇના તમાલપત્ર, પીનીકો અને અત્યુત્તમ સુતરાઉ કપડાં દરીયાઇ માર્ગે તામીલ નિકાશ કરવામાં આવતાં હતાં.[3]

ઇ. સ. ની પહેલી ત્રણ સદીઓ માટે હિન્દુસ્તાનના બીજા દેશો સાથેના વેપારી સંબંધની બીજી શાખાઓ વિષે આપણી પાસે અન્ય સાહિત્ય નહિ હોવાને લીધે, અને પૂર્વના વેપારમાં બહુ જ ઓછા ફેરફારો થતા હોવાને લીધે, તથા વેપાર તે જ દિશાઓમાં ચાલુ રહેતો હોવાને લીધે, હવે પછીના લેખકોને આ વસ્તુ ઉપર વધુ પ્રકાશ પાડવાની અરજી કરવી મને વાજબી લાગે છે. જ્યારે હીરેક્લીઓસ નામના બીઝાન્ટાઇનના સમ્રાટે ઇ. સ. ૬૨૭ માં ડેસ્ડાગર્ડનો નાશ કર્યો ત્યારે ત્યાંના સીસેનીયાના બીજા કોસરોસ અથવા ખુશરૂ પરવીઝના મહેલમાંથી કિંમતી ચીજોનો ખજાનો જડયો હતો, જેમાંથી

---

૧. જુઓ આગળ પા. ૪.

૨. Peripl-mar. Erythr. પા. ૧૩

૩. ,, પા. ૩૬, ૩૭ તથા બેસાડાઇ ઉપર આગળ આપેલ પા. ૩૭ ની સમજુતી.

કેટલી વસ્તુઓ હિન્દમાં બનાવેલ હતી.[૧] દા. ત. અગલોચન અથવા અગુરૂ, તથા તે લાકડાના ૧૮ રતલના મોટા કકડાઓ, તથા મરી, સુંઠ તથા અનેક જાતનો મશાલો તથા ખાંડ તથા સુતરાઉ કાપડનો મોટો જથ્થો આ ઉપરાંત રેશમનો તથા રેશમી કપડાંનો મોટો જથ્થો જે ઘણું કરીને ચીનમાંથી આવ્યો હશે, કે તે હિન્દમાંથી પણ આવ્યો હોય અથવા હિન્દ દ્વારા ડેસ્ટાગર્ડમાં આવ્યો હોય. આ હકીકત ઉપરથી નીકળતું અનુમાન કે જુનામાં જુના સેસેનીયનો સાથે હિન્દનો વેપારી સંબંધ હતો તે હું વધુ વજુદવાળું માનું છું કારણકે આરદેઝરીસ પહેલો જેને પર્શીઆનું રાજ્ય સ્થાપ્યું હતું તેને હિન્દના સમ્રાટ સમુદ્રગુપ્ત સાથે રાજ્યવ્યવહાર શરૂ કર્યો હતો અને તેમ કરવામાં તેનો હેતુ રાજકીય કરતાં વધુ પ્રમાણમાં વેપારી હોવો જોઇએ.[૨]

---

૧. Kedrenos I. પા. ૭૩૨ તથા Theophanes પા. ૪૫૪

૨. જુઓ પ્ર. ૨. પ્રા. ૯૫૭

સ્વાધ્યાય

જર્નલ ઑફ્ ધી બૉમ્બે બ્રૅાન્ચ રૉયલ એશીઆટીક સોસાયટી ના વૉ. ૧. અં. ૨ (૧૯૨૫) માં કે. આર. પિશરોટીનો ' કેરલ નાટકચક્ર ' નામનો સરસ લેખ છે. તેનો લગભગ અનુવાદ નીચે પ્રમાણે છે.

' આખા હિન્દુસ્થાનમાં કેરલજ ઘણું કરીને એવો પ્રાન્ત છે કે જ્યાં સંસ્કૃત નાટકો પ્રાચીન શાસ્ત્રીય ઢબે ભજવવામાં આવે છે. સ્થાનિક મંદિરની રંગભૂમિ, જેના ઉપર જ આ નાટકો ભજવવા દેવામાં આવે છે, તે ઉંચા વર્ણના હિંદુઓના વિનોદનું વધારેમાં વધારે પ્રિય સ્થાન છે. સ્થાનિક રંગભૂમિનો ઇતિહાસ ઘણો જૂનો છે, અને તે કેરલના સમ્રાટો-ના–અર્વાચીન પેરુમાળોના–સમય સુધી જાય છે. જો શ્રુતપરંપરા સાચી હોય તો–તે કળા છેવટના બે પેરુમાળોના સમયમાં સંપૂર્ણતાની કોટિએ પ્હોંચી; આ પેરુમાળો મોટા કવિઓ હતા એટલું જ નહિ પણ અભિનયની કળામાં પણ નિષ્ણાત હતા. તેઓના વિષે કહેવાય છે કે તેઓએ તેમના માનીતા પ્રધાન ચોલનની મદદથી રંગભૂમિની રીતોમાં ઘણી નવીનતાઓ દાખલ કરી કે જેથી રંગભૂમિ વધારે લોકપ્રિય અને વાસ્તવિક બને. આ લોકવાયકાને વ્યંગ્યવ્યાખ્યાના પ્રારંભના શબ્દોનો થોડો ઘણો ટેકો મળે છે. એમાં આ રાજવી નાટકકારે તેના કર્તાને ' પોતાનું નાટક કે જેમાં રાજાએ પોતે જ પાઠ લીધો હતો તેની રંગયોગ્યતાની પરીક્ષા કરવા ' માટે આદેશ કર્યો છે. પેરુમાળોની સત્તા મોડામાં મોડી આઠમા સૈકાને અન્તે પૂરી થઇ, અને રંગભૂમિના સુધારાની બીજી કોઇ તેનાથી પ્રાચીન પરંપરા હજી જણાઇ નથી એ યાદ રાખવામાં આવે તો ત્યાંની સ્થાનિક સંસ્કૃત રંગભૂમિ પોતાની પ્રાચીનતાનું અભિમાન લે તો તે યોગ્ય ગણવામાં આવે. આ ઉપ-રાંત નટો અને તેમની કળા ઉપર મૂકવામાં આવતા નિયમનો અને તૈયારી કરવાની અને ભજવી બતાવવાની વિવિધ વિશેષતાઓ જોતાં અમારી રંગભૂમિ એ કેવળ સંસ્કૃત નાટક કળાના અભ્યાસીઓને આકર્ષક વિષય છે એટલું જ નહિ પણ પ્રાચીન વસ્તુઓના અ-ભ્યાસીઓ માટે પણ આકર્ષક છે. આપણી આ પ્રાચીન રંગભૂમિનો બરાબર અભ્યાસ, અને તેટલો વહેલો, થવાની જરૂર છે; કારણકે તેની લોકપરિચિતતા ધીમે ધીમે ઘટતી જાય છે, અથવા તો ઘટી જ ગઇ છે. મળી શકે તેટલાં સાધનો ભેગાં કરવાના પ્રયત્નો ચાલે છે; પણ ચાકયારો કે જે તેના રક્ષકો છે તે તેને ગુપ્ત રાખવા અયોગ્ય પ્રયત્નો કરે છે અને તેમના મિત્રોને પણ તે જણાવવા તૈયાર નથી. અને આમાં કંઇ આશ્ચર્ય પણ નથી. તેઓ આ પ્રાચીનતમ કળાનો ધંધો કરતા હોવાથી તેઓ આધુનિક સંસ્કાર નીચે આવ્યા નથી. આ લેખના નીચેના ભાગમાં રંગભૂમિ ઉપર જે નાટકો અને નાટકોના અંકો ભજવાય છે તેમનાં નામ આપું છું.

ચાકયારોની પરંપરા પ્રમાણે તેઓ ૭૨ અંકોમાં નિષ્ણાત થઇ શકે છે અથવા નિષ્ણાત હોય છે. આમાં એકાંકી નાટકો અને પ્રહસનોનો સમાવેશ થઇ જાય છે. તેમાનાં ઘણાંખરાં તો ઓળખી શકાય છે. તે નીચે પ્રમાણે છેઃ

૧ સુભદ્રાધનંજય
૨ તપતીસંવરણ
૩ નાગાનંદ
૪ મહાનાટક

(આ ચાર નાટકોના અંકોનાં કંઈ ખાસ નામ નથી. અને તો તે નામો જડયાં નથી.)

૫ ભગવદજ્જુક
૬ મત્તવિલાસ
૭ કલ્યાણસૌગંધિક
૮ મધ્યમવ્યાયોગ
૯ શ્રીકૃષ્ણદૂત અથવા દૂતવાક્ય
૧૦ દૂતઘટોત્કચ
૧૧ કર્ણભાર અથવા કર્ણકવચ
૧૨ ઉરુભંગ

(નં. ૫ થી ૧૨ ઉપર જણાવ્યા પ્રમાણે એકાંકી છે.)

૧૩ પંચરાત્ર

(બે અંકોના નામ મળે છેઃ વેત્તાંક, ભીષ્મદૂતાંક.)

૧૪ અવિમારક

(પ્હેલા પાંચ અંકોના નામ મળે છેઃ આનેટાંક, દૂતાંક, અભિસરિયાંક, પવીક, અને માદમેટાંક.)

૧૫ આશ્ચર્યચૂડામણિ

(અંકોના નામઃ પર્ણશાલાંક, શૂર્પણખાંક, માયા(સીતા)ડ્ક, જટાયુવધાંક, અશોકવનિકાંક, અને અંગુલ્યાંક.)

૧૬ અભિષેક નાટક

(અંકોના નામઃ બાલિવધ, તોરણયુદ્ધ, અને માયાશીર્ષાંક. બાકીના અંકોના નામ ઉપલબ્ધ નથી.)

૧૭ પ્રતિમા નાટક

(અંકોના નામઃ વિચ્છિન્નાભિષેકાંક, વિલાપાંક, પ્રતિમાંક, અટવ્યાંક, રાવણાંક, ભરતાંક, અભિષેકાંક.)

૧૮ પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ

(અંકોના નામઃ મન્ત્રાંક, મહાસેનાંક, અને આરાદ્દાંક)

૧૯ સ્વપ્નવાસવદત્ત

(૭ અંકોના નામ; બ્રહ્મચાર્યાંક, પનતાદ્દાંક, પૂત્તુદાંક, શેફાલિકાંક, સ્વપ્નાંક અને ચિત્રફલકાંક.

૨૦ બાલચરિત

(એમાંના એક અંકનું નામ મલ્લાંક છે બાકીનાનાં નામ મળ્યા નથી.)

૨૧ ચારુદત્ત

(એક ચાકયારના કહેવા પ્રમાણે આના એક અંકનું નામ વસન્તસેનાંક છે.)

૨૨ શ્રીકૃષ્ણચરિત
૨૩ ઉન્માદવાસવદત્ત
૨૪ શાકુન્તલ

આ ચોવીસ નાટકોનો અમારી રંગભૂમિ સાથે સંબંધ છે. તેને નીચે પ્રમાણે વ્હેંચીએ: (૧) આજે પણ લોક પ્રિય છે એવાં, (૨) પ્હેલાં લોક પ્રિય હતાં એવાં, (૩) અને જે કેવળ પરંપરાથી લોકપ્રિય તરીકે જાણીતાં છે એવાં. પ્હેલા વિભાગમાં ૧–૪, ૬, ૭, ૮, ૯, ૧૫, ૧૬, ૧૭, ૧૮ આવે છે. ત્રિજામાં ૨૨, ૨૩, ૨૪ આવે. એમાં ૨૨, ૨૩ હજી અજ્ઞાત છે, અને ૨૪ મું શાકુન્તલ ફક્ત એક જ વાર ભજવવામાં આવ્યું હતું. બીજા વિભાગમાં બાકીનાનો સમાવેશ થાય છે.

ધનંજય અને તપતીસંવરણ પેરુમાળોના છેવટના રાજાની તુરતના પ્હેલા રાજાની કૃતિઓ છે. તે કેરલની રંગભૂમિ માટે કેરલના રાજાએ લખેલાં છે. દરેકના ઉપર ભજવનારની દૃષ્ટિએ લેખકના સમકાલીને ટીકાઓ લખી છે. આથી આ ટીકાઓ કેરલ રંગભૂમિના અભ્યાસીને ઘણી ઉપયોગી છે જો કે ડૉ. ગણપતિ શાસ્ત્રીએ તે પ્રસિદ્ધ કરવી યોગ્ય ગણી નથી. મને એની પ્રતિઓ મળી નથી.

નાગાનન્દ એ હંમેશા લોકપ્રિય હતું અને હજી પણ છે. તેનું કારણ એ હશે કે કેરલ એ આખા હિન્દુસ્તાનમાં બૌદ્ધ ધર્મનો છેવટનો કીલ્લો હતો. આ નાટકે રંગના અધિકારીની અને નટોની કુશળતાની ખૂબ કસોટી કરી છે. પરંપરા એમ કહે છે કે ચોથો અંક પણ વાસ્તવિક દેખાય એ રીતે ભજવી બતાવવામાં આવતો; અને ગરુડની ભૂમિકા કરનાર નટ સાચેસાચ હવામાં ઉડતો. આવું સફળ ઉડ્ડયન છેલ્લામાં છેલ્લું ઇરિંજલકુડ આગળ થયું હતું, જે સમયે નટ મંદિરના રંગ ઉપરથી ઉંચો ચઢી હવામાં ઉડ્યો અને ઉત્તર બાજુની અડધા માઇલ ઉપરની ટેકરી ઉપર સહીસલામત રીતે બેઠો. એ ટેકરી આજે પણ "કુતુ–પરંબુ" કહેવાય છે. છેવટનો પ્રયત્ન કોચીનના મહારાજાના આશ્રય નીચે કુરિકદ્ આગળ થયો હતો, કે જે તે સમયે રાજાનું નિવાસસ્થાન હતું અને જે ત્રિપુનિથુરથી બે માઇલ દૂર છે. પણ આ પ્રયત્ન નિષ્ફળ ગયો, કારણકે દોરડાં (cords) નો—આ શબ્દનો ચોક્કસ અર્થ હું જાણતો નથી—ચાલક પોતાના કામમાં નિષ્ફળ ગયો અને ઉડનાર નટ આપત્તિમાં આવી પડ્યો. ત્યાર પછી એ પ્રયત્ન ફરીથી થયો નથી. આ ઉડવાના પ્રયાસ વિષેની બધી માહીતી મળે તો આપણા જ્ઞાનમાં સારો વધારો થયો ગણાય. જે ગ્રંથમાં આ માહીતી છે તે મેળવવા પ્રયત્ન થાય છે. બીજો અંક જેમાં આત્મહત્યા આવે છે તે આજે પણ ભજવાય છે. એક લાંબા કપડાને ખૂબ વળ ચઢાવવામાં આવે છે, અને તેને છેડે જાળી કરેલી હોય છે. બીજો છેડો છતમાં ભરાવવામાં આવે છે. નટી–સ્ત્રીઓ જ સ્ત્રીભૂમિકા ભજવે છે—પોતાની ડોક જાળમાં નાંખે છે અને ચકકર ચકર ફરતાં પાંચ છ ફીટ નીચે ધસે છે. તેઓની દૃષ્ટિએ આ ઘણું અભિમાન લેવા જેવું કાર્ય ગણાય છે.

મહાનાટક જ કેવળ દિવસે ભજવવા દેવામાં આવે છે; બાકીનાં બધાં રાત્રિએ ભજવાય છે.

ભગવદજ્જુક એ અપ્રસિદ્ધ+ નાનકડું પ્રહસન છે, જે પ્હેલાં રંગ ઉપર બહુ જ પ્રિય હતું. એક ચાકયાર મને જણાવે છે કે તેની પાસે આ નાટક કેમ ભજવવું એની પુષ્કળ માહિતી વાળી એક ટીકા છે, અને હું આ ગ્રંથ પ્રકટ કરૂં તે પ્હેલાં એની પ્રતની

+ આ નાટક શ્રી. અનુજન્ અચ્યને પ્રસિદ્ધ કર્યું છે. સં.

રાહ જોઉં છું.[1] મૂળ ગ્રંથમાં કર્તાનું નામ નથી, પણ પલિયમ ગ્રંથસંગ્રહની પ્રતમાંની પ્રશસ્તિ તે બોધાયનનું હોવાનું જણાવે છે. આ અને મત્તવિલાસ અમારી રંગભૂમિ ઉપરનાં બે લોકપ્રિય પ્રહસનો છે.

કલ્યાણસૌગન્ધિક–જે હમણાં બુલેટિન ઑફ ધી સ્કૂલ ઑફ ઓરીઅન્ટ સ્ટડીઝ (વૉ. ૩ પૃ. ૩૪) માં પ્રસિદ્ધ થયું છે–એ કારણસર લોકપ્રિય છે. એક તો એ કે તે કોઇ ચાકયારની કૃતિ ગણાય છે. અને બીજું એ કે તેમાં સરસ અભિનયને ખૂબ અવકાશ છે. પ્રસિદ્ધ **अजागरवृत्त**નો આ નાટક સાથે સંબંધ છે.

ત્રિવેંદ્રમ–સંસ્કૃત–સિરિઝમાં પ્રસિદ્ધ થયેલાં પાંચ એકાંકી નાટકોમાંથી દૂતવાક્ય અથવા ચાકયારો કહે છે તે પ્રમાણે શ્રીકૃષ્ણદૂત સૌથી વધારે લોકપ્રિય છે. બીજાં નાટકો પણ ભજવવામાં આવે છે. કારણકે ત્રાવણકોરના મંદિરમાં ભજવવાના વિવિધ અંકોનો ક્રમ આપનાર એક પ્રતમાં તે નાટકોમાંથી ઉતારાઓ આપેલા છે. પંચરાત્ર અને અવિમારક જોકે રંગભૂમિનાં નાટકો તરીકે લોકપ્રિય છે છતાં તે સામાન્ય રીતે ભજવાતાં નથી. એ વાત સાચી છે કે નાટક સાહિત્યની દૃષ્ટિએ તેઓનું બીજું સ્થાન છે. પણ કલ્યાણ–સૌગંધિકની માફક આ નાટકો પણ ચાકયારને અભિનય માટે પુષ્કળ અવકાશ આપે છે.

ચુડામણિ, અભિષેક અને પ્રતિમામાંથી ૨૧ અંકો મળે છે કે જે શ્રીરામની કથા ચીતરે છે. આ બધા અંકો ઘણા લોકપ્રિય હતા, જોકે અત્યારે અમારા નટો ફક્ત થોડાક જ દશ્યો ભજવે છે. આ ત્રણ નાટકોને ચાકયારો અનુક્રમે ચરીય–અભિષેક, વાલીય–અભિષેક અને પાદુકાભિષેક નામ આપે છે.

બાકીનાં ત્રણ નાટકોમાંથી દરેકનો એકેક અંક આજે પણ લોકપ્રિય છે. જેમકે બાલચરિતનો મલાંક. ચારુદત્તની રંગપ્રિયતા વિષે અને કંઇ ખાસ પુરાવો મળ્યો નથી. શ્રીકૃષ્ણચરિત્ર હજી શોધવાનું બાકી છે. કેટલાક ચાકયારો કહે છે કે મલાંક શ્રી કૃષ્ણચરિતમાંથી છે અને સ્થાનિક બાલચરિતની પ્રતની પ્રશસ્તિમાં એ અંકને મલાંક કહે છે. આ રીતે બાલાચરિત અને શ્રીકૃષ્ણચરિત એક ગણાય.

ઉન્માદવાસવદત્ત ચુડામણિના કર્તા શક્તિભદ્રની કૃતિ છે. એ પહેલાં રંગભૂમિ ઉપર પ્રિય હશે પણ તે હજી મળ્યું નથી. પરંપરા પ્રમાણે શાકુંતલ એકવાર રંગભૂમિ ઉપર મૂકવામાં આવ્યું હતું; પણ જ્યારે ચાકયાર તેનો આરંભિક ભાગ ભજવતો હતો ત્યારે વિરુદ્ધદિશામાંની બે વસ્તુઓ તરફ જોતાં તેની બે આંખો ફુટી ગઇ. આ પછી તે કદી સ્થાનિક રંગભૂમિ ઉપર ભજવવામાં આવ્યું નથી.

અમારી રંગભૂમિ ઉપર ઘણાં નાટકો લોકપ્રિય છે એ બતાવવા માટે પૂરતું કહેવામાં આવ્યું છે. એક ચાકયારના મૌખિક પુરાવા પ્રમાણે ભજવાતા અંકોની કુલ સંખ્યા ૭૨ છે. જો આ સાચું હોય તો હજી કેટલાંક નાટકો શોધાવાં બાકી છે. આપણે એવી આશા રાખીએ કે તે ધીમે ધીમે જડી જશે.' ૨.

---

૧ આ લખ્યા પછી પ્રત મળી છે.

નીચેની નોંધો વૈદિકપાઠાવલીની ટિપ્પણી ઉપરથી તૈયાર કરી છે.

ગાડી અને ગાદી. ગર્ત—ગડ્ડ અને ગદ્દ (સરખાવો ગડ્ડી=ગાડી દેશીનામમાલા. વર્ગ ૨. ૮૧. પૃ. ૭૯)

ઋ. વે. મં. ૫. સૂ. ૬૨. ઋ. ૫ (વૈ. પા. પૃ. ૨૨૯–૩૦) માં अधि गर्ते છે.' अधि रथे ' 'રથ ઉપર ' એવો સાયણ અર્થ કરે છે, અને નિરુક્ત ૩. ૫. ને પ્રમાણ તરીકે ટાંકે છે, ' રથ પણ કહેવાય છે. ' નિઘણ્ટુ ૩, ૪ માં ૨૨ ગૃહ નામોમાં 'ગર્ત'ને ગણાવેલો છે. નિરુક્ત ૩. ૫ માં ઉપાવિષેની ઋચામાં 'गर्तारुग्' ઉપર ટીકા કરતા ગર્તના ત્રણ અર્થ આપ્યા છે. (૧) સભાસ્થાણ (એટલે કે સભામાંનો સ્તંભ અથવા કોઇ ઉંચી જગા એવો અર્થ પણ કરી શકાય); યાસ્ક 'ગૃ બોલવું' એમાંથી સાધે છે, 'सत्यसंगरो भवति' 'જેની નીચે કરેલી પ્રતિજ્ઞા સત્ય થાય'; (૨) સ્મશાનનો ઢગલો, સા. ધાતુ 'ગુર, ઉંચુ કરવું' લે છે; अपगूर्णा भवति 'ઉંચો કરેલો' છે. (૩) રથ ત્યાં જે અવતરણ આપ્યું છે તે મ. ૫. ૬૨. ૮. માંથી છે, ધાતુ ગૃ=સ્તુતિ કરવી; 'રથ સ્તુતતમ' છે. યૂરોપીઅન વિદ્વાનો (રૉથ, ગ્રાસમાન વગેરે) એનો અર્થ 'Throne' 'ગાદી' કરે છે. સેંટપીટર્સબર્ગ લેક્સીકોનમાં આ અર્થવાળા બીજા દાખલા આપ્યા છે.

મને લાગે છે. 'ગર્ત'નો મૂળ અર્થ 'કાંઇક ઉંચુ કરેલુ' એવો હશે. આ અર્થથી તે ગૃહ, સ્તંભ અને ઉચ્ચાસનને લાગુ પડે. યાસ્કે કલ્પેલા ધાતુઓને બાજુ ઉપર મૂકીએ તો પણ એના અર્થનો આ અર્થને ટેકો મળે છે. ઉચ્ચાસન અને રથ વચ્ચે મુખ્ય તફાવત પૈડાંનો જ હશે. આ કલ્પના સાચી હોય તો એમ માની શકાય કે ગર્ત શબ્દના બન્ને પ્રાકૃત રૂપાન્તરો ગડ્ડ અને ગદ્દ ગૂજરાતીમાં ગાડી અને ગાદીરૂપે તેનાં બે અર્થોને અનુક્રમે સૂચવતા જળવાઇ રહ્યા છે.

ખાડાના અર્થમાં પ્રસિદ્ધ 'ગર્ત' શબ્દને સે. પી. લે. 'કર્ત' સાટેનું 'Jungere Form અર્વાચીનરૂપ' ગણે છે. આ 'કર્ત' સ્પષ્ટ રીતે કૃત–છેદવું એમાંથી આવેલો છે., ઉપર જણાવેલા અર્થો વાળા ' ગર્ત ' શબ્દમાં પણ આ જ ધાતુ ન હોય ? ખોદવાની ક્રિયાથી જેમ એક બાજુ ખાડો થાય તેમ બીજી બાજુ ઢગલો થાય, અને બન્ને એક જ ક્રિયાના પરિણામ હોઇ એક જ શબ્દથી સૂચવાય તો તેમાં કાંઇ અસંભવિત નથી.

ઉપવસથ—ઉપોસથ (પાલી બૌદ્ધ), પોસહ (પ્રાકૃત જૈન), પોસો (ગૂજરાતી જૈન). ઉપવાસમાં અને આ શબ્દમાં કેવળ પ્રત્યયનો જ તફાવત છે. બાકી બન્ને એક જ છે. શતપથબ્રાહ્મણ. કા. ૧. અ. ૧. બ્રા. ૧ વ્રતોપાયનના પ્રકરણના સાતમાં પેરામાં–तेऽस्य विश्वे देवा गृहानागच्छन्ति, तेऽस्य गृहेषूपवसन्ति स उपवसथः તે બધા દેવો એના ઘેર આવે છે, તેઓ એના ઘરમાં ઉપવસે–રહે–છે, તે ઉપવસથ'. યજ્ઞ માટે દેવો નોતરાઇ યજમાનના ઘેર આવે અને ત્યાં રહે—આ વસ્તુસ્થિતિ ઉપવસથ શબ્દ સૂચવે છે. જેમ એ દેવોનો ઉપવસથ છે તેમ યજમાન નો પણ છે. યજમાન દેવો કે અગ્નિ પાસે રહે તે ઉપવસથ કે ઉપવાસ. આ અર્થમાં

તે ઉપાસના (ઉપ+આસ્=પાસે બેસવું)શબ્દના મૂળ અર્થને મળતો છે. આ દિવસે અન્ન ત્યાગ કરવાનો વિધિ હોવાથી (શ. બ્રા. અ. ૧. બ્રા. ૧. ૭) ઉપવાસનો અર્થ ધીમે ધીમે અન્નત્યાગ થઇ ગયો.

બૌદ્ધ સંપ્રદાયે આ વૈદિક વિધિને પોતાના સંપ્રદાયમાં અનુકૂળ ફેરફારો કરી લઈ લીધો, એ ઉપોસથ શબ્દ કે જે ઉપવસથનું પાલી રૂપાન્તર છે તે ઉપરથી સમજાય છે. " એ વખતે બુદ્ધ ભગવાન રાજગૃહમાં ગૃધ્રકૂટ પર્વતપર રહેતા હતા. બિંબિસાર રાજા એમની પાસે આવ્યો. તથા એમને નમન કરી એક બાજુએ બેઠો.અને બોલ્યો ' ભદંત, હું એકલો જ બેઠો હતો ત્યારે મારા મનમાં એવો વિચાર આવ્યો કે બીજા પંથના પરિવ્રાજકો ચૌદશ પુનમ અથવા અમાસ અને આઠમે એકઠાં થઇ ધર્મોપદેશ કરે છે. લોકો ધર્મોપદેશ સાંભળવા માટે એમની પાસે જાય છે અને એમનાપર પ્રસન્ન થાય છે, તેથી આપણા ભિક્ષુઓ પણ જો દર પખવાડીએ ભેગા મળ્યા હોય તો ઠીક થાય. " બુદ્ધે એમ કરવાની રજા આપી. × × × " એ પછી બુદ્ધના મનમાં એવો વિચાર આવ્યો કે ભિક્ષુઓને માટે મેં જે નિયમો કરી આપ્યા છે તે પ્રાતિમોક્ષના (પ્રતિબંધક નિયમોનો સંગ્રહ) રૂપમાં એમણે ઉપોસથને દિવસે બોલી જવા એટલે એ જ એમનું ઉપોસથકર્મ થશે " ઇત્યાદિ; (જુઓ બૌદ્ધ સંઘનો પરિચય. ઉપાસથ. પૃ. ૧૯–૨૨). આમાં ઉપ+વસ્નો અર્થ એક બીજાની પાસે રહેવું, ભેગા થવું એવો દેખાય છે. બીજાઓ પાસેથી આ રીવાજ લીધો છે એ આ ઉતારા ઉપરથી સ્પષ્ટ થાય છે.

જૈનોનો પ્રા. પોસહ, અને ગૂ. પોસાનો પણ આ ઉપવસથ સાથે સંબંધ હોય એમ લાગે છે, જો કે શ્વેતામ્બર જૈન આચાર્યો પોસહનું સંસ્કૃત પૌષધ આપે છે અને દિગમ્બરો પ્રોષધ આપે છે. પણ આ તો મને પ્રાકૃત ઉપરથી કલ્પી કહાડેલું સંસ્કૃત-રૂપ લાગે છે. આવા દાખલાઓ જૈનોમાં ઘણા મળે છે. આ પોસો પર્વના દિવસે કરવામાં આવતો. પર્વમાં પૂર્ણિમા, ચૌદશ, અને આઠમ ગણાય છે. આ રીતે વૈદિક ઉપવસથની સાથે દિવસનું પણ કાંઇક સામ્ય છે. (આચાર્ય જિનવિજયજી જણાવે છે કે પ્રથમ પૂર્ણિમાને દિવસે પોસા થતા અને પછીથી આઠમ, અને ચૌદશની તિથિઓ ઉપર પણ પોસા કરાવા લાગ્યા.)આ પોસાનું ખાસ લક્ષણ એ છે કે તે દિવસે શ્રાવકો ઉપાશ્રયમાં રહે છે, અને તે દિવસે અન્નત્યાગ કે એકાંશન કરે છે. એટલે અંહીઆ ઉપ+વસ્નો અર્થ સાધુધર્મ પાસે રહેવું એવો થાય. કેટલાક જૈન ટીકાકારો ઉપવાસનો અર્થ ' આત્મા પાસે રહેવું ' એવો કરે છે.

ઉપવસથ અને પોસહમાં ભાષાશાસ્ત્રના માત્રાના નિયમને જરા બાધ આવે છે. ઉપવસથમાં પાંચ માત્રા છે જ્યારે પોસહમાં ચાર છે. ઉપોસથમાંથી 'ઉ' લોપાઇ 'પોસહ થયું હશે. આવા 'ઉ' લોપના દાખલા મળે છે, જેમકે 'ઉપાધ્યાય' ઉપરથી મરાઠી 'પાધ્યે' થાય છે.

૨.

નોંધ

બે મહત્ત્વના ગ્રંથોની શોધ.

સમ્મતિતર્કની ટીકામાં અનેક પ્રસિદ્ધ અપ્રસિદ્ધ મતોના તથા આચાર્યોના ઉલ્લેખો આવે છે. આ ઉલ્લેખોનાં બને ત્યાં સુધી મૂળ શોધવાનો પ્રયત્ન તેના વિદ્વાન સંપાદકો કરે છે. આવા ઉલ્લેખો શોધવાને માટે પં સુખલાલજી તથા પં. બેચરદાસજી પાટણના ભંડાર જોવા ગયા હતા. આ શોધમાં તેઓને બે ગ્રંથ-રત્નોની પ્રાપ્તિ થઇ છે; એક બૌદ્ધદર્શનનો ગ્રંથ છે અને બીજો કોઇ પણ જ્ઞાતદર્શનમાં મૂકી શકાય એવો નથી પણ ચાર્વાકથી આગળ વધી સર્વ તત્ત્વોની અશક્યતા બતાવે છે. પ્હેલાનું નામ હેતુબિન્દુતર્કટીકા છે. હેતુબિન્દુવિવરણ નામનો આચાર્ય ધર્મકીર્તિએ ગ્રંથ રચ્યો છે એવી પરંપરા છે. આ ગ્રંથનો તિબેટી અનુવાદ હયાત છે, જો કે એનું મૂળ નષ્ટ થઇ ગયું ગણાય છે. ધર્મકીર્તિનો સમય આશરે ઇ. સ. ૬૩૫—૬૫૦ નો મનાય છે. (જુઓ સતીશચંદ્ર વિદ્યાભૂષણ A His. of Indian Logic પૃ. ૩૦૩ થી ૩૧૮.) આ નવીન ઉપલબ્ધ ગ્રંથ હેતુબિન્દુની ટીકા હોય એમ જણાય છે. આખા ગ્રંથની લિપિ ગૂજરાતની બીજી પ્રાચીન પ્રતો કરતા જરા જૂદી હોઇ એની નકલ જલદીથી થઇ શકી નથી. પણ આચાર્ય જિનવિજયજી તે ઉપર ઉપરથી જોઇ ગયા છે. તેમના કહેવા પ્રમાણે જેમ ટીકાઓમાં હોય છે તેમ એમાં મૂળ હેતુબિન્દુની પ્રતીકો છે. ટીકા વિનીતદેવની (સમય આશરે ઇ. સ. ૭૦૦) હોય એમ જણાય છે; (જુઓ સતીશચંદ્ર A. His. I. L. પૃ. ૩૨૦). સંસ્કૃત ભાષામાં બૌદ્ધ દર્શનના ગ્રંથોની વિરલતા જોતાં આ ગ્રંથની ઉપલબ્ધિ નોંધવા લાયક છે.

બીજા ગ્રંથનું નામ તત્ત્વોપપ્લવ છે. તેના કર્તાનું નામ ભટ્ટશ્રીજયરાશિ છે. પ્રત ધોળકામાં સંવત્ ૧૩૪૯ માગસર વદ ૧૧ શનિવારે પૂરી થએલી છે. આ ગ્રંથ વિદ્વાનોને, મારા ધારવા પ્રમાણે, અદ્યાપિ અજ્ઞાત છે, જો કે પં. સુખલાલજી જણાવે છે કે દિગમ્બરાચાર્ય વિદ્યાનન્દીના ગ્રંથોમાં તેના ઉલ્લેખો આવે છે. આ ગ્રંથોનો વિષય પણ નવીન છે; એ અજ્ઞેયવાદનો ગ્રંથ હોય એમ જણાય છે. એનું છેલ્લું વાક્ય આ પ્રમાણે છે "**एवमुपप्लुतेष्वेव सर्वे तत्त्वेष्वविचारितरमणीयाः सर्वे व्यवहारा घटन्ते।** આ ગ્રંથનું મહત્ત્વ પણ સ્હેજે સમજાય એવું છે. તે શોધવા માટે પં. સુખલાલજી તથા પં. બેચરદાસને અભિનંદન ઘટે છે.

બન્ને ગ્રંથો પુરાતત્ત્વમંદિરગ્રન્થાવલીમાં સંપાદન માટે લેવાશે. તેમનો વિસ્તૃત પરિચય આવતા અંકમાં આવશે.

સંપાદક.

શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનભંડારમાં આવતાં ચોપાનીઆમાંના

પુરાતત્ત્વવિષયક લેખોની યાદી

જર્નલ ઓફ ધી રોયલ એશિયાટિક સોસાઇટી (ગ્રેટબ્રિટન) ઓક્ટોબર, ૧૯૨૫

[૧] કુચીયન ભાષામાં ઔષધિઓનાં સંસ્કૃત નામ
લે. એ. સી. વુલનર

[૨] બોડલીયન લાયબ્રેરીમાંના અરબી સંગીતવિષયક હસ્તલિખિત ગ્રંથો
લે. એચ. જી. ફાર્મર

[૩] એલીયુસીડ કાયદાવિષયક લેખ (text)
લે. સી.-પી. ટી. વિંકવર્થ

[૪] બંગાળા પરનું બર્મી આક્રમણ
લે. જે. એન. સમદ્દર

[૫] પ્રાચીન ભારત સાથેના સુમેરી સંબંધો લે. ઇ. મેકે

[૬] અબુ અશ-શયબાનીની કિતાબુલજિમ લે. એફ. ક્રેન્કો

[૭] હિત્તિતે ગૂઢાક્ષર લેખપત્રોના સ્પષ્ટીકરણની પુનર્સિદ્ધિ
લે. એ. એચ. સાઇસ

[૮] બડૌન વા બદાયૂન લે. ડબલ્યુ હેગ

[૯] દશમી સદીનું ચીની મુદ્રણ લે. એ. સી. મૌલે

જર્નલ ઓફ ધી રોયલ એશિયાટિક સોસાઇટી, બોમ્બે બ્રાન્ચ વો. ૧ અં. ૨

[૧] વિજ્ઞાનેશ્વરના પુરોગામીઓ
લે. પી. વી. કાણે

[૨] ભારતીય પ્રતિમાલેખનવિદ્યામાં (Iconography) સંયોગિકરણ (syntheticism) લે. જે. એમ. ઉનવાલા

[૩] રાજતરંગિણીમાં પંચમહાશબ્દ
લે. એસ. કે. આયેંગર

[૪] કેરલા નાટકચક્ર લે. કે. આર. પિશરોટી

[૫] રાજકુમાર શંભાજી કવિ તરીકે લે. એચ. ડી. વેલંકર

[૬] કેરલામાં નાગપૂજા લે. કે. રામ પિશરોટી

[૭] કિવામીનો કાલકો લે. શેખ અબ્દુલ કાદિર

[૮] ગર્ગ જૈન હતો
લે. એસ. એન. તારપત્રિકર

એશિયા મેજોર વો. ૨ અં. ૨

[૧] દશમા અને અગીયારમા સૈકામાં ઉત્તર ઇરાનમાં થઇ ગયલા ત્રણ રાજવંશો વિષે
લે. ઇ. ડેનીસન રેસ્સ

[૨] ભારતીય ઐતિહાસિક ચિત્રો
લે. ફોન ઙર્મન ગીત્ઝ

[૩] પ્રાચીન ખોતનની ભાષા
લે. એફ્. ડબલ્યુ, થોમસ

[૪] ઓરતુર્કસ્તાનમાંના તુયોકમમાંથી એક ચીની–તુર્કી ફર્માન. લે. એ, વી. લે. કોક અને એરીખ્ ષ્મીટ

[૫] બોધિસત્ત્વ સંપૂર્ણ જ્ઞાનને પહોંચે તે સમયનું ખાણું. તોખારિસ્તાનની બોલીના ટર્ફનમાં મળેલી પ્રતોના ટુકડાના આધારે. લે. ઇ. સીજ અને ડબલ્યુ સીઝલિંગ.

[૬] એટિલ્લાઓ અને હૂણ તાન-હુ–નામેનની વંશાવલી. લે. લુડવીગ લિજેટી.

[૭] ચીની લિપિમાં સ્વરવિષયક (phonetic) જોડાક્ષરોમાંના સિદ્ધાંત
લે. અર્સ્ટ લોપમેન

[૮] આરસની શિલામાંથી બૌદ્ધ પિટક

[૯] પોર્ટુગાલમાંનું ભારતીય પ્રતિમાનિર્માણ
લે. ફોન ઇ. એ. વોરેઝશ

[૧૦] ચુલ્લવગ્ગ ૫, ૩૩, ૧ ઉપર બુદ્ધઘોષની વ્યાખ્યા વિષે. લે. ફ્ર. વેલર

જર્નલ ઓફ ધી એંથ્રોપોલોજીકલ ઇન્સ્ટીટ્યુટ (ગ્રેટબ્રિટન) વો. ૫૫

જુલાઇથી ડીસેમ્બર, ૧૯૨૫

[૧] મીનોઅન ક્રેટ (Minoan creto) સાથેના પ્રાચીન નીલોટિક, લીબીયન અને ઇજીપ્શીયન સંબંધો
સર આર્થર ઇવાન્સ

[૨] મધ્ય આફ્રિકાની લુગવારી ટોળી વિષે નોંધો
આર. ઈ. મેકકોન્નેલ્લ

ઇન્ડીઅન એન્ટીક્વરી, ડીસેમ્બર, ૧૯૨૫

[૧] તિરિલિંગ અને કુલિંગલ
લે. જી. રામદાસ

[૨] જાવામાંના પ્રાચીન સ્મારકચિન્હો (Monuments)ની સંસ્કૃતિની દષ્ટિએ કિંમત
અનુવાદક મેરી એ. રૂસ્

[૩] ફિનિશયન ઉત્પત્તિ વિષે વેડલ્લ
લે. સર રિચર્ડ ટેમ્પલ

જાનેવારી, ૧૯૨૬

[૧] જંજીના રાજ્યકર્તાઓનો હસ્તલિખિત ઇતિહાસ
લે. એસ. એમ. એડવર્ડ્ઝ

[૨] ગ્વાલીયર રાજ્યમાં મુસલમાન શિલાલેખવિદ્યા (epigraphy)
લે. રામસીંગ સકસેન

[૩] નિલગિરિઓમાં પિશાચપૂજા
લે. રાવબહાદુર બી. એ. ગુપ્તે

[૪] ઇડર અને મેવાડના મહારાણા હમીર
લે. રામરતન હલદર

[૫] હીર અને રાંઝાનું પરિશિષ્ટ (sequel)
લે. સર આર. સી. ટેમ્પલ

[૬] શર્મન્ પેરૂમલ વિષે વેદાંતી ઉલ્લેખ
લે. એમ. હિરયન્ન

ફેબ્રુઆરી, ૧૯૨૬

[૧] હિંદી સરકારના તોપખાનામાં રાખવામાં આવતાં રાજચિન્હો વિષે નોંધો
લે. રાવબહાદુર બી. એ. ગુપ્તે

[૨] બુકુરમોકન લે. સર રિચર્ડ ટેમ્પલ

[૩] ઉપનિષદોના અધ્યાપકો વિષે બાહ્ય પૂરાવો
લે. ઉમેશચંદ્ર ભટ્ટાચાર્યજી

[૪] હિર અને રાંઝા વિષે પરિશિષ્ટ
લે. એચ. એ. રોઝ

માર્ચ, ૧૯૨૬

[૧] ભારતીય સંગીતવિષયક વાતો વિષે નોંધો

[૨] વાઘરાજાના ગુરુર ખાતેના પથ્થરના સ્તંભ ઉપર લેખ
લે. રાવબહાદુર હીરાલાલ

[૩] ગુરુ હરગોવિંદના જીવનનાં કેટલાં દશ્યો
લે. ઇંદુભૂષણ બેનરજી

[૩] રાજતરંગિણીમાં પંચમહાશ
લે. એસ. કે. ?

[૪] કેરલા નાટકચક્ર લે. કે. આર. પિશરોટી

[૫] રાજકુમાર સંભાજી કવિ તરીકે લે. એચ. ટી

[૬] કેરલામાં નાગપૂજા લે. કે. રામ પિશરોટી

[૭] દિવાનીનો કોતરો લે. શેખ અબ્દુલ કાદિર

[૮] ગર્જ જૈન દનો
લે. એસ. એન. તાડપત્રિકર

એનાલ્સ ઓફ ધી ભાંડારકર ઇન્સ્ટીટ્યુટ, વો. ૭ ભા. ૧૨

[૧] વૈદિક યજ્ઞવેદીઓની રચનાત્મક ભૂમિતિ સાથે સંબંધ ધરાવતી કેટલીક બાબતો
લ. આર. એનઆપ્ટે

[૨] કાલીદાસ અને સંગીત
લે. સરદાર જી. એન. મજમુદાર

[૩] ભાસનાં કહેવાતાં નાટકો, એમની સપ્રમાણુતા (authenticity) અને ખુબીઓ
લે. સી. આર. દેવધર

[૪] કૌટિલ્યની સાલ
લે. ડી. આર. ભાંડારકર

[૫] કૌટિલ્યનું અર્થશાસ્ત્ર
લે. પી. વી. કાણે

[૬] શંખલિખિતનું ધર્મસૂત્ર
લે. પી. વી. કાણે

[૭] વાત્સ્યાયનની ભૂગોળ
લે. હરણચંદ્ર ચકલાદાર

[૮] અયોધ્યાથી મળેલું શુંગલેખપત્ર
લે. એન. જી. મજુમદાર

[૯] અલ્હાબાદ પ્રશસ્તિ અને અશ્વમેધ
લે. એચ. આ. દીવેકર

વો. ૮, ભા. ૧.

[૧] દીઘનિકાયની સાહિત્યવિષયક સામગ્રીમાંનું જુદું પડ
લે. પી. વી. બાપટ

[૨] ભાસનાં કહેવાતાં નાટકો, એની સપ્રમાણુતા અને ખુબીઓ
લે. સી. આર. દેવધર

[૩] વાત્સ્યાયનની ભૂગોળ
લે. હરણચંદ્ર ચકલાદાર

[૪] હેમચંદ્રની દેશીનામમાલા પર કેટલાંક વચન
લે. પી. એલ. વૈદ્ય

[૫] શિક્ષાના હિંદુ સિદ્ધાંતો
લે. જે. એન. સી. ગંગુલી

[૬] શંખલિખિતનું ધર્મસૂત્ર
લે. પી. વી. કાણે

[૭] પ્રાચીન ભારતમાં પારસીક રાજ્ય
લે. ડી. આર. ભાંડારકર

જર્નલ ઑફ્ ધી એશિયાટિક સોસાઇટી, બેંગાલ; વૉ. ૨૦. અંક ૭.

[૧] ઉમર અબ્દિલ અઝીઝની મસનદ.
લે. એ. એચ. હાર્લી

[૨] બંગાલમાંના પુરાણવસ્તુશાસ્ત્રવિષયક અવશેષો
લે. અબ્દુલ વલી

ધી ક્વાર્ટરલી જર્નલ ઑફ ધી મિથિક સોસાઇટી, જાનેવારી, ૧૯૨૬.

[૧] પ્રાચીન દક્ષિણ ભારતના ઇતિહાસનો એક પ્રશ્ન
લે. કે. જી. શેષ આય્યર

[૨] આર્યભટની ગણિતવિદ્યા
લે. એ. એ. કૃષ્ણ સ્વામી આયંગર

[૩] સાપ અને પક્ષીની પુરાણવાર્તા
લે. પ્રા. કાલીપાદ મિત્ર

[૪] મહાવીરની સૂર્યપ્રજ્ઞપ્તિનું સંક્ષિપ્ત ભાષાંતર
લે. ડૉ. આર. શામ શાસ્ત્રી

[૫] કલહસ્તિ અને એનાં લેખપત્રો.
લે. વી. વેંકટ સુબ્બા આય્યર

[૬] પક્ષીઓ વિષેની દંત કથાઓનાં અધ્યયનો (૮)
લે. શરચ્ચંદ્ર મિત્ર

એપ્રિલ; ૧૯૨૬.

[૧] કોકલી લોકોની ઉત્પત્તિ અને ભાષા.
લે. જે. એ. સલ્દન્હા

[૨] વાલ્મીકીનું રામાયણ અને પાશ્ચાત્ય ટીકાકારો
લે. કામેશ્વર આય્યર

[૩] શ્રિંગેરી મઠ
લે. રામવર્મા રાજા

[૪] પૂર્વકાલીન દક્ષિણ ભારતના ઇતિહાસમાં નૌકાબળ
લે. એસ. બી. વેંકટેશ્વર

[૭] પુરાણોના સપ્તદ્વીપ.
લે. વી. વેંકટચેલમ

[૮] મુન્ડકોપનિષત્

[૯] પક્ષીઓ વિષેની દંતકથાઓના અધ્યયનો (૯)
લે. શરચ્ચંદ્ર મિત્ર

ઈન્ડીયન હિસ્ટોરીકલ ક્વાટરલી, વો. ૧, અં. ૪.

[૧] ભારતીય ચીન (Indo-China)માં હિંદુ રાજ્યો
લે. પ્રો. એલ. ફીનોટ

[૨] પ્રાચીન ભારતમાં પ્રધાનો
લે. રાધાગોવિંદ બસક

[૩] પ્રાચીન દક્ષિણ ભારતની ઇતિહાસનો એક પ્રશ્ન
લે. કે. જી. શેષ આય્યર

[૪] ગ્વાલીઅર રાજ્યમાંના ફારસી લેખપત્રો
લે. રામસીંગ સકસેન

[૫] હિંદુ ખગોળવિદ્યાના ઇતિહાસનાં કેટલાંક દશ્યો (ashects)
લે. સુકુમાર રંજનદાસ

[૬] ધર્મસમુચ્ચય
લે. ધર્માદિત્ય ધર્માચાર્ય

[૭] દખ્ખણનાં રાજ્યો
લે. જી. રામદાસ

[૮] શાલિહોત્ર
ડૉ. ગિરિન્દ્રનાથ મુકરજી

[૯] હિંદુસ્તાનનો વેપાર
લે. જે. એન. સી. ગંગુલી

[૧૦] હિંદુ કરવેરાના સિદ્ધાંતો
લે. પી. ટી. શ્રિનિવાસ આયંગર

[૧૧] મહાભાષ્ય
લે. ડૉ. પ્રભાતચંદ્ર ચક્રવર્તી

[૧૨] કાલીદાસનું મંગલાષ્ટક
લે. વી. વી. ગોખલે.

[૧૩] હિંદ બહારનું ભારતીય વાઙ્મય
લે. પ્રાભાતકુમાર મુકરજી

[૧૪] ઇટાલીયન ભાષામાં હિંદુ રાજ્કારણ
પ્રો. બિનોયકુમાર સરકાર

[૧૫] ભાદ્રાયન
લે. હરપ્રસાદ શાસ્ત્રી

[૧૬] રાજપુતાનાના ઇતિહાસની સામગ્રી વિષે
લે. જી. રામપ્રસાદ

[૧૫] વાસુદેવપૂજા વિષે પાણિનિના પ્રમાણ સંબંધી નોંધ
લે. કે. જી. સુબ્રહ્મન્યમ્

[૧૬] પ્રાચીન ભારતમાં જમીનની માલીકી
ડૉ. યુ. એન ઘોસલ

કલકત્તા રિવ્યુ, વૉ. ૧૭. અં. ૨.

[૧] ખલિફાતમાંની સાહિત્ય અને વિજ્ઞાનવિષયક પ્રવૃત્તિઓ
લે. એસ. ખુદાબક્ષ.

[૨] કૌટિલ્યનું અર્થશાસ્ત્ર અને શુક્રનું નીતિશાસ્ત્ર
લે. અજિતકુમારસેન.

[૩] સ્મૃતિઓમાંનો બ્રાહ્મણવાદ
લે. ડી. આર. વૈદ્ય

વૉ. ૧૭, અં. ૩.

[૧] ખલિફાતનો ક્ષય અને પડતી
લે. એસ. ખુદાબક્ષ,

[૨] કૌટિલ્યનું અર્થશાસ્ત્ર અને શુક્રનું નિતિશાસ્ત્ર
લે. અજિતકુમાર સેન

[૪] ગોવા ખાતેના ઐતિહાસિક લેખો

વૉ. ૧૮, અં. ૧.

[૧] સ્મૃતિઓમાંનો બ્રાહ્મણવાદ
લે. ડી. આર. વૈદ્ય

વૉ. ૧૮, અં. ૨

[૧] હિંદુ રાજ્યપદ્ધતિમાં ચારવૃત્તિ

વૉ. ૧૮, અં. ૩.

[૧] રામાનુજનો નૈતિક ધર્મવાદ
લે. આર. રામાનુજચારિ

વૉ. ૧૯. અં. ૧.

[૧] સ્મૃતિઓમાં બ્રાહ્મણવાદ
ડી. આર. વૈદ્ય

વિશ્વભારતી, વૉ. ૩, અં. ૩.

[૧] વૈદિક સમયના ભારતીય આર્યદેવો,
લે. ડૉ. સ્ટેન કોનોવ.

સાભાર સ્વીકાર

સૌંદર્ય અને લલિતકલા વાસુદેવ ગોવિંદ આપ્ટે	ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી	૦—૮—૦
ખાંડ બનાવવાની રીત દુલેરામ છોટાલાલ અંજારીઆ	,,	૦—૯—૦
સ્ત્રીઓનો કાર્યપ્રદેશ મણિલાલ છોટાલાલ પરીખ	,,	૦—૮—૦
મરાઠી રિયાસત ગોવિંદ સખારામ સરદેસાઇ	,,	૧—૦—૦
હિન્દુ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ (ઉત્તરાર્દ્ધ) નર્મદાશંકર દે. મહેતા	,,	૧—૦—૦
આહારશાસ્ત્રપ્રવેશિકા	,,	૦—૮—૦
રા. સા. ભોગીલાલ પ્રા. નું જીવનચરિત્ર	,,	૦—૩—૦
શ્રી છત્તીસ બોલ સંગ્રહ ભા. ૨	ભૈરોદન શેઠીઆ	
શ્રી પ્રસ્તાર રત્નાવલી	,,	૧—૬—૦
મુનિશ્રી રત્નચંદ્રજી		
શ્રી પ્રકરણસંગ્રહ ભા. ૨ મુનિરાજ ઉત્તમચંદજી	,,	૧—૦—૦
કર્તવ્ય કૌમુદી (પાકી બાંધણી) ભા. ૨ મુનિશ્રી રતનચંદજી	,,	૦—૮—૦
(કાચી બાંધણી)	,,	૦—૫—૦
શ્રાવક કે બારહ વ્રત	,,	૦—૨—૬
પ્રતિક્રમણસૂત્ર	,,	૦—૩—૦
શ્રી પચીસ બોલકા થોકડા	,,	
લઘુદંડકકા થોકડા	,,	
શ્રી સાધુપ્રતિક્રમણસૂત્ર	,,	
સિરિનંદી સુત્ત	,,	૦—૬—૦
સિરિદસવેઆલિઅ સુત્તં પં. હરગોવિંદદાસ શેઠ	,,	
બૃહદાલોયણા લાલાજી રણજીતસિંહ	,,	૦—૦—૬

જ્ઞાનથોકડા સંગ્રહ ભા. ૩		
લાલાજી રણુજીતસિંહ	,,	
,,	,,	
અંજનાસતીકારાસ		
,,	,,	
નમિપવ્વજ્જા		
,,	,,	૦—૩—૦
મહાવીર સ્તુતિ		
,,	,,	
શ્રી આલોયણા સંગ્રહ		
,,	,,	
શ્રી તેત્તીસ બોલકા થોકડા		
મોતીલાલજી શ્રીમાલી	,,	૦—૧—૯
શ્રી સામાયિકસૂત્ર		
મુનિ રત્નચંદ્રજી	ભૈરોદન સેઠીઆ	૦—૨—૦
શીલરત્ન સારસંગ્રહ		
જૈન બાલોપદેશ		
મુનિ જ્ઞાનચંદજી	,,	૦—૨—૦
પ્રતિક્રમણસૂત્ર		
(વિધિસહિત મૂળપાઠ)	,,	૦—૧—૦
નીતિદીપક શતક	,,	૦—૨—૦
માંગલિક સ્તવનસંગ્રહ ભા. ૨	,,	૦—૧—૦
મયણરેહા સતીકી ચોપાઇ		
જ્ઞાનમાલા નં. ૧		
જ્ઞાનપાલ શેઠીઆ	,,	૦—૧—૦
,, નં. ૨	,,	૦—૧—૦
રત્નાકરપચ્ચીશી	,,	૦—૧—૦
(હિન્દી અનુવાદ)	,,	
અગરચંદજી જેઠમલ	,,	
પંચકલ્યાણ દીપ	ભૈરોદન જેઠમલ	
સામાયિકસૂત્ર પાઠ	,,	
આનુપૂર્વી	,,	

ગીતરત્નાકર અજીતસાગરસૂરિ	અજીતસાગર શાસ્ત્રસંગ્રહ	
શ્રી સુરસુંદરી ચરિત્ર અજીતસાગરસૂરિ	,,	
કાવ્યસુધાકર અજીતસાગર સૂરિ	જૈન આત્માનંદ સભા	૨—૮—૦
અષ્ટપ્રકારી પૂજા આલમચંદજી	શાહ ગોકળદાસ મંગળદાસ	
બાર ભાવના વત્સરાજજી	સોમચંદ જેસીંગભાઈ	
મૌન એકાદશીનું ગણણું સાગરચંદજી	ઉદયચંદજી મોહનલાલ	
બાર વ્રતની ટીપ કેશવજી અરજણ		
તિલકમંજરી (હસ્તલિખિત)	હીરાચંદ કકલભાઈ	
જૈન સિદ્ધાંત કૌમુદી મુનિ રત્નચંદ્રસ્વામી	ભૈરોદન સેઠીઆ	૧—૮—૦
રઢીઆળી રાત ઝવેરચંદ મેઘાણી	સૌરાષ્ટ્ર સાહિત્યમંદિર	૧—૦—૦
સંગીત ધ્વની મણિભાઈ હરિભાઈ દેસાઈ	એન. એમ. ત્રિપાઠી.	૨—૮—૦
કેળવણીના પાયા કિશોરલાલ ઘ. મશરૂવાલા	લેખક	૧—૦—૦
સત્યાગ્રહની મર્યાદા લૉર્ડ મોર્લી	મહાદેવ હરિભાઈ દેસાઈ	
સાતમી સાહિત્ય પરિષદ્નો અહેવાલ	ભાવનગર સત્કાર મંડળ	૩—૦—૦
આપણા દેશનો ઇતિહાસ પુ. ૧ નૃસિંહપ્રસાદ કાળીદાસ ભટ્ટ	દક્ષિણામૂર્તિ ભવન	

ગૂજરાત વિદ્યાપીઠના પ્રકાશનો

પાઠ્યપુસ્તકમાળા:

કુમાર મંદિરો માટે:

૪,૫ ચાલણગાડી નાની—(બાળપોથી-સચિત્ર)	કિં. ૦-૪-૦
,, મોટી—(બીજી આવૃત્તિ)	કિં. ૦-૩-૦
૧૧ ચણીબોર—(બાળકવિતાઓનો સંગ્રહ—ત્રીજી આવૃત્તિ) ભાગ-૧	કિં. ૦-૧-૩
ભાગ-૨ કિં. ૦-૨-૦, ભાગ-૩ કિં. ૦-૩-૦, ત્રણે ભાગ સાથે	કિં. ૦-૫-૦
૧૧ રાયણ—(ચણીબોર શીખી આગળ વધેલાઓ માટે) ત્રીજી આવૃત્તિ ભાગ ૧-૨ દરેક ભાગની	કિં. ૦-૩-૦
૧૫,૧૭,૨૮ વિદ્યાપીઠ વાંચનમાળા-પહેલી ચોપડી (સુધારેલી ચોથી આવૃત્તિ)	કિં. ૦-૨-૬
બીજી ચોપડી (સુધારેલી ત્રીજી આવૃત્તિ)	કિં. ૦-૩-૬
ત્રીજી ચોપડી	કિં. ૦-૬-૬
ચોથી ચોપડી	(તૈયાર થાય છે)

કુમાર અને વિનય મંદિરો માટે:—

૧૬ ઐતિહાસિક વાર્તામાળા—મોગલવંશ (બીજી આવૃત્તિ)	કિં. ૦-૧૨-૦
૨૨ સંક્ષિપ્ત કરણઘેલો	કિં. ૦-૧૨-૦
૨૩ પાઠસંચય ભાગ ૧ લો—સં૦ શ્રી. નરહરિ દ્વા. પરીખ	કિં. ૦-૧૩-૦

વિનયમંદિરો માટે:—

૧૮ Poetical Selections for Vinita Examination	
૨૪ હિંદી તવારીખ (તુર્ક અને પઠાણ સમયનો ઇતિહાસ) લે૦ શ્રી. નાજુકલાલ નં. ચોકશી	કિં. ૦-૧૦-૦
૨૫ બ્રિટીશ રાજ્યતંત્ર અને આપણી મહાસભા— લે૦ શ્રી. ચુનીલાલ બે. ભટ્ટ	કિં. ૦-૧૦-૦
૨૬ પ્રાકૃતિક ભૂગોળ—લે૦ શ્રી. છોટાલાલ બા. પુરાણી	કિં. ૦-૧૨-૦

વિનયમંદિરો અને મહાવિદ્યાલયો માટે:—

૧૦ મન્તાખે બાતે ઉર્દૂ—સં૦ મૌ૦ અબુ ઝફર નદવી	કિં. ૦-૪-૦
૧૪ પૂર્વરંગ—(હિંદનો પ્રાચીન સમયનો ઇતિહાસ) લે૦ શ્રી. દ. બા. કાલેલકર	કિં. ૧-૦-૦
૨૭ વ્યાપારી ભૂગોળ—લે૦ શ્રી. ચંદુલાલ ભગુભાઇ દલાલ	કિં. ૨-૮-૦

सत्यं परं धीमहि

પુરાતત્ત્વ

પુસ્તક ૪ થું.] શ્રાવણ–આશ્વિન [અંક ૩-૪

સાંપ્રદાયિકતા અને તેના પુરાવાઓનું દિગ્દર્શન

[પંડિત સુખલાલજી]

હિંદુસ્તાનની જનતા એમ માને છે અને દાવો કરે છે કે દુનીઆમાં બીજી કોઇ પ્રજા એમના જેટલી ધાર્મિક નથી, અને ધર્મનો વારસો એમના જેવો અને જેટલો બીજી કોઇ પ્રજાને મળ્યો નથી. જો આ માન્યતા સાચી હોય અને અમુક અંશમાં તે સાચી છે જ તો પ્રશ્ન થાય છે કે જેનાથી અકલ્યાણનો કશો જ સંભવ નથી, જેનું પાલન એ તેના પાલન કરનારને રક્ષે છે–નીચે પડતો અટકાવે છે–તેવા ધર્મનો વારસો મળ્યા છતાં હિંદુસ્તાનની પ્રજા પામર કેમ છે? આ પ્રશ્ન સાથે જ નીચેના પ્રશ્નો ઉદ્‌ભવે છે. શું ધાર્મિકપણાનો વારસો મળ્યા વિષે હિંદુસ્તાનની પ્રજાનો દાવો એ એક ભ્રમ જ છે? અથવા ધર્મની જે અમોઘ શક્તિ માનવામાં આવે છે તે કલ્પિત છે? અથવા બીજું એવું કોઇ તત્ત્વ ધર્મ સાથે મળી ગયું છે કે જેને લીધે ધર્મ પોતાની અમોઘ શક્તિ પ્રમાણે કામ કરવાને બદલે ઉલટો પ્રજાના અધઃપાતમાં નિમિત્ત બને છે?

ઉપનિષદ્‌નું અદ્વૈત તત્ત્વજ્ઞાન, જૈન ધર્મનાં તપ અને અહિંસાનાં અનુષ્ઠાન, તથા બૌદ્ધ ધર્મનો સામ્યવાદ આ પ્રજાને વારસામાં મળ્યાં છે, એ બીના ઐતિહાસિક હોવાથી તેનો ધાર્મિકપણાના વારસા વિષેનો દાવો ખોટો તો નથી જ. કલ્યાણ સાધવાની ધર્મની અમોઘ શક્તિ સાચી હોવાની સાબિતી પ્રાચીન અને અર્વાચીન અનેક મહાપુરુષોના ખરા જીવનથી મળે છે. ઉત્તરના આ બે અંશો જો વાસ્તવિક હોય તો છેવટના પ્રશ્નનો જ ઉત્તર વિચારવાનો બાકી રહે છે. એનો વિચાર કરતાં અનેક પુરાવાઓ ઉપરથી આપણને એમ માનવાને કારણ મળે છે કે કોઇ બીજા એવા અનિષ્ટ તત્ત્વના મિશ્રણને લીધે જ ધર્મની સાચી શક્તિ કુંઠિત થઇ ગઇ છે. અને તેથી તે ઇષ્ટ સાધનને બદલે ભયાનક અનિષ્ટ સાધતી દેખાય છે. એ બીજું અનિષ્ટ તત્ત્વ કયું? અને જે પુરાવા ઉપરથી ઉપરની માન્યતા બાંધવાને કારણ મળે છે તે પુરાવાઓ કયા? એ બતાવવું એ પ્રસ્તુત લેખનો ઉદ્દેશ છે.

ધર્મની શક્તિને તેના વાસ્તવિક રૂપમાં કામ કરતી કુંઠિત કરીને તેને અનિષ્ટ માર્ગે બળ આપનાર બીજું તત્ત્વ એ સાંપ્રદાયિકતા. અહીં સાંપ્રદાયિકતાનો અર્થ અને તેને લગતી બીજી ખાસ મુદ્દાની હકીકત પહેલાં જણાવી દેવી અગત્યની છે.

વ્યાખ્યાઃ સંપ્રદાય શબ્દ એ માત્ર રૂઢ કે માત્ર યૌગિક નથી પણ મિશ્ર (રૂઢયૌગિક) છે. પાતંજલ મત બતાવતાં કુસુમાંજલિમાં તાર્કિકપ્રવર ઉદયને સંપ્રદાય શબ્દનો માત્ર વેદ એટલો જ અર્થ લીધો છે.[1] કોશ અને વ્યવહાર બંને જોતાં એ શબ્દનો માત્ર વેદ અર્થ કરવો તે સંકુચિત છે. અમર એનો અર્થ 'ગુરુપરંપરાથી ચાલ્યો આવતો સદુપદેશ' એવો કરે છે.[2] અમરકોશનો આ અર્થ વિસ્તૃત અને પ્રથમ અર્થ કરતાં વધારે વાસ્તવિક છે.

વૈદિક સંપ્રદાય, બૌદ્ધ સંપ્રદાય, ચરક સંપ્રદાય, ગોરખ અને મચ્છન્દર સંપ્રદાય ઇત્યાદિ પ્રામાણિક વ્યવહારને લક્ષ્યમાં રાખી અમરકોશમાં જણાવેલ અર્થનું વિશેષ સ્પષ્ટીકરણ કરવું હોય તો આ પ્રમાણે કરી શકાય. એક અગર અનેક અસાધારણ મૂળભૂત વ્યક્તિઓથી ઉતરી આવતો જ્ઞાન, આચાર, કે ઉભયનો વિશિષ્ટ વારસો તે સંપ્રદાય.

આમ્નાય, તંત્ર, દર્શન, અને પરંપરા એ સર્વતન્ત્ર પ્રસિદ્ધ શબ્દો સંપ્રદાય શબ્દના ભાવને સૂચવે છે. તે ઉપરાંત માત્ર જૈન અને બૌદ્ધ સાહિત્યમાં તીર્થ શબ્દ અને જૈન સાહિત્યમાં સમય શબ્દ પણ એ અર્થમાં વિશેષ રૂઢ છે. સંપ્રદાય માટે તદ્દન સહજ અને ઘરગથ્થુ શબ્દ મત છે.

સાંપ્રદાયિકતા એટલે સંપ્રદાયનું અવિચારી બંધન અથવા મોહ. જૈન ગ્રંથોમાં દૃષ્ટિરાગ અને બૌદ્ધ ગ્રંથોમાં દૃષ્ટિ શબ્દ છે તે આ મતમોહ કે સંપ્રદાયબંધનના જ સૂચક છે.

વિષયમાં એ કેમ ન હોય છતાં–વ્યામોહરૂપ હોઈ ત્યાજ્ય છે. અજ્ઞાન એ જેમ મનુષ્યને સત્યથી દૂર રાખે છે તેમ એવો વ્યામોહ પણ તેને સત્યની નજીક જતાં અટકાવે છે. દૃષ્ટિ-ઉદારતામાં સત્યની સમીપ લઈ જવાનો ગુણ છે.

બે દાખલાથી આ વસ્તુ વધારે સ્પષ્ટ કરીએ. ચિકિત્સાની એલોપેથિક કે બીજી કોઈ પદ્ધતિ સ્વીકાર્યા પછી તેમાં એટલા બધા બંધાઈ જવું કે ગમે તે વ્યક્તિ માટે અને ગમે તેવા દેશકાળમાં અને ગમે તેવી પરિસ્થિતમાં તે જ પદ્ધતિની ઉપયોગિતા સ્વીકારવી, અને બીજી તમામ પદ્ધતિઓ વિષે કાં તો દ્વેષવૃત્તિ અને કાં તો દ્વેષમૂલક ઉદાસીનતા દાખવવી એ સંપ્રદાયવ્યામોહ. તેથી ઉલટું કોઈ પણ એક પદ્ધતિનો સવિશેષ આશ્રય લીધા પછી પણ ઇતર પદ્ધતિઓના વાસ્તવિક અંશો તે તે પદ્ધતિની દૃષ્ટિએ માન્ય રાખવા એ દૃષ્ટિઉદારતા. ચશ્માની મદદથી જોનાર એમ કહે કે ચશ્મા સિવાય માત્ર આંખથી વસ્તુનું યથાર્થજ્ઞાન સંભવે જ નહિ, તો એ દૃષ્ટિરાગ; અને ચશ્માની મદદથી જોનાર બીજો એમ કહે કે ચશ્માવિના પણ અન્ય કેટલાયે જણ વસ્તુનું યથાર્થ જ્ઞાન કરી શકે છે, તો એ દૃષ્ટિઉદારતા.

કારણમીમાંસાઃ–ધર્મને વિકૃત કરનાર મતાંધતા મનુષ્યબુદ્ધિમાં દાખલ થાય છે તેનું શું કારણ? એનો વિચાર કરતાં જણાશે કે જેમ બાલમનુષ્ય પોતાની આજુબાજુના વાતાવરણમાંથી શ્રદ્ધા અને સંયમરૂપ ધર્મતત્ત્વને મેળવે છે, તેમ જ તે કુટુંબ, સમાજ, ધર્મસ્થાન અને પંડિતસંસ્થાના સંકુચિત વાતાવરણમાંથી મતાંધતા મેળવે અને કેળવે છે. બાલ્યકાળથી ધીરેધીરે જાણ્યે અજાણ્યે સંચિત થયેલા મતાંધતાના સંસ્કારોનું સંશોધન જો ઉમર અને બુદ્ધિની વૃદ્ધિ થયા પછી પણ વિવેકશક્તિથી કરવામાં ન આવે તો ગમે તેટલી ઉમર થયા પછી અને ગમે તેટલું પુસ્તકીય શિક્ષણ મેળવ્યા છતાંય માણસ એમ માનતો થઈ જાય છે કે મારો ધર્મ એ જ સાચો અને સર્વશ્રેષ્ઠ; ઇતર ધર્મો કાંતો ખોટા અને કાં તો ઉતરતા. મારા ઉપાસ્ય દેવો અને તેની મૂર્તિઓ એ જ આદર્શ અને બીજાના કાં તો દૂષિત કે તદ્દન સાધારણ. મને પ્રાપ્ત થએલું તત્ત્વજ્ઞાન અને ધાર્મિક સાહિત્ય એ જ પૂર્ણ તથા પ્રથમ પંક્તિનું અને બીજાઓનું તેમાંથી ચોરેલું અગર ઉધાર લીધેલું. અમારા ધર્મ-ગુરુઓ અને વિદ્વાનો એ જ ખરા ત્યાગી તેમ જ પ્રમાણભૂત, અને બીજાઓના ધર્મગુરુઓ ઢોંગી કે શિથિલ અને વિદ્વાનો અપ્રમાણભૂત. આવી મતાંધતા બંધાઈ જવાથી ધર્મનું શુદ્ધ અને ઉદાર બળ અશુદ્ધ તથા સાંકડે રસ્તે વહેવા લાગે છે. અને તેમાં ઘણીવાર દુન્યવી સ્વાર્થ ન હોય તો પણ તે ધર્મઝનુનનું રૂપ લે છે. એ રૂપથી મનુષ્યની કર્તવ્ય અકર્તવ્ય વિષયની બુદ્ધિ સંગડી થઈ જાય છે. આ સ્થિતિ આવવાનું કારણ માત્ર વંશપરંપરા અને અન્યસંસર્ગથી પ્રાપ્ત થતા સંસ્કારોનું વિવેકબુદ્ધિથી સંશોધન ન કરવું અને તે રીતે ચિત્તની અશુદ્ધિને વધતી જવા દેવી એ જ છે.

પુરાવાઓની મર્યાદા અને ઉદ્દેશનું સ્પષ્ટીકરણઃ આ સ્થળે જે પુરાવાઓ આપવા ધાર્યા છે તેનું ક્ષેત્ર મર્યાદિત છે. માત્ર આર્ય સાહિત્ય અને તેના પણ અમુક જ ભાગમાંથી પુરાવાઓ આપવા ધાર્યા છે. પણ આ વિષયમાં વધારે શોધ કરવા ઇચ્છનાર ધારે તો કોઈ

પ્રથમ નમૂનારૂપે જોવા મળે છે. આ પુરાણોનો પ્રભાવ સાધારણ જનતા ઉપર અપરિમિત હોવાથી તેમાં દાખલ થએલી મતાંધતા વિશાળ જનતાના હૃદયપટ ઉપર ફેલાએલી છે. એકવાર જનતાના હૃદયના ઉંડા ભાગમાં દાખલ થએલ મતાંધતાનું વિષ પછી ધીરે ધીરે ભાવી પેઢીઓના વારસામાં એવી રીતે ઉતરતું ગયું કે તેનું પરિણામ સાહિત્યની બીજી શાખાઓમાં પણ જણાય છે. નાટક અને ચંપૂ કે અલંકારના રસિક, પરિહાસ પ્રિય (મશ્કરા) અને વિલાસી લેખકો એ વિષેની અસરથી મુક્ત ન રહી શકે એ કદાચ સમજી શકાય તેવી બાબત છે; પણ તત્ત્વજ્ઞાન અને મોક્ષપથના પ્રતિનિધિ હોવાનો વિશ્વાસ ધરાવનાર મહાન આચાર્યો અને વિદ્વાનો સુદ્ધાં એ વિષના ઉગ્ર પરિણામથી મુક્ત નથી રહી શક્યા, એ આર્ય તત્વજ્ઞાનના શ્રેષ્ઠપણાનું અભિમાન રાખનારને આજે તો કાંઇક શરમાવે છે જ.

પ્રસ્તુત નમૂનાઓ માટે અહીં ત્રણ જાતનું વૈદિક સાહિત્ય પસંદ કરવામાં આવે છે. (૧) પુરાણ, (૨) નાટક, અને (૩) દર્શનશાસ્ત્ર. આ ત્રણે પ્રકારના નમૂનાઓ અનુક્રમે જોઇ ત્યારબાદ જૈન, અને બૌદ્ધ સાહિત્યમાંથી તેવા નમૂનાઓ જોવાનો યત્ન કરીશું.

એતદ્દેશીય અને વિદેશીય[૪] બધા વિદ્વાનો પ્રચલિત પુરાણો પહેલાં પણ પુરાણસાહિત્ય હોવાનું સ્વીકારે છે. એ પ્રાચીન પુરાણસાહિત્યમાં મતાંધતા હશે કે નહિ તે આજે નિશ્ચયપૂર્વક કહી ન શકાય. છતાં પ્રચલિત પુરાણોનાં મતાંધતાવિષયક નમૂના ઉપરથી પ્રાચીન

સાં શબ્દાનુશાસનમાં એ ઉદાહરણ મળે છે. મહાભાષ્ય ચાંદ્ર કે કાશિકા જેવાં પ્રાચીન લેખ્ ...રણ ગ્રંથોમાં એ ઉદાહરણ નથી. પણ સાતમા સૈકા પછીના વ્યાકરણ ગ્રંથોમાં એ ઉદાહરણ છે. એ ખીના પણ ખાસ ધ્યાન ખેંચે તેવી છે. આ સમય પૌરાણિક સમય અને ...રાણિક સમય એટલે સંપ્રદાયોના વિરોધનો સમય. તેથી જ તે વિરોધના અસરની નોંધ વૈયાકરણો પણ લીધાવિના રહેતા નથી.

ब्राह्मणनास्तिकम् એવું ઉદાહરણ છે. તેની એકાદ દક્ષિણની પ્રતિમાં **श्रमण ब्राह्मणं** એવો પણ પાઠ છે. જુઓ. પૃ. ૪૪૭ જિનેંદ્રબુદ્ધિના ન્યાસમાં.

કૈયટ **श्रमणब्राह्मणं** અને હેમચંદ્ર **ब्राह्मणश्रमणं** ઉદાહરણ આપે છે. જુઓ અનુક્રમે **महाभाष्य प्रदीपोद्द्योत** ૨-૪-૯ પૃ૦ ૭૮૧ કલકત્તા આવૃત્તિ. **हैम०** ૩-૧-૧૪૧

શાકટાયનની અમોઘવૃત્તિ આ ટિપ્પણ લખતી વખતે હસ્તગત નથી; પણ એમાં એ ઉદાહરણ હોવાનો વધારે સંભવ છે. કારણ તેની રચના પણ પૌરાણિક વિરોધના યુગમાં જ થએલી છે.

૪ પુરાણો વિષે સવિસ્તર લખવાનું આ સ્થાન નથી, પણ તેની વ્યવસ્થિત માહિતી મેળવવા ઇચ્છનારે મરાઠીમાં વૈદ્ય ત્ર્યંબક ગુરુનાથ કાળેનું પુરાણ નિરીક્ષણ જોવું, તથા કેંબ્રીજ હિસ્ટરી ઑફ ઇન્ડિયામાં પ્રો૦ ઇ.જે રેપ્સનનો પુરાણો વિષેનો નિબંધ. વિન્સેંટ સ્મિથનું અર્લી હિસ્ટરી ઑફ ઇન્ડિઆમાં પુરાણોનો સમય એ નામનું પરિશિષ્ટ જોવું, અને પુરાણોના ખાસ અભ્યાસી ઍફ. ઇ. પાર્જિટર એમ. એ. કૃત ધ પુરાણ ટેક્સ્ટ ઑફ ધ ડિનેસ્ટીઝ ઑફ ધ કલિ એજ તથા ઍન્શન્ટ ઇન્ડિઅન હિસ્ટૉરિકલ ટ્રેડિશન એ પુસ્તકો જોવાં.

પુરાણસાહિત્યમાં પણ તેનું કાંઈક હોવાનું સહજ અનુમાન થઈ આવે છે. અસ્તુ. શાસ્ત્ર કે લોકમાં પ્રિય થઈ પડેલો એવો કોઈ વિષય ભાગ્યે જ હશે કે જેનું પુરાણોમાં વર્ણન ન હોય. ધર્મ હોય કે તત્ત્વજ્ઞાન, આચાર હોય કે નીતિ, સંગીત હોય કે ચિત્ર, ભૂગોળ હોય કે ખગોળ, ગમે તે લ્યો; તેનું કાંઈક ને કાંઈક વર્ણન પુરાણોમાં મળે જ. તેથી પુરાણસાહિત્ય એ વહેતી નદીની પેઠે તીર્થસ્થાનની જેમ સર્વગ્રાહ્ય થઈ પડેલ છે. લોકહૃદયના જળના સારા અને નરસા એ બન્ને ભાગો પુરાણસાહિત્યની વહેતી નદીમાં દાખલ થયા છે; અને એ દાખલ થયેલા ભાગો પાછા ફરી લોકહૃદયમાં પ્રવેશતા જ જાય છે.

ઉપપુરાણો અનેક છે, પણ મુખ્ય પુરાણો અઢાર કહેવાય છે. તેની રચનાનો સમય સર્વાંશે નિશ્ચિત નથી, પણ સામાન્ય રીતે એની રચના વિક્રમ સંવત્ પછીની મનાય છે. પુરાણોના પૌર્વાપર્ય વિષે પણ અનેક મતો છે. છતાં વિષ્ણુપુરાણ પ્રાયઃ પ્રાચીન ગણાય છે. ૭ પુરાણોમાં વિષ્ણુ, છમાં શિવ, અને છમાં બ્રહ્માની પ્રધાનતા છે. સંપ્રદાય ગમે તે હોય પણ એ બધાં પુરાણો વૈદિક છે. અને તેથી વેદ, સ્મૃતિ, યજ્ઞ, વર્ણાશ્રમધર્મ, બ્રાહ્મણ, દેવ, શ્રાદ્ધ, આદિને સર્વાંશે માનનારા હોઈ તેની પ્રતિષ્ઠા સ્થાપે છે. આ કારણથી કેટલાંક પુરાણોમાં પ્રસંગે પ્રસંગે વૈદિકેતર સંપ્રદાયો વિષે ખૂબ વિરોધ નજરે પડે છે. ઘણી જગ્યાએ તો એ વિરોધમાં અસહિષ્ણુતાનું જ તત્ત્વ મુખ્ય સ્થાન ભોગવે છે. વૈદિકેતર સંપ્રદાયોમાં મુખ્યપણે જૈન, બૌદ્ધ, અને ક્વચિત્ ચાર્વાક સંપ્રદાયની સામે જ પુરાણકારોએ લક્ષ્યું છે. પણ મતાંધતા, અસહિષ્ણુતા કે દ્વેષ એ એક એવી ચેપી વસ્તુ છે કે એક વાર જીવનમાં દાખલ થયા પછી તેનો ઉપયોગ ક્યાં કરવો કે ન કરવો એ વિવેક જ રહી નથી શકતો. આ કારણથી શું વૈદિક, શું જૈન, કે શું બૌદ્ધ કોઈપણ સંપ્રદાયના સાહિત્યમાં જેમ ઇતર સંપ્રદાય પ્રત્યે અસહિષ્ણુતા નજરે પડે છે તેમ તેમાંના કોઈ એક જ સંપ્રદાયના પેટાભેદો વચ્ચે પણ પુષ્કળ અસહિષ્ણુતા નજરે પડે છે. તેથી જ આપણે વૈષ્ણવસંપ્રદાયની પ્રધાનતાવાળા પુરાણોમાં શૈવ આદિ સંપ્રદાયો પ્રત્યે અને શૈવસંપ્રદાયની પ્રધાનતાવાળાં પુરાણોમાં વૈષ્ણવ આદિ અન્ય સંપ્રદાયો પ્રત્યે અસહિષ્ણુતા જોઈએ છીએ. શિવ પુરાણમાં વિષ્ણુનું પદ શિવ કરતાં હલકું સિદ્ધ કરવાનો પ્રયત્ન છે, તો પદ્મપુરાણમાં શૈવ સંપ્રદાયની લઘુતા બતાવવાનો પ્રયત્ન છે. જે થોડાક નમૂનાઓ આગળ આપવામાં આવે છે તે ઉપરથી પેટાભેદ પ્રત્યેની અને ઇતર સંપ્રદાય પ્રત્યેની એમ બન્ને પ્રકારની અસહિષ્ણુતા લક્ષ્યમાં આવી શકશે.

કોઈ પણ એક કે અનેક વિરોધી સંપ્રદાય વિષે લખવાની અગર તેનું ગૌરવ ઘટાડવાની પુરાણકારોની પદ્ધતિ મુખ્યપણે એક જ ફળદ્રૂપ કલ્પનાને આભારી છે. તે કલ્પના એ છે કે કોઈ બે પક્ષ લડે, તેમાંથી એક હારે. હારનાર પક્ષ વિષ્ણુઆદિ પાસે મદદ મેળવવા જાય; એટલે વિષ્ણુઆદિ દેવો જીતનાર પક્ષને નિર્બળ બનાવવા તેના મૂળ (વૈદિક) ધર્મથી ભ્રષ્ટ કરી અવૈદિક ધર્મ સ્વીકારાવવા માયા પ્રગટાવે. છેવટે જીતનાર પક્ષને અવૈદિક ધર્મદ્વારા નિર્બળ બનાવી લડાઈમાં બીજા પક્ષને વિજય અપાવે. અને એ રીતે અવૈદિક ધર્મો પ્રથમ વિજયી પણ પછી પરાજિત પક્ષની નિર્બળતાના સાધનરૂપે અસ્તિત્વમાં આવે. આ કલ્પનાનો ઉત્પાદક ગમે તે હોય પણ તેનો ઉપયોગ પુરાણોમાં જુદે જુદે રૂપે

થએલો છે. પ્રસંગ બદલી, વક્તા, શ્રોતા અને પાત્રના નામમાં પરિવર્તન કરી ઘણે ભાગે એ એક જ કલ્પનાનો ઉપયોગ જૈન, બૌદ્ધ આદિ અવૈદિક ધર્મોની ઉત્પત્તિની બાબતમાં પુરાણકારોએ કરેલ છે,

૧ પહેલાં વિષ્ણુપુરાણ લઇએ. તેમાં મૈત્રેય અને પરાશર વચ્ચેનો સંવાદ મળે છે. એ સંવાદમાં જૈન અને બૌદ્ધધર્મની ઉત્પત્તિ જણાવવામાં આવી છે. મૈત્રેય પરાશરને પૂછે છે કે નગ્ન એટલે શું? એનો ઉત્તર આપતાં પરાશરે દેવાસુર યુદ્ધનો પ્રસંગ લઇ નગ્નની વ્યાખ્યા આપી છે. તેણે કહ્યું છે કે જ્યારે દેવો હાર્યા અને અસુરો જય પામ્યા ત્યારે વિષ્ણુએ અસુરોને નબળા પાડવા તેઓનું વેદધર્મરૂપ કવચ છીનવી લેવા એક માયામોહ ઉત્પન્ન કરી તેની મારફત જૈન અને બૌદ્ધ આદિ વેદબાહ્ય ધર્મો અસુરોમાં દાખલ કરાવ્યા. એ વેદભ્રષ્ટ થએલા અસુરો જ નગ્ન. પારાશરે એ નગ્નના સ્પર્શમાત્રમાં સખત દોષ બતાવી આગળ જતાં તેની સાથે વાતચીત કરવામાં પણ કેટલો મહાન દોષ લાગે છે તે જણાવવા એક શતધનુ રાજા અને શૈબ્યા રાણીની પુરાતન આખ્યાયિકા આપી છે.

૨ મત્સ્યપુરાણમાં રજિરાજાની એક વાત છે. તેમાં પણ દેવાસુર યુદ્ધનો પ્રસંગ આવે છે. એ પ્રસંગમાં રજિની સેવાથી પ્રસન્ન થઇ ઇન્દ્ર પોતે તેનો કૃત્રિમ પુત્ર બને છે. એને તેના રાજ્યનો વારસો મેળવે છે. રજિના સાચા સો પુત્રો ઇન્દ્રને હરાવી તેનું સર્વસ્વ છીનવી લે છે. એટલે ઇન્દ્રની પ્રાર્થનાથી બૃહસ્પતિ પેલા સો રાજપુત્રોને નબળા પાડવા તેઓમાં જૈન ધર્મ દાખલ કરે છે અને તેઓને મૂળ વેદધર્મથી ભ્રષ્ટ કરી નાખે છે. એટલે ઇન્દ્ર એ રજિપુત્રોને હણી પોતાનું સ્વત્વ પાછું મેળવે છે.

૩ અગ્નિપુરાણમાં એ જ દેવાસુર યુદ્ધનો પ્રસંગ લઇ કહેવામાં આવે છે કે જીતેલા અસુરોને અધાર્મિક અને નિર્બળ બનાવવા ઇશ્વરે બુદ્ધાવતાર લઇ તેઓને બૌદ્ધ બનાવ્યા, અને પછી આર્હત અવતાર લઇ એ અસુરોને જૈન બનાવ્યા. એ રીતે વેદબાહ્ય પાખંડધર્મો અસ્તિત્વમાં આવ્યા.

૪ વાયુપુરાણમાં બૃહસ્પતિ અને શંયુનો સંવાદ છે. બૃહસ્પતિ કહે છે કે નગ્નની નજરે પડેલી શ્રાદ્ધની કોઇ વસ્તુ પૂર્વજોને નથી પહોંચતી. એ સાંભળી શંયુ નગ્નનો અર્થ પૂછે છે. ઉત્તરમાં બૃહસ્પતિ કહે છે કે વેદત્રયી છોડનાર તે નગ્ન. આગળ વધી તે દેવાસુર યુદ્ધની કથાનો ઉલ્લેખ કરી તે યુદ્ધમાં હારેલા અસુરો દ્વારા ચારે વર્ણોની પાખંડસૃષ્ટિ થયાનું જણાવે છે.

૫ શિવપુરાણમાં જૈનધર્મની ઉત્પત્તિનું વર્ણન આપતાં પ્રસંગે વિષ્ણુના જ મુખથી પોતાના અને બ્રહ્માના કરતાં શિવનું મહત્ત્વ સ્થાપિત કરવામા આવ્યું છે. અને વેદધર્મથી બળવાન બનેલા ત્રિપુરવાસીઓને અધર્મપ્રાપ્તિદ્વારા નિર્બળ બનાવવા વિષ્ણુદ્વારા જ એક જૈનધર્મનો ઉપદેશક પુરુષ સર્જવવામાં આવ્યો છે અને એ પુરુષ મારફત અનેક પાખંડો ફેલાવવાનું કહેવામાં આવ્યું છે. છેવટે એ પાખંડ ધર્મના સ્વીકારથી અને વેદધર્મના ત્યાગથી નબળા પડેલા દૈત્યોના નિવાસસ્થાન ત્રિપુરનો શિવને હાથે દાહ કરાવામાં આવ્યો છે અને વિષ્ણુને એ કાર્ય સાધવાની ખટપટ બદલ કૃતકૃત્ય રૂપે વર્ણવવામાં આવ્યા છે.

૬ પદ્મપુરાણમાંથી અહીં ચાર પ્રસંગો લેવામાં આવ્યા છે. પહેલો પ્રસંગ વેનનો, બીજો દૈત્યો અને બનાવટી ગુરુ વચ્ચેના સંવાદનો, ત્રીજો બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર એ

ત્રણમાં મોટા દેવ કોણ એ વિષેના ઋષિઓના વિવાદનો, અને ચોથો પ્રસંગ શિવ અને પાર્વતીના ગુપ્ત વાર્તાલાપનો.

પહેલા પ્રસંગમાં માત્ર જૈનોપદેશક પાસેથી જૈન ધર્મનું સ્વરૂપ જાણી વેને વૈદિક ધર્મનો ત્યાગ કર્યાનું વર્ણન છે.

બીજા પ્રસંગમાં ઇન્દ્રને સ્વર્ગમાં નિર્ભયતાપૂર્વક રહેવા માટે દૈત્યોને મૃત્યુલોકમાં રાખી મૂકવાની ખટપટની કથા છે. એ માટે તેઓને જૈનધર્મી બનાવી ઇચ્છાપૂર્વક તેઓ પાસે મૃત્યુલોકનો નિવાસ સ્વીકારાવવામાં આવ્યો છે.

ત્રીજા પ્રસંગમાં બ્રહ્મા અને રુદ્રનું સ્વરૂપ ગર્હિત કેમ થયું તેમ જ વિષ્ણુનું સ્વરૂપ પૂજ્ય કેમ બન્યું એ બતાવવા માટેની એક બીભત્સ કથા છે.

જૈન અને બૌદ્ધ ધર્મની ઉત્પત્તિ તથા પ્રચાર વિષે જે યુક્તિ અનેક પુરાણોમાં વારંવાર વિવિધરૂપે કામમાં લીધી છે તે જ યુક્તિનો આશ્રય ચોથા પ્રસંગમાં કરેલો છે. એટલે વૈષ્ણવધર્મથી બળવાન બનેલા દૈત્યોને નિર્બળ બનાવવા વિષ્ણુના આદેશથી રુદ્રે શૈવ ધર્મનું પાખંડ ચલાવ્યાનું અને અનેક તામસ પુરાણો, સ્મૃતિઓ અને દર્શનો રચ્યાનું તેમાં વર્ણન છે.

પદ્મપુરાણમાં છેલ્લા બે પ્રસંગોમાં વિષ્ણુસિવાયના બ્રહ્મા, રુદ્ર આદિ દેવોનું નિકૃષ્ટપણું તથા વૈષ્ણવ ઉપાસના સિવાયના બીજા વૈદિક સંપ્રદાયોનું પાખંડીપણું સ્પષ્ટ રીતે બતાવવામાં આવ્યું છે. તેમ જ વૈષ્ણવ ન હોય તેવા બ્રાહ્મણ સુદ્ધાં સાથે સંભાષણ કે દર્શન કરવાની સ્પષ્ટ મનાઇ કરવામાં આવી છે.

૭ સ્કંદપુરાણમાં મોઢ, ત્રિવેદી અને ચતુર્વેદીનો ઇતિહાસ આપવાના પ્રસંગમાં કાન્યકુબ્જના નરપતિ આમ તથા મોઢેરાના સ્વામી કુમારપાળ વચ્ચે સંબંધ જોડેલો છે અને એ બે રાજાઓને જૈનધર્મના પક્ષપાતી અને બ્રાહ્મણ ધર્મના દ્વેષી રૂપે ચીતર્યા છે. એ ચિત્રણને બંધબેસતું કરવા માટે પૂર્વાપર વિરુદ્ધ અનેક કલ્પિત ઘટનાઓ આલેખી છે.

૮ ભાગવતમાં કોંક, વેંક અને કુટક દેશના રાજા અર્હતે પાખંડ ધર્મ સ્વીકારવાની અને કલિયુગમાં અઘોર કૃત્ય કરવાની ભવિષ્યદ્વાણી છે.

૯ કૂર્મપુરાણમાં બૌદ્ધ, જૈન, [5]પાંચરાત્ર, પાશુપત, આદિ અનેક સંપ્રદાયો પાખંડી હોવાનું તથા તેને પાણીસુદ્ધાં પણ ન આપવાનું કઠોર વિધાન છે.

પુરાણના નમૂનાઓની ટૂંકામાં ટૂંકી રૂપરેખા જાણી લીધા પછી તે નમૂનાઓને વિશેષ સ્પષ્ટ જાણવા ખાતર પુરાણનાં તે દરેક સ્થળનો ભાવાત્મક સાર નીચે આપવામાં આવે છે. [6]

---

૫ ભાગવત સંપ્રદાય કે ભક્તિમાર્ગનું પ્રાચીન એક નામ પાંચરાત્ર પણ છે. પાશુપત એ શૈવ સંપ્રદાયનું એક પ્રાચીન નામ છે. પાંચરાત્ર તથા પાશુપત વિષે વધારે માહિતી મેળવવા ઇચ્છનારે દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી લિખિત વૈષ્ણવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ તથા શૈવધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ તેમ જ નર્મદાશંકર દેવશંકર મહેતાકૃત હિંદ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ ભાગ ૨ જો જોવો.

૬ જુઓ પરિશિષ્ટ ૧.

નાટક સાહિત્યની રચના બે પ્રકારની છે. એક રચનામાં રચનારનો પોતાના સંપ્રદાય કરતાં બીજા વિરોધી સંપ્રદાયો પ્રત્યે મતાંધતાપૂર્વક આક્ષેપ કરવાનો મુખ્ય હેતુ છે અને બીજી રચનામાં તેવો હેતુ મુખ્ય નથી. પણ કોઇ પણ સંપ્રદાયની રૂઢિગત અતિશયતાને લઇ તે નિમિતે હાસ્યરસ નિષ્પન્ન કરવાનો અથવા કોઇપણ સંપ્રદાયના ધર્મગુરુને અમુક પાત્રરૂપે આલેખી કાંઇક નાટકીય વસ્તુ સિદ્ધ કરવાનો મુખ્ય પ્રયત્ન છે. પહેલી રચનાનું ઉદાહરણ પ્રબોધચંદ્રોદય છે. બીજી રચનાનાં ઉદાહરણો ચતુર્ભાણી, મૃચ્છકટિક, મુદ્રારાક્ષસ, મત્તવિલાસપ્રહસન,[૭] લટકમેલક આદિ નાટકો અને પ્રહસનો છે.

પ્રબોધચંદ્રોદયનો રચયિતા વૈષ્ણવ હોઇ તેણે વૈષ્ણવ સિવાયના બધા ધર્મોને કાં તો તામસ અને કાં તો રાજસ ચિત્રત કરવાનો અને વૈષ્ણવ સિદ્ધાંતને સાત્ત્વિક તથા સર્વોત્કૃષ્ટ બતાવવાનો પ્રયત્ન કર્યો છે. એ પ્રયત્નમાં તેણે જૈન, બૌદ્ધ, પાશુપત, આદિ, સંપ્રદાયોને બની શકે તેટલા બીભત્સ રીતે વર્ણવવાનો પ્રયાસ કર્યો છે. તેનો આ હેતુ સમજવા ખરી રીતે આખું પ્રબોધચંદ્રોદય નાટક વાંચવું જોઇએ, પણ આ સ્થળે માત્ર મતાંધતાનો મુદ્દો સમજવામાં ઉપયોગી થઇ પડે તે ખાતર ત્રીજા અંકના અમુક ભાગનો અનુવાદ આપવામાં આવે છે. એટલો પણ અનુવાદ વાંચવાથી પ્રબોધચંદ્રોદયના રચયિતાનો સાંપ્રદાયિક અભિનિવેશ સ્પષ્ટ ધ્યાનમાં આવી શકે તેમ છે.[૮]

વૈદિક દર્શનસાહિત્યમાંથી મતાંધતાના નમૂના જણાવવા અહીં માત્ર ત્રણ ગ્રંથોમાંથી ઉતારો લેવામાં આવ્યા છે. પહેલો ગ્રંથ તન્ત્રવાર્તિક, બીજો શાંકરભાષ્ય અને ત્રીજો સાંખ્યતત્ત્વકૌમુદી. તન્ત્રવાર્તિક એ જૈમિનીય સૂત્ર ઉપરના શાબરભાષ્યની પ્રસિદ્ધ વિદ્વાન કુમારિલકૃત ટીકાનો એક ભાગ છે, શાંકરભાષ્ય એ અદ્વૈત વેદાન્તના પ્રતિભાસંપન્ન સૂત્રધાર આદિ શંકરાચાર્યની બાદરાયણ સૂત્રો ઉપરની વ્યાખ્યા છે અને સાંખ્યતત્ત્વકૌમુદી એ ઇશ્વરકૃષ્ણકૃત સાંખ્યકારિકા ઉપરની વાચસ્પતિમિશ્રકૃત વ્યાખ્યા છે. કુમારિલે વૈદિક કર્મકાણ્ડના વિરોધી કોઇ પણ સંપ્રદાય (પછી તે વેદનો વિરોધી હોય કે અવિરોધી) પ્રત્યે ઉગ્ર રોષ દાખવી તે સંપ્રદાયોની યજ્ઞીય હિંસા ન સ્વીકારવાને કારણે જ અપ્રામાણિકતા બતાવવાની ચેષ્ટા કરી છે; અને બૌદ્ધ ધર્મના પ્રવર્તક ગૌતમના વિષયમાં તો એટલે સુધી કહ્યું છે કે તેણે ક્ષત્રિય છતાં ઉપદેશ કરવાનું અને ભિક્ષા માગવાનું બ્રાહ્મણકૃત્ય સ્વીકાર્યું એટલે એવા સ્વધર્મ ત્યાગીના સાચાપણા વિષે વિશ્વાસ જ કેવી રીતે રાખી શકાય ?

શંકરાચાર્ય પણ કુમારિલની પેઠે ગૌતમબુદ્ધ ઉપર એક આરોપ મૂકે છે. તે આરોપ પ્રજા દ્વેષનો. તેઓ કહે છે કે સઘળી પ્રજા આડે રસ્તે દોરાય એવો બુદ્ધનો પોતાના ધર્મ વિષે દુર્હેતુ હતો. જુદા જુદા બાર દર્શનો ઉપર ટીકા લખવાની ખ્યાતિ મેળવનાર દાર્શનિકવિચાર અને ભાષામાં અસાધારણ કાબુ ધરાવનાર વાચસ્પતિમિશ્ર વેદ સિવાયના બધા જ

---

૭ આશરે ચૌદમા સૈકામાં થઇ ગએલ શ્રીશૃંગભૂપાલકૃત રસાર્ણવસુધાકરનું પ્રહસનવિષયક પ્રકરણ વાંચવું જોઇએ. એમાં પ્રહસનોના પ્રકારો અને લક્ષણો વર્ણવતાં જે ઉદાહરણો પસંદ કરી મૂકવામાં આવ્યા છે, તે જોવાથી બીજા પ્રકારની રચનાનો ઉપર બતાવેલ હેતુ સ્પષ્ટ ધ્યાનમાં આવી શકશે. તે માટે જુઓ રસાર્ણવસુધાકર પૃ૦ ૨૯૦ થી આગળ.

૮ જુઓ પરિશિષ્ટ ૨.

આગમોને મિથ્યા આગમો કહે છે અને તે માટે દલીલો આપતાં એક એવી દલીલ આપે છે કે મ્લેચ્છ વગેરે કોઇ કોઇએ જ અને પશુ જેવા હલકટ પુરુષોએ જ વેદભિન્ન આગમો સ્વીકાર્યા છે માટે તે મિથ્યા આગમ છે.૯

ઉપર જે ત્રિવિધ વૈદિક સાહિત્યમાંના મતાંધતા વિષયક નમુનાઓનો ટુંક પરીચય આપ્યો છે તેને સવિશેષ અને સ્પષ્ટ સમજવા માટે દરેક સ્થળના તે તે ભાગોનો ભાવાત્મક ટુંક સાર કે અનુવાદ નીચે આપવામાં આવે છે.

લેખના પ્રાંતભાગમાં આ ઉતારાઓની સમાલોચનાનું કર્તવ્ય બાકી રાખી હમણાં તો વાચકોનું ધ્યાન એ દરેક પુરાવાઓને કાળજીપુર્વક વાંચી તેના ઔચિત્ય અનૌચિત્ય વિષે સ્વયંવિચાર કરવા તરફ ખેંચું છું.

(પુરાણવિષયક) પરિશિષ્ટ ૧

વિષ્ણુપુરાણ

નગ્ન કોને કહેવાય એવા મૈત્રેયના પ્રશ્નનો ઉત્તર આપતાં પરાશર તેને કહે છે કે જે વેદમાં નથી માનતો, તે નગ્ન. નગ્નના સ્વરૂપ વિષે વધારે ખુલાસો કરવા પરાશર પોતે સાંભળેલી એક વાત મૈત્રેયને કહી સંભળાવે છે. તે આ પ્રમાણેઃ પહેલાં દેવ અને અસુરોનું યુદ્ધ થએલું. તેમાં વૈદિકકર્મરત અસુરોએ દેવોને હરાવ્યા. હારેલા દેવોએ વિષ્ણુ પાસે જઇ તેમની સ્તુતિ કરી. વિષ્ણુએ પ્રસન્ન થઇ પોતાના શરીરમાંથી એક માયામોહપુરુષ ઉત્પન્ન કરી દેવોને સહાયતાર્થે સોંપ્યો. માયામોહ દેવો સાથે અસુરોના તપસ્યાસ્થાન નર્મદાતટ ઉપર આવ્યો. ત્યાં તેણે માથું મુંડાવી, નગ્નરૂપ ધારણ કરી હાથમાં મયૂરપિચ્છ રાખી તપસ્યા કરતા અસુરોને આ પ્રમાણે ઉપદેશ કરવા માંડ્યો. તેણે અસુરોને સંબોધી કહ્યું 'જો તમે પારલૌકિક ફલની ઇચ્છાથી તપ કરતા હો તો હું કહું તેજ માર્ગ યોગ્ય છે. અને તમે જ તેના અધિકારી છો.' એમ કહી તેઓને વેદમાર્ગથી ભ્રષ્ટ કર્યા, અને સંશયાત્મક સ્યાદ્વાદનો ઉપદેશ આપ્યો. માયામોહે ઉપદેશેલ નવા ધર્મને પામવા અર્હ (યોગ્ય) હોવાથી એ સ્વધર્મભ્રષ્ટ અસુરો આર્હત કહેવાયા. એકથી બીજા અને બીજાથી ત્રીજા એમ અનુક્રમે અનેક અસુરો સ્વધર્મ તજી નવા આર્હત મતમાં આવ્યા. ત્યારબાદ માયામોહે લાલ કપડાં પહેરી આંખમાં અંજન આંજી બીજા અસુરોને મધુર ઉપદેશ આપ્યો. તેણે કહ્યું 'મહાનુભાવો ! તમે યાજ્ઞિક પશુહિંસા છોડો. તેથી સ્વર્ગ મળવાનું નથી, આખું જગત વિજ્ઞાનમય છે અને દુઃખના પ્રવાહમાં તણાય છે.' આ ઉપદેશથી અનુક્રમે અનેક દૈત્યો સ્વધર્મ ત્યજી નવા માર્ગ ઉપર આવ્યા. ત્યારબાદ માયામોહે નવા નવા સ્વાંગ પહેરી અનેક જાતના ઉપદેશોથી બીજા પણ દાનવોને વેદવિમુખ કર્યા. વેદભ્રષ્ટ થએલ એ અસુરોએ વેદ, દેવ, યજ્ઞ અને બ્રાહ્મણોની નિંદા કરવી શરૂ કરી, તેઓ કહેવા લાગ્યા કે 'યજ્ઞથી સ્વર્ગ મળે નહિ, જેમાં હિંસા થાય તે કર્મ ધર્મ ન હોઇ શકે. અગ્નિમાં ઘી હોમવાથી સ્વર્ગ મળે એ કથન બાળક જેવું છે. અનેક યજ્ઞો કરી ઇન્દ્રપદ મેળવ્યા બાદ જો સમિધ કાષ્ઠ વિગેરે

૯ જુઓ પરિશિષ્ટ ૨.

ખાવાના હોય તો પશુ થઇ લીલોછમ ઘાસચારો ચરવો એ જ વધારે શ્રેય છે, જો યજ્ઞમાં હોમાયેલ પશુઓ સ્વર્ગમાં જતા હોય તો સ્વર્ગ પમાડવા માબાપને શા માટે ન હોમવાં? શ્રાદ્ધના વિષયમાં જો એકને (બ્રાહ્મણને) જમાડવાથી બીજા (પિતરો) ને તૃપ્તિ થતી હોય તો પરદેશમાં જતી વખતે ભાતું સાથે લેવાની શી જરૂર? એક જણ ઘેર બેઠો જમે અને તે પ્રવાસી (મુસાફરીએ જનાર) ને પહોંચી જાય.' આવી આવી નિંદાથી જ્યારે બધા અસુરો કુપથગામી થયા, ત્યારે તેઓને સ્વધર્મભ્રષ્ટ જોઇ દેવોએ તૈયારીપૂર્વક ફરી યુદ્ધ કર્યું. એ યુદ્ધમાં પૂર્વના વેદધર્મરૂપ કવચ વિનાના તે અસુરો નાશ પામ્યા. પરાશર ઋષિ મૈત્રેયને કહે છે કે 'ત્યારથી માયામોહના એ ઉપદેશને માનનાર નગ્ન કહેવાય છે. અને એવા પાખંડીનો સ્પર્શ થાય તો કપડાં સહિત સ્નાન કરવું. વેદ, યજ્ઞ, દેવ, ઋષિ અને બ્રાહ્મણનો આદર ન કરનાર પાખંડીઓ સાથે કુશળ પ્રશ્ન કે વાર્તાલાપ સુદ્ધાં ન કરવો. તેઓનો સંસર્ગ સર્વાંશે ત્યાજ્ય છે. એ નગ્નો એટલા બધા પાપી છે કે જો કોઇ શ્રદ્ધાવાન શ્રાદ્ધ કરતો હોય અને તે તરફ નગ્નોની નજર પડે તો તે શ્રાદ્ધથી પિતરોને તૃપ્તિ થતી નથી.

પાખંડીઓ સાથે માત્ર સંભાષણ કરવાથી શું અનિષ્ટ થાય છે તે સમજાવવા પરાશરે મૈત્રેયને એક પોતે સાંભળેલું પ્રાચીન આખ્યાન કહ્યું તે આ પ્રમાણે.

શતધનુ રાજા અને શૈબ્યા નામે તેની ધર્મપત્ની એ બંને વેદમાર્ગરત હતાં. એક વખત ગંગાસ્નાન કર્યા પછી તે રાજાએ પોતાના શિક્ષાગુરુના મિત્ર એક પાખંડી સાથે માત્ર ગુરુના દાક્ષિણ્ય ખાતર સંભાષણ કર્યું. તેને લીધે મરણ પછી તે રાજા શ્વાનયોનિમાં જન્મ્યો. અને શૈબ્યા મૌન રહેલી હોવાથી મરણ પછી કાશી રાજાની પુત્રીરૂપે અવતરી. તે બિચારી પતિવ્રતા હોવાથી પોતાના પતિની દુર્દશા જ્ઞાનદૃષ્ટિએ જોઇ કુંવારી રહી. પેલો શ્વાન, શિયાળ, વરૂ આદિ અનેક હલકી યોનિઓમાં ભટકતો છેવટે મોર યોનિમાં જનક રાજાને ત્યાં અવભૃથ સ્નાન (યજ્ઞને અંતે કરાતું તેની સમાપ્તિસૂચક સ્નાન) થી પાપમુક્ત થઇ જનકના પુત્રરૂપે જન્મ્યો. ત્યારબાદ પેલી કુમારી કાશીરાજપુત્રી તેને પરણી. માત્ર દાક્ષિણ્ય ખાતર સંભાષણ કરવાથી શતધનુ આ રીતે નીચ યોનિમાં રખડયો અને પાખંડી સાથે વાત ન કરતા મૌન લેવાથી એ શૈબ્યા રાજપુત્રી થઇ. વેદનિંદક પાખંડિઓનો વિશેષ પરિચય તો દૂર રહ્યો, પણ એની સાથે સંભાષણ થયું હોય તોયે તે પાપ નિવારવા સૂર્યદર્શન કરવું જોઇએ. (બંગાળી આવૃત્તિ. અંશ ૩, અ. ૧૭-૧૮.)

મત્સ્યપુરાણ

સુત-સોમપુત્ર બુધ, તેનો પુત્ર પુરૂરવા. પુરૂરવાના સૌંદર્યથી આકર્ષાઇ ઉર્વશી તેને વરી. ધર્મ, અર્થ, કામ એ ત્રણેએ પુરૂરવાને પોતપોતાને અનુરૂપ વર અને શાપ આપ્યા. પુરૂરવાથી ઉર્વશીને આઠ પુત્રો થયા. તેમાંનાં જ્યેષ્ઠ આયુને પાંચ વીર પુત્રો થયા. તેઓમાંના ત્રીજા પુત્ર રજિને સો પુત્રો થયા. રજિએ નારાયણની આરાધના કરી તેથી તેણે પ્રસન્ન થઇ વરો આપ્યાં અને રજિ વિજયી થયો. ત્રણસો વર્ષ સુધી દેવાસુરનો સંગ્રામ ચાલ્યો. પ્રહ્લાદ અને શક્રના એ ભયાનક યુદ્ધમાં કોઇની હારજીત ન થઇ. ત્યારે દેવો અને અસુરો બ્રહ્મા પાસે ગયા, અને કોણ વિજયી થશે એમ પ્રશ્ન કર્યો. જે પક્ષમાં રજિ હોય

તે જીતશે એમ બ્રહ્માએ જવાબ આપ્યો. છેવટે દેવોએ રજિને પોતાની તરફ મેળવ્યો. રજિએ દેવોનું એવું કામ કર્યું કે તેથી ઇન્દ્ર પ્રસન્ન થઇ પોતે જ તેનો પુત્ર બન્યો. પછી રજિ ઇન્દ્રને રાજ્ય સોંપી તપ માટે નિકળી ગયો. પાછળથી પેલા સો રજિના પુત્રોએ ઇન્દ્રનો વૈભવ, યજ્ઞભાગ અને રાજ્ય એ બધું છીનવી લીધું. તેથી ઇન્દ્રે દુઃખી થઇ વાચસ્પતિ પાસે જઇ રજિપુત્રો વિષે ફરિયાદ કરી, અને સહાયતા માગી.

બૃહસ્પતિએ ગ્રહશાંતિ અને પૌષ્ટિક કર્મદ્વારા ઇન્દ્રને બલિષ્ઠ બનાવી વેદબાહ્ય જૈનધર્મના આશ્રયથી તે રજિ પુત્રોને મોહિત કર્યા. બૃહસ્પતિએ બધા રજિપુત્રોને વેદત્રયભ્રષ્ટ કર્યા; એટલે ઇન્દ્રે તે વેદબાહ્ય અને હેતુવાદી એવા રજિપુત્રોને વજ્રથી હણી નાખ્યા. (મત્સ્યપુ. આનંદાશ્રમ૦ અ૦ ૨૪. શ્લો૦ ૨૮-૪૮.)

અગ્નિપુરાણ

અગ્નિ કહે છે—પાઠક અને શ્રવણ કરનારને લાભદાયક એવો બુદ્ધાવતાર હવે કહીશ. પહેલાં દેવો અને અસુરોનું યુદ્ધ થએલું. તેમાં દેવો હાર્યા. જ્યારે રક્ષણની ઇચ્છાથી દેવો ઇશ્વર પાસે ગયા ત્યારે ઇશ્વર પોતે માયામોહરૂપી શુદ્ધોદનપુત્ર બન્યો.

એ શુદ્ધોદનપુત્રે દૈત્યોને વેદધર્મ છોડાવી મોહિત કર્યા. વેદધર્મ ત્યજેલ બધા દૈત્યો એ જ બૌદ્ધો. બૌદ્ધોથી બીજા પણ વેદબાહ્ય થયા. તે જ માયામોહ શુદ્ધોદનપુત્રનું રૂપ છોડી આર્હત થયો, અને બીજાઓને આર્હત બનાવ્યા. આ રીતે બધા વેદવિમુખ પાખંડીઓ થયા, અને તેઓએ નરક યોગ્ય કામો કર્યાં ? (આનંદાશ્રમ૦ અ૦ ૧૬ શ્લો. ૧-૪.)

વાયુપુરાણ

બૃહસ્પતિ—વ્યવસ્થિત શ્રાદ્ધને નગ્નાદિ જોવા ન પામે, કારણ કે તેઓની દૃષ્ટિએ પડેલી વસ્તુઓ પિતા કે પિતામહોને પહોંચતી નથી.

શંયુ—હે દ્વિજવર ! નગ્નાદિ એટલે શું ? એ મને યથાર્થ અને નિશ્ચિત કહો. બૃહસ્પતિ કહે છે કે સર્વ ભૂતોનું આચ્છાદન એ વેદત્રયી. જે દ્વિજો વેદત્રયી ત્યજે છે તે નગ્ન.

પ્રથમ દેવાસુરોના યુદ્ધમાં હારેલા અસુરોએ બ્રાહ્મણ આદિ ચાર વર્ણોને પાખંડીઓ કર્યા, એ પાખંડસૃષ્ટિ બ્રહ્માએ કરી નથી.

એ શ્રાદ્ધમાં ભોજન કરનાર, નિર્ગ્રંથ, શાક્ય, પુષ્ટિને કલુષિત કરનાર એવા જેઓ ધર્મને નથી અનુસરતા તે જ નગ્નાદિ છે. (વડોદરા દેશી કેળવણી ખાતા તરફથી પ્રકાશિત વાયુપુ૦ પૃ૦ ૬૯૪-૬૯૫.)

શિવપુરાણ.

કાર્તિકેયે તારકાસુરને માર્યો, ત્યારબાદ તેના પુત્રોએ દારુણ તપ કર્યું. એ તપોનુષ્ઠાનથી પ્રસન્ન થઈ બ્રહ્માએ જ્યારે વર માગવા કહ્યું ત્યારે એ તારકપુત્રોએ વર માગ્યું કે ત્રણ પુરોનો આશ્રય લઇ અમે પૃથ્વી ઉપર વિચરીએ અને જે એક જ બાણથી એ ત્રણે પુરોનો નાશ કરે તે જ અમારો અંતક (મૃત્યુ) થાય. બીજો કોઇ અમને મારી શકે નહિ. આ વર બ્રહ્માએ કબુલ કર્યું. ને મયદાનવ પાસે ત્રણ ઉત્તમ પુરો તૈયાર કરાવી આપ્યાં. તેમાં એ તારકપુત્રો જઇ વસ્યા અને પુરોના આશ્રયથી તથા વરદાનથી બહુ બલિષ્ઠ થઇ પડ્યા.

તેઓના તેજથી ઇન્દ્રાદિ બધા દેવો ઝાંખા પડયા. અને દુઃખી થઇ બ્રહ્મા પાસે ગયા, અને પોતાનું દુઃખ વર્ણવ્યું.

બ્રહ્માએ કહ્યું કે મારાથી જ અભ્યુદય પામેલ એ ત્રિપુરરાજનો મારા હાથે કેમ નાશ થાય ? તેથી તમે શિવ પાસે જાઓ. દેવો શિવ પાસે ગયા ત્યારે શિવે પણ બ્રહ્મા પ્રમાણે જ કહ્યું; અને ઉમેર્યું કે એ ત્રિપુરપતિઓ પુણ્યશાળી છે. તેથી તેઓનો નાશ શક્ય નથી. એ ઉત્તરથી દુઃખ પામી દેવો વિષ્ણુ પાસે ગયા. વિષ્ણુએ પણ શિવના ઉત્તરને બેવડાવ્યો. પણ જ્યારે દેવો બહુ ખિન્ન થયા ત્યારે વિષ્ણુએ ફરી વિચાર કર્યો ને છેવટે યજ્ઞોને સ્મર્યા. યજ્ઞો આવ્યા અને વિષ્ણુની સ્તુતિ કરવા લાગ્યા. એ ભગવાન વિષ્ણુએ ઇન્દ્રાદિ દેવોને કહ્યું કે આ ઉપસદ્ યજ્ઞથી પરમેશ્વર [શિવ] ની અર્ચા કરો. તેથી જ ત્રિપુરજય થશે. વિશેષ વિચારી વળી વિષ્ણુએ દેવોને કહ્યું આ અસુરો નિષ્પાપ છે, નિષ્પાપને હણી શકાય નહિ, પણ કદાચ તેઓ પાપી હોય તો યે હણવા અશક્ય છે. કારણ કે તેઓ બ્રહ્માના વરથી બલિષ્ઠ બનેલા છે. ફક્ત રુદ્રના પ્રભાવથી એઓને હણી શકાશે. બ્રહ્મા, દેવ, દૈત્ય કે બીજા ઋષિમુનિઓ ગમે તે હોય પણ તે બધા શિવની મહેર વિના એઓને હણી શકશે નહિ. એક શંકર જ લીલામાત્રમાં એ કામ કરશે. એ શંકરના એક અંશ માત્રના પૂજનથી બ્રહ્મા બ્રહ્મત્વ, દેવો દેવત્વ અને હું વિષ્ણુત્વ પામેલ છીએ. તે માટે એ જ શિવના પુજનથી લિંગાર્ચન વિધિથી અને રુદ્રયાગથી આપણે એ ત્રિપુરોને જીતીશું. પછી વિષ્ણુ અને દેવોએ મળી ઉપસદ્ યજ્ઞથી શિવની આરાધના કરી એટલે હજારો ભૂત ગણો અનેક જાતના શસ્ત્રાસ્ત્રોથી સજ્જ થઇને સામે આવી ઉભા અને નમ્યા. એ પ્રણત ભૂત ગણોને હરિએ [વિષ્ણુએ] કહ્યું કે દૈત્યોના ત્રણ પુરને તોડી, ફોડી, બાળી પછી તમે આવ્યા તેમ પાછા જઇ શકો. વિષ્ણુ શિવને પ્રણામ કરી ગણો સામે જોઇ વિચારમાં પડયા કે શું કરીશું ? તે દૈત્યોનું બળ તોડી દેવકાર્ય શી રીતે સાધીશું ? કારણ કે ધાર્મિકનો નાશ અભિચાર કર્મથી થઇ શકે નહિ. એ ત્રિપુરવાસી બધા દૈત્યો તો ધાર્મિષ્ઠ જ છે, અને તપોધર્મના બળથી જ અવધ્ય બનેલા છે. ગમે તેટલું મહત્ પાપ કર્યું હોય છતાં જો શિવ પૂજન કરવામાં આવે તો તે પાપ જતું રહે છે. શિવપૂજાથી મોટી ભોગ સંપત્તિ મળે છે. *એ બધા દૈત્યો લિંગપૂજાપરાયણ હોવાથી વૈભવશાળી થએલા છે.* તે માટે હું મારી માયાથી તેઓના ધર્મમાં વિઘ્ન કરીને તેઓના વિનાશ માટે ત્રિપુરનો ધ્વંસ કરીશ. આ પ્રમાણે વિચારી ભગવાન વિષ્ણુએ દૈત્યોના ધર્મમાં વિઘ્ન નાખવા માટે નિશ્ચય કર્યો. જ્યાં સુધી વેદધર્મ, લિંગપૂજા, શ્રુતિવિહિત સ્નાન, દાન આદિ ધર્મ કૃત્યો રહેશે, ત્યાંસુધી તેઓનો નાશ થવાનો જ નથી. એવા નિશ્ચયથી વિષ્ણુએ દેવોને પોતપોતાને સ્થાને જવાની રજા આપી. અને પોતે સર્વ પાપ વિનાશકારક એવા દેવકાર્ય માટેનો વિધિ આરંભ્યો. એ વિધિ શો તે હવે સાંભળો.

સૂત—મહાતેજસ્વી માયાવી વિષ્ણુએ તે દૈત્યોના ધર્મમાં વિઘ્ન નાખવા માટે માયામય એક પુરુષ પોતાના દેહમાંથી સર્જ્યો; જે સાથે મુંડો, મલિન વસ્ત્રવાળો કુંડીપાત્રયુક્ત થઇ હાથમાં પૂંજણીને ધારણ કરતો અને પગલે પગલે તે પૂંજણીને ફેરવતો. તેમ જ વસ્ત્રયુક્ત હાથને નિરંતર મોઢા ઉપર રાખતો અને ધર્મ [ધર્મલાભ] બોલતો વિષ્ણુને

નમસ્કાર કરી ઉભો રહ્યો. ઉક્ત રૂપવાળા તે માયામય પુરુષે હાથ જોડી વિષ્ણુને કહ્યું કે હે અરિહન્ ! હે પૂજ્ય ! ફરમાવો. મારે શું કર્તવ્ય છે ? એ સાંભળી વિષ્ણુએ કહ્યું કે હે પુરુષ ! જે કાર્ય માટે મેં તને સર્જ્યો છે, તે કહું છું. બરાબર સમજી લે. તું મારા શરીરથી ઉત્પન્ન થએલો હોવાને લીધે તારે મારૂં જ કામ કરવું તે યોગ્ય છે. તું મારો પોતાનો છે, તેથી હમેશાં પૂજ્ય બનીશ. હે માયામય પુરુષ ! આ માયાવી શાસ્ત્રો તું લે. એ શાસ્ત્ર ૧૬૦૦૦ પ્રમાણ છે. શ્રૌતસ્માર્તવિરુદ્ધ અને વર્ણાશ્રમવ્યવસ્થા વિનાનું છે. આજ લોકમાં [પરલોકમાં નહિ] સ્વર્ગ અને નરક હોવાનો વિશ્વાસ કરાવે તેવું છે. તેમ જ વેદભ્રષ્ટ અને કર્મવાદયુક્ત છે. આ શાસ્ત્ર તારાથી વિસ્તાર પામશે. અને હું તને સામર્થ્ય આપું છું તેથી તું નવું પણ રચી શકીશ. વશ્ય અને અવશ્ય કરનારી અનેક માયાઓ, રોધન, અરોધન [આવિર્ભાવ તિરોભાવ] ઇષ્ટાનિષ્ટપ્રદર્શન, અનેકવિધ પિશુન કલ્પના અને બીજાં બધાં વિચિત્ર કાર્યો એ બધું તું કરી શકીશ. વિષ્ણુનું એ કથન સાંભળી માયામય પુરુષે હરિને પ્રણામ કરી કહ્યું કે જે આદેશ કરવો હોય તે ફરમાવો. ત્યારબાદ વિષ્ણુએ એ પુરુષને માયામય સૂત્ર (શાસ્ત્ર) ઉપદેશી તે ભણાવ્યું અને કહ્યું કે તારે આ શાસ્ત્ર એ ત્રિપુરવાસી દૈત્યોને ભણાવવું. વિશેષમાં વિષ્ણુએ કહ્યું એ લોકોમાં શ્રૌતસ્માર્ત ધર્મ વર્તે છે. પણ તારે આ શાસ્ત્રવડે તેનો ધ્વંસ કરવો; કારણ કે તેથી જ તે દૈત્યોનો વિનાશ શક્ય છે.

હે માયામય પુરુષ ! તું એ રીતે નવીન ધર્મદ્વારા ત્રિપુરોનો નાશ કરી કલિયુગ આવે ત્યાં સુધી મરુદેશમાં જઇ રહેજે. કલિ આવે કે તરત જ પોતાનો ધર્મ પ્રકાશવો. મારી આજ્ઞા છે કે એ તારો ધર્મ શિષ્ય, પ્રશિષ્ય આદિ પરિવારદ્વારા બહુ વિસ્તાર પામશે. ત્યારબાદ તે મુંડીએ વિષ્ણુની આજ્ઞાનું પાલન કરીને ચાર શિષ્યો કર્યા અને તેઓને તે માયામય શાસ્ત્ર ભણાવ્યું. જેવી રીતે મુંડી તેવી રીતે તેના શિષ્યો પણ વિષ્ણુને નમસ્કાર કરીને ઉભા રહ્યા. એટલે વિષ્ણુએ તેઓને પ્રસન્ન થઇ કહ્યું કે તમો ધન્ય છો. મારા આદેશથી જેવી રીતે તમારા ગુરુ તેવી રીતે તમે પણ થશો. હાથમાં પાત્ર, મોઢે વસ્ત્રવાળા, મલિન કપડાં પહેરતા, અપભાષી, ધર્મલાભ એ પરમતત્ત્વ છે એમ બોલતા, વસ્ત્રના ખંડથી રચેલ માર્જનીની ધારણ કરતા, એવા એ પાખંડધર્મને આશ્રિત થએલા ચાર મુંડી પુરુષોને હાથમાં લઇ વિષ્ણુએ તેઓના ગુરુ માયામય પુરુષને સોંપ્યા અને કહ્યું કે જેવો તું તેવા આ ચાર. તમે બધા મારા જ છો. પૂજ્ય, ઋષિ, યતિ, આચાર્ય, ઉપાધ્યાય એવા તમારાં આદિ નામો થશે. મારૂં પણ તમારે અરિહન્ એ નામ લેવું, ને એ નામનું ધ્યાન કરવું. ત્યારબાદ શિષ્યયુક્ત એ માયામયે ત્રિપુરમાં પ્રવેશ કરી માયા પ્રકટાવી નજીકના વનમાં શિષ્યસમેત જઇ માયાવિઓને પણ ગોહ પમાડે એવી માયા પ્રવર્તાવી. જે જે તે વનમાં દર્શન માટે કે સમાગમ મટિ ગયા, તે બધા તે માયામય પાસે દીક્ષિત થયા. નારદ પણ વિષ્ણુની આજ્ઞાથી તે મુંડી પાસે દીક્ષિત થયો. અને ત્રિપુરમાં પ્રવેશ કરી તેના સ્વામી દૈત્યરાજને તેણે નિવેદન કર્યું કે અહીં કોઇ યતિ આવેલ છે. અમે ઘણા ધર્મો જોયા પણ તેના જેવો બીજો ધર્મ નથી. એના સનાતન ધર્મને જોઇ અમે તેની દીક્ષા લીધી છે. તારી ઇચ્છા હોય તો તું પણ તેની પાસે દીક્ષા લે. નારદનું એ કથન સાંભળી ત્રિપુરપતિ વિદ્યુન્માલી મુંડી પાસે ગયો. એમ ધારીને કે જેની પાસે નારદે દીક્ષા લીધી તેની પાસે અમે પણ લઇએ. તે રાજા

મુંડીની માયામાં ફસાયો અને કહ્યું કે મને દીક્ષા આપો. એ સાંભળી મુંડીએ કહ્યું, હે રાજન્! હું તારી પાસે જે માગું છું તે કબુલ કર, અને તે એ કે મારૂં વચન તારે અન્યથા ન કરવું. રાજા મુંડીના પાશમાં સપડાયો અને કબુલ કર્યું. એટલે મુંડીએ વિદ્યુન્માલીને બોલાવીને કહ્યું કે હે રાજન્ તું મારી પાસે આવ અને આ મંત્ર સાંભળ. એમ કહી મોઢેથી વસ્ત્ર હઠાવી પોતાનું એવું તત્ત્વ રાજાને સંભળાવ્યું કે જેનાથી તેના ધર્મનો નાશ થાય. મુંડીએ રાજાને દીક્ષા લેવા કહ્યું કે તુરત જ તેણે અને અનુક્રમે બધા ત્રિપુરવાસીઓએ મુંડી પાસે દીક્ષા લીધી. અને એ મુનિના શિષ્યો પ્રશિષ્યોથી બધું ત્રિપુર વ્યાપી ગયું.

વિષ્ણુની આજ્ઞાથી માયામોહે સ્ત્રી ધર્મનું અને શ્રાદ્ધધર્મનું ખંડન કર્યું. શિવપૂજા તેમ જ વિષ્ણુના યજ્ઞ ભાગોને ખંડિત કર્યા. સ્નાન, દાન, તીર્થ આદિ સર્વે વેદધર્મો તેણે દૂર કર્યા. ત્રિપુરમાં અલક્ષ્મી (પડતી) આવી. અને બ્રહ્માની કૃપાથી જે લક્ષ્મી થઇ હતી તે ચાલી ગઇ. નારદે વિષ્ણુની માયાથી દૈત્યોને બુદ્ધિવ્યામોહ પમાડયો. જેવો એ માયામોહ પુરુષ તેવો જ નારદ. એથી શ્રૌતસ્માર્ત ધર્મો નાશ પામ્યા એટલે વિષ્ણુએ પાખંડ ધર્મ સ્થાપ્યો.

દૈત્યોમાં શિવનો ત્યાગ થયો. લિંગપૂજા ગઇ, સ્ત્રી ધર્મ નાશ પામ્યો, દુરાચાર સ્થિર થયો. એટલે વિષ્ણુ પોતાને કૃતકૃત્ય માનતા દેવોને સાથે લઇ શિવ પાસે ગયા, અને તેઓની સ્તુતિ કરી. દેવોએ પણ સ્તુતિ કરી, અને કહ્યું કે વિષ્ણુની માયાથી દૈત્યો મોહ પામ્યા છે. હે શિવ! હવે તેઓનો નાશ કરો, અને અમારી રક્ષા કરો. શિવે કહ્યું, કે મેં દેવ કાર્ય તથા વિષ્ણુનું અને નારદનું મહાબળ જાણી લીધું છે. હું દૈત્યોનો નાશ કરીશ. અનુક્રમે શિવે તે ત્રિપુરને બાળી નાંખ્યું. એમાં જે દૈત્યો રુદ્રની પૂજા કરતા હતા તેઓ ગણપતિ થયા. છેવટે પેલા મુંડીયો આવ્યા. અને બ્રહ્મા, વિષ્ણુ આદિ દેવોને નમન કરી બોલ્યા કે અમે શું કરીએ ? ઉત્તરમાં તેઓએ કહ્યું, જાવ તમે કલિયુગ પૂરો થાય ત્યા સુધી મરુદેશમાં રહો. મુંડીઓ તેઓના આદેશ પ્રમાણે મરુદેશમાં ગયા. અને બીજા દેવો પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા. (બંગાળી આ૦ જ્ઞાનસંહિતા. અ૦ ૧૯–૨૦–૨૧–૨૨.)

પદ્મપુરાણ.

અંગ નામે એક તપસ્વી શ્રેષ્ઠ બ્રાહ્મણ હતો. તે યમપુત્રી સુનીથાને પરણ્યો. તેણીને બ્રાહ્મણથી એક પુત્ર થયો જેનું નામ વેન રાખ્યું. વેન ધાર્મિક અને પ્રતાપી હતો.

ઋષિઓ—હે સૂત ! એ પ્રજાપાલન પરાયણ ધાર્મિક બ્રાહ્મણ શ્રેષ્ઠ વેનની પાપબુદ્ધિ કેમ થઇ તે કહો.

સૂત—હે વિપ્રો ! સુશંખે જે શાપ આપેલો તે કેમ ટળે ? તે શાપથી તેણે જે પાપાચાર સેવ્યો તે હું કહું છું. સાંભળો. વેન ધર્મપૂર્વક પ્રજા પાલન કરતો હતો. તેવામાં એક માયાવેશધારી પુરુષ આવ્યો, જે મોટો કદાવર, નગ્નરૂપધારી, સિતમુંડ, મુંડેલા માથા વાળો) મયૂર પિચ્છોની માર્જની બગલમાં રાખતો, હાથમાં નાળીએરનું પાનપાત્ર ધારણ

કરતો, વેદશાસ્ત્રને દૂષિત કરનાર અને મરુચ્છાસ્ત્રનો (?) પાઠ કરતો એવો હતો. તે પાપી પુરુષ વેનની સભામાં જલદી દાખલ થયો. તેને જોઇ વેને કહ્યું, આવા રૂપને ધારણ કરનાર તું કોણ છે અને મારી સભામાં કેમ આવ્યો છે? આ તારો વેશ કયા પ્રકારનો છે? તારૂં નામ શું? તારાં ધર્મ અને કર્મ શું છે? તારો કયો વેદ, કયો આચાર, શી જાતિ, શું જ્ઞાન, શો પ્રભાવ, અને ધર્મરૂપ સત્ય શું છે? આ બધું મારી આગળ યથાર્થ રીતે કહે. વેનનું એ વચન સાંભળી તે પાપ પુરુષ બોલ્યો—વેન! તું ખરેખર વ્યર્થ રાજ્ય કરે છે. હું ધર્મનું સર્વસ્વ છું, હું દેવનો સવિશેષ પૂજ્ય છું. હું જ્ઞાન છું. હું સત્ય છું. હું સનાતન ધાતા છું, હું ધર્મ છું. હું મોક્ષ છું, હું સર્વદેવમય છું અને બ્રહ્મદેહથી ઉત્પન્ન થએલ હું સત્યપ્રતિજ્ઞ છું; એમાં કાંઇ ફેર નથી. મારૂં રૂપ એ જિનનું સ્વરૂપ છે, ને સત્યધર્મનું કલેવર છે જેનું જ્ઞાનતત્પર યોગીઓ ધ્યાન કરે છે.

વેન—તારો ધર્મ કેવો છે? દર્શન કેવું અને આચાર કેવો છે તે બધું કહે.

પાપપુરુષ—જેમાં અર્હત્ દેવતા, નિર્ગ્રન્થ ગુરુ, અને દયા પરમ ધર્મ છે. તેથી મોક્ષ પમાય છે. હવે હું આચાર કહું છું. એમાં યજનયાજન કે વેદાધ્યયન નથી. સંધ્યા તપ નથી. દાનમાં સ્વધા સ્વાહા મંત્ર નથી. હવ્યકવ્યાદિક નથી, યજ્ઞાદિક ક્રિયાઓ નથી, પિતૃતર્પણ એટલે શ્રાદ્ધ નથી, અતિથિ નથી, વૈશ્વદેવ કર્મ નથી. કૃષ્ણપૂજા નથી. માત્ર તેમાં અરિહંતોનું ધ્યાન ઉત્તમ મનાય છે. આ બધું જૈન ધર્મનું સ્વરૂપ મેં તને કહ્યું.

વેન—જ્યાં વેદકથિત ધર્મ જેમકે યજ્ઞાદિક ક્રિયા કે પિતૃતર્પણ, વૈશ્વદેવિકકર્મ, દાન તપ વગેરે નથી, તો તેમાં ધર્મનું લક્ષણ શું? દયાધર્મ કેવો છે? એ બધું તું મારી સમક્ષ સ્પષ્ટ કહે.

પાપ—પાંચભૌતિક દેહ એ જ આત્મા છે અને તે પાણીના પરપોટાની જેમ ઉત્પન્ન થાય અને નાશ પામે છે. અંતકાલે આત્મા ચાલ્યો જાય છે. પાંચ દૈહિક-તત્ત્વો પાંચભૂતમાં મળી જાય છે. માણસો પરસ્પર મોહમુગ્ધ થઇ પ્રવૃત્તિ કરે છે. મોહથી શ્રાદ્ધ કરે છે. મોહથી જ મરણતિથિએ પિતૃતર્પણ કરે છે. મરેલો ક્યાં રહે છે, શી રીતે ખાય છે? હે નૃપ! તેનું જ્ઞાન અને કાર્ય કેવાં છે તે કોણે જોયું છે? તે બધું તું અમને કહે. શ્રાદ્ધ કોનું માનવું? મિષ્ટભોજન તો માત્ર બ્રાહ્મણોને પહોંચે છે. તેની રીતે વૈદિક યજ્ઞોમાં અનેક જાતની પશુહિંસા કરવામાં આવે છે, તેથી શો લાભ છે? દયાવિનાનું કોઇ પણ ધર્મકૃત્ય નિષ્ફળ છે. દયા વિનાના આ વેદો એ અવેદો છે. ચાણ્ડાલ હોય કે શૂદ્ર જો તે દયાળુ હોય તો તે બ્રાહ્મણ છે અને બ્રાહ્મણ પણ નિર્દય હોય તો તે નિકૃષ્ટ છે. એક જિનદેવની આરાધના હૃદયથી કરવી, તેને જ નમસ્કાર કરવો. બીજાની તો વાત શી પણ માતા પિતા સુદ્ધાંને નમન ન કરવું.

વેન—બ્રાહ્મણ, આચાર્યો ગંગા આદિ નદીઓને તીર્થરૂપ વર્ણવે છે તો શું તે સાચું છે? જો એ તીર્થોમાં તું ધર્મ માનતો હોય તો મને કહે.

પાપ—આકાશથી પાણી પડે છે, એ જ પાણી બધાં જલાશયોમાં સરખી રીતે છે;

પછી એમાં તીર્થપણું શું? પહાડો પણ પત્થરના ઢગલા છે. એમાં પણ તીર્થપણું શું છે? સ્નાનથી સિદ્ધિ થતી હોય તો માછલાં સૌથી પહેલા સિદ્ધિ પામે. એક જિનનું ધ્યાન જ શ્રેષ્ઠ છે. બીજું બધું વેદોકતશ્રાદ્ધ યજ્ઞાદિક કર્મ વ્યર્થ છે.

સૂત—તે પાપપુરુષના ઉપદેશથી વેન ભરમાયો; અને તે પાપના પગમાં પડી તેનો ધર્મ સ્વીકાર્યો. તેથી યજ્ઞયાગાદિ વૈદિક ધર્મો લુપ્ત થયા અને સંપૂર્ણ પ્રજા પાપમાં પડી. પિતા અંગે અને માતા સુનીથાએ બહુ કહ્યું છતાં વેને કશું ગણકાર્યું નહિ. અને તીર્થ સ્નાન, દાન આદિ બધું ત્યજી બેઠો. અંગના પૂછવાથી સુનીથાએ પોતાની બાલ્યાવસ્થામાં સુશંખ તપસ્વીનો જે કશાઘાતરૂપ અપરાધ કર્યો હતો, અને તેને પરિણામે તે તપસ્વીએ દુષ્ટ પુત્ર થવાનો જે શાપ આપ્યો હતો, એ બધું કહી સંભળાવ્યું. ત્યારબાદ સાત ઋષિઓએ આવી આશ્વાસનપૂર્વક વેનને કહ્યું–હે વેન ! પાપકર્મ ત્યજી ધર્માચરણ કર. એ સાંભળી વેને હસતાં હસતાં કહ્યું–હું જ પવિત્ર છું. સનાતન જૈનધર્મ મહાધર્મ છે. હે વિપ્રો ! તમે ધર્માત્મા એવા મને સેવો. ઋષિઓ–બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય એ ત્રણ દ્વિજ છે. સઘળી પ્રજા વેદાચાર પાલનથી જ જીવે છે. તું બ્રાહ્મણનો પુત્ર હોઇ બ્રાહ્મણ છે, અને પછીથી પૃથ્વી ઉપર પરાક્રમી રાજા થયો છે. પ્રજા રાજાના પુણ્યથી સુખી અને પાપથી દુઃખી થાય છે; તેથી તું અધમ છોડી સત્યધર્મ આચર. તેં જે ધર્મ સ્વીકાર્યો છે તે ત્રેતા કે દ્વાપરનો નથી પણ કલિનો છે. કલિમાં પ્રજા જૈનધર્મનો આશ્રય કરી પાપમુગ્ધ થશે અને દરેક માણસ વેદાચાર છોડી પાપમાં પડશે. જૈનધર્મ પાપનું મૂળ છે. જૈનધર્મથી બધા જે પાપમાં પડયા છે તેઓને ગોવિંદ પોતે મ્લેચ્છરૂપ ધારણ કરી પાપમુક્ત કરશે. અને મ્લેચ્છોના નાશ માટે એ ગોવિંદ કલ્કિરૂપે થશે. તું કલિનો વ્યવહાર છોડી પુણ્ય આચર. વેને ન માન્યું એટલે એ સાતે બ્રહ્મપુત્રો ગુસ્સે થયા. એ જોઇ તેઓના શાપભયથી વેન વલ્મીકમાં પેસી ગયો. કુપિત ઋષિઓએ તે દુષ્ટને શોધી તેના ડાબા હાથનું મથન કર્યું એટલે તેમાંથી મહાહ્રસ્વ, નીલવર્ણ, રકતનેત્ર એક બર્બર પેદા થયો જે બધા મ્લેચ્છોનો પાલનહાર થયો. ત્યારબાદ વેનના દક્ષિણ હાથનું તેઓએ મથન કર્યું, એટલે તેથી પૃથુ પ્રકટયો જેણે આ પૃથ્વીનું દોહન કર્યું. તેના પુણ્યપ્રભાવથી વેન ધાર્મિક થઇ છેવટે વિષ્ણુધામમાં પહોંચ્યો. (આનંદાશ્રમ અ૦ ૩૬ ભા૦ ૧)

દાનવ—હે ગુરો ! આ અસાર સંસારમાં અમને કાંઇ એવું જ્ઞાન આપો. કે જેથી અમો મોક્ષ પામીએ.

કેમ થઇ તે કહ્‍રી બૃહસ્પતિ—હે દૈત્યો ! હું મોક્ષદાયિ જ્ઞાન આપું છું તે સાંભળો. વેદત્રયી

સૂત—હે વિપ્રો, વૈશ્વાનરના પ્રસાદથી દુઃખદ છે. યજ્ઞ અને શ્રાદ્ધ સ્વાર્થીઓએ બના•

પાપાચાર સેવ્યો તે હું શૈવધર્મ કુધર્મો છે. તે હિંસક અને સ્ત્રીયુક્ત પુરુષોએ પ્રચલિત કર્યો

એક માયાવેશધારી પુરુષ છે, ભૂતગણથી વેષ્ટિત છે, અસ્થિ તથા ભસ્મ ધારણ કરે છે. તે

વાળો) મયૂર પિચ્છોની માર્જનોક્ષ કાંઇ નથી. લોકો વૃથા કલેશ સહે છે. વિષ્ણુ હિંસામાં

સ્થિત છે, રાજસપ્રકૃતિ બ્રહ્મા પોતાની પ્રજા (પુત્રી ઉષા) ભોગવે છે. બીજા પણ વૈદિક દેવો અને ઋષિઓ માંસભક્ષક છે. આ બ્રાહ્મણો પણ માંસભક્ષક છે. આ ધર્મથી કોણું સ્વર્ગ કે મોક્ષ પામશે? જે યજ્ઞાદિક વૈદિક કર્મો અને શ્રાદ્ધાદિ સ્માર્ત કર્મો છે તે વિષયમાં આ શ્રુતિ (કહેવત) છે કે: યૂપને છેદી પશુઓને મારી લોહીનો કાદવ બનાવી જો સ્વર્ગમાં જવાતું હોય, તો નરકે કોણ જાય? જો એકના ખાવાથી બીજાને તૃપ્તિ થતી હોય તો પરદેશમાં જનારે સાથે ખાવાનું ન લેવું. તેને જે સાથે લેવું હોય તે પાછળ રહેલ બીજાને જમાડી દેવું. ગુરુનું એ કથન સાંભળી બધા દાનવો સંસારથી વિરક્ત થઈ કહેવા લાગ્યા, હે ગુરુ! અમને દીક્ષા આપો એ રીતે જ્યારે છન્ન (કપટરૂપધારી) ગુરુને દૈત્યોએ કહ્યું ત્યારે તે વિચારમાં પડયો કે આ દૈત્યોને મારે કેવી રીતે પાપી અને નરકગામી કરવા? તેમ જ શ્રુતિબાહ્ય અને લોકમાં ઉપહાસાસ્પદ કેવી રીતે કરવા? એમ વિચારી બૃહસ્પતિએ કેશવને સ્મર્યા. એ સ્મરણ જાણી વિષ્ણુએ મહામોહ ઉત્પન્ન કરી બૃહસ્પતિને આપ્યો અને આ પ્રમાણે કહ્યું. આ મહામોહ તમારી સાથે મળી બધા દૈત્યોને વેદમાર્ગ બહિષ્કૃત કરી મોહિત કરશે. એમ કહીને વિષ્ણુ અંતર્ધાન થયા. એટલે માયામોહ દૈત્યો પાસે આવી બૃહસ્પતિને કહેવા લાગ્યો.

મહામોહ—હે શુક્ર! હમણા અહીં આવો, હું તમારી ભક્તિથી આકર્ષિત થઇ અનુગ્રહાર્થે અહીં આવ્યો છું. ત્યારબાદ માયામોહ દિગમ્બર, મુણ્ડી, મયૂરપિચ્છધારી થઈને ફરી નીચે પ્રમાણે બોલ્યો. દિગમ્બર—હે દૈત્ય રાજા, તમે તપ કરો છો પણ કહો કે એ તપ ઐહિક ફળ માટે કે પારલૌકિક ફળ માટે કરો છો? દૈત્યો—અમે પારલૌકિક લાભ માટે તપ આદર્યું છે. તે બાબત તમે શું કહેવા માગો છો?

દાનવ—હે પ્રભો! અમે તારા તત્ત્વ માર્ગમાં દાખલ થયા છીએ. જો તું પ્રસન્ન હોય તો અનુગ્રહ કર. અમે દીક્ષા યોગ્ય બધી સામગ્રી લાવીએ કે જેથી તારી કૃપાથી મોક્ષ જલદી હસ્તગત થાય. ત્યાર બાદ માયામોહે બધા દૈત્યોને કહ્યું. રક્તાંબર—આ શ્રેષ્ઠી ગુરુ (શુક્રરૂપ ધારી બૃહસ્પતિ) મારી આજ્ઞાથી તમને બધાને મારા શાસનમાં દીક્ષિત કરશે. હે બ્રહ્મન્! આ બધા મારા પુત્રોને દીક્ષા આપ. એમ કહી માયામોહ ઇષ્ટ સ્થાને ચાલ્યો ગયો. તે ગયા બાદ દૈત્યોએ ભાર્ગવ (શુક્ર) ને કહ્યું—હે મહાભાગ! અમને સંસારમોચની દીક્ષા આપ. શુક્રે તથાસ્તુ એમ કહી નર્મદા તટે જઇ બધા દૈત્યોને દિગંબર કર્યા. તેઓને મયૂરપિચ્છનો ધ્વજ, ચણોઠીની માળા આપીને શિરોલુંચન (કેશલોચ) કર્યું અને શુક્રે કહ્યું કે "ધનનો ઇશ્વર ધનદદેવ કેશલુંચન અને વેષ ધારણથી પરમ સિદ્ધિ પામ્યો. એ જ રીતે મુનિત્વ પ્રાપ્ત થાય છે, એવું અર્હતો કહી ગયા છે. કેશોત્પાટનવડે માણસો દેવત્વને પામે છે તો પછી તમે કેશોત્પાટન કેમ નથી કરતા?"

દેવોના પણ મનુષ્ય લોક વિષે મનોરથો એવા છે કે આ ભારતવર્ષમાં શ્રાવક કુળમાં કયારે જન્મ થશે? અને કેશોત્પાટનપૂર્વક તપોયુક્ત આત્મા કયારે થશે? ચોવીસ તીર્થંકર વિગેરે કયારે પ્રાપ્ત થશે? તેમ જ કયારે ઋષિ થઇને પંચાગ્નિ તપ તપીશું? અથવા તપ

કરતાં કરતાં મૃત્યુ પામીને પાષાણથી મસ્તક ક્યારે ભેદાશે ? નિર્જન અરણ્યમાં અમારો નિવાસ ક્યારે થશે ? ઇત્યાદિ અનેક પ્રકારે ઉપદેશ આપ્યો. ત્યાર બાદ દાનવોએ કહ્યું હે શુક્ર ! અમોને દીક્ષા આપ. તથાસ્તુ એમ કહી શુક્ર બોલ્યો. "અન્ય દેવોને પ્રણામ ન કરવો. એકવાર ભોજન હસ્તપાત્રમાં કરવું. કેશકીટ રહિત પાણી ઉભા ઉભા પીવું, અન્યની નજર ન પડે તેમ પ્રિય અપ્રિય વસ્તુને સમાનગણી વાપરવી એમ નિયમો અને દીક્ષા આપી. શુક્ર સ્વર્ગે ચાલ્યો ગયો. ત્યાં જઇ તેણે બધી હકીકત દેવોને કહી એટલે દેવો નર્મદા તટે આવ્યા. પ્રહ્લાદ વિનાના દૈત્યોને જોઇ સંતુષ્ટ થઇ ઇન્દ્રે નમુચિ આદિ દૈત્યોને કહ્યું—હે દૈત્યો ! પહેલાં તમે સ્વર્ગમાં રાજ્ય કર્યું. હવે આ નગ્નમુણ્ડી કમંડલુયુક્ત વેદલોપક વ્રત કેમ શરૂ કર્યું છે ? ઉત્તરમાં દૈત્યોએ કહ્યું—હવે અમે અસુરપણું છોડી ઋષિધર્મ સ્વીકાર્યો છે, દરેક પ્રાણીને ધર્મવૃદ્ધિકારક તત્ત્વ કહીએ છીએ. જા તું નિર્ભય થઇ સ્વર્ગમાં રાજ્ય કર. એ સાંભળી ઇન્દ્ર સ્વર્ગમાં ગયો. (આનંદાશ્રમ ભા૦ ૩ અ૦ ૧૩ પૃ૦ ૮૨૭)

જેમ લોકો ચંડાળની સામે જોતા નથી તેમ અવૈષ્ણવ બ્રાહ્મણની સામે ન જોવું. કોઇ વૈષ્ણવ હોય પછી ભલે તે વર્ણબાહ્ય હોય તોપણ એનાવડે સંસાર પાવન થાય છે. (અ. ૨૪૫ શ્લો. ૩૪ તથા અ. ૨૫૨ શ્લો. ૫૨)

જે બ્રાહ્મણે ચક્રની છાપ લીધી નથી તેનો સંગ દૂરથી પરિહરવો.

(અ. ૨૫૨ શ્લો. ૫૧)

દિલીપ—આપે જે જીવ અને પર વગેરેનું સ્વરૂપ કહ્યું, સ્વર્ગ તથા મોક્ષનું સ્વરૂપ તથા તેનાં સાધન કહ્યાં તે બધું હું સમજ્યો. પણ હે ગુરો ! મારા મનમાં એક શંકા છે અને તે એ કે બ્રહ્મા અને રુદ્ર મહાભાગવત છતાં ય આવા ગર્હિત રૂપને કેમ પામ્યા ?

વસિષ્ઠ—રાજન્ ! તમારી શંકાનું નિરાકરણ આ પ્રમાણે છે. મંદર પર્વત ઉપર સ્વાયંભુવ મનુના દીર્ઘ સત્ર પ્રસંગે શાસ્ત્રપંડિત અનેક ઋષિઓ ભેગા થયા. તે વખતે દેવતત્ત્વના સ્વરૂપ વિષે તે ઋષિઓએ ચર્ચા કરતાં એવો પ્રશ્ન કર્યો કે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ ત્રણમાં કયો દેવ અવ્યય, પરમાત્મા અને સનાતન છે ? એમાંના કેટલાક ઋષિઓએ રુદ્રને મહાનમાં મહાન દેવ કહ્યો. કેટલાકે બ્રહ્માને જ પૂજ્ય કહ્યો. કોઇએ સૂર્યને પૂજ્ય જણાવ્યો અને કોઇએ શ્રીપતિને સનાતન જણાવ્યો.

આવી રીતે એ ઋષિઓ વચ્ચે મોટો વાદવિવાદ થયો અને છેવટે નિર્ણયને માટે ભૃગુઋષિને કહેવામાં આવ્યું કે હે મુનિસત્તમ ! તમે એ ત્રણે દેવો પાસે જાઓ અને ચોક્કસ કરીને અમને જણાવો કે એ દેવોમાં કયો દેવ ઉત્તમ છે.

પછી ભૃગુઋષિ કૈલાસમાં વાસ કરતા મહાદેવજીને ઘેર સૌથી પ્રથમ ગયા. ત્યાં દ્વારપાળ તરીકે બેઠેલા મહારૌદ્ર નંદિને એ ભૃગુઋષિએ કહ્યું કે તું ઘરમાં જઇને મહાદેવ (શંકર) ને ખબર આપ કે તમને મળવા માટે ભૃગુઋષિ આવેલા છે.

નંદિએ ભૃગુઋષિને કહ્યું કે અત્યારે તો શંકર દેવી સાથે ક્રીડા કરે છે માટે તું એને નહિ મળી શકે. જો જીવતા રહેવું હોય તો જેવો આવ્યો તેવો જ પાછો જા.

આ પ્રમાણે નંદિએ નકારો કર્યા છતાં ય એ તપસ્વી ઋષિ શંકરને બારણે ઘણા

દિવસ સુધી બેસી રહ્યા. તો પણ શંકર તો બહાર જ ન આવ્યા. છેવટે ભૃગુએ શંકરને નારી-સંગમમગ્ન જાણીને શાપ આપ્યો કે તેનું સ્વરૂપ યોનિલિંગ જેવું થશે. એ શંકર અબ્રહ્મણ્યને પામેલો છે અને બ્રાહ્મણોને અપૂજ્ય છે. જે લોકો રુદ્રના ભક્ત થશે તેઓ ભસ્મ, લિંગ અને અસ્થિઓને પહેરનારા થશે. અને વેદબાહ્ય પાખંડી ગણાશે.

ત્યાંથી ભૃગુ બ્રહ્માની પાસે ગયા, એ વખતે બ્રહ્મા દેવોની સાથે બેઠેલા હતા. બ્રહ્માને પ્રણામ કરીને ભૃગુ ત્યાં બેઠા. બ્રહ્માને ભૃગુએ તો પ્રણામ કર્યા પણ સામું બ્રહ્માએ ભૃગુને પ્રણામ તો ન કર્યા પણ કુશળપ્રશ્ન પણ ન પૂછ્યા. એથી ભૃગુએ બ્રહ્માને શાપ આપ્યો કે ભૃગુનું અપમાન કરનાર આ રાજસ પ્રકૃતિવાળા બ્રહ્મા સર્વલોકમાં અપૂજ્ય થશે.

પછી છેવટે ભૃગુ વિષ્ણુલોકમાં ગયા જ્યાં કમલાપતિ નાગશય્યામાં પોઢેલા હતા. અને લક્ષ્મીજી એમના ચરણને તળાંસતાં હતાં. કમલાપતિને આ સ્થિતિમાં જોઇ ભૃગુને ક્રોધ આવ્યો અને પોતાનો ડાબો પગ એમણે વિષ્ણુની છાતી ઉપર મૂક્યો. પછી તુરત જ ભગવાન ઊઠયા, પોતાના હાથ વતી ભૃગુના ચરણને પંપાળવા લાગ્યા; અને બોલ્યા કે આજે જ હું ધન્ય છું કે મને તમારો ચરણસ્પર્શ થયો. પછી તો સપત્નીક વિષ્ણુએ ભૃગુની પૂજા કરી.

આ રીતે ત્રણે દેવોને મળી આવી ભૃગુએ પેલા ઋષિઓને કહ્યું કે ત્રણે દેવોમાં જો કોઇ ઉત્તમ હોય તો તે એકલા વિષ્ણુ જ છે.

જે કોઇ વિષ્ણુ સિવાય બીજા કોઇ દેવની પૂજા કરશે તે પાખંડીમાં ગણાશે; અને લોક ગર્હાના ભાગી થશે. (આનંદાશ્રમ અ૦ ૨૮૨ ભા૦ ૪ શ્લો૦ ૧–૫૬)

બ્રાહ્મણે વિષ્ણુ સિવાય અન્ય દેવની સામે પણ ન જોવું, બીજા દેવની પૂજા ન કરવી, બીજા દેવનો પ્રસાદ ન લેવો, અને બીજા દેવના મંદિરે પણ ન જવું. (શ્લો.૬૩ અ. ૨૮૨.)

'પાખંડ કોને કહેવું' એ સંબંધમાં શિવ અને પાર્વતીનો સંવાદઃ

પાર્વતી—મહેશ ! આપે કહ્યું કે પાખંડીનો સંગ ન કરવો, તો તે પાખંડી ક્યાં છે ? એને ઓળખવાની કયી કયી નિશાની છે ? વગેરે હકીકતને આપ જણાવો.

રુદ્ર—જે લોકો જગન્નાથ નારાયણ સિવાય બીજા કોઇને દેવ કરીને માને છે તે લોકો પાખંડી છે. કપાળ, ભસ્મ અને અસ્થિને ધારણ કરનારા છે અને અવૈદિકની રીતે રહેનારા છે.

શંખ, ચક્ર, વગેરે ચિહ્નો જે હરિને વહાલામાં વહાલાં છે તેનું જેઓ ધારણ નથી કરતા તેઓ પાખંડી છે. જે કોઇ બ્રહ્મા અને રુદ્રની સાથે વિષ્ણુની તુલના કરે તે પાખંડી છે. વધારે શું ! જે બ્રાહ્મણો છતાં પ અવૈષ્ણવો છે તેઓ અસ્પર્શ્ય છે, સંભાવણીય નથી, અને જોવા લાયક પણ નથી.

પાર્વતી—મહેશ ! આપનું કહેવું સમજી, પણ મારે આપને એક વાત—જે બહુ જ છાની છે તે પૂછવી છે. અને તે આ છેઃ આપે કહ્યું કે પાખંડી લોકો કપાળ, ભસ્મ અને અસ્થિ ધારણ કરનારા છે તો હે મહારાજ ! આપ પોતે જ એ વસ્તુઓને શામાટે ધારણ કરો છો ?

મહેશ—ઉમે ! તું મારી અર્ધાંગના છે માટે જ તને એ છાની વાતનો પણ ખુલાસો કહી દઉં છું. પણ તારે એ વાતને કયાંય ન જણાવવી. સુવ્રતે ! જો, સાંભળ. પહેલાંના વખતમાં મોટા મોટા વૈષ્ણવભકત નમુચિ વગેરે મહાદૈત્યોએ ઇન્દ્ર વગેરે દેવોને હરાવ્યા અને તે બધા દેવોએ દૈત્યોથી ત્રાસ પામીને વિષ્ણુને શરણે જઇ તેમને દૈત્યોને હણવાની વિનંતી કરી. વિષ્ણુએ એ કામ મને સોંપ્યું અને કહ્યું કે "હે રુદ્ર એ દૈત્યો અવધ્ય છે. પણ જો કોઇ રીતે એઓ પોતાનો ધર્મ છોડે તો જ નાશ પામે. રુદ્ર ! પાખંડધર્મનું આચરણ કરીને, મોહક શાસ્ત્રો અને તામસ પુરાણોને રચાવીને તમે એ કામ કરી શકો છો. કણાદ, ગૌતમ, શકિત, ઉપમન્યુ, જૈમિનિ, કપિલ, દુર્વાસસ, મૃકંડુ, બૃહસ્પતિ અને જમદગ્નિ ભાર્ગવ એ દશ ઋષિઓ મારા ભકત છે. તેઓમાં તમારી તામસ શકિતનો આવિર્ભાવ કરો. જેથી તેઓ તામસ શાસ્ત્રોને રચે અને તમે પણ કપાળ, ભસ્મ અને ચર્મ વગેરે ચિહ્નોને ધારણ કરો અને પાશુપત ધર્મનો પ્રચાર કરો. કે જેથી એ શાસ્ત્રોને અને તમને જોઇ એઓ તમારા જેવું આચરણ કરે અને પાખંડી બને." હે દેવી ! આ પ્રમાણે વિષ્ણુના આગ્રહથી મેં મારો પાખંડ વેષ બનાવ્યો છે અને ગૌતમ, કણાદ વગેરે ઋષિઓ દ્વારા તામસ શાસ્ત્રોની રચના કરાવી છે.

પાર્વતી—આપે જે તામસશાસ્ત્રોની રચના કરાવી છે તે તામસશાસ્ત્રો કયા કયા છે ?

રુદ્ર—જેના સ્મરણ માત્રથી જ્ઞાનિઓનો પણ અધઃપાત થઇ શકે છે તે તામસશાસ્ત્રોનાં નામ આ છે. પાશુપત વગેરે શૈવ શાસ્ત્રો, કણાદ રચિત, વૈશેષિક, ગૌતમ રચિત ન્યાયશાસ્ત્ર, કપિલનું સાંખ્યશાસ્ત્ર, બૃહસ્પતિ રચિત ચાર્વાક શાસ્ત્ર, બુદ્ધપ્રણીત બૌદ્ધશાસ્ત્ર, અને નગ્નમત, નીલપટમત, માયાવાદ, તથા જૈમિનીયશાસ્ત્ર. હે ગિરિજે ! એ બધાં તામસશાસ્ત્રો છે. તામસ પુરાણો પણ છે જેનાં નામ આ છે:

મત્સ્યપુરાણ, કૂર્મપુરાણ, લિંગપુરાણ, શિવપુરાણ, સ્કંદપુરાણ, અને અગ્નિપુરાણ. આ ૭ તામસ પુરાણો છે. વિષ્ણુપુરાણ, નારદીય પુરાણ, ભાગવત, ગરુડપુરાણ, પદ્મપુરાણ, વરાહપુરાણ એ ૭ સાત્ત્વિકપુરાણો છે. અને બ્રહ્માંડ, બ્રહ્મવૈવર્ત, માર્કંડેય, ભવિષ્યત્‌પુરાણ, વામન તથા બ્રાહ્મણપુરાણ એ ૭ રાજસ પુરાણો છે. અને એ જ પ્રકારે સ્મૃતિઓ પણ ત્રણ પ્રકારની છે. વસિષ્ઠસ્મૃતિ, હારિતસ્મૃતિ, વ્યાસસ્મૃતિ, પરાશરસ્મૃતિ, ભારદ્વાજસ્મૃતિ, અને કાશ્યપસ્મૃતિ એ ૭ સાત્ત્વિક સ્મૃતિઓ છે. યાજ્ઞવલ્ક્ય, આત્રેય, તૈત્તિર, દાક્ષ, કાત્યાયન, અને વૈષ્ણવ એ ૭ સ્મૃતિઓ રાજસ છે તથા ગૌતમ, બૃહસ્પતિ, સંવર્ત, યમ, શંખ, ઉશનસ, એ ૭ સ્મૃતિઓ તામસ છે. (આનંદાશ્રમ૦ અ૦ ૨૬૩ ભા૦ ૪ શ્લો૦ ૧-૫૧)

સ્કંદપુરાણ

નારદ—તે ધર્મારણ્ય તીર્થક્ષેત્ર કોના રક્ષણ (દેખરેખ) નીચે કેટલા વખત સુધી સ્થિર થયેલ છે, ત્યાં કોની આજ્ઞા વર્તે છે ?

બ્રહ્મા—ત્રેતાથી દ્વાપરના અંતસુધી એટલે કળિ આવે ત્યાં સુધી એક હનુમાન જ તેની રક્ષા માટે રામની આજ્ઞાથી નિયુકત થએલ છે. ત્યાં દ્વિજની તથા શ્રીમાતાની આજ્ઞા પ્રવર્તે છે. ત્યાં વેદનું પઠન પાઠન, અનેક ઉત્સવો અને યજ્ઞો પ્રવર્તે છે.

યુધિષ્ઠિર—શું ક્યારેયે તે સ્થાનનો ભંગ થયો કે નહિ? તેમ જ દૈત્યોએ કે દુષ્ટ રાક્ષસોએ તે સ્થાન ક્યારે જિત્યું?

વ્યાસ–કળિ પ્રાપ્ત થયા પછી પ્રથમ જ જે બન્યું તે સાંભળ. કલિપ્રાપ્ત થયે આમનામનો રાજા થયો જે કાન્યકુબ્જનો સ્વામિ હતો, તેમ જ નીતિજ્ઞ અને ધર્મતત્પર હતો.

દ્વાપરનો અંત હતો, હજી કળિ આવવાનો હતો, એટલામાં કળિના ભયથી અને અધર્મના ભયથી બધા દેવો પૃથ્વી ત્યજી નૈમિષારણ્યમાં ચાલ્યા ગયા. રામ પણ પોતાના સાથીઓ સાથે સેતુબંધ ગયા.

યુધિષ્ઠિર—કળિમાં એવો તે શો ભય છે કે જેને લીધે દેવોએ રત્નગર્ભા પૃથ્વીને ત્યજી?

વ્યાસ—કળિયુગમાં બધા અધર્મપરાયણ, બ્રાહ્મણદ્વષી, શ્રાદ્ધવિમુખ અને અસુરાચારરત થાય.

જે વખતે પૃથ્વી ઉપર કાન્યકુબ્જાધિપ આમ રાજ્ય કરતો તે વખતે પ્રજાની બુદ્ધિ પાપથી મલિન થઇ અને તેથી વૈષ્ણવ ધર્મ ત્યજી બૌદ્ધ ધર્મ તેણે સ્વીકાર્યો. અને ક્ષપણોથી પ્રતિબોધિત થઇ એ પ્રજા તેને (આમને) અનુસરી. એ જ કળિયુગનો ભય.

તે આમની મામા નામે રાણી અતિપ્રસિદ્ધ હતી, તેણીને તે રાજાથી એક પુત્રી થઇ જેનું નામ રત્નગંગા હતું. એક વખતે એ કાન્યકુબ્જ દેશમાં દૈવયોગે દેશાંતરથી ઇંદ્રસરિ આવ્યો. તે વખતે એ રાજકન્યા સોળવર્ષની પણ અવિવાહિત હતી. એ ઇંદ્રસૂરિ દાસી મારફત એ કન્યાને મળ્યો. અને શાબરી મંત્રવિદ્યા તેણીને કહી. તેથી તે કન્યા શળથી પીડાવા લાગી અને તે સૂરિના વાક્યોમાં લીન થઇ મોહ પામી.

ક્ષપણોથી પ્રતિબોધ પામી તે કન્યા જૈનધર્મ પરાયણ બની, ત્યારબાદ બ્રહ્માવર્તના રાજા કુંભીપાલને તે કન્યા આપવામાં આવી અને તે કુંભીપાલને વિવાહમાં મોહેરક (મોઢેરાગામ) આપ્યું. તે કુંભીપાલે તે વખતે ધર્મારણ્યમાં આવી રાજધાની કરી અને જૈનધર્મ પ્રવર્તક દેવોને સ્થાપ્યા. તેમ જ બધા વર્ણો જૈનધર્મપરાયણ થયા ત્યારે બ્રાહ્મણોની પૂજા બંધ પડી, શાંતિક કે પૌષ્ટિક કર્મ તેમ જ દાન બંધ પડયાં. આ રીતે વખત વીતે છે તેવામાં રામચંદ્રજીથી ફરમાન મેળવેલ બ્રાહ્મણો પોતાનું સ્વામિત્વ જવાથી રાત દિવસ ચિંતા વ્યગ્ર થઇ આમની પાસે કાન્યકુબ્જમાં પહોંચ્યા. તે વખતે કાન્યકુબ્જ પતિ પાખંડીઓથી ઘેરાયેલ હતો. એ બધા મોઢ બ્રાહ્મણો કાન્યકુબ્જપુરમાં જઇ પહેલાં તો ગંગાતટે રહ્યા.

ચાર–દૂત–દ્વારા માલૂમ પડવાથી રાજાએ બોલાવ્યા એટલે તે બધા પ્રાતઃકાલે રાજસભામાં આવ્યા.

રાજાએ નમસ્કારાદિ કાંઇ પ્રત્યુત્થાન સ્વાગત ન કર્યું અને એમને એમ ઉભેલા બ્રાહ્મણોને પૂછ્યું કે શામાટે આવ્યા છો? શું કામ છે? તે કહો.

વિપ્રો—હે રાજન્! ધર્મારણ્યથી અમે તારી પાસે આવ્યા છીએ. તારા જમાઇ કુમારપાલે બ્રાહ્મણોનું શાસન લોપ્યું છે. એ કુમારપાલ જૈન ધર્મી છે અને ઇંદ્રસૂરિને વશ વર્તે છે.

રાજા—હે વિપ્રો ! મોહેરકપુરમાં તમને કોણે સ્થાપ્યા છે ? એ બધું યથાર્થ કહો.

વિપ્ર—અમને પહેલાં બ્રહ્મા વિષ્ણુ મહેશ્વરે સ્થાપ્યા છે. ધર્મરાજ રામચંદ્રે એ શુભસ્થાનમાં પુરી વસાવી છે. ને ત્યાં બ્રાહ્મણોને નીમી શાસન આપેલું. રામચંદ્રનું શાસન જોઈ બીજા રાજાઓએ તો એ શાસનને બરાબર માન આપ્યું પણ હમણાં તારો જમાઇ એ શાસન પ્રમાણે બ્રાહ્મણોને પાળતો નથી. એ સાંભળી રાજાએ કહ્યું, હે વિપ્રો ! જલદી જાઓ અને મારી આજ્ઞાથી કુમારપાલને કહો કે તું બ્રાહ્મણોને આશ્રય આપ. આમનું એ વાકય સાંભળી બ્રાહ્મણો પ્રસન્ન થયા અને કુમારપાળ પાસે ગયા ને એના શ્વશુરનું વચન કહી સંભળાવ્યું.

કુમારપાલ—હે વિપ્રો ! હું રામનું ફરમાન પાળવાનો નથી. યજ્ઞમાં પશુહિંસા પરાયણ એવા બ્રાહ્મણોને હું ત્યજું છું. હે દ્વિજો ! હિંસક ઉપર મારી ભકિત થતી નથી.

બ્રાહ્મણ—હે રાજન્ ! પાખંડ ધર્મ વડે અમારા શાસનો તું લોપે છે. પણ એમ શા માટે કરે છે ? અમારૂં પાલન કેમ કરતો નથી ? પાપબુદ્ધિ ન થા.

રાજા—અહિંસા એ પરમ ધર્મ, પરમ તપ, પરમ જ્ઞાન, અને પરમ ફલ છે. સૂક્ષ્મ અને સ્થૂલ બધા કીટ, પતંગ આદિ પ્રાણીઓમાં જીવ સમાન જ છે. હે વિપ્રો તમે હિંસક પ્રવૃત્તિ શાને કરો છો ? એ વચન સાંભળી બ્રાહ્મણો ગુસ્સે થયા અને આંખો લાલ કરીને બોલ્યા હે નૃપ ! અહિંસા પરમ ધર્મ છે. એ તો તેં સાચું કહ્યું પણ વેદવિહિત હિંસા હિંસા નથી એવો નિર્ણય છે. શસ્ત્રથી જે હિંસા થાય છે તે જ જંતુઓને પીડાકારી છે. અને તેથી તે હિંસા અને અધર્મ કહેવાય છે, પણ શસ્ત્રો વિના વેદમંત્રોથી જ્યારે પ્રાણીઓને મારવામાં આવે છે ત્યારે તે સુખદાયી હોવાથી અધર્મ નથી. વૈદિક હિંસા કરવાથી પાપ લાગતું નથી.

રાજા—બ્રહ્માદિ દેવોનું આ અનુપમ ધર્મ ક્ષેત્ર છે. પણ અત્યારે એ દેવો અહીં નથી. તમે કહેલો ધર્મ પણ અહીં નથી. જે રામને દેવ કહો છો તે તો માણસ હતો. જેને તમારા રક્ષણ માટે મૂકેલો તે લંબપુચ્છ (હનુમાન) કયાં છે ? જો તમને મળેલું શાસન મારા જોવામાં નહિ આવે તો હું તેને પાળનાર નથી. બ્રાહ્મણો ગુસ્સે થઇ બોલ્યા —"હે મૂઢ ! તું ઉન્મત્ત થઇ આ શું બોલે છે ? દૈત્યોના વિનાશ અને ધર્મના રક્ષણ માટે રામે ચતુર્ભુજ મનુષ્યરૂપ લીધું હતું.

રાજા—"એ રામ અને હનુમાન કયાં છે ? જો હોય તો તમારી મદદે આવે. રામ, લક્ષ્મણ કે હનુમાનને બતાવો તેઓના હોવાની કાંઇ સાબિતી આપો.

બ્રાહ્મણો બોલ્યા—હે નૃપ ! અંજની સુતને દૂત કરી રામદેવે ૧૪૪ ગામ આપ્યાં. ફરી આ સ્થાને આવી ૧૩ ગામ આપ્યાં અને ૧૬ મહાદાનો આપ્યાં તેમજ ૫૬ બીજાં ગામોનો પણ સંકલ્પ કર્યો. ૩૬૦૦૦ ગોભુજ થયા. સવાલાખ વાણિઆ થયા. જેની માંડલિય સંજ્ઞા હતી."

રાજા બોલ્યો "મને હનુમાન બતાવો કે જેના એંધાણથી હું તમને પૂર્વસ્થિતિમાં મૂકું. જો હનુમાનની ખાતરી આપશો તો વેદધર્મમાં રહેશો. નહિ તો જૈનધર્મી થવું પડશે." એ સાંભળી બધા બ્રાહ્મણો બ્રિજમને ઘેર આવ્યા, અને એક મેળાવડો કર્યો જેમાં બાળ, યુવાન, વૃદ્ધો બધા હતા. તેમાંથી એક વૃદ્ધે કહ્યું કે "આપણે બધા વર્ગોમાંથી એક એક

મુખીઆએ મળી નિરાહાર વ્રતે, રામેશ્વર સેતુબંધે જવું; ત્યાં હનુમાન છે, ત્યાં જઈ જપ કરવો એટલે રામચંદ્ર મહેર કરી આપણુ બ્રાહ્મણોને અચલ શાસન આપશે. જે વર્ગનો મુખીયો સંમિલિત ન થાય તેને દરેક વૃત્તિથી બહિષ્કૃત કરવો. એક દક્ષ બ્રાહ્મણે આ વૃદ્ધ કથનને સભામાં ત્રણ વાર ઉચ્ચ સ્વરથી તાળીપૂર્વક સૌને કહી સંભળાવ્યું. અને સૌને કહ્યું કે જે જવામાં પરાઙ્મુખ થશે તેને માથે અસત્ય આદિનાં બધાં પાપો છે. બધાંને જતા જોઈ કુમારપાલે બોલાવી કહ્યું કે ભિન્ન ભિન્ન ગોત્રવાળા બધા બ્રાહ્મણોને કૃષિકર્મ અને ભિક્ષાટન જરૂર કરાવીશ. એ સાંભળી બધા વ્યથિત થયા, પણ ત્રણ હજાર બ્રાહ્મણોએ તો એમ ઠરાવ્યું કે આપણે રામેશ્વર જવું જ. એ નિશ્ચય માટે અંદરો અંદર દરેકે હસ્તાક્ષર કર્યા. અહીં વેદત્રયી નાશ પામે છે અને ત્રિમૂર્તિ કુપિત થાય છે; માટે અઢાર હજાર જણાએ રામેશ્વર જવું. આ ઠરાવ સાંભળી કુમારપાળે ગોભુજ વાણિઆઓને બોલાવી એ બ્રાહ્મણોને રોકવા કહ્યું.

વ્યાસ કહે છે કે જે ગોભુજ શ્રેષ્ઠ વાણિઆઓ જૈન ધર્મમાં લિપ્ત ન હતા તેઓ આજીવિકાભંગના ભયથી મૌન રહ્યા અને રાજાને કહ્યું કે હે નૃપ ! આ કુપિત બ્રાહ્મણોને કેવી રીતે રોકીએ ? એતો શાપથી બાળી નાખે. કુમારપાળે અડાલય (અડાલજ) માં થએલા શૂદ્રોને બોલાવી કહ્યું કે તમે બ્રાહ્મણોને રોકો. એ અડાલયજ શૂદ્રોમાં કેટલાક જૈન હતા; તેથી તેઓએ રામેશ્વર જવા તત્પર બ્રાહ્મણોને સંબોધી કહ્યું કે વર્તમાન કાળમાં રામ કયાં છે ? લક્ષ્મણ કયાં છે ? અને હનુમાન કયાં છે ? અરે બ્રાહ્મણો ! આવા ભયાનક જંગલમાં ઘરબાર, છૈયાંછોકરાં મૂકી એ દુષ્ટ શાસનવાળા રાજ્યમાં શા માટે જાઓ છો ? આ સાંભળી કેટલાક બ્રાહ્મણો રાજભયથી અને લાલચથી ચલિત થઈ જૂદા પડયા અને કહ્યું કે બીજાઓ ભલે જાય આપણે તો કુમારપાળની આડે આવવાના નથી. ખેતી કરીશું, અને ભિક્ષાટન પણ કરીશું. આ રીતે પંદર હજાર જૂદા પડ્યા. બાકીના ત્રણ હજાર ત્રિવેદી એટલે ત્રૈવિદ્યરૂપે વિખ્યાત થયા. બીજા પંદર હજારને રાજનો ચોથો ભાગ અને થોડી પૃથ્વી આપી. એટલે તેઓ ચાતુર્વિદ્યરૂપે વિખ્યાત થયા. વળી રાજાએ કહ્યું તમને ચ્યવનો કન્યા આપે, તમે કન્યા ઘો. પેલા ત્રણ હજાર ત્રિવેદીઓને રાજાએ કહ્યુ કે તમે મારું માનતા નથી માટે તમારી વૃત્તિ કે સંબંધ કશું નહિ થાય. આ સાંભળી પેલા કટ્ટર ત્રૈવિદ્યો સ્વસ્થાને ગયા. પેલા ચાતુર્વિદ્યોએ ત્રિવેદીઓને સમજાવ્યું કે તમે ન જાવ અથવા જાવ તો જલદી પાછા આવો, જેથી રામે દીધેલ શાસનનો જલદી ઉપભોગ કરો. એ સાંભળી ત્રૈવિદ્યોએ કહ્યું કે તમારે અમને કશું કહેવું નહિ. રામચંદ્રે જે વૃત્તિ બાંધી આપી છે તે જપ, હોમ, અર્ચનદ્વારા મેળવવા ત્યાં પાછા જઈશું. ચાતુર્વિદ્યોએ કહ્યું કે અમો અહીંનું સંભાળીએ અને બધાંના કામની સિદ્ધિ માટે તમે ત્યાં જાઓ. અંદર અંદર મળી સહાયક થઈશું તો વૃત્તિ જરૂર પાછી મેળવીશું. એ નિશ્ચય પ્રમાણે પેલા ત્રૈવિદ્યો રામેશ્વર ગયા, અને ચાતુર્વિદ્યો ત્યાં જ રહ્યા. ત્રૈવિદ્યોના ઉત્કટ તપથી રામે ઉદ્વિગ્ન થઈ હનુમાનને કહ્યું તું જલદી જા. એ બધા ધર્મારણ્યવાસી બ્રાહ્મણો હેરાન થાય છે. એ બ્રાહ્મણોને દુઃખ આપનારને ઠેકાણે લાવવો જોઈએ. એ સાંભળી બ્રાહ્મણરૂપ ધરી, હનુમાને પ્રકટ થઈ આવેલા બ્રાહ્મણોની પરીક્ષા કરી, અને પૂછ્યું કે શા માટે આવ્યા છો ? તેઓએ કહ્યું કે સૃષ્ટિના આરં-

ભમાં બ્રહ્મા આદિ દેવોએ ત્રિમૂર્તિ માટે અમને રાખ્યા હતા અને પછી રામે જીર્ણોદ્ધાર કરતી વખતે ફરી અમને સ્થાપ્યા, અને હનુમાને ૪૪૪ ગામો વેતનરૂપે આપ્યાં. સીતાપુર સહિત ૧૩ ગામ પૂજા માટે આપ્યાં. ગોભૂજ નામના ૩૬ હજાર વાણિયાઓ બ્રાહ્મણનું પાલન કરવા નિયુક્ત થયા. તેમાંથી સવા લાખ શૂદ્રો થયા, જેના ત્રણ ભાગ ગોભુજ, અડાલજ અને માંડલિય થયા. હમણાં દુષ્ટ આમરાજા રામનું શાસન નથી માનતો. તેનો જમાઇ કુમારપાલ દુષ્ટ છે. કારણ તે પાંખડીઓ ખાસ કરી બૌદ્ધધર્મી, જૈન ઇંદ્રસૂરિથી પ્રેરિત થઇ અત્યારે રામનું શાસન માનતો નથી, અને લોપે છે. કેટલાક વાણિયાઓ પણ તેના જેવા દુર્બુદ્ધિ થઇ રામ અને હનુમાનનું શાસન લોપે છે. હવે અમે હનુમાન પાસે જઇએ છીએ. જો તે અમારૂં ઇષ્ટ સિદ્ધ નહિ કરે તો અનાહાર વ્રત લઇ મરીશું. બ્રાહ્મણ રૂપધારી હનુમાને કહ્યું હે દ્વિજો! કળિયુગમાં દેવ કયાં છે, પાછા જાઓ. પણ બ્રાહ્મણોએ તેને કહ્યું કે તું કોણ છે? ખરૂં રૂપ પ્રગટ કર. રામ છે કે હનુમાન?

વ્યાસ—હનુમાને પોતાની ઓળખાણ આપી હનુમાનનું દર્શન કરી બધા પ્રસન્ન થયા. હનુમાને કહ્યું આ કળિયુગમાં રામેશ્વર સેતુબંધ મૂકી ક્યાંએ જતો નથી. હું નિશાની આપું છું તે એ રાજાને બતાવજો તેથી એ જરૂર સાચું માનશે. એમ કહી તેણે પોતાના બે બાહુ ઉઠાવી ભુજાના વાળ એકત્ર કરી ભોજપત્રમાં બે પડીઓ બાંધી આપી અને એ બ્રાહ્મણની કક્ષાઓમાં મૂકી પોતાની ડાબી કાખના વાળની પડીકી બ્રાહ્મણોની ડાબી કાખમાં અને જમણી કાખના વાળની પડીકી જમણી કાખમાં મૂકી. આ પડીકી રામભક્તને સુખદ અને અન્ય માટે ક્ષયકારિણી હતી. હનુમાને કહ્યું જ્યારે રાજા નિશાની માગે ત્યારે વામ બાજુની પડીકી આપવી, અથવા એ રાજાના દ્વારમાં નાંખવી એટલે તેનું સૈન્ય, ખજાનો, સ્ત્રીપુત્રાદિ સઘળું સળગી ઉઠશે. જ્યારે એ રાજા શ્રીરામે પ્રથમ બાંધી આપેલી બધી વૃત્તિ અને ફરમાનો ફરી પૂર્વવત્ કરી આપે અને હાથ જોડી નમી પડે ત્યારે જમણી પડીકી નાખજો તેથી સૈન્ય ખજાનો વગેરે બધું બળી ગયેલું પાછું પ્રથમની જેમ હતું તેવું જ થઇ જશે. હનુમાનનું એ વચન સાંભળી બધા બ્રાહ્મણો ખૂશ થયા, ને જયધ્વનિ કર્યો. પાછા જવા ઉત્સુક થએલા બ્રાહ્મણોને હનુમાને એક મોટી વિશાલ શિલા ઉપર સુવા કહ્યું. એ સૂતા અને ઉંઘી ગયા એટલે હનુમાનની પ્રેરણાથી તેના પિતા વાયુએ તે શિલા ૭ માસમાં કાપી શકાય તેટલા લાંબા માર્ગને માત્ર ત્રણ મુહૂર્તમાં કાપી, ધર્મારણ્ય તીર્થમાં પહોંચાડી દીધી. આ ચમત્કાર જોઇ એ બ્રાહ્મણો અને ગામના બધા લોકો બહુ જ વિસ્મિત થયા. ત્યારબાદ એ બધા બ્રાહ્મણો નગરમાં પહોંચ્યા. જ્યારે ત્યાં રાજાને માલમ પડ્યું ત્યારે તેણે એ બ્રાહ્મણોને બોલાવી કહ્યું કે શું રામ અને હનુમાન પાસે જઈ આવ્યા? એમ કહી રાજાએ મૌન પકડયું એટલે ઉપસ્થિત થએલા બધા બ્રાહ્મણો અનુક્રમે બેસી ગયા અને કુટુંબ તથા સંપત્તિ સૈન્ય વિષે કુશળ સમાચાર તેઓએ રાજાને પૂછ્યા. રાજાએ કહ્યું અરિહંત પ્રસાદથી બધું કુશળ છે. ખરી જીભ એ જ છે જે જિનેશ્વરની સ્તુતિ કરે છે, હાથ તેજ કે જેનાથી જિન પૂજા થાય, દૃષ્ટિ તે જ જે જિનદર્શનમાં લીન થાય, મન તે જ જે જિનેંદ્રમાં રત હોય. સર્વત્ર દયા કરવી ઘટે. ઉપાશ્રયમાં જવું અને ગુરુવંદન કરવું જોઇએ. નમસ્કાર મંત્રનો જપ અને પર્યુષણ પર્વ કરવું જોઇએ,

અને શ્રમણો (મુનિઓ) ને દાન દેવું જોઇએ. રાજાનું એ કથન સાંભળી બધા બ્રાહ્મણોએ દાંત પીસ્યા, અને છેવટે રાજાને કહ્યું કે રામે અને હનુમાને કહેવરાવ્યું છે કે તું બ્રાહ્મણોની વૃત્તિ પાછી પૂર્વની જેમ કરી આપ. હે રાજન્! રામના એ કથનને પાળ અને સુખી થા. રાજાએ જવાબમાં કહ્યું જ્યાં રામ અને હનુમાન હોય ત્યાં જાવ. ગામ કે વૃત્તિ જે જોઇએ તે તેઓ પાસેથી મેળવો. હું તો તમને એક પણ કોડી દેનાર નથી. એ વચન સાંભળી બ્રાહ્મણો ગુસ્સે થયા અને હનુમાને આપેલી ડાબી પડીકી રાજદ્વારમાં ફેંકી ચાલ્યા ગયા. એ પડીકીને લીધે બધું સળગી ઉઠ્યું, હાહાકાર મચ્યો. તે વખતે નગ્નક્ષપણકો હાથમાં પાતરાઓ લઇ દાંડાઓ પકડી લાલ કાંબળો ઉતારી, કાંપતા કાંપતા ઉઘાડે પગે જ દશે દિશામાં ભાગ્યા. હે વીતરાગ! હે વીતરાગ! એમ બોલતા તેઓ એવી રીતે નાઠા કે કોઇના પાતરા ભાગ્યા, કોઇના ડાંડા, અને કોઇના કપડાં ખસી ગયા. આ જોઇ રાજા ગભરાયો અને રડતો રડતો બ્રાહ્મણોનું શરણ શોધવા લાગ્યો. બ્રાહ્મણોને પગે પડી ભૂમિપર આળોટી રામનામ લેતો તે બોલ્યો કે રામનું નામ એ જ સાચું છે. રામ સિવાય બીજા દેવોને જે માને છે તેને અગ્નિ બાળી નાખે છે. વિપ્ર, ભાગીરથી અને હરિ એ જ સાર છે. હે વિપ્રો! હું રામનો અને તમારો દાસ છું. આગ શમાવો. હું તમારી વૃત્તિ અને શાસનો ફરી સ્થિર કરી આપું છું. મારૂં વચન અન્યથા નહિ થાય જો થાય તો બ્રહ્મહત્યા આદિનાં મહાપાપો મને લાગે. રામ અને બ્રાહ્મણો વિષે મારી ભક્તિ સ્થિર છે. તે વખતે બ્રાહ્મણોએ દયા કરી જમણી પડીકી નાખી એટલે બધું બળતું શાંત થયું, અને બળી ગએલ બધી વસ્તુઓ ફરી હતી તેવી થઇ ગઇ.આથી રાજા અને પ્રજા પ્રસન્ન થયા.દરેકે વૈષ્ણવધર્મ સ્વીકાર્યો. બ્રાહ્મણોને નવીન ફરમાનો રાજાએ કરી આપ્યાં. કૃત્રિમ શાસ્ત્રના પ્રવર્તક વેદબાહ્ય પાખંડીઓને કાઢી મૂકયા. પહેલાં જે ૩૬૦૦૦ ગોભુજો થયા હતા તેમાંથી અડાલજ વાણિયા થયા. એ બધાને રાજાએ દેવ બ્રાહ્મણની સેવા માટે મુકરર કર્યા. તેઓ પાખંડધર્મ છોડી પવિત્ર વૈષ્ણવ બન્યા. પછી ક્રમે ત્રૈવેદ્ય અને ચાતુર્વેદ્ય જાતિનો રાજાએ ભેદ નક્કી કરી દરેકને જૂદા જૂદા નિયમો સ્વીકારાવ્યા. જે ગોભુજ શૂદ્રો જૈન થયા ન હતા અને બ્રાહ્મણ ભક્ત હતા તેઓ ઉત્તમ ગણાયા અને જેઓએ જૈન થઇને રામનું શાસન લોપ્યું હતું તેઓ દ્વિજસમાજમાં બહિષ્કૃત ગણાયા.

રાજા કુમારપાળે પેલા ૧૫૦૦૦ બ્રહ્માણો જેઓ રામેશ્વર ગયા ન હતા તેઓને વૃત્તિ હીન કરી ગામ બહાર રહેવાનું ફરમાવ્યું. રાજાએ કહ્યું પાખણ્ડીઓના સંસર્ગથી થએલું મારૂં પાપ તમારા પ્રણામથી નાશ પામો. હે વિપ્રો! તમે પ્રસન્ન થાઓ. એ સાંભળી ત્રૈવિદ્ય વિપ્રો બોલ્યા–થવાનું જરૂર થાય છે. નીલકંઠ પણ નમ થયા. મોઢવંશજ ત્રૈવિદ્ય અને ચાતુર્વેદ્ય એ રીતે થયા. ચાતુર્વિદ્યો સુખવાસક ગામમાં રહ્યા.

(સ્કંદપુરાણ ૩ બ્રહ્મખંડ અ૦ ૩૬-૩૭-૩૮ બંગાળી આવૃત્તિ)

ભાગવત

અરહત રાજા પાખંડી નીવડશે. કોક, વેંક, કુટક દેશમાં અર્હત નામનો રાજા રાજ્ય કરવાનો છે. તે ૠષભદેવનું આશ્રમાતીત પરમહંસયોગ્ય જીવન સાંભળશે. તેનો તે અભ્યાસ

કરશે. કળિયુગના પ્રભાવથી તેની બુદ્ધિ બગડશે અને તે નિર્ભય સ્વધર્મ છોડી સ્વબુદ્ધિથી પાખંડી મતનો પ્રચાર કરશે. કળિયુગમાં પહેલેથી બુદ્ધિ તો બગડેલી હોય જ, ને તેમાં વળી આ રાજા અધર્મનો પ્રસાર કરવા મંડે એટલે અર્થાત્ જ લોકો વર્ણાશ્રમ યોગ્ય આચાર છોડી દેશે. અને દેવોને અપમાન પહોંચાડનાર કામ કરશે. જેમકે સ્નાન આચમન ન કરવું, ગંદા રહેવું, લોચ કરવો અથવા વાળ કાપવા વિગેરે હલકાં કામો ઇચ્છાનુસાર કરશે. કળિયુગ એટલે અધર્મનું પીયર તેથી લોકોની બુદ્ધિ ભ્રષ્ટ થઇ એટલે દેવ, વેદ, બ્રાહ્મણ, યજ્ઞપુરુષ વિષે શ્રદ્ધાહીન નાસ્તિક થશે.

હે પરીક્ષિત! તે અરહત રાજાના કપોલકલ્પિત ધર્મને વેદનો આધાર હશે નહિ. તે અર્વાચીન ધર્મો ઉપર અરહત રાજાની પછી પણ બીજા લોકો અંધ પરંપરાથી ચાલશે અને તેઓ પોતેજ પોતાની મેળે અંધતમ નરકમાં પડશે.

(ભાગવત સ્કંધ ૫ અ૦ ૬ નિર્ણયસાગરની આવૃત્તિ)

કૂર્મપુરાણ

વૃદ્ધ (બૌદ્ધ?) શ્રાવક, નિર્ગ્રંથ (જૈનમુનિ) પંચરાત્રજ્ઞ કાપાલિક, પાશુપત અને તેઓના જેવાજ બીજા પાખંડી માણસો જેઓ દુષ્ટાત્મા અને તામસ સ્વભાવના છે તેઓ જેનું હવિ(શ્રાદ્ધભોજન) ખાય છે તેનું તે શ્રાદ્ધ આ લોક અને પરલોકમાં ફલપ્રદ થતું નથી.

નાસ્તિક, હૈતુક, વેદાનભિજ્ઞ અને બધા પાખંડીઓને ધર્મજ્ઞ માણસે પાણી પણ આપવું ન જોઇએ.

(કૂર્મપુરાણ અ૦ ૨૧ શ્લો૦ ૩૨-૩૩ પૃ૦ ૬૦૨ તથા પૃ૦ ૬૪૧ પં૦ ૧૫)

(નાટકવિષયક) પરિશિષ્ટ ૨

પ્રબોધચંદ્રોદય

શાંતિ—હે માતા! હે માતા! તું કયાં છે? મને તું દર્શન દે.

કરુણા—(ત્રાસપૂર્વક) હે સખિ! રાક્ષસ! રાક્ષસ!

શાંતિ—કોણ આ રાક્ષસ!

કરુણા—સખિ! જો, જો! જે આ ઝરતા મેલથી ચીકણી, બીભત્સ, દુઃખથી જોવાય તેવી શરીર છવિવાળો, વાળોનો લોચ અને વસ્ત્રોનો ત્યાગ કરેલ હોવાથી દુઃખથી જોવાય તેવો અને મોરની કલગી તથા પિચ્છિ હાથમાં રાખનાર આ તરફ જ આવે છે.

શાંતિ—આ રાક્ષસ નથી, કિન્તુ એ નિર્વીર્ય છે.

કરુણા—ત્યારે એ કોણ હશે?

શાંતિ—સખિ! પિશાચ હોય એવી શંકા થાય છે.

કરુણા—સખિ! ચળકતાં કિરણોની માળાથી લોકને પ્રકાશિત કરનાર સૂર્ય જ જ્યારે તપ્યો હોય ત્યારે પિશાચોનો કેવી રીતે અવકાશ સંભવે?

શાંતિ—ત્યારે તરત જ નરકના ખાડામાંથી ઉપર આવેલો કોઇ નારકી હશે. (જોઇ અને વિચારપૂર્વક) અરે સમજાયું! મહામોહે પ્રવર્તાવેલો આ દિગમ્બર સિદ્ધાંત છે.

તેથી આનું દર્શન સર્વથા દૂરથી જ પરિહરવું યોગ્ય છે. (એમ ધારી પરાઙ્મુખ થાય છે.)

કરુણા—સખિ! મુહૂર્ત માટે થોભ. જ્યાં સુધી હું અહીં શ્રદ્ધાને શોધું. (બંને તેમ જ ઉભાં રહ્યાં) (ત્યાર બાદ પ્રથમ વર્ણવ્યો તેવો દિગંબર સિદ્ધાંત પ્રવેશ કરે છે.)

દિગંબર—ઓમ્! અરિહન્તોને નમસ્કાર! નવદ્વારવાળી પુરીની અંદર આત્મા દિવાની જેમ રહ્યો છે. આ જિનવર કથિત પરમાર્થ છે. અને એ મોક્ષ સુખનો દાતા છે. અરે હે શ્રાવકો! સાંભળો સંપૂર્ણ પાણીથી પણ મલમય પુદ્‌ગલપિંડમાં શુદ્ધિ કેવી? નિર્મલ સ્વભાવવાળો આત્મા ઋષિઓની સેવાથી જાણી શકાય? શું એમ કહો છો કે ઋષિઓની પરિચર્યા કેવી? લ્યો તે સાંભળોઃ

ઋષિઓને દૂરથી ચરણોમાં પ્રણામ કરવા, સત્કારપૂર્વક મિષ્ટભોજન આપવું; તેમ જ સ્ત્રીઓની સાથે રમણ કરતા એવા તેઓની ઈર્ષ્યા ન કરવી. (નેપથ્ય સામું જોઈને) હે શ્રદ્ધે! પહેલાં આ તરફ (બંને ભયપૂર્વક નિહાળે છે) (ત્યારબાદ તેના જેવા જ વેષવાળી શ્રદ્ધા પ્રવેશ કરે છે.)

શ્રદ્ધા—રાજકુલ શું આજ્ઞા કરે છે?

(શાંતિ મૂર્ચ્છિત થઈ પડે છે.)

દિગંબર સિદ્ધાંત—તમે એક મુહૂર્ત પણ શ્રાવકોના કુટુંબને ન ત્યજશો.

શ્રદ્ધા—જેવી રાજકુલની આજ્ઞા.

(એમ કહી ચાલી ગઈ)

કરુણા—પ્રિય સખીએ ધીરજ રાખવી. માત્ર નામથી ભય ન પાવો. કારણ મેં હિંસા પાસેથી સાંભળ્યું છે કે પાખંડીઓને પણ તમોગુણની પુત્રી શ્રદ્ધા હોય છે. તેથી એ તામસી શ્રદ્ધા હશે.

શાંતિ—(આશ્વાસન મેળવી) એ એમ જ છે. કારણ કે દુરાચારયુક્ત અને દુઃખપૂર્વક જોવા યોગ્ય એવી આ અભાગણી (તામસી શ્રદ્ધા) સદાચારવાળી અને પ્રિયદર્શનવાળી માને કોઈ પણ રીતે અનુસરતી નથી. ભલે, ઠીક, ચાલો. આપણે બૌદ્ધાલયોમાં પણ તેની શોધ કરીએ.

(શાંતિ અને કરુણા જાય છે.)

(પછી હાથમાં પુસ્તકધારી ભિક્ષુરૂપ બૌદ્ધાગમ પ્રવેશે છે.)

ભિક્ષુ—(વિચાર કરીને) હે ઉપાસકો! સર્વ પદાર્થો ક્ષણિક તથા નિરાત્મક છે. તેમ જ બુદ્ધિગત આંતરિક છતાં બહાર હોય એમ ભાસે છે. સંપૂર્ણ વાસના ગળી જવાથી તેજ બુદ્ધિસંતતિ હમણાં વૈષયિક છાયા વિનાની ભાસે છે.

(થોડું ફરીને) અહો! આ બૌદ્ધ ધર્મ સારો છે, કેમકે એમાં સુખ અને મોક્ષ બંને છે. મનોહર ગુફા એ નિવાસસ્થાન છે. ઇચ્છાનુકૂળ વૈશ્ય સ્ત્રીઓ છે, જોઈએ ત્યારે મળે એવું ઇષ્ટભોજન, કોમળ પાથરણાવાળી સેજ, તરુણ યુવતિઓ દ્વારા શ્રદ્ધાપૂર્વક સેવાએલી એવી

ચાંદનીથી ઉજ્જવલ રાત્રીઓ, શરીર સમર્પણની ઉત્સવ ક્રીડાથી ઉત્પન્ન થતા આનંદ સાથે પસાર થાય છે.

કરુણા—સખિ ! આ કોણ ? નવા તાડના ઝાડ જેવો લાંબો લટકતા ગેરુઆ કપડાવાળો અને માત્ર ચોટલી રાખી મુંડાવેલ માથાવાળો એવો આ તરફ જ આવે છે ?

શાંતિ—સખિ ! એ બુદ્ધાગમ છે.

ભિક્ષુ—(આકાશ સામું જોઇને) હે ઉપાસકો અને ભિક્ષુઓ ! તમે બુદ્ધના વચનામૃત સાંભળો. (પુસ્તક વાંચે છે). હું દિવ્યદૃષ્ટિથી લોકોની સુગતિ અને દુર્ગતિ જોઉં છું. સર્વ સંસ્કારો ક્ષણિક છે. સ્થિર એવો આત્મા છે જ નહિ. માટે સ્ત્રીઓ ઉપર આક્રમણ કરતા એવા ભિક્ષુઓ પ્રત્યે ઇર્ષ્યા ન કરવી. કેમકે ઇર્ષ્યા એ ચિત્તનો મળ છે.

(નેપથ્ય સામે જોઇને) હે શ્રધ્ધે ! આમ આવ.

શ્રદ્ધા—(પ્રવેશ કરીને) રાજકુલ ! આપ ફરમાવો.

ભિક્ષુ—ઉપાસકો અને ભિક્ષુઓને ચિરકાળ સુધી વળગી રહે.

શ્રદ્ધા—રાજકુલની જેવી આજ્ઞા. (ચાલી ગઇ.)

શાંતિ—હે સખિ ! આપણુ તામસી શ્રદ્ધા.

કરુણા—એમ જ.

ક્ષપણક—(ભિક્ષુને જોઇ ઉંચે સાદે) રે ભિક્ષુક ! જરા આ તરફ. કાંઇ પણ પૂછું છું.

ભિક્ષુ—(ક્રોધથી) રે દુષ્ટ ! પિશાચ જેવી આકૃતિવાળા ! એમ શું બકે છે ?

ક્ષપણક—અરે ! ક્રોધ ત્યજ. કાંઇ શાસ્ત્રમાંથી પૂછું છું.

ભિક્ષુ—રે ક્ષપણક ! શાસ્ત્રની વાત પણ જાણે છે ? ભલે, જરાવાર પ્રતીક્ષા કરું છુ. (પાસે જઇને) શું પૂછે છે ?

ક્ષપણક—કહેને જરા. ક્ષણમાત્રમાં નાશ પામનાર એવો તું શાને માટે આ વ્રત ધારણ કરે છે ?

ભિક્ષુ—રે ! સાંભળ. અમારી સંતતિમાં પડેલો કોઇ વિજ્ઞાનરૂપ બીજે વાસના નષ્ટ કરી મુક્ત થશે.

ક્ષપણક—કોઇ પણ મન્વંતરમાં કોઇ પણ મુક્ત થશે ! તેથી હમણાં નષ્ટ થએલા એવા તારા ઉપર તે કેવો ઉપકાર કરશે ? બીજું પણ પૂછું છું. તને આવો ધર્મ કોણે ઉપદેશ્યો છે.

ભિક્ષુ—અવશ્ય સર્વજ્ઞ બુદ્ધ ભગવાને આ જ ધર્મ ઉપદેશ્યો છે.

ક્ષપણક—અરે અરે બુદ્ધ સર્વજ્ઞ છે એમ તેં શી રીતે જાણ્યું !

ભિક્ષુ—અરે તેના આગમોથી જ બુદ્ધ સર્વજ્ઞ છે એમ સિદ્ધ છે.

ક્ષપણક—હે ભોળી બુદ્ધિના ! જે તેના જ કથનથી તેનું સર્વજ્ઞપણું તું માને છે તો તું પણ બાપદાદાઓ સાથે સાતપેઢી થયાં અમારો દાસ છે એ હું પણ જાણું છું.

ભિક્ષુ—(ક્રોધથી) હે દુષ્ટ પિશાચ ! મેલનો કાદવ ધારણ કરનાર ! કોણ હું તારો દાસ?

ક્ષપણક—હે વિહારની દાસીઓના યાર ! દુષ્ટ પરિવ્રાજક ! આ દૃષ્ટાંત મેં જણાવેલ છે. તેથી તને પ્રિય કાંઇક વિશ્વસ્તપણે કહું છું. બુદ્ધનું શાસન ત્યજી આર્હત શાસનને અનુસરી દિગમ્બરમતને ધારણ કર.

ભિક્ષુ—અરે! પોતે નષ્ટ થયો. હવે બીજાઓને નષ્ટ કરે છે? એવો કોણ સારો માણસ છે કે શ્રેષ્ટ સ્વરાજ છોડી તારી પેઠે લોકમાં નિંદાપાત્ર પિશાચપણાને ઇચ્છે? વળી અરિહંતોના ધર્મજ્ઞાનની પણ શ્રદ્ધા કોણ રાખે છે?

ક્ષપણક—ગ્રહનક્ષત્રોની ગતિ અને સૂર્ય, ચંદ્ર ગ્રહણનું તાત્ત્વિક જ્ઞાન, તેમજ નષ્ટ વસ્તુની પ્રાપ્તિનું સંધાન એ જોવાથી ભગવાનનું સર્વજ્ઞપણું સાબિત જ છે.

ભિક્ષુ—અનાદિ કાળથી ચાલતા જ્યોતિશ્ચક્રના જ્ઞાનથી ઠગાએલ ભગવાને આ અતિદુઃખદ વ્રત આચર્યું છે. દેહ પ્રમાણે જીવ સંબંધ વિના ત્રણે લોકને કેવી રીતે જાણે છે? શું સુંદર ઝાળવાળો ઘટમાં મુકેલો દીવો ઘરની અંદર પણ રહેલા પદાર્થોને પ્રકાશિત કરે? તેથી બંને લોકથી વિરુદ્ધ એવા આર્હત મતથી શ્રેષ્ટ બૌદ્ધ મતને જ સાક્ષાત સુખજનક અને અત્યંત રમણીય અમે જોઈએ છીએ.

શાંતિ—સખી! બીજે જઈએ.

કરુણા—ભલે એમ જ. (બંને ચાલે છે).

શાંતિ—(સામે જોઇને) આ સોમ સિદ્ધાંત. ઠીક અહીં પણ અનુસરીએ (સારબાદ કાપાલિકરૂપ ધારી સોમસિદ્ધાંત પ્રવેશે છે).

સોમસિદ્ધાંત—(ફરીને) મનુષ્યના હાડકાંની માળાથી ભૂષિત, સ્મશાનવાસી, મનુષ્યની ખોપરીમાં ભોજન કરનાર એવો હું યોગાંજનથી શુદ્ધ થએલ નેત્રવડે પરસ્પર ભિન્ન એવા જગતને ઇશ્વરથી અભિન્ન જોઉં છું.

ક્ષપણક—આ કયો પુરુષ કાપાલિક વ્રતને ધારણ કરે છે? માટે એને પણ પૂછું. રે કાપાલિક! મનુષ્યઅસ્થિની માળા ધારણ કરનાર! તારો ધર્મ અને મોક્ષ કેવો છે?

કાપાલિક—હે ક્ષપણક! અમારા ધર્મને સમજી લે. અગ્નિમાં મગજ, આંતરડાં, ચરબીથી પૂર્ણ માંસની આહુતિઓ આપતા એવા અમારૂં પારણું બ્રાહ્મણની ખોપરીમાં ભરેલ દારૂ પીને થાય છે, તુરતના કાપેલ કઠોર ગળામાંથી ઝરતા લોહીની ધારથી ચળકતા એવા પુરુષનાં બલિદાનોથી પૂજવા યોગ્ય મહાભૈરવ અમારો દેવ છે.

ભિક્ષુ—(કાન બંધ કરીને) બુદ્ધ! બુદ્ધ! અહો ભયંકર ધર્માચરણ!

ક્ષપણક—અરિહંત! અરિહંત! અહો ઘોર પાપ કરનાર કોઇએ આ બિચારાને ઠગ્યો છે.

કાપાલિક—(ક્રોધ સાથે) હે પાપ! હે નીચ પાખંડી! મુંડેલ માથાના! ગુચ્છાદાર કેશવાળા! વાળ ઉખાડી ફેંકનાર! અરે! ચૌદ લોકની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહારનો પ્રવર્તક, વેદાન્તમાં પ્રસિદ્ધ એવા સિદ્ધાન્તના વૈભવવાળા ભગવાન્ ભવાનીપતિ ઠગનાર છે? ત્યારે આ ધર્મનો મહિમા બતાવીએ. હરિહરઇન્દ્ર વિગેરે શ્રેષ્ઠ દેવોને હું ખેંચી લાવું છું, આકાશમાં ચાલતા નક્ષત્રોની ગતિઓ પણ હું રોકું છું, પહાડ અને નગરો સહિત આ પૃથ્વીને જલપૂર્ણ કરીને સંપૂર્ણ તે પાણી ફરી ક્ષણમાત્રમાં પી જાઉં છું; એ વાત તું સમજી જા.

ક્ષપણક—હે કાપાલિક! એથી જ હું કહું છું કે કોઇ ઇન્દ્રજાળીઆએ માયા બતાવી તને ઠગ્યો છે.

કાપાલિક—હે પાપ ! ફરી પણ પરમેશ્વરને ઈન્દ્રજાલિક કહી આક્ષેપ કરે છે ? તેથી આનું દુષ્ટપણું સહન કરવું યોગ્ય નથી. (તરવાર ખેંચીને) તો ખૂબ સારી રીતે આના આ વિકરાળ તરવારથી કાપેલ ગળાની નાળમાંથી નીકળતા ફીણદાર અને પરપોટાથી ભરેલા લોહીથી ડમડમ કરતા ડમરુના ખડખડાટથી આહ્વાન કરાએલ ભૂતવર્ગોની સાથે મહાભૈરવીને તર્પણ આપું છું. (એમ કહી તરવાર ઉગામે છે.)

ક્ષપણક—(ભયથી) હે મહાભાગ ! અહિંસા એ પરમધર્મ છે. (એમ કહી ભિક્ષુના ખોળામાં ગરી જાય છે.)

ભિક્ષુ—(કાપાલિકને વારતો) હે ભાગ ! કુતુહલમાં થએલ વાક્કલહમાત્રથી એ બિચારા ઉપર પ્રહાર કરવો યોગ્ય નથી. (કાપાલિક તરવાર પાછી ખેંચી લે છે.)

ક્ષપણક—(આશ્વાસન મેળવી) મહાભાગે જો પ્રચંડ ક્રોધાવેશને શમાવ્યો હોય તો હું કાંઇક પૂછવા ઇચ્છું છું.

કાપાલિક—પૂછ.

ક્ષપણક—તમારો પરમધર્મ સાંભળ્યો. હવે સુખ અને મોક્ષ કેવો છે ?

કાપાલિક—સાંભળ ક્યાંય પણ વિષયો વિના સુખ નથી જોયું આનંદાનુભવ વિનાની જીવદશારૂપ પાષાણ જેવી જડ મુક્તિને કોણ ચાહે ? મુક્ત પુરુષ પાર્વતી જેવી સુંદર સ્ત્રી વડે સાનંદ આલિંગન પામી ક્રીડા કરે છે. એમ ચંદ્રશેખર ભવાનીપતિએ ભાખ્યું છે.

ભિક્ષુ—હે મહાભાગ ! સરાગને મુક્તિ એ વાત શ્રદ્ધા કરવા જેવી નથી.

ક્ષપણક—હે કાપાલિક ! જો ગુસ્સે ન થા તો કહું છું. શરીરધારી અને રાગી મુક્ત થાય એ પરસ્પર વિરુદ્ધ છે.

કાપાલિક—(મનમાં) અયે ! આ બન્નેનું મન અશ્રદ્ધાગ્રસ્ત છે. માટે આમ થવા દો. (ખુલ્લું) હે શ્રદ્ધે ! જરા આ તરફ.

(ત્યારબાદ કપાલિનીનું રૂપ ધારણ કરતી શ્રદ્ધા પ્રવેશે છે.)

કરુણા—હે સખિ જો, જો ! રજસ્તી પુત્રી શ્રદ્ધા. જે આ શોભતાં નીલકમલનાં જેવાં લોચનવાળી, મનુષ્યાસ્થિની માળાથી ભૂષિત, નિતંબ અને પુષ્ટસ્તનના ભારથી મંદ એવી આ પૂર્ણચંદ્ર જેવા મુખવાળી વિલાસિની છે.

શ્રદ્ધા—(ફરીને) આ રહી હું. હે સ્વામી ફરમાવો.

કાપાલિક—હે પ્રિયે પહેલાં એ દુરભિમાની ભિક્ષુને પકડ. (શ્રદ્ધા ભિક્ષુને ભેટે છે.)

ભિક્ષુ—(આનંદપૂર્વક ભેટી રોમાંચ બતાવી કાનમાં) અહો ! કપાલિનીનો સ્પર્શ સુખદાયી છે. કેમકે તીવ્રરાગથી ભુજયુગલવડે મર્દિત પુષ્ટસ્તન ભારવડે મેં માત્ર કેટલીક જ રાંડોને ગાઢ નથી આલિંગી જો કપાલિનીના પીન અને ઉન્નત સ્તનના આલિંગનથી ઉત્પન્ન થએલ હર્ષાતિરેક ક્યાંય પણ પ્રાપ્ત થયો હોય તો હું સેંકડો વાર બુદ્ધોના સોગન ખાઉં છું. અહો ! કાપાલિકની ચર્યા પવિત્ર છે. સોમસિદ્ધાંત પ્રશંસનીય છે. આ ધર્મ આશ્ચર્યકારી છે.હે મહાભાગ ! હવે અમે બિલકુલ બુદ્ધનું

શાસન ફેંક્યું. અને મહાદેવના સિદ્ધાંતમાં દાખલ થયા છીએ. તેથી તું આચાર્ય અને હું શિષ્ય છું. મને પરમેશ્વરી દીક્ષામાં દાખલ કર.

ક્ષપણક—અરે ભિક્ષુક! કપાલિનીના સ્પર્શથી તું દૂષિત થયો છે. તેથી તું દૂર ખસ.

ભિક્ષુ—હે પાપી! તું કપાલિનીના સ્પર્શાનંદથી વંચિત છે.

કાપાલિક—હે પ્રિયે! ક્ષપણકને પકડ. (કપાલિની ક્ષપણકને ભેટે છે.)

ક્ષપણક—(રોમાંચપૂર્વક) અહો અરિહંત! અહો અરિહંત! કપાલિનીનું સ્પર્શ સુખ! હે સુંદરી! દે, દે ફરી પણ અંકપાલી—ઉત્સંગ ભાગ અરે મહાન્ ઇન્દ્રિયવિકાર ઉપસ્થિત થયો. ત્યારે છે કોઇ ઉપાય? અહીં શું યોગ્ય છે? ઠીક, પીંછીથી ઢાંકીશ. અયિ! પુષ્ટ અને સઘન સ્તનથી શોભતી, ભયભીત મૃગના જેવાં લોચનવાળી, તું કપાલિની જો ભાવોવડે રમણ કરે તો શ્રાવકો શું કરશે? અહો! કાપાલિકનું દર્શન જ એક સુખ મોક્ષનું સાધન છે. હે કાપાલિક! હવે હું તારો દાસ થયો. મને પણ મહાભૈરવના શાસનમાં દીક્ષા આપ.

કાપાલિક—બેસી જાવ. (બંને તેમ કરે છે.)

(કાપાલિક ભાજન લઇને ધ્યાન ધરે છે.)

શ્રદ્ધા—ભગવન્! દારૂથી ભાજન ભરેલું છે.

કાપાલિક—(પીને બાકીનું ભિક્ષુ અને ક્ષપણકને અર્પે છે.)

આ પવિત્ર અમૃત પીઓ. એ ભવનું ભેષજ છે. એને ભૈરવ પશુપાશ(સંસારબંધ)ના નાશનું કારણ કહે છે. (બંને વિચારે છે.)

ક્ષપણક—અમારા આર્હત શાસનમાં મદ્યપાન નથી.

ભિક્ષુ—કેવી રીતે કાપાલિકનું એંઠું મદ્ય પીશ?

કાપાલિક—(વિચાર કરીને, ખાનગી) હે શ્રદ્ધે! શું વિચાર કરે છે? આ બંનેનું પશુત્વ હજી પણ દૂર થતું નથી. તેથી એઓ મારા મુખના સંસર્ગ દોષથી મદ્યને અપવિત્ર માને છે. તેથી તું જ પોતાના મુખના મદ્યથી પવિત્ર કરી એ સુરા આ બંનેને ભેટ કર. કારણ સ્મૃતિકારો પણ કહે છે કે સ્ત્રીઓનું મુખ તો સદા શુચિ છે.

શ્રદ્ધા—જેવી ભગવાનની આજ્ઞા. (પાન પાત્ર લઇ (પીઇને) તેમાંથી બચેલું મદ્ય આપે છે.)

ભિક્ષુ—મોટી કૃપા. (એમ કહી પ્યાલો લઇ પીએ છે) મદ્યનું સૌંદર્ય આશ્ચર્યકારી છે. અમે વિકસ્વર બકુલપુષ્પના સુગંધ જેવી મધુર અને સ્ત્રીના મુખથી એંઠી એવી સુરા વેશ્યાઓની સાથે કેટલીયેવાર અવશ્ય પીધી છે. અમને લાગે છે કે કપાલિનીના મુખમદ્યથી સુગંધિત થએલ આ મદિરાને નહિં મેળવીનેજ દેવગણ અમૃતની સ્પૃહા કરે છે.

ક્ષપણક—હે ભિક્ષુ! બધું ન પી. કપાલિનીના મુખથી એંઠી મદિરા મારે માટે પણ રાખ.

(ભિક્ષુ ક્ષપણકને પ્યાલો ધરે છે.)

ક્ષપણક—પીને અહો! સુરાની મધુરતા અજબ છે.

સ્વાદ અજબ છે, ગંધ અજબ છે અને સૌરભ પણ અજબ છે! લાંબો વખત

થયાં આર્હત શાસનમાં પડેલો હું આવા સુરારસથી વંચિત જ રહી ગયો. હે ભિક્ષુ ! મારાં અંગો ભમ છે. ત્યારે સુઇ જઇશ.
ભિક્ષુ—એમ કર. (બંને તેમ કરે છે.)
કાપાલિક—હે પ્રિયે ! મૂલ્ય વિના જ એ દાસો તો ખરીદી લીધા.તેથી જરા નાચીએ (બંને નાચેછે.)
ક્ષપણક—અરે ભિક્ષુ ! કાપાલિક અથવા આચાર્ય કપાલિની સાથે સુંદર નાચે છે. માટે એઓની સાથે આપણે પણ નાચીએ.
ભિક્ષુ—આચાર્ય ! આ દર્શન અત્યંત આશ્ચર્યકારી છે. જેમાં ક્લેશ વિના જ ઇષ્ટ અર્થો સિદ્ધ થાય છે.

(કેફથી સ્ખલનાપૂર્વક નાચે છે.)

ક્ષપણક—(અયિ પીનસ્તની ઇત્યાદિ પ્રથમનું જ બોલીને.)
કાપાલક—તું એ કેટલું આશ્ચર્ય જોયાં કરે છે?

\+ + + + + +

ક્ષપણક—મહારાજ મહામોહની આજ્ઞાથી સત્ત્વની પુત્રી શ્રદ્ધાને લાવો.
કાપાલિક—કહે કયાં છે દાસીની પુત્રી ! આ હું તેને જલદી જ વિદ્યાબળથી લાવું છું.
ક્ષપણક—(ખડી લઇ ગણિત કરે છે.)
શાંતિ—સખિ ! અભાગિઆઓનું આ માતા વિષે જ સંભાષણ સાંભળું છું. તે ધ્યાનપૂર્વક સાંભળીએ.
કરુણા—હે સખિ ! એમ કરીએ.
ક્ષપણક—(ગાથા ગણીને) જળમાં, સ્થળમાં, ગિરિગહ્વર કે પાતાળમાં નથી. તે વિષ્ણુભક્તિની સાથે મહાત્માઓના હૃદયમાં વસે છે.
કરુણા—(સહર્ષ) સખિ ! ભાગ્ય ચઢિયાતું છે કે શ્રદ્ધા દેવી વિષ્ણુભક્તિની પાસે જ છે.
શાંતિ—(હર્ષ સૂચવે છે.)
ભિક્ષુ—કામથી મુક્ત એવા ધર્મની પ્રવૃત્તિ કયાં છે?
ક્ષપણક—(ફરી ગણીને) જળ, સ્થળ, ગિરિગહ્વર કે પાતાળમાં નથી. તે તો વિષ્ણુભક્તિની સાથે જ મહાત્માના હૃદયમાં વસે છે.

\+ + + + + +

શ્રદ્ધા—ત્યારબાદ હે દેવી ! દુષ્ટ મહામોહે પાખંડ તર્ક સાથે બધા પાખંડ આગમોને લડાઇ માટે પ્રથમ મોકલ્યા. એટલામાં અમારા પણ સૈન્યને મોખરે વેદ, ઉપવેદ, અંગ, ઉપાંગ, પુરાણ, ધર્મશાસ્ત્ર, ઇતિહાસ આદિથી શોભતી સરસ્વતી પ્રકટ થઈ.
વિષ્ણુભક્તિ—પછી પછી !
શ્રદ્ધા—હે દેવી ! પછી વૈષ્ણવ, શૈવ, અને સૌર આદિ આગમો સરસ્વતીદેવી સન્મુખ આવ્યા.
વિષ્ણુભક્તિ—પછી, પછી !
શ્રદ્ધા—બાદ સાંખ્ય, ન્યાય, કણાદ, મહાભાષ્ય, પૂર્વમીમાંસા આદિ દર્શનોથી વેષ્ટિત વેદત્રયી જાણે ત્રિનેત્ર કાત્યાયની હોય તેમ સરસ્વતી સન્મુખ પ્રકટ થઇ.

શાંતિ—એ વિરોધી દર્શનો એકત્ર કેમ મળ્યાં ?

શ્રદ્ધા—હે પુત્રી શાંતિ ! એ દર્શનો જો કે પરસ્પર વિરોધી છે, છતાં બધાં વેદપ્રસૂત હોવાથી જ્યારે વેદનો કોઇ વિરોધ કરે ત્યારે બધાં એકરૂપી થઇ વેદવિરોધીની સામે થાય છે.

વિષ્ણુભક્તિ—પછી, પછી !

શ્રદ્ધા—હે દેવી ! ત્યારબાદ મહામોહના એ પાખંડ દર્શનો અને અમારા આસ્તિક દર્શનો વચ્ચે ભયંકર યુદ્ધ થયું. તેમાં એ પાખંડીઓએ લોકાયતશાસ્ત્રને આગળ કર્યું હતું. પણ તેતો અંદરોઅંદર સૌના સંઘર્ષણથી જ નષ્ટ થયું. અને બીજા પાખંડી આગમો તો સત્ય આગમરૂપ સમુદ્રના પ્રવાહમાં બિલકુલ છિન્નભિન્ન થઈ ગયા. બૌદ્ધો સિંધ, ગાંધાર, પારસિક, આન્ધ્ર, હૂણ, વંગ, કલિંગ, આદિ મ્લેચ્છપ્રચુર દેશોમાં દાખલ થઇ ગયા. પાખંડ, દિગમ્બર, કાપાલિક, વિગેરે તો પામર લોકોથી ભરેલા પંચાલ, માલવ. આભીર, આવર્ત ભૂમિમાં દરિઆ નજીક છૂપી રીતે સંચરે છે. ન્યાયયુક્ત મીમાંસાના પ્રહારથી જર્જરિત થએલા એ નાસ્તિકોના તર્કો તેજ પાખંડી આગમોની પાછળ પાછળ પલાયન કરી ગયા. (પ્રબોધચંદ્રોદય અંક ૩ પૃષ્ઠ. ૯૯)

(દર્શનવિષયક) પરિશિષ્ટ ૩

તંત્રવાર્તિક

સાંખ્ય, યોગ, પાંચરાત્ર, પાશુપત, બૌદ્ધ અને જૈનદર્શને માનેલાં ધર્માધર્મનાં કારણોને કોઇ ત્રણવેદનો જ્ઞાતા સ્વીકારતો નથી. એ એ દર્શનોની માન્યતાઓમાં પણ વેદની છાયા તો આવી જ ગઇ છે. તે તે દર્શનના આદ્ય પુરૂષે એ માન્યતાઓને ચલાવવામાં ખાસ ઉદ્દેશ તરીકે લોકસંગ્રહ, લાભ, પૂજા, અને ખ્યાતિને રાખેલાં છે તથા એ માન્યતાઓ વેદત્રયથી વિપરીત છે, દૃષ્ટ શોભા ઉપર નિર્ભર છે, પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને અર્થાપત્તિ વગેરે પ્રમાણોની યુક્તિઓ દ્વારા સ્થપાએલી છે. તથા એ માન્યતાના પ્રવર્તકોએ એ માન્યતાઓને શ્રુતિ સ્મૃતિમાં મળતાં અહિંસા, સત્ય, દમ, દાન અને દયા વગેરેના ભાવનો ઢોળ ચડાવીને પોતાની સિદ્ધિના પ્રભાવે (એટલે ઝેર ઉતારવાની વિદ્યા, વશીકરણની વિદ્યા, ઉચ્ચાટનવિદ્યા, ઉન્માદનવિદ્યા—મૂઠ મારવાની વિદ્યા–વગેરે કોઇ સિદ્ધિના પ્રભાવે) આજીવિકા માટે ચલાવેલા છે.

\+ \+ \+ \+ \+ \+

જો અમે અમારો અનાદર દર્શાવીને એ માન્યતાઓની ઉપેક્ષા કરીને જ બેસી રહીએ અને એ માન્યતાઓનું અપ્રામાણિકપણું ન ઠરાવીએ તો બીજાઓ પણ 'એ માન્યતાઓનું અપ્રામાણિકપણું ન જ ઠરી શકે' એમ માનીને સમદષ્ટિ બની જાય અથવા એ એ માન્યતાઓની શોભા સુકરતા અને તર્કયુક્તતા જોઇને કે કળિકાળને લીધે યથોક્ત પશુહિંસા વગેરેનો ત્યાગ કરી ભ્રમમાં પડી જાય.

જે પોતે જાતે ક્ષત્રિય હોવા છતાં ક્ષત્રિયોચિત ધર્મનો ત્યાગ કરી ઉપદેશકનો અને ભિક્ષુનો ધર્મ સ્વીકારે એવા તે સ્વધર્માતિક્રમી મનુષ્ય વિષે 'એ શુદ્ધ ધર્મનો ઉપદેશ કરશે' એવો તે કાંઈ વિશ્વાસ રાખી શકાય ?

જે મનુષ્ય પરલોક વિરૂદ્ધ પ્રવૃત્તિઓ કરે છે તેનો ત્યાગ દૂરથી જ કરવો જોઇએ— જે પોતાની જાતને છેતરે છે તે બીજાનું હિત શી રીતે કરી શકે ?

આ પ્રકારનો ધર્મવ્યતિક્રમ (ધર્મવટાળ) બુદ્ધ વગેરેએ કરેલો છે અને એ હકીકત અલંકારબુદ્ધિ નામના ગ્રંથકારે આ પ્રમાણે જણાવેલી છે.

"લોકમાં જે કાંઇ કાળાં કામ થાય છે તે બધાનો ભાર મારા ઉપર આવો અને લોક એ કાળાં કામના પરિણામથી મુક્ત બનો" આ જાતનો વિચાર એ અલંકાર બુદ્ધિએ બુદ્ધના નામે જણાવેલો છે. એથી એમ જણાય છે કે, તે બુદ્ધ પોતાના ક્ષાત્ર ધર્મનો ત્યાગ કરી લોકહિતને માટે બ્રાહ્મણોચિત ઉપદેશકધર્મને સ્વીકારેલો અને સ્વધર્મનો અતિક્રમ કરેલો.—તંત્રવાર્તિક પૃ૦ ૧૧૬

શાંકરભાષ્ય

વળી બાહ્યાર્થવાદ, વિજ્ઞાનવાદ, શૂન્યવાદ, એ પરસ્પર વિરુદ્ધ ત્રણે વાદોનો ઉપદેશ કરતા બુદ્ધે પોતાનું અસમ્બદ્ધપ્રલાપી પણું સ્પષ્ટ કર્યું છે. અથવા લોકો ઉપર બુદ્ધનો એવો પ્રદ્વેષ છે કે આ બધી પ્રજા પરસ્પર વિરુદ્ધ અર્થનું જ્ઞાન કરી મોહમાં પડે.

શાંકર ભા૦ અ૦ ૨, પા૦ ૨, સૂ૦ ૩૨.

સાંખ્યતત્ત્વ કૌમુદી

આપ્ત કથનથી અયુક્ત એવા શાક્યભિક્ષુ, નિર્ગ્રંથિક, સંસારમોચક વગેરે આગમા— ભાસોનું નિરાકરણ થાય છે. એ આગમોનું અયુક્તપણું નીચેનાં કારણોથી જાણવું.

૧ મનુ વગેરેએ નિંદા કરી છે માટે.

૨ વેદરૂપ મૂળ રહિત છે માટે.

૩ પ્રમાણ વિરૂદ્ધ અર્થને કહે છે માટે.

૪ કોઇક જ મ્લેચ્છ વગેરેએ અને પશુ જેવા અધમ પુરૂષોએ સ્વીકાર કરેલો છે માટે.

સાંખ્યતત્ત્વ કૌમુદી પૃ૦ ૪૧–૪૨ (કલકત્તા આવૃત્તિ).

ગૂર્જર રાજધાની

નૃસમુદ્ર અણહિલ્લવાડ

[વાલજી ગોવિન્દજી દેસાઇ]

વનરાજે સંવત્ ૮૦૨ ના વૈશાખ શુદિ ૨ ને સોમવારે અણહિલ્લવાડની સ્થાપના કરી. સ્થાપક સિંહ જેવો શૂરો હતો. સ્થાન પણ જ્યાં સસલાએ કૂતરાને ત્રાસ પમાડેલ એવી 'શૂરભૂમિ' હતું. સ્થાપનાનું મુહૂર્ત પણ શ્રેષ્ઠ હતું. એટલે વનરાજ પચ્છી રાજા થયા તેમણે ઉત્તરમાં શાકંભરી (સાંભર અજમેર પાસે છે તે), પૂર્વમાં માળવા, દક્ષિણમાં કોંકણ અને પશ્ચિમમાં સૌરાષ્ટ્ર તથા કચ્છ જિતીને દિગ્વિજય કર્યો. અને ત્યાં વિદ્વાન્ પણ એવા જ પાકયા, તેમણે પોતાને, પોતાના દેશને તથા પોતાના રાજાઓને સાહિત્યલોકમાં અમર કરી દીધા.

અણહિલ્લવાડનાં સંસ્કૃત પ્રાકૃતમાં વર્ણન લખાણાં છે, એટલાં બીજાં બહુ નગરનાં નથિ લખાણાં. એ વર્ણનમાંથી વીણી વીણીને આ નીચે કેટલુંક ઉતાર્યું છે. આટલું રૂડી રીતે ભણે નહિ ત્યાં સુધી કોઇ ગૂજરાતી ભણ્યો ન કહેવાય.

(૧)

જયમંગલાચાર્ય

[સિદ્ધરાજે ગ્રથિલ (ગહિલા, ગહેલા, ઘેલા) જયમંગલસૂરિને અણહિલ્લવાડનું વર્ણન કરવા કહ્યું, એટલે સૂરિએ નીચલો શ્લોક કહ્યો હતો, એટલે શ્લોક વિક્રમના બારમા શતકના ઉત્તરાર્ધમાં રચાયેલ હોવો જોઇએ. શ્લોકમાં સૂત્થાનતા છે ત્યાં મૂળ ચાતુર્યતા હતું તે સુધારી લીધું છે.]

एतस्यास्य पुरस्य पौरवनितामूत्थानतानिर्जिता ।
मन्ये हन्त सरस्वती जडतया नीरं वहन्ती स्थिता ।
कीर्त्तिस्तम्भमिषोच्चदण्डरुचिरामुत्सृज्य वाहोवला- ।
तन्त्रीकां गुरुसिद्धभूपतिसरस्तुम्बां निजां कच्छपीम् ॥

આ નગરની સ્ત્રીઓની ચાતુરીથી હારી જઈને સરસ્વતી દેવી જાણે જડ (= ૧ મંદ, ૨ જળ, પાણી; ડલનો અભેદ મનાય છે) થઈ જઈને નદીરૂપે પાણી વહતી (ભરતી) રહી છે એમ મને લાગે છે. મહારાજા સિદ્ધરાજે ખોદાવેલ તુંબડાના આકારનું સહસ્રલિંગ સરોવર છે એ જાણે સરસ્વતીએ ફગવી દીધેલ વીણા છે. કીર્ત્તિસ્તંભ છે તે જાણે એ વીણાનો ઉંચો દંડ છે. અને સરોવર કાંઠે છોડ ઉગ્યા છે તે જાણે વીણાના તાર છે.

(૨)

હેમચન્દ્રાચાર્ય–કુમારપાલચરિત (પ્રાકૃત દ્વ્યાશ્રય)

પોતે રચેલા વ્યાકરણમાં બાંધેલ નિયમોનાં ઉદાહરણની સાથે સાથે અણહિલ્લવાડના રાજાઓનું ચરિત હેમચન્દ્રે દ્વયાશ્રય મહાકાવ્યમાં આપ્યું છે. દ્વયાશ્રય વિક્રમના તેરમા

શતકના પ્રથમ ચરણમાં રચાયેલ છે. વ્યાકરણનાં અનિયમિત તથા અપરિચિત રૂપમાત્રનો સમાવેશ કરવાનો નિશ્ચય કરીને માણસ કવિતા રચવા બેસે, એની કવિતામાં 'કવિતાપણું' ક્યાંથી રહે ? બે ઘોડે કેમ કરીને ચડાય ? બે ઘરનો પરોણો ક્યાંથી ખાવાબેલો થાય ? એટલે કવિતા વ્યાકરણના બોઝા તળે ખુંદાઈ ગઈ છે, અને અત્યન્ત ક્લિષ્ટ તથા દુર્બોધ બની છે. દ્વયાશ્રયના સંસ્કૃત તથા પ્રાકૃત બેય વિભાગમાં પ્રથમસર્ગમાં અણહિલવાડનું વર્ણન છે, તેમાં પ્રાકૃત વધારે ઠીક છે, એટલે તે પ્રથમ આપ્યું છે, ને પચ્છી સંસ્કૃત આપ્યું છે.]

अत्थि अणहिल्लनगरं अन्ता-वेईसमाइ-निव-निचिअं ।
सत्तावीसइ-मुत्तिअ-भूसिअ-जुवइ-जण-पइ-हरयं ॥ २ ॥
(अस्ति अणहिल्लनगरं अन्तर्वेदीशादिनृपनिचितम् ।
सप्तविंशतिमौक्तिकभूषितयुवतिजनपतिगृहकम् ॥)

અણહિલ્લનગર એક પુર છે, જ્યાં અન્તર્વેદિ (ગંગાયમુનાના મધ્યનો દેશ)નો રાજા તથા બીજા અનેક રાજાઓ કુમારપાળ રાજાની સેવામાં રહે છે, અને જ્યાં સત્તાવીશ મોતીના હારથી વિભૂષિત તરુણીઓ તેમના પતિના ઘરને ઉજ્જ્વલ કરે છે.

तिअस-वई-हर-वहु-मुह-आदरिसीहूय-फलिह-सिल-सिहरो ।
जस्सि पुहइ-वहू-मुह-अवयंसा सहइ पायारो ॥ ३ ॥
(त्रिदशपतिगृहवधूमुखादर्शीभूतस्फटिकशिलाशिखरः ।
यस्मिन् पृथ्वीवधूमुखावतंसः शोभते प्राकारः ॥)

જે નગરમાં પૃથ્વીમહિલાના મુખની શોભા સમાન કોટ આવી રહેલ છે, તેનાં સ્ફટિકશિલાનાં બનાવેલ શિખર દેવાંગનાઓને પોતાનું મુખ જોવા સારું અરીસાનો અર્થ સારે છે.

निव-सह-मुहावयंसा विइया गुरुणो अवीय-गुण-निवहा ।
निवसन्ति अणेग-बुहा जस्सि पुहवीस-सलहिज्जे ॥ ४ ॥
(नृपसभामुखावतंसा द्वितीया गुरवोऽद्वितीयगुणनिवहाः ।
निवसन्ति अनेकबुधा यस्मिन् पृथिवीशश्लाघ्ये ॥)

રાજાઓની પ્રશંસા પામતા જે નગરમાં અનેક બુધ (ડાહ્યા માણસો) રહે છે, તેઓ રાજસભાના ભૂષણરૂપ છે, બુદ્ધિ વિષયે બીજા બૃહસ્પતિ જેવા છે, અને ગુણસમુદાયમાં અદ્વિતીય છે.

न हु अत्थि नवि अ हूअं इह लोए अइसएण जस्स समं ।
मुउरिस-ठाणं अमुरिस-रहिअं सालाहणपुरंपि ॥ ५ ॥
(न खलु अस्ति नापि च भूतमिहलोके अतिशयेन यस्य समम् ।
सुपुरुषस्थानं असुपुरुषरहितं सातवाहनपुरमपि ॥)

શાલિવાહનનું નગર પ્રતિષ્ઠાન સજ્જનનું સ્થાન હતું, ને દુર્જનથી રહિત હતું, તો પણ તે જે નગરની સમાન નહોતું, અને જેના જેવું નગર આ જગતમાં નથિ, નહોતું ને હવે પણ નહિ.

जस्सिं नमन्त–सीसो तीयसीसोवि हु तवं तवन्ताण।
तेलुक्क–सज्जणाणं थुणइ स–भिक्खूण सद्धाए ॥ ६ ॥
(यस्मिन् नमच्छीर्षः त्रिदशेशोऽपि खलु तपस्तप्यमानानाम्।
त्रैलोक्यसज्जनानां स्तौति सद्भिक्षूणां श्रद्धया॥)

જે નગરમાં તપ તપતા ત્રણે લોકના મિત્ર સમાન સાધુઓને ઇન્દ્ર પણ શ્રદ્ધાપૂર્વક માથું નમાવે છે અને સ્તવે છે.

तेअ–दुरालोएहिं अन्तो–उवरिं घराण रयणेहिं।
छूढव्व निरवसेसा सरिआहिव–संपया जत्थ ॥ ८ ॥
(तेजोदुरालोकैः अन्तः उपरि गृहाणां रत्नैः
क्षिप्ता इव निरवशेषाः सरिदधिपसंपदो यत्र ॥)

જે નગરમાં ઘરોની અન્દર તથા ઉપર નેત્રને આંજી નાખનારાં રત્ન પડયાં હોય છે, એટલે જાણે રત્નાકર સમુદ્રની સંપત્તિમાત્ર આંહીં આવીને ન પડી હોય એમ ભાસે છે.

विज्जु–चलं महुर–गिरो दिन्तो लच्छि जणो छुहत्ताण।
भिसओ खु जहा सरओ दिसाण पाउस–किलन्ताण ॥९॥
(विद्युच्चलां मधुरगिरो यच्छल्लक्ष्मीं जनो क्षुधार्त्तानाम्।
भिषक् खलु यथा शरद् दिशां प्रावृट्क्लान्तानाम् ॥)

જેમ શરદતુ વર્ષાથી કલુષિત થયેલી દિશાઓને લક્ષ્મી (સ્વચ્છતારૂપ શોભા) આપે છે, તેમ જે નગરમાં લોકો વૈદ્યની પેઠે પ્રિયવચનપૂર્વક ભૂખે પીડા પામતા માણસોને વીજળી જેવી ચંચળ લક્ષ્મી (ધન) આપે છે.

जत्थच्छरस–मण–हरो वहूहि रमिरोवि अच्छर–समाहिं।
दीहाऊवि अदीहाउस–माणी सइ विवेइ–जणो ॥१०॥
(यत्राप्सरोमनोहरो वधूभिः रन्ताऽपि अप्सरःसमाभिः।
दीर्घायुरपि अदीर्घायुर्मानी सदा विवेकिजनः ॥)

જ્યાંના વિવેકી લોકો અપ્સરાનુંય મન હરે એવા છે, અપ્સરા જેવી સ્ત્રીઓ સંઘાતે સુખ પામે છે, દીર્ઘાયુષી છે, છતાં પોતાને અલ્પાયુષી માને છે, સંસારની ક્ષણભંગુરતા ભૂલતા નથિ.

जत्थ भवणाण अवरिं देवंनागेहिं विम्हया दिट्ठो ।
रमइ मणोसिल-गोरो मणसिल-लित्तो मयच्छि-जणो ॥१३॥
(यत्र भवनानामुपरि देवनागैर्विस्मयाद् दृष्टः ।
रमते मनःशिलागौरो मनःशिलालिप्तो मृगाक्षीजनः ॥)

જ્યાંનાં ઘરો ઉપર મનસિલ જેવી ગોરી તથા મનશિલના તિલકવાળી મૃગાક્ષીઓ રમે છે, તેનું રૂપ જોઈને દેવ તથા નાગકુમાર પણ વિસ્મય પામે છે.

वीस-गुणो तीस-गुणो कलि-कालो नूण जत्थ कय-जुगओ ।
नूणं अणभुञ्जन्ते लोए मासं स-मंसंव ॥१५॥
(विंशतिगुणस्त्रिंशद्गुणः कलिकालो नूनं यत्र कृतयुगतः ।
नूनं अभुञ्जाने लोके मांसं स्वमांसमिव ॥)

જ્યાંના લોકો પોતાના માંસની પેઠે બીજાનું માસ ખાતા નથિ, એટલે કળિકાળ સત્યયુગથી વીશ અથવા ત્રીશગણો સરસ વર્તાય છે.

जस्सिं सकलंकंवि हु रयणीरमणं कुणन्ति अकलङ्कं ।
सङ्खधर-संख-भङ्गोज्जलाओ भवणंसु-भंगीओ ॥१६॥
(यस्मिन् सकलङ्कमपि खलु रजनीरमणं कुर्वन्ति अकलङ्कम् ।
शङ्खधरशङ्खभङ्गोज्ज्वला भवनांशुभङ्ग्यः ॥)

જ્યાં વિષ્ણુના શંખ (પાંચજન્ય) જેવાં ઉજ્જવલ ઘરોનાં કિરણ સકલંક ચન્દ્રને પણ નિષ્કલંક, નિર્મળ કરી મૂકે છે.

उद्दंड-बाहु-दण्डा जस्सिं कुंडासहा सयम् अकुण्डा ।
कंतंगा कन्त-गुणा नयपंथे पन्थिआ पुरिसा ॥१९॥
(उद्दण्डबाहुदण्डा यस्मिन् कुण्डासहाः स्वयमकुण्डाः ।
कान्ताङ्गाः कान्तगुणा नयपथे पान्थाः पुरुषाः ॥)

જ્યાંના પુરુષો પ્રચંડ બાહુવાળા, બીજામાં કે પોતામાં મન્દતાને ન ખમવા વાળા, રમણીય દેહવાળા, ગુણવાન્ અને નીતિપંથના પથિક છે.

चंदुज्जाणव चन्दो वंफिअ-बंधूण बन्धवो जस्सिं ।
अणुकंप-कम्पिअ-मणो विहवि-जणो वम्फए धम्मं ॥२०॥
(कुमुदानामिव चन्द्रः काङ्क्षितबन्धूनां बान्धवो यस्मिन् ।
अनुकम्पाकम्पितमना विभविजनः काङ्क्षति धर्मम् ॥)

જ્યાંના દયાળુ ધનવાનો ધર્મ આચરવા ઇચ્છે છે, અને તેથી ચંદ્ર જેમ કુમુદનો બાંધવ છે તેમ નિરાધાર લોકોના બાન્ધવ બને છે.

लंबंत–लुम्बि–रंभारम्भिय–तोरण–निरुद्ध–संरंभो ।
सरएवि पाउसम्मिव न जत्थ दीसइ फुडो तरणी ॥२१॥
(लम्बमानलुम्बिरम्भारब्धतोरणनिरुद्धसंरम्भः ।
शरद्यपि प्रावृषीव न यत्र दृश्यते स्फुटस्तरणिः ॥)

જ્યાં ઘેર ઘેર ફળની લુંબ જેના ઉપર લટકે છે એવી કેળનાં તોરણને લીધે સૂર્યના કિરણ જેમ વર્ષામાં તેમ શરદઋતુમાં પણ રોકાઈ જાય છે, તેથી તે ચોકખો દેખાતો નથિ.

सव्ववयाणं मज्झिम–वयंव सुमणाण जाइ–सुमणंव ।
सम्माण मुत्ति–सम्मंव पुहइ–नयराण जं सेयं ॥२३॥
(सर्ववयसां मध्यमवय इव सुमनसां जातिसुमन इव ।
शर्मणां मुक्तिशर्म इव पृथ्वीनगराणां यत् श्रेयः ॥)

જેમ સર્વ વયમાં મધ્યમ વય (યૌવન), જેમ ફૂલોમાં જાઈનું ફૂલ ને જેમ સુખમાત્રમાં મુક્તિનું સુખ, તેમ પૃથ્વીનાં સર્વ નગરમાં જે શ્રેષ્ઠ છે.

जत्थञ्जलिणा कणयं रयणाइँ वि अञ्जलीइ देइ जणो ।
कणय–निही अक्खीणो रयण–निही अक्खयो तहवि ॥२७॥
(यत्राञ्जलिना कनकं रत्नान्यपि अञ्जलिना ददाति जनः ।
कनकनिधिरक्षीणो रत्ननिधिरक्षयस्तथापि ॥)

જ્યાં લોકો સોનું તથા રત્ન ખોબે ખોબે આપે છે, છતાં પણ સોનાનો તથા રત્નનો ભંડાર અક્ષયજ રહે છે.

(૩)

હેમચન્દ્ર–સંસ્કૃતદ્વ્યાશ્રય

अस्ति स्वस्तिकवद्भूमेर्धर्मागारं नयास्पदम् ।
पुरं श्रिया सदाश्लिष्टं नाम्नाणहिलपाटकम् ॥ ४ ॥

ધર્મનું ઘર તથા નીતિનું સ્થાન એવું પૃથ્વીના સ્વસ્તિકરૂપ અણહિલવાડ નામે લક્ષ્મીએ સદા સેવેલ નગર છે.

अस्य स्याज्जडजिह्वोऽपि वाग्मी विद्यामठे पठन् ॥ ७ ॥

આ નગરના વિદ્યામઠ (શાહુકારોએ ગુરુશિષ્યના અન્નવસ્ત્રની વ્યવસ્થા સહિત સ્થાપેલ આશ્રમ) માં ભણીને જડજિહ્વાવાળો પણ ઉત્તમ વક્તા થાય છે.

अत्राक्षरमपि प्राज्ञा न वदन्ति निरर्थकम् ॥ ९ ॥

આંહીંના પંડિતો અક્ષર પણ પ્રયોજન વિના બોલતા નથિ, અર્થાત્ વાચાળ નથિ, શબ્દજાળ રચીને પોતાને તથા બીજાને ફસાવતા નથિ.

अस्मिन् महऋपिस्तुत्ये नृपाञ्शममहाऋपीन्।
दृ`वं लज्जिता जग्मुस्ते द्यां सप्त महर्षयः ॥ १० ॥

મહર્ષિઓએ વખાણેલ આ નગરમાં શમવૃત્તિને વિષયે મોટા ઋષિ જેવા રાજાઓને જોઈને જ જાણે સપ્તર્ષિ લાજ પામીને આકાશમાં ચાલ્યા ગયા.

अत्र मऋजवन्त्येव दुर्जनेष्वपि साधवः ॥ १५ ॥

આંહીં સજ્જનો દુર્જનો પ્રત્યે પણ અત્યંત ઋજુભાવ જ ધરે છે, અર્થાત્ તેમનું પણ હિત જ કરે છે.

उपस्थिते प्रभोः कार्ये गुणौघैर्वैतिवृत्तयः ।
प्रैपमौढा इह प्रैप्याः प्रौहमौहिं न कुर्वते ॥ १७ ॥

ધણીનું કામ આવી પડે એટલે, ગુણસમુદાયે કરીને સ્વચ્છવૃત્તિવાળા અને સ્વામીની આજ્ઞા પાળવા સમર્થ એવા સેવકો આંહીં તર્કવિતર્ક કરવા રહતા નથિ, અર્થાત્

Theirs not to reason why,
Theirs but to do and die.

रोदस्यौ पावयन्त्येनोलवन्यौर्वाग्निनायिनी।
श्रव्येतिवृत्ता ग्राह्यत्र गव्यनाव्यजला नदी ॥ २३ ॥

આંહીં આકાશ તથા પૃથ્વીને પાવન કરતી, પાપનો નાશ કરતી, વડવાનલને લઈ જતી, શ્રવણીય ઇતિહાસવાળી, ગાયને હિતકારી તથા નાવ ચાલી શકે એવા ગંભીર જલવાળી બ્રહ્માની પુત્રી સરસ્વતી નદી વહે છે.

न गव्यत्यत्र गोयानो नौयानो न च नाव्यति ।
उपोयमानः श्राव्याभिर्लौयमानीसुगीतिभिः ॥ २४ ॥

બળદગાડીમાં બેઠેલા પોતાના બળદની અને નાવમાં બેઠેલા પોતાના નાવના સાંમુએ જોતા નથિ. તેમનાં મન તો લણણી કરતી સ્ત્રીનાં મધુર ગીતમાં લીન થઈ ગયાં છે.

Behold her, single in the field,
Yon solitary Highland lass!
Reaping and singing by herself;
Stop here, or gently pass!
Alone she cuts and binds the grain,
And sings a melancholy strain;
O listen! for the vale profound
Is overflowing with the sound.

No nightingale did ever chant
More welcome notes to weary bands

Of travellers in some shady haunt,
    Among Arabian sands;
A voice so thrilling ne'er was heard,
In spring-time from the Cuckoo-bird,
Breaking the silence of the seas,
Among the farthest Hebrides.

Will no one tell me what she sings?
Perhaps the plaintive numbers flow
For old, unhappy, far-off things,
    And battles long ago:
Or is it some more humble lay,
Familiar matter of to-day?
Some natural sorrow, loss, or pain,
That has been, and may be again!

Whate'er the theme, the maiden sang
As if her song could have no ending:
I saw her singing at her work,
    And o'er the sickle bending;—
I listened, motionless and still;
And, as I mounted up the hill,
The music in my heart I bore,
Long after it was heard no more.

पित्र्ये पक्षेऽत्र वीक्षन्ते गवाक्षस्थाः पुरन्ध्रयः।
गोक्षानन्दितृणां भूमिं गवाक्षानन्दिनीं नदीम् ॥ २५॥

આંહીં પિતૃપક્ષમાં (અર્થાત્ શરદ્ ઋતુમાં) ગોખે બેઠેલી ગૃહિણીઓ ગાયને સુખકારી ઘાસવાળી ભૂમિને તથા ઇન્દ્રિયોને શાન્ત કરતી નદીને ધારી ધારીને જુવે છે.

गवोष्ट्रिभिर्गवेन्द्रांसैर्गवुष्ट्रप्रियवीरुधः ।
गोअग्रस्थायिभिश्वास्य निषेव्यन्ते वहिर्भुवः ॥ २६ ॥

ગાય તથા ઉંટને પ્રિય એવા વેલાવાળાં આંહીંનાં પાદર, મહાવૃષભના સ્કંધ જેવ સ્કન્ધવાળા અને વૃષભ ઉપર બેઠેલા ગાય તથા ઉંટના ગોવાળો વડે સેવાય છે.

न जातू अरुजल्लङ्कां भ्रमतो यस्य मारुतेः।
अहो आन्तं जिगमिषो रुजेत्तस्यापि जान्विह ॥ ३२ ॥

જે મારુતિના પગ લંકામાં ફરી વળતાં નહોતા થાક્યા, તે આ નગરને એક છેડેથી બીજે છેડે જતાં થાકી જાય એમ મને લાગે છે.

सामँ साम ध्रुवं तावद्दधि दधि मधुँ मधु ।
श्रूयन्ते सुभ्रुवामत्र न यावन्मधुरा गिरः ॥ ३५ ॥

આ નગરની સુન્દરીઓની મધુરગિરા સાંભળી ન હોય ત્યાં લગી જ સામવેદ સામ કરનાર છે, મધ મિષ્ટ છે ને દહિં સ્વાદિષ્ટ છે.

अस्मिन् सागरुधूमेब्दशङ्काभाग्णशिखः शिखी ।
समुन्नचञ्चुरुद्गम्य सुवाङ्ङ्क्वत उन्मनाः ॥ ३८ ॥

આંહીં અગરુના ધૂમાડાને મેઘ ધારીને ણકારના જેવી શિખાવાળો અને ઙકારના જેવી ચાંચવાળો મોર ડોક તથા ચાંચ ઉંચી કરીને મધુર સ્વરે બોલે છે.

न यो हलमॉंत्रझलमात्राभिज्ञः सोऽपि क्षणाद्भवेत् ।
ज्ञाता षण्णां दर्शनानामस्मिन्वाङ्मयसद्मनि ॥ ३९ ॥

હલ, ઝલ, આદિ સંજ્ઞા પણ જે જાણતો નથિ એવો નિરક્ષર પણ આ વિદ્યાના ધામમાં ૭ દર્શનનો જાણ થાય છે.

तावद्धिमांशुरानन्दी तावद् हेमाद्रिरुन्नतः ।
वाग्व्लादिनोऽत्र नेक्ष्यन्ते यावद्विष्वग्हिता नराः ॥ ४० ॥

સત્ય, મિત અને પ્રિય વાણીએ કરીને આનન્દ દેનારા તથા વિશ્વનું હિત કરનારા આંહીંના સજ્જન ન જોયા હોય ત્યાં સુધી જ ચન્દ્ર આનન્દ આપેછે તથા મેરુ ઉન્નત લાગેછે.

वाक्ट्ररान्वीक्ष्य सोऽप्यस्मिन् वाचपतिः स्यादवाकुशिराः ॥ ४३ ॥

આંહીંના વાક્શૂરોને જોઇને બૃહસ્પતિ પણ નીચું માથું નમાવે.

अप्छायी देवो नाप्शायी पश्यञ् श्रियमिहागताम् ॥४४॥

લક્ષ્મી આંહીં આવી છે જાણીને સમુદ્રશાયી ભગવાન્ સમુદ્રમાં નથિ સુના (આંહી આવે છે).

निस्तन्द्रैश्चञ्चलैश्छेकष्टीकमानैष्ठकारिभिः ।
तैस्तैस्थट्टरिहाश्वानां रसति व्यथितेव भूः ॥ ४७ ॥

નામત્, ચંચળ, પાંચ ગતિના જાણ, ખેલતા અને ઠકાર જેવા દાબડા વડે ભૂમિ ઉપર ઠકાર કરતા એવા અશ્વગણને લીધે પીડાતી જાણે પૃથ્વી આંહીં રડે છે.

जानंस्थूत्कसमान् प्राणाँश्चरँष्टङ्कारिकार्मुकः ।
परॉञ्छपन् भट्टलोकोस्मिँस्त्रायकः शरणार्थिनाम् ॥ ४९ ॥

આંહીંના સુભટ પ્રાણને ધૂળસમાન ગણનાર, શત્રુનો નાશ કરનાર, ટંકાર કરતા ધનુષને ધારીને ફરનાર અને શરણાગતને રક્ષનાર એવા છે.

रत्नसंकरसंस्कारि त्वष्टा पश्येदिदं यदि।
संस्कर्तुं स्वःपुरीं कं कमुपस्कारं न चिन्तयेत् ॥५७॥

રત્નસમુદાયે કરીને શોભતું આ નગર વિશ્વકર્મા જુવે તો અમરાવતીને શણગારવાના એને કેવા કેવા ઉપાય સૂઝે ?

रम्यन्ते जना गोभिरभ्रंलिहवहल्लिहैः ॥ ६१ ॥

આંહીંના લેકો આકાશચુંમી કોટને ચાટતા વૃષભથી પરસ્પર રમે છે.

अत्र मन्दं ह्मलत्स्त्रैणं ह्मालयेत्कस्य नो मनः।
स्वैरं ह्वलत्करिकुलं ह्वालयत्यवनीमपि ॥ ६२॥

સ્વેચ્છાએ હાલતા હાથી પૃથ્વીને પણ હલાવે તેમ આંહીં મંદ મંદ મહાલતી સ્ત્રીઓ કોના મનને ન હલાવે ?

अभ्यागतानां निर्मातुं हृत्तिं ह्रादितमानसः।
असंह्नुवान आत्मानं ह्नुतेऽर्थं नात्र कश्चन ॥ ६३ ॥

આંહીં કોઇ પણ માણસ અતિથિનો આનન્દપૂર્વક સત્કાર કરવામાં દ્રવ્ય કે પોતાનું શરીર ચોરતો નથિ.

देहि नः सुमनः नेति देहिनामिह भारती ॥ ७१ ॥

'હે રાજા, અમને કાંઈક દે,' એવી વાણી બોલતો ભિક્ષુક આંહીં નથિ.

तपःकार्श्यजुषां हर्षकृतां हिंस्रोऽपि दर्शनात्।
धनुस्त्यागं करोत्यस्मिन्नर्कवत्कार्सरोत्सवे ॥ ९२ ॥

તપશ્ચર્યાએ કરીને કૃશ થયેલ અને દર્શનથી હર્ષ પમાડનાર યતિનાં દર્શનથી હિંસક પણ ઉત્તરાયણમાં સૂર્યની પેઠે આંહીં ધનુ (૧ ધનુષ ૨ ધન રાશિ) નો ત્યાગ કરે છે.

यदि स्त्रीणां श्रुतास्मिन् गीर्यदि दृष्टा मुखेन्दवः।
कलः क्वाणः खरः पिक्याः फल्गुश्चन्द्रोऽपि तर्क्यते ॥१११॥

આંહીંની સ્ત્રીઓની વાણી સાંભળી હોય ને તેમનાં મુખ જોયાં હોય, તો કોયલનો મધુર સ્વર પણ કઠોર લાગે ને ચન્દ્ર પણ નિરર્થક જણાય.

वसन्ताद्यर्तुभिः सर्वैर्युगपत्पर्युपासिते।
प्राछंन्ति क्रीडयोद्याने नार्पत्या इह नार्कुलैः ॥११२॥

ઉત્તમકુલના રાજપુત્રો સાથે રાજકુમારો આંહીં વસંતાદિ સર્વ ઋતુઓએ એક જ સમયે સેવેલા ઉદ્યાનમાં વિહાર કરે છે.

नगेट्तुङ्गत्वलक्ष्मीजुट्भृत्कृतद्विड्धुलिड्ध्वजैः।
नागेड्नुधवलैः शीर्षैर्विभ्राट् सालोऽत्र सर्वतः ॥१२७॥

પર્વતરાજ મેરુ જેટલો ઉંચો, અને આકાશને સ્પર્શતા ધ્વજ વડે આકાશને તરછોડનારો, તથા શેષની ફણા જેવા ધવલ કાંગરા વડે શોભતો કોટ આ નગરને ફરતો છે.

भक्त्या गुरुषु पित्रोश्च मोक्षाय ज्ञानसंग्रहात् ।
जनेनाजरसाप्यत्र स्फुरज्जरसिन स्थितम् ॥१३३॥

ગુરુ તથા માતપિતા પ્રત્યે ભક્તિને લીધે તથા મોક્ષાર્થે જ્ઞાનપ્રાપ્તિને લીધે આહીંના જુવાન પણ સ્પષ્ટવૃદ્ધત્વવાળા જણાય છે.

(૪)

સોમપ્રભાચાર્યપ્રણીત કુમારપાલપ્રતિબોધ

[આ પ્રાકૃત ગ્રન્થ સંવત્ ૧૨૪૧ માં અર્થાત્ હેમચન્દ્રાચાર્યના નિર્વાણ પછી ૧૨ વર્ષે રચાયેલ છે.

शशिजलधिसूर्यवर्षे शुचिमासे रविदिने सिताष्टम्यांम् ।
जिनधर्मप्रतिबोधः क्लृप्तोऽयं गूर्जरेन्द्रपुरे ॥ प्रशस्ति ॥

એના પ્રથમ પ્રસ્તાવમાંથી નીચલા શ્લોક ઉતાર્યા છે.]

अत्थि मही–महिलाए मुहं महन्तं मयंक–पडिबिम्बम् ।
जम्बुद्दीव–छलेणं नहलच्छिं दट्ठुमुन्नमियम् ॥३२॥

(अस्ति महीमहिलाया मुखं महत् मृगाङ्कप्रतिबिम्बम् ।
जम्बूद्वीपच्छलेन नभोलक्ष्मीं द्रष्टुमुन्नमितम् ॥)

આકાશની શોભા નિહાળવાને પૃથ્વીમહિલાએ મોટું ચન્દ્ર જેવું મુખ જાણે ઉંચું ન કર્યું હોય એવો જમ્બૂદ્વીપ છે.

तुंगो नासावंसो व सोहए तियस–पव्वओ जत्थ ।
सीया–सीओयाओ दीहा दिट्ठीओ व सहंति ॥३३॥
(तुंगो नासावंश इव शोभते त्रिदशपर्वतो यत्र ।
शीता–शीतोदे दीर्घे दृष्टी इव शोभेते ॥)

તેના ઉપર ત્રિદશ પર્વત નાકની દાંડી જેવો શોભે છે, શીતા–શીતોદા નદીઓ બે દીર્ઘ નેત્ર જેવી લાગી રહી છે.

तत्थारोविय–गुण–धणु–निभं नलाडं व भारहं अत्थि ।
जत्थ विरायइ विउलो वेयड्ढो रयय–पट्टो व ॥३४॥
(तत्रारोपितगुणधनुर्निभं ललाटमिव भारतमस्ति ।
यत्र विराजते विपुलो वैताढ्यो रजतपट्ट इव ॥)

તેમાં જેના ઉપર દોરી ચડાવેલ છે એવા ધનુષ્ય જેવું ભારતવર્ષ લલાટ સમાન છે, અને વૈતાઢ્ય પર્વત રૂપેરી ટેંટા જેવો દીપે છે.

जं गंग-सिंधु-सरिया-मुत्तिय-सरियाहि संगयं सहइ ।
तीर-वण-पंति-कुंतल-कलाव-रेहंत-पेरंतम् ॥३५॥
(यद्गङ्गासिन्धुसरितामौक्तिकसरिकाभ्यां सङ्गतं शोभते ।
तीरवनपङ्क्तिकुन्तलकलापराजमानपर्यन्तम् ॥)

જે ભારતવર્ષલલાટ ઉપર ગંગાસિંધુનદીરૂપ મોતીની સર્ય શોભી રહી છે, અને નદીતીરે આવેલી વનપંક્તિરૂપ કેશકલાપ દીપી રહ્યો છે.

तत्यत्थि तिलय-तुल्लं अणहिलवाडय-पुरं घण-सुवन्नम् ।
पेरंत-मुत्तियावलि-समो सहइ जत्थ सिय-सालो ॥३६॥
(तत्रास्ति तिलकतुल्यमणहिलपाटकपुरं घनसुवर्णम् ।
पर्यन्तमौक्तिकावलिसमः शोभते यत्र सितशालः ॥)

ભારત-લલાટ ઉપર ચાંદલાતુલ્ય સુવર્ણ (૧ બહુ સારા રંગવાળું ૨ બહુ સોનાવાળું) અણહિલવાડ નગર છે. એને ફરતો મોતીના હાર જેવો શ્વેત કોટ છે.

गरुओ गुज्जर-देसो नगरागर-गाम-गोउलाइन्नो ।
सुर-लोय-रिद्धि-मय-विजय-पंडिओ मंडिओ जेण ॥३७॥
(गुरुको गूर्जरदेशो नगराकरग्रामगोकुलाकीर्णः ।
सुरलोकर्द्धिमद्विजयपण्डितो मण्डितो येन ॥)

જે નગર, ગામડાં, ગોકુલ, ખાણ, નગર ઇ.ઇ.થી પૂર્ણ તથા દેવલોકનો સમૃદ્ધિમદ ઉતારવામાં પંડિત એવા ગરવા ગૂર્જરદેશને મંડિત કરે છે.

जंमि निरंतर-सुर-भवण-पडिम-ण्हवणंबु-पूर-सित्त व्व ।
सहला मणोरह-दुमा धम्मिय-लोयस्स जायंति ॥३८॥
(यस्मिन् निरन्तरसुरभवनप्रतिमास्नपनाम्बुपूरसिक्ता इव ।
सफला मनोरथद्रुमा धार्मिकलोकस्य जायन्ते ॥)

જે નગરમાં ધાર્મિક લોકોના મનોરથરૂપી વૃક્ષ જાણે દેવાલયોમાં પ્રતિમાઓના નવણ-જળના પૂરથી નિરંતર સિંચાઈ સિંચાઈને સફળ થાય છે.

जत्थ सहंति सुवन्ना कंचनकलसा य सुर-घरसिरेसु ॥३९॥
(यत्र शोभन्ते सुवर्णाः काञ्चनकलशाश्च सुरगृहशिरःसु)

જ્યાં દેવાલયોને શિખરે સરસ રંગવાળા કાંચનકલશ શોભે છે.

अब्भंलिह-सुर-मंदिर-सिर-विलसिर-कणय-केयण-भुएहिं ।
नघइ व जत्थ लच्छी सुट्ठाण-निवेस-हरिस-वसा ॥४०॥

पुरान्तराणि निर्जित्य जेतुं पौरन्दरं पुरम् ।
पत्रालम्बं करोतीव यत्प्रसादध्वजांशुकैः ॥५९॥

જે નગરના મહેલો ઉપર ધજા ફડફડે છે, તેથી બીજાં નગરોને જિતી લઈને પછી ઈંદ્રની અમરાવતી ઉપર ચડાઈ કરવા સારું જાણે અણહિલ્લપુર પાંખ ન ફડફડાવતું હોય એમ જણાય છે.

यमुनेव मधूपघ्नं साकेतं सरयूरिवं ।
गजाह्वयं च गङ्गेव सेवते यत्सरस्वती ॥६०॥

મથુરા આગળ યમુના, અયોધ્યા આગળ સરયૂ અને હસ્તિનાપુર આગળ જેમ ગંગા વહે છે, તેમ જે નગર પાસે સરસ્વતી વહે છે.

भान्ति देवालया यत्र हिमालयसमश्रियः ॥६१॥

જ્યાં હિમાલય જેવાં ઉચાં ને સુશોભિત દેવાલય છે.

जातशैत्यश्चलच्चैत्यपताकापवनैः क्षणम् ।
अरुणस्तरुणेनापि यत्र पूष्णा न पीड्यते ॥६२॥

જ્યાં મંદિરની પતાકા હાલવાને લીધે પવન આવે છે, તેને લીધે અરુણને ઠંડક થાય છે અને મધ્યાહ્નના સૂર્યથી પણ પીડા પામતો નથિ.

यत्र नारीमनश्चौरान् पौरान् सौराज्यराजिते ।
निगृह्णन्निपुभिः पौष्पैर्द्वैराज्यं कुरुते स्मरः ॥६३॥

જ્યાં સારા રાજાનું રાજ્ય છે, તેમાં વળી કામદેવ સ્ત્રીઓનું ચિત્ત ચોરી જનાર પુરુષોને પુષ્પબાણે દંડે છે, એટલે દ્વૈરાજ્ય, કહેતાં બે રાજાના રાજ્ય (ડાયર્કી) જેવું થઈ પડે છે.

यस्य राजपथे पांसुः सिक्तः कुम्भिमदाम्बुभिः ।
ऊर्ध्वमभ्युद्धतोऽप्येति न रङ्गद्भिस्तुरङ्गमैः ॥६५॥

જેના રાજમાર્ગની ધૂળ હાથીના મદજળથી સિંચાય છે, એટલે ઘોડા દોડાદોડ કરીને એને ઊડાડે છે તોયે તે ઉંચી નથિ જાતી.

भाति यत्र कपोलान्तःसङ्क्रान्तेन्दुर्वधूजनः ॥
राजमुद्राङ्कितः कोशः कन्दर्पनृपतेरिव ॥६७॥

જ્યાંની સ્ત્રીઓના ગાલમાં ચન્દ્રનું પ્રતિબિમ્બ પડે છે, તેથી તેઓ કંદર્પરાજાની મુદ્રાથી અંકિત એનો ભંડાર જ જાણે ન હોય એવી દેખાય છે.

रूपेणाप्रतिमाः कान्ता यत्र धात्रा कृताः किल ।
तथापि प्रतिमास्तासां संजाता रत्नभित्तिषु ॥७०॥

જ્યાંની સ્ત્રીઓને વિધાતાએ રૂપે અપ્રતિમ (અનુપમ) સર્જી છે, તોપણ તેમની પ્રતિમા રત્નની ભીંતોમાં થાય છે ખરી (પ્રતિબિંબ પડવાથી).

अनेकानोकहच्छन्ना प्रत्यासन्ना वनावलिः ।
यत्रोन्नतस्य वप्रस्य च्छायेव प्रतिभासते ॥५०॥

જે નગરને સમીપે અનેક વૃક્ષે છવાએલી ફુલવાડીઓની શ્રેણી છે તે, ઉંચા કોટની છાયા જાણે ન પડતી હોય એવી ભાસે છે.

चन्द्रशालासु बालानां खेलन्तीनां निशामुखे ।
यत्र वक्त्रश्रिया भाति शतचन्द्रं नभस्तलम् ॥५१॥

જ્યાં સંધ્યાકાળે બાળાઓ અગાશીમાં રમે છે તેના મુખની કાન્તિને લીધે જાણે આકાશમાં શતાવધિ ચન્દ્ર કેમ ન ઊગ્યા હોય એમ જણાય છે.

कुत्रापि श्रुतिनिर्घोषैः क्वचिन्मङ्गलगीतिभिः ।
वन्दिकोलाहलैः क्वापि यत्सदा मुखरं पुरम् ॥५२॥

જે નગરમાં કયાંક વેદોચ્ચાર થાય છે, કયાંક મંગળગીત ગવાય છે ને કયાંક બન્દિજન બોલે છે, એને લીધે તે સદાય ગાજતું લાગે છે.

धौतेव सुधया यत्र तुषारेणेव भूषिता ।
रचिता रजतेनेव राजते सौधपद्धतिः ॥५३॥

જ્યાં હારબંધ આવેલાં ઘર, જાણે અભ્રને કરીને ન ધોળ્યાં હોય અથવા જાણે બરફથી ન શણગાર્યાં હોય અથવા રૂપાનાં જ જાણે ન ચણ્યાં હોય, એવાં દીપે છે.

दत्तचित्तप्रसादेषु प्रासादेषु सदा वसन् ।
यत्र शम्भुर्न कैलासविलासमभिलष्यति ॥५४॥

જ્યાં મનોહર શિવાલયોમાં શંકર કૈલાસનો વિલાસ ભૂલી જઈને સદાય રહે છે.

यस्मिन् होमानलोद्भूतधूमधोरणरुद्यता ।
विभाति भानुकन्येव स्वर्गङ्गासङ्गमोन्मुखी ॥५५॥

જ્યાં હોમના અગ્નિનો ધુમાડો ઉંચે જાય છે તે, આકાશગંગાને જઈ મળવાને ઉત્સુક યમુના જાણે ન હોય એવો લાગે છે.

लङ्का शङ्कावती चम्पा सकम्पा विदिशा कृशा ।
काशि र्नाशितसम्पत्तिर्मिथिला शिथिलादरा ॥५७॥
त्रिपुरी विपरीतश्रीर्मथुरा मन्थराकृतिः ।
धाराप्यभून्निराधारा यत्र जैत्रगुणे सति ॥५८॥

જે નગર બીજાં નગરમાત્રને જિતી જાય છે, તેથી લંકાને હારવાની શંકા થાય છે, ચમ્પાને કમ્પ છુટે છે, વિદિશા કૃશ (દુબળી) થઈ જાય છે, કાશીની સંપત્તિ નાશી જાય છે, મિથિલાનો આદર શિથિલ (ઢીલો) થાય છે, ત્રિપુરીની શોભા ફરી જાય છે, મથુરા મંથર (મંદ) બને છે, અને ધારા નિરાધાર થઈ જાય છે.

पुरान्तराणि निर्जित्य जेतुं पौरन्दरं पुरम् ।
पत्रालम्बं करोतीव यत्प्रसादध्वजांशुकैः ॥५९॥

જે નગરના મહેલો ઉપર ધ્વજ ફડફડે છે, તેથી બીજાં નગરોને જિતી લઈને પછી ઇંદ્રની અમરાવતી ઉપર ચડાઈ કરવા સારું જાણે અણહિલ્લપુર પાંખ ન ફડફડાવતું હોય એમ જણાય છે.

यमुनेव मधूपघ्नं साकेतं सरयूरिव ।
गजाह्वयं च गङ्गेव सेवते यत्सरस्वती ॥६०॥

મથુરા આગળ યમુના, અયોધ્યા આગળ સરયૂ અને હસ્તિનાપુર આગળ જેમ ગંગા વહે છે, તેમ જે નગર પાસે સરસ્વતી વહે છે.

भान्ति देवालया यत्र हिमालयसमश्रियः ॥६१॥

જ્યાં હિમાલય જેવાં ઉચાં ને સુશોભિત દેવાલય છે.

जातशैत्यश्चलच्चैत्यपताकापवनैः क्षणम् ।
अरुणस्तरुणेनापि यत्र पूष्णा न पीड्यते ॥६२॥

જ્યાં મંદિરની પતાકા હાલવાને લીધે પવન આવે છે, તેને લીધે અરુણને ઠંડક થાય છે અને મધ્યાહ્નના સૂર્યથી પણ પીડા પામતો નથિ.

यत्र नारीमनश्चौरान् पौरान् सौराज्यराजिते ।
निगृह्णन्निषुभिः पौष्पैर्द्वैराज्यं कुरुते स्मरः ॥६३॥

જ્યાં સારા રાજાનું રાજ્ય છે, તેમાં વળી કામદેવ સ્ત્રીઓનું ચિત્ત ચોરી જનાર પુરુષોને પુષ્પબાણે દંડે છે, એટલે દ્વૈરાજ્ય, કહેતાં બે રાજાના રાજ્ય (ડાયર્કી) જેવું થઈ પડે છે.

यस्य राजपथे पांसुः सिक्तः कुम्भिमदाम्बुभिः ।
ऊर्ध्वमभ्युद्धतोऽप्येति न रङ्गद्भिस्तुरङ्गमैः ॥६५॥

જેના રાજમાર્ગની ધૂળ હાથીના મદજળથી સિંચાય છે, એટલે ઘોડા દોડાદોડ કરીને એને ઉડાડે છે તોયે તે ઉંચી નથિ જાતી.

भाति यत्र कपोलान्तःसङ्क्रान्तेन्दुर्वधूजनः ॥
राजमुद्राङ्कितः कोशः कन्दर्पनृपतेरिव ॥६७॥

જ્યાંની સ્ત્રીઓના ગાલમાં ચન્દ્રનું પ્રતિબિમ્બ પડે છે, તેથી તેઓ કંદર્પરાજાની મુદ્રાથી અંકિત એનો ભંડાર જ જાણે ન હોય એવી દેખાય છે.

रूपेणाप्रतिमाः कान्ता यत्र धात्रा कृताः किल ।
तथापि प्रतिमास्तासां संजाता रत्नभित्तिषु ॥७०॥

જ્યાંની સ્ત્રીઓને વિધાતાએ રૂપે અપ્રતિમ (અનુપમ) સર્જી છે, તોપણ તેમની પ્રતિમા રત્નની ભીંતોમાં થાય છે ખરી (પ્રતિબિંબ પડવાથી).

यस्मिन्सरो हरोपेन्द्रप्रासादैः परितश्चितम् ।
अमुक्तमौक्तिकं भूमेर्भात्येकमिव कुण्डलम् ॥७२॥

જ્યાં સહસ્રલિંગ સરોવર ફરતાં આવી રહેલાં શિવાલય તથા ઠાકરમન્દિરો વડે વીંટળાએલું શોભે છે તે, જેને ફરતી મોતીની હારડી છે એવું પૃથ્વીમાતાનું કુંડળ જ જાણે ન હોય એવું ભાસે છે.

आभाति यस्य गम्भीरं सरः स्मेरैः सरोरुहैः ।
खेलन्तीनां मुखं तोयदेवतानां मुखैरिव ॥७३॥

જે નગરના ગંભીર સરોવરમાં હસતાં કમળ ઊગ્યાં છે, તે નીરાંતે રમતી જળ-દેવતાઓનાં મુખ જેવાં લાગે છે.

यस्यान्तर्गिरिशागारदीपिकाः प्रतिबिम्बिताः ।
शोभन्ते निशि पातालव्यालमौलिमणिश्रियः ॥७४॥

જે સરોવરમાં શિવાલયની દીવીનાં પ્રતિબિમ્બ પડે છે, તે રાત્રે શેષનાગના મસ્તકના મણિ જાણે કેમ ન હોય એવાં શોભે છે.

यस्योच्चैः सरसस्तीरे राजते राजतोज्ज्वलः ।
कीर्तिस्तम्भो नभोगङ्गाप्रवाहोऽवतरन्निव ॥७५॥

જે સરોવરને કાંઠે રૂપા જેવો ઊજળો કીર્તિસ્તંભ છે તે આકાશગંગાનો પ્રવાહ જાણે ન ઊતરી આવતો હોય એવો લાગે છે.

हरप्रसादसंदोहमनोहरमिदं सरः ।
× × × राजहंसैरलङ्कृतम् ॥७६॥

આ સરોવર શિવના કૃપારસકોશ જેવું મનોહર છે ને રાજહંસોથી સુશોભિત છે.

सशङ्खचक्रप्रथितः प्रभूतावतारशाली कमलाभिरामः ।
स एष कासारशिरोवतंसः कंसप्रहर्तुः प्रतिमां बिभर्ति ॥७७॥

આ સરોવરશિરોમણિ કૃષ્ણ જેવું લાગે છે, કેમકે તે સશંખચક્ર (૧ શંખલા ને ચક્રવાક પક્ષીવાળું ૨ શંખચક્રધારી) છે, પ્રભૂતાવતારશાલી (૧ બહુ ઊતરવાના ઘાટ-વાળું ૨ બહુ અવતાર લેનાર) છે અને કમલાભિરામ (૧ કમળથી શોભતું ૨ લક્ષ્મીના અન્તરના આરામ) છે.

न मानसे माद्यति मानसं मे पम्पा न सम्पादयति प्रमोदम् ।
अच्छोदमच्छोदकमप्यसारं सरोवरे राजति सिद्धभर्तुः ॥७८॥

સિદ્ધરાજનું આ સરોવર બિરાજે છે, એટલે મારું મન માનસ સરોવર પ્રતિ ખેંચાતું નથિ, પમ્પા મને આનંદ પમાડતું નથિ અને આછા પાણીવાળું અચ્છોદ પણ અસાર લાગે છે.

(૬)

સોમેશ્વરદેવ–આબૂ મન્દિરપ્રશસ્તિ

તેજપાળ મંત્રીએ પોતાની ચતુર સ્ત્રી અનુપમા, જેણે એને તથા વસ્તુપાળને મંદિરો ચણાવવાની પ્રેરણા કરી હતી, તેના તથા પુત્ર લાવણ્યસિંહના પુણ્યાર્થે આબૂ ઉપર નેમિનાથનું મંદિર ચણાવ્યું.

अभूदनुपमा पत्नी तेजःपालस्य मन्त्रिणः ।
लावण्यसिंहनामाद्यमायुष्मानेतयोः सुतः ॥५९॥
तेजःपालेन पुण्यार्थं तस्य पुत्रकलत्रयोः ।
हर्म्यं श्रीनेमिनाथस्य तेने तेनेदमर्बुदे ॥६०॥

મન્દિરની પ્રતિષ્ઠા સં. ૧૨૮૭ના ફાલ્ગુન વદિ ૩ ને રવિવારે થઇ. મંદિરની પ્રશસ્તિ સોમેશ્વરદેવે લખેલી કાળા પત્થર ઉપર કોતરેલ છે.

श्रीसोमेश्वरदेवश्चुलुक्यनरदेवसेविताङ्घ्रिपदयुग्मः ।
रचयांचकार रुचिरां धर्मस्थानप्रशस्तिमिमाम् ॥७३॥

તેના ત્રીજા શ્લોકમાંથી નીચે ઊતારો કર્યો છે.]

अणहिलपुरमस्ति स्वस्तिपात्रं प्रजानाम् ।
चिरमतिरमणीनां यत्र वक्त्रेन्दुमन्दी-
कृत इव सितपक्षमक्षयेऽप्यन्धकारः ॥

અણહિલ્લપુર નામે પ્રજાને કલ્યાણકારી નગર છે, જ્યાંની સ્ત્રીઓના મુખચન્દ્રોને લીધે કૃષ્ણપક્ષમાં પણ અંધકાર મોડી રાત સુધી મન્દ થઈ જાય છે.

(૭)

અરિસિંહ–સુકૃતસંકીર્તન

[વસ્તુપાલ વિષયે મહાકાવ્ય. વિક્રમના તેરમા શતકના છેલ્લા ચરણમાં લખાણું. નીચલા શ્લોકો પ્રથમ સર્ગના છે.]

श्रीमत्पुरं भुवि पुरन्दरपत्तनाभम् ।
तेनादधेऽणहिलपाटकनामधेयम् ।
स्त्रीणां मुखे स्मरतपस्विवनेऽजनीन्दु-
पद्मश्रियोरसुहृदोरपि यत्र योगः ॥१॥

વનરાજે અણહિલ્લવાડ નામે ઇન્દ્રની અમરાવતી સરખું સરસ નગર સ્થાપ્યું, જ્યાંની સ્ત્રીઓનાં રતિપતિતપોવનરૂપ મુખને વિષયે ચન્દ્ર અને સૂર્યવિકાસી કમળ એ બે વિરોધી પદાર્થોનો યોગ થાય છે.

अन्तर्वसद्भुवनजनाद्भुतभारतो भू
र्मा भ्रश्यतादिति भृशं वनराजदेवः ।
पञ्चासराह्वनवपार्श्वजिनेशवेश्म-
व्याजादिह क्षितिधरं नवमाततान ॥१०॥

નગરમાં માણસની ભારે મેદિનીને લીધે કદાચ પૃથ્વી ખસી પડે એવા ભયથી જાણે વનરાજે પંચાસરા પાર્શ્વનાથના નવા મંદિરરૂપી અપૂર્વ પૃથ્વીધર (પર્વત) રચ્યો.

यस्मिन्सदैव निकृतानि निकेतनाग्र-
जाग्रन्मणिद्युतिभरैर्नितमां तमांसि ।
आरामकालिममिषेण वहिःस्थितानि
तानि प्रसर्पदरघट्टरवं रटन्ति ॥११॥

જે નગરનાં ઘરોમાં પડેલા મણિના તેજથી અંધકાર સદાયે નાશી જતો, ફૂલવાડીની છાયારૂપે બહાર રહેતો અને ફરતા રહેંટના શબ્દે કરીને જાણે રોતો.

पर्वक्षणे न खलु निश्चिनुते दिनेषु
सूर्यं सुवर्णसुरसद्मकिरीटकुम्भैः ।
यत्रोन्नतालयशिरःपुरयोषिदास्यै
र्नैव क्षपापतिमपि क्षणदासु राहुः ॥१४॥

રાહુ દિવસે સૂર્યનું ગ્રહણ કરવા ઇચ્છે, પણ આ નગરનાં ઉંચાં મન્દિરોના કનકકલશ પણ સૂર્ય જેવા જ લાગે, એટલે સાચો સૂર્ય કિયો તે નિર્ણય ન કરી શકે. અને રાત્રે ચન્દ્રગ્રહણ કરવું હોય, પણ આંહીંની ઉંચી અગાશીઓ ઉપર વિહાર કરતી સ્ત્રીઓનાં મુખ ચન્દ્ર જેવાં લાગે, એટલે ખરો ચન્દ્ર કિયો એ પણ રાહુ જાણી ન શકે.

सङ्कोचिताम्बुजकुलोऽपि हतार्ककान्त-
क्रीडोऽपि पीडितरथाङ्गकुटुम्बकोऽपि ।
प्रातः प्रयाति विधुरुज्ज्वल एव यत्र
सौधाग्रनिस्खलितधामनि धामनाथे ॥१५॥

ચન્દ્ર કમળ, સૂર્યકાન્ત મણિ, ચક્રવાક ઇ. ને દુઃખી કરે છે, તો પણ સવારે ઉજ્જ્વલ મુખે જ પ્રયાણ કરે છે, કેમકે સૂર્ય ઘણો ચન્દ્રને શિક્ષા કરીને નિસ્તેજ કરે, પણ એને આ નગરની ઉંચી ઉંચી હવેલીઓ આડી આવે છે.

चेद्योग्यतास्ति परिखां पिव मे त्वमेहि
विन्ध्योऽप्युदञ्चतु मयापि हतोऽर्कमार्गः ।

यत्रेति केतुपटकिङ्कणिकारवैः खे
वप्रो वदत्युदधिपायिनमप्यगस्तिम् ॥२०॥

આ નગરનો ગઢ આકાશમાં ધજાને મૂકેલી ઘૂઘરીના શબ્દે કરીને અગસ્ત્યને કહે છે જે, 'તું સમુદ્ર તો પી ગયો, પણ તારી સત્તા હોય તો આવી જા ને મારી ખાઈ પી લે. મેં પણ વિન્ધ્યાદિની ઘોડયે સૂર્યનો માર્ગ રોક્યો છે; તારાથી થાય તે કરી લે.

यस्मिन्ननाय मणिवेश्मविभाविभिन्न-
ध्वान्तोत्करेऽपि कथयन्ति विभातभावम् ।
लीलासरोवरसरोरुहिणीविकाश-
सौरभ्यलुभ्यदलिनीकलकूजितानि ॥२४॥

આ નગરમાં રત્નમય ઘરો હોવાથી રાત્રે પણ અંધકાર તો હોતોજ નથિ, એટલે કુંડમાં ખીલેલાં કમળના સુગન્ધમાં લુબ્ધ ભમરા ગુંજારવ કરે તે ઉપરથી સવાર પડયાનું જાણુ થાય છે.

*　　*　　*　　*

शत्कारितं सिद्धसरः सरस्वत्पातापि पातुं घटभूरशक्तः ।
न प्राग्यशोभङ्गभयादुपैति च्छद्मैव विन्ध्याचलवृद्धिरक्षा ॥२–३५॥

સમુદ્રનું આચમન કરી જનાર અગસ્ત્ય પણ સિદ્ધરાજના સરોવરને પીવા સમર્થ નથિ, અને ભોંઠા પડવાના ભયથી જ તે આંહીં ઢુકતા નથિ. આંહીં આવે તો વિન્ધ્યાચળ પાછો વધવા મંડે એ તો કેવળ બ્હાનું જ છે.

पञ्चासराह्वमणहिल्लपुरीपुरन्ध्री-
सीमन्तरत्नमिव पार्श्वजिनेशवेश्म ॥११–२॥

પંચાસરા પાર્શ્વનાથનું મન્દિર નગરીરૂપ સ્ત્રીના સેંથાનું રત્ન છે.

(૮)

જયસિંહસૂરિ-હમ્મીરમદમર્દનમ્

[આ નાટક સં. ૧૨૭૬ પચ્છીના દશકાની અંદર લખાએલ છે. સ્તંભતીર્થ (ખંભાત)માં ભીમેશ્વરની યાત્રાને પ્રસંગે વસ્તુપાલ પ્રધાનના પુત્ર અને ખંભાતના સુબા જયન્તસિંહના આદેશથી તે ભજવાયું હતું. ગૂજરાત ઉપર મુસલમાન ચડી આવ્યા તેમને કેમ પાછા કાઢ્યા એનું તેમાં વર્ણન છે. પાંચમા અંકમાંથી નીચે ઊતાર્યું છે.)

वीरधवलः—(पुरोऽवलोक्य) अये प्राप्तैव भगवती सरस्वती नाम महानदी ।
पुनाति स्नानेन त्रिदशतटिनी दर्शनवशात्
पुनर्देवी रेवा विरचयति पावित्र्यमतुलम् ।

इयं दूरे नामश्रुतिभिरपि दत्ते च शुचिताम् ।
सुता धातुः पूतं त्रिजगदपि भूतं तदनया ॥१८॥

तेजःपालः—देव सुरासुरमहिता त्रिभुवनहितार्थेव धावत्यसौ । यतः
त्रैलोक्योपकृतिक्रमेण जनताद्रोहमरोहन्महः— ।
सन्दोहः सहसानया जलनिधौ क्षिप्तः शिखी वाडवः ।
तत्तापोपशमेच्छया हृदि धृतं सम्भारमम्भोरुहाम् ।
एषा नैव कदापि दापितमधुस्यन्दोच्चयं मुञ्चति ॥१९॥

अपि च । मयि सत्यामपि भुवने नरका इति कथमियं कथाद्यापि ।
निर्मूलयितुमिवैतानित्येषा मविशति भुवोऽन्तः ॥२०॥

વીરધવલ—(આગળ જોઈને) અયે, ભગવતી સરસ્વતી નામે મહાનદી આ આવી.

ગંગા સ્નાનથી પાવન કરે છે અને નર્મદા દર્શનમાત્રથી અતુલ પવિત્રતા રચે છે, પણ આ બ્રહ્માની પુત્રી તો દૂરથી નામ સાંભળતાં જ શુચિતા આપે છે, અને ત્રણે ભુવનને શુદ્ધ કરે છે.

તેજઃપાલ—દેવ, સુર અસુર સર્વને પૂજ્ય આ નદી ત્રિભુવનહિતાર્થે જ વહે છે. જેમ, ત્રૈલોક્યના ઉપકારાર્થે જનતાના દ્રોહી વડવાનળને આણે ઊપાડીને સમુદ્રમાં ફગવી દીધો, અને એના તાપની શાન્તિ કરવાની ઇચ્છાએ પોતાના હૃદય ઉપર કમળ રાખ્યાં છે, તેને કદાપિ મૂકતી નથિ.

વળી 'હું છતાં આજે નરક છે એ કેરી વાત?' એમ વિચાર કરીને નરકને જડમૂળથી ઊખેડી નાંખવા સારું જ જાણે આ નદી પૃથ્વીના ઉદરમાં પ્રવેશ કરે છે.

वीरधवलः—(सहर्षोल्लासम्) अये स्वर्गसीम्नि सुकृतानामायव्ययेन दूयमानैरगण्यपुण्यार्जननैपुण्यार्थिभिरमरैरमरावतीवेयमस्यास्त्रिभुवनपावित्र्यपरायणायास्तीरेऽधिरोपिता पितामहसर्गावधिरधिरोहति नयनपदवीमदवीयसी गूर्जरराज भुजपालिता राजधानी ।

उच्चैश्चैत्याग्रभागैः स्खलितमिह महत्त्वाद्रथाङ्गस्य भावि ।
स्थाने स्थाने तदस्मान्निभृतमित इतो गम्यतां दूरदूरम् ।
इत्यस्यां भूरिभासो दिनकरसुहृदः शातकुम्भीयकुम्भा ।
मित्रं शश्वत्पताकापटकपटकरक्रीडया ज्ञापयन्ति ॥२२॥

વીરધવલ—(હર્ષોલ્લાસ સહિત) અયે, સ્વર્ગમાં પુણ્યનો ક્ષય થાતો જોઈને કોચવાયેલા દેવોને અગણિત પુણ્ય મેળવવાની ચાતુરી શીખવી હોય અને એટલા સારું જ જાણે આ

ત્રિભુવનપાવની સરસ્વતીને તીરે અમરાવતી જેવી નગરી ન સ્થાપી હોય એવી, બ્રહ્માની સૃષ્ટિના અવધિ જેવી ગૂર્જરરાજધાની (અણહિલવાડ) આ દેખાય.

'મન્દિરોનાં ઉંચાં શિખરો સાથે તમારા રથનું પૈડું અટકાઈને ભાંગી જાયે, એટલે આંહીથી દૂર દૂર રથ હાંકજો,' એમ સૂર્યના મિત્રભૂત અત્યન્ત તેજસ્વી કનકકલશ ધજાને નિરન્તર ફડફડાવીને જાણે સૂર્યને જાણ કરે છે.

तेजःपालः—देव पश्य पश्यामी

किं मच्छृङ्गारशृङ्गावलिविभवभरोऽहारि हारीभवद्भिः ।
साक्षादस्यामितीवावनिधरविभुना वेष्टिता वप्रवेशात् ।
तीव्रांशुं तप्तलोहोपममभरगृहा व्योमगङ्गाम्बुरङ्गन् ।
मौलिस्नाताः पताकावसनरसनया लेलिहन्तो नु शुद्धाः ॥२३॥

તેજઃપાલ—દેવ, જુવો જુવો આ 'મારા શૃંગારસમાન શિખરાવલિ આ નગરીનાં દેવાલયો ચોરી ગયાં, એમ ધારીને જાણે મેરુપર્વતે ગઢને વેશે એને ઘેરો ઘાલ્યો છે, અને દેવાલયો આકાશગંગામાં જાણે માથે નાય છે, અને તપાવેલા લોહ જેવા સૂર્યને ધજારૂપી જીભે કરીને ચાટે છે અને એવી રીતે દિવ્ય કરીને ચોરીના આરોપથી મુક્ત થાય છે.

वीरधवलः–(सस्मितम्)

निशि निशि तुहिनांशुज्योत्स्नया जातजाड्या- ।
कृतिरिव रविमूर्त्यामुल्लसन्त्यां हसन्त्याम् ।
इह सुरगृहपङ्क्तिर्वासरे वासरेऽसौ ।
बत तपति पताकाहस्तविस्तारणेन ॥ २४ ॥

एतां पुनरनन्तश्रीमण्डनीयां मण्डयत्येककुण्डलमिव सहस्रसङ्ख्यशशिशेखर-सुरगृहकच्छलमुक्ताफलपटलजटिलान्तं मध्यस्फुरदुरुतरुलतावितानवलयितान्तरीप-मयमरकतमणिनिरुकम्बकान्तं नितान्ततान्तनीरजरजःपरिसम्भरम्भावितशात-कुम्भशोभमम्भो बिभ्राणं जगदानन्दनिधानं सिद्धसागराभिधानं सरः ।

महाम्भोधिर्गम्भीरिमगरिममाधुर्यविभवः ।
जितो येन श्यामोऽजनि जनितदुःखव्यतिकरः ।
वहत्यौर्वव्याजादुरसि परितापं न घटते ।
सरस्वत्याप्येतद्विरचितपरीरम्भपरया ॥ २९ ॥
सदा पूर्णेऽभ्यर्णस्थितहरसहस्रालिकशशि- ।
प्रभाचञ्चच्चन्द्रोपलपटलसोपानसलिलैः ।

वव सम्भाव्यो यत्र प्रलयसमयद्वादशरवि- ।
च्छविप्लोषैः शोपः क्वचितपृथुपाथोधिभिरपि ॥ २६ ॥

तेजःपालः–देव एवमेवैतत् ।

यत्रौर्वप्रकराः स्फुरन्ति गिरिशप्रासादकुम्भप्रति- ।
च्छन्दैः कुम्भचयाः पिबन्ति च सदा नाभूत्तथाप्यूनता ।
एकौर्वज्वलनैककुम्भतनयक्रीडानिपीतोदक- ।
व्रीडार्तः पुरतः क्व तस्य सरसः क्षीरार्णवो वर्ण्यताम् ॥ २७ ॥

વીરધવલ—(સ્મિતપૂર્વક)

રાતે રાતે ચન્દ્રના તેજથી જાણે ઠરી ન ગયાં હોય એવાં દેવાલયો દિવસે સૂર્ય પ્રકાશે એટલે પતાકારૂપી હાથ લાંબા કરીને તાપે છે.

આ અનન્તશોભામય રાજધાનીને જગતના આનન્દધામ જેવું સિદ્ધસાગર સરોવર કુંડળની ઘોડયે શણગારે છે, એને ફરતો સહસ્રશિવાલયરૂપી મોતીનો હાર છે. એની વચ્ચે બેટ ઉપર વિશાળ વૃક્ષ તથા લતાના મંડપ છે તે નીલમ જેવા દેખાય છે, અને પાણીમાં રહેલાં કમળોના રજકણને લીધે તે સુવર્ણની શોભા ધારણ કરે છે.

આ સરોવરે ગંભીરતા, ગરવાપણું, મધુરતા ઇત્યાદિ ગુણે મહાસાગરને જિતી લીધો એટલે દુઃખી થઈને તે શ્યામ થઈ ગયો છે, અને વડવાનલરૂપે હૃદયમાં પરિતાપ વહે છે.

સમીપે બિરાજતા સહસ્ર શિવના ભાલમાં રહેલા ચન્દ્રના તેજથી દ્રવતા ચન્દ્રકાન્તમણિના ચણેલા ઘાટ ઉપરથી વહતા પાણીથી આ સરોવર સદાય પૂર્ણ રહે છે, એટલે પ્રલયકાળના બાર સૂર્ય વિશાળ સમુદ્રને શોષી નાખે પણ આને ક્યાંથી શોષવે ?

તેજઃપાલ—દેવ, એમ જ છે.

આ સરોવરને વિષે શિવાલયના કલશના પ્રતિબિંબરૂપે અનેક વડવાનલ સ્ફુરે છે, અને અનેક કુંભો તેને નિત્ય પીધા કરે છે, તોપણ તેનું પાણી ઘટ્યું નહિ, અને સમુદ્રનું પાણી તો એક વડવાનલ અને એક કુંભપુત્ર (અગસ્ત્ય) વાતવાતમાં પી ગયા, એટલે ક્ષીરસમુદ્ર લાજે છે. સરોવર પાસે ક્ષીરસમુદ્રનું શું ગજું ?

(૯)

ઉદયપ્રભસૂરિ–સુકૃતકીર્તિકલ્લોલિની.

[ઉદયપ્રભ વસ્તુપાલના ગુરુ હતા, તેમણે આ કાવ્ય વસ્તુપાલની પ્રશસ્ત્યર્થે લખ્યું છે. સમય તેરમા શતકનું પેહલું ચરણ.]

भूषा भुवोऽणहिलपाटकनामधेया ।
येन व्यधायि किल गूर्जरराजधानी ।
यत्रोदयन्नवनवाद्भुतभोगभाग्य- ।
श्रीणां नृणां बहुतृणं त्रिदशौकसोऽपि ॥ ११ ॥

વનરાજે અણહિલવાડ નામે પૃથ્વીના ભૂષણરૂપ ગૂર્જરરાજધાની સ્થાપી, જ્યાંના નિત્ય નવા ભોગ ભોગવતા ભાગ્યશાળી લોકો દેવોને તણખલાને તોલે ગણતા હતા.

एकाऽपि प्रमदा मदालसवपुर्यत्र प्रपापालिका ।
बिभ्राणा करकैरवेण करकं पूर्णं जलैरुज्ज्वलैः ।
रत्नस्तम्भभवन्निजप्रतिकृतिप्रान्ते कृतप्राञ्जलीन् ।
यूनो वीक्ष्य मृदुस्मितेन तनुते लज्जाविलक्षस्थितीन् ॥ १२ ॥

अस्मिन्नुन्नतवेश्ममौलिषु भवान् भावी सखेदः सखे ।
चक्रप्रस्खलनाकुलीकृतरथस्तस्मादितो गम्यताम् ।
भिन्नान्तस्तमसः सुवर्णकलशाश्चैत्यालिचूलाजुषः ।
संज्ञां चक्रुरधीरकेतनकरैर्यत्रेति मित्रं प्रति ॥ १३ ॥

'આંહીંના ઘરનાં ઉંચાં શિખરોમાં તમારા રથનાં પૈડાં ભટકાશે ને આપદા પડશે એટલે આંહીંથી જાઓ,' એમ દેવાલયોને શિખરે રહેલા કનકકલશો પતાકારૂપી હાથે કરીને જે નગરીમાં સૂર્યને સાન કરતા હતા.

(૧૦)

બાલચન્દ્રસૂરિ–વસન્તવિલાસ

(વસ્તુપાલના ચરિત્રને લગતું મહાકાવ્ય એના પુત્ર જૈત્રસિંહ (=જયન્તસિંહ=જેતસી)ના મનોવિનોદાર્થ રચવામાં આવ્યું હતું. સમય તેરમા શતકના અન્ત, ને ચૌદમાના આરમ્ભ લગભગ. વસન્ત=વસન્તપાલ=વસ્તુપાલ. વસ્તુપાલના મિત્રોને ને કદાચિત્ એને પોતાને વસ્તુપાળ નામ કાવ્યમય નહિ લાગ્યું હોય; એટલે એને ફેરવીને વસન્તપાલ બનાવ્યું ! બીજા સર્ગમાંથી નીચલા શ્લોક ઊતાર્યા છે.]

अणहिल्लपाटकमिति प्रथितं पुरमस्ति निर्जितमहेन्द्रपुरम् ।
कलहायते न सह शारदया कमलाऽत्र वासरसलोभवती ॥ १ ॥

અમરાવતીને હરાવનારું અણહિલવાડ નગર છે, જ્યાં લક્ષ્મીને વસવું એટલું પ્રિય છે, કે એટલા સારું સરસ્વતી સાથે બાધની આળસી ગઈ છે.

इह शातकुम्भमयकुम्भरुचा तिमिरं निरासि किमु तापयसे ।
इति यत्र चैत्यनिवहः परतःकुरुते रविं तरलकेतुकरैः ॥ ६ ॥

'આંહીં સુવર્ણકલશના તેજથી તિમિર નાશ પામ્યું છે, પછી તું હાલોભૂલો શું કામ સંતાપે છે ?' એમ કહેતાં જ્યાંનાં મન્દિરો સૂર્યને ફડફડતી ધજારૂપ હાથે કરીને આઘો ખસેડે છે.

हरताण्डवाभिनयमातनुतेऽगरुधूपधूमगजचर्मधरम् ।
यदुदारदेवकुलमौलिचलद्ध्वजपाणिभिः सह लयैः शतशः ॥७॥

જે નગર અગરુધૂપના ધૂમાડારૂપે ગજચર્મ ધરીને, ઉન્નત દેવાલયોને શિખરે હાલતી અનેક ધજાઓરૂપી હાથનાં લટકાં કરીને શિવના તાંડવનો અભિનય કરે છે.

कृतिभिः कृताः सुकृतशेवधयः प्रकटा इवात्र नगरे कलशाः ।
सुरसद्मसमूर्धसु विभान्तितमां पवनोच्छ्लसद्ध्वजभुजङ्गभुजः ॥ ८ ॥

મન્દિરના કલશ તે જાણે પુણ્યશાળીના પુણ્યના ભંડાર છે, અને પવનમાં ફડફડતી ધજા જાણે એના ઉપર બેઠેલા નાગ છે.

समयज्ञ एव मलिनोऽपि तमःप्रसरः सदा यदनुचारिपदम् ।
इह कामिनीवदनशीतरुचामुररीकरोति कवरीमिषतः ॥ ११ ॥

અંધકાર મલિન છતાં સમયનો જાણ છે, કારણ તે આ નગરીની સ્ત્રીઓના મુખચન્દ્ર કેશકલાપરૂપે કરે છે.

अभितुङ्गवेश्मशिखरप्रकरस्खलनानिपातभयतः परितः ।
निशि यत्र यान्ति विलसत्तडितो धृतदीपिका इव घना नभसि ॥ १७ ॥

રાતવેળાએ રખે તે પોતે આ નગરનાં ઉંચાં ઘરનાં શિખરો સાથે અથડાઈ પડે એવા ભયથી વાદળાં વીજળીરૂપી દીવી લઈને આકાશમાં ફરે છે.

वासोऽधरं वारिधरं वसानः प्रकाशमाकाशमथोत्तरीयम् ।
सुधासिताङ्गः सुमहाननल्पः शालोऽस्ति जिष्णुप्रणयी यदीयः ॥ ४२ ॥

જેનો મોટો ગઢ વાદળાંરૂપ ધોતિયું પહેરે છે અને આકાશરૂપી દુપટ્ટો ઓઢે છે.

अङ्गीकरोति प्रतिबिम्बिताङ्गः शालो यदीयः परिखापयोऽन्तः ।
वैकुण्ठशय्यार्थमुपागतस्य वार्द्धिभ्रमेणाहिपतेरभिख्याम् ॥ ४४ ॥

જેના ગઢનું ખાઈ માં પ્રતિબિંબ પડતાં, ખાઈ ને સમુદ્ર જાણીને શેષનાગ વિષ્ણુભગવાનની શય્યાને અર્થે ત્યાં જાણે ન આવ્યો હોય, એવો તે શોભે છે.

विनिर्जिताशेषपुरश्रियोऽस्य पुरः पुरोभागगतस्तडागः ।
माहात्म्यमम्भोजमुखैरसङ्ख्यैः स्तौतीव भृङ्गीरुतगीविलासैः ॥४९॥

આ નગરે બીજાં નગર માત્રને જિત્તી લીધાં, એટલે જાણે તેની સમીપે રહેલું સરોવર કમળરૂપી અસંખ્ય મુખે તથા ભમરાના ગુંજારવરૂપ વાચાએ કરીને તેનું માહાત્મ્ય સ્તવે છે.

(૧૧)

[ચારિત્રસુન્દરગણિ નામે એક જૈન સાધુએ કુમારપાલચરિત મહાકાવ્ય આજથી આશરે ૫૦૦ વર્ષ ઉપર રચ્યું છે તેના પ્રથમસર્ગના પ્રથમ વર્ગમાંથી નીચલા શ્લોક ઊતાર્યા છે.]

श्रियां निवेशो वरिवर्त्ति देशः श्रीगूर्जराख्यो रुचिरप्रदेशः ।
कृतप्रवेशः सुकृतैर्नितान्तं न पापलेशोऽपि यमत्र भेजे ॥ १२ ॥

ગૂર્જર નામનો લક્ષ્મીના નિવાસસ્થાન સમાન અને સુંદર પ્રદેશવાળો દેશ હતો, જ્યાં સુકૃત્યે અત્યન્ત પ્રવેશ કર્યો હતો અને જ્યાં પાપનો લેશમાત્ર પણ નહોતો.

नदीषु गङ्गा त्रिदशेषु वज्री नगेषु मेरुः क्षितिपेषु चक्री ।
मतङ्गजेष्विन्द्रगजः प्रधानो देशः स देशेषु तथाऽखिलेषु ॥ १३ ॥

નદીઓમાં ગંગા, દેવોમાં ઇન્દ્ર, પર્વતોમાં મેરુ, રાજાઓમાં ચક્રવર્તી, અને હાથીઓમાં જેમ ઐરાવત પ્રધાન છે, તેમ તે દેશ દેશમાત્રમાં અગ્રેસર છે.

दानेन मानेन नयेन धात्र्यां यः सर्वदेशाभरणं बभूव ।
आसीत्सदाचारभरस्य सीमाऽम्बुधिर्जलानामिव सर्वदा यः ॥ १४ ॥

દાને, માને તથા નીતિએ કરીને જે દેશ જગતના સર્વ દેશમાં ભૂષણરૂપ હતો, અને જેમ સમુદ્ર પાણીની સીમા સમાન છે તેમ જે દેશ સર્વદા સદાચારની સીમારૂપ હતો.

यस्मिन्स्वकाले तरवः फलन्ति गलन्ति गर्भा नहि कामिनीनाम् ।
मिलन्ति वित्तानि घनानि पुंसां ज्वलन्ति नो जातु गृहा जनानाम् ॥ १५॥

જે દેશમાં ઝાડ યોગ્ય સમયે ફળે છે, સ્ત્રીઓના ગર્ભ ગળતા નથિ, માણસોને પુષ્કળ ધન મળે છે, અને લોકોનાં ઘર કદાપિ બળતાં નથિ.

ग्रामा महाद्रङ्गसमानरूपाः स्वर्धामरम्याणि पुराणि यत्र ।
लोकाः क्षितीशप्रतिमा विभान्ति महीभुजो यत्र सुरेन्द्रतुल्याः ॥१६॥

જે દેશમાં ગામડાં નગર જેવાં છે, અને નગર સ્વર્ગ જેવાં રમ્ય છે, લોકો રાજા જેવા છે અને રાજા સુરેન્દ્ર તુલ્ય છે.

अस्ति श्रीवनराजराजरचितप्रौढप्रतिष्ठं स्फुटम् ।
तत्र श्रीअणहिल्लपाटकमिति प्राप्तप्रतिष्ठं पुरम् ।
आतङ्कोज्झितमानसाः प्रतिदिनं पूर्णाभिलाषाः स्फुरद्- ।
भासो यत्र वसन्ति चित्रजनका देवोपमा मानवाः ॥ १७ ॥

ગૂર્જરદેશમાં રાજા વનરાજે સ્થાપેલું અણહિલવાડ નામે પ્રતિષ્ઠા પામેલું નગર છે, જ્યાં નિશ્ચિન્ત ચિત્તવાળા, તેજસ્વી, દેવ જેવા, બીજાને આશ્ચર્ય ઉપજાવતા, અને નિત્ય જેની અભિલાષા પૂર્ણ થાય છે એવા મનુષ્યો રહે છે.

अभ्रंलिहा यत्र विलोक्य सौधश्रेणीर्ध्वजश्रेणिविराजमानाः ।
सूर्यो निजस्यन्दनभङ्गशङ्काकुलो भवेदभ्रपथेऽपि गच्छन् ॥ १८ ॥

ધ્વજપંક્તિએ કરીને શોભતી અને ગગનને સ્પર્શ કરતી જે નગરની હારબન્ધ હવેલીઓને જોઇને આકાશમાર્ગે વિચરતા સૂર્યને પણ એવી શંકા થાય, જે મારો રથ આની સાથે ભટકાઈને ભાંગી તો નહિ જાય ?

यदीयनारीनयनाननाभ्यां सरोजचन्द्रौ विजितौ विशङ्के ।
अशिश्रियद्दुस्तरवारिदुर्गमेकं भिया व्योमपथं तथान्यः ॥ १९ ॥

જે નગરની સ્ત્રીઓનાં નયન તથા મુખથી હારી જઇને કમળે તથા ચન્દ્રે એક તરવું કઠણ એવા પાણીરૂપી ગઢમાં અને બીજાએ આકાશમાં, ભયભીત થઇને આશરો લીધો એમ મને ભાસે છે.

यस्मिन्गवाक्षस्थितचारुनारीवक्त्रैर्विभोद्भासितदिग्विभागैः ।
निशीन्दुबिम्बप्रतिमैरजस्रं सहस्रचन्द्रं गगनं बिभर्ति ॥ २० ॥

જે નગરમાં ગોખે બેઠેલી સુન્દર સ્ત્રીઓના ચન્દ્રમુખે કરીને દશે દિશા રાત્રિએ તેજોમય થઇ જાય છે, અને તેથી આકાશમાં જાણે નિરન્તર સહસ્ર ચન્દ્ર કેમ ન ઊગ્યા હોય એવું લાગે છે.

जिनेन्द्रचैत्यानि पराणि यत्र स्वर्लोकनिःश्रेणिसमानि भान्ति ।
वाताहतास्तत्र च वैजयन्त्यः संतर्जयन्त्यः स्वरिवोल्लसन्ति ॥ २१ ॥

જે નગરમાં સ્વર્ગની નીસરણી જેવાં જૈનમન્દિરો શોભે છે, તથા પવનમાં ફરફરતી મન્દિરની ધ્વજાઓ જાણે સ્વર્ગનો કેમ તિરસ્કાર ન કરતી હોય એવી ઉલ્લાસ પામે છે.

न राजहंसादपरः सरागो दोषाकरश्चन्द्रमसः परो न ।
विहाय भृङ्गं मधुपो न कश्चिद्यस्मिन्न सर्पादपरो द्विजिह्वः ॥ २२ ॥

જે નગરમાં રાજહંસ વિના બીજો કોઇ રાગવાન (રંગે રાતો, આસક્તિવાળો) નથિ, ચન્દ્ર વિના બીજો કોઇ દોષાકર (રાત કરનાર, દોષની ખાણ્ય જેવો) નથિ, ભમરા વિના બીજો કોઇ મધુપ (મધ પીનાર, મદ્યપાન કરનાર) નથિ, અને સર્પ વિના બીજો દ્વિજહ્વ (બે જીભવાળો, બેવચની) નથિ.

प्रदीपपात्राणि विहाय यत्र स्नेहक्षयोऽन्यत्र निरीक्ष्यते नो ।
न कण्टकाली वृतिमन्तरेण विलोक्यते तत्र पुरे परत्र ॥ २३ ॥

જે નગરમાં દીવાના ચાડાં વિના બીજે ક્યાંય સ્નેહ (તેલ, પ્રેમ) નો ક્ષય જોવામાં આવતો નથિ, અને વાડ્ય વિના બીજે કંટકાલી (કાંટા, શત્રુ) દેખાતી નથી.

दानेन मानेन कलाव्रजेन रूपेण सौख्येन बलेन नित्यम् ।
यस्मिन्वसन्तस्त्रिदशान् हसन्ति धर्मोज्झ्यमानान्निरताः स्वधर्मे ॥२४॥

દાન, માન, કળા, રૂપ, સુખ અને બળને વિષે જે નગરીના સ્વધર્મપરાયણ નિવાસીઓ ધર્મરહિત દેવોને નિત્ય હસે છે.

પ્રો. ક્રીશ્ચીયન લાસેનનો પ્રાચીન હિંદના વાણિજ્યનો ઇતિહાસ

જર્મન ઉપરથી પ્રો. કે. પી. જયસ્વાલ તથા પ્રો. બેનરજીના અંગ્રેજી ઉપરથી ગૂજરાતીમાં અનુવાદક

[અ. શ્યામલાલ હ. ભગવતી]

(પુરાતત્ત્વ પુ. ૪. પૃષ્ઠ ૧૪૮ થી ચાલુ)

ભાગ. ૨. વેપારી પ્રજાઓ

વેપારનું ભાવી

ઈ. સ. પૂર્વેની છેલ્લી સદીના અંત સમયે તથા ઇ. સ. ની પહેલી ત્રણ સદીઓમાં રાતા સમુદ્ર દ્વારા હિન્દ સાથેનો દરીયાઇ વેપાર બીજી કોઇ જાતના વેપાર કરતાં ખૂબ વધી ગયો હતો અને તે વિષય ઉપર જ આપણી પાસે સંતોષકારક માહિતી છે. આ વેપારની અંદર, ગ્રીક તથા રોમન વેપાર જેટલો હિસ્સો હિન્દના વેપારનો પણ હતો. ગ્રીક અને રોમન વેપારની બાબતમાં પ્રથમ હું એટલું કહું છું કે હીપેલોસે કરેલી પવનપ્રવાહ ની શોધ અથવા પુનર્શોધ પછી દર વર્ષે વેપારી વહાણોના કાફલાઓ રાતા સમુદ્રમાંથી હિન્દના બંદરો તરફ મુસાફરી કરતા. બીજું એ કે હિન્દમાં વસતા ગ્રીક અને રોમન વેપારીઓએ ગુજરાતના એક નગરને થીઓફીલા (Theophila) નામ આપ્યું હતું અને મલબાર કિનારા ઉપરના તેમના એક કારખાનાને બીઝાન્ટીઅન (Byzantian) નામ આપ્યું હતું, અને તેવી જ રીતે લંકાના કિનારા ઉપરના પ્રદેશોને ગ્રીક ભાષાનાં[1] નામો આપ્યાં હતાં. આ હકીકત ઉપરથી એમ સાબીત થાય છે કે ગ્રીક તથા રોમન વેપારીઓ હિન્દના ઉપર બતાવેલા ભાગોમાં લાંબા વખત સુધી તથા વારંવાર રહેતા. આને લગતી ત્રીજી હકીકત આવા માણસોના અહેવાલો છે કે જેમાંથી પ્લીની તથા ટોલેમીએ હિન્દને લગતી ભાગોલિક, ઐતિહાસિક તથા ભૌતિક માહિતી મેળવી હતી. અહિંયાં એટલું ઉમેરવું જોઇએ કે મ્યુસીરીસ અથવા મેંગલોરમાં ઘણા ગ્રીક વેપારીઓ રહેતા હતા.[2]

હવે દરીઆઇ વેપારમાં હિંદ બહોળા પ્રમાણમાં ભાગ લેતું હતું તે વિષયમાં પ્રથમ તો નીચેની હકીકતો ઉપરથી સાબીતી મળે છે. ડાયોસ્કોરીડા અથવા આધુનિક ડીયો સોકોટ્રાના ટાપુમાં વેપાર અર્થે હિન્દીઓ તથા આરબો અને ઘણા જ થોડા ગ્રીક લોકો રહેતા હતા. આ ટાપુની વસ્તી આવા પરદેશીઓની જ હતી.[3]

---

૧. પૃ. ૬ ઠું જુઓ.

૨. Peripl. Mar. Erythr. પા. ૬૦.

૩. ,, પા. ૧૮.

ઇથીઓપીયાના કિનારા પર આવેલ એઝેનીયા (Azania) માં બેરીગાઝા તરફના હિન્દી વેપારીઓ આવતા.[૧] આપણે આગળ જોઇ ગયા કે પોન્ટસના પ્રદેશમાં હિન્દીઓ રહેતા હતા અને તેઓ ખરાને બદલે ખોટાં નીલમ વેચતા હતા.[૨] પરંતુ સૌથી અગત્યની હકીકત તો નીચેની છેઃ—વિશ્વાસપાત્ર કોર્નેલીઅસ નેપોસે (Cornelius Nepos) વર્ણવ્યું છે કે જી. મીટેલસ સેલર (G. Metellus Cel.) જે ઈ. સન પૂર્વે ૬૦ ની સાલમાં ગેલીઆનો પ્રો–કોન્સલ હતો તેને ભેટ તરીકે કેટલાક હિન્દીઓ સુએવી (Suevi) ના રાજા તરફથી અથવા બીજા અહેવાલ પ્રમાણે બોઈ (Boi) ના રાજા તરફથી મોકલવામાં આવ્યા હતા. અને આ હિન્દીઓ વેપાર અર્થે હિન્દી સમુદ્રમાં મુસાફરી કરતા હતા ને તોફાન ને લીધે જ ત્યાં ઘસડાઇ આવ્યા હતા. પરંતુ આ લોકોએ હિન્દી સમુદ્રમાંથી પોતાના દેશમાંથી મુસાફરી શરૂ કરી આખા આફ્રીકાની પ્રદક્ષિણા કરી હોય તેમ જ યુરોપના આખા પશ્ચિમ કિનારાની મુસાફરી કરી હોય એ અશક્ય લાગે છે. અને જો એમ કર્યું હોય તો તેઓ ઇગ્લીશ અથવા ફ્રેન્ચ કિનારાએ આવ્યા હોત. માટે આપણે એમ કહી શકીએ કે આ લોકો કાસ્પીઅન સમુદ્રમાં મુસાફરી કરતા હશે.[૩] અને તોફાનને લીધે તેના ઉત્તર કિનારા ઉપર ઘસડાઇ આવ્યા હશે. ત્યાંથી તેઓ ઘણું કરીને બોઇના દેશમાં ગયા હશે. જ્યાંના રાજાએ તેમને સુએવીના રાજાને ત્યાં મોકલાવ્યા હશે. અને તેણે ત્યાંથી ગેલીઆના રોમન પ્રોકોન્સલ ઉપર મોકલી આપ્યા હશે. આ સઘળી હકીકત ઉપરથી આપણે અનુમાન કરી શકીએ કે રોમન રાજ્ય સાથેના વેપારમાં હિન્દના વેપારીઓ જોડાતા અને આ વેપાર હિન્દમાંથી બેકટ્રીયા, કાસ્પીઅન સમુદ્ર અને કોકેસસ દ્વારા કાળા સમુદ્રમાં ફેલાએલો હતો.

બીજું રોમન સમ્રાટને હિન્દના રાજાઓ તરફથી રાજદૂતો મોકલવામાં આવતા અને આ હકીકત રોમન રાજ્ય સાથેના લાભદાયક વેપારમાં હિન્દીઓનો મોટા પ્રમાણમાં ભાગ હતો તેની વિરૂદ્ધ જાય છે. સૌથી પ્રથમ દૂતમંડળ પોરસ નામના રાજાએ સમ્રાટ ઓગસ્ટસ ઉપર મોકલ્યું હતું. તેને લગતી જુદી જુદી બાબતો વિષે ડમારકસના નીકોલેઓસ (Nikolaos) જેણે ડફન[૪] (Daphne) ની પાસે આવેલ એન્ટીઓકીઆ (Antiochia) નામના સીરીઅન શહેરમાં બાકીના ત્રણ રાજદૂતો જોયા હતા—તેની પાસેથી આપણને નીચેની હકીકત મળે છે. આ રાજદૂતો રોમન સમ્રાટને ગ્રીક ભાષામાં લખેલો હિન્દી રાજાનો પત્ર લાવ્યા હતા જેની અંદર હિન્દી રાજાએ લખ્યું હતું કે જો કે તેને ૬૦૦ ખંડીઆ રાજાઓ હતા છતાં તે સમ્રાટ ઓગસ્ટસની મિત્રતા યાચતો હતો અને તે હિન્દના દરેક બંદરે રોમન લોકોને આવવા દેવા તથા તેમને દરેક રીતે મદદ કરવા રાજી હતો. રાજદૂતો સાથે આઠ નગ્ન સેવિકાઓ હતી જેઓએ મેખળાઓ પહેરેલી હતી, જેઓના શરીર ઉપર લેપ કરેલો હતો, અને જેઓએ રોમન સમ્રાટ માટેની ભેટો ઉચકેલી હતી. આ

૧. Peripl. Mar. Erythr. પા. ૧૮.

૨. જુઓ આગળ પા. ૧૭.

૩. cf. ભા. ૨. પા. ૬૦૩.

૪. સ્ટ્રેબો ભા. ૧૫. ૧. ૭૩. પા. ૭૯. અને તેમાંથી નીકોલેઓસના અહેવાલોમાં.

ભેટો નીચે પ્રમાણે હતીઃ-પ્રથમ તો એક દેવની મૂર્તિ-જેના હાથ છોકરાએ ભાગી નાખેલા હતા-જેથી ગ્રીક લેખકો તેને હર્મ્સના સ્તંભની ઉપમા આપતા હતા-જે આપણે જાણીએ છીએ કે ઉચ્ચાસનના ચોખુણા સ્તંભ જેવો હોય છે. આ મૂર્તિ કોઇ હિન્દી દેવની હોવી જોઇએ જે વિષે આપણી પાસે ચોકસ માહિતી નથી. બીજી ભેટોમાં મોટા સર્પો-એક સર્પ દશ એલ (ell) જેટલો લાંબો તથા નદીનો એક ત્રણ એલ જેટલો મોટો કાચબો અને એક મોટું તીતર. હિન્દી રાજદૂતોમાંના ઘણાખરા તો લાંબી મુસાફરીને લીધે મરણ પામ્યા હતા.

જો કે હિન્દી રાજાની આવી તુચ્છ ભેટોને લીધે અને તે ૬૦૦ રાજાઓ ઉપર રાજ્ય કરતો હતો તેવા તેના એકરારને લીધે આપણને ઉપરનો અહેવાલ ખોટો લાગે તેવો છે, પરંતુ બીજા કારણોને લીધે તે અહેવાલ ખરો માનવાને લલચાઇએ છીએ. અલબત્ત હિન્દી રાજા ગ્રીક ભાષાનો ઉપયોગ કરતો હશે કે નહિ તે વિષે આપણને શંકા થાય અને તેથી તેના રાજદૂતોએ મુસાફરી દરમિયાન કીંમતી ભેટો વેચી નાંખી હશે અને કોઇ ગ્રીક પાસે બીજો કાગળ લખાવ્યો હશે એવો વહેમ આવે છે. ઉપરના અહેવાલની સામાન્ય સત્યતા માટે હું પ્રથમ જણાવીશ કે પશ્ચિમ હિન્દમાં જ્યાં આગળ પૌરવ અથવા પોરસનું રાજ્ય હોવું જોઇએ, ત્યાં મેસીડોનીઅન લેખકોના[1] પૂરાવા પ્રમાણે સર્પપૂજા ચાલુ હતી. તેથી હિન્દી રાજાએ રોમન સમ્રાટને પોતાના દેશમાં પૂજાતું પ્રાણી મોકલ્યું હોય તે તદ્દન સ્વાભાવિક છે. બીજું કેડફાઇસીઝ (Kadphises) બીજો,[2] જે ઇ. સનની શરૂઆતમાં થઇ ગયો તેના મરણ પછી પ્રાચીન પૌરવોના કોઇ વંશજે પશ્ચિમ પંજાબમાં સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું હશે એમ માનવામાં વાંધો નથી. તેને ૬૦૦ ખંડીઆઓ હતા તે અતિશયોક્તિ લાગે છે. ઉપરની કલ્પના પ્રમાણે તે રાજા, સમ્રાટ ઓગસ્ટસનો સમકાલીન હતો અને તેણે ઇ. સ. ૧૪ સુધી રાજ્ય કર્યું હતું અને રાજદૂતો મોકલવામાં વેપારી સ્વાર્થ હશે કારણકે તેણે રોમન લોકોને તેના દેશમાં છૂટથી આવવા દેવા તથા તેમને તેમના સાહસોમાં મદદ કરવા ખુશી દર્શાવી હતી.

અત્રે એટલું આપણે જાણવું જોઇએ કે પોરસના રાજદૂતોની સાથે એક પવિત્ર બુદ્ધમાર્ગી પણ હતો; જેનું નામ ઝર્મેનોચેગાસ, (zarmanochogas) ઘણું કરીને શ્રમણાચાર્ય અથવા શ્રમણોના આચાર્ય એ ઉપરથી આવ્યું હશે![3] તેની અત્યાર સુધીની જીંદગી સંકટો વિના પસાર થયેલી હોવાને લીધે તેને હવેની જીંદગીમાં દુઃખ ન આવી પડે તે માટે તેણે દેહનો ત્યાગ કરવાનો સંકલ્પ કર્યો અને એથેન્સની અંદર નગ્ન તથા લેપિત તે ચિતા ઉપર ચઢયો ને તેની કબર ઉપર ઉપર નીચેનો લેખ લખાવવામાં આવ્યો:

---

૧. c. f. II. પા. ૨૩૫ અને ૪૬૭.

૨. c. f. II. પા. ૮૨૧.

૩. વીલ્સનું Theatre of the Hindus ભા. ૧ પૃ. ૧૫ અને શ્રમણના અર્થ માટે જુઓ પૃ. ૪૪૯.

"અહીંઆ ભરૂચમાંથી આવેલ શ્રમણાચાર્ય નામનો હિન્દી આરામ લે છે જેણે હિન્દીઓના રીવાજ પ્રમાણે આત્મહત્યા કરી હતી."

રોમન રાજમંડળ તરફ બીજું દૂતમંડળ નીચેના બનાવને લીધે મોકલવામાં આવ્યું હતું:—એનીઅસ પ્લોકેમસ (Annius Plocamus) નો એક મુક્ત થએલો ગુલામ જેણે સરકાર પાસેથી રાતા સમુદ્રના ટોલ (વેરા)નો કંટ્રાકટ લીધો હતો તે અરેબીઆના કિનારા ઉપર મુસાફરી કરતાં, ઉત્તર તરફના પવનને લીધે કાર્મેનીઆ તરફ ધસડાઇ ગયો હતો, ને ૧૫ દિવસ પછી લંકાના વાયવ્ય કિનારા ઉપર આવેલ હિપ્પુરોસ (Hippuros) બંદરે આવ્યો હતો. ત્યાં તે બંદરોના રાજા તરફથી તેને ઘણો ઉમદા આવકાર મળ્યો હતો ને તે ત્યાં ૭ માસ રહ્યો હતો.[૧] તેને પૂછવામાં આવતાં તેણે લંકાના રાજાને રોમનો તથા રોમન સમ્રાટો વિષેની હકીકત આપેલી હતી. તેની (ગુલામની) આગળ કરેલા વર્ણન પ્રમાણે સીંહાલીઝ રાજા રોમન સમ્રાટની ન્યાયબુદ્ધિનાં વખાણ કરવા લાગ્યો કારણ કે રોમન લોકો જે દીનાર લાવતા હતા તે બધા સરખા વજનના હતા, જો કે તેની છાપો ઉપરથી તે જુદા જુદા સમ્રાટોના હોય એમ લાગતું હતું. આ પ્રશંસાનું કારણ એ હોવું જોઇએ કે તે ટાપુમાં સીક્કા છાપવાની કળાએ રોમન રાજ્ય કરતાં ઓછી પ્રગતિ કરેલી હતી. ગમે તેમ હોય છતાં આ બનાવને લીધે રોમન સમ્રાટને માટે લંકાને મિત્ર ભાવ ઉપજ્યો અને તેણે ચાર રાજદૂતો મોકલ્યા. જેમાંના મુખ્ય રાજદૂતનું નામ રાચીઅસ (Rachias) હતું. આ નામ રાજા અથવા રાજન ઉપરથી આવેલું હોવું જોઇએ. તેમજ આ નામ રાજવંશીઓને પણ અપાતું હોય છે. રાચીઅસ ઘણું કરીને રાજાના કુળનો માણસ હોવો જોઇએ અને તેથી આપણે તેનું ખરૂં નામ શું હતું તે જાણી શકતા નથી. આ રાજદૂત પાસે પ્લીનીએ લંકાને લગતી ઘણી વિગતવાર માહિતી મેળવેલી હતી જેની ચર્ચા હવે પછીના ભાગમાં જ કરવી જોઇએ. અહીંઆં ફક્ત એટલું જાણવું અગત્યનું છે કે તે સમયે ક્લોડીઅસ (Claudius) કે જેણે ઇ. સ. ૪૧ થી ૫૪ સુધી રાજ્ય કર્યું હતું તે રોમનો સમ્રાટ હતો. લંકાના રાજાની બાબતમાં તે રાજા ચંદ્ર-મુખશિવ જેણે ઇ. સ. ૪૪ થી ૫૨ રાજ્ય હતું તે હતો કે યશો–લાલ–કતીસ્ય જેણે તેના પછીથી ઇ. સ. ૬૦ સુધી રાજ્ય કર્યું હતું તે હતો–તે અનિશ્ચિત રાખવું પડશે. જો કે ઘણું કરીને તો તે પહેલો રાજા હતો કારણકે બીજો રાજા તો ક્લોડીઅસના મરણ પછી ટુંક સમયમાં ગાદી ઉપર આવ્યો હતો.

લંકાના રાજાનું આ રાજદૂતો મોકલવાનું કારણ તેની પ્રજાનો રોમન રાજ્ય સાથેનો વેપાર વધારવાનું હતું એમ જો હું કહું તો તેમાં બીજા કોઇ પણ કારણના અભાવને લીધે મને પુષ્ટિ મળે છે.

---

૧. પ્લીની, ભા. ૬ પૃ. ૨૪-૪. આગળના ભાગમાં હું બતાવીશ કે સિંહાલી ભાષામાં આ બંદરનું નામ કુદ્રમલ (Kudre male) એટલે હાથીપર્વત હતું અને તેની જગ્યા પણ હું ચોકકસાઇથી બતાવીશ.

ત્રીજી વખતે જે દૂતમંડળ મોકલવામાં આવ્યું હતું તેનો હેતુ ચોક્કસ નથી. કારણકે તેને લગતી ફક્ત ટુંક ખીનાઓ જ ઉતરી આવી છે. આ વખતના હિન્દી રાજદૂતો જેમાંના એકનું નામ ડેમેડેમીસ (Damadamis) હતું અને બીજાનું સેન્ડેનસ (Sandanes) હતું, તેમની પાસેથી પ્રખ્યાત જ્ઞેયવાદી (gnostic) બાર્દેસેઇન્સે (Bardesanes) તેનું બ્રાહ્મણો તથા સેમેનીઅનો વિષેનું જ્ઞાન મેળવ્યું હતું. આ રાજદૂતો કેટલાક માને તેમ સમ્રાટ એન્ટોનીનસ હીલીઓગેબેલસ (Antoninus Hiliogabalus) જેણે ઇ. સ. ૨૧૮ થી ૨૨૦ સુધી રાજ્ય કર્યું હતું તેના તરફ મોકલવામાં નહોતા આવ્યા પરંતુ સમ્રાટ એન્ટોનીનસ પાઅસ (Antoninus Pius) જેણે ઇ. સ. ૧૫૮ થી ૧૮૧ સુધી રાજ્ય કર્યું હતું તેને મોકલવામાં આવ્યા હતા. હવે પછી આગળ ઉપર બાર્દેસેઇન્સના લખાણોમાંથી જાળવી રાખેલી હિન્દને લગતી માહિતીનો ઉપયોગ કરવાનો હોવાથી આ જ્ઞેયવાદીની જીંદગીમાંથી ખાસ અગત્યનું હોય તે જ કહેવું અત્રે જરૂરી છે.[૨] બાર્દેસેઇન્સ અથવા સીરીઅન ભાષા પ્રમાણે બાર-દેસાન (Bar-Desau) એટલે દેશાનનો દીકરો, ઇડેસામાં ઇ. સ. ૧૫૪ પહેલાં જન્મ્યો હતો. જ્યારે સમ્રાટ એન્ટોનીનસ વીરસ સીરીઆમાં હતો ત્યારે તેણે તેની પ્રારબ્ધ ઉપરની ચોપડી સમ્રાટને અર્પણ કરી હતી. જે હિંદી રાજદૂતોની સાથે તેને બેબીલોનમાં મુલાકાત થઇ હતી તેઓ સમ્રાટ એન્ટોનીનસ પાયસ તરફ મોકલવામાં આવ્યા હતા. સેન્ડેનસના રાજદૂતના નામ ઉપરથી એમ અનુમાન કરી શકાય કે જે હિંદી રાજા તરફથી આ દૂતો મોકલવામાં આવ્યા હતા તે મલબાર કિનારા ઉપરના સેડેનોઇ અથવા ઓછી ચોકસાઇથી કહીએ તો સેન્ડેનોઇ[૩] લોકોના આર્યક (Aryake) મુલક ઉપર રાજ્ય કરતો હોવો જોઇએ. બાર્દેસેઇન્સ એક જ્ઞેયવાદી પંથનો સંસ્થાપક હતો અને સીરીઅન ભાષાના કવિ તરીકે ખ્યાતિ મેળવી હતી. તેના ઘણા લખાણોમાંથી ફક્ત ઇન્ડીકા નામના લખાણનો જ ઉલ્લેખ અત્રે કરવો જોઇએ.

---

૧. Porphyr. De Abstin. ab esu, etc. (J. De Rhoers edition) પૃ. ૨૫૬. ડેમેડેમીસ શબ્દ ડેન્ડેમીસથી બહુ જુદો નથી અને એલેક્ઝાન્ડરના ઇતિહાસમાં બ્રાહ્મણને ડેન્ડેમીસ કહેવામાં આવેલ છે. જુઓ. પૃ. ૯૦૫ નોંધ ૨ જ્યાં આ શબ્દની સમજુત આપેલી છે. એનો અર્થ માણસ પોતાની જાતને ખુબ કેળવતો હોય એવો થાય છે. આ દૂતમંડળને લગતો બીજો અહેવાલ Stobaois Eol Phys (Gais ford Ed) ના ભા. ૧ પૃ. ૫૪ માં આપેલ છે.

૨. Bardesanes Gnosticus Syroram Hymnologus scripts it Augustus Hahn 1819.

૩. Aurelianus Vicor Epit XV, ૪. પ્રમાણે તેણે નીચેનો ફકરો આપેલો છે:—" જ્યારે આવા મહાન સમ્રાટની ન્યાય વિષેની ખ્યાતિ સાંભળી ત્યારે હિંદીઓ, બેક્ટ્રીયનો તથા હીરકેનીયનોએ પણ દૂતમંડળો મોકલ્યાં હતાં." આ સમ્રાટ તે Antoninus Pius હોવો જોઇએ અને હેલીઓગેબેલસ અથવા ઇલાગબલ જેણે

જો કે ચોથો રોમન સમ્રાટ જેના દરબારમાં હિન્દી રાજદૂતો મોકલવામાં આવ્યા હતા તેણે ઇ. સ. ૩૧૯ પછી રાજ્ય કર્યું હતું અને તે વર્ષથી વલ્લભીવંશની સ્થાપનાને લીધે હિન્દના રાજકીય ઇતિહાસમાં ફેર-બદલો થયો હતો તે છતાં આ બનાવ અહીંઆં રજુ કરતાં હું અચકાતો નથી કારણ કે આ વંશની સ્થાપનાની ગ્રીક તથા રોમન દરીઆઇ વેપાર ઉપર ઘણી અસર થઇ હતી. તે ઉપરાંત રોમન સમ્રાટના દરબારમાં હિન્દી દૂત-મંડળો મોકલવામાં આવતાં હતાં તે વર્ણવવાની બીજી સારી તક મળે તેમ નથી. જ્યારે સમ્રાટ ઇન્ડીએનસની (Indianus) કીર્તિ, તેની બહાદુરી ડહાપણ અને બીજા ગુણોને લીધે તે સમયની જાણીતી દુનીઆની બહાર પણ પ્રસરી હતી, ત્યારે માનની દૃષ્ટિથી દૂરમાં દૂરતી પ્રજાઓ પણ તેને રાજદૂતો મોકલતી.[1] આની અંદર હિન્દી પ્રજાઓ પણ તેમના મુખ્ય માણસોને ભેટો સાથે રાજદૂતો તરીકે મોકલતી–ખાસ કરીને સીરેન–દીવી (Serendivi) અને દીવી (Divi) નાં નામો આપવામાં આવ્યાં છે. પહેલા નામથી સીંહલદીપ અથવા લંકાની પ્રજા સમજવાની છે કારણ કે તે દીપને કોસમાસે (Cosmas) સીએલદવ (Sieledive) નામ આપ્યું હતું. દીવી–એ કેટલાક માને છે તે પ્રમાણે આફ્રીકાના કિનારા ઉપરના ટાપુ દીન સોકોટ્રાની વસતી ન હોઇ શકે પરંતુ તે લંકાની પાસેનો હિન્દના નૈઋત્ય કિનારા ઉપર આવેલ મેલેડાઇવ્સ (Maledives)નો ટાપુ હોવો જોઇએ. રોમન રાજ્યની પાસે વસતી પ્રજાઓ બીકની મારી રોમન સમ્રાટને ભેટ દ્વારા રીઝવવા માગતી હોય પરંતુ આ કારણ દૂરની હિન્દી ટાપુઓની પ્રજાને લાગુ પડતું નથી. અને તેથી આપણે એમ માનીએ કે લંકાની પ્રજાએ વેપારી સંબંધની દૃષ્ટિથી જ રોમન સમ્રાટને માન મોકલ્યું હશે.

હવે આગળ જઇને હિન્દ તરફનું વહાણવટું કેવી રીતે કરવામાં આવતું તે આપણે જાણવું જાઇએ. આ વિષય ઉપર પેરીપ્લસ ઓફ ધી રેડ સી ના લેખકે તથા રોમન સૃષ્ટિશાસ્ત્રના લેખકે બંનેએ સંતોષકારક ખુલાસા આપેલા છે. પશ્ચિમના પવનપ્રવાહની ફરીથી શોધ કરવામાં આવી અને તેનો ઉપયોગ મુસાફરીઓ વધારવામાં થયો તે પહેલાં હિન્દ તરફની મુસાફરીની પ્રાચીન હકીકત મેં આગળ ઉપર આપી દીધેલ છે[2] અને તેથી અહીંઆં ફક્ત ત્યાર પછીની જ સ્થિતિ વર્ણવીશ.

જુલાઇ માસની મધ્યમાં મીસરમાંથી પ્રયાણ કરવામાં આવતું.[3] ત્રીસેક દિવસ પછી

ઓરેલીઅસ એન્ટોનીયસનું નામ ધારણ કર્યું હતું અને ઇ. સ. ૨૧૮ થી ૨૨૨ સુધી રાજ્ય કર્યું હતું તે ન હોવો જોઇએ.

૧. Ammainus Marcellinus XXII. ૭. ૧૦. તે માને છે કે દૂતમંડળો ઇ. સ. ૩૬૨માં મોકલવામાં આવ્યાં હતાં.

૨. જુઓ આગળ પૃ. ૩.

૩. Peripl. Mar. Erythr. પૃ. ૮. પ્લીની ભા. ૬. પૃ. ૨૬. ૯. તથા ભા. ૨ પૃ. ૨૯૧. નોંધ ૧.

લંકાથી ગંગાપ્રદેશની મુસાફરીની બાબતમાં પ્લીનીએ નીચેનો અહેવાલ આપ્યો છે, જેની અંદર તેની ગેરસમજ થયેલી હોવી જોઇએ.[1] તે કહે છે કે લંકાથી પ્રસીઅન (Prasian) પ્રજા સુધીની મુસાફરી પહેલાં વીસ દિવસ સુધી ચાલતી. પરંતુ પાછળથી તેની સાત દીવસની ગણત્રી થતી, કારણકે નાઇલ નદી ઉપર વપરાતાં પેપીરસનાં વહાણોની જેવાં વહાણો તે મુસાફરીમાં વાપરવામાં આવતાં અને આ વહાણો રોમન વહાણોના જેટલી ઝડપથી ચાલતાં. મીસર-વાસીઓ તેમનાં વહાણો સાધ્પ્રસ પેપીરસમાંથી બાંધતા, અને તેની છાલમાંથી શઢ તથા દોરડાં બનાવતા[2] પરંતુ તે ઝાડ હિંદમાં નહિ થતો હોવાને લીધે આપણે એમ માનવું જોઇએ કે આ વહાણો કોઇ હિન્દી ઝાડના લાકડામાંથી બાંધવામાં આવતાં હશે. ઘણું કરીને તે દપ (Dup) નામનું ઝાડ હોવું જોઇએ અથવા ફિરવારનીસ (Firvarnish) ઝાડ હોવું જોઇએ જેનો ઉપયોગ સિંહાલી લોકો તેમના વહાણ બાંધવામાં કરતા.[3] દોરડાંઓ તો ખચીત છાલના રેસાઓમાંથી જ બનાવવામાં આવતાં, અને ખાસ કરીને નાળીએરના મજબુત રેસાઓમાંથી. તે કોય્ર (Coir) તરીકે ઓળખાતાં અને મજબુતાઇને લીધે વખાણાતાં. શણના છોડ લંકામાં ઉગે છે, અને તેથી શઢ ઘણું કરીને શણમાંથી બનાવવામાં આવતા હશે. આપણે એમ પણ ધારવું જોઇએ કે નાઇલ નદી ઉપર ફરતાં વહાણો કરતાં આ વહાણો મોટાં હતાં. હિન્દીઓ પાસે એવાં વહાણો હતાં કે જેની અંદર એકી વખતે પાંચસો વેપારીઓનો સમાવેશ થઇ શકે.[4] પ્રસીઅન શબ્દથી ગંગાનો મુલક સમજવો જોઇએ, કારણ કે એ શબ્દ સંસ્કૃત શબ્દ "પ્રાચ્ય" ઉપરથી આવેલો હોવો જોઇએ, અને તેથી એ શબ્દનો અર્થ આ ઠેકાણે પહેલાંના પ્રખ્યાત પ્રસીઅન લોકોને બદલે ફક્ત પૂર્વમાં વસતી પ્રજા એવો થવો જોઇએ; અને ખરેખર ગંગાપ્રદેશમાં રહેનારા હિન્દીઓ એ સૌથી પૌર્વાત્ય હિન્દીઓ જ કહેવાય.

વેપારી ઇતિહાસનો આ ભાગ હું સમાપ્ત કરું તે પહેલાં કોરોમંડળ કિનારો અને પછી ગંગાપ્રદેશના દરીઆઇ વેપારીની સ્થિતિ વિષે એલેકઝાન્ડ્રીઅન વેપારીના જે થોડા અહેવાલો છે તે એકત્ર કરવા જોઇએ. હિન્દીના પૂર્વ ભાગ માટે ફક્ત ત્રણ મથકો તેની જાણમાં હતાં-કમાર, પોડુક, અને સોપતમ, જેમાંથી ફક્ત બીજું મથક ચોકસાઇથી ઓળખી શકાય તેમ છે. તે આધુનિક પુલીકટ[5] હોવું જોઇએ ત્યાં આગળ મલબાર કિનારાના લીમીરાઇક પ્રદેશમાંથી આવતાં વહાણો ઉત્તરના બંદરોએથી આવતાં વહાણોને મળતાં ત્યાંથી લીમીરાઇક સુધીની કીનારા ઉપરની મુસાફરીમાં ત્યાંના દેશીઓ એક એક થડમાંથી બનાવેલાં સંગર (Sangara) નામના વહાણોનો ઉપયોગ કરતા. ગંગામુખ તથા કાઇસ (Chryse) સારેની આગળની મુસાફરીમાં મોટા વહાણોની જરૂર પડતી. આ વહાણોને કોલન્ડીઓ-ફોન્ટા (Kolandio-Phonta)[6] તરીકે ઓળખવામાં આવતા. જ્યાં

---

૧. ૬, ૨૨, ૨.

૨. હેરોડોટસ ૨, ૯૬ અને પ્લીની ૧૩, ૨૨, ૨.

૩. જુઓ જોન એજનો લેખ 'Description of the various classes of vessels constructed and employed by the Natives of the coasts of Coromandel, Malabar and the Island of Ceylon. J. R. A. S. ૧, પૃ. ૧૩.

૪. C. F. ભા. ૨. પૃ. ૫૪૨.

૫. Peripl. Mar. Erythr. પૃ. ૩૪. તથા ટાલેમી ભા. ૭. પ્ર. ૧. ૧૪.

૬. પૃ. ૩૪ અને આ વહાણોના નામની બાબતમાં

જો કે ચોથો રોમન સમ્રાટ જેના દરબારમાં હિન્દી રાજદૂતો મોકલવામાં આવ્યા હતા તેણે ઇ. સ. ૩૧૯ પછી રાજ્ય કર્યુ હતું અને તે વર્ષથી વલ્લભીવંશની સ્થાપનાને લીધે હિન્દના રાજકીય ઇતિહાસમાં ફેર–બદલો થયો હતો તે છતાં આ બનાવ અહીંઆં રજુ કરતાં હું અચકાતો નથી કારણ કે આ વંશની સ્થાપનાની ગ્રીક તથા રોમન દરીઆઇ વેપાર ઉપર ઘણી અસર થઇ હતી. તે ઉપરાંત રોમન સમ્રાટના દરબારમાં હિન્દી દૂત-મંડળો મોકલવામાં આવતાં હતાં તે વર્ણવવાની બીજી સારી તક મળે તેમ નથી. જ્યારે સમ્રાટ્ ઇન્ડીએનસની (Indianus) કીર્તિ, તેની બહાદુરી ડહાપણ અને બીજા ગુણોને લીધે તે સમયની જાણીતી દુનીઆની બહાર પણ પ્રસરી હતી, ત્યારે માનની દૃષ્ટિથી દૂરમાં દૂરની પ્રજાઓ પણ તેને રાજદૂતો મોકલતી.[1] આની અંદર હિન્દી પ્રજાઓ પણ તેમના મુખ્ય માણસોને ભેટો સાથે રાજદૂતો તરીકે મોકલતી–ખાસ કરીને સીરેન–દીવી (Serendivi) અને દીવી (Divi) નાં નામો આપવામાં આવ્યાં છે. પહેલા નામથી સીંહલદ્વીપ અથવા લંકાની પ્રજા સમજવાની છે કારણ કે તે દ્વીપને કોસમાસે (Cosmas) સીએલદ્વ (Sieledivа) નામ આપ્યું હતું. દીવી–એ કેટલાક માને છે તે પ્રમાણે આફ્રીકાના કિનારા ઉપરના ટાપુ દીન સેકોટ્રાની વસતી ન હોઇ શકે પરંતુ તે લંકાની પાસેનો હિન્દના નૈઋત્ય કિનારા ઉપર આવેલ મેલેડાઇવ્સ (Maledives)નો ટાપુ હોવો જોઇએ. રોમન રાજ્યની પાસે વસતી પ્રજાઓ બીકની મારી રોમન સમ્રાટને ભેટ દ્વારા રીઝવવા માગતી હોય પરંતુ આ કારણ દૂરની હિન્દી ટાપુઓની પ્રજાને લાગુ પડતું નથી. અને તેથી આપણે એમ માનીએ કે લંકાની પ્રજાએ વેપારી સંબંધની દૃષ્ટિથી જ રોમન સમ્રાટને માન મોકલ્યું હશે.

હવે આગળ જઇને હિન્દ તરફનું વહાણવટું કેવી રીતે કરવામાં આવતું તે આપણે જાણવું જાઇએ. આ વિષય ઉપર પેરીપ્લસ ઓફ્ ધી રેડ સી ના લેખકે તથા રોમન સૃષ્ટિશાસ્ત્રના લેખકે બંનેએ સંતોષકારક ખુલાસા આપેલા છે. પશ્ચિમના પવનપ્રવાહની ફરીથી શોધ કરવામાં આવી અને તેનો ઉપયોગ મુસાફરીઓ વધારવામાં થયો તે પહેલાં હિન્દ તરફની મુસાફરીની પ્રાચીન હકીકત મેં આગળ ઉપર આપી દીધેલ છે[2] અને તેથી અહીંઆં ફક્ત ત્યાર પછીની જ સ્થિતિ વર્ણવીશ.

જુલાઇ માસની મધ્યમાં મીસરમાંથી પ્રયાણ કરવામાં આવતું.[3] ત્રીસેક દિવસ પછી

ઓરેલીઅસ એન્ટોનીયસનું નામ ધારણ કર્યું હતું અને ઇ. સ. ૨૧૮ થી ૨૨૨ સુધી રાજ્ય કર્યું હતું તે ન હોવો જોઇએ.

૧. Ammainus Marcellinus XXII. ૭. ૧૦. તે માને છે કે દૂતમંડળો ઇ. સ. ૩૬૨માં મોકલવામાં આવ્યાં હતાં.

૨. જુઓ આગળ પૃ. ૩.

૩. Peripl. Mar. Erythr. પૃ. ૮. પ્લીની ભા. ૬. પૃ. ૨૬. ૯. તથા ભા. ૨ પૃ. ૨૯૧. નોંધ ૧.

આ વહાણો અરેબીઆના કિનારા ઉપર તથા રાતા સમુદ્રના છેડા આગળ આવેલ ઓકેલીસ (Okelis) તથા કાને (Kane)ના બંદરોએ આવતાં.[1] તેમાંથી કેટલાક સિંધુ નદીના મુખ આગળ અને ખાસ કરીને બારબરીકોન બંદરે હંકારવામાં આવતાં, અને બીજાં હિન્દી રોમન દરીઆઇ વેપારના મુખ્ય મથક ભરૂચ તરફ જતાં. છેવટે, બીજા મ્યુઝીરીસ તથા દક્ષિણે આવેલ બીજાં મથકે જતાં. સિંધુ નદીના મુખનું આગમન વહાણવાળાઓ બે નીશાનીઓ ઉપરથી કળી શકતા[2] દા. ત. નદીનાં પાણી મળી જવાથી થતા દરીઆના પાણીના ધોળા રંગને લીધે તથા તે પ્રદેશના સર્પોને લીધે. સર્પોને તે પ્રદેશની ભાષામાં ગ્રાહી કહેવામાં આવતા. આનો અર્થ સર્પ નહિ પણ મઘર કરવો જોઇએ કારણ કે સિંધુ નદીમાં ઘણા મઘરો હોય છે અને તેમને સિંધમાં પૂજવામાં આવે છે.[3] તેને લગતા સંસ્કૃત શબ્દ “ ગ્રાહ ”નો અર્થ મેલા દેવો એવો પણ થાય છે; જે છોકરાંઓને દેખા દે છે અને તેમને આંકડી તથા તાણો લાવે છે. આ ઠેકાણે તે શબ્દનો આવો અર્થ નહિ થતો હોય પરંતુ શબ્દવ્યુત્પત્તિ પ્રમાણે પકડવું એવો થતો હશે. કારણ કે મઘરો ઘણા લોભી હોય[અ] છે. તે વખતે સિંધુ નદીના સાત મુખમાંથી ફક્ત વચલું વપરાય એવું હતું. અને તેના ઉપર, ઉપર બતાવેલું બંદર આવેલું હતું. અને ત્યાં જુદી જુદી ખાડીઓ દ્વારા વહાણો પહોંચતાં ત્યાંથી નદી દ્વારા શક–હિન્દના પાટનગર મીનગર અથવા આધુનિક અહમદપુર માલ લઇ જવામાં આવતો. બેશક, બારબરીકોન બંદરને નદીને લીધે તે ઉપર નૂર મળતું.

સિંધુના મુખેથી અગ્નિકોણ દિશાની મુસાફરીની બાબતમાં તે તરફના દરીઆ તથા કીનારાને લીધે ઘણો ભય રહેતો. ઇરીના (Irina) ની ખારી કરાડી તથા કચ્છનો અખાત જેને પેરીપ્લસનો લેખક નાનો અને મોટો ઇરીનોન (Irinon) કહે છે અને જેને એલેકઝાન્ડ્રીઅન ભૂગોળવેત્તા કંઠીનો અખાત કહે છે તે બંનેની અંદર ઘણા રેતીના ખડકો હતા જ્યાં વહાણો સહેલાઇથી દોરાઇ જતાં અને ચોંટી જતાં અને દરીઆના મોજાંથી ભાગી જતાં. તેટલો જ ભય ત્યાર પછી ગૂજરાતની ઉત્તરે આવેલ કહેવાતા દરીઆઇ અખાત આગળ હતો, જેને એલેકઝાન્ડ્રીઅન વેપારી બેરેકસ (Barakes) કહે છે અને જેને સાત ટાપુઓ હતા તેમને અત્યારે બેટ કહેવામાં આવે છે. ત્યાં આગળ દરીઆની ભરતી તથા ઓટ ભયંકર હોય છે. દરીઓ તોફાની તથા ભમરીઓવાળો હોય છે અને દરીઆની ઉંડાઇ કેટલેક ઠેકાણે બહુ હોય છે તો કેટલેક ઠેકાણે ખડકવાળી હોય છે. પરિણામે આ અખાતમાં આવતાં વહાણો જ્યારે લંગર નાખતાં ત્યારે કાં તો તે પહોંચતાં જ નહિ

---

૧. c. f. II. પૃ. ૫૮૩. નોંધ ૨. ઓકેલીસ, બાબેલ મન્ડેબ (Babel mandeb નામની સામુદ્રધુનીમાં આવેલું હતું. પેરીપ્લસના પ્રમાણે વહાણો કાનેમોમમ કિનારા ઉપરના બંદરે પણ લંગર નાંખતાં.

૨. Pripl. Mar. Erythr. પૃ. ૨૧.

૩. T. Postan's Personal Observations on Sind. પૃ. ૧૧૩.

અઃ સંસ્કૃતમાં ગ્રાહ એટલે મઘર. આ અર્થ પ્રસિદ્ધ છે.

અથવા પથ્થર સાથે અથડાઈ ભાંગી જતાં. ફક્ત જે વહાણવાળાઓ આ ભયવાળા અખાતમાં આવતા નહિ તેઓ બચી જતા. અને જે વહાણવાળાઓ તેમ નથી કરતા તેઓ તેમનાં વહાણો ખોઈ બેસતા. આ અશુભ કિનારા પાસે આવ્યાની નિશાની દરીઆમાં તરતા મોટા કાળા સર્પોની હતી જ્યારે ભરૂચ તથા દક્ષિણે તરતા સર્પો નાના તથા ધોળા હતા.

હિન્દ તરફ આવતા માણસો માટે ત્યાર પછી આવતો હિન્દી કિનારાનો ભાગ પણ બહુ મુશ્કેલીઓવાળો હતો. તેને (બેટ) છોડયા પછી વહાણવાળાઓ ભરૂચનો અખાત જેને અત્યારે ખંભાતનો અખાત કહેવામાં આવે છે તેની મધ્યમાં આવતા ગુજરાતની પૂર્વ તરફથી પેસતાં અષ્ટકમ્પ્રોન (Astakampron) તથા ત્રપેરા (Trapera) નામની બે ભૂશિરો[1] આવતી. આ તરફથી દરીઆના ભાગમાં પ્રવાહોનું ખુબ જોર હતું. આ ભૂશિરોની ઉત્તરે બેઇઓનીસ (Baionis) નામનો નાનો ટાપુ આવેલો હતો જેને અત્યારે પેરીન કહેવામાં આવે છે. નર્મદા નદી જેના ઉપર ભરૂચ આવેલ છે તેના મુખ આગળથી પ્રવેશ કરવો મુશ્કેલ હતો. વહાણો કાં તો જમણા હાથે એટલે દક્ષિણ બાજુએ અથવા ડાબે હાથે એટલે ઉત્તર બાજુએ હંકારાતાં અને ડાબા હાથે જવું ઘણું સહેલું હતું. કારણ કે ઉત્તર બાજુએ કામોની (Kammoni) ગામ અથવા આધુનિક દે[2] (Dey) ની પાસે હેરોન (Herone) નામની ખડકીઆ જમીન હતી. તેની સામે નદી મુખની દક્ષિણ બાજુએ પપિક (Papike) નામની ભૂશિર હતી, જ્યાં દરીઆના જોશભેર અથડાવવાને લીધે પાણી ઘણું ઉંડું હતું અને ત્યાંના પથ્થરીઆ તળીઆને લીધે ત્યાં લંગર નાખવું જોખમભરેલું[3] હતું. અહીંઆં એટલું ઉમેરવું જોઈએ કે નદી મુખના કિનારા નીચા હોય છે અને તેની પાસે આવ્યાની નિશાનીઓ હોય છે. તેમ જ પ્રવેશની જગ્યા શોધ્યા પછી પણ નદીમુખના કીનારાને લીધે વહાણ હંકારવામાં મુશ્કેલી પડતી. આવા સંકટોમાંથી વેપારી વહાણોને બચાવવા માટે તે પ્રદેશના રાજાએ હુકમ કર્યો હતો કે ત્યાંના માછીમારોએ તેમના ત્રપ્પગ[4] (Trappaga) તથા કોટીમ્બા

૧ Peripl. Mar. Erythr પૃ. ૨૪, ૨૫. પહેલાં ભાગમાં પહેલી ભૂશિરનું નામ ફક્ત 'અસ્ત' છે અને બીજામાં ખરૂં નામ અષ્ટકમ્પ્રોન છે. કારણ કે સંસ્કૃતમાં અસ્ત એટલે પશ્ચિમ થાય છે. અને તેથી તે નામ પૌર્વાત્ય કેમ્પ્રોનની વિરૂદ્ધ જાય છે—જે અત્યારે જ્યાં ખંભાત આવેલું છે ત્યાં હોવું જોઈએ—કારણ કે કેમ્પ્રોનમાંથી 'કમ્બ' થયું હોવું જોઈએ. એ નામનો છેલ્લો ભાગ કદાચ પોર્ટુગીઝ લોકોએ બદલી નાંખ્યો હશે, કારણ કે તેમની ભાષામાં 'બહીઆ' નો અર્થ બંદર થાય છે.

૨. તેને ટોલેમીમાં ભા. ૭ પૃ. ૧. ૪. ઉપર કામેનેઇ (Kammonai) કહેલ છે.

૩. આ નામ સંસ્કૃતમાં "પાપીકા" (જેનો અર્થ પાપી થાય છે) હોવું જોઇએ.

૪.-મેં ભાગ ૨. પ. ૫૩૯ નોંધ ૨ માં બતાવ્યું છે કે પહેલું નામ ઘણું કરીને ત્રપાક—જે નામથી માછીમારોની જ્ઞાત ઓળખાતી હતી—ઉપરથી આવ્યું હોવું જોઇએ અને તે નામ તેમના વહાણોને તે પ્રમાણે મળ્યું હશે. જ્યારે બીજું નામ 'કુટુંબ' ઉપરથી નહિ જ હોય શકે.

(Kotymba) નામના લાંબા વહાણોમાં સીરાસ્ટ્રીન અથવા ગુજરાતના દ્વીપકલ્પની નજીક સુધી સામે જવું અને પછીથી તેમને અંદર સુધી દોરી લાવવો. આ લોકોઆઓ તેમના વહાણોને પ્રથમ નદીમુખોના છાછરા માર્ગોએ હંકારતા, પછી તેઓ તેમના વહાણોને એક સ્થળેથી બીજે સ્થળે મરકતા. અને આવાં સ્થળો નિશ્ચિત અને જાણીતાં હતાં. પછી જ્યારે ભરતી આવે ત્યારે લંગર ઉઠાવતા અને ઓટની શરૂઆતમાં ઉંડા પાણીવાળી જગ્યાઓએ પડી રહેતા.

આગળ મેં ચોકસાઇથી બતાવ્યું છે તે પ્રમાણે તે સમયે સર્વ હિન્દી શહેરોમાં ભરૂચને સૌથી બહોળા વ્યાપારી સંબંધો હતા. આ લાભનું કારણ તેની સુંદર જગ્યા ઉપરાંત આર્યકોના તે વખતના રાજા સદાનીશ (Sadanes) જેણે આગળ આવશે તે પ્રમાણે સદાનોઇ વંશની સ્થાપના કરી હતી, તેનો ખાસ અનુગ્રહ હતું. તેની આગળના રાજા સેરેગેનોસ (Saraganos) ના વખતમાં દક્ષિણ તરફ આવેલ કલ્યાણ વધુ પ્રખ્યાત મથક હતું. એલેક્ઝાન્ડ્રીયન વેપારીના સમયમાં તે મથકનો વ્યાપાર થોડો સમયથી મંદ પડ્યો હતો. અને સદાનીશ જેણે તે સમયે ભરૂચની સત્તા પચાવી પાડી હતી તે જે ગ્રીક વહાણો ત્યાં આવી પડે તેની અંદર પોતાના માણસો મુકી તેમને ભરૂચ જવાની ફરજ પાડતો. તેથી થોડા વખત પછી સીમ્યુલા જેને હિંદીઓ ટીમ્યુલા કહે છે તે જામવા માંડ્યું. અને ત્યાં પરદેશી વેપારીઓ ઝાઝુ માટે રહેવા લાગ્યા.

આર્યકની દક્ષિણે આવતો કિનારો તે ઠેકાણે વસતા ચાંચીયાઓના ઝુંડાને લીધે વહાણવાળાઓ માટે ભયવાળો હતો. તેથી તે જગ્યા તેઓ ત્યજતા—ખાસ કરીને નોરા અથવા હોનાવેરા (Honavera) નામનું બંદર જે ચાંચીયાઓનું મુખ્ય મથક હતું.[1] જ્યારે તેથી દક્ષિણે આવેલ બંદર મ્યુઝીરીસ અથવા મેંગલોરે તેમ જ નેલખીંડા અથવા નીલેશ્વરે ગ્રીક વેપારીઓ વારંવાર આવતા. તેઓ ખાસ કરીને ત્યાં પાકતા મરીની સુંદર જાતને લીધે ત્યાં આકર્ષાતા. અહિંયાં પણ દરીઆ તરફથી હિંદ આવતા માણસોને કિનારાની પાસે આવ્યાની આગાહી એક જાતના કાળા, પણ જરા નાના, અને શરીરના બંધારણમાં બરાબર સર્પો સરખા લાગતા સાપોથી થતી. આ સાપોને ભૂરી રાતી આંખો હતી. જે નાની નદી ઉપર નીલેશ્વર આવેલું છે તેના મુખ આગળ બરક (Barako) નામનું ગામ હતું જ્યાં વહાણો પોતાનો માલ લઇને[2] જતા. તે ઉપરાંત, ઓછાં લાદેલાં વહાણો માટે હંકારવું સહેલું હતું. જે ગ્રીક વેપારીને આપણે આ હકીકત માટે આભારી છીએ તે જ્યારે હિંદ આવ્યો ત્યારે લંકામાંથી નીલેશ્વર પણ માલ મોકલવામાં આવતો હતો અને ત્યાર પછીથી ગ્રીક તથા રોમન વ્યાપારીઓ પણ વારંવાર લંકા જતાં. બરકમાં તેઓ ઉંચી જાતના મરી ખરીદતા, અને આ મરી કોટનારા[3] નામના

---

૧. પ્લીની ભા. ૬ પૃ. ૨૬, ૯. જેમાં આપેલા નીત્રીઆસ (Nitrias) ને બદલે નોરા વાંચવું જોઇએ. તેમ જ ટોલેમી ભા. ૭ પ્ર. ૧, ૭.

૨. વી. ભા. ૨ પૃ. ૪૧. ટીકા ૧. તે ગામનું નામ એલા-બરક પણ હતું.

૩. પ્લીની ભા. ૬ પ્ર. ૨૬, ૧. અને કોટનારા નામની બાબતમાં જુઓ આગળ પૃ. ૩૪

પ્રદેશમાંથી એકેક થડમાંથી બનાવેલી હોડીઓમાં લાવવામાં આવતા. જે થેબન (Theban) ના વૃત્તાંત ઉપરથી પેલેડીઓસને (Palladios) સંબોધાયેલ પુસ્તકના લેખકે બ્રાહ્મણો વિષેનો તેનો ખ્યાલ મેળવ્યો હતો તેની જીંદગી સુધી હિંદી મથકોમાં મ્યુઝીરીસ પોતાનું સ્થાન જાળવી રહ્યું હતું. તે બંદરના વેપારીઓ લંકા ઉપરાંત એબીસીનીયા સાથે પણ વેપાર કરતા જ્યાં ટ્રોગ્લોન્લાઇટસ (Troglonlytes) ના કિનારા ઉપરના બંદરેથી એબીસીનીયામાં આવેલ એકસમ (Axum) માલ લઇ જવામાં આવતો.[૧]

બલીટા અથવા કાલીકટ વિષે પેરીપ્લસમાંથી આપણને એટલું જ મળે છે કે તે સુંદર બંદર હતું અને કેપ કોમોરીનમાં આવેલ કોમાર વિષે (Komar) એટલું આપેલું છે કે વેપારીઓ તે જગ્યાની પવિત્રતાને લીધે ત્યાં આકર્ષાતા.[૨]

છેટલા મથકથી આગળ એલેકઝાન્ડ્રીયન વેપારી નહિ ગયેલા હોવાથી અને તેથી ત્યાં સુધીનો જ વેપાર નજર સાક્ષી તરીકે વર્ણવી શકતો હોવાથી[૩] કોરોમેંડેલ કિનારા તથા તેથી આગળના ભાગ વિષે આવી સચોટ હકીકત મેળવી શકશું નહિ. બીજા એવા લખાણો ઉપરથી પ્લીનીએ બતાવ્યું છે કે ડીસેમ્બરના બીજા પખવાડીયામાં અથવા જાનેવારીના પહેલા પખવાડીયામાં, જે સમયે ઇશાન તરફનો પવન પ્રવાહ શરૂ થઇ ચૂકયો હોય, તે સમયે મલબાર કિનારેથી હિંદી વેપારીઓ મુસાફરી શરૂ કરતા અને તે જ વર્ષમાં મિસર પહોંચી જતા.[૪]

એલેકઝાન્ડ્રીયન વેપારીના હિંદમાં આવ્યા પછી તરતજ લંકાનો રોમન રાજ્ય સાથેનો વેપાર વધવા લાગ્યો, અને તેનું મુખ્ય કારણ એ લંકાનો રાજા હતો જેણે આપણે આગળ જોઇ ગયા તેમ સમ્રાટ કલોડીયસ સાથે રાજદૂત દ્વારા સંબંધ બાંધ્યો હતો. ટોલેમીના આ ટાપુના અહેવાલની પરીક્ષા ઉપરથી માલુમ પડશે કે તેના અમુક ભાગોને ગ્રીક નામો આપવામાં આવ્યાં હતાં, જે ઉપરથી ત્યાં ગ્રીક વેપારીઓ વારંવાર તથા લાંબી મુદતો સુધી આવતા હશે એવું સિદ્ધ થાય છે. લંકા અને મહાદ્વીપ વચ્ચેની દરીયાઇ મુસાફરીમાં બે નાળવાળા વહાણો જેની અંદર આશરે ૩૦૦૦ એમ્પોરા જેટલું વજન લઇ શકાય તે વાપરવામાં આવતાં. લંગર પહોંચ્યાં ન શકે તેવી ઉંડી ખાઇઓવાળી તેમ જ ૬ ફુટ છીછરા પાણીવાળી જગાઓ પણ હતી. તેથી વહાણો આમતેમ ધસડવામાં આવતાં લંકામાંથી હાથીઓ જે ત્યાં બહુ જ હોય છે તે મોટાં વહાણો દ્વારા કલિંગ લાવવામાં આવતા.

---

૧. Pseudo-Callisthenes Book III પૃ. ૭, ૮, ૧૦૩. Mueler's Ed.

૨. Periplus Mar. Erythr. પૃ. ૩૩

૩. c. f. ઉપરનું ભા. ૧ પૃ. ૫૪૧.

૪. પ્લીની ભા. ૬ પ્ર. ૨૬, ૧૬. અને ઇશાન પવનપ્રવાહની બાબતમાં જુઓ ભા. ૧ પૃ. ૨૧૩. આ કોઇ મીસરવાસીના પુસ્તકમાંથી લીધેલું છે કારણ કે નદીમુખોનાં નામ. મીસરની ભાષામાં છે.

લંકાથી ગંગાપ્રદેશની મુસાફરીની બાબતમાં પ્લીનીએ નીચેનો અહેવાલ આપ્યો છે, જેની અંદર તેની ગેરસમજ થયેલી હોવી જોઇએ.[1] તે કહે છે કે લંકાથી પ્રેસીઅન (Prasian) પ્રજા સુધીની મુસાફરી પહેલાં વીસ દિવસ સુધી ચાલતી. પરંતુ પાછળથી તેની સાત દીવસની ગણત્રી થતી, કારણકે નાઇલ નદી ઉપર વપરાતાં પેપીરસનાં વહાણોની જેવાં વહાણો તે મુસાફરીમાં વાપરવામાં આવતાં અને આ વહાણો રોમન વહાણોના જેટલી ઝડપથી ચાલતાં. મીસર–વાસીઓ તેમનાં વહાણો સાઇપ્રસ પેપીરસમાંથી બાંધતા, અને તેની છાલમાંથી શઢ તથા દોરડાં બનાવતા[2] પરંતુ તે છોડ હિંદમાં નહિ થતો હોવાને લીધે આપણે એમ માનવું જોઇએ કે આ વહાણો કોઇ હિન્દી ઝાડના લાકડામાંથી બાંધવાગાં આવતાં હશે. ઘણું કરીને તે દપ (Dup) નામનું ઝાડ હોવું જોઇએ અથવા ફિરવારનીસ (Firvarnish) ઝાડ હોવું જોઇએ જેનો ઉપયોગ સિંહાલી લોકો તેમના વહાણ બાંધવામાં કરતા.[3] દોરડાંઓ તો ખચીત છાલના રેસાઓમાંથી જ બનાવવામાં આવતાં, અને ખાસ કરીને નાળીએરના મજબુત રેસાઓમાંથી. તે કોઅર (Coir) તરીકે ઓળખાતાં અને મજબુતાઇને લીધે વખાણાતાં. શણના છોડ લંકામાં ઉગે છે, અને તેથી શઢ ઘણું કરીને શણમાંથી બનાવવામાં આવતા હશે. આપણે એમ પણ ધારવું જોઇએ કે નાઇલ નદી ઉપર ફરતાં વહાણો કરતાં આ વહાણો મોટાં હતાં. હિન્દીઓ પાસે એવાં વહાણો હતાં કે જેની અંદર એકી વખતે પાંચસો વેપારીઓનો સમાવેશ થઇ શકે.[4] પ્રસીઅન શબ્દથી ગંગાનો મુલક સમજવા જોઇએ, કારણ કે એ શબ્દ સંસ્કૃત શબ્દ "પ્રાચ્ય" ઉપરથી આવેલો હોવો જોઇએ, અને તેથી એ શબ્દનો અર્થ આ ઠેકાણે પહેલાંના પ્રખ્યાત પ્રસીઅન લોકોને બદલે ફક્ત પૂર્વમાં વસતી પ્રજા એવો થવો જોઇએ; અને ખરેખર ગંગાપ્રદેશમાં રહેનારા હિન્દીઓ એ સૌથી પૌર્વાત્ય હિન્દીઓ જ કહેવાય.

વેપારી ઇતિહાસનો આ ભાગ હું સમાપ્ત કરું તે પહેલાં કોરોમંડળ કિનારો અને પછી ગંગાપ્રદેશના દરીઆઇ વેપારની સ્થિતિ વિષે એલેકઝાન્ડ્રીઅન વેપારીના જે થોડા અહેવાલો છે તે એકત્ર કરવા જોઇએ. હિન્દીના પૂર્વ ભાગ માટે ફક્ત ત્રણ મથકો તેની જાણમાં હતાં-કમાર, પોદુક, અને સોપત્મ, જેમાંથી ફક્ત બીજું મથક ચોકસાઇથી ઓળખી શકાય તેમ છે. તે આધુનિક પુલીકટ[5] હોવું જોઇએ ત્યાં આગળ મલબાર કિનારાના લીમીરાઇક પ્રદેશમાંથી આવતાં વહાણો ઉત્તરના બંદરોએથી આવતાં વહાણોને મળતાં ત્યાંથી લીમીરાઇક સુધીની કીનારા ઉપરની મુસાફરીમાં ત્યાંના દેશીઓ એક એક થડમાંથી બનાવેલાં સંગર (Sangara) નામના વહાણોનો ઉપયોગ કરતા. ગંગામુખ તથા ક્રાઇસ (Chryse) માટેની આગળની મુસાફરીમાં મોટા વહાણોની જરૂર પડતી. આ વહાણોને કોલન્ડીઓ-ફોન્ટા (Kolandio-Phonta)[6] તરીકે ઓળખવામાં આવતા. જ્યાં

---

૧. ૬, ૨૨, ૨.

૨. હેરોડોટસ ૨, ૯૬ અને પ્લીની ૧૩, ૨૨, ૨.

૩. જુઓ જોન એજનો લેખ 'Description of the various classes of vessels constructed and employed by the Natives of the coasts of Coromandel, Malabar and the Island of Ceylon. J. R. A. S. ૧, પૃ. ૧૩.

૪. C. F. ભા. ૨. પૃ. ૫૪૩.

૫. Peripl. Mar. Erythr. પૃ. ૩૪. તથા ટોલેમી ભા. ૭. પ્ર. ૧. ૧૪.

૬. " પૃ. ૩૪ અને આ વહાણોના નામની બાબતમાં

અત્યારે કલીંગપટ્ટન અથવા ગીચાકોલ આવેલું છે ત્યાં આગળ આવેલ અંદરેથી વેપારીઓ ક્રાઇસની મુસાફરી શરૂ કરતા. ત્યાર પછી ટોલેમીના વખતમાં તેઓ પલુરા અથવા મહાનદની દક્ષિણે આવેલ આધુનિક નાપુરાથી મુસાફરી શરૂ કરતા, અને બંગાળાના અખાતની અંદર તાંસા જઇને સદા અથવા દ્વાવની (થાન-દ્વાઇ Than-Dwai) જતા. હિન્દી વેપારની આ શાખાની અંદર એલેકઝાન્ડ્રીઅન વેપારી હિન્દમાં આવ્યો ત્યાર પછીના સમયથી જ પાશ્ચાત્ય વેપારીઓએ ભાગ લેવા માંડેલો. જ્યારે ટોલેમીએ પોતાની ભૂગોળ સરજાવી ત્યારે કોઇ અમુક એલેકઝેન્ડ્રોસ (Alexandros) કટીગર અથવા કેન્ટન સુધી ગયેલો. અને ત્યાર પછીના સમયમાં પણ રોમન રાજ્યમાંથી છૂટા છવાયા વેપારીઓ ત્યાં જતા. તેમની તે તરફની અથવા સામાન્ય રીતે તે બાજુના હિન્દની મુસાફરી ઘણી વિરલ હતી, અને આંતરહિન્દ તથા હિન્દી સામુદ્રભૂમિ વચ્ચેના વેપારનો મુખ્ય ભાગ હિન્દીઓને હસ્તક જ હોવો જોઇએ, કારણ કે આગળ જણાવ્યા પ્રમાણે તેઓએ તે પ્રદેશમાં ઘણી વસાહતો સ્થાપી હતી. [૧]

આ ઉપરાંત, એક ચાઇનીઝ ચોપડીમાંનો અહેવાલ પણ દૂરના હિન્દ (Further India) સાથેના ગાઢા સંબંધની વિરૂદ્ધ જાય છે.[૨] તે અહેવાલ પ્રમાણે ઇ. સન. ૨૨૦ થી ૪૧૯ સુધી વેઇ (Wei) અને સીન (Tsin) રાજાઓના સમયમાં હિન્દ અને ચીન સાથેનો સંબંધ બંધ થયો હતો. ફક્ત આઉ (Ou) ના વંશમાં ઇ. સ. ૨૨૨ થી ૨૨૭ ની અંદર ફોનન (Founan) ના રાજા ફાનચેને (Fan-Chaen), સો-વે (Sou-wo) નામના તેના સગાને રાજદૂત તરીકે હિન્દ મોકલ્યો હતો. તે ટુ-કે-લી (Tu-Kou-li) અથવા મેનામ નદીના મુખ આગળ ઉતર્યો હતો, અને ત્યાંથી તેણે કિનારે કિનારે ઇશાન કોણ તરફ એક મોટા અખાત સુધી એટલે બંગાળાના અખાત સુધી વહાણ હંકાર્યું હતું, અને પછી તેણે હિન્દના કિનારા ઉપર આવેલાં રાજ્યોની મુલાકાત લીધી હતી. આખરે તે સિંધુ નદીના મુખ આગળ આવ્યો હતો, અને તે નદીમાં તેણે વહાણ હંકાર્યું અને એક વર્ષમાં તે નિશ્ચિત જગાએ પહોંચ્યો. ત્યાં રાજ્ય કરતો રાજા આટલે દૂરના રાજાએ મોકલેલ રાજદૂતથી ખુશ થઇ ગયો, અને તેણે બે અમલદારોને આભારદર્શન ખાતર ચાર યુઈ-તીહી (Youel-Tihi) મુલકના કીંમતી ઘોડાઓ સાથે ત્યાં મોકલ્યા. ત્યાં આગળ ઓઉ નામના રાજાનો એક રાજદૂત જેનું નામ ખંગ-થાઇ (Khang-Thai) હતું, અને જેનો ઇલ્કાબ કોંગ-લોંગ (Kong-long) નો હતો તેની સાથે આ રાજદૂતોનો ભેટો થયો. તેણે આ હિન્દીઓ પાસે તેમના દેશ વિષે માહિતી માગી તેમાંથી અહીંઆ

જુઓ ભા. ૨ પૃ. ૫૪૩. ટીકા ૪. ક્રાઇસ (Chryso) એટલે ઘણું કરીને આધુનિક પેગુ હોવું જોઇએ. આગળના ભાગોમાં હું તેની સરહદ વધુ ચોકસાઇથી બતાવીશ.

૧. જુઓ ઉપર. પૃ. ૬.

૨. Stanislas Julien " Notices of foreign Countries and Peoples drawn from Chinese Geographies and anuals, " J. A. IVth Series. X, પૃ. ૬૭

ફક્ત એટલું જાણવું જોઇએ કે હિન્દમાં દરીઆ તથા જમીન માર્ગે મોટી સંખ્યામાં વેપારીઓ આવતા ત્યાંથી તેઓ ઉંચી કીંમતનો માલ ખરીદતા અને બીજી વસ્તુઓ સાથે સુંદર કારીગરી–વાળાં વાસણો પણ ખરીદતા.

જો આપણે એમ માનીએ કે આ વેપારનું અંતિમ બિંદુ કેન્ટન તે પૂર્વમાં હતું અને બીજું રોમ તે પશ્ચિમમાં હતું તો સ્પષ્ટ જણાશે કે દુનીઆનો મહત્વનો વેપાર તો હિન્દ દ્વારા થતો હતો. ભૂમધ્ય સમુદ્રમાં હિન્દી માલના પ્રચાર માટે એલેકઝાન્ડ્રીઆ મુખ્ય મથક હતું, કારણ કે હિન્દી માલનો ઘણો મોટો ભાગ રાતા સમુદ્ર દ્વારા આ બંદરે આવતો. હિન્દી વેપારની આ શાખામાં સ્વાભાવિક રીતે પાશ્ચાત્ય વેપારીઓનો મોટો હિસ્સો હતો–અને હિન્દીઓનો પણ, કારણ કે આપણે જોઇશું તેમ વેપાર અર્થે ઘણા હિન્દીઓ મીસરમાં રહેતા હતા. અહીંઆ પ્રથમ એમ બતાવવું જોઇએ કે રોમન સામ્રાજ્ય અને હિન્દના પ્રદેશો સાથેના વેપારનો નાનો જ હિસ્સો નેબેટીઅનોના હાથમાં હતો. તે સમયે તેમની પાસે ઇડુમેન્સ (Idumaens) નો પ્રદેશ આવી ગયો હતો, અને તેથી એલથ (Elath) અથવા એઇલન (Ailan) તથા ઇઝીઓન ગીબર (Ezion-Geber) ના બંદરો જ્યાંથી જુનામાં જુની ફીનીશીઅનોની ઓફીર મુસાફરીઓ શરૂ થતી હતી. [૧] તેઓનું રાજનગર પેટ્રા (Petra) જે અંદરના પ્રદેશના બંદરોની ઉત્તરે આવેલું હતું તે પાશ્ચાત્ય દેશો અને દક્ષિણના અરબસ્તાન અને બેબીલોન વચ્ચેના વેપારમાં મધ્યસ્થ સ્થાન તરીકે ઘણું લાભદાયક હતું. આપણે અત્યારે જે સૈકાઓની વાત કરીએ છીએ તે સમયમાં નેબેટીઅનો (Nabataeans) પૂર્વ અરબસ્તાનના મીંદનો (Mindans) તથા પર્શિઅન અખાતના ગેરહીઅનો (Gerrhaens) ની અંદર વચેટ વેપારીઓ (દલાલો) તરીકે કામ કરતા[૨]. તેઓ જે માલ પેટ્રામાં લાવતા તેની અંદર સુગંધીદાર દ્રવ્યોનો પણ ઉલ્લેખ કરેલો[૩] છે તેથી એમ માની શકાય કે તેમાં હિન્દની બનાવટ પણ હશે. આનું ખાસ કારણ એ છે કે આ જાતના વેપારમાં સૌથી ઉત્તમ માલ હિન્દ પૂરૂં પાડતું. આને લીધે જે ભાગમાં નેબેટીઅનો રહેતા હતા તે ભાગમાં રહેનારા એક માહિતગાર લેખક–જેના મત પ્રમાણે નેબેટીઅનો ઘણો હિન્દનો માલ મેળવતા અને આગળ મોકલતા [૪] તેનું કહેવું સત્ય લાગે છે. પરંતુ નેબેટીઅનોએ જલદીથી મીંદનોને

---

૧ C. F. ભા.૨. પૃ. ૫૮૪. તથા ૫૯૫.

૨. સ્ટ્રેબો પ્ર. ૧૬. પૃ, ૭૬૭ ઉપરથી એમ માલુમ થાય છે કે પેટ્રા બેબીલોન સાથે રસ્તા દ્વારા જોડાયેલું હતું.

૩. સ્ટ્રેબો પ્ર. ૧૬. પૃ. ૭૭૬. અને તે પુસ્તકમાં આવેલ પ્રજાઓની બાબતમાં જુઓ પ્ર. ૨. પૃ. ૫૯૫. ૬૦૦.

૪ Leon De Laborde's Journey in Arabia Petra પૃ. ૧૯.

આ વેપારમાં હાંકી કાઢયા અને પાછળથી તેઓ આરબ પ્રજા તરીકે બહાર આવ્યા, અને એ પ્રમાણે આરબ તરીકે ધમધોકાર વેપાર ચલાવ્યો અને બહોળા પ્રમાણમાં સાહસ ખેડયું. આ હકીકત નેબેટીઅનોની અસંખ્ય વસાહતો ઉપરથી ખાસ જણાઇ આવે છે, જેમાંથી અહીંઆં ફક્ત બે જ વસાહતોનાં નામ આપવા પૂરતાં છે.[1] પ્રથમ તો લ્યુકેકોમ (Leukokome) અથવા અરબસ્તાનના પશ્ચિમ કિનારા ઉપર આવેલ આધુનિક હાઉરા (Houra)–જે મદીનાના થાણા ટેમ્બો (Tambo) ની જરા ઉત્તરે આવેલ છે. બીજું જો નેબેટીઅનો અરેબીઆ–ફેલીક્સમાં[2] રહેતા જણાય તો તેનું કારણ તેઓએ તેમના ઉત્તરના કોમી ભાઇઓ સાથે વેપારી સંબંધ જાળવી રાખવા પોતામાંના કેટલાકને ત્યાં વસાવ્યા હશે. ઘણું કરીને તેમના વ્યવસાયનો મુખ્ય હેતુ જમીનમાર્ગે વેપાર કરવાનો હશે. એટલું તો સાબીત થયેલું છે કે તેઓએ રાતા સમુદ્રના કેટલાક ટાપુઓનો કબજો મીસરથી હિન્દ તરફ જતા મુસાફરોને તે જગ્યાએ લુટવા લીધો હતો, પરંતુ તે માટે તેઓને ટોલેમીઅનોએ દંડયા હતા.[3] અહીંઆં એટલું ઉમેરવું જોઇએ કે તેઓ પાસે મોટાં વહાણો ન હતાં, પરંતુ ફક્ત નાનાં વહાણો તથા તરાપા હતા.[4] ત્યારપછીના સમયમાં પણ તેઓએ રાતા સમુદ્રના મુસાફરોને કનડવાનો પ્રયત્ન કર્યો હોય એ સંભવિત છે. ઘણું કરીને તેઓને લીધે જ હિન્દ આવતા માણસોને પોતાની સાથે તીરંદાઝોની ટુકડીઓ રાખવી પડતી હશે[5] રોમન લોકો પેટ્રામાંથી માલ લાવતા હતા. તેમાં જરીએ શંકા નથી. ઉપરની ટીકા ઉપરથી નેબેટીઅનો રોમન દરીઆઇ વેપારમાં ફક્ત થોડા અંશે દલાલી કરતા હતા એમ માનવું જોઇએ, તે વેપારનો મુખ્ય ભાગ હિન્દીઓ ગ્રીકો તથા રોમનોના હસ્તક હોવો જોઇએ.

જો મેં આગળ એમ બતાવ્યું હોય કે એલેકઝાન્ડ્રીઆના પાશ્ચાત્ય દેશો સાથેના વેપારમાં હિન્દીઓ ઉલટભેર ભાગ લેતા હતા તો તે મતને નીચેની વિસ્મયકારક હકીકતથી ટેકો મળે છે. હિન્દનો માલ લેસીડેમોનીઆ (Lacedemonia)ના કિનારે આવતો અને ત્યાં લાવવામાં આવેલ ગ્રીક લોકોના માલ સાથે અદલબદલ કરવામાં આવતો[6] પરંતુ આ ઉપરથી આ હકીકત સાચવી રાખનાર લેખક માને છે તેમ એવું સિદ્ધ થતું નથી કે સોના રૂપાના ભંડારો છતાં હિન્દીઓને સીક્કા પાડતાં આવડતા ન હતા. પણ એ ઉપરથી એમ અનુમાન કરી શકાય કે હિન્દી વેપારીઓ એલેકઝાન્ડ્રીઆમાં વસતા હતા

૧. રીટરે (એસીઅન પ્ર. ૮. પૃ. ૧૧૭) નેબેટીઅનોના સંસ્થાનો વિષે ચોક્કસ માહિતી આપેલી છે.

૨. Stephanos of Byz.

૩. Diodorus ભા. ૩. પૃ. ૪૩. તથા સ્ટ્રેબો ભા. ૧૬, પ્ર. ૪. ૧૮ પૃ. ૭૭૭

૪. પ્લીની ભા. ૧૨. પ્ર. ૪૪. ૧.

૫. ,, ભા. ૬. પ્ર. ૨૪. ૬.

૬. Pausanias ભા. ૩. પ્ર. ૧૨. ૪.

અને ત્યાંથી વહાણો મેળવી તેમના દેશનો માલ લેરીડેમોનીઆ તથા ભૂમધ્ય સમુદ્રના બીજા દેશોમાં લઇ જતા હતા.

મીસર અને સિંધુ પ્રદેશ વચ્ચેના ગાઢા વેપારી સંબંધની એક આડકતરી દલીલ કેલીસ્ટ્રેટોસ (Kalistratos) જેણે ઇ. સ. ૨૫૦ ની આશરે કેટલીક મૂર્તિઓનું વર્ણન કર્યું હતું. તેના ઇન્ડોસ (Indos) નદીની મૂર્તિના વર્ણનમાંથી મળી આવે છે. [૧] આગળ ઉપર આવનાર કારણો ઉપરથી એમ અનુમાન થઇ શકે કે તે મૂર્તિ કોઇ મીસરના અથવા ગ્રીસના વેપારીએ મુકાવી હશે—જે સિંધુપ્રદેશમાં ઘણી વાર ગયો હશે, ત્યાંના વેપારમાં ખૂબ કમાયો હશે, અને આભારદર્શન તરીકે તેના પોતાના દેશમાં સિંધુ નદીની મૂર્તિની સ્થાપના કરાવી હશે. તે મૂર્તિ અપ્સરાઓને અર્પણ કરવામાં આવેલ એક પાણીના ઝરા પાસે સ્થાપવામાં આવી હતી. તે નદીના લક્ષણને મળતી આવતી હતી અને કાળા આરસમાંથી બનાવવામાં આવી હતી. નદી-દેવતાને સુંદર છુટા કેશ હતા—જેનો (કેશનો) રંગ ઘેરો કાળો ન હતો પરંતુ તેમાં શીરીયાના શંખલાનો રંગ વધારે પ્રમાણમાં હતો, કારણ કે પાસેની અપ્સરાઓથી જાણે કે ભીંજાયેલા તથા ઓળેલા હોય તેમ તેના કેશ મૂળ આગળ ઘેરા રંગના હતા, અને છેડા આગળ જાંબુડીયા રંગના જેવા ફીક્કા હતા. આંખો આરસની મૂર્તિને શોભે તેવી નહતી. કારણ કે કીકીમાંથી કંઇક સફેદ વસ્તુ ટપકતી હતી. તે જગ્યાએ આરસનો વર્ણ ધોળો હતો અને આ આલેખન ઇરાદાપૂર્વક હતું કારણ કે સીંધુ નદીનાં પાણી અધિકાંશ ધોળાં છે. તે દેવતા નદીના રંગ દ્વારા પીધેલ (drunk) બતાવવામાં આવી હતી કારણ કે કાળો રંગ વધુ પ્રમાણમાં હતો. તદનુસાર તે દેવતાને લથડીયાં ખાતી તથા પોતાના પગ ઉપર સ્થિર ઉભી ન રહી શકે તેવા માણસની માફક ઉન્મત્ત સ્થિતિમાં દર્શાવવામાં આવી હતી. તે ઉપરાંત, આ મૂર્તિમાં કુમાશ તથા અલંકાર નહતાં, પરંતુ અવયવોની વિશુદ્ધ ઘટનાને લીધે તે સુંદર લાગતી હતી, તે દેવતા તદ્દન નગ્ન સ્થિતિમાં હતો—કારણ કે તેમના દેશની ગરમીને લીધે હિંદીઓ કપડાં નાંખી દે છે એમ કહેવાય છે.

જો મેં ઉપર એમ ખાત્રી આપી હોય કે આ મૂર્તિ કોઇ હિંદીએ નહિ પરંતુ કોઇ મીસરવાસી અથવા ગ્રીકે સ્થાપિત કરી હતી તો તેના સમર્થન તરીકે હું આ હકીકત રજુ કરૂં છું કે તે સમયમાં હિંદીઓ સિંધુ નદીની પવિત્ર નદીઓમાં ગણત્રી કરતા ન હતા, ત્યારે બીજી બાજુએ તે નદીને તથા હીડેસ્પીસને (Hydaspes) તથા એકેસાઇન્સને (Akesines) મહાન એલેક્ઝાન્ડરે તેમના ઉપર મુસાફરી કરતી વખતે બલિ અર્પણ કર્યાં હતા અને શક હિંદના રાજાઓ મેઇઝ (Mayes) તથા એઝીસ (Azes) ના સીક્કાઓ ઉપર સિંધુ નદી આલેખવામાં આવી હતી, તેમ જ પરદેશી

૧. બને ફીલોસ્ટ્રેટીના (Philostrati) ઓલીએરીઅસ (Olearius) ની

રાજાઓના સીક્કાઓ ઉપર પણુ[૧] આ ઉપરથી એમ અનુમાન થઇ શકે કે ફક્ત પરદેશી પ્રજાઓમાં જ સિંધુ નદીને આકૃતિ દ્વારા આલેખવામાં આવતી હતી અને તેથી કેલીસ્ટ્રેટોસે વર્ણવેલી નદી-દેવતાની મૂર્તિ કોઇ હિંદીએ સ્થાપિત નહિ કરેલી હોય. આ ઉપરાંત જો આ મૂર્તિનો ગ્રીક વર્ણનકાર, તે દેવતાને પીધેલ બતાવી છે એમ માનતો[૧] હોય તો તેનું કારણ તે ગ્રીક કલાકારના ડાયોનીસીયસની હિંદની મુસાફરીના સંજોગો—જેમાં તે તેના ઉન્મત્ત મદિરાભક્તો તથા અપ્સરાઓથી વીંટળાયેલો હતો-તેના ખ્યાલને આભારી છે. આ જ કારણને લીધે સિંધુની મૂર્તિ અપ્સરાઓને અર્પણ કરેલ ઝરા પાસે સ્થાપવામાં આવી હતી.[૨] જો તે મૂર્તિની નગ્નાવસ્થા માટે હિંદીઓ નાગા ફરતા હતા તેવું કારણ કેલીસ્ટ્રેટોસ આપવા માગે છે તો તે ફક્ત તેનો વિનોદ કરવાનો પ્રયત્ન સમજવો જોઇએ-જે પણ અહિંયાં અસ્થાને છે. કારણ કે દિગંબરો પણ લુગડાંનો સર્વશઃ ત્યાગ કરતા ન હતા.

રોમન સામ્રાજ્યનું પાટનગર, હિંદનો માલ ફરજીયાત રીતે મીસર દ્વારા મેળવતું હતું તે ફક્ત તે સમયના તે બન્ને દેશો વચ્ચેના રાજકીય સંબંધને અંગે નહિ, પરંતુ રોમથી હિંદના ટુંકામાં ટુંકા રસ્તા ઉપર તે આવેલું હોવાને લીધે. તેથી કરીને, રોમન-હિંદી વેપારનો આ ભાગ ઘણો અગત્યનો હતો અને ઘણું કરીને તે દરિયામાર્ગે થતો હોવો જોઇએ. રોમન રાજ્યના પ્રાંતોના હિંદ સાથેના જમીનમાર્ગે થતા વેપાર વિષે આપણી પાસે થોડા છુટા છવાયા અહેવાલો છે અને તેથી તેના ઉપર સંતોષકારક બીના રજુ કરાય તેમ નથી. તે છતાં, જે છુટી છવાયી માહિતી છે તેના આધારે હિંદના વેપારની આ શાખા ઉપર ટુંક નજર ફેરવવાનો પ્રયત્ન કરવો જ જોઇએ. આ ઉપરથી આપણે એમ માનવું ન જોઇએ કે રોમન રાજ્યની હકુમત નીચેના એક દેશમાં હિંદની વસ્તુ લાવ્યાની હકીકત ઉપરથી, હિંદની બધી વસ્તુઓ એમ લાવવામાં આવતી હતી એમ આપણે અનુમાન કરી શકીએ. હિંદમાંથી અરબસ્તાન, અથવા વધુ ચોક્સાઇથી કહીએ તો તે પ્રદેશ દ્વારા, કોમાગેન (Kommagene), આરમીનીયા અને બોસ્ફરસ[૩] તથા તેથી કદાચ આગળ પશ્ચિમમાં, એલચી લઇ જવામાં આવતી. તે ઉપરાંત, કેપેડોશીયા અને હિંદ વચ્ચે બહોળો સંબંધ હોવો જોઇએ કારણ કે ટાઇબેરીયસના રાજ્યમાં, આર્ચેલેઓસ (Archelaos) નામનો તે દેશનો (કેપેડોશીયાનો) રાજા, જે ટાઇબેરીયસના અધિકાર નીચે હતો, તે હિંદમાંથી પોતાનો માટે અંબર મંગાવતો હતો.[૪] તે સમયના રાજકીય

---

૧. C. F. ભા. ૧. પૃ. ૧૬૭, ૧૭૦ નોંધ ૨ તથા પૃ. ૩૮૦, નોંધ ૧૦.

૨. C. F. the note of Heyna to the Images of the Philostrati and the statues of *Callistretics. Edited by* Frederick Jacob પૃ. ૫૮૯.

૩. Dioskoridis. ભા. ૧ પ્ર. ૫

૪. પ્લીની ભા. ૩૭ પ્ર. ૧૧. ૧૩.

સંજોગો ઉપરથી એમ અનુમાન કરી શકાય કે હિંદના માલનો નાનામાં નાનો ભાગ પરથીઆના અખાત દ્વારા યુફ્રેટીસ નદી ઉપર થઇને, ઉત્તરના ભાગમાં લઇ જવામાં આવતો હશે, કારણ કે આ નદીના મુખો આરસેકાઇડસ (Arsakides) લોકોના હાથમાં હતાં અને તેની પાસેના પ્રદેશો રોમન અને પાર્થીઅન સૈન્યોની સામાન્ય રણભૂમિ હતી. આગળ ટીકા કરી છે તે પ્રમાણે, પાર્થીઆના રાજાઓ રોમન વેપારમાં અડચણો નાંખતા અને અને તેથી વેપારીઓ ઘણું કરીને યુફ્રેટીસવાળો રસ્તો ત્યજતા કારણ કે તે રસ્તો એવા દેશોમાં થઇને પ્રસાર થતો હતો કે જ્યાં તેમના માલની સહીસલામતી ન રહે. તેથી જો આપણે એમ ધારીએ કે હિંદમાંથી માલ લઇને જતા મોટા કાફલાઓ, હિંદમાંથી બલુચીસ્તાન અને પછીથી બેક્ટ્રીયા દ્વારા જતા ધોરી રસ્તાને માર્ગે જતા હતા તો તેમાં કાંઈ ખોટું નથી. એલેક્ઝાન્ડ્રીયન વેપારીના સમયમાં તેનું અંતિમ સ્થળ પંચ–નદી–પ્રદેશની દક્ષિણે આવેલ શક–હિંદનું પાટનગર મીન્નગર અથવા આધુનિક અહમદપુર હતું અને તે પ્રથમ પંજાબમાં એરેટ્રીઓઇ (Aratrioi) તથા આરતો (Arattas) અથવા અરાષ્ટ્રોના (Arastras) પ્રદેશમાં થઇને, પછી એરેચોટેન (Arachoten)ના મુલક તથા ગન્ધાર થઇને પોકલે (Poklais) અથવા પુષ્કા (Puskas)[૧] સુધી સિંધુ નદીના પશ્ચિમના કિનારા સુધી પહોંચતું. બેક્ટ્રીયામાં તે રસ્તાના ત્રણ વિભાગો પડી જતા. તેમાંથી એશિયાની અંદરના ભાગમાં જતા રસ્તા સાથે આપણે અત્યારે સંબંધ નથી. બાકીના બેમાંથી એક રસ્તો હેરાત (Herat) અને પાર્થીઅનોના પાટનગર હેકાટોનપીલોન (Hekatompilon) દ્વારા મીડીયામાં આવેલ એક્બતન (Ekbatana) જતો અને ત્યાંથી કેસ્પીઅન્સના દરવાજા મારફત ચાલા (Chala) જતો. અહીંઆંથી આગળ જતાં ત્રણ રસ્તાઓમાંથી ફક્ત ઉત્તરનો જ રસ્તો વિચારવાનો છે, કે જે આરમીનીઆ, કીલીકીઆ (Kilikia), કેપેડોશીઆ અને એશીઆમાઇનોરના બીજા દેશો તરફ જતો. એઓરસરે (Aorser) મીડીઆ અને આરમીનીઆમાંથી હિન્દનો માલ લઇને આ જ રસ્તા દ્વારા તેને કાળાસમુદ્રના કિનારા ઉપર વસતા રહીશોમાં વેચ્યો હતો.[૨] આરમીનીઆના પાર્થીઅન રાજાઓ ઘણી વાર રોમન સમ્રાટોનો આશ્રય શોધતા અને મેળવતા હોવાને લીધે, તેઓ પણ ઘણું કરીને રોમન પ્રાંતોમાં વેપાર કરતા વેપારીઓને તેમના સાહસમાં મદદ કરતા. આ વેપારી માર્ગનું અંતિમ સ્થળ ઘણું કરીને એશીઆમાઇનોરના ઉત્તર કિનારે આવેલ સીનો (Sinope) હતું. આ અભિપ્રાય માટેની મારી દલીલો હું આગળ ઉપર આપીશ.

બેક્ટ્રીઆમાંથી નીકળતા બીજા રસ્તા દ્વારા હિન્દનો માલ ઓક્સસ નદી ઉપર

---

૧. Peripl. Mar. Erythr. પૃ. ૨૬, ૨૭, ૨૮. તથા સુધારેલાં વાંચન સાથે ભા. ૨. પૃ: ૧૫૯ તથા નોંધ. ૧ તથા ૨ અ. તથા Rhein. Mus. Philos નવી સીરીઝ ભા. ૭. પૃ. ૨૨૯માં આપેલ આ ભાગ ઉપરની શ્વાનબેક (Schwanbeck)ની ટીકા. આ ભાગમાં એલેક્ઝાન્ડ્રીયન વેપારી ખોટી રીતે એમ માને છે કે એલેક્ઝાન્ડરે સ્થાપેલ શહેર બુકેફલ (Bukephela) તે જ પોકલે હતું.

૨. જુઓ આગળ પૃ. ૬૧૯.

લાવવામાં આવતો અને ઓકસસ દ્વારા કાસ્પીઅન સમુદ્રમાં અને તે સમુદ્રને ઓળંગીને સામે પાર માલ ઉતારવામાં આવતો ત્યાંથી પાંચ દિવસમાં તે ફેસીસ (Phasis) નદી ઉપર આવતો અને તે દ્વારા કાળાસમુદ્રમાં લઇ જવાતો, જ્યાં તે જ નામની નદીના મુખ આગળ તે જ નામનું ગ્રીક લોકોનું સંસ્થાન આવેલું હતું, અને તેની આગળ ઉત્તરે ડાઓસ્કુરીઆસ આવેલું હતું. ઇ. સ. ની બીજી સદી સુધી એઓરસી (Aorsi) કાસ્પીઅન સમુદ્રની ઉત્તરે આવેલા મોટા પ્રદેશની માલીકી ધરાવતા હોવાને લીધે, તેણે ઘણું કરીને હિન્દ અને પાશ્ચાત્ય દેશો વચ્ચેના આ જમીનમાર્ગે થતા વેપારમાં પણ ભાગ લીધો હશે. હિન્દી લોકો પણ એમ કરતા હતા તે આગળ બતાવવામાં આવ્યું છે. ઉપર વર્ણવેલા ગ્રીકોના સંસ્થાનો માંથી પશ્ચિમના દેશો તરફ હિન્દી માલને લઇ જવાની બાબતમાં આપણી પાસે તેને લગતા પુરાણા પુરાવાઓ નથી, પરંતુ બીજા કેટલાક બનાવો ઉપરથી એમ માલુમ થાય છે, કે પેફ્લેગોનીઆ (Paphlagonia)માં આવેલ સીનોપ એ કાળા સમુદ્રના પ્રદેશો તથા ભૂમધ્ય સમુદ્રના કિનારે આવેલ પ્રદેશો સાથેના વેપારનું મથક હતું.

આ શહેર વેપારને માટે ઘણી ઉત્તમ જગ્યાએ આવેલું હતું કારણ કે તે દ્વીપકલ્પ ઉપર હતું અને તેને બે બંદરો હતાં. તેના રહીશોએ ટ્રેપેઝોસ (Trapezos) અને બીજા એવાં ઘણાં સંસ્થાનો કાળા સમુદ્ર ઉપર સ્થાપેલાં હતાં. તેથી જ મીથ્રીડેટસ યુપેટરે (Mithridates Eupator) તેને પોતાના રાજ્યનું પાટનગર બનાવ્યું હતું. અને સ્ટ્રેબોના સમય સુધી પણ તે સુંદર તથા સુરક્ષિત શહેર રહ્યું હતું.[૧] સીનોપીઅનોના બીજા મુખ્ય વેપારી શહેરો સાથેના બહોળા વેપારી સંબંધની બાબતમાં, તે લોકો એલેકઝાન્ડ્રીઆ સાથે પણ વેપારી સંબંધ રાખતા હતા[૨] તે અહીં બતાવવું જોઇએ. આ ઉપરથી એમ કહેતાં તું અચકાતો નથી કે સીનોપ તે જ સમુદ્ર ઉપર આવેલા પ્રસીસ (Prasis) અને ત્યાંથી ડાઓસ્કુરીઅસ (Dioskurias) સાથે પણ વેપાર કરતું હતું અને માલ લાવતું હતું, જે માલને પછી સીનોપીઅનો ભૂમધ્ય સમુદ્ર ઉપરના મોટા દરીઆઇ શહેરોમાં લઈ જતા હતા. આ ઉપરાંત કેપેડોશીઆ અને આર્મીનીઆ સાથે પણ સીનોપીઅનો સહેલાઇથી વેપાર કરી શકે.

સીનોપની આ ચર્ચા ઉપરથી એમ અવલોકન કરી શકાય કે કાળા સમુદ્ર ઉપર આવેલા પ્રદેશો તથા હિન્દુસ્થાન વચ્ચેના જમીનમાર્ગે થતા વેપારની અબાધિત પ્રવૃત્તિનો આધાર તેમના રોમન રાજ્ય સાથેના સંબંધ ઉપર અવલંબેલો હોવો જોઇએ. જો તેમનો સંબંધ દુશ્મનાવટભર્યો હોય તો અમુક વેપારમાં ડખલો પડતી. પરંતુ તેવો સંબંધ જ્યારે આ રાજ્યો રોમન રાજ્યોને તાબે થયાં હશે ત્યારે બંધ થયો હશે. આ જાતની લાંબી મુદતની તથા મહત્વની ડખલ પોન્ટસના રાજા મીથ્રીડેટસ યુપેટરના વખતમાં

૧ Diodoros ભા. ૧૪ પ્ર. ૩૦, ૩૧. તથા સ્ટ્રેબો ભા. ૧૨ પૃ. ૫૪૫.

૨ સી. મુલરની Fragm Histor Graec ભા. ૩ પૃ. ૬૧૪ ઉપર આપેલ મેનેપોનના ફકરાઓ જુઓ.

થઇ હતી. અને ફક્ત આ જ ડખલ ધ્યાનમાં લેવા જેવી છે. કારણ કે તેના રાજ્ય પછી રોમન સામ્રાજ્યની વિરૂદ્ધનો એક પણ સફળ વિરોધ બંધ થયો હતો. મીથ્રીડેટસે ઘણા સીથીઅન (Scythian) પ્રદેશો તાબે કર્યા હતા. દાખલા તરીકે કોલ્ચીસ (Kolchis) ખાસફરસ, ક્રીમીઅન દ્વીપકલ્પ અને એશીઆમાઇનોરનો મોટામાં મોટો ભાગ તેની રોમ સાથેની ત્રીજી દુર્ભાગી લડાઇ પછી સને ઇ. સ. પૂર્વે ૬૩ માં થયેલા તેના પુત્ર ફ્રાર્નેકસના બળવા પછી તેને પોતાની આત્મહત્યા કરાવી હતી. તેના પતન પછી તેનું વંશપરંપરાનું રાજ્ય પોતાની સ્વતંત્રતા ગુમાવી બેઠું અને ત્યાર પછીથી આખા એશીઆમાઇનોરમાં વિના વિરોધે રોમનોએ રાજ્ય કર્યું. મીથ્રીડેટસ રોમનોનો કટ્ટો દુશ્મન હોવાને લીધે અને તે સીનોપ તથા કોલ્ચીસના બંદરો ઉપર રાજ્ય કરતો હોવાને લીધે જ્યાં સુધી મીથ્રીડેટસની આ શહેરો ઉપર હકુમત હતી ત્યાં સુધી આ શહેરોનો રોમન પ્રાંતો સાથેનો વેપાર બંધ પડયો હશે. એ પૂરવાર કરવા ખાસ કારણ આપવાની જરૂર રહેતી નથી. એશીઆમાઇનોરની તાબેદારી ઉપરથી એમ સિદ્ધ થાય છે કે ઇ. સ. પૂર્વે ૫૭ ની સાલ પહેલાં જે વર્ષથી અત્યારે આપણે ચર્ચીએ છીએ તે હિન્દી વેપારનો સમય શરૂ થાય છે-હિન્દ તથા પશ્ચિમ રોમના પ્રદેશો સાથેનો વેપાર શાંતિ તથા સહીસલામતીથી વેપારીઓ કરતા હશે. હિન્દના રોમ સાથેના વેપાર સંબંધી અહેવાલો તથા સમજુતો આપ્યા પછી પ્રથમ તો આ વેપારની હિન્દીઓ તથા રોમનોની સ્થિતિઓ ઉપર શું અસર થઇ હતી તે તપાસવી જોઇએ. હું ફક્ત રોમનો જ કહું છું અને રોમન રાજ્યને તાબે રહેતી બીજી પ્રજાઓ વિષે બોલતો નથી કારણ કે રોમનોને લગતી આ જાતની હકીકત મળી શકે છે. જે વિદ્વાનો ભૂગોળ તથા સૃષ્ટિશાસ્ત્રના વિષયોને વિકાસવા માટે હિન્દમાંથી તેમને મળી આવતા અહેવાલોનો ઉપયોગ કરતા હતા તેઓ રોમન રાજ્યના જુદા જુદા પ્રાંતોમાં રહેતા હતા અને તેમાંના ઘણા ખરા તો હેલેનો+ (Hellens) હતા.

આ શોધની બાબતમાં હું એક સામાન્ય સૂચના અગાઉથી કરૂં છું અને તે એ છે અહીંઆ આપણે જુદા જુદા દેશો વચ્ચેના વેપારી સંબંધથી નીપજતા ફાયદાઓનો પ્રશ્ન વિચારવાનો નથી—દા. ત. એક બીજાના સહવાસથી એક દેશ પોતાની ખાસીઅતોને જરા શિથિલ કરે—કારણકે આ પરિણામ તો ખૂબ લાંબા વેપારી સંબંધથી જ આવી શકે; જ્યારે રોમનો તથા હિન્દીઓ એક બીજાથી ખૂબ દૂર રહેતા હતા, તેમના રીતરિવાજો, અભિપ્રાયો, તથા વર્તનમાં ખૂબ તફાવત હતો અને ઉપરાંત બંને દેશના વેપારીઓની સંખ્યા એટલી ઓછી હતી કે તેમને લીધે બેમાંથી એક દેશની રિયાતમાં કંઈ ફરક પડે એ અસંભવિત હતું. આ બાબતમાં બે વસ્તુઓ જાણવી જોઇએ. રોમનો તથા હિન્દીઓનો સ્વભાવ અને તેઓની વચ્ચેના વેપારમાં વપરાતા માલનો પ્રકાર. રોમનોથી શરૂ કરીએ તો તેઓમાંથી તે સમયે પહેલાના વખતની સાદી રીતભાત તથા નીતિની સખ્ત ભાવના નષ્ટ થઇ હતી, અને તેને બદલે લંપટતા, સ્વચ્છંદ, અધમ ભપકો, તથા બેહદ ઉડાઉપણાએ પગ પ્રસાર્યું હતું. અહંકારી, પૈસાદાર, અને ઉચ્ચ કુળના રોમનો એક બીજા સાથે મોજ

+ હેલેન—એ ગ્રીસનો એક ટાપુ હતો.

શોખ તથા પૈસા વેરવામાં સ્પર્ધા કરતા કરતા, અને મધ્ય વર્ગના માણસો પણ આ દુર્ગુણો તરફ આકર્ષાયા હતા.[૧] રોમનો તેમના મોજશોખ તથા ભપકાના જીવનને પોષવા માટેની જરૂરી વસ્તુઓ દરેક દેશમાંથી મંગાવતા હતા, અને આ બાબતમાં રોમની લંડન સાથે સરખામણી કરી શકાય કે જ્યાંના શહેરીઓને જોઈતી ખાવાની, પહેરવાની તથા શોખની વસ્તુઓ દુનીઆના દરેક દેશમાંથી આયાત કરવામાં આવે છે. હિન્દ રોમને તરેહ તરેહના કીંમતી પથ્થરો, સુગંધીદાર દ્રવ્યો, મશાલાઓ, ઝીણાં કપડાં વગેરે મોકલતું તે રીતે રોમનના સ્વચ્છંદ અને ઉડાઉપણાને પોષતું અને તેટલે દરજ્જે રોમમાં અનીતિને પોષણ આપતું—જે અનીતિ પશ્ચિમ રોમન સામ્રાજ્યના પતનનું મુખ્ય કારણ હતું.

હિન્દના વેપારનું બીજું પરિણામ, આ વેપારમાં જે રોમન વેપારીઓ પડેલા હતા અને જેઓ તેમાંથી ખૂબ નફો મેળવતા હતા—જે વિષે કેટલાક દાખલાઓ આગળના આગળના ભાગમાં મેં આપેલા છે—તેઓ તેને લીધે તવંગર બન્યા એ હતું. પરંતુ તે વર્ગ જીંદગીના બીજા વ્યવસાયોના ભોગે તવંગર બન્યો હતો અને તેથી તેઓ પેલા સખ્ત નીતિશાસ્ત્રિ પ્લીનીની ટીકામાંથી મુક્ત રહ્યા ન હતા; પહેલાં ખેતીની જે સંભાળ લેવામાં આવતી હતી તેને વખાણતી વખતે પ્લીની ખેદ દર્શાવે છે કે નામર્દાઈ અને લાભને વશ થઈને વેપારીઓ રાતા સમુદ્ર તથા હિન્દમાંથી ભપકાના મોહને પોષનારી વસ્તુઓ લાવીને દરીઆને ભ્રષ્ટ કરતા હતા. હિન્દી વેપારનું બીજું પરિણામ એ હતું કે હિન્દ રોમન રાજ્યમાંથી ઓછામાં ઓછા ૧૨,૬૫૦,૦૦૦ થેલર ગળી ગયું હતું.[૨]

રોમ અને હિન્દ વચ્ચેના વેપારી સંબંધના ગૌણ પરિણામો તરીકે નીચેના બે પરિણામોનો ઉલ્લેખ કરવો જોઈએ, પેનીકમ ઈટાલીકમ (Panicum Italicum) ઉપરાંત હિન્દમાંથી એક જાતના અંજીર લાવવામાં આવતાં,[૩] જે ગ્રીક લોકોને વેચવામાં આવતાં અને તેઓ તેમને હિન્દના અંજીર તરીકે ઓળખતા આ વેપારી સંબંધનું બીજું પરિણામ આપણને દવાઓના પ્રદેશમાં પ્રાપ્ત થાય છે. આગળ કેટલીક વાર બતાવ્યા પ્રમાણે રોમન વૈદ્યો કેટલીક હિન્દની વસ્તુઓનો ઉપયોગ દવાઓ બનાવવામાં કરતા એટલું જ નહિ પરંતુ તેઓ હિંદી વૈદ્યોની કેટલીક દવાઓ પચાવી પણ પડતા. આંખના એક કાળા અંજનને તેઓ ઇન્ડીયન બેસીલીકોન (Indian Basilikon) ના નામથી ઓળખતા (જેનો આરબ ડૉક્ટરોએ પણ ઉલ્લેખ કર્યો છે) અને એક બીજા લેપને તેઓ ઇન્ડીયન પ્લાસ્ટર (Indian plaster) કહેતા. આ દવાઓ અને તેની બનાવટ થ્રેસોસ (Thrasos) નામનો એક સર્જન જેણે એ હકિકત કાં તો રોમન રાજ્યમાં આવેલ હિંદી વૈદ્યો પાસેથી મેળવી હશે અથવા તે પોતે હિન્દ ગયો હશે અને મેળવી હશે,

૧. આનો એક દાખલો આગળ પૃ. ૨૦ ઉપર આવેલ છે.

૨. પ્લીની ભા. ૬. પ્ર. ૨૧. ૬.

૩. C. f. ભા. ૧ પૃ. ૨૪૮ નોંધ ૩. તથા Athenaios પૃ. ૫૫. પંક્તિ જ્યાં સુધી- ડેમોસનું પ્રમાણ લેવામાં આવ્યું છે.

તેણે જાહેરમાં જાણીતી કરી હતી.[1] જ્યારે બીજી બાજુ હરસને લીધે વહેતા લોહીને અટકાવવા કેટલાક રોમનો હિંદી પથ્થર બાંધતા હતા અને તે રીતને પ્રખ્યાત ગ્રીક વૈદ્ય જેને આપણે આ હકિકત માટે આભારી છીએ અને જે તે રીતનો બરોબર રીતે ઇન્કાર કરે છે તેના મત પ્રમાણે, ખરો ઇલાજ ગણી ન શકાય.[2] આ પ્રથા, રોગ સંરક્ષણ તરીકે વપરાતા માદળીયાના હિંદી રિવાજનું અનુકરણ હોવું જોઇએ.

હિન્દીઓની બાબતમાં તેમની રહેણીકરણી ઘણા લાંબા કાળથી કાયદાઓ તથા રૂઢિઓથી નિયંત્રિત થયેલી હતી, અને તેમના દેશમાંથી તેમને ખાવા, પહેરવા તથા શણગારને લગતી ઘણી વસ્તુઓ મળી શકતી. તેથી પરદેશમાંથી આયાત કરવામાં આવતી વસ્તુઓ તેમના દેશમાં જે વસ્તુઓ પુરતા પ્રમાણમાં ન હોય તેમને પુરી કરવા માટે જ હતી. આ હકીકત ખાસ કરીને ત્રાંબું, લોઢું તથા કલાઇને લાગું પડતી; જ્યારે હિન્દમાં નહિ પાકતી હોય તેવી વસ્તુ દા. ત. દારૂની બાબતમાં આગળ એમ બતાવવામાં આવ્યું છે કે તેનો ઉપયોગ ફક્ત રાજાઓ તથા મહારાજાઓ જ કરતા. આ ઉપરથી હિંદીઓના રીત રિવાજોનાં રોમન તથા ગ્રીક લોકોના વેપારી સંબંધને લીધે કંઇ પણ ફરક પડયો હોય એ અસંભવિત છે. રોમન રાજ્યની પ્રજાને જે માલ હિંદીઓ વેચતા તે માલ જે માલ હિંદીઓ પરદેશીઓ પાસેથી મેળવતા તેના કરતાં ઘણો વધારે કિંમતી હતો. આ હકીકતને લીધે રોમન વેપારીઓને ઘણું રોકડ નાણું લાવવું પડતું કારણ કે તેમને હિંદમાં માલ વેચવાથી જે પૈસો મળતો તે પૈસો હિંદના કીમતી માલનો પૂરતો જથ્થો લઇ જવા માટે બસ નહોતો. પેરીપ્લસ ઓફ ધી રેડસીમાં ઘણે ઠેકાણે સીક્કાઓને આયાતની વસ્તુઓ તરીકે વર્ણવામાં આવેલ છે. તેના સમયમાં રોમન રાજ્યમાંથી વેપારીઓ જે પૈસાની રકમ હિંદમાં લાવતા તે ખુબ વધી ગઇ હતી; પ્લીનીના અહેવાલો તો આગળ ઉપયોગ કરવામાં આવી ગયો છે. આને અંગે હિંદી વેપારીઓ પાસે વિદેશી સીક્કાઓ ખુબ એકઠા થયેલા અને તેનું ચલણ કદાચ હિંદમાં પણ શરૂ થયું હોય અને હિંદના બંદરો તેથી કદાચ અંદરના ભાગમાં પણ તેમનો પ્રચાર થયો હોય. તે સમયના હિંદી રોમનને વેપાર વિષે પ્રમાણભૂત માહિતી આપનાર એલેઝાન્ડ્રીયન વેપારી પણ આ બાબતમાં આપણને મદદ આપે છે. ભરૂચમાં ગ્રીક–બેક્ટ્રીયન રાજાઓ એપોલોડોટસ અને મેનેન્ડ્રોસના સીક્કાઓ તેણે વપરાતાં જોયેલા.[3] આની સાથે આ હકીકત પણ સંગત થાય કે આંતર હિંદના દૂર પ્રદેશમાંથી ગ્રીક અને રોમન સીક્કાઓ મળી આવ્યા છે દા. ત. કાબુલીસ્તાનમાં આવેલ જલાલાબાદની પાસેના હીડ્ડા Hidda ની ઝાડીમાંથી, દક્ષિણમાં કોઇમ્બતુરના

---

૧. Galenos. De. Compos. Medic sec. locos XII, 782 તથા De. Compos. Medic. per genera. Kuhn Ed. પૃ ૭૪૧.

૨. Gabnosi. De. simplic Medic, tenpor XII. પૃ. ૨૨૭.

૩. Peripl. Mar. Erythr. પૃ. ૨૭.

પ્રદેશમાંથી, અને લંકાના મેન્ટોટ[૧] નામના એક જુના શહેરના ખંડિયેરોમાંથી. આ સીક્કાઓ ઉપરથી, જે સમયમાં તે પાડવામાં આવ્યા હતા તે સમયને માટે, હિંદી રોમન વેપાર ઓછો અથવા ધાડો હતો તેનું સુચન થાય છે. પરંતુ એ તો નક્કી છે કે જો રોમન રીપબ્લીકના વખતના સીક્કાઓ હિંદમાંથી મળી આવે તો તે ઉપરથી એમ અનુમાન ન કાઢી શકાય કે રોમન રીપબ્લીકના સમયમાં રોમ અને હિંદ વચ્ચે સીધો વેપારી સંબંધ બંધાયેલો હતો, કારણ કે રોમન વેપારીઓ આ જાતના સીક્કાઓ ત્યાર પછીના સમયના સીક્કાઓ સાથે હિંદમાં લાવ્યા હતા. તેમાંના ઘણા ખરા તો સમ્રાટ ઓગસ્ટસના સમયથી એન્ટોનાઇન્સના સમય સુધીના છે—જેના ઘણા સીક્કાઓ લંકાના મેન્ટોટ શહેરના ખંડિયેરોમાંથી મળી આવ્યા હતા. આ ઉપરથી સિદ્ધ થાય છે કે ઇ સ. ની શરૂઆતથી બીજી સદીના અંત સુધીમાં હિંદ તથા રોમન રાજ્ય સાથેનો વેપાર ઘણોજ સમૃદ્ધ હતો. જોકે તે રોમન રાજ્યના ભાગલા પછી પણ ચાલુ રહેલો અને તે બીઝાન્ટીઅન રાજ્યના સમયમાં પણ ચાલુ રહેલો કારણ કે થીઓડોસીઓસ (Theodosios) પહેલો, માર્કીએનોસ તથા લીઓનના સીક્કાઓ મલબારમાંથી મળી આવ્યા છે અને આમાંના પહેલાએ ઇ. સ. ૪૦૭ માં રાજ્ય શરૂ કરેલું અને તેમાંનો છેલ્લો ઇ. સ. ૪૭૧ માં મરણ પામેલો. બીઝાન્ટીઅન હિંદી વેપાર વિષે અહિંઆં વધુ કહી શકાય નહિ તેથી આ હકીકતને માત્ર પ્રસ્તાવના તરીકે રજુ કરી સંતોષ માનું છું.

જો આપણે હિંદુસ્તાનનું વિશાળ કદ, તેનો કિંમતી વસ્તુઓનો ખજાનો અને તે સમયની તેની આબાદીને યાદમાં રાખીએ તો આપણે સમજી શકશું કે રોમન રાજ્ય સાથેના વેપારથી જે પૈસો હિંદમાં આવ્યો હતો તેનો હિંદીઓની સમૃદ્ધિમાં ફક્ત લુજ ફાળો હતો.

હિંદીઓના બીજા પરદેશો સાથેના વેપારની બાબતમાં આપણી પાસે ફક્ત છુટા છવાયા અહેવાલો છે.

હિંદમાંથી નીકળતા ત્રણ વેપારી ધોરી માર્ગોમાંથી ત્રીજો માર્ગ જે બેક્ટ્રીયા તરફ જતો હતો, તે બેલુરટેગ નામના મોટા પર્વત ઉપર થઇને સેરીકા (Serike) ના દેશ સુધી લંબાતો હતો—જેની અંદર પૂર્વ તુર્કસ્તાન, ગોબીનું રણ તથા તીબેટનો સમાવેશ થયો હતો. રોમન વેપારીઓ સેરા નામના શહેર એટલે આધુનિક હામી અથવા હરકાન

૧. Wilson's Ar. Arniqu. પૃ. ૩૬. તથા ૧૦૮ તથા માણિક્યાલની જગ્યાની બાબતમાં જુઓ ભા. ૨. પૃ, ૧૧૦૭. નોંધ ૨. ઉપરાંત Remarks on some lately discovered. Roman Gold Coins by capt. Drury J. R. A. S. B. XXXI. પૃ. ૩૭૧. તથા Sir Alexander Johnston's A letter to the Secretary etc. in Trans. of the R. A. S. I. પૃ. ૩૪૬.

સુધી જતા. ત્યાંથી બેક્ટ્રીયા દ્વારા સિંધુ નદીના મુખ ઉપરના બારબરીકોન બંદરે માલ લાવવામાં આવતો.[1]

હિંદીઓના પૂર્વ એસીયાના દૂરમાં દૂરના દેશ ચીન સાથેના જમીન માર્ગે થતા વેપારની બાબતમાં આગળ વર્ણવવામાં આવેલ ટુંક બીના પેરીપ્લસ ઓફ ધી રેડસીમાં આપેલ છે. દર વર્ષે હિંદી વેપારીઓ સીક્કીમ દ્વારા ટીસ્ટાને રસ્તે થીનાઇની[2] સરહદે આવતા અને પાછા વળતી વખતે બેસાદાઇ લોકો પાસેથી તમાલપત્રો મેળવતા—જે તેઓ ગંગા નદીના મુખ આગળના ગંગે નામના બંદરે લાવતા.

ગૂજરાતનો પહેલો સુબો (મુસલમાન ગવર્નર)

[મોલવી અબુઝફર નદવી]

સામાન્ય ઐતિહાસિક પુસ્તકોનું અવલોકન કરતાં ગૂજરાતના જીતનાર અલમાસ બેગ ઉલુગખાનને જ ગૂજરાતનો સુબો બનાવવામાં આવ્યો હોય અને તેણે ગૂજરાતમાં પોતાનો અમલ ૨૦ વર્ષ સુધી ચલાવ્યો હોય એમ માલમ પડે છે. વળી ફરિસ્તાહ પણ દરેક સ્થળે ઉલુગખાનનું નામ બતાવે છે. કેવળ એક ઠેકાણે નામની સ્પષ્ટતાની ખાતર 'નીઝામે ગૂજરાત' શબ્દ તેણે આગળ વધારી દીધો છે. ઝિયાબરની મોટા ભાગે અલપખાન લખે છે. તેણે અલપખાનના સંબંધમાં એક સ્થળે લખ્યું છેઃ—" ......ખીઝરખાનના સ્વશુર અલપખાન અને તે (મલેક નાયબ કાફુર)ની વચ્ચે જીવલેણ દુશ્મનાવટ થઇ હતી."

તે બીજી જગ્યાએ લખે છેઃ—

" દેવગીર (દેવગઢ કે દોલતાબાદથી) મલેક નાયબને અને ગૂજરાતથી અલપખાનને શહેર દિલ્હીમાં બોલાવવામાં આવ્યા. "

વળી આગળ લખે છેઃ—

" કાંઇ પણ અપરાધ કે બદદાનતીના ગુનાહ વિના અલપખાનને સુલતાનની મારફત મરાવી નાખ્યો. ખીઝરખાનને કેદ કરી ગ્વાલીયર મોકલી દીધો. અને તેની માને લાલ મહેલમાંથી કાઢી મૂકવામાં આવી અલપખાનના કતલ થતાં તથા ખીઝરખાનના કેદમાં પડતાં સુલતાન અલાઉદ્દીનના કુટુંબનું નિકંદન નીકળી ગયું." પરંતુ જ્યાં જ્યાં ગૂજરાતની વાત આવે છે ત્યાં તે ઉલુગખાનનું નામ લખે છે.

" સુલતાન અલાઉદ્દીનના રાજ્યારોહણના ત્રીજા વર્ષની શરૂઆતમાં, ઉમરાવો તથા લશ્કરના સરદારોને સાથે લઇ ઉલુગખાન તથા નુસરતખાને ગૂજરાત ઉપર હુમલો કર્યો "

બીજે ઠેકાણે કહે છેઃ—

" ઉલુગખાન તથા નુસરતખાન માલે ગનીમત (લડાઇમાં હાથ આવેલો માલ) લઇ ગૂજરાતથી પાછા ફર્યા "

પછીઃ—

ગૂજરાતની લૂંટમાં માલમતા, હાથી, ગુલામ વ. ઘણું હાથ આવ્યું તે લઇ ઉલુગખાન અને નુસરતખાન દિલ્હી પાછા આવ્યા. "

આ પ્રમાણે એક બીજે ઠેકાણે લખ્યું છેઃ—

આ વર્ષમાં ઉલુગખાન અને નુસરતખાનને ગૂજરાત માટે નક્કી કરવામાં આવ્યા તથા ઝફરખાનને સેયુસ્તાન મોકલવામાં આવ્યો.

ઝીયાબરનીએ રાજ્યના ઉમરાવો અને હોદ્દેદારોની એક ફેહરિસ્ત બનાવી છે તેમાં પણ આ બન્ને નામો જુદા જુદા બતાવવામાં આવ્યાં છે." (સુલતાન) નો ભાઇ ઉલુગખાન અલમાસ બેગ, વઝીર નુસરતખાન, ઝફરખાન, અર્ઝ મમાલીક, અને સુલતાનનો અમીર અલપખાન "

"........છેવટે તેણે એક દિવસે કહ્યું. તે વખતે તેની પાસે ઉલુગખાન, ઝફરખાન, નુસરતખાન અને અલપખાન હાજર હતા.

એક બીજા સ્થળે હી. સં. ૬૯૯ ના રણથંભોરના હુમલાના વિષયમાં હુસામખાનના ઇતિહાસનો હવાલો ટાંકી લખ્યું છે.

"ઉલુગખાન તૈયારી કરી 'બયાનાની' સામે થયો. તેની જાણ હમીરદેવ રાજાને થઇ. આ જ સાલમાં રણથંભોરનો કિલ્લો પડયો અને તે અલાઉદ્દીને ઉલુગખાનને આપી દીધો.

આ વિષયમાં તે લખે છે:—

"એક[1] ઇતિહાસકાર જણાવે છે કે અલાઉદ્દીનને વિજય મેળવતાં ઘણું વેઠવું પડયું. રાજા હમીરદેવ આશ્રયે આવેલા મોગલો સાથે કેદ પકડાયો. તે સઘળાને તેણે યમશરણ પહોંચાડયા પછી સઘળા રાચ રચીલા સાથે કીલ્લો તથા તેની આજુબાજુનો પ્રદેશ તેણે પોતાના ભાઇને સોંપી દીધો.

આગળ પાના ૮૧૦ ઉપર તે જ વાતનો ફરી ઉલ્લેખ કર્યો છેઃ—

"ઝાયન તથા સઘળા રાચરચીલા સાથે તે કીલ્લો અને તેની આજુબાજુનો પ્રદેશ (સુલતાન) પોતાના ભાઇને ઇનામમાં આપી દિલ્હી પાછો ફર્યો. હી. સં. ૩-૧૧-૭૦૦.

ઉલુગખાન વિષે સઘળું લખી રહ્યા પછી તે અલપખાન વિષે લખે છે. કેમકે ઝફરખાન અને નુસરતખાનના વિષે તે પહેલાં કહી ગયો છેઃ—

........અલપખાનનું મરણ કેવી રીતે નીપજ્યું તે જણાવતાં તેનું વર્ણન તરતમાં કરવામાં આવશે."

પૃષ્ટ ૮૨૬ ઉપર લખેલું છે કે—

"........તેની માહર બેગમના ભાઇ અલપખાન અને મલેકકાફુર વચ્ચે અદાવત થઇ ગઇ. આ જ કારણે અલાઉદ્દીનનો મુલક ઉજ્જડ થઈ ગયો. આ સમયે અલાઉદ્દીન બીમાર હતો. તેની બીમારી દિનપ્રતિદિન વધતી ગઇ. કાફુર અને અલપખાન અંદરોઅંદર લડવામાં રોકાયલા હતા. તે વખતે કાફુર દેવગઢ (દોલતાબાદનો) અને અલપખાન ગુજરાતનો સુબો હતો.

કેટલીક લીટીઓ મૂકી દેતાં આમ આવે છેઃ—

"........જ્યારે કાફુર બાદશાહની સેવામાં હાજર થયો ત્યારે તેણે બાદશાહને પોતાની બેગમ તથા ખીઝરખાનથી નાખુશ થયેલો જોયો. અલાઉદ્દીનને ખીજાયેલો જોઇ તે અલપખાનનો ઘાટ ઘડવા પ્રયત્ન કરવા લાગ્યો.

પછીઃ—

"અલપખાનના માર્યા જવાના સમાચાર તેના મળતીઆઓને ગુજરાતમાં મળ્યા ત્યારે તેઓ સરકાર સામે થયા અને દરેક ઠેકાણે બંડ મચાવ્યાં."

---

૧ ઝફરૂલવાલા પા. ૭૮૯ [૨] પા. ૮૦૬.

ઉલુગખાન અને અલપખાન એ બે જુદી વ્યક્તિઓ છે તે આ ઉપરથી સિદ્ધ થાય છે. અમીર ખુશરોના કાવ્યમાં લહિયાની ભૂલ થઇ છે તે પ્રમાણે આ પુસ્તકમાં અલપખાનની જગ્યેએ ઉલુગખાન નામ બે વખત આવી ગયું છે. આ બાબતનો ખુલાસો છેવટમાં કરવા માગું છું. તેના સમકાલીન અબ્દુલ કાદર બદાયુને આ બાબતને ઘણી સારી રીતે સ્પષ્ટ કરી દીધી છે.

સુલતાન અલાઉદ્દીન ખીલજીથી શરૂ કરતાં લખે છે:– [૧]

"હિ. સ. ૬૯૫ ના છેલ્લા માસની ૨૨ મી તારીખે અલાઉદ્દીને પોતાના ભાઇની મદદથી દીલ્હીમાં પોતાનો વાવટો ફરકાવ્યો. તેણે પોતાના ભાઇને ઉલુગખાનનો તથા તે વખતની ઉમરાવોની સભાના પ્રમુખ અને પોતાના દીકરાના શ્વશુર સંજરને અલપખાનના ખિતાબોથી નવાજ્યા. મલેક નુસરત જલેસરીને નુસરતખાન અને મલેક બદરૂદ્દીનને ઝફરખાન બનાવ્યા, પછી તેણે 'સેરી'ના રણમાં ઝંપલાવ્યું.

આ ઉપરથી નીચેની બાબતો મળી આવે છે:–

સુલતાન અલાઉદ્દીન ખીલજીના ભાઇનું નામ અલમાસ બેગ હતું. તેને ઉલુગબેગખાનનો ખિતાબ આપવામાં આવ્યો હતો. અલાઉદ્દીનના દીકરા (ખીજરખાન)ના શ્વશુરનું નામ સંજર હતું. તેને અલપખાનનો ખિતાબ આપવામાં આવ્યો હતો. આ જ પુરુષ તે કાળે સભાપતિના પદે બિરાજમાન હતો. મલિક નુસરત જલેસરીને નુસરતખાન અને મલિક બદરૂદ્દીનને ઝફરખાનના ખિતાબ આપવામાં આવ્યા.

થોડાક લખાણ પછી આવે છે:–

"......હી.સ. ૬૯૬ ના મહોરમ માસમાં ઉલુગખાન અને અલપખાનને અરકલીખાન અને સુલતાન રૂકનુદ્દીન પર હુમલો કરવા મોકલ્યા."

હી. સ. ૬૯૭ નો બનાવ નોંધતાં જણાવે છે:–

"ઉલુગખાનને એક મોટા લશ્કર સાથે ગૂજરાતમાં રાજા કરણને જીતવા મોકલ્યો. તેના લશ્કરમાં ૩૦ હજાર ઘોડેસ્વારો, ૮૦ હજાર પાયદળ ને ૩૦ ફોજી હાથી હતા. તેણે રાજા કરણને હરાવ્યો, અણહીલવાડ લુટયું અને સઘળી માલમત્તા લઇ તે દીલ્હી પાછો ફર્યો."

ઉલુગખાનના ગૂજરાતથી પાછા ફર્યાના વર્ણન સાથે અલવર પાસે શુક્રઓએ મચાવેલ હુલ્લડની બીના પણ આવી જાય છે.

આગળ લખે છે:—

"......ઉલુગખાન ધીમે ધીમે કુચ કરતો દીલ્હી પહોંચ્યો."

પછી લખે છે:—

"...... (સુલતાને) ઝાબનનો ઇલાકો ઉલુગખાનને આપી ચિતોડની સ્વારીનો ઇરાદો કર્યો."

૧ બદાયુની પુ–૧ પૃ–૧૮૨

રણથંભોરના ઘેરા વખતે દીલ્હીમાં હાજી મવલાએ હુલ્લડ મચાવ્યું. તેને દાબી દઇ બંદોબસ્ત કરવા સુલતાને ઉલુગખાનને દીલ્હી મોકલ્યો. તેણે પોતાના કૌશલ્યથી ત્યાં બધું શાંત કરી દીધું.

આ વિષે પુસ્તક ૧ લા ના ૧૯૪ મા પાને બદાયુની લખે છે:

"......હુલ્લડમાં ભાગ લેનારાઓની યોગ્ય તપાસ કરી તેમને ઘટતી શિક્ષા કરવા સુલતાને ઉલુગખાનને દીલ્હી રવાના કર્યો."

સુલતાને આ સેવાના બદલામાં રણથંભોરના તાબાનો પ્રદેશ તેની (ઉલુગખાનની) જાગીરમાં ઉમેરી દીધો.

"......(ઉલુગખાનને) તેને આજુબાજુના મુલક સાથે આખો કીલ્લો જાગીરમાં આપી સુલતાન દીલ્હી પાછો ફર્યો."

આ પછી કોઇ ઠેકાણે ઉલુગખાનને સંભારવામાં આવતો નથી; પરંતુ હવે અલપખાનનું નામ લેવામાં આવે છે. મલેક કાફુરને આની સાથે અદાવત હતી. કેમકે તે સઘળા બળવાન ઉમરાવો અને રાજવારસોનો કાંટો કાઢી પોતે ગાદી પચાવવા માગે છે. તેટલા માટે સુલતાનને વહેમ ભરાવવા અલપખાન અને ખીઝરખાનની વિરૂદ્ધ તે ફરિયાદ કરે છે. અને સુલતાનને અવિશ્વાસ ઉત્પન્ન કરાવવા પ્રયત્ન કરે છે.

ઇતિહાસકાર બદાયુન પુસ્તક ૧ લાના પાના ૧૯૮માં લખે છે:

"મલેક કાફુરે ખીજરખાનના આગમનની વાત ચઢાવવા સાથે સુલતાનને કરી; અલપખાન પોતાના ભાણેજને મળી ગયો છે અને મુલકી મામલાના કામકાજમાં ગુંથાયો છે."

અલપખાનના ખૂન સંબંધી લખે છે:—

"......(સુલતાને) આ સઘળી વાતો સાચી જાણી તરત જ અલપખાનને કતલ કરવાનો હુકમ કર્યો. મલેક નાયબ અને મલેક કમાલુદ્દીન ગુર્ગે આ બીચારાને ગરીબ બકરી પેઠે પકડી શાહી કીલ્લામાં જ તેના ટૂકડે ટૂકડા કરી નાખ્યા."

આ પછી ખીઝરખાનને પાટનગરથી ખસેડવા (મલેક કાફુર) સુલતાનને કહે છે:—

"ખીઝરખાન પોતાના મામાના કતલના સમાચાર જાણી ભયભીત થઇ ગયો છે. આવી પરિસ્થિતિમાં તેને પડયો રહેવા દેવો તે વાજબી નથી. એટલે બાદશાહે અમરૂહામાં મુલકી કારોબાર સુધારવા તેને મોકલી દેવા ફરમાવ્યું."

આ બનાવ પછી લગભગ ૨૦ વર્ષે હી. સ. ૭૩૪માં પ્રખ્યાત મુસ્લીમ પ્રવાસી ઇબ્ન બતુતા આવે છે. તે બદાયુનીના ટેકામાં લખે છે.[૧] "......બાદશાહ બીમાર પડયો. તેની પટરાણી ખીઝરખાનની મા થતી હતી. તેનું નામ 'માહીક' હતું. તેણીને એક ભાઇ હતો. તેનું નામ સંજર હતું. તેણે પોતાના દીકરાને મદદ કરવા પોતાના ભાઇ પાસે વચન લીધું હતું......મલેક કાફુરે બાદશાહને આ કોલકરારની વાત જણાવી દીધી. બાદશાહે પોતાના ખવાસને બોલાવ્યો અને કહ્યું 'જ્યારે સંજર મારી પાસે આવે અને હું પહેરામણી

૧. સફરનામે ઇબ્ન બતુતા પુ. ૨ પૃ. ૪

આપું તે પહેરવા લાગે ત્યારે તમારે તેને બાંધી જમીન ઉપર પાડી દેવો અને મારી નાખવો. (બાદશાહના) કહેવા પ્રમાણે કરવામાં આવ્યું......જ્યારે તેને (ખીઝરખાનને) તેના બાપે પોતાના મામાને મરાવી નાખ્યાની જાણ થઇ તો તે ઘણો દીલગીર થયો અને ગાંડાની પેઠે પોતાનાં લુગડાં ફાડી નાંખ્યા."

ઉલુગખાન અને અલપખાન એ બે જુદી વ્યક્તિઓ હતી તે આ વિગતો ઉપરથી સ્પષ્ટ માલમ પડે છે, અને વિશેષ અલપખાન પટરાણી માહરૂ બેગમનો ભાઇ અને ખીઝરખાનનો મામો થતો હતો તે પણ જણાયું. આ જ અલપખાનની કન્યા જોડે ખીઝરખાનના પહેલી વખતનાં લગ્ન થયાં હતાં. અલાઉદ્દીને કાંઇ સલાહના કારણે ગુજરાતથી બોલાવેલ અલપખાન તે આ જ.

ઉલુગખાને ગુજરાતને જીત્યો એ ચોક્કસ પણ તે જીંદગીભર કોઇપણ વખત ગુજરાતનો ગવર્નર થયો નથી. ગુજરાતની જીત પછી લાંબો સમય તે જીવવા પામ્યો જ નથી. મૃત્યુએ તેને ટૂંક સમયમાં ઝડપી લીધો. રણથંભોરની જીત પછી થોડા દિવસે દીલ્હી જતાં રસ્તામાં તે મરણ પામ્યો. તેને કોઇપણ સ્થાનની સુબાગીરી ભોગવવાનું ભાગ્ય જ બન્યું નથી. અલબત્ત પોતાની જાગીર જાલુર અને ઝાબનમાં તેણે કેટલાક દિવસ વાસો કર્યો હતો.[1]

બદાયુની લખે છેઃ—

"સુલતાને રણથંભોરનો કીલ્લો અને તેની આજુબાજુનો પ્રદેશ તે (ઉલુગખાન)ની જાગીરમાં ઉમેરી દીધો. અને તે (સુલતાન) દીલ્હી તરફ રવાના થયો. તેજ દિવસોમાં તે (ઉલુગખાન) રસ્તામાં બીમાર પડયો. અને આ ક્ષણભંગુર જગતનો ત્યાગ કરી ચાલી નીકળ્યો. જાણે રણથંભોર જ તેના મોતનું કારણ થઇ પડયું."

ફરિસ્તા રણથંભોરની જીતનું વર્ણન કરતાં ઉલુગખાન વિષે લખે છેઃ—

"......બાદશાહ કીલ્લા ઉપર ફરવા ગયો. તેણે ત્યાં અઢળક ધન અને જવાહીર જોયાં. તેણે કિલ્લો અને તેની આજુબાજુના પ્રદેશ સાથે તે સઘળું ધન-જવાહીર અલમાસ બેગને આપી દીધું. પછી તે દીલ્હી રવાના થયો. પાંચ છ દિવસ વિત્યા ને અલમાસ બેગ સખ્ત બીમાર પડયો. અને દીલ્હી જતાં વાટમાં મરણ પામ્યો."

તારીખે ફિરોઝશાહીમાં ઝીયાઉદ્દીન બેરની પોતાનો પ્રત્યક્ષ જેવો પૂરાવો નીચે પ્રમાણે ટાંકે છેઃ-

"સુલતાનની ગેરહાજરીના ચારપાંચ માસમાં ઉલુગખાન મોટો ધનિક બની ગયો. તે તો તેલંગાણ અને મદરાસ ઉપર સ્વારી કરવાના ઇરાદામાં હતો તેવામાં મોતે તેને ઘેરી લીધો. તેની લાશ દીલ્હીમાં લાવવામાં આવી. રૈયત તથા સુલતાનને ભારે શોક થયો. સુલતાને તેની પાછળ દાનક્રિયામાં ઘણું ધન વાપર્યું."

ઝફરવાલા જમુઝફ્ફરવાલામાં લખે છેઃ—

૧. ગુજરાતની જીત પહેલાં તે રુયાના, બયાના અને સિંધનો ઉપરી હતો.

"નસર ખીલજીનો દીકરો અલમાસ બેગ ઉલુગખાન મરણ પામ્યો. આ રાજ્યના મુખ્ય ચાર સ્થંભમાંનો એ એક હતો. આમ છતાંએ તે (સુલતાન) ની ઇચ્છા તો પારકાના હાથે તેનું ખુન થાય તે જોવાની હતી."

પછી આ પુસ્તકમાં તારીખે હુસામખાનનો હવાલો આપતાં સાફ લખ્યું છેઃ—

"અલાઉદ્દીન ખલજી પોતાના હમેશના મદદગાર અને વિજયના મુખ્ય આધારરૂપ ચારે સરદારોથી બીતો રહેતો હતો. તેને આ લોકોનું જોર તોડી પાડવાની હમેશ ચિંતા રહેતી. પણ પોતાના સરદારોના પ્રાણ લીધાનું કલંક માથે ના આવે તેટલા માટે તે લોકોની જીવનદોરી બીજાના હાથે તૂટે તેમ ઇચ્છતો હતો."

સુલતાનની આ સઘળી ઇચ્છાઓ પોતાની મરજી પ્રમાણે પાર પડી તે હુસામખાન તેમ બીજા ઇતિહાસકારોના કથનથી જણાઇ આવે છે. ઝફરખાન મોગલોના યુદ્ધમાં શહીદ થયો. રણથંભોરના યુદ્ધમાં નુસરતખાને પથ્થર વાગવાથી આ દેહનો ત્યાગ કર્યો. રણથંભોરની જીત પછી ઉલુગખાનને ચાર પાંચ માસે ઝેર આપવામાં આવ્યું. અને સખત વેદના ભોગવીને દીલ્હી આવતાં વાટે મરણ પામ્યો.

મજકુર કીલ્લાની જીતથી અલાઉદ્દીનની સ્થિતિનું વર્ણન કરતાં હુસામખાન પોતાના પુસ્તકમાં લખે છેઃ—

"રણથંભોરથી પાછા ફરતાં રસ્તામાં ઉલુગખાનને ઝેર દેવામાં આવ્યું. આ બીમારીમાં તેણે ચાર પાંચ માસ વિતાવ્યા. દરમિયાન તે ઔરૂંગલ (દક્ષિણ)ને જીતવા જવાની તૈયારીઓ કરતો રહ્યો; પણ તેની બીમારી વધી પડી. લોકો તેને દીલ્હી લઇ ચાલ્યા. રસ્તામાં તે મરણ પામ્યો. લોકો તેનું શબ દીલ્હીમાં લઈ આવ્યા. અને ત્યાં તેને દફન કરવામાં આવ્યો."

ઈ. સ. ૭૦૧માં દીલ્હી આવતાં ગુજરાતનો વિજેતા ઉલુગખાન અલમાસ બેગ મરણ પામ્યો તે આ સઘળી બીનાથી પૂરવાર થાય છે. છતાં ગુજરાતના ગવર્નરપદે તે ૨૦ વર્ષ સુધી રહે તે કેમ સંભવિત હોઇ શકે ?

આ ઉપરથી ગુજરાતના ગવર્નરપદે અલપખાન ખિતાબધારી સંજર હતો. અને નહિ કે અલમાસ બેગ ઉલુગખાન એ સિદ્ધ થાય છે.

આ ઐતિહાસિક પુસ્તકોનું સૂક્ષ્મ અવલોકન કરતાં ચોક્કસ તપાસ નહિ કરનાર એવા ઇતિહાસકારોએ ઉલુગખાન અને અલપખાન પરભાષા (તુર્કી)ના શબ્દો હોવાથી, તેમાં કાંઇ ભેદ પાડયો નહિ એ ભુલ થવાનું મુખ્ય કારણ જણાઇ આવે છે. વળી ભૂલમાં ભૂલ કરી અલપખાનનું અલફખાન પણ બનાવી દેવામાં આવ્યું. પરદેશી અને પરધર્મી ઇતિહાસકારોના પુસ્તકમાં જોડણીની ભૂલ વિશેષે આ કારણે જ થઈ છે. ગુજરાતના બાદશાહ બહાદુરશાહના સમકાલીન જૈન વિદ્વાન પંડિત બીબેકધીર પોતાના 'શેત્રુંજી તીર્થપ્રબંધ'માં દરેક સ્થળે ઉલુગખાન લખે છે. વાત એમ છે કે વિજેતા ઉલુગખાનનું નામ ગુજરાતમાં દરેક જગ્યાએ પ્રખ્યાત થઇ ગયું હતું. તે પછી અલપખાન આવ્યો. ગુજરાતી હિંદુઓએ ઉલુગખાન અને અલપખાનમાં ઝાઝો ફેર જોયો નહિ.

મારા નમ્ર મત પ્રમાણે ભૂલ થવાનું બીજું કારણ આ છે કે પ્રથમથી જ ફરિસ્તાએ આ બાબતમાં જોઇતી ચોકસાઇ કરી નહિ. ફરિસ્તાએ બન્ને સ્થાને ઉલુગખાન નામ વાપર્યું. અને તે બે નામોનો ભેદ બતાવવા નામની આગળ 'નાઝીમ' કે 'વાલી' શબ્દ ઉમેરી દીધા. પરંતુ ખરૂં નામ તેણે કોઇપણ ઠેકાણે લીધું જ નહિ. આ ઉપરથી તેના પછીના ઇતિહાસકારોમાં ખોટી સમજ ઉભી થઇ. કેમકે તેના પછી હિંદુસ્તાનમાં જે જે ઇતિહાસના પુસ્તકો રચાયાં તેમાંનો મોટો ભાગ તેને અનુસરનાર છે. પણ ખુદ ફરિસ્તાએ આમ કેમ કર્યું તેના જવાબમાં મને તેની સહેજ ઓછી કાળજી જણાય છે. કેમકે 'ફરિસ્તા'ને બરાબર ધ્યાનપૂર્વક જોતાં તેમાં સાચું લખ્યું છે તે જણાઇ આવે છે પણ તેની ઓછી કાળજીએ બીજાઓને ભૂલથાપમાં નાખી દીધા.

એક આ પણ વાત છે કે લોકોને ઉલુગ અને અલપના અર્થો નહિ આવડતા હોવાથી ભૂલ થવાનું સ્વાભાવિક કારણ ઉપસ્થિત થયું. એટલે આ બીનાને સ્પષ્ટ કરવા આ શબ્દો વિષેની તપાસ નીચે જણાવવામાં આવે છે.

તુર્કી ભાષામાં ઉલુગનો અર્થ મહાન થાય છે. કવિ તબાતબાએ પરમેશ્વરના અદ્વૈત-વિષે એક કાવ્ય લખ્યું છે. તેમાં તે ઇશ્વરને સુલતાન 'ઉલુગ (મહાન સુલતાન) તરીકે સંબોધે છે.

તુર્કી ભાષામાં અલપનો, અર્થ બહાદુર થાય છે. તે ઉપરથી અલપઅરસલામ અથવા કઝલઅરસલામ એટલે બહાદુરસિંહ અથવા રાતોસિંહ એવો અર્થ નીકળે છે. એક તુર્કી શબ્દ અકત છે તેનો અર્થ નાનો થાય છે. ચોથો તુર્કી શબ્દ કતલગ છે તેને વચ્ચે કે દરમિયાનના અર્થમાં વાપરવામાં આવે છે.

અકતખાન કે કતલગખાનના ખિતાબો વહેંચવામાં આવતા હોય તે સંભવિત છે; પરંતુ ઉલુગખાન અને અલપખાનના ખિતાબો આપવામાં આવતા હતા તે વિષે હવે શંકાને સ્થાન નથી. મુસલમાન બાદશાહોએ તે નામોને ખિતાબ તરીકે વાપર્યા છે. અને મુખ્યત્વે કરીને તુર્ક ખાનદાનમાં તેનો અધિક વપરાશ રહ્યો છે. પરંતુ મોગલોએ તેનો વપરાશ કર્યો હોય તેમ લાગતું નથી. ઇતિહાસથી માલમ પડે છે કે નાસિરૂદ્દીન મહમુદના વખતમાં ગયાસુદ્દીન બલબનને ઉલુગખાનનો ખિતાબ હતો. અલાઉદ્દીન ખીલજીના વખતમાં અલમાસ બેગ ઉલુગખાન બન્યો. સુલતાન ગયાસુદ્દીન તઘલકના જમાનામાં તેનો દીકરો મહમદ તઘલક ઉલુગખાન કહેવાયો. મતલબ કે ઉલુગખાન અને અલપખાન તે સમયના ખિતાબો હતા અને તેને મેળવવા કેટલાક ઉમરાવો ભાગ્યશાળી થતા. તે બન્ને ખિતાબો આધુનિક સમયના અમીરૂલ ઉમરા કે ધી ગ્રેટ લોર્ડના અર્થમાં વપરાતા હતા. પાછળનો ઇતિહાસ તપાસતાં ગાદી ઉપર આવતાં સૌથી પહેલાં મહમદ અલાઉદ્દીન ખલજીએ અલમાસ બેગને ઉલુગખાન, સજરને અલપખાન અને મલેક નુસરતને નુસરતખાનના ખિતાબો આપી તેમની પ્રતિષ્ઠામાં વધારો કર્યો કેમકે આ લોકોની તનતોડ સેવાને લીધે અલાઉદ્દીન રાજ્યનો માલીક થયો તથા દેશ- તેના કબજે રહી ખંડણી ભરતો બન્યો અને તુર્કોમાં અલાઉદ્દીનની ધાક તથા બીક કાયમ થયાં.

આ ચારે ઉમરાવોની હયાતીમાં સંજર ફક્ત અલપખાનના નામે ઓળખાતો હતો. જ્યારે ઝફરખાન નુસરતખાન અને ઉલુગખાન મરણ પામ્યા અને તેમની જગ્યા ખાલી પડી તો અલાઉદ્દીને તે હોદ્દા ઉપર બીજાઓને ચઢાવવાનો વિચાર કર્યો; પરંતુ ઉમરાવોનું બળ વધી જવા પામે નહિ તેનો તેને ભય રહેતો હતો છતાં સરદારોને તેમની સેવાનું પારિતોષક આપ્યા વિના છુટકો ન હતો. જુના સરદારો પૈકી ગણ્યા ગાંઠ્યા જ હયાત હતા. તે વખતે તેના ખાનદાનમાં યોગ્ય અનુભવી નર અલપખાન જ હતો. ઈ. સ. ૭૦૪ માં મલેક ગાઝી (ગયાસુદ્દીન) તગલક, અયતુલમુલ્ક મુલતાની અને અલપખાને મોટી બહાદુરીથી મોગલોને પૂઠભેર પાછા વાળ્યા. આ સેવાના બદલામાં ગયાસુદ્દીનને પંજાબ અને મુલતાનનો ગવર્નર અને માલવા જીત્યા પછી અયતુલ મુલ્કને માલવાનો ગવર્નર બનાવવામાં આવ્યા. અલપખાનને તે એક મોટા પ્રાંતનો હાકેમ હોવાથી અમીરૂલ ઉમરા અથવા ઉલુગખાનનો ખિતાબ બક્ષીસ કરવામાં આવ્યો.[૧] તેને એક મોટું લશ્કર સોંપાયું અને ગૂજરાત તરફ પ્રયાણ કરવાની વરધી અપાઇ. આ જ હોદ્દો છેવટે મલેક કાફુરને મળ્યો હતો. ફરિસ્તા દરેક ઠેકાણે ઉલુગખાન લખે છે તેનું કારણ પણ આ જ છે. બીજાઓએ તેનું અનુકરણ કરી એ જ શબ્દનો વપરાશ જારી રાખ્યો. આમ બનવું તે કેવળ સંભવિત છે. ફરિસ્તાએ પોતાની સહેજ ઓછી તપાસથી અલમાસ બેગ ઉલુગખાન અને મલેક સંજર ઉલુગખાન (પહેલાનો અલપખાન)થી વાચકોને સંશયમાં નાંખી દીધા છે. અને લોકો ભૂલથી બન્ને એક જ છે એમ સમજવા લાગ્યા. ફરિસ્તાએ કોઇ પણ ઠેકાણે સંજર અથવા અલપખાન નામ લીધું હોત તો આ ભૂલ સુધરી શકત; પરંતુ તેણે એમ કર્યું જ નથી. તેથી સાધારણ લોકોમાં ખરી વસ્તુસ્થિતિથી કેવળ વિરોધી વાત ઉપસ્થિત થઇ.

ઉલુગખાન અને અલપખાન.

[આચાર્ય શ્રીજિનવિજયજી]

ગૂજરાતના હિંદુ સામ્રાજ્યને નષ્ટ કરવા માટે દીલ્હીના બાદશાહ અલા–ઉદ્–દીન ખીલજીએ જે સરદારને અણહિલપુર પાટણ ઉપર મોકલ્યો હતો તેના નામના વિષયમાં ઇતિહાસના પુસ્તકોમાં એક પ્રકારનો ગોટાળો ચાલ્યો આવે છે. એ ગોટાળો દૂર કરવા માટે અધ્યાપક અબુ ઝફર નદવીએ આ અંકમાં (પૃ. ૨૫૩) એક લેખ લખ્યો છે અને તેમાં ફારસી અને અરબી તવારિખોના લખાણોનો ઊહાપોહ કરી આ બાબત ઉપર ચોક્કસ નિર્ણય આપ્યો છે.

અધ્યાપક નદવીએ પોતાના લેખની સામગ્રી એકત્રિત કરતી વખતે, હિંદુ લેખોમાં આ બાબતના ઉલ્લેખો કયાં કયાં છે, અને તે કેવા પ્રકારના છે તે જાણવા માટે મને પૂછ્યું. તપાસ કરતાં તેના પરિણામે મારી જાણમાં જે જે ઉલ્લેખો આવ્યા છે તે હું આહ આપવા પ્રયત્ન કરૂં છું.

અલા–ઉદ્–દીને ગૂજરાત ઉપર લશ્કર મોકલ્યું તેની હકીકત મુખ્ય કરીને કાન્હડદે પ્રબંધમાં આપેલી છે. કાન્હડદે પ્રબંધની રચના વિ. સં. ૧૫૧૨માં એટલે પાટણની હિંદુ-સત્તા નષ્ટ થયાં પછી લગભગ ૧૫૦ વર્ષે થએલી છે. એ પ્રબંધનો કર્તા કવિ પદ્મનાભ પ્રારંભમાં જ, ગૂજરાતનું સામ્રાજ્ય કેમ નષ્ટ થયું તેની વિગત આપે છે. પ્રબંધનો મુખ્ય વર્ણ્ય વિષય તો જાલોરના ચોહાણ રાજા કાન્હડદેની કીર્તિ કથવાનો છે. તેથી પાટણના નાશની હકીકત બહુ વિગતથી લખવાનો તેને પ્રસંગ નથી. પણ જે અમલદારે પાટણની સત્તાને નષ્ટભ્રષ્ટ કરી તેણે જ જાલોરની સત્તાનો પણ અંત આણવાનો ઉપક્રમ કર્યો હતો; તેથી એ પ્રસંગનો પૂર્વ પરિચય આપવો કવિને અવશ્ય પ્રાપ્ત હોવાથી તેણે પ્રથમ પાટણના નાશની હકીકત વર્ણવી છે.

ગૂજરાતના સામ્રાજ્ય ઉપર પ્રથમ આક્રમણ કરનારનું નામ પદ્મનાભ "અલૂખાન" એવું આપે છે. ઉદાહરણ તરીકે નીચેની કડીઓ બસ થશે:

वडु वीर वरुयात वदीउ महमूँद साहनु केडु ;
'अलूखान वलवन्तुं वन्दउ महुल मांहिं तेडु ; ॥३५॥

अलूखान वलवन्तुं वान्दु तास दीउं फ़ुरमाण;
गूजराति ऊपरि दल न्युधा; बीडकं दीऊं सुरताणि ॥ ३६ ॥

माधव महितु साथि मोकल्यु पोसातु परधान;
मोटा मीर मलिक मेलावइ दीधा खोजा खान ॥ ३७ ॥

(કાન્હડદે પ્રબંધ, રા. બા. પી. દેરાસરી. સંપાદિત પૃ. નં. ૪.)

આ કડીઓ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે સુલ્તાન અલ્લા-ઉદ્-દીને ગૂજરાતનાં પદભ્રષ્ટ થએલા પ્રધાનં માધવના કહેવાથી ગૂજરાત ઊપર 'અલૂખાન'[1] નામના પોતાના બલવાન બંદા (સેવક)ને મોટું લશ્કર આપી મોકલી આપ્યો હતો. આ સેનાધિપતિ "અલૂખાન" નો બાદશાહ સાથે કોઇ પ્રકારના સગપણનો સંબંધ હતો કે કેમ તેનો ઉલ્લેખ એ પ્રબંધમાં ક્યાંએ દૃષ્ટિગોચર થતો નથી; તેમ જ પાટણને તાબે કર્યા પછી તેનો કારભાર કોના હાથમાં સોંપાયો હતો એનો પણ કોઇ નિર્દેશ એ પ્રબંધમાં નથી.

જાલોરના ચૌહાણ વીર કાન્હડદેની કીર્તિનું વર્ણન કરવા માટે જેમ પદ્મનાભે ગૂજરાતીમાં કાન્હડદે પ્રબંધ રચ્યો છે તેમ જ રણથંભોરના ચૌહાણ રાજા વીર હમ્મીરની કીર્તિના વર્ણન માટે, નયચંદ્રસૂરિ નામના જૈન વિદ્વાને સંસ્કૃતમાં **हमीरमहाकाव्य** નામનું એક કાવ્ય લખ્યું છે. એ કાવ્યની એક પ્રતિ સં. ૧૫૪૨ માં લખેલી મળી છે તે ઉપરથી, પદ્મનાભ અને નયચંદ્ર બંને લગભગ સમકાલીન જેવા જ જણાય છે. કવિ પદ્મનાભની માફક નયચંદ્રસૂરિએ પણ, અલ્લા-ઉદ્-દીનની સેનાના હાથે રણથંભોરના રાજ્યનો કેમ નાશ થયો તેનું કાવ્યશૈલીએ વિગતથી વર્ણન કર્યું છે.

જાલોરની માફક રણથંભોર ઊપર પ્રથમ ચઢાઇ કરનાર સેનાપતિ પણ તે જ હતો. હમીરમહાકાવ્યમાં એનું નામ "ઉલ્લૂખાન" એવું આપ્યું છે, અને સાથે તેને બાદશાહ અલ્લા-ઉદ્-દીનનો સોદર એટલે ભાઇ જણાવ્યો છે. જે શ્લોકોમાં એનો પ્રથમ પરિચય આપવામાં આવ્યો છે તે આ પ્રમાણે છે;—

इतश्च शत्रुहृद्भल्ल्यां दिल्ल्यां शकमतल्लिका ।
बभूवाल्लावदीनाख्यो व्याख्यः शौर्यवतां धुरि ॥ १०० ॥
ज्ञातभूपस्वरूपेण तदा तेन स्वसोदरः ।
उल्लूखानाख्यया ख्यातो जगदे जगदेकचित् ॥ १०१ ॥

(**हमीरमहाकाव्य**, નારાયણ જનાર્દન કીર્તને સંપાદિત, સન ૧૮૭૯, પૃ૦ ૮૦. સર્ગ ૯.)

બીજી પણ ઘણી જગ્યાએ એ કાવ્યમાં 'ઉલ્લૂખાન' નો બાદશાહના ભાઇ તરીકે નિર્દેશ કરેલો છે. 'ઉલ્લૂખાન' સિવાય બાદશાહના એક બીજા પણ ભાઇનો ઉલ્લેખ એ કાવ્યમાં કરેલો છે અને તેનું "નિસુરત્તખાન" એવું નામ આપેલું છે. ચૌહાણ વીર હમીરની સાથેની પ્રથમની લડાઇમાં ઉલ્લૂખાને હાર ખાધી હતી તેથી બાદશાહે બીજીવાર વધારે

---

૧ આ આખા પ્રબંધમાં બધી જગ્યાએ, આ ચઢાઇ કરનાર માણસનું નામ "અલૂખાન" એવું જ આપવામાં આવ્યું છે,છતાં એ પ્રબંધના વિદ્વાન સંપાદક શ્રી દેરાસરીએ ગ્રંથસારમાં બધે ઠેકાણે "અલફખાન" એ નામનો પ્રયોગ કર્યો છે. તેનું કારણ સમજાતું નથી. કદાચિત પ્રચલિત ઇતિહાસનાં પુસ્તકોમાં આ નામનો પ્રયોગ કરેલો હોવાથી તેને જ લક્ષ્યમાં રાખીને શ્રીયુત દેરાસરીએ પણ એ જ નામ વાપરવું ઉચિત ધાર્યું હોય. લેખક.

મોટું સૈન્ય આપી ઉલ્લૂખાન અને निसुरत्तखान એ બંને પોતાના ભાઇઓને રણથંભોર સર કરવા મોકલ્યા હતા. યથા—

ततोऽनुजौ स्फारभुजौ शकानामधीश उल्लू–निसुरत्तखानौ ।
इदं महावीर्यं वितीर्य सैन्यं अचीचलत् जेतुममुं हमीरम् ॥ ७ ॥
....
लब्ध्वा सहायं निसुरत्तखानं ज्वलन् क्रुधोल्लूपपदः स खानः ।
इयेष मूलादपि वैरिवंशान् दग्धुं हृद्भानुरिवाहिकान्तम् ॥ ९ ॥

(हमीरमहाकाव्य, सर्ग ११, पृ. ९६.)

કાન્હડદે પ્રબંધ અને હમીર મહાકાવ્ય એ બન્નેના કથન પ્રમાણે પાટણ, જાલોર, અને રણથંભોર એ ત્રણે હિંદુ રાજધાનીઓ ઊપર પહેલો હુમલો લાવનારનું નામ અલૂખાન કે ઉલ્લૂખાન એવું હતું એ ઉપરના અવતરણોથી સ્પષ્ટ જોઇ શકાય છે; અને સાથે હમીરકાવ્યના કર્તાના કથન પ્રમાણે એ બાદશાહનો ભાઈ થતો હતો એમ પણ સાબીત થાય છે.

આ ઉલ્લેખો તો હકીકત બન્યા પછી લગભગ દોઢ સૈકા પછીના છે. તેથી એ કરતાં કોઇ વધારે પ્રાચીન, અર્થાત્ ઉપરની બીનાના સમયની અપેક્ષાએ વધારે નિકટ સમયનો પણ આ બાબતનો કોઇ ઉલ્લેખ મળે છે કે કેમ તેની તપાસ કરતાં સદ્ભાગ્યે એવો પણ એક ઉલ્લેખ મળી આવ્યો છે. જે ગ્રંથમાં એ ઉલ્લેખ આવેલો છે તેનું નામ **तीर्थकल्प** છે. એ ગ્રંથ જિનપ્રભ નામના એક જૈન વિદ્વાને બનાવેલો છે. જિનપ્રભસૂરિ અલા–ઉદ્–દીનના સમકાલીન હતા એટલું જ નહિ પણ ખુદ દિલ્લીમાં પણ તેઓ એ જમાનામાં કેટલોક સમય રહ્યા હતા. અલા–ઉદ્–દીન પછી દિલ્લીની ગાદીએ તુઘલખ વંશનો બીજો બાદશાહ જે મહમ્મદ કરીને થયો તેના તો દરબારમાં પણ આ આચાર્ય ઘણી વખત જતા આવતા હતા, અને એ બાદશાહ એમને બહુમાન આપતો હતો. એટલે એમના લખાણમાં એ સંબંધી જે હકીકત હોય તે અપેક્ષાએ વધારે વિશ્વસનીય ગણાય. એ વિદ્વાને હિંદુસ્થાનના ઘણા ભાગોમાં મુસાફરી કરી હતી, અને એ મુસાફરી દરમ્યાન દક્ષિણ, ગૂજરાત, માલવા, મારવાડ, દિલ્લી પ્રાંત, મધ્યપ્રાંત, યુક્તપ્રાંત અને બંગાળ તથા બીહાર પ્રાંતમાં જે જૈન તીર્થસ્થાનો એમની નજરે પડયાં તે બધાંની નવી–જૂની હકીકત આપતો ઉપર્યુક્ત **तीर्थकल्प** નામનો ગ્રંથ રચ્યો છે. એ ગ્રંથમાં નાના–મોટાં એવાં સાઠેક તીર્થસ્થળોનું વર્ણન છે. વર્ણન બધું ઐતિહાસિક અને પૌરાણિક હકીકતોના મિશ્રણ જેવું છે. એ ગ્રંથ કકડે કકડે લખાયો છે અને પૂરો થતાં લગભગ ૪૦ કરતાં વધારે વર્ષો થયાં હોય તેમ લાગે છે; કારણ કે એમાંના એક કલ્પની બનાવ્યાની સાલ જ્યારે સંવત્ ૧૩૫૧ છે ત્યારે અન્ય એક કલ્પની રચના–સાલ ૧૩૮૯ છે. જિનપ્રભસૂરિના જ કથન પ્રમાણે અલા–ઉદ્–દીને ગૂજરાત ઊપર પ્રથમ ચઢાઇ સંવત ૧૩૫૬

માં કરી હતી. તે હિસાબે એ ચઢાઇ પહેલાં ઓછામાં ઓછી પાંચ વર્ષ અગાઉ એ ગ્રંથની રચના શરૂ થઈ ગઇ હતી; અને અલા-ઉદ્-દીનના મૃત્યુ પછી પણ લગભગ ૧૮-૨૦ વર્ષે આની પૂર્ણાહુતિ થઇ હતી. એ બધા કથનનો સાર એ છે કે અલા-ઉદ્-દીનની સંપૂર્ણ કારકીર્દી એ આચાર્યે નજરે જોઇ હતી.

અલા-ઉદ્-દીનના લશ્કરે ગૂજરાત મારવાડ આદિ દેશો ઉપર કરેલી ચઢાઇ દરમ્યાન જૈનોના જે જે પ્રસિદ્ધ તીર્થ સ્થળોને નષ્ટ ભ્રષ્ટ કર્યાં હતાં તેનું સૂચન તે તે તીર્થના કલ્પ (એટલે વર્ણન) માં એ આચાર્યે ખાસ કરીને કર્યું છે. મારડવાના જોધપુર રાજ્યમાં સાચોર કરીને એક જૂનું ગામ છે. એ ગામનું પ્રાચીન સંસ્કૃત નામ સત્યપુર છે. ત્યાં આગળ જૈન ધર્મના અંતિમ તીર્થંકર મહાવીરસ્વામીનું એક ઘણું પ્રાચીન મન્દિર હતું. એ મન્દિરનું અને એના અંગે એ સ્થળનું મહાત્મ્ય ઘણું માનવામાં આવતું. હિંદુઓમાં જેટલું મહાત્મ્ય સોરઠના સોમનાથનું હતું તેટલું જ મહાત્મ્ય જૈનોમાં એ સત્યપુરના મહાવીર દેવનું હતું. એ સત્યપુર તીર્થનું વર્ણન કરનારું સત્યપુરકલ્પ નામનું એક આખું પ્રકરણ તીર્થકલ્પમાં જિનપ્રભસૂરિએ લખ્યું છે. અલા-ઉદ્-દીનના લશ્કરે સોરઠના સોમનાથની માફક સત્યપુરના મહાવીરના મંદિરને પણ ભ્રષ્ટ કર્યું હતું અને તેમાં પ્રતિષ્ઠિત મહાવીરની પ્રાચીન મૂર્તિને દિલ્લીમાં લઇ જઇને નષ્ટ કરી હતી. આ બનાવની વિગત આપતાં એ આચાર્ય લખે છે કે-

अह तेरसयछप्पन्नविक्कमवरिसे [वि. सं. १३५६] अल्लावदीन सुरताणस्स कणिट्ठो भाया उल्लखान् नामधिज्जो ढिल्लीपुराओ मंतिमाहव-पेरिओ गुज्जरधरं पट्ठिओ । चित्तकूडाहिवई समरसीहेण दंडं दाउं मेवाड देसो [जथा] तथा रक्खिओ । तओ हम्मीरजुवराओ वग्गडदेसं मुहडासयाइं नयराणि भंजिअ आसावल्लिए पत्तो । कण्णदेवराओ अ नट्ठो । सोमनाहं च घणघाएण भंजित्ता गड्डुए रोविऊण ढिल्लीए पेसेइ । पुणो वामणथलीए गंतुं मंडलिक-राणयं दंडित्ता सोरट्ठे निअआणं पयट्टावित्ता आसावल्लीए आवासिओ। मढमंदिर देउलाईणि पज्जालेइ । (तीर्थकल्प, बिब्लिओथिका इन्डिका, नं. १४८९, पृ. ९५-६)

તાત્પર્યાર્થ—વિક્રમ સંવત્ ૧૩૫૬ માં અલા-ઉદ્-દીન સુલતાનનો નાનો ભાઇ નામે ઉલૂખાન મંત્રી માધવની પ્રેરણાથી દિલ્લીથી ગૂજરાત તરફ રવાના થયો. રસ્તામાં પડતા ચિતોડના રાજા સમરસિંહે દંડ આપીને પોતાના મેવાડ દેશની જેમ તેમ રક્ષા કરી. ત્યાંથી એ હમીર યુવરાજ (એટલે ઉલૂખાન) બાગડદેસ અને મોડાસા આદિ શહેરોને ભાંગતો આસાવલી (હાલના અમદાવાદની જ જગ્યાએ આવેલી ગૂજરાતની બીજી રાજધાની જેવી ગણાતી નગરી) માં પહોંચ્યો. ગૂજરાતનો રાજા કર્ણદેવ નાસી છૂટયો. ત્યાંથી પછી તેણે સોમનાથ ઉપર ચઢાઇ કરી. ઘણના ઘા મારી મારી સોમનાથનો ભંગ કર્યો, અને ગાડામાં ઘાલી તેને દિલ્લીએ મોકલી દીધો.

પછી ત્યાંથી વામનસ્થલી (વંથલી) એ જઇ ત્યાંના મંડલિક રાણાને દંડી; સોરઠમાં પોતાની આણ ફેરવી; અને ત્યાંથી પાછો વળી આસાવલીમાં આવીને તેણે નિવાસ કર્યો. મઠ, મંદિર, દેવળ વિગેરેને આગ લગાડી તેમનો નાશ કર્યો ઇત્યાદિ.

તીર્થકલ્પના આ ઉલ્લેખથી પ્રસ્તુત ચર્ચાનો બહુ જ સ્પષ્ટ ખુલાસો મળી આવે છે કે:-ગૂજરાત ઉપર પ્રથમ ચઢાઇ કરનાર સરદાર ઉલુગખાન હતો અને તે બાદશાહ અલ્લા-ઉદ્-દીનનો નાનો ભાઇ થતો હતો. આ ઉલ્લેખથી એ પણ ચોક્કસ થાય છે કે એ ચઢાઇ સંવત્ ૧૩૫૬ માં થઇ હતી. ઇલીયટ કે ફિરિસ્તાના કથન પ્રમાણે ૧૩૫૩ માં નહીં. ૧૩૫૩ માં તો કર્ણદેવ ગાદીએ જ બેઠો હતો, એમ મેરુતુંગાચાર્યના વિચારશ્રેણિના ઉલ્લેખથી જણાય છે[1]; તેમ જ ઇડર રાજ્યમાં મળેલા મુરલીધર-મહાદેવના સંવત્ ૧૩૫૪ વાળા લેખમાં કર્ણદેવનો ઉલ્લેખ પણ મળી આવે છે.[2] તેથી જિનપ્રભે આપેલો સંવત જ બરાબર છે એમ સ્પષ્ટ જણાય છે.

દિલ્લીથી જે રસ્તે થઇને ઉલુગખાન ગૂજરાતમાં આવ્યો તેનો નિર્દેશ પણ આ અવતરણમાં કરવામાં આવ્યો છે અને તે ખાસ ઉપયોગી છે. પદ્મનાભે પણ પોતાના કાન્હડદે પ્રબંધમાં એ જ રસ્તે તેનું આવવું લખ્યું છે. દિલ્લીથી ગૂજરાતમાં આવવાનો ધોરી રસ્તો તો અજમેર ઉપરથી મારવાડમાં થઇ અરવલ્લીની નીચે નીચે છે. પણ ઉલુગખાને મારવાડનો રસ્તો ન લેતાં મેવાડનો રસ્તો લીધો હતો અને ત્યાંથી વાગડમાં (જેમાં હાલનું ડુંગરપુરનું રાજ્ય આવેલું છે) થઇ મોડાસાના માર્ગે ગૂજરાતમાં પેઠો હતો. પદ્મનાભના કથન પ્રમાણે તે પ્રથમ પાટણ આવ્યો અને ત્યાં જ કર્ણદેવનો પરાજય કરી તે શહેરને લૂંટી, પછી તે આસાવલી આવ્યો હતો. પણ જિનપ્રભના કથન પ્રમાણે તે પ્રથમ આસાવલી આવ્યો હતો. ઉપર જણાવ્યા પ્રમાણે જે રસ્તે થઇને તે ગૂજરાતમાં આવ્યો હતો, તેનો વિચાર કરતાં તો જિનપ્રભનું કથન જ વ્યાજબી લાગે છે. કારણ કે મોડાસાથી ગૂજરાતમાં પેસતાં પ્રથમ સીધું આસાવલી જ પડે છે. પણ જિનપ્રભના કથનમાં એનો કશો ઉલ્લેખ નથી કે કર્ણ જે નાશી છૂટયો હતો તે પાટણથી કે આસાવલીથી; તેમ જ ઉલુગખાન પાટણ ગયો હતો કે નહીં તેનો પણ કાંઇ ખુલાસો નથી. પરંતુ મુસલમાની તવારીખોમાં, ઉલુગખાને પાટણમાં જ કર્ણ સાથે લઢાઇ કરી હતી અને તેમાં કર્ણ હારી જઇ નાશી છુટયો હતો અને તે પછી મુસલમાનોએ પાટણનો નાશ કર્યો હતો ઇત્યાદિ હકીકત વિગતથી આપેલી હોવાથી, જિનપ્રભના ઉલ્લેખને અપૂર્ણ જ માનવો જોઇએ.

ઉલુગખાન ગૂજરાતને સર કરી, જાલોર થઇ, મારવાડના રસ્તેથી દિલ્લી ગયો. પોતાની પાછળ ગૂજરાતનો બંદોબસ્ત રાખવા માટે તેણે શી વ્યવસ્થા કરી હતી તેનો કશો પત્તો નથી લાગતો. મુસલમાની તવારીખો પ્રમાણે ઇ. સ. ૧૩૦૪ માં અલા-ઉદ્-દીને અલપખાનને ગૂજરાતનો સુબેદાર નીમી પાટણ મોકલ્યો હતો; અને તેણે ૧૯-૨૦ વર્ષ સુધી

૧. જુઓ, જૈન સાહિત્યસંશોધક, ખંડ ૨, અંક ૩ માં મુદ્રિત मेरुतुंगाचार्य विरचित स्थविरावलि-अपर-नाम-विचारश्रेणीः; પૃ.

૨. જુઓ, બુદ્ધિપ્રકાશ માસિક, પુસ્તક ૫૬, અંક ૩, પૃ. ૭૬.

એ સૂબેદારી ભોગવી હતી. આ રીતે ગૂજરાતનો પહેલો સૂબેદાર અલપખાન થાય છે. આ ઉપરથી એમ લાગે છે કે ઉલુગખાન ગૂજરાત સર કરીને પાછો ફર્યો તે દરમ્યાન ગૂજરાતના અવશેષ રહેલા રજપૂતોએ પાછળથી બંડ ઉઠાવ્યું હશે, અને જાલોરના ચૌહાણ કાન્હડદેના તોફાનને લીધે ગૂજરાતમાંના દાણેદારોની સ્થિતિ ડામાડોળ થઇ હશે; તેથી તેની પાકી વ્યવસ્થા કરવા માટે અલા-ઉદ્-દીનને પોતાના એક મુખ્ય મદદગાર અને સિપહસાલાર જેવા અલપખાનને કાયમ ખાતે ગૂજરાત ઉપર મોકલવો પડયો હશે. આ કથનને પુષ્ટિ કરતું હોય એવું એક પ્રમાણ મેરુતુંગની વિચારશ્રેણીમાં દષ્ટિગોચર થાય છે. પ્રબંધચિંતામણિના કર્તા તરીકે મેરુતુંગને આપણે જાણીએ છીએ. સં. ૧૩૬૧ માં એણે પ્રબંધચિંતામણિ ગ્રંથ પૂરો કર્યો હતો તેથી એ પણ એ જ જમાનાનો લેખક હોવાથી એના કથનને આપણે પ્રામાણિક ગણી શકીએ. વિચારશ્રેણીના છેવટે એ લખે છે કે-"સં. ૧૩૫૩ માં કર્ણ પાટણની ગાદીએ બેઠો અને ૧૩૬૦ માં નાગર બ્રાહ્મણ માધવે ગુજરાતમાં યવનોને આણ્યા:" **१३६० यवना माधवनागरविप्रेण आनीताः** [1] ॥ ઉપર જણાવ્યું છે તેમ જિનપ્રભના કથન પ્રમાણે તો ૧૩૫૬ માં યવનો પ્રથમ ગૂજરાતમાં દાખલ થયા હતા; અને બીજી તવારીખો પ્રમાણે પણ એ મિતિ સાચી જ ઠરે છે. છતાં મેરુતુંગ જે યવનોના આગમનની સાલ ૧૩૬૦ આપે છે તેનું કારણ કદાચિત્ એ હોઇ શકે છે, કે, એ સાલમાં અલપખાન કાયમખાતે ગૂજરાતનો સૂબેદાર થઇને આવ્યો હતો અને એ જ સાલથી સદાના માટે ગૂજરાતનું પાટનગર પરાધીન બન્યું હતું; તેથી, મેરુતુંગે એ વિચારને લક્ષ્યમાં લઇ ઉક્ત વર્ષ યવનાગમન માટે લખ્યું હોય.

આટલા ઉલ્લેખો ઉલુગખાન વિષે હિંદુગ્રંથોમાં મળી આવ્યા છે, અને એ બધા સ્પષ્ટ જણાવે છે કે ગૂજરાત ઉપર પ્રથમ ચઢાઇ કરનાર ઉલુગખાન હતો; નહિં કે અલપખાન. તેથી હવે આપણે અલપખાન વિષે તપાસ કરીએ અને એના વિષે જે કાંઇ ઉલ્લેખ વગેરે મળી આવે છે તે જોઇએ.

કાન્હડદેપ્રબંધ કે હમીરમહાકાવ્યમાં તો અલપખાન વિષે કશો ઉલ્લેખ દષ્ટિગોચર થતો નથી: તેમ જ જિનપ્રભના તીર્થકલ્પમાં પણ તેનું કયાંએ નામ નથી; પણ, તેના અમલદરમ્યાનનો એક શિલાલેખ ખંભાતના સ્થંભનપાર્શ્વનાથના જૈન મંદિરમાં મળી આવ્યો છે. એ લેખ સંવત્ ૧૩૬૬ નો છે. લેખનો પ્રારંભ આ પ્રમાણે છે.[2]–

ॐ अर्हं संवत् १३६६ वर्षे प्रतापाक्रांतभूतलश्रीअलावदीनसुरत्राण-प्रतिशरीरश्रीअलपखानविजयराज्ये श्री स्तंभतीर्थे........ ઇત્યાદિ.

આમાં અલપખાનને અલા-ઉદ્-દીનનો પ્રતિશરીર એટલે પ્રતિ-નિધિ (વાયસરૉય) જણાવવામાં આવ્યો છે.

---

૧ જુઓ, જૈન સાહિત્યસંશોધક, ખંડ ૨, અંક ૩-૪; **परिशिष्ट-मेरुतुंगाचार्य विरचित 'विचारश्रेणिः-अपर नाम स्थविरावली पृ० ९.**

૨ ગાયકવાડ ઓરિએન્ટલ સીરીઝમાં પ્રકાશિત **प्राचीनगूर्जरकाव्यसंग्रह** પરિશિષ્ટ ૮, પૃ ૨૨, જુઓ.

આ અલપખાન વિષે બીજો ઉલ્લેખ **સમરરાસ** અને **નાભિનંદનોદ્ધાર પ્રબંધ**માં મળી આવે છે. આ ઉલ્લેખ વધારે વિગતવાળો હોઇ ઐતિહાસિક દૃષ્ટિએ અગત્યનો છે. અલા–ઉદ્–દીનના જમાનામાં જેમ સૌરાષ્ટ્રના પ્રખ્યાત હીન્દુતીર્થ સોમનાથનો ઉચ્છેદ થયો હતો તેમ જ જૈનતીર્થ શત્રુંજયનો પણ વિનાશ થયો હતો. શત્રુંજયના એ વિનાશની સાલ જિનપ્રભ સૂરિએ તીર્થકલ્પમાં ૧૩૬૯ ની આપી છે. તેથી જણાય છે કે એ કાર્ય પ્રથમ ચઢાઇ લાવનાર ઉલુગખાનના અમલમાં નહી પણ પ્રથમ સૂબેદાર અલપખાનના અમલ દરમ્યાન થયું હતું. આગળ આપેલા નાભિનંદનોદ્ધાર પ્રબંધના ઉલ્લેખથી આ હકીકત સ્પષ્ટ સમજાશે.

એ વખતે પાટણમાં દેસલ સાહા કરીને ઓસવાળ જાતિનો પ્રસિદ્ધ શ્રાવક રહેતો હતો. એ સાહા ઘણો ધનાઢ્ય, પ્રભાવશાલી, અને શક્તિસંપન્ન હતો. પાટણ, ખંભાત, દીલ્લી, દૌલતાબાદ વિગેરે શહેરોમાં એની ઘણી મોટી પેઢીઓ ચાલતી હતી. સહજપાલ, સાહણપાલ અને સમરસિંહ એમ એને ત્રણ પુત્રો હતા. એ ત્રણે પુત્રો ઘણા સમૃદ્ધિવાન અને પ્રતાપી હતા. સહજપાલ, દેવગિરિ (દોલતાબાદ) ની પેઢીનો, સાહણપાલ ખંભાતની પેઢીનો અને સમરસિંહ પાટણની પેઢીનો કારભાર ચલાવતો હતો. (સમરરાસના કથન પ્રમાણે સમર અલપખાનના અધિકાર તળે કોઇ અધિકારીની જગ્યા ઉપર કામ કરતો હોય એમ લાગે છે.) એ દરેક ભાઇનું સ્થાનિક રાજદરબાર અને લોકસમૂહમાં ઘણું માન હતું. મુસલમાનોએ શત્રુંજય તીર્થના મંદિરાદિનો નાશ કર્યો છે એ વાત જ્યારે દેસલસાહાની જાણમાં આવી ત્યારે તેને ભારે ખેદ થયો અને પોતાના ગુરુ સિદ્ધસૂરિના કથનથી તેણે ૨૭૭૦૦૦૦ રૂપિઆ ખર્ચી એ તીર્થનો સંવત્ ૧૩૭૧ માં પુનરુદ્ધાર કર્યો. એ ઉદ્ધારને લગતા બે ગ્રંથો મળી આવે છે જે ઉપર જણાવ્યા પ્રમાણે **સમરરાસ** અને **નાભિનંદનોદ્ધાર પ્રબંધ** નામે પ્રસિદ્ધ છે. આમાંનો પહેલો ગ્રંથ ગૂજરાતી ભાષામાં છે અને બીજો સંસ્કૃતમાં છે. ગૂજરાતી રાસ પ્રાચીન ગૂર્જરકાવ્ય સંગ્રહમાં (ગાયકવાડ સીરીઝ) સદ્ગત શ્રી ચીમનલાલ દલાલે છપાવ્યો છે, અને સંસ્કૃત પ્રબંધ પં. શ્રી ભગવાનદાસ હરખચંદ (અમદાવાદ) હાલ છપાવે છે. આ બંને ગ્રંથોના કર્તા, એ ઉદ્ધાર કાર્યના સમયે *વિદ્યમાન હતા; અને દેસલસાહે શત્રુંજયની પુનઃ પ્રતિષ્ઠા માટે પાટણથી જે સંઘ* લઇ ગયા હતા તેમાં તે બંને સામીલ હતા. ગૂજરાતી રાસ શત્રુંજયની યાત્રા કરીને જ્યારે દેસલસાહનો સંઘ પાછો પાટણ આવ્યો તે જ વખતે રચાયો હોય તેમ લાગે છે: અને સંસ્કૃત પ્રબંધ જરા પાછળથી એટલે સાહ દેસલ અને તેના પુત્ર સમરના મૃત્યુ પછી સંવત ૧૩૯૩માં લખાયો છે. આ બંને ગ્રંથોમાં અલપખાનનો ઉલ્લેખ આવેલો છે, કારણ કે તેની અનુમતિ લઇને જ દેસલસાહે પોતાના પુત્ર સમરની સહાયતાથી શત્રુંજયની પુનઃ પ્રતિષ્ઠા કરી હતી. આ હકીકતને લગતાં અવતરણો જો કે જરા લાંબા છે તો પણ તે ઐતિહાસિક દૃષ્ટિએ રસિક અને મહત્ત્વનાં હોવાથી અહિં આપ્યાં છે. પ્રથમ ગૂજરાતી રાસનો ઉલ્લેખ લઇએ—

गोसलसुति आवासु कियउ अणहिल्लपुरनयरे,
पुत्र लहइ जिम रयणमाहि नरसमुद्रह लहरे.

चउरासी जिणि चउहटा वर वसहि विहार;
मढ मंदिर उत्तंग चंग अनुपोलि पगार.
तहि अछइ भूपतिहिं भुवण सतखणिहि पसत्थो;
विश्वकर्मा विज्ञानि करिउ धोइउ नियहत्थो.
अमियसरोवरु सहसलिंगु इकु धरणिहिं कुंडलु;
कित्तिखंभु किरि अवररेसि मागइ आखंडलु.
अज्जवि दीसइ जत्थ धम्मु कलिकालि अगंजिउ;
आचारिहि इह नयरतणइ सचराचरु रंजिउ.
पातसाहि सुरताणभिवु तहिं राजु करेइ;
अलपखानु हींदूअह लोय घणु मानु जु देइ.
साहुराय देसलह पूतु तसु सेवइ पाय;
कला करी रंजविउ खानु वहु देइ पसाय.
मीरि मलिकि मानयइ समरु समरथु पभणीजइ;
पर उवयारियमाहि लीह जसु पहिली य दीजइ.
जेठ सहोदरि सहजपालि निज प्रगटिउ सहजू;
दक्षणमंडलि देवगिरिहि किउ धम्मह वणिजू.
चउवीस जिणालय जिणु ठविउ सिरि पास जिणिंद
धम्मधुरंधरु रोपियउ धर धरमह कंदो.
साहणु रहियउ खंभनयरि सायर गंभीरे;
पुव्व पुरिस कीरितितरंडु पूरइ परतीरे.

(तृतीय भाषा.)

निसुणऊ ए समइ प्रभावि तीरथरायह गंजणउ ए;
भवियह ए करुणाराति नीठुरमनु मोहि पडिउ ए;

समरऊ ए साहसधीरु वाहविलग्गउ वहू अ जण;
वोलई ए असमवीरु दूसमु जीपइ राउतवट ए.
अभिग्रहू ए लियइ अविलंवु जीविय-जुव्वण-वाहवलि;
उधरऊ ए आदिजिणविंवु नेमु न मेल्हउ आपणउ ए.
भेटिवऊए तउ खानखानु सिरु धूणइ गुणि रंजियउ ए;
वीनती ए लागु लउ खानु पूछए पहुता केण कज्जे;
सामिय ए निसुणि अडदासि आसालंवणु अह्मतणउ
भइली ए दुनिय निरास हज भागी य हींदूअतणी ए,
सामिय ए सोमनयणेहिं देखिउ समरा देइ मानु.
आपिऊ ए सव्ववयणेहिं फुरमाणु तीरथ मांडिवा ए;
अहिदर ए मलिक आएसि दीन्हले श्रीमुखि आपण ।
खतमत ए खान पएसि किउ रलियाइत्तु घरि संपत्तो,
पणमइए जिणहरि गउ समणसंघा तहि वीनविउ ए.

(પ્રાચીનગૂર્જરકાવ્યસંગ્રહ, પાન ૨૯–૩૦)

तदा तत्र सुरत्राणोऽलावदीनो नदीनवत् ।
उद्वेलह्वाजिकल्लोलोर्वराव्यापी नृपोऽभवत् ॥ .
यः श्रीदेवगिरौ गत्वा वद्‌ध्वा च तदधीश्वरम् ।
न्यवेशयत्तं तत्रैव जयस्तंभमिवात्मनः ॥
सपादलक्षाधिपतिं वीरं हम्मीरभूपतिम् ।
हत्वाऽभिमानिनं सर्वं तत्सर्वस्वमुपाददे ॥
श्रीचित्रकूत (कूट ?) दुर्गेशं वद्‌ध्वा लात्वा च तद्‌धनम् ।
कण्ठवद्धकपिमिवाभ्रामयत्तं पुरे पुरे ॥
गूर्जरात्राधिपः कर्णः स्तूर्णं यस्य प्रतापतः ।
न० वा गतो विदेशेषु भ्रान्त्वाऽथो रंकवन्मृतः ॥
ईशो मालवकस्यापि दुर्गस्थो वहुवासरान् ।
वंदीव निन्ये तत्रैव मृतः पौरुपवर्जितः ॥
कर्णाट-पांडुविपयं तिलंगादि महीपतीन् ।
यः समस्तान् वशीचक्रे शक्रविक्रमभासितः ॥
समियानक-जावालिपुरमुख्यानि योऽगृहीत् ।
स्थानानि विपमाणीह तेपां संख्यां करोति कः ॥

पर्पराधिपसैन्यानि भ्रमंति विषये निजे ।
तथा चकार न यथा तत्सैन्यं पुनरागमत् ॥
प्रसादपात्रं तत्रास्ते सुरत्राणमहीपतेः ।
सेवकोऽलपखानाख्यः पत्तने नरनायकः ॥
विहितप्रोषितपती रिपुनारीजनोऽस्य न ।
निद्राति निद्रयाश्रान्त श्रवदश्रुविलोचनः ॥
यस्यास्य राजपत्न्योऽपि बंदीभावमुपागताः ।
गौरवं निगदंतीव क्रणत्कंकणनिस्वनैः ॥
तस्य श्रीसमरसिंहः साधुदेसलनन्दनः ।
विदधाति सदा सेवां सर्वकार्यकरी हि सा ॥
भूपोऽपि तद्गुणप्रीतः प्रीतिर्वन्याविवाकरोत् ।
तस्मिन् साधौ, यतो नृणां गुणा गौरवकारणम् ॥

કંકણોના રણકારથી જાણે એનાં યશોગાન કરતી હોય એવી કેટલીએ રાજરાણીઓ એની બાંદીઓ થઇને રહેલી છે.

એ અલપખાનની સાહા દેસલનો પુત્ર સમરસિંહ સદા સેવા કર્યા કરે છે. કારણ કે તે સર્વ કાર્યની કરનારી છે. રાજા અલપખાન પણ એના ગુણોથી ખુશ થઇને ભાઇની માફક એની સાથે પ્રીતિ રાખે છે; કેમ કે ગુણો જ મનુષ્યોના ગૌરવનાં કારણ હોય છે"

આ વર્ણન પછી, આગળ, મ્લેચ્છોના સૈન્યથી શત્રુંજયના ધ્વંસની હકીકત અને તે સાંભળી સાહા દેસલને થએલા સંતાપનું વર્ણન આવે છે. સાહ દેસલ પોતાના ધર્મગુરુ સિદ્ધસૂરિ પાસે જાય છે અને તીર્થધ્વંસની વાત કરે છે. પછી ગુરુ શત્રુંજયનું મહાત્મ્ય અને પૂર્વે મંત્રી બાહડ આદિએ કરેલા ઉદ્ધારનું વર્ણન કહી સંભળાવે છે. તે સાંભળી સાહા દેસલ શત્રુંજયનો પુનરુદ્ધાર કરવાની પ્રતિજ્ઞા લે છે, અને ઘેર આવી પુત્ર સમરસિંહને તે કાર્યની બધી તૈયારી કરવાનું કહે છે. સમરસિંહ પણ ઉત્સાહપૂર્વક પિતાની ઇચ્છાનું અનુમોદન કરે છે, અને જ્યાં સુધી એ કાર્ય પાર ન પડે ત્યાં સુધી કેટલાક નિયમો પાળવાની તે પણ પ્રતિજ્ઞા લે છે. પછી એ પોતાના પિતાને, અલપખાનને ભેટણાં આદિ આપી તેનું મન ખુશ કરી તેની પાસેથી તીર્થોદ્ધારની અનુમતિ આપનારું ફરમાન કરાવી લાવવા વિગેરેની વાત કહે છે.

પ્રસ્તુત લેખમાં તો આપણને અલપખાનને લગતી હકીકત સાથે જ સંબંધ હોવાથી, શત્રુંજયના ઉદ્ધારની બાકીની એ બધી વિગતને છોડી દઇ; સમરસિંહ જે રીતે અલપખાન પાસેથી તીર્થોદ્ધાર બાબતનું ફરમાન કરાવી લેવા માટે ગયો અને અલપખાને જે રીતે એ કાર્યમાં એને અનુકૂળતા કરી આપી તેનું વર્ણન જોઇએ. એ વર્ણન પ્રબંધકારે આ પ્રમાણે કર્યું છેઃ—

तात ! श्रीमन्तमलपपानं सन्तोष्य नायकम् ।
आददेऽहं स्फुरन्मानं तीर्थस्योद्धृतिहेतवे ॥
तथादिश यथा सारोपायनैस्तोषयामि तम् ।
नृपप्रसादः कार्यस्य सिद्धौ यन्मुख्यकारणम् ॥
कुरु स्वैरं वत्स ! यत्ते रोचते शुभायति ।
यतः प्रमाणं सर्वत्र त्वमेव विहितो मया ॥
ततः श्रीसमरसिंहोऽलपपानमुपायनैः ।
मणिमुक्ताफलस्वर्णवसनाभरणादिभिः ॥
अन्यैश्च विविधैर्वस्तुनिकरैरात्मना सह ।
गृहीतैर्गूर्जरोर्वीशमाशिश्रये शुभे दिने ॥ युग्मम् ।
तं निरीक्ष्यालपपानो भूपतिः स्वयमागतम् ।
मुमुदे नितरां यद्वा तदाप्तौ को न माद्यति ॥

हस्तमुल्लास्य सोल्लासं प्रोचे प्रोच्चैः स्वरं नृपः ।
आगच्छागच्छ भो भ्रात ! शीघ्रं शीघ्रमिहाग्रतः ॥
निरीक्ष्य तं स्वामिहर्षमादरं च तथाविधम् ।
साधुस्तं शकुनं मेने कार्यसिद्धेर्विधायकम् ॥
प्राभृतानि पुरस्तस्य सद्यः साधुरढौकयत् ।
विलोक्यालपखानोऽपि ढौकनं मुमुदेतराम् ॥
प्रसन्नोऽलपखानोऽपि प्रोचे भ्रातः ! कथं वद ।
उपायनमिदानीं मे विहितं भवता महत् ॥
भवान् मे सदाभीष्टो मदादिष्टविधायकः ॥
अवारितागमस्तत्र तत्सखे ! वद कारणम् ॥
प्रणम्य समरः प्रोचे प्रसन्नश्चेद् भवान् विभो ! ।
याचितं दास्यते तदा याचे किञ्चिन्मनीषितम् ॥
सोऽप्याह समर ! त्वत्तो नापरः स्वसुतोऽपि मे ।
संमतोऽस्ति ततः स्वैरं निर्विचारं विमार्गय ॥
अथ विज्ञपयामास समरः साधुपुंगवः ।
स्वामिंस्तव वलैर्भग्नं तीर्थं नो विमलाचलम् ॥
तीर्थेऽत्र विद्यमाने यत्समस्ता हिंदुका जनाः ।
यात्रां कृत्वा धर्महेतोर्व्ययन्ति स्म धनं निजम् ॥
तत्र गत्वा च दीनान्नॄन् दुःस्थितानपि भोजनैः ।
हिंदुकास्ते प्रयन्ति स्म सर्वदा सर्वकामितैः ॥
तदादिश यथा तीर्थस्योद्धारं कारयाम्यहम् ।
भंजनाद् घटनाद् वापि त्वं नवीनो विधिर्भव ॥
श्रीमानलपखानोऽपि प्रीतिमान् समरोपरि ।
उवाच वाचं तुष्टोऽस्मि विधेहि स्वमनीषितम् ॥
तुष्टोऽसि यदि तत्स्वामिन् ! स्फुरन्मानं समर्प्पय ।
निष्प्रत्यूहं यथा मे स्यात्कार्यमित्याह स स्मरः ॥
स गूर्जरधराधीशो वहिरामाभिधं ततः ॥
आदिशन्मलिकं साधोः स्फुरन्मानस्य साधने ॥

विशेषतस्तस्य साधुः प्राणेभ्योऽप्यधिकप्रियः ।
अतः प्राप्य स आदेशं तत्र कार्यं मुदं दधौ ॥
देवतायतने गत्वा बहिरामो नृपाज्ञया ।
साधोः शीघ्रं स्फुरन्मानं स्फुरन्मानमलेखयत् ॥
विलेखितं स्फुरन्मानं स्वयमादाय सादरः ॥
बहिरामः साधुयुक्तः खानपार्श्वमुपाययौ ॥
खानोऽपि स्वकरे कृत्वा स्फुरन्मानं सुलेखितम् ।
वाचयित्वा स्वयमेव बहिरामं पुनर्जगौ ॥
तसरीफां शिरस्त्राणसहितां स्वर्णनिर्मिताम् ।
मणिमौक्तिकसंयुक्तां शीघ्रं कोशात्समानय ॥
सोऽपि कोशात्समादायालपखानकरे ददौ ।
खानोऽपि [श्री] समराशदात्तांबूलपुरस्सरम् ॥
स्वयं साधुकरे खानः स्फुरन्मानं वितीर्य तम् ।
उवाच निर्भयः स्वीयं साधो साधय वाञ्छितम् ॥
पतित्वा पादयोः साधुस्तसरीफां मुदा सह ।
शीघ्रं परिदधाति स्म शिरस्त्राणं च सादरः ॥
न्यस्य शीर्षे स्फुरन्मानं स्मरसाधुः प्रणम्य च ।
इति विज्ञपयामास स वासवगुरुर्धिया ॥
स्वामिस्तत्र स्फुरन्माने पार्श्वे पंचानने सति ।
भयं न दुष्टलोकेऽपि (भ्यो ?) विशुभ्योऽपि मम क्वचित् ॥
त्वत्प्रसादप्रवहणं संप्राप्य निभृतस्थितिम्
कार्यपारावारपारं प्रयास्यामि झटित्यहम् ॥
जात्यवाजिनमानाय्योच्चैःश्रवसमिवापरम् ।
श्रीमानलपखानोऽथ साधवे तं वितीर्णवान् ॥
पानाज्ञया बहिरामः साधुमश्वेऽध्यरोपयत् ।
तस्यावासप्रवेशाय स्वयमेव सहाचलत् ॥
वादित्रैर्वाद्यमानैः स पठद्भिर्वंदिभिः पुरः ।
बहिरामयुतः साधुः साक्षादिव दिवस्पतिः ॥

राजमार्गे राजलोकैः पौरलोकैश्च सर्वतः ।
स्तूयमानः पूज्यमानो नारीभिश्चन्दनाक्षतैः ॥
अभ्युद्गतः संघमुख्यैः पुरुषैः सोत्कमानसैः ।
प्रविवेश निजावासं स्वस्वस्रा कृतमंगलः ॥ त्रिभिर्विशेषकम्
मलिकं श्रीवहिरामं स्वबांधवमित्रागतम् ।
विविधोपायनैः साधुस्तोषयित्वा विसर्जयत् ॥

આ શ્લોકોનો ભાવાર્થઃ—સમરસિંહ પોતાના પિતાને કહે છે કે 'તાત, દેશનો નાયક જે અલપખાન છે તેને સંતોષીને તીર્થોદ્ધાર માટેનું ફરમાન તેની પાસેથી હું કરાવી લાવું; તેથી તમે આજ્ઞા કરો તો કિંમતી ભેટ આપી તેને ખુશ કરું. કારણ કે કાર્યની સિદ્ધિમાં રાજાની કૃપા એ મુખ્ય કારણ હોય છે.' ત્યારે પિતા તેને કહે છે કે–'હે વત્સ, એ શુભ કાર્ય માટે તને જે કરવું યોગ્ય લાગે તે તું ઇચ્છા પ્રમાણે કર. કારણ કે, સર્વ કાર્યમાં મેં તો તને જ પ્રમાણ કર્યો છે !' ત્યારબાદ સમરસિંહ, એક સારા દિવસે પોતાની સાથે મણિ, મોતી, સોનું, ઘરેણાં, કપડાં વગેરે વિવિધ પ્રકારની ભેટની ચીજો લઇ અલપખાન પાસે ગયો. તેને આવતો જોઇ અલપખાન ઘણો ખુશી થયો. હાથ ઉંચા કરી, ઉલ્લાસપૂર્વક ઉંચે સ્વરથી ખાને તે સમરસિંહને બોલાવ્યો કે 'આ ભાઇ, આવ, આવ, અહિં આગળ આવ' આ પ્રકારનો તે ખાનનો હર્ષ તથા આદરભાવ જોઇને સમરસિંહે પોતાના કાર્યની સિદ્ધિ કરનારૂં સારૂં શકુન તેને ગણ્યું અને ઝટ દઇને સાથે આણેલી બધી ભેટ તેની આગળ ધરી. ખાન તે જોઇને ખુશ ખુશ થયો અને બોલ્યો કે, ભાઈ; કહે શા માટે તેં આ ભારે ભેટ અત્યારે મારી આગળ ધરી છે ? તું તો સદા મારૂં કહેલું કાર્ય કરનાર હોવાથી મને પ્રિય જ છે અને તારા માટે તો આ સ્થાન હમેશાં ખુલ્લું જ છે, તો પછી કહે આજે શી બાબત છે ?' ત્યારે પ્રણામ કરીને સમરે કહ્યું કે–'સ્વામિન્ જો તમે પ્રસન્ન હો અને જે કાંઇ માગું તે આપવા ખુશી હો, તો હું કાંઇક માંગવા ઇચ્છું છું.' એ સાંભળી ખાન કહે–'સમર ! તારાથી અધિક તો મારો પુત્ર પણ મને નથી લાગતો; તેથી તું વગર વિચાર્યે ઇચ્છાપૂર્વક જે માગવું હોય તે માંગ.' ત્યાર બાદ સમરે જણાવ્યું કે–'માલિક, તમારા સૈન્યે અમારું વિમલાચલ (શત્રુંજયનું બીજું નામ) નામનું તીર્થ ભાંગી નાંખ્યું છે, કે જે તીર્થની બધા હિંદુ લોકો યાત્રા કરવા જાય છે અને ત્યાં ધર્મ નિમિત્તે પોતાનું ધન ખર્ચે છે. એ તીર્થમાં જઇને હિંદુઓ દીન અને દુઃખી જનોને સદા યથેચ્છિત ભોજન આપે છે. તેથી એ તીર્થનો ફરી ઉદ્ધાર કરવા માટે મને તમે આજ્ઞા આપો. જેમ એ તીર્થનું ભંજન (ભાંગવાનું કાર્ય) તમે કર્યું છે તેમ ફરી ઘટન (ઘડવાનું કાર્ય) કરીને એક પ્રકારના નવીન વિધાતા તમે બનો.' આ સાંભળી સમર ઉપર પ્રીતિ રાખતાં ખાન તરત બોલ્યો કે–'હું તારા ઉપર ખુશ છું તેથી તું ઇચ્છા પ્રમાણે એ કાર્ય કર.' સમરે કહ્યું–'માલિક જો તમે ખુશ છો તો મને એ બાબતનું ફરમાન કરી આપો જેથી મારૂં કાર્ય નિર્વિઘ્ન

રીતે પાર પડે.' પછી એ ગૂજરાતના અધીશ ખાને, બહેરામ નામના મલિકને, સાહાને ફરમાન કરી આપવાની, આજ્ઞા કરી. સાહા ખાનને પ્રાણની માફક પ્રિય હતો તેથી ખાનની આજ્ઞા સાંભળીને મલિક વધારે હર્ષવાળો થયો છતો દેવતાયતન (મસજીદ)માં જઇને તરત સાહાને ફરમાન લખી આપ્યું. પછી તે ફરમાન જાતેજ લઈને બહેરામ મલિક સમરા સાહા સાથે ખાનની પાસે ગયો. ખાને પોતાના હાથમાં લઇ ફરમાન વાંચ્યું અને બહેરામને કહ્યું કે-'ખજાનામાંથી મણી મોતીથી ભરેલી શિરસ્ત્રાણ સાથેની સોનાની તસરીફ મંગાવો. મલિકે ખજાનામાંથી તે મંગાવી અને ખાનના હાથમાં આપી. ખાને પાનના બીડા સાથે તે અને ફર્માન બંને સમરના હાથમાં આપ્યાં; અને કહ્યું કે-'નિર્ભય થઇને તું તારું કાર્ય સિદ્ધ કર'. સમરે ખાનને પગે પડી હર્ષ સાથે તે તસરીફ પહેરી અને શિરસ્ત્રાણ ધારણ કર્યું. પછી ફરી પ્રણામ કરીને ફરમાનને માથા ઉપર મુકયું અને બુદ્ધિથી જાણે બૃહસ્પતિ હોય તેવો તે ખાનને કહેવા લાગ્યો કે-'સ્વામિન્! પંચાનન સિંહના જેવું તમારું ફરમાન મારી પાસે હોવાથી મને આ દુષ્ટ જગતમાં મોટા પ્રભુઓનો પણ ભય નથી રહ્યો. તમારી મહેરબાનીની રૂપનાવને પામીને હું મારા કાર્યરૂપ સમુદ્રને ઝટ દઇને પાર કરી જઇશ.

એ પછી અલપખાને એક ઉંચી જાતનો ઘોડો મંગાવીને સમરાસાહાને અર્પણ કર્યો. ખાનના હુકમથી બહેરામ મલિકે તેને ઘોડા ઉપર ચઢાવ્યો અને ઠેઠ તેના મકાનસુધી પહોંચાડવા તેની સાથે તે મલિક જાતે આવ્યો. રસ્તામાં તેની આગળ વાજાં વાગતાં હતાં અને ભાટ લોકો સ્તુતિ ગાતા જતા હતા. રાજલોક અને પ્રજાલોકથી પ્રશંસાતો એ સાહા રાજમાર્ગે થઇ પોતાને ઘરે આવ્યો. ત્યાં આગળ સંઘના આગેવાનો તેની સામે આવ્યા. સ્ત્રીઓએ અક્ષત અને ચંદનથી તેને વધાવ્યો અને બ્હેને મંગળ કૃત્ય કર્યું. પછી પોતાના ભાઇના જેવા, સાથે આવેલા, બહેરામ મલિકને વિવિધ ભેટથી ખુશ કરી વિદાય કર્યો.

આ વર્ણન બાદ, આગળ ઉપર ફરી એકવાર અલપખાનનો નિર્દેશ એ પ્રબંધમાં કરવામાં આવેલો છે. શત્રુંજયના મંદિર અને મૂર્તિઓની તૈયારી થઇ રહ્યા પછી તેમની પ્રતિષ્ઠા કરવા માટે જ્યારે સમરાસાહ પાટણથી મોટો સંઘ લઇને નીકળે છે ત્યારે ફરી તે અલપખાનને મળવા જાય છે અને રસ્તામાં સંઘની રક્ષા માટે કેટલાક જોરાવર જમાદારોની તેની પાસે માંગણી કરે છે. ખાન તે પ્રમાણે પોતાના દસ મીર તેની સાથે મોકલે છે. આનું વર્ણન કરતા શ્લોકો આ પ્રમાણે છે.-

श्रीमन्तमलपखानमनुज्ञापयितुं स्मरः ।
महोपायनमादाय जगाम नृपमन्दिरम् ॥
अढौकयत् ढौकनानि श्रीखानस्य पुरः स्मरः ।
सन्तुष्टः सोऽप्यदात्तस्मै तसरीफां हयान्विताम् ॥

स्मरोऽथ स्वामिनः पार्श्वे ययाचे यमदारकान् ।
ये दुष्टनिग्रहायालं भूष्णवः सत्यनामकाः ॥
खानेनापि महामीरा वीरा धीरा दशामुना ।
वितीर्णाः संघरक्षार्थं मधाना यमदारकाः ॥

અર્થાત્-શ્રીમાન અલપખાનને (સંઘનું પ્રયાણ) જણાવવા માટે સમર મોટું ભેટણું લઈ રાજમહેલમાં ગયો અને ખાનની આગળ તે ભેટણું ધર્યું. ખાને બદલામાં ખુશ થઈને તસરીફ અને ઘોડો ઇનામમાં આપ્યાં. પછી સમરે દુષ્ટજનોનો નિગ્રહ કરી શકે એવા સાક્ષાત્ જમના દીકરા જેવા કેટલાક જમાદારોની માંગણી કરી, જેથી સંઘની રક્ષા માટે ખાને મોટા વીર અને ધીર એવા દશ મીર (જમાદાર) તેને સોંપ્યા.

આ પ્રમાણે અલપખાન વિષેના ઉલ્લેખો આપણા સાહિત્યમાં મળી આવે છે. આ ઉલ્લેખો ઉપરથી એમ જણાય છે કે તેની કારકીર્દી હિંદુઓ માટે બહુ ખરાબ નહિ નિવડી હોવી જોઇએ; અને હિંદુ તરફ તે સારો ભાવ બતાવતો હોવો જોઇએ. શત્રુંજયના પુનરુદ્ધારના કાર્યમાં તેણે જૈનો તરફ ઘણી સારી સહાનુભૂતિ બતાવી હતી તેથી જૈનો કદાચ તેના તરફ વિશેષ કૃતજ્ઞતાની લાગણી બતાવતા હોય તો તેમાં કાંઇ આશ્ચર્ય પામવા જેવું નથી.

આ રીતે અલા-ઉદ્-દીન ખીલજીના રાજઅમલ દરમ્યાન ગૂજરાત ઉપર આક્રમણ કરનાર ઉલુગખાન અને સુબેદારી કરનાર અલપખાન વિષે જે અત્યાર સુધી ગોટાળો ઇતિહાસના પુસ્તકોમાં ચાલ્યો આવતો હતો તે, અધ્યાપક નદવીએ બતાવેલાં મુસલમાની તવારીખોનાં પ્રમાણોથી અને આ લેખમાં આપેલાં હિંદુગ્રંથોના પુરાવાઓથી દૂર થશે એવી આશા છે.

વડાલીમાંથી મળેલા શિલાલેખ

[આચાર્ય શ્રીજિનવિજયજી]

———:o(—)o———

ઇડર રાજ્યમાં વડાલી નામનું એક જૂનું ગામ છે. ઇડરથી ૧૨ માઇલ ઉત્તર દિશાએ તે આવેલું છે. અમદાવાદ–પ્રાંતિજ રેલ્વે લાઇન જે ઇડર રાજ્યના ખેડ બ્રહ્મા સુધી જાય છે તેમાં ઇડર પછી અને ખેડબ્રહ્મા પહેલાં વડાલીનું સ્ટેશન આવે છે. ત્રણેક હજાર જન સંખ્યાવાળું એ ગામ ગણાય છે. ગામમાં અને ગામની આસપાસ કેટલાંક જૈન અને હિંદુ મંદિરો નવી–જુની હાલતમાં ઉભેલાં છે. નવી–જુની હાલતનો અર્થ એ છે કે જુના મંદિરો જે પડી ગયાં કે પાડી નાંખવામાં આવ્યાં તેમને પાછળનાઓએ જ્યારે ફરી ઉભાં કર્યાં ત્યારે જુના સામાનને ગમે તેમ, ગમે તે ઠેકાણે ગોઠવી દઇ માત્ર પતિત ને સંસ્થિત બનાવવા જેટલો ઉદ્ધાર કાર્ય જ કરવા સમર્થ થઇ શક્યા હતા. તેથી એ મંદિરોની સામગ્રી જુની પણ તેની ગોઠવણ નવી હોવાથી હું એમની હાલતને નવી–જુનીનું વિશેષણ આપું છું. એ ગામમાં ઉભેલાં મંદિરો કરતાં પડેલાં સ્થાનોના અવશેષો જ્યાં ત્યાં ઘણા મોટા પ્રમાણમાં દૃષ્ટિ ગોચર થાય છે તેથી અનુમાન થાય છે કે એક કાલે એ ગામ સારી સ્થિતિ અને વિશેષ પ્રસિદ્ધિવાળું હોવું જોઇએ.

આ ગામનું સંસ્કૃત નામ, ત્યાંના લેખોમાં જણાવ્યા પ્રમાણે, વાટાપલ્લી છે. વાટાપલ્લીનું જ ગૂજરાતી નામ વડાવલી થયું. બોમ્બે ગેઝેટિઅર, પુ. ૫ (કચ્છ, પાલણપુર, મહીકાંઠા ગેઝેટિઅર) પૃ. ૪૪૨ માં, આ ગામને ઘણું જુનું ગણાવ્યું છે; અને, કદાચિત્ યવનચંગે પોતાની મુસાફરીના વર્ણનમાં વલભી અને માલવાની વચ્ચે આવેલા જે ઓ–ચ–લી અથવા વદરી[1] નામના સ્થળનો ઉલ્લેખ કરેલો છે તે જ આ વડાલી હોય એવો અભિપ્રાય બતાવવામાં આવ્યો છે. મારા વિચાર પ્રમાણે, ગેઝે-

વૈદ્યનાથ મંદિરના શિલાલેખો

૧ પરમાર ધારાવર્ષના સંવત્ ૧૨૬૪ નો લેખ.

વડાલી ગામની બહાર એક વૈદ્યનાથ મહાદેવનું મંદિર છે. મંદિર નાના સરખુંજ છે. મુખ્ય ગર્ભાગાર અને તે આગળ નાનોસો મંડપ આવેલો છે. મંડપમાં ગર્ભાગારના દ્વાર તરફ આવેલી પત્થરની છાટમાં આ નીચે આપેલો શિલાલેખ કોતરેલો છે. લેખવાળી છાટ પાા ફુટ લાંબી અને અડધો ફુટ પહોળી છે, એમાં ૩ આખી અને ૪ થી અડધી એમ ૩ાા લીટીનો લેખ છે. લેખની લીપી નાગરી હોઈ સાદા વળણની છે. અક્ષર લગભગ આંગુલ-પ્રમાણ જેટલા છે. ભાષા સંસ્કૃત અને મુખ્ય ભાગ શ્લોકબદ્ધ છે. છેવટનો થોડોક ભાગ ગદ્યમાં છે.

સંવત ૧૨૬૪ ની સાલમાં, પરમાર ધારાવર્ષના પ્રતીહાર હરિપાલના પુત્ર સાહણપાલે, વૈદ્યનાથ મહાદેવના મંદિરનો સુંદર સ્તંભોવાળો મંડપ બનાવી આપ્યો, એ આ લેખનો મુખ્ય સાર છે.

લેખની મૂળ નકલ.

ॐ नमः त्रैलोक्यनाथाय जगदानन्दकारिणे ।
परापरकलातीतनिष्कलाय च शंभवे ॥ १ ॥
श्रीमदुत्पलराजादिवंशे प्रामारभूभुजां ।
अस्ति त्रैलोक्यविख्यातो धारावर्षो महीपतिः ॥ २ ॥
द्वास्थः तस्याभवत् पूर्वं वीरो वारडवंशजः ।
नर (१) पा[लस]मुद्भूतो हरिपाल इति श्रुतः ॥ ३ ॥
पुत्रस्तस्यास्ति विख्यातो भुवने लब्धविक्रमः ।
श्रीमत्साहणपालाह्वः वैरिवर्गक्षयंकरः ॥ ४ ॥
चारुस्तंभावलीयुक्तो रूपकैः विश्वतो महान् ।
तेन श्री वैद्यनाथस्य निर्ममे मंडपः शुभः ॥ ५ ॥
चन्द्रार्कौ भुवने यात्र (२) यावदास्ते वसुंधरा ।
कृतिः साहणपालस्य तावद्राजतु मंडपः ॥ ६ ॥

संवत् १२६४ वर्षे चैत्र शुदि १३ गुरौ ॥ म० जालाकप्रेरितेन स्वश्रेयोर्थं मतौ० साहणपालेन देवश्रीवैद्यनाथस्य मंडपः कारितः ॥ लि० पंडि० श्री आसधरेण ॥ रा०वकु (२) लस्वामिसुत राउ० जालाकेन कारापिते कारितः।

ગૂજરાતી ભાષાંતર.

૧ ત્રૈલોક્યના નાથ, જગતને આનંદ કરનાર, પરાપર કલાથી અતીત એટલા માટે નિષ્કળ એવા શંભુને નમસ્કાર.

૨ પમારવંશીય રાજાઓના, ઉત્પલ છે આદિ જેમાં એવા રાજવંશમાં, ત્રિલોકમાં પ્રસિદ્ધ એવો ધારાવર્ષ નામનો મહીપતિ છે.
૩ એ મહીપતિનો, વારડ વંશના નરપાલનો પુત્ર હરિપાલ નામે પ્રસિદ્ધ વીર દ્વારપાલ (પ્રતીહાર) થયો.
૪ તેનો પુત્ર સાહણુપાલ નામે છે જે શત્રુઓના સમૂહનો ક્ષય કરનારો હોઇ પરાક્રમી તરીકે જગતમાં પ્રસિદ્ધ છે.
૫ તેણે સુંદર સ્થંભોના પંક્તિવાળો અને ચારે તરફથી મૂર્તિઓવાળો એવો વૈદ્યનાથનો આ મહાન્ મંડપ બનાવ્યો.
૬ જ્યાં સુધી વિશ્વમાં ચંદ્ર, સૂર્ય અને પૃથ્વી વિદ્યમાન છે ત્યાં સુધી સાહણુપાલની કૃતિ-રૂપ આ મંડપ શોભા પામો.

સંવત્ ૧૨૬૪ વર્ષનો ચૈત્ર શુદિ ૧૩ ગુરુવાર, મ૦ જાલ્હાકની પ્રેરણાથી પોતાના કલ્યાણ માટે પ્રતીહાર સાહણુપાલે દેવ શ્રીવૈદ્યનાથનો મંડપ કરાવ્યો. પંડિત આસધરે આ લખ્યું. રાઉત બકુલ સ્વામિના પુત્ર રાઉત જાલ્હાકે કરાવવાથી કરાવ્યો.

ટિપ્પણ.

પુરાતત્ત્વવેત્તાઓની પદ્ધતિ પ્રમાણે આ લેખને ધારાવર્ષના સમયનો લેખ કહેવો જોઇએ. ધારાવર્ષ અર્બુદાચલના પરમાર રાજાઓમાં પ્રસિદ્ધ પુરુષ થઇ ગયો છે. લોકોમાં એ ધાર પરમાર એવા ટુંકાનામે એ ઓળખાય છે.

ઉત્પલરાજઃ—પરમાર રાજવંશની નાની મોટી અનેક શાખાઓએ ભારતીય ઇતિહાસના મધ્યકાલમાં પશ્ચિમ ભારત અને મધ્ય ભારતના જુદા જુદા પ્રદેશો ઉપર રાજસત્તા ભોગવી હતી; તેમાં સૌથી જૂની શાખા અર્બુદાચલ (આબુ) ઉપર રાજ્ય કરનારી ગણાય છે. એ શાખાનો પ્રથમ પ્રસિદ્ધ પુરુષ આ લેખમાં જણાવ્યા પ્રમાણે ઉત્પલરાજ નામે થયો. જો કે, બીજા કેટલાક લેખો ઉપરથી તો એ શાખાનો મૂળ પુરુષ ધૂમરાજ કરીને હતો એમ સિદ્ધ થાય છે; પણ એ વંશને વધારે પ્રસિદ્ધિ ઉત્પલરાજથી જ મળી હશે તેથી ઘણા ખરા લેખોમાં આના નામથી જ એ શાખાની વંશાવલીનો ઉપક્રમ કરેલો નજરે પડે [1]

ધારાવર્ષ;—ધારાવર્ષનો નામ નિર્દેશ કરનારા ઘણા લેખો મળી આવ્યા છે, [2] જે ઉપરથી જણાય છે કે એ બહુ દીર્ઘાયુષી રાજા હતો. એનો નિર્દેશસૂચક પહેલો શિલાલેખ સંવત્ ૧૨૨૦ નો છે અને છેલ્લો સં. ૧૨૭૫ નો છે. આબુ ઉપરના જગપ્રસિદ્ધ નેમિનાથના જૈન મંદિરનો પાયો જે સંવત્ ૧૨૭૮માં મહામાત્ય તેજપાલે નાંખ્યો તે વખતે પણ ધારાવર્ષ હયાત હતો, એમ વસ્તુપાલચરિત્ર ઉપરથી જણાય છે; તેથી લગભગ ૬૦ વર્ષ સુધી એણે રાજ્ય કર્યું હોય તેમ લાગે છે.

---

૧ વિગત માટે જુઓ રા. બ. પં. શ્રી ગૌરીશંકર હીરાચંદ ઓઝાકૃત **सीरोही राज्यका-इतिहास पृ. १४२-४३.** તથા પં. શ્રી વિશ્વેશ્વરનાથ રેઉ રચિત **भारतके प्राचीनराजवंश; प्रथम भाग पृ० ६८-६९**

૨ પં. શ્રી ગૌરીશંકરજી આના ૧૪ લેખોનું સૂચન કરે છે.

એ રાજા ગૂજરાતના સામ્રાજ્યનો હિતેચ્છુ અને રક્ષક સામન્ત હતો. ચૌલુક્ય કુમારપાલે કોંકણના શીલારવંશી રાજા મલ્લિકાર્જુન ઉપર જે ચઢાઇ કરી તેમાં એણે આગેવાની ભર્યો ભાગ લીધો હોય એમ આબુની વસ્તુપાલ તેજપાલની સોમેશ્વરરચિત પ્રશસ્તિના નીચેના કાવ્યથી જણાય છે.

शत्रुश्रेणीगलविदलनोन्निद्रनिस्त्रिंशधारो
धारावर्षः समजनि सुतस्तस्य विश्वप्रशस्यः ।
क्रोधाक्रान्तप्रधनवसुधानिश्चले यत्र जाता–
श्च्योतन्नेत्रोत्पलजलकणाः कोंकणाधीशपत्न्यः ॥ ३६ ॥

(પ્રાચીનજૈનલેખસંગ્રહ, ભાગ ૨, પૃ. ૭૯)

કુમારપાલ પછી અજયપાલના સમયમાં સાંભરના રાજા પૃથ્વીરાજ સાથે ગૂજરાતવાળાઓનો વિગ્રહ થયો હતો. તેમાં પણ ધારાવર્ષે આગેવાની ભર્યો ભાગ લીધો હોય એમ, એના લઘુ ભ્રાતા પ્રહ્‌લાદન દેવના पार्थपराक्रम નાટકમાંની નીચેની ઉક્તિથી જણાય છે:

किमङ्ग ! जांगलपतेः[2] सौप्तिकप्रस्तावोपश्लोकमनाकर्णितवान् भवान् ?

यस्याद्यापि यशःशिलीमुखमुखोत्कीर्णैः प्रशस्त्यक्षरैः
स्वस्त्रीणां दिवि नायकसभास्तंभेन संस्मार्यते ।
सेहे सोऽपि न सौप्तिकं विनिपतद्द्रौणेस्तदत्यर्जुन
धारावर्ष ! तवाद्यं पौरुषमभूत्तीर्णोपमानं भुवि ॥

અજયપાલ પછી ગૂજરાતનું સામ્રાજ્ય નિર્બલ થવા લાગ્યું હતું. રાજા ભીમદેવ પોતાના પૂર્વજોની કીર્તિને વધારી શકે એવો તો હતો જ નહિં પણ તેને સાચવી રાખવા જેટલું સામર્થ્ય પણ તેનામાં ન હતું. તેની અલ્પ શક્તિનો લાભ લઇ ધોળકાના વાઘેલા રાણાઓ, ઉપરથી પોતાનું સામન્તપણું બતાવતા રહી અંદરથી પોતાનું પ્રભુત્વ વધાર્યે જતા હતા. તેવી પરિસ્થિતિનો લાભ લઇ ધારાવર્ષ જો ગૂજરાતની સત્તાને પોતાના માથા ઉપરથી ફેંકી દેવાનો પ્રયત્ન કરત તો તેના માટે સુલભ હતું. પણ તેણે તેમ ન કરતાં આજીવન ગૂજરાતના સામ્રાજ્યના ગૌરવનું રક્ષણ કરવાનું અંગીકૃત કાર્ય કર્યા કર્યું હોય એમ, ગૂજરાત ઉપર ચઢી આવનારા દિલ્હીના મુસલમાનો સાથે થએલા આબુ નીચેના યુદ્ધની હકીકત જોતાં સમજાય છે.[3]

---

૨ જાંગલપતિ શબ્દ ઉપર "પૃથ્વીરાજ" આવું પ્રાચીન ટિપ્પણ કરેલું મળી આવે છે. સાંભરના પ્રદેશનો જાંગલ તરીકે થએલો ઉલ્લેખ બીજે ઠેકાણે પણ જોવામાં આવે છે. જુઓ सुकृतसंकीर्तन ૨, ૪૩.

૩ જુઓ, सीरोहीराज्यका इतिहास, पृ. ७१

આબૂ ઉપર વસ્તુપાલ-તેજપાલે જે અનુપમ મંદિર બાંધ્યું, તે કાર્યમાં પણ મુખ્ય સહાયતા આ ધારાવર્ષની હતી એમ જિનહર્ષકૃત વસ્તુપાલ ચરિત્રના નીચેના ઉલ્લેખથી જણાય છે.

આ મંદિર બાંધવાનો પ્રસંગ જણાવતાં જિનહર્ષ કહે છે કે શત્રુંજય અને ગિરનાર વગેરે તીર્થો ઉપર મંદિરો બંધાવ્યા પછી વસ્તુપાલની દૃષ્ટિ આબુ ઉપર ગઈ અને ત્યાં પોતાના સદ્ગત બંધુ લુણિગની સ્મૃતિ માટે મંદિર બંધાવવાનો પોતાનો મનોરથ નાના ભાઈ તેજપાલને જણાવ્યો અને તે સંબંધી વાતચીત કરવા તેજપાલને તેણે ચંદ્રાવતીમાં ધારાવર્ષ પાસે મોકલ્યો.

ज्येष्ठादेशं ततः प्राप्य स प्रौढैः पार्थिवैर्वृतः ।
चंद्रावत्यां स्वयं प्रापद् धारावर्षनृपालयम् ॥

राज्यभारधुराधारं तेजःपालं समागतम् ।
वीक्ष्योत्थाय च सस्नेहमालिलिंग नरेश्वरः ॥

विधाय वसुधाधीशस्तं मृगेंद्रासनासितम् ।
सत्कृत्यागमहेतुं च प्रपच्छाथ जजल्प सः ॥

अर्बुदाधित्यकायां श्रीजिनचैत्यं चिकीरसौ ।
सहाय्यं वो महीशानां ज्येष्ठबन्धुः समीहते ॥

धारावर्षोऽब्रवीद् राजा भ्रातुस्तव गरीयसः ।
सेवकोऽस्मि महामात्य नियोज्यः सर्वकर्मसु ॥

अद्य मे सफलं राज्यं प्रशस्या च गृहस्थितिः ।
मंत्रिचिंतामणिर्यत्त्वं स्वयमेवागतो गृहे ॥

भवतो दर्शनं मंत्रिन् विना भाग्यैर्न लभ्यते ।
जिनोक्तधर्मवद्विश्वजीवजातसुखावहम् ॥

अतोऽत्र भवता कार्यः कृतार्थः स्वमनोरथः ।
अस्मिन् कार्ये तवादेशवशोऽस्म्यहं महामते ॥

ततो दानैस्तमानन्द्य सहायीकृतभूभुजम् ।
आरुरोह गिरिः गं स मंत्री संगतो नृपैः ॥

(वस्तुपालचरित्र, सर्ग ८, श्लोक ८०-८८)

ધારાવર્ષ ઘણો બલવાન તેમ જ બાણવિદ્યામાં અતિ નિપુણ હતો. એણે એક વખતે એક જ બાણવડે, સરખી રીતે ઉભેલા ત્રણ પાડાઓ વીંધી નાંખ્યા હતા એમ કહેવાય છે. એ સ્મૃતિ કાયમ રાખવા માટે આબુના અચલેશ્વર મંદિર આગળ જે મંદાકિની નામનો પાણીનો કુંડ છે તેની પાળ ઉપર, બાણધારી ધારાવર્ષની પૂરા કદની મૂર્તિ ઉભી કરેલી છે અને તેની સન્મુખ સરખા કદના ત્રણ પત્થરના પાડા બનાવીને ઉભા કરેલા છે; અને તે દરેકના પેટમાં આરપાર દેખાય તેવા છિદ્રો બતાવવામાં આવ્યા છે. આ બાબતનો ઉલ્લેખ પણ, એના વંશના છેલ્લા રાજા પ્રતાપસિંહના સમયનો સંવત ૧૩૪૪ નો સીરોહી રાજ્યના ગિરવર ગામમાં જે પાટનારાયણનો શિલાલેખ મળેલો છે તેમાં આ પ્રમાણે કરેલો છે—

तस्मिन् किलार्बुदधरावलये स धारा-
वर्षो बभूव नृपतिर्गुरुवीररत्नम् ।
यस्य मभापरिकरोद्य दिनानि यावत्-
यस्मिन्नसत्यपि लसद्द्युतिरद्भुतं तत् ॥१४ ॥
एकबाणनिहतत्रिलुलायं यं निरीक्ष्य कुल्योधसदृक्षम् ।
चंडिका कृततदेककपाला लज्जितासिमधुना न धुनोति ॥ १५

(ઇન્ડિયન એન્ટીકવરી, સન ૧૯૧૬, પૃ. ૭૮)

એણે પોતાનો આવો અતુલ પરાક્રમથી આખા ભારતવર્ષને ચકિત કર્યો હતો એવો ઉલ્લેખ પ્રહ્લાદનદેવના પાર્થપરાક્રમ નાટકમાં છે. યથા–

नटः—आर्य, तदेतदतुलपराक्रमचमत्कारिताखिलभारतस्य श्रीधारावर्षस्य पर्षदा महितं पत्रकम् ॥ (ગાયકવાડ ઓરિઅન્ટલ સીરીઝમાં પ્રકાશિત પૃ. ૨)

બારડ વંશ : ત્રીજા શ્લોકમાં જણાવેલો બારડ વંશ પરમાર જાતિના રાજપૂતોની એક શાખારૂપ હતો. મહીકાંઠા એજંસીમાં આવેલા મુદાસણા ગામના ઠાકોર એ બારડ-વંશના છે. એ શાખાના પરમાર રાજપૂતો આબુની આસપાસમાં ઘણા ઠેકાણે જોવામાં આવે છે. પદ્મનાભના કાન્હડદે પ્રબંધમાં પણ બારડ રાજપૂતોનો ઉલ્લેખ આવે છે. જેમકે—

त्रसांगम्रु, दांतु, भेलडी, वाघेला, वारड ग्या चंडी

(કાન્હડદે પ્રબંધ, પૃ. ૮૦)

સીરોહી રાજ્યમાં બારડ કરીને એક જૂનું ગામ છે તેની સાથે આ શાખાનો સંબંધ હશે કે નહિ તે કહી શકાય એમ નથી.

(૨) સંવત્ ૧૫૪૪ નો લેખ.

એ વૈદ્યનાથ મંદિરની જમણી બાજુની ભીંત ઉપર બહારના ભાગમાં એક નાનો

સરખો લેખ ખોદેલો છે અને તેમાં લખ્યું છે કે સં. ૧૫૫૪ ના વર્ષમાં ઠા. ચાંગાના પુત્ર કાજાની ભાર્યા કુંતીએ આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો.

લેખની નકલ

संवत १५४४ व्रषे (वर्षे)
ठा. चांगा स (सु) त
श्री काजा भा-
र्ज्या (र्या) कुंती प्रा-
साद जीर्णो-
धार ऊधर

(૩-૪) શાસન પટ્ટના ૨ લેખો.

મંદિરના આગળના ભાગમાં આવેલા ચોકમાં બે લાંબા પત્થરો પડેલા છે, અને દરેક ઉપર લેખ કોતરેલા છે. પત્થરાઓ અવ્યવસ્થિત રીતે પડેલા હોવાથી તેમ જ બેસવા માટે, ચટણી વાટવા માટે કે બીજી કોઇ ચીજોની ભાંગ-ફોડ કરવા માટે તેમનો સદા ઉપયોગ થતો હોવાથી લેખના અક્ષરો ઘણાખરા ઘસાઇ ગયા છે. પ્રારંભનાં થોડાંક વાક્યો આ પ્રમાણે ઉકેલી શકાયાં છે,

૩) ૧ લો પત્થર (१) स्वस्ति सं. १३....२ (?) वर्षे अश्विनवदि १३
(२) बुधे । अद्येह राण श्री आनलदेवस्य
(३) प्रसाद पत्त [ला] यां भुज्यमान वाटा (?) चतुरा-
(४) सिकाग्यां राण० श्री आनलदेवेन वाटा-
(५) वलिश्री वैद्यनाथ देवस्य परिसरे
(६) सोम पर्वणि.........(પછી વંચાતું નથી.)

(૪) ૨ જો પત્થર (१) संवत् १३२ (?) वर्षे कार्तिकशुदि
(२) गुरावद्येह श्रीवाटापल्यां
(३) महाराणकश्रीअर्जुनदे—
(४) वेन श्रीवैद्यनाथसत्क.........

(આ પછી બીજી પંક્તિઓ છે તે ઉકલતી નથી.)

આમાંના ૧ લા પત્થર ઉપર સ્ત્રી અને શકરની સંભોગક્રિયાદર્શક આકૃતિ, અને બીજા ઉપર ઘોડાની આકૃતિ ખોદેલી છે. આ ઉપરથી જણાય છે કે આ બંને શિલાસ્તંભ શાસનપટ્ટ હોવા જોઇએ. રાણા આનલદેવે અને અર્જુનદેવે વૈદ્યનાથના મંદિરને કાંઇ જમીન

કે દાનની ભેટ કરી હોવી જોઈએ અને તે ભેટનો ઉપભોગ વૈદ્યનાથ માટે સદા થયા કરે તે અર્થે. આ લેખો ખોદાવેલા હોવા જોઇએ.

આ લેખોમાં જણાવેલા રાણા આનલદેવ અને અર્જુનદેવ કોણ હતા તે સ્પષ્ટ જણાતું નથી. કમનસીબે લેખોની સાલ બરાબર ઉકલતી નથી. તેથી સમયનો ચોક્કસ ખ્યાલ પણ આવતો નથી. છતાં સંવત્ ૧૩૦૦ પછીના આ લેખો છે એટલું તો ચોક્કસ કહી શકાય તેમ છે. સં ૧૩૦૦ સુધી તો વડાલીવાળો પ્રદેશ ચંદ્રાવતીના પરમારોના અધિકાર નીચે હતો, એમ એ રાજાઓના લેખોથી સમજાય છે.

શીરોહી રાજ્યના વાસાનામના ગામથી બે માઇલ ઉપર નષ્ટપ્રાય થએલું એક કાળાગરા નામનું ગામડું છે. ત્યાં આગળથી એક લેખ મળી આવ્યો છે, જે મેં પ્રાચીન જૈન લેખસંગ્રહના બીજા ભાગમાં ક્રમાંક ૪૨૬ પ્રકટ કર્યો છે. એ લેખમાં ચંદ્રાવતીના મહારાજાધિરાજ આલ્હણસિંહનો નિર્દેશ છે. આ આલ્હણસિંહ કયા વંશનો હતો તેનો ખુલાસો એ લેખથી થતો નથી. તેમ સં. ૧૩૪૪ ના પાટનારાયણના લેખમાં ધારાવર્ષના વંશજ પ્રતાપસિંહ પરમારની જે વંશાવળી આપેલી છે તેમાંયે આલ્હણસિંહનું નામ નથી. તેથી અનુમાન થાય છે કે આ આલ્હણસિંહ પરમારવંશીય નહિ પણ બીજા કોઇ વંશનો હોવો જોઇએ. એણે, ધારાવર્ષના પૌત્ર કાન્હડસિંહ પાસેથી ચંદ્રાવતીનું રાજ્ય પડાવી લીધું હોય એમ લાગે છે. આ આલ્હણસિંહ એ જ આપણા વડાલીના ઉપર્યુક્ત ૧ લા લેખમાંનો આનલદેવ હોય એમ લાગે છે.

બીજા લેખમાં લખેલા અર્જુનદેવ માટે પણ આવી જ અનિશ્ચિતતા છે. આ અર્જુન આનલનો જ કોઈ સંબંધી હોવો જોઇએ; કારણ કે બંનેના ઉપપદ રાણક છે. સીરોહી રાજ્યના પીંડવાડા પરગણામાં અજારી નામનું ગામ છે. ત્યાંના ગોપાલમંદિરમાં સં. ૧૩૨૦ નો એક લેખ છે જેમાં મહારાજાધિરાજ અર્જુનદેવનો ઉલ્લેખ આવેલો છે. આ અર્જુનદેવના વંશાદિની એ લેખમાં સૂચના નથી, તેથી એ ક્યાંનો અને કયા વંશનો રાજા હતો એ ચોક્કસ થતું નથી. પં શ્રી ગૌરીશંકર ઓઝા, પોતાના સીરોહી રાજ્યના ઇતિહાસમાં (પૃ ૧૫૫ ની નોટ) આના સંબંધમાં લખે છે કે–' સંભવ છે કે આ અર્જુનદેવ એ નામનો વાઘેલા અર્જુનદેવ હોય પણ જો એ વાઘેલા ન હોય તો આપણે એમ માનવું પડશે કે–તે ઉપર્યુક્ત આલ્હણસિંહનો ઉત્તરાધિકારી હોવો જોઇએ.'

મારા વિચાર પ્રમાણે અજારી વાળા લેખમાંનો અર્જુનદેવ અને આપણા વડાલીના લેખમાંનો અર્જુનદેવ બંને એક જ હશે

(૪–૫–૬–૭–૮) જૈનમંદિરમાંના લેખો.

વડાલી ગામમાં જૈનોની ઠીક વસ્તી છે. ત્રણ જૈનમંદિરો છે, તેમાં બે મ્હોટાં કહી શકાય. આ મ્હોટાં મંદિરોની બાંધણી જૂની ધાટીની જ છે; પણ પુનરુદ્ધાર કરતી વખતે અવ્યવસ્થા બહુ થઇ ગએલી છે. એમાં એક મંદિર શાંતિનાથનું છે અને તે શ્વેતાંબર સંપ્રદાયનું છે. બીજું પાર્શ્વનાથનું દિગંબર આમ્નાયનું છે. શાન્તિનાથના મંદિરની આસ-

પાસ ૨૪ નાની દહેરીઓ આવેલી છે. તેથી એ મંદિર ચતુર્વિંશતિ-જિનાલય કહેવાય. મૂલ મંદિરમાં જે પ્રતિમા છે તે નવી બેસાડેલી છે પણ બાજુની દેવકુલિકામાં પ્રાચીન પ્રતિમાની બેસણીનું જે સિંહાસન પડેલું છે. તેના ઉપરનો લેખ જોતાં ૧૨ મા સૈકા કરતાંએ પહેલાનું એ મંદિર હોય તેમ લાગે છે. એ સિંહાસન ઉપરનો લેખ આ પ્રમાણે છેઃ—

(५) ॐ ॥ संवत् १२७५ वर्षे वैशाख शुदि ४ शुक्रे ।
श्रीमच्चन्द्रकुले नभोवदतुले सज्जीवकाव्यालये
भास्वत्सोममुनीन्द्रमंगलबुधोत्ताराविशाखोदये
जातो मोहतमोपहो दिनमणिः श्रीवर्धमानाभिधः
सूरिर्भू (?) रि गुणप्रतोपितगुरो भव्यांबुजोद्बोधकः ॥ १
तत्पट्टे श्रीदेवसूरिः हेमसूरिस्ततोभवत् ।
जज्ञेथ श्रीयशश्चन्द्रः सूरिः सूरिशिरोमणिः ॥ २
सूरिश्रीमुनिचन्द्राह्वो विश्वविद्यामहोदधिः ।
ततः श्रीकमलप्रभसूरिः काम (२) मदापहः ॥ ३
तत्संताने गुणाधिने हुम्बटान्वयशालिना ।
श्रीसंघसमुदायेन मोक्षसंगमकांक्षिणा ॥४॥
सौधपंक्तिविनिर्जितविबुधविमानावल्यां ।
वाटापल्यां श्रियोवल्यां नगर्यां न्यायभूपतेः ॥ ५
श्रीम (३) तः शान्तिनाथस्य त्रिलोकीशान्तिकारिणः ।
विंबोद्धारः शुभाकारश्चक्रे पापप्रणाशनः ॥ ६
प्रतिष्ठितः श्रीसोमसूरिभिः ॥ मंगलमस्तु ॥ कर्मस्थाने
कारापकः पंडितजिनचन्द्रः ॥ इति ॥ छ ॥ छ ॥ छ ॥

ભાવાર્થઃ—સંવત્ ૧૨૭૫ ના વૈશાખ સુદી ૪, શુક્રવાર. ચંદ્રકુલમાં સૂર્યસમાન તેજસ્વી શ્રી વર્ધમાન નામે આચાર્ય થયા. તેમના શિષ્ય દેવસૂરિ, તેમના હેમસૂરિ, તેમના યશશ્ચંદ્ર, અને તેમના શિષ્ય મુનિચંદ્ર થયા જેઓ જગતની બધી વિદ્યાઓના પારંગત હતા. તેમના શિષ્ય કમલપ્રભસૂરિ થયા. એ સૂરિના અનુયાયી એવા હુંબડવંશના સંઘ-સમુદાયે મોક્ષની પ્રાપ્તિની આકાંક્ષાથી, પોતાની ભવનપંક્તિથી સ્વર્ગના વિમાનોની પંક્તિને પણ જાણી જીતિ લેતી હોય એવી ન્યાય ભૂપતિની વાટાપલ્લી (વડાવલી) નગરીમાં, ત્રૈલોક્યને શાંતિ આપનાર શાંતિનાથની મૂર્તિનો પુનરુદ્ધાર કરાવ્યો; અને સોમસૂરિએ એ મૂર્તિની પ્રતિષ્ઠા કરી. કર્મસ્થાન એટલે કમઠાણ ઉપર પંડિત જિનચંદ્રે દેખરેખ રાખીને આ મૂર્તિ કરાવી છે.

હુંબડવંશ: ગૂજરાતના વણિકોની આ એક જાતિ છે. ઇડર, અમદાવાદ વિગેરે સ્થળોમાં એ જાતિના કેટલાક ઘરો છે. ગૂજરાતમાં દિગંબર આમ્નાય માનનાર મુખ્ય પણે આ જ જાતિ છે. ઇડરમાં આ જાતિવાળા કેટલાક શ્વેતાંબર સંપ્રદાયના પણ અનુયાયી છે અને તે ઘણા જૂના સમયથી હોય એમ આ લેખ ઉપરથી આપણે જોઇ શકીએ છીએ.

શેઠની મૂર્તિનો લેખો.

(૬) એ મંદિરમાં આરસપત્થરની ઘડેલી એક શેઠની મૂર્તિ ઊભેલી છે જેના ઊપર આ પ્રમાણે લેખ ખોદેલો છે.

संवत् १२१५ वैशाख सुदि ३
बुधे कदराश्रेष्ठेः

અર્થાત્ સં. ૧૨૧૫ ના વૈશાખ સુદિ ૩ બુધવારના દિવસે કદરા શેઠની આ મૂર્તિ કરાવવામાં આવી.

(૭) આવી જ એક મૂર્તિ પાર્શ્વનાથના મંદિરમાં પણ ઉભેલી છે અને તેના ઊપર માત્ર श्रेष्ठिधीरदेवस्य આટલો જ ઉલ્લેખ છે.

શેઠોની મૂર્તિઓ બે હાથ જોડીને ઉભેલી છે. ગળામાં કંઠી છે. બંને ભુજાઓમાં મોટા મણકાવાળા ભુજબંધ પહેરેલા છે. ગળામાં દુપટો નાંખેલો છે જેના છેડા ઠેઠ ઘુંટણ સુધી લટકે છે. કમરે કમરબંધ બાંધેલો છે અને તેમાં કટાર ખોસેલી છે. માથું ઉઘાડું છે અને તેમાં ઝીણા ઝીણા કેશ બતાવવામાં આવ્યા છે. છાતી સુધી લટકતી દાઢી છે.[૪]

આ જાતની મૂર્તિઓ ઘણા ઠેકાણે જોવામાં આવે છે. ઘણીક મૂર્તિઓ સસ્ત્રીક પણ હોય છે. મૂર્તિવાળા પુરુષને જો બે સ્ત્રીઓ હોય તો અડખે પડખે બંને સ્ત્રીઓની મૂર્તિઓ પણ બનાવેલી હોય છે. કેટલીક મૂર્તિઓની આસપાસ મૂર્તિવાળાનાં પુત્ર-પુત્રીઓના મૂર્તિઓ પણ નાના આકારમાં ઘડેલી હોય છે. જે ગૃહસ્થ પોતાના દ્રવ્યથી આવાં ધર્મસ્થાનો બનાવતાં તેમાં પોતાની આવી જાતની મૂર્તિઓ પણ બનાવીને બેસાડતા હતા. આબુના મંદિરોમાં વસ્તુપાલ તેજપાલની સસ્ત્રીક આવી મૂર્તિઓ ખાસ ધ્યાન ખેંચે તેવી છે.

(૮) સિંહાસન નીચેનો લેખ.

પાર્શ્વનાથના મંદિરમાં કોઇ નષ્ટ થએલી મૂર્તિની બેસણીના સિંહાસનનો પત્થર પડેલો છે. તેના ઉપર નીચેનો લેખ ખોદેલો છે.

सं. १२७१ वर्षे आश्विनवदि ० शनौ चडमुहयास्तव्य श्रेष्ठिधीरदेव-
भार्या लाडीसंभवनाथप्रणमतिपरिकरोद्धारः

૪ આજ પ્રકારની લગભગ ત્રણ-ચાર ફીટની ઉંચાઇવાળી એક મૂર્તિ, વડાલીના રામજીના મંદિરમાં પણ ઉભેલી છે જેને પૂજારીઓ ગરુડની મૂર્તિ કહીને પૂજે છે.

तारे मया खलु पुरामृतमन्थनेऽपि
गत्वा महस्य सुरदानवदैत्यसंघान् ।
उत्फुल्लनेत्रसुरगेन्द्रमुदग्ररूप-
माकृष्यमाणमवलोक्य सुविस्मितास्ते ॥ '

તારા ફરી આજીજી કરે છે. વાલી સમજે છે કે તારાને એના બલ ઉપર શ્રદ્ધા નથી; અને તેથી એનો અભિમાની આત્મા ભભૂકી ઉઠે છે. ' આઃ ! હું કહું એમ કર. અંતઃપુરમાં ચાલીજા. आः मम वशानुवर्तिनी भव ! प्रविश त्वमभ्यन्तरम् तारा-' આહું અભાગણી ચાલી.' વાલી તારાને જતી જુએ છે, હૃદય જરા નરમ પડે છેઃ 'हन्त प्रविष्टा तारा.' પણ તુરત જ સુગ્રીવને આહ્વાન કરે છે. સુગ્રીવ વિનયપૂર્વક આહ્વાનો સ્વીકાર કરે છે. બન્ને યુદ્ધ કરે છે.

વાલીના ઓજસ્વી અને પ્રેમાળ અને ગર્વિષ્ઠ સ્વભાવની કલ્પના તારા સાથેના સંલાપથી થાય છે. તારાનું આવી બાબતોમાં સ્ત્રીસહજ સૂક્ષ્મદર્શિત્વ કવિએ પહેલા વાક્યમાં જ બતાવ્યું છે.

યુદ્ધ જોઇ રામ વાલીના બલથી ચકિત થાય છે; લક્ષ્મણ સુગ્રીવની શક્તિનું વર્ણન કરે છે; અને બન્ને ભાઇઓને લડતા જોઇ આ લોકો અનાર્ય છે એવું સૂચન કરે છે. વાલીના પ્રહારથી સુગ્રીવ પડે છે. હનુમાન ગભરાઇને રામ પાસે આવે છે-'વાનરેન્દ્ર બળવાન છે. મારો પતિ દુર્બલ છે, અવસ્થા અને પ્રતિજ્ઞા-એ બધું આપ વિચારો'. રામ શર મારે છે. વાલી મૂર્છિત થઇ પડે છે, પછી ભાન આવતાં શર ઉપર નામાક્ષરો વાંચે છે, અને આ અણછાજતા કૃત્યનો ઉત્તર માગે છે.

' युक्तं भो ! नरपतिधर्ममास्थितेन
युद्धे मां छलयितुमक्रमेण राम ।
वीरेण व्यपगतधर्मसंशयेन
लोकानां छलमपनेतुमुद्यतेन ॥

हन्त भोः !

भवता सौम्यरूपेण यशसो भाजनेन च ।
छलेन मां प्रहरता महदयशः कृतम् ॥

भो राघव ! चीरवल्कलधारिणा वेषविपर्यस्तचित्तेन मम भ्रात्रा सह युद्धव्यग्रस्याधर्म्यः खलु प्रच्छन्नो वधः ।

અરે રામ ! તું રાજધર્મનું પાલન કરે છે, વીર છે, લોકોનો છળ દૂર કરવા ઉદ્યમ કરે છે, તો શું આમ ધર્મનો વિચાર છોડી દઇ યુદ્ધમાં અને અયોગ્ય રીતે ઉતરવો એ યોગ્ય છે ? અરે હે ! તું સૌમ્યરૂપ છું, કીર્તિવાળો છું; અને છળથી પ્રહાર કરીને તેં

અપજશ પ્રાપ્ત કર્યો છે. અરે રાઘવ! ચીરવલ્કલધારી, વેશથી વિપર્યસ્તવાળા (એવા તેં) મારો–ભાઇની સાથે યુદ્ધમાં વ્યગ્રનો–છાનો વધ કર્યો છે તે અધર્મ્ય છે.' રામ પૂછે છે કે શું આ પ્રચ્છન્ન વધ અધર્મ્ય છે? વા–'कः संशयः–નિઃસંદેહ.' વાલી પણ છે અને દણ્ડય છે એમ કહી રામ રદીઓ આપે છે. વાલી પોતાનો અપરાધ પૂછે છે. રામ–'અગમ્યા સાથે સંગ!' વાલી–'અગમ્યા સાથે સંગ! એતો અમારો (ધર્મ) આચાર છે.' રામ કહે છે–'તું ધર્માધર્મ જાણે છે, અને છતાં શું ભ્રાતૃદારાનું અભિમર્શન તારા માટે યોગ્ય હતું?' વાલી કહે છે 'આ બાબતમાં તો સુગ્રીવ પણ અપરાધી છે.' રામ–'મોટાથી કોઇ દિવસ નાનાની દારાનું અભિમર્શન થાય નહિ.' વાલી અનુત્તર થાય છે, અને આશા રાખે છે કે રામે દણ્ડ દીધો હોવાથી તે વિગતપાપ થશે. વાલી શાન્ત થાય છે, સુગ્રીવને પોતાના ભાઇની આ અન્તિમ સ્થિતિ જોઇ દુઃખ થાય છે; વાલી વીરપુરુષને ઉચિત જવાબ આપે છે–'લોકધર્મ એવો છે.' એટલામાં નેપથ્યમાં સ્ત્રીઓનો અવાજ આવે છે. વાલી સુગ્રીવને તેમને રોકવા કહે છે 'આવી સ્થિતિમાં તેઓ મને જુએ એ યોગ્ય નથી.' સુગ્રીવ હનુમાનને રોકવા મોકલે છે; હનુમાન અંગદને લઇ આવે છે; પિતાની આ સ્થિતિ જોઇ અંગદને ક્લેશ થાય છે. વાલી એને રોકે છે અને સુગ્રીવને 'પોતાનો કુલપ્રવાલ' સોંપે છે; અને રામને સુગ્રીવ અને અંગદનો કોઇ અપરાધ થાય તો ક્ષમા કરવા વિનંતી કરે છે; સુગ્રીવને બોલાવી પોતાના કુલનું ધન 'હેમમાલા' આપે છે; હનુમાન પાસે પાણી મંગાવે છે, અને આચમન કરી પ્રાણ છોડે છે. રામ સુગ્રીવને વાલીનો સંસ્કાર કરવાની આજ્ઞા આપે છે, અને લક્ષ્મણને સુગ્રીવના અભિષેકની તૈયારી કરવા કહે છે. પ્હેલો અંક પૂરો થાય છે.

આ અંકમાં વાલીનું નિરૂપણ ખાસ ધ્યાન ખેંચે છે. એનું બળ, એનો અહંકાર, અને અહંકારજન્ય પોતા વિષે અતુલ શ્રદ્ધા, અને તેથી પોતાના કૃત્યોની યોગ્યતા વિષે અસંદેહ–થોડાકમાં પણ સુરેખ રીતે કવિએ બતાવ્યાં છે; અને અન્તિમ દશાએ પ્હોંચ્યા પછી તેની ક્ષમા અને ઉદારતા–મરણમાં વૈર પણ મરે છે એ ભાવનાને વ્યક્ત કરતી ઉદારતા–બતાવી કવિ પોતાના હૃદયની ભાવના વ્યક્ત કરતો હોય એમ દેખાય છે. આ સ્વભાવચિત્રણ ઊરુભંગના દુર્યોધનનું સ્મરણ કરાવે છે.

આ અંકમાં બીજો એક પ્રશ્ન રામના કૃત્ય વિષે ઉપજે છે, અને તે ભીમે કરેલા દુર્યોધનના ઊરુભંગ જેવો જ છે. રામનો ખુલાસો એ કવિનો માનીએ તો આપણને અસંતોષ તો રહે છે જ. વાલી દણ્ડય હશે–અને રામ એના મુખે એ કબુલ કરાવે છે, અનિષ્ટમાં એ પણ વધતાઓછાપણું હોય છે એ ન્યાયના આધારે–પણ એનો પ્રચ્છન્ન વધ રામ માટે શી રીતે ન્યાય્ય છે એ આપણે સમજી શકતા નથી. ધર્મની દૃષ્ટિએ એનું સમર્થન થવું શકય નથી. બાકી કાર્યની દૃષ્ટિએ,–વ્યવહારની દૃષ્ટિએ–આપણે સમજી શકીએ એવું એ છે. રામને પોતાની પત્નીની શોધ કરાવી છે: અને તે માટે 'પરસ્પર ઉપકાર' કરવાની પ્રતિજ્ઞાપૂર્વક આ વાનર સાથે મૈત્રી બાંધી છે. સુગ્રીવ વાનરોનો અધિપતિ થાય તો જ આ શકય હતું, અને વાલીને માર્યા વિના એ શકય ન હતું; હનુમાન પ્રતિજ્ઞાનું

સ્મરણ કરાવે છે અને રામ વાલીને મારે છે અને પોતાના કાર્યની સિદ્ધ અર્થે પ્હેલું પગલું ભરે છે. કાર્યનું બીજ અને તે અંગે પ્રથમ પ્રયત્ન આ અંકમાં આવી જાય છે.

બીજા અંકના વિષ્કમ્ભકમાં આ પ્રયત્નનું પરિણામ દેખાય છે. રામના ઉપકારનો બદલો સુગ્રીવ પ્રત્યુપકારથી વાળે છે. કકુભ નામનો વાનર 'કામ લગભગ પૂરું થવાથી બધા વાનરના યૂથપતિઓ ખાવા પીવામાં રોકાઇ ગયા છે,' એમ કહી પોતે ખાવાની તૈયારી કરે છે. એટલામાં બિલમુખ નામનો બીજો વાનર પ્રવેશ કરે છે. 'આર્ય રામે કરેલા ઉપકારના બદલામાં પ્રત્યુપકાર કરવા માટે સુગ્રીવે સીતાને શોધવા સર્વે દિશાઓમાં વાનરો મોકલ્યા છે.' અંગદ દક્ષિણ દિશામાં ગયો છે; તેની ખબર મેળવવા સુગ્રીવે તેને મોકલ્યો છે. બિલમુખ કુમાર અંગદને શોધે છે એવામાં કકુભને જુએ છે. એટલે તેની પાસે જાય છે અને બધી ખબર મેળવે છે. 'રામપત્નીનો ખગેન્દ્ર (જટાયુ) પાસેથી વૃત્તાન્ત મેળવી હનુમાન મહેન્દ્ર પર્વત ઉપર ચઢી લંકા જવા માટે વીર્યના પ્રાબલ્યથી સમુદ્ર આજે ઓળંગી ગયા છે.' એટલે લગભગ અડધું કાર્ય થઇ ગયું છે. બન્ને અંગદ પાસે જાય છે.

બીજા અંકમાં કવિ આપણને રાક્ષસીઓથી ઘેરાએલી સીતાનું દર્શન કરાવે છે. રામથી વિયુક્ત થવાં છતાં અને રાક્ષસોની મરજીમાં આવે એવાં અયોગ્ય બોલો સાંભળવાં પડતાં છતાં પોતે જીવે છે એ અતિધૈર્ય માટે સીતા પોતાનો ધિક્કારે છે. 'અથવા આર્યપુત્રના બાણના વિશ્વાસથી જીવું છું.' પણ આ દુઃખની ભઠ્ઠીમાં પાણી પડયું હોય એમ આજે સીતાનું હૃદય પ્રસન્ન થાય છે; સીતા વિચારે છે 'શું આર્યપુત્ર મારા વિષે પ્રસન્નહૃદય થયા હશે?'

હાથમાં વીંટી લઈ હનુમાન લંકામાં પ્રવેશ કરે છે. રાવણની નગરીનું વર્ણન કરે છે. હનુમાનને અફસોસ થાય છે–'આવી ઉત્તમ રાજલક્ષ્મીને પ્રાપ્ત કરી દશગ્રીવ આડે માર્ગે જઇને તેનો નાશ કરવા બેઠો છે.' આખી નગરી હનુમાન ફરી વળ્યો છે પણ સીતાનો ક્યાંઇ પત્તો લાગ્યો નથી. પોતે નિરાશ થાય છે, વળી એકવાર પ્રયાસ કરે છે. 'આ હવેલી ઉપર ચઢીને જોઉં.' 'અયે આ પ્રમદવનરાશિ છે. ત્યાં જઇ તપાસ કરું.' હનુમાન પ્રમદવનમાં જાય છે, વર્ણન કરતો કરતો શોધે છે. 'આ પ્રદેશમાં પ્રભાશાલી જેવું કોણ દેખાય છે?' તપાસ કરે છે. 'અરે આ કોણ છે?

राक्षसीभिः परिवृता विकृताभिः सुमध्यमा ।
नीलजीमूतमध्यस्था विद्युल्लेखेव शोभते ॥

વિકૃત રાક્ષસીઓથી ઘેરાએલી સુમધ્યમા કાળાં વાદળામાં વિદ્યુલ્લેખા જેવી શોભે છે! કાળા નાગ જેવી એકવેણી એ ધારે છે, અનશનથી દેહ કૃશ છે, અને આંસુથી વદન ભીનું છે!' હનુમાન વધારે ખાત્રી કરે એ પ્હેલાં તો દીવીઓનો પ્રકાશ દેખાય છે. રાવણને આવતો જોઈ તેનું વર્ણન કરે છે. હવે શું કરવું એની હનુમાનને ચિન્તા થાય છે.

એક અશોક વૃક્ષ જોઇ તેના ઉપર ચઢી જાય છે, અને તેનાથી ઢંકાઇ બધો વૃત્તાન્ત બરાબર જાણવા તે પ્રયત્ન કરે છે.

રાવણ પ્રવેશ કરે છે. આખા વિશ્વને, દેવદાનવ સર્વને હરાવી પોતાના કબજે કર્યા છે. પણ 'અહો દૈવની વિઘ્નક્રિયા! આ એક અવિવેકિની સીતા મારા ઉપર પ્રેમ નથી કરતી, અને પેલા ક્ષુદ્ર ક્ષત્રિય તાપસ વિષે નિશ્ચલ રીતે મુગ્ધેક્ષણા આસક્ત રહી છે!

सीता मामविवेकिनी न रमते, सक्ता च मुग्धेक्षणा ।
क्षुद्रे क्षत्रियतापसे ध्रुवमहो दैवस्य विघ्नक्रिया ॥'

રાવણ આકાશ તરફ જુવે છે. ચંદ્ર દેખાય છે.

उदयति गगने विजम्भमाणः ।
कुमुदवनप्रियबान्धवः शशाङ्कः ॥

રાવણ આગળ ચાલે છે, સીતાને જુવે છે, 'આ સીતા, ઝાડના મૂળ ઉપર બેઠેલી, ધ્યાનમાં લીન હૃદયવાળી, અનશનથી દુર્બળ મુખવાળી, જાણે પોતાના દેહમાં પ્રવેશ કરવા ઇચ્છતી હોય એવી, બેસી ગએલા સ્તન અને ઉદરવાળી રાક્ષસીઓથી ઘેરાએલી મેઘમાં અન્તર્ગત થએલી ચંદ્રલેખા જેવી દેખાય છે. જે આ–

अपास्य भोगान् मां चैव श्रियं च महतीमिमाम् ।
मानुषे न्यस्तहृदया नैव वश्यत्वमागता ॥

ભોગનો, મારો, આ મોટી લક્ષ્મીનો ત્યાગ કરી માનવીમાં હૃદય રાખી વશ ન જ થઇ.'

રાવણની આ ઉક્તિઓથી હનુમાન સમજી જાય છે કે 'આ તે રાજકુમારી, રામની પત્ની મૈથિલી, સિંહને જોઇ ત્રાસ પામેલી મૃગલી જેમ સંતાપ પામે છે.'

રાવણ સીતા પાસે જાય છે. ઉગ્ર વ્રત છોડી દઈ પોતાને વશ થવા સમજાવે છે. સીતા–'રાવણ તું હાસ્યપાત્ર છે, જે વચનમાં રહેલી સિદ્ધિને પણ જાણતો નથી,' (એટલે કે શાપનું બળ તું જાણતો નથી.) હનુમાન રાવણનું વચન સાંભળી ખુબ ગુસ્સે થાય છે, અને રામનું કાર્ય પોતાને જ કરવાનું મન તેને થઈ જાય છે; પણ અટકી જાય છે. 'જો હું રાવણને હણું તો તો કાર્યસિદ્ધિ થઇ જાય, પણ એ રાક્ષસ જો મને મારે તો મોટું કાર્ય બગડે.'

રાવણ સીતાને ફરી વિનવે છે. 'દેવિ! દશશિરનો મનથી સ્વકાર કર.

वरतनु तनुगात्रि कान्तनेत्रे
कुवलयदामनिभां विमुच्य वेणीम् ।
बहुविधमणिरत्नभूषिताङ्गं ।
दशशिरसं मनसा भजस्व देवी ॥

સીતા–'હં, ધર્મ જ ખરેખર વિપરીત થયો છે કે જેથી આ પાપી રાક્ષસ જીવે છે.' રાવણ ફરી 'દેવિ !' કહી કાંઈ કહેવા જાય છે. સીતા શાપ આપે છે. રાવણ પતિવ્રતાના ત્રણ અક્ષરોનું 'सत्तोऽसि' નું તેજ અનુભવે છે. નેપથ્યમાં ઘોષણા થાય છે. 'જયતુ દેવ. દશ નાડિકાઓ પૂર્ણ થઇ છે. સ્નાન વેળા વીતી જાય છે.' રાવણ ચાલ્યો જાય છે.

હનુમાન જુએ છે કે રાવણ ચાલ્યો ગયો છે; રાક્ષસસ્ત્રીઓ સૂઈ ગઇ છે. દેવી પાસે જવાનો આ સમય છે, એમ કહી નીચે ઉતરે છે. 'જયતુ અવિધવા! મને રાજા રામે મોકલ્યો છે. તારા વિષેના સ્નેહને લઇને સન્તાપથી એમનું ચિત્ત વિક્લવ થયું છે.' સીતાને શો ઉત્તર આપવો એની સુઝ પડતી નથી. એને ભય છે કે 'પાપી રાક્ષસ વાનરરૂપે પોતાને આર્યપુત્રનો સંબંધી જણાવી છેતરવા ઇચ્છતો હશે?' સીતા મૂગી રહે છે. હનુમાન ખાત્રી આપવા પ્રયત્ન કરે છે. 'ઇક્ષ્વાકુકુલદીપે વાનર સાથે સંધિ કરી તને શોધવા માટે મને હનુમાન નામના વાનરને મોકલ્યો છે.' સીતા વિચારે છે—'ભલે ગમે તે હોય! આર્યપુત્રના નામથી હું એની સાથે વાત કરીશ.' વાત કરે છે 'ભદ્ર! આર્યપુત્રનાં શા ખબર છે!' હનુમાન રામના વિરહકૃશ શરીરનું વર્ણન કરે છે. સીતા એ સાંભળી શરમાય છે 'આ વાનર જો સાચું બોલતો હોય તો આર્યપુત્રનો મારો વિરહપરિશ્રમ પણ સફળ થયો. આર્યપુત્રનો આ જન વિષે અનુક્રોશ અને પરિશ્રમ સાંભળી હૃદય સુખ અને દુઃખની વચ્ચે (ઝુલે છે.)' સીતા પૂછે છે. 'ભદ્ર! તમારો અને આર્યપુત્રનો સંગમ કેવી રીતે થયો?' હનુમાન આખો વૃત્તાન્ત–વાલિવધથી તે જટાયુ પાસેથી ખબર મળી ત્યાં સુધીનો વૃત્તાન્ત જણાવે છે. 'તને શોધવા માટે રાજાએ સર્વ દિશાઓમાં જે વાનરો મોકલ્યા તેમાંનો હું આજે ગૃધ્રના વચનથી હે દેવિ! તારી પાસે આવી પહોંચ્યો છું' इदमिव' કહી વીંટી બતાવે છે* સીતા 'અહો દેવો અકરુણ છે જે આર્યપુત્રને આટલો શોક કરાવે છે. अहो अअरुणा क्खु इस्सरा एवं सोअन्तं अरयउत्तं करअन्ते !' હનુમાન આશ્વાસન આપે છે. 'આપ વિષાદ ન કરશો. રામ પોતે જ ધનુષ લઇ વાનરસેના સાથે દશગ્રીવને ઉખાડી નાખવા લંકા ઉપર ચઢાઇ કરશે.' સીતા બીચારી કહે છે 'શું મેં સ્વપ્ન જોયું? ભદ્ર આ શું સત્ય છે? મને કાંઇ ખબર પડતી નથી.' હનુમાન સીતાની આ સ્થિતિ સમજે છે અને દુઃખી થાય છે. 'ભર્તૃવત્સલ ભર્તાને આ પ્રમાણે ગાઢ રીતે જાણ્યા છતાં પણ શોકાર્ત ખાત્રી પામતી નથી, અન્ય દેહને પામી હોય તેમ.

एवं गाढं परिज्ञाय भर्तारं भर्तृवत्सला।
न प्रत्यायति शोकार्ता यथा देहान्तरं गता ॥'

હનુમાન સીતાને ખાત્રી આપે છે કે "તારા પતિને હે રાજસુતા અહીં આ લાવું છું!" છેવટે સીતા કહે છે 'ભદ્ર મારી આ અવસ્થા સાંભળી આર્યપુત્ર શોક પરવશ ન થાય

* મૂળમાં આવું કાંઇ સૂચન નથી. સીતાને ખાત્રી આપવા વીંટી આપવાની જરૂર છે તેનું સ્થાન આ વાક્ય પછી હોય એમ મને લાગે છે.

તેમ ખબર આપજે.'+ હનુમાન આજ્ઞા સ્વીકારે છે. સીતા–'જા! કાર્ય સિદ્ધિ થઓ.' હનુમાન અનુગ્રહ સ્વીકારી ચાલવા માંડે છે, અને વિચારે છે કે રાવણને મારા આવ્યાની ખબર કેવી રીતે પડે!' હનુમાનને વાનરસદૃશ ઉપાય સુઝે છે, પ્રમદવનને તોડી ભાંગી નાંખવાનો.

परभृतगणजुष्टं पत्रषण्डाभिरामं
सुरुचिरतरुषण्डं तोयदाभं त्रिकूटम्
करचरणविमर्दैः काननं चूर्णयित्वा
विगतविपयदर्पं राक्षसेशं करोमि

બીજો અંક પૂરો થાય છે.

આ અંકમાં કવિએ આપણને સીતાનું દર્શન કરાવ્યું છે. સીતાના પ્રસંગથી રાવણનું દર્શન પણ થયું, અને કાર્યના પ્રસંગથી હનુમાનનું પણ દર્શન થયું. આ અંકમાં મને ઘણા પાઠો લુપ્ત થયા હોય તેમ લાગે છે. એથી આ પ્રસંગોમાં આ નાટકકારને સહજ દીપ્તિની જે આશા રખાય તે બરાબર પૂરી થતી નથી. પણ આ સ્થિતિમાં એ આ કવિની કલમ તો પારખી શકાય છે. પ્રથમ અંકમાં આખા કાર્યની મૂળ પ્રેરણા આપ્યા પછી એ પ્રેરણાનું પ્રથમ પરિણામ આ અંકમાં દેખાય છે; હનુમાને કરેલી સીતાની શોધ. આ આખા પ્રસંગનું વિધાન કરવામાં કવિએ જે કુશળતા બતાવી છે તે સ્પષ્ટ છે. પ્રથમ રામનું ધ્યાન ધરતી વિરહકૃશ સીતા, પછી લંકામાં શોધ કરતા હનુમાનનું દર્શન, હવેલી ઉપર ચઢી પ્રમદવનને જોઇ તેનું ત્યાં આગમન, સીતાને જોઇ આ કોણ હશે એવી શંકા,–તે પ્રસંગે રાવણનું આગમન અને તેની ઉક્તિઓ–જે તેનો વૈભવ અને સીતાની પતિભક્તિ વ્યક્ત કરે છે; અને જે કાર્યની દૃષ્ટિએ 'આ સીતા છે' એવું હનુમાનને જ્ઞાન કરાવે છે–પછી હનુમાન અને સીતાનું મળવું, તેમાં સીતાની શંકા અને ધીમે ધીમે સમાધાન;–આ રચનામાં કૌશલ છે. ફક્ત સીતા અને હનુમાનનો પ્રસંગ કાંઇક વધારેની અપેક્ષા રાખે છે.

ત્રીજો અંક રાવણના દરબારમાં ઉઘડે છે. શંકુકર્ણ નામનો એક સેવક, પ્રતિહારી કોણ છે એમ પૂછતો દાખલ થાય છે. પ્રતિહારી આવી કામ પૂછે છે. શંકુકર્ણ કહે છે કે 'મહારાજ રાવણને જણાવો કે भग्नप्राया अशोकवनिका.' પ્રતિહારી નિવેદન કરવા જાય છે. રાવણ દાખલ થાય છે, અને પૂછે છે 'હે નવીન (પ્રથમ કોઇ દિવસ ન સાંભળેલું) વાક્ય બોલનાર! જલદી કહે કે મરવાની ઇચ્છાવાળો કોણ એવો નિર્ભય છે કે જેણે વનના અભિમર્દનથી મારૂં અપમાન કર્યું છે?' શંકુકર્ણ જણાવે છે કોઇક વાનરે આ કામ કર્યું છે. રાવણ અવજ્ઞાથી પૂછે છે 'શું વાનરે! જા જલદી પકડી લાવ.' શંકુકર્ણ જાય છે. રાવણનો ક્રોધ ઉછળે છે; દેવો ઉપર એને શંકા જાય છે–'જો તેઓનું આ કામ હોય તો તેઓ તેમના શાઠ્યનું ફલ અનુભવશે.' શંકુકર્ણ આવીને ખબર આપે છે કે

+ સીતાની આ ઉક્તિ ઉપરથી એમ લાગે છે કે હનુમાને વીંટી આપતી વખતે રામની વિયોગાર્ત દશાનું કંઇ વર્ણન કર્યું હશે, જે લુપ્ત થઇ ગયું હશે.

'મહારાજ! તે વાનર ખરેખર મહાબળ છે, સાલવૃક્ષો કમળના તન્તુની જેમ ઉખાડી નાખ્યા, મુઠીવડે દારુ પર્વત ભાગી નાખ્યો, લતાગૃહો હથેળીઓથી મસળી નાખ્યાં, નાદથી જ પ્રમદવનના પહેરેગીરોને મૂર્છિત કરી નાખ્યા. તેને પકડવા માટે મહારાજ સમર્થ સૈન્યને આજ્ઞા આપવાની કૃપા કરો.' રાવણ હજાર સેવકોનું સૈન્ય મોકલે છે; હનુમાન મોટાં ઝાડથી તેમને મારી નાંખે છે. રાવણ કુમાર અક્ષને મોકલે છે, તે પણ બીજા સાત સેનાપતિઓ સાથે નાશ પામે છે. આ કવિની આવા બનાવોનું વર્ણન કરવાની જે શક્તિ દૂત-ઘટોત્કચ તેમ જ ઊરુભંગમાં જણાઇ છે તેવી જ અહીં પણ દેખાય છે:-

> क्रोधात् संरक्तनेत्रं त्वरिततरहयं स्यन्दनं वाहयन्तं
> प्रावृट्कालाभ्रकल्पं परमलघुतरं बाणजालान् वमन्तम् ॥
> तान् बाणान् निर्विधून्वन् कपिरपि सहसा तद्रथं लंघयित्वा
> कण्ठे संगृह्य धृष्टं मुदिततरमुखो मुष्टिना निर्जघान ॥

ક્રોધથી રાતી આંખવાળા, રથને દોડાવતા, વર્ષાના વાદળસમા, ચપળતાથી બાણજાળ ફેંકતા (કુમારને), તે બાણોને બાજુએ ફેંકી દઇ તેના રથ ઉપર ચઢી તેનો ટોટો પકડી મ્હોડાથી આનંદિત થતા એવા તે વાનરે મુઠી વડે મારી નાખ્યો.

રાવણ વૃત્તાન્ત સાંભળી પોતે જવા તૈયાર થાય છે; પણ શંકુકર્ણ કહે છે કુમાર ઇન્દ્રજિત ગયા છે. રાવણ એને ફરી ખબર કહાડવા મોકલે છે. શંકુકર્ણ ખબર લાવે છે તે કે તુમુલ યુદ્ધ પછી તે વાનરને બાંધ્યો છે. ...વા તેમાંનો હું આજે ગૃધ્રના વચ-

આ કવિ મોટે ભાગે આવા 'લઇઆવ્યો છું' इदमिव' કહી વીંટી બતાવે છે* સીતા રસ જમાવે છે. આ... જ આર્યપુત્રને આટલો શોક કરાવે છે. अहो अअहणा कत्तु इस्सरा કરવા પ્રય...त अरयउत्तं करअन्ते ।' હનુમાન આશ્વાસન આપે છે. 'આપ વિષાદ ન કરશો. રામ પોતે જ ધનુષ લઇ વાનરસેના સાથે દશગ્રીવને ઉખાડી નાખવા લંકા ઉપર ચઢાઇ કરશે.' સીતા બીચારી કહે છે 'શું મેં સ્વપ્ન જોયું? ભદ્ર આ શું સત્ય છે? મને કાંઇ ખબર પડતી નથી.' હનુમાન સીતાની આ સ્થિતિ સમજે છે અને દુઃખી થાય છે. 'ભર્તૃવત્સલ ભર્તાને આ પ્રમાણે ગાઢ રીતે જાણ્યા છતાં પણ શોકાર્ત ખાત્રી પામતી નથી, અન્ય દેહને પામી હોય તેમ.

> एवं गाढं परिज्ञाय भर्तारं भर्तृवत्सला ।
> न प्रत्यायति शोकार्ता यथा देहान्तरं गता ॥'

હનુમાન સીતાને ખાત્રી આપે છે કે "તારા પતિને હે રાજસુતા અહીંઆ લાવું છું!" છેવટે સીતા કહે છે 'ભદ્ર મારી આ અવસ્થા સાંભળી આર્યપુત્ર શોક પરવશ ન થાય

* મૂળમાં આવું કાંઇ સૂચન નથી. સીતાને ખાત્રી આપવા વીંટી આપવાની જરૂર છે તેનું સ્થાન આ વાક્ય પછી હોય એમ મને લાગે છે.

लब्ध्वा तस्मात् प्रसादं पुनरगसुतया नन्दिनानादृतत्वात्
दत्तं शप्तं च ताभ्यां यदि कपिकृतछद्मना तन्मम स्यात् ॥

બાલચરિતના કંસની જેમ રાવણનું હૃદય એના પાપથી શિથિલ થવા માંડે છે. કદી પણ નહિ બનેલો બનાવ બનતાં 'ઓઃ કષ્ટમ્' નો ઉદ્ગાર નીકળી જાય છે, અને એ જ વિચારપરંપરામાં તેને તેનો ગર્વ યાદ આવે છે—અને એના પરિણામરૂપ શાપ યાદ આવે છે, અને તેનું મન આ બનાવને એ શાપ સાથે જોડે છે. આ રીતે કવિ ટુંકામાં રાવણની ચિત્તદશાની આપણને ઝાંખી કરાવે છે.

વિભીષણ પ્રવેશ કરે છે. 'અહો! મહારાજની બુદ્ધિ વિપરીત બની છે. મેં અનેકવાર કહ્યું કે મૈથિલી પાછી આપો; પણ મારૂં સાંભળતા નથી.' રાવણ પાસે તે જાય છે; રાવણ બેસવાનું કહેતાં બેસે છે. તેની મુખમુદ્રા જોઇ રાવણ પૂછે છેઃ 'વિભીષણ ઉદાસીન કેમ દેખાય છે?' વિ– 'કહ્યું ન સમજનાર સ્વામીના આશ્રિત સેવકને નિર્વેદ જ હોય!' રાવણ સમજી જાય છે અને કહે છે 'એ વાત બંધ કર. તું પણ વાનર લેવા જા.' વિભીષણ જાય છે.

રાક્ષસોએ પકડેલો હનુમાન પ્રવેશ કરે છે. "તે દુરાત્મા રાક્ષસથી હું ધર્ષિત નથી થયો. રાક્ષસરાજને જોવાની ઇચ્છાથી સ્વયં પકડાયો છું." હનુમાન રાવણની ખબર પૂછે છે 'अपि कुशली भवान्.' રાવણ એને શેનો જવાબ આપે? વિભીષણને અવજ્ઞાપૂર્વક પૂછે છે 'શું તે કર્મ આનું છે?' વિ–'આનાથી પણ અધિકનું.' રા–'તને શી રીતે ખબર પડી?' વિભીષણ હનુમાનને પૂછવાનું કહે છે. રાવણ પૂછે છે; હનુમાન જવાબ આપે છે. 'અંજના વિષે ઉત્પન્ન થએલો મારુતનો ઔરસ સુત છું; રાઘવે મોકલેલો હનુમાન નામે વાનર છું.'

अञ्जनायां समुत्पन्नो मारुतस्यौरसः सुतः ।
प्रेषितो राघवेणाहं हनुमान्नाम वानरः ॥

વિ૦–'મહારાજ સાંભળ્યું?' રા–'સાંભળીને શું?' વિ–'હનુમન્! રાઘવ શું કહે છે?' હ–'રામશાસન સાંભળો.' રાવણ–'શું? શું? 'રામ શાસન' એમ કહે છે! આઃ આ વાનરને મારી નાખો.' વિ–'મહારાજ કૃપા કરો. ગમે તેટલા અપરાધ હોય પણ દૂત અવધ્ય છે. રામનું વચન સાંભળી પછી યથેષ્ટ કરવાની મહારાજ કૃપા કરશે.' રાવણ પૂછે છે 'એ માનવી શું કહે છે?' હનુમાન સંદેશો આપે છે 'તું ગમે તેના શરણે જા, શરથી તારા શરીરને ભેદી હું તને યમસદન પ્હોંચાડવાનો છું.' રાવણ–'હહહ' કરી હસે છે. 'દેવોનો મેં અભિભવ કર્યો છે. દૈત્યેન્દ્રો મારે વશ છે. પોલસ્ત્યનું પુષ્પક પડાવી લાવ્યો છું. અરે શું માનવી રામ મારા ઉપર ચઢાઇ કરે છે!' રાવણે ફરીથી હાસ્ય કર્યું હશે. હનુમાન એને છંછેડે છે.' આપ એવા હતા તો પછી ગુપ્ત રીતે કેમ તેની સ્ત્રીનું હરણ કર્યું?' વિભીષણ ટાપસી પૂરે છેઃ 'હનુમાન બરાબર કહે છે. માયાવડે

રામને દૂર કરી ભિક્ષુનો વેશ લઇ છળથી તેનું કેમ હરણ કર્યું ?' રાવણનો ભીજ જાય છે. ' વિભીષણ શત્રુનો પક્ષ લે છે ?' વિ. માફી માગે છે અને રામની પત્ની પાછી સોંપવાનું કહે છે. ' તારાથી-રાક્ષસપુંગવથી-આ કુળ નાશ પામે એ હું ઇચ્છતો નથી.' રા-' વિભીષણ નિર્ભય રહે ! શું લમ્બસટસિંહને મૃગ પાડી શકે ? અથવા શું શીયાળીયું સુમહાન્ મત્ત હાથીને મારી શકે ?' હનુમાન આ શબ્દો સાંભળી ચીડાય છે; અને રાવણને તેનું નામ લઇ યોગ્ય ઉત્તર આપે છે. રાવણ આ વાનરને પોતાને કેવળ નામવડે સંબોધન કરતો સાંભળી અતિ કુપિત થાય છે, અને એકદમ મારવાનો હુકમ કરે છે; પણ એ દૂત છે એમ યાદ આવતા શંકુકર્ણને એનું પુચ્છડું સળગાવી છોડી મુકવાનો હુકમ કરે છે. શંકુકર્ણ એને લઇ જાય છે, હનુમાન જાય છે. પણ રાવણ એને રોકે છે અને કહે છે "મારા વચનથી એ માનવીને કહેજે ' રામ ! સ્ત્રીનું હરણ કરી મેં તારો અભિભવ કર્યો છે. જો તને ધનુષ્યનું અભિમાન હોય તો મને મોટો રણસંગ્રામ આપ. अभिधीयतां मद्वचनात् स मानुषः ।

अभिभूतो मया राम ! दारापहरणादसि ।
यदि तेऽस्ति धनुःश्लाघा दीयतां मे रणो महान् ॥

હનુમાન ઉચિત ઉત્તર આપે છે. રા-' આઃ આ વાનરને નીકાલો.' હનુમાન જાય છે. વિભીષણ રાવણને શાન્ત પાડે છે; અને કહે છે ' આપને કાંઇ હિત વચન કહેવું છે.' રાવણ સાંભળવા તૈયાર થાય છે. વિભીષણ કહે છે કે તેના દોષથી રાક્ષસકુળ વિનાશની પાસે આવ્યું છે. રાવણ પોતાનો દોષ પૂછે છે, વિ-' સીતાહરણ-એ જ.' રા-'સીતાહરણથી શો દોષ થાય ?' વિ-'અધર્મ અને-' વિભીષણ અચકાય છે. રાવણ વાકય પૂરૂ કરવા કહે છે. વિભીષણ કહે છે ' બસ એટલું જ.' રાવણ પોતાના સમ આપી એને બધું કહેવા કહે છે. વિભીષણ અભય માગી કહે છે " અને બળવાનની સાથે વિગ્રહ." બસ આ વાકય રાવણને અસહ્ય થઇ પડે છે. પોતાના શત્રુને કોઇ બલવાન કેમ કહી શકે ? રોષમાં અને રોષમાં રાવણ એને શત્રુપક્ષનો આશ્રિત કહે છે; અને એને કહાડી મૂકવા હુકમ કરે છે. વિ-'મહારાજ કૃપા કરો. હું જ જઇશ. હે રાજન્ તેં મને હુકમ કર્યો છે, હું જાઉં છું; અને એમાં દોષ મારો નથી. રોષ અને કામનો ત્યાગ કરી જે કરવા યોગ્ય છે તે કરજે,' એમ કહી રામ પાસે જવાનો પોતાનો નિશ્ચય જાહેર કરે છે. વિભીષણ જાય છે. તેના ગયા પછી રાવણ-' हन्त निर्गतो विभीषणः હું પણ નગરની રક્ષાની તૈયારી કરૂં.' ત્રિજો અંક પૂરો થાય છે.

કવિ ભૂમિકા તૈયાર કરે છે; અને રાવણના પરાજયનું સૂક્ષ્મ બીજ પણ મૂકે છે. દેવદાનવો પણ જેના સામું નજર કરવાની હિંમત ન કરે તે લંકામાં એક વાનર પેઠો અને અશોકવનિકા તોડી નાખી! સર્વ શક્તિધરના રાજ્યમાં આવો બનાવ એ મોટો ઉત્પાત જ ગણાય. પણ કવિ આ બનાવનો વધારે સૂક્ષ્મ ઉપયોગ કરે છે. રાવણને તેના ગર્વના સ્મરણ પૂર્વક શાપનો ભય પેદા કરાવે છે. આ ભય આગળ રાવણનું હૃદય પણ ઘડીભર શિથિલ થાય છે. આ સ્થિતિનું વધારે સચોટ અને મર્મભેદક નિરૂપણ કવિએ કંસમાં કર્યું છે. વિભીષણ રામની મદદે જાય છે એ બનાવ પણ કવિ ખુબીથી પ્રસ્તુતમાંથી જ પેદા કરે છે. ઘર ફૂટે ઘર જાય. પણ વિભીષણ કહે છે દોષ એનો નથી. આનો નીકાલ કરવો કઠિન છે, અને તે બહુ ઉંડા પ્રશ્નોની ચર્ચા પછી પણ થાય કે ન થાય એવો છે.

બીજા અને ત્રિજા અંકમાં કવિએ આપણને પ્રતિસ્પર્ધી અથવા પ્રતિનાયક રાવણ સંબંધી આ પ્રયત્નથી જે પરિણામો આવ્યાં તે બતાવ્યાં. રાવણે રામને 'दीयतां मे रणो महान्' નું કહેણ મોકલ્યું છે. ચોથા અંકમાં આ કહેણના જવાબમાં રામનો પ્રયત્ન કવિ આપણને બતાવે છે.

વિષ્કમ્ભકમાં કંચુકી અને બલાધ્યક્ષની વાત ઉપરથી જણાય છે કે રામને બધી ખબર મળી ગઇ છે. અને સુગ્રીવે રામનું કાર્ય કરવાના હેતુથી 'વાનરવાહિની' સજ્જ કરવાની આજ્ઞા આપી છે.

.. રામ, લક્ષ્મણ, સુગ્રીવ અને હનુમાન સમુદ્ર કાંઠે આવી ઉભા છે. રામ કહે છે કે 'મેઘ સરખા પર્વતો ઓળંગી, સિંહાદિ જેનાં પાણી પીએ છે એવી નદીઓ ઉતરી, મ્હોટું જંગલ પસાર કરી, હવે સુગ્રીવના સૈન્ય સાથે વેલાતટ ઉપર આવ્યો છું.' લક્ષ્મણ સમુદ્રરૂપી વરુણનું વર્ણન કરે છે. લંકા ઉપર આક્રમણ કરવા ઉત્સુક રામ કહે છે 'શું રિપુનો સંહાર કરવા ઉધુક્ત થએલા મને, તેને જીવતો રાખવા, સાગર રોકે છે? कथं कथं भोः!

रिपुमुद्धर्तुमुद्यन्तं मामयं सक्तसायकम् ।
सजीवमद्य तं कर्तुं निवारयति सागरः ॥

એટલામાં સુગ્રીવ આકાશમાંથી કોઇ રાક્ષસને ઉતરતો જુએ છે; હનુમાન વાનરવીરોને અપ્રમત્ત રહેવા આજ્ઞા કરે છે. રામ હનુમાનને રાક્ષસથી ન ગભરાવવાનું કહે છે. વિભીષણ આકાશમાં પ્રવેશ કરે છે. 'રાઘવની છાવણીમાં આવી પહોંચ્યો છું.' પોતે કોઇપણ જાતની ખબર આપ્યા વિના આવ્યો છે તેથી રામ એને શી રીતે ઓળખશે એ શંકા વિભીષણને થાય છે. 'જેની આગળ ઇંદ્ર પણ ન ઉભો રહી શકે તેના ન્હાના ભાઇ તને શરણે આવેલો જોઇ રઘુપતિ શું કહેશે એ વિચારથી મારૂં હૃદય શંકિત થયું છે.' રામની સુજનતા ઉપર આધાર રાખી નીચે ઉતરે છે; પણ તદ્દન ભૂમિ ઉપર આવતો નથી. હનુમાન જુએ છે અને વિભીષણને ઓળખે છે; વિભીષણ પોતાની ખબર રામને આપવા તેને

વિભીષણ શરણાર્થે આવ્યો છે.' રામ આ મદદ સ્વીકારવા અતિ ઉત્સુકતા બતાવે છે; 'શું શું વિભીષણ શરણે આવ્યો છે? વત્સ લક્ષ્મણ જા, સત્કાર કરી વિભીષણને દાખલ કર.' સુગ્રીવના મુખ ઉપર વ્હેમની છાયા જોઇ રામ પૂછે છે; સુગ્રીવ કહે છેઃ–દેવ **बहुमाया-च्छलयोधिनश्च राक्षसाः** રાક્ષસો ઘણા માયાવી અને કપટ યુદ્ધ કરનારા હોય છે; તેથી બરાબર વિચારીને વિભીષણને દાખલ કરાવજો.' હનુમાન એની શંકાને સમાવી દે છે; રાવણ સાથે વિભીષણને વિવાદ કરતો એણે જાતે જોયો છે. શંકા ઉત્પન્ન થવાથી રોકાએલો લક્ષ્મણ જાય છે, અને વિભીષણને લઇ આવે છે. રામ વિભીષણના કુશલ સમાચાર પૂછે છે. વિભીષણ કહે છે 'રાજન્! તારા આશ્રયથી આજ કુશલ છું.' રામ કહે છે '**अद्यप्रभृति मद्वचनाल्लंकेश्वरो भव**' આજથી મારા વચનથી લંકેશ્વર થા.' રામે વિભીષણને રાજનીતિજ્ઞની માફક પોતાનો કરી લીધો. રામ આગળ ચલાવે છે. 'વિભીષણ તારા આવવાથી જ અમારૂં કાર્ય સિદ્ધ થયું છે; પણ સાગર તરવાનો ઉપાય સુઝતો નથી.' વિભીષણ દિવ્યાસ્ત્રનો પ્રયોગ કરવાની સલાહ આપે છે; રામ તેમ કરવા જાય છે ત્યાં વરુણ પોતે દાખલ થાય છે અને 'નારાયણના નરરૂપી' અવતારને શરણ જાય છે. વિભીષણ સૌને વરુણ ઓળખાવે છે. રામ લંકા જવા માર્ગ આપવા વરુણને વિનંતી કરે છે; 'આ રહ્યો માર્ગ. આપ પ્રયાણ કરો' કહી વરુણ અદશ્ય થઇ જાય છે. વિભી–'દેવ અત્યારે સમુદ્ર બે ભાગમાં વ્હેંચાઇ ગએલો દેખાય છે.' રામ હનુમાનને આગળ થવાનું કહે છે–કારણ કે પોતાના માણસોમાં હનુમાન જ લંકાનો ભોમીયો છે. બંધા સમુદ્ર ઓળંગી લંકા પાસે આવે છે. હનુમાન રામને લંકા બતાવે છે; 'દેવ! આ–આ–લંકા.' જોઇને રામને વિચાર થાય છે કે રાક્ષસનગરની શ્રી ટુંકા સમયમાં પોતાના આક્રમણથી નાશ પામશે; એમાં દોષ રાવણનો છે. **अहो राक्षसनगरस्य श्रीरचिराद्विपत्स्यते ।**

मम शरवरपातभग्ना
कपिवरसैन्यतरङ्गताडितान्ता ।
उदधिजलगतेव नौर्विपन्ना
निपतति रावणकर्णधारदोषात् ॥

રામ સુગ્રીવને સુવેલ પર્વત ઉપર સેનાનિવેશ કરવા કહે છે. સુગ્રીવ નીલને તેમ કરવા આજ્ઞા આપે છે. થોડીકવાર પછી નીલ પાછો આવી જણાવે છે કે: 'ક્રમપૂર્વક સેનાઓને મુકામ અપાતાં, પુસ્તકના પ્રામાણ્યથી વૃન્દસંખ્યાની પરીક્ષા કરતાં, કોઇ પણ રીતે ન ઓળખતા એવા બે વનવાસીઓ પકડાયા. એમનું શું કરવું એ અમે જાણતા નથી. તેથી આપ કહો તે પ્રમાણે કરીએ!' રામ તેમને તુરત જ દાખલ કરવાની આજ્ઞા આપે છે. શુક અને સારણ નામના વાનરરૂપધારી બે રાક્ષસો પ્રવેશ કરે છે. તેઓ પોતાને આર્યકુમુદના સેવક તરીકે ઓળખાવે છે. વિભીષણ સાવધાનીથી એમને નિહાળી ઓળખી કહાડે છે. રાક્ષસો બીજી યુક્તિ કરે છેઃ 'રાવણની વિપરીત બુદ્ધિથી રાક્ષસકુલનો નાશ જોઇ આર્યના આશ્રય માટે વાનરરૂપે આવ્યા છીએ.' રામ વિભીષણની

સલાહ માગે છે; વિભીષણ કહે છે 'આ બે રાવણના સમ્મત મન્ત્રીઓ છે, માટે એમને યોગ્ય દંડ આપવો.' રામ વિભીષણની સલાહ માનતા નથી, પણ એમને છોડી મૂકે છે: 'આ બેને શિક્ષા કરવાથી મારી વૃદ્ધિ થવાની નથી; અથવા રાક્ષસેન્દ્રનો ક્ષય થવાનો નથી. માટે એમને છોડી મૂકો.' આ વર્તનથી રામની ઉદાર રાજનીતિ વ્યક્ત થાય છે. લક્ષ્મણ સૂચના કરે છે: 'એમને છોડી મુકવા હોય તો આખા લશ્કરની તપાસ કર્યા પછી એમને છોડો.' રામ એમ કરવાની આજ્ઞા આપે છે; પણ બન્ને રાક્ષસોને પાછા બોલાવી રાવણને સંદેશો મોકલે છે: 'મારી દારાનું હરણ કરી તમે પોતે જ વિગ્રહ કરાવ્યો છે. તમને મળવાની ઇચ્છાવાળો હું રણાતિથિ આવ્યો છું; પણ તમે દેખાતા નથી.

मम दारापहारेण स्वयंग्राहितविग्रहः ।
आगतोऽहं न पश्यामि द्रष्टुकामो रणातिथिः ॥

રામ સૈન્ય તપાસવા જાય છે; સૂર્યાસ્ત થતો દેખાય છે.

अस्ताद्रिमस्तकगतः प्रतिसंहृतांशुः
सन्ध्यानुरञ्जितवपुः प्रतिभाति सूर्यः ।
रक्तोज्ज्वलांशुकवृते द्विरदस्य कुम्भे
जाम्बूनदेन रचितः पुलको यथैव ॥

અસ્તાચલના શિખર ઉપર ગએલા, કિરણોને સંકેલી લેતો, સંધ્યાથી રંગાએલા શરીરવાળો સૂર્ય પ્રકાશે છે;—રાતા ઉજ્જ્વલવસ્ત્રથી ઢંકાએલા હાથીના કુમ્ભ ઉપર જેમ સુવર્ણનો પુલક (શોભે તેમ.)

ચોથો અંક પૂરો થાય છે.

આ અંકમાં રામનો પ્રયત્ન આગળ વધે છે. દરીઓ ઓળંગી રામ લંકા પાસે મુકામ કરે છે; ત્યાં સૈન્યમાં ઘુસી ગએલા બે રાક્ષસો પકડાય છે, રામ તેમને ઉદારતાથી છોડી મૂકે છે અને તેમની દ્વારા પોતાના આવ્યાની ખબર પણ કહેવડાવે છે; એ રીતે છૂટા જેવા લાગતા આ પ્રસંગનો કવિ કુશળતાથી નાટકના કાર્યમાં ઉપયોગ કરી લે છે.

પાંચમા અંકના વિષ્કમ્ભકમાં વિગ્રહ ક્યાં સુધી આવ્યો છે તેની માહીતી કવિ આપણને આપે છે. રાવણનો કંચુકી પ્રવેશ કરે છે અને વિદ્યુજ્જિહ્વ નામના રાક્ષસને બોલાવવા પ્રતિહારી મોકલે છે. રાવણની વિપરીત બુદ્ધિને શોચે છે; 'રાક્ષસકુલના અભ્યુદયનો નાશ થાય છે; પોતાના સર્વસાધનો નાશ પામ્યાં છે, વીર પુરુષો હણાઇ ગયા છે છતાં મહારાજની બુદ્ધિ સ્વચ્છ થતી નથી. સમુદ્ર ઓળંગાયો છે એ જોઇને પણ સ્ત્રી પાછી સોંપી શાન્તિ કરતા નથી.

चलत्तरङ्गाहतभीमवेल–
मुदीर्णनक्राकुलनीलनीरम् ।
समुद्रमाक्रान्तमवेक्ष्य तस्मै
दारमदनान्न करोति शान्तिम् ॥

વળી પ્રહસ્ત, કુમ્ભકર્ણ આદિ વીરોને રાઘવે હણ્યા છે; આજે ઇન્દ્રજિત પણ બ્હાર નીકળ્યો છે. આવી સ્થિતિ છતાં મદન પરવશ, વીરમાની, સચિવોના વચનની ઉપેક્ષા કરી યુદ્ધની અભિલાષાવાળા રાવણ દેવી જાનકીને પાછી આપતા નથી.' વિદ્યુજ્જિહ્વ આવે છે; એને મહારાજની આજ્ઞા કંચુકી જણાવે છે. 'રામલક્ષ્મણનાં માથાંની પ્રતિકૃતિઓ કરી લાવ.' વિદ્યુજ્જિહ્વ એ પ્રમાણે કરવા જાય છે. વિષ્કમ્ભક પૂરો થાય છે.

પાંચમા અંકમાં ફરી પાછું સીતાનું અને રાવણનું દર્શન થાય છે. વિષ્કમ્ભકમાં રામ લક્ષ્મણના માથાંની પ્રતિકૃતિ મંગાવી છે તે ઉપરથી જ આ અંકના બનાવની કાંઇક આગાહી થાય છે. સીતા–રાક્ષસીઓથી ઘેરાએલી–પ્રવેશ કરે છે. બીજા અંકમાંના અને આ અંકમાંના દર્શનની બાહ્ય સ્થિતિમાં કાંઇ ફેર નથી. પણ સીતાના હૃદયમાં કેટલાએ ફેરફારો થયા હશે, કેટલાએ ભિન્ન ભિન્ન ભાવોના એને અનુભવ થયા હશે? હનુમાન આશા આપી ગયો ત્યારથી આશાના અંકુર ફૂટયા હશે, પછી રામલક્ષ્મણ વાનર સૈન્યે સાથે આવ્યા ત્યારથી તો આનન્દનો અનુભવ વધતો જ ચાલ્યો હશે; 'આર્યપુત્રના સાયકના વિશ્વાસથી જીવું છું'–એ પોતાનો વિશ્વાસ ખરો પડતો હતો. આ બધું, કવિ આપણને કહેવા બેસતો નથી; પણ ટુંકામાં 'આર્યપુત્રના આગમનથી પ્રહ્લાદિત થએલા હૃદયમાં' એમ વાક્યના ગૌણભાગમાં જ સૂચન કરી દે છે. પણ આજે સીતાના હૃદયમાં 'આવેગ જેવું કાંઇ થાય છે;' સીતાના હૃદયમાં તાત્કાલિક ભાવીમાં જે કાંઇ થવાનું છે તેની આગાહી થાય છે. સાત્ત્વિક વૃત્તિવાળા માણસોને આવું થાય છે એવી આપણા પ્રાચીનોની માન્યતા હતી. હનુમાન સીતાને મળ્યો એ પ્હેલાં એનું હૃદય પ્રસન્ન થાય છે; અહીંઆ આવેગ થાય છે. (આ માન્યતાનો અનેક પ્રાચીન નાટકોમાં ઉપયોગ થએલો છે.) 'અનિષ્ટ નિમિત્તો દેખાય છે; અને એમ છતાં હૃદયનો મહાન અભ્યુદય વધ્યાં કરે છે. દેવો શાન્તિ કરો.' રાવણ દાખલ થાય છે. ત્રિજા અંકમાં જોએલા રાવણમાં અને આમાં ઘણો ફેર દેખાય છે. જે આત્મશ્રદ્ધાથી સકલલોકની લક્ષ્મીનું પોતાનું સહજ પ્રભુત્વ સૂચવતો હતો તે અત્યારે બાલચરિતના કંસની જેમ, નાસતી લક્ષ્મીને રોકવાનો વૃથા પ્રયત્ન કરતો દાખલ થાય છે. રાવણ–'સમરમાં પૌલસ્ત્યને જીત્યા પછી લંકા હાથ આવી ત્યારે પકડેલી આ નારી, મારૂં ભવન છોડી ચાલી નીકળી! બાઇ! ઉભી રહે; ઉભી રહે! ન જવાય! ન જવાય! શું કહે છે?' તને છોડી રામ પાસે જાઉં છું.' આ શબ્દો સાંભળી રાવણનો ગર્વ ભભૂકે છે: 'આઃ હલકટ! તે સમયે વૈશ્રવણાલયમાં તને બલાત્કારથી પકડી હતી; બલાત્કારથી જ રાઘવને યુદ્ધમાં હણી તને (પાછી) પકડીશ.' રાવણને એની પરવા નથી: 'એના શા ભાર છે!' 'ચાલ સીતાનું વિલોભન કરૂં.' બીજા અંકમાં જોએલી કામવશતા આ અંકમાં ગાઢ થએલી દેખાય છે; ચારે બાજુથી વિનાશ એને ઘેરી બેઠો છે, તે સમયે પણ રાવણની આસક્તિ એને છોડતી નથી. રાજલક્ષ્મીને જતી જુએ છે–એની એને પરવા નથી; સીતા કોઇ પણ રીતે લોભાય–એ પ્રયત્નમાં જ એ મશગુલ છે. આ પ્રયત્નમાં કોઇ પણ જાતનો ગર્વ નથી, પણ કેવળ કામપરવશતા છે એ કવિ સ્પષ્ટ કરે છે: 'અહો કામની અતુલબલતા! સીતાનું મુખ જોઇને નયનો રાત્રિએ નિદ્રાને વિસરી જાય છે; તેના આલિંગનનો ભૂખ્યો દેહ શીકડો પડે છે; રમણીય વસ્તુઓ સન્તાપનું કારણ બને છે. ત્રણ લોકનાં જિતનાર રાવણને પુષ્પધનુ–કામ જીતે છે; અહો કષ્ટ!

पुष्पेषुणा

कष्टं निर्जितविष्टपत्रयभुजो निर्जीयते रावणः ।

આ વાત સ્પષ્ટ કરવાને જ કવિએ ફરી વાર આ પ્રસંગ–સીતા–રાવણનો પ્રસંગ–મૂક્યો હશે? એની ગાઢ કામવશતા–કામાન્ધતા–સૂચવવાનો, એ જ એના નાશનો હેતુ છે તે સ્પષ્ટ કરવાનો કવિનો ઇરાદો હશે? જો એમ હોય તો કહેવું જોઇએ કે કવિએ એ કાર્ય બહુ માર્મિક રીતે કર્યું છે. રાવણના મુખે જ સહજ રીતે–ઉપરથી શૃંગારરસના દેખાતાં શ્લોકમાં–કવિએ એનો નાશ સૂચવ્યો છે. બ્હારના શત્રુઓના જીતનારને અંદરનો શત્રુ પટકી મારે છે, એ સત્ય–જીવનતત્ત્વ–આ કવિએ અનેકવાર બતાવવા પ્રયત્ન કર્યો છે.

રાવણ સીતા પાસે જાય છે. 'સીતા! મારા ચિત્તની સ્વામિનિ! એ માનવી ઉપરથી તારા ચિત્તને ઉઠાવી લે. આજે જ તારા ચિત્તકાન્તને લક્ષ્મણ સાથે મારા શસ્ત્રથી સમરમાં પડેલો જો.' સીતા ક્ષત્રિયાણીને ઉચિત જવાબ આપે છેઃ 'અરે રાવણ! તું મૂઢ છું, જે હાથવડે મન્દરને ઉચકવાનો અભિલાષ રાખે છે.' રાવણની છેલ્લી યુક્તિનો અખતરો થાય છે. એક રાક્ષસ પ્રવેશ કરે છે અને કહે છે;' જય જય મહારાજ. આ તે માનુષ રાજપુત્રોનાં માથાં. તારું પ્રિય કરવાની ઇચ્છાવાળા કુમારે તેમને રણમાં હણીને આ લીધાં.' રાવણ સીતાને કહે છે 'સીતા તે માનવીઓનાં માથાં જો.' સીતા 'હા આર્યપુત્ર!' કહી મૂર્છિત થાય છે. મૂર્છા વળતાં રાવણ સમજાવે છે, 'સીતા આ મરી ગએલા માણસ વિષે ભાવ છોડી આજે જ હે વિશાલાક્ષિ! મહાન લક્ષ્મીને પ્રાપ્ત કર!' સીતા ફરીવાર માથાં ઓળખી પોતે જીવે છે એ માટે દુઃખી થાય છે. પણ એથી જ એને શંકા થાય છે કે 'આ કપટ ન હોય!' પણ રાવણને કરુણ સ્વરથી કહે છે 'ભલા ભાઇ! જે અસિથી આર્યપુત્રને અસદૃશ થયું તેનાથી મને પણ મારને?' સીતાના હૃદય–ઉદ્વેગનું પરિણામ આવ્યુંઃ મરવા માટે તૈયાર થવાનો પ્રસંગ આવ્યો. આ પ્રસંગથી સીતાની કસોટી થાય છે એમ કહેવું તેના કરતાં રાવણની થાય છે એમ કહેવું વધારે યોગ્ય છે. મૃત્યુથી ઘેરાએલો રાવણ પોતાનો મનોરથ સફળ કરવા આ છેલ્લો પ્રયત્ન કરે છે–આ પ્રયત્નમાં કશું વીરત્વ નથી, કેવળ રાક્ષસોચિત માયા જ છે. એણે ધાર્યું હશે કે પતિના મરી ગયાની ખબર સાંભળી સીતાનો ધર્મ–આગ્રહ શિથિલ થશે. પણ સીતા તો સરળતાથી મારવા માટે વિનવે છે. રાવણ કહે છેઃ

'व्यक्तमिन्द्रजिता युद्धे हते तस्मिन् नराधमे ।
लक्ष्मणेन सह भ्रात्रा केन त्वं मोक्षयिष्यसे ॥

યુદ્ધની અંદર તે નરાધમને તેના ભાઇ લક્ષ્મણ સાથે ઇન્દ્રજિતે વ્યક્ત રીતે હણ્યો છે. હવે તું કોનાથી છૂટીશ?' નેપથ્યમાંથી અવાજ આવે છે; 'रामेण रामेण રામથી રામથી.' સીતા કહે છે 'चिरं जीव'. સંસ્કૃત નાટકોમાં પતાકાસ્થાનકો અનેક આવે છે પણ આટલા ઔચિત્યવાળા પતાકાસ્થાનકો વિરલ છે.

એક ગભરાએલો રાક્ષસ પ્રવેશ કરે છે અને કહેછે "રામથી–રામથી". રાવણ–' कथं कथं रामेणेति.' રાક્ષસ જુએ છે કે રાજાજી પાસે આવવાનો આ પ્રસંગ ન્હોતો એટલે માફી માગે છે અને કહે છે કે અગત્યનાં ખબર આપવાના હોવાથી તેને આવવું પડ્યું છે. રાવણના હૃદયમાં ગભરાટ છુટે છે–શું બન્યું હશે એનો ગભરાટ. રાક્ષસ ખબર આપે છે. श्रोतुमर्हति महाराजः। तेन खलु,

उदीर्णसत्त्वेन महाबलेन लङ्केश्वरं त्वामभिभूय शीघ्रम् ।
सलक्ष्मणेनाद्य हि राघवेण प्रसह्य युद्धे निहतः सुतस्ते ॥

'રામે લક્ષ્મણ સાથે આજે તારા પુત્રને યુદ્ધમાં મારી નાંખ્યો.' રાવણ આ શી રીતે માને ? રાક્ષસને ધમકાવે છે; 'આઃ દુરાત્મન્ સમરભીરુ! જેણે ઇન્દ્ર અને દેવોને જીત્યા, અને જેનાથી રાક્ષસો પાછા વળે છે તે ઇન્દ્રજિતને શું સમરમાં માનવી હરાવે ?' વાસ્તવિક રીતે જોતાં રાવણ માનતો નથી અને તર્ક કરે છે એનું કારણ પુત્રપ્રેમ અને માનસિક અભ્યાસ છે. મન એ બીના સ્વીકારવાની ના પાડે છે. રાક્ષસ કહે છે કે મહારાજ આગળ કુમાર વિષે તો કોઇ ખોટું બોલે જ નહિ. રાવણને ફટકો વાગે છે-અને 'હા! વત્સ મેઘનાદ' કહી પડે છે. કવિને વિધિની આવી વિષમતાઓ બતાવવાનો બહુ શોખ હોય એમ દેખાય છે. સીતાની મૂર્છા હજી વળે છે એ પહેલાં રાવણ મૂર્છિત થાય છે-અને રાવણની મૂર્છા એ સીતાના આશ્વાસનનું કારણ બને છે. રાવણની મૂર્છા વળે છે, રાવણ શોક કરે છે, ફરી મૂર્છા આવે છે. રાક્ષસના મુખે જાણે કવિ આપણને ખબર આપતો હોય તેમ કહે છે. "હા! ધિક્! ત્રૈલોક્યવિજયી લંકેશ્વરને વિધિએ આ સ્થિતિએ પ્હોંચાડયો!" સેવક રાવણને આશ્વાસન આપે છે. રાવણ ઉઠે છે.-આ બનાવથી, આ અનુભવથી એના ચિત્તનું પરિવર્તન થઇ જાય છે. સરી જતી રાજલક્ષ્મી જે ન સાધી શકી તે પુત્રશોક સાધી શકે છે. "હવે આ સીતાને,-આ અનર્થના હેતુભૂત, ત્રૈલોકયના વિજયને વિફળ કરનારી સીતાને શું કરવી છે ? અને આ ચપલ લક્ષ્મીને પણ શું કરવી છે?" મૃત્યુને બોલાવે છે, મૃત્યુને નિર્ભય થઇ આવવાનું રાવણ કહે છે. ઇન્દ્રજિત વિના જીવવું રાવણને ગમતું નથી. સન્તાપથી ફરી રાવણ પડે છે. રાવણની આ સ્થિતિ જોઇ રાક્ષસ બીજા રાક્ષસોને સાવધાન રહેવા સંબોધન કરે છે. એટલામાં નેપથ્યમાંથી નાસતા રાક્ષસસૈન્યને રોકતા શબ્દો આવે છે. "હજી તો સર્વલોકના જયથી વિખ્યાત વીશ હાથવાળા મહારાજ લંકાપતિ જીવે છે, ત્યાં આમ ક્યાં નાસો છો?" આ શબ્દો સાંભળી રાવણમાં અમર્ષ જાગે છે, રાક્ષસને વધારે ખબર લાવવા મોકલે છે; તુરત જ ખબર આવે છે કે ઇન્દ્રજિતને મારી રામ લંકા તરફ આક્રમણ કરે છે. રાવણ પોતાની તરવાર સંભાળે છે, અને રણમાં જવા તૈયાર થાય છે. રાક્ષસ-'મહારાજ, અતિ સાહસ ન કરો.' (રાવણની જવાબમાં કાંઇ ઉક્તિ નથી. સંભવ છે કે પાઠ ભ્રષ્ટ થયો હોય.)

સીતા બોલે છે-મૂળમાં સૂચના નથી પણ સ્વગત ઉક્તિ હોય એમ જણાય છે-'અનિષ્ટ, અયોગ્ય, અકારણ કૃત્યો કરનાર રાવણનું ટુંકા સમયમાં મરણ થશે.' સીતાના આ ઉદ્ગારો રાવણની વિહ્વલ સ્થિતિ જોઈ ઉદ્ભવ્યા હોય તો આશ્ચર્ય નહિ. રાવણનું ચિત્ત અધમતાએ પહોંચે છે-રાક્ષસોચિત અધમતાએ. સીતાને જોઇ તે કહે છે 'આના કારણથી મારા અનેક ભાઇઓ અને પુત્રો મરાયા; તેથી એનું હૃદય ભેદી, આંતરડાં ખેંચી, એની માળા પ્હેરી એ ભાઇઓને તરવારના ઘાથી હણું.' રાક્ષસ એને સ્ત્રીવધનું પાતક કરતો રોકે છે. રાવણ-'તો એકદમ રથ લાવ.' રથ આવે છે, રથ ઉપર રાવણ ચઢે છે: અને સીતાને કહે છે, 'સીતા આજે મારા ધનુષના તીક્ષ્ણ બાણોથી વિંધાએલા રાઘવને સ્વર્ગમાં ગએલો જોઇશ.

समाहृतं सुरैरद्य सीते ! द्रक्ष्यसि राघवम् ।
मम चापच्युतैस्तीक्ष्णैर्बाणैराक्रान्तचेतसम् ॥

સીતા કહે છે—' ઇશ્વરો ! જો હું મારા કુલને છાજે એવા ચારિત્રથી આર્યપુત્રને અનુસરી હોઉં, તો આર્યપુત્રનો વિજય થજો.'

, અંક પૂરો થાય છે. આ અંકમાં કાર્ય કેટલું આગળ વધ્યું ? કેવળ બ્હારના બનાવો ઉપર દૃષ્ટિ રાખનારને કદાપિ એમ લાગે કે નહિ જેવું ? ચોથા અંકમાં રામ લંકા આવી પહોંચ્યા અને રાવણને કહેણ મોકલાવ્યું. પછીના વિષ્કમ્ભકમાં રાવણપક્ષના વધતા જતા પરાજયની અને કુંભકર્ણાદિના વધની ખબર મળે છે. પાંચમા અંકમાં ઇન્દ્રજિતના વધની ખબર મળે છે. પણ એટલા માટે આખા અંકની શી જરૂર હતી ? કુંભકર્ણાદિની સાથે ઇન્દ્રજિતનું નામ મુકી ચલાવી લેવાય. પણ અહીંઆ જ કલા અને જીવનની ઉપલકીઆ દૃષ્ટિમાં અને મર્મગ્રાહી દૃષ્ટિમાં ભેદ જણાય છે. બાલચરિતમાં જેમ કવિ કંસના ચિત્તપરિણામો બતાવી તે પોતે સહજ રીતે વિનાશ તરફ જતો હતો, અને બ્હારનો બનાવ તો નિમિત્ત માત્ર હતું એ દૃષ્ટિ રજુ કરે છે તેમ આમાં પણ બતાવવા પ્રયત્ન કરે છે. સર્વ શક્તિઓનો સ્વામી રાવણ, રામ અને તેના વાનર સૈન્યથી નાશ પામે એ કવિને મન કેવળ સૈન્યશક્તિનો પ્રશ્ન નથી. એમાં લડનારાની આન્તરશક્તિનો પણ પ્રશ્ન છે. અને આ અંકમાં કવિ, રાવણની આન્તરશક્તિ કેમ શિથિલ થાય છે તે આપણને બતાવે છે. એની લક્ષ્મી ચાલી જાય છે; એને પોતે વિનવે છે; પણ એ રોકાતી નથી. રાવણને એની પરવા નથી. એને પાછી લાવવા એને પોતાના ભુજબલ ઉપર શ્રદ્ધા છે. પણ થોડીક વારમાં જ એ કબુલ કરે છે કે પોતે સૌને જીતનારો કામથી જીતાઇ ગયો છે. એને પોતાને પોતાની નિર્બળતાનું આ રીતે ભાન છે. તે જીતવી જોઇએ એ એને સુઝતું નથી ; અને એને વશ થવામાં પોતાનું સર્વસ્વ ચાલ્યું જાય છે એ નજરે જુએ છે છતાં એની એના ઉપર કાંઇ અસર થતી નથી. આથી એક બાજુ એની ગાઢ કામાસક્તિ—તેના મનોબળનું જ પરિણામ છે, કારણ કે અસાધારણ બળવાળાના ગુણ અને દોષ બન્ને અસાધારણ બળવાળા હોય છે—તેનું આપણને દર્શન થાય છે; અને બીજી બાજુ નિયત રીતે તે વિનાશ તરફ ધસે જાય છે એનું ભાન થાય છે. સીતાની અન્તિમ કોટિની તે કસોટી કરે છે, સીતા મૂર્છિત થાય છે અને પછી પોતાને મારી નાખવાની માગણી કરે છે, તે સમયે અનુપમ કલાવિધાનથી કવિ સ્થિત્યન્તર રજુ કરે છે. આ સ્થિત્યન્તર રજુ કરવા માટે કવિ ઇન્દ્રજિતના વધનો ઉપયોગ કરે છે. અને એ માટે જ એ બનાવનો કુંભકર્ણાદિના મૃત્યુના ઉલ્લેખ સાથે ઉલ્લેખ કર્યો નથી. હવે રાવણ માટે મૂર્છિત થવાનો, યમદૂતને બોલાવવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. આ તો જગતમાં જે વિલક્ષણ રીતે પ્રસંગો પલટા લે છે એનું દર્શન થયું. પણ એ પ્રસંગ રાવણને તો એની કામનિદ્રામાંથી જગાડે છે. આપણને લાગે છે કે તે બહુ મોડો જાગે છે, અને તે પણ વિલક્ષણ રીતે–એની આસુરી રીતે : આ બધું પોતાની કામાસક્તિનું પરિણામ છે એ રીતે નહિ, પણ સીતા તરફ રોષ પ્રકટ કરીને. એટલે કે કામનિદ્રામાંથી રાવણ જાગીને અઘોર દ્વેષનિદ્રામાં પડે છે. અને આ દ્વેષ તેને

સીતાવધ કરવા પ્રેરે છે; આમાંથી એને રાક્ષસ બચાવે છે. પણ સ્ત્રીવધનું સંકલ્પ પાપ તો રાવણ કરી ચુકે છે: (કંસ એ પાપ કરે છે.) સીતાને એ મારતો નથી. એનું વીરત્વ પાછું આવે છે: રથ મંગાવે છે, અને યુદ્ધ કરવા ઉપડે છે; પણ સીતાને જતી વખતે એ જે સંબોધન કરે છે તેમાં એની હલકાઈ સ્પષ્ટ જણાઇ આવે છે.

આ પછીના વિષ્કમ્ભકમાં ત્રણ વિદ્યાધરો પ્રવેશ કરે છે. પોતે 'ઇક્ષ્વાકુવંશના ઉજ્જવલ દીપકેતુ, રાવણના વધ માટે ઉદ્યમ કરતા રામનો સંગ્રામ જોવા હિમાલયના શિખરથી' આવ્યા છે. તેઓ વર્ણવે છે કે આખું આકાશ 'દેવો, દેવર્ષિઓ, સિદ્ધો અને વિદ્યાધરોથી ભરાઇ ગયું છે'. એક બાજુએ ઉભા રહી તેઓ યુદ્ધને જુએ છે; અને પરસ્પર વાતચીત કરતાં રણભૂમિ, વાનરો અને રાક્ષસનું યુદ્ધ અને રામ-રાવણના યુદ્ધનું વર્ણન આપે છે. આવા વર્ણનોમાં કવિની સિદ્ધહસ્તતા આપણને પરિચિત છે; તે સિદ્ધહસ્તતા આ પ્રસંગે પણ દેખાય છે. પ્રથમ વાનરો અને રાક્ષસોના સંગ્રામનું વર્ણન કરી તેઓ રામ અને રાવણનાં યુદ્ધકૌશલ્ય વખાણે છે. બન્ને લગભગ સરખા ઉતરે છે, ત્યાં ઓચિન્તું તેજ ઝબકે છે. 'માતલિવાહિત રથ' દેખાય છે. યુદ્ધમાં સમાનતા જોઇ શંકા થવાથી મહેન્દ્રે તે મોકલ્યો છે; રામ એમાં બેસે છે. અને રામ રાવણ વચ્ચે તુમુલ યુદ્ધ પ્રવર્તે છે. બીજો વિદ્યાધર કહે છે:

> चारीभिरेतौ परिवर्तमानौ
> रथे स्थितौ बाणगणान् वमन्तौ ।
> स्वरश्मिजालैर्धरणिं दहन्तौ
> सूर्याविव द्वौ नभसि भ्रमन्तौ ॥

ચારીથી (ચાલોથી) આ બન્ને ફરતાં, રથમાં બેઠેલા, બાણો છોડતાં, આકાશમાં ભમતા બે સૂર્યની જેમ ધરણિને પોતાના કિરણોથી બાળે છે.

છેવટે રાવણ પડે છે. हन्त निपातितो रावणः પુષ્પવૃષ્ટિ થાય છે, અને દેવોની ભેરી વાગે છે. દેવકાર્ય સિદ્ધ થઇ ગયું. વિદ્યાધરો ચાલ્યા જાય છે,

છઠ્ઠા અંકમાં કૃતકૃત્ય રામ પ્રવેશ કરે છે. 'આજે રણમાં રાવણને હણ્યો, વિભીષણને લંકાપતિ કર્યો. પ્રતિજ્ઞા પાર પડી, અને સીતાને આશ્વાસન આપવા બન્ધુસહિત લંકા તરફ જાઉં છું.' લક્ષ્મણ આવી ખબર આપે છે; 'આ આર્યા આર્યની પાસે આવે છે.' રામ–'વિખૂટી પડવાથી શત્રુના નિવાસમાં રહેલી વૈદેહીનું અત્યારે દર્શન થવાથી મારો શોક મારા ધૈર્યને વારશે'. રામને અધીરા થઇ જવાનો ભય લાગે છે, એનો ધર્મ અત્યારે એને માટે ધૈર્યની અપેક્ષા રાખે છે. લક્ષ્મણ સમજી જાય છે. 'જેવી આજ્ઞા' કહી ચાલ્યો જાય છે. બીજી બાજુથી વિભીષણ આવે છે, 'હે રાજન્! તારા બાહુવીર્યથી દુઃખમુક્ત થએલી તારી ધર્મપત્ની તારા પ્રસાદ માટે આવે છે.' રામ–'વિભીષણ! રાક્ષસના સંગથી દૂષિત થએલી ત્યાં જ ઉભી રહે. પિતા રાજા દશરથનો-વિચાર કરીએ તો મને મળવું યોગ્ય નથી.' વિભીષણ આગ્રહ

કરે છે; રામ એને વધારે દળાણુ કરવા ના પાડે છે. नार्हति भवानतः परं पीडयितुम्. ત્યાં ખબર કહેવા ગએલો લક્ષ્મણુ આવે છે; આર્યનો અભિપ્રાય સાંભળી સીતા અગ્નિ-પ્રવેશ માટે રજાની (પ્રસાદની) રાહ જુએ છે. રામ-'આ પતિવ્રતાની ઇચ્છા પ્રમાણે કર.' કહવાગરો લક્ષ્મણુ જાય છે; પણુ પોતાનું ધર્મ સંકટ જણાવતો જાય છે; 'ઓહો ! કષ્ટ ! દેવીની પવિત્રતા જાણીને અને આર્યનો હુકમ સાંભળીને ધર્મ અને સ્નેહની વચ્ચે આવી પડેલી મારી બુદ્ધિ ડોલે છે,

विज्ञाय देव्याः शौचं च श्रुत्वा चार्यस्य शासनम् ।
धर्मस्नेहान्तरे न्यस्ता बुद्धिर्दोलायते मम ॥

એટલામાં હનુમાન પ્રવેશ કરે છે. લક્ષ્મણુ હનુમાનને કહે છે 'જો તારામાં શક્તિ હોય તો-આર્યની આજ્ઞા આ પ્રમાણે છે'; હનુમાન બિચારો લક્ષ્મણુને પૂછે છે, 'किं तर्कयति कुमारः તમે શું તર્ક કરો છો ? લક્ષ્મણુ હતાશ થઇ કહે છે; 'મારો તર્ક નિષ્ફળ છે. અથવા આપણે આર્યની આજ્ઞાને અનુસરીએ'. બન્ને જાય છે. થોડીકવાર પછી લક્ષ્મણુ આશ્ચર્ય સાથે રામને સંબોધન કરતો પ્રવેશ કરે છે; 'આ આર્યા વિકસેલાં કમળની માળ સમાં, જીવવાની આશા છોડી દઇ અગ્નિમાં ત્વરાથી પ્રવેશ કરે છે. તારા શ્રમને નિષ્ફળ કરતાં કમળ વનમાં હંસી પ્રમાણે (હંસીના ઉલ્લાસથી) અગ્નિમાં પ્રવેશ કરે છે.' રામ સીતાની આ તત્પરતા જોઇ આશ્ચર્ય પામે છે અને લક્ષ્મણુને રોકવા મોકલે છે. લક્ષ્મણુ જાય છે, પણુ થોડીક વારમાં હનુમાન આવાં ખબર આપે છે; ' કનકમાલાની જેમ અગ્નિથી વધારે તેજવાળી થતી આ પાવના પાવકમાં જઇ કોઇ પણુ જાતનો ફેરફાર પામી નથી (શુદ્ધ રહી છે એવો અર્થ પણુ થઇ શકે.)

एषा कनकमालेव ज्वलनाद् वर्धितप्रभा ।
पावना पावकं प्राप्य निर्विकारमुपागता ॥

રામ આભો બની પૂછે છેઃ શું ? શું ? किमिति किमिति ' હનુમાન જવાબ આપે એ પ્હેલાં લક્ષ્મણુ 'અહો આશ્ચર્ય !' કરતો પ્રવેશ કરે છે, આગળ વાત ચાલે એ પ્હેલાં સુગ્રીવ આવી કહે છેઃ ' આ જીવતી જનકસુતાને લઇને પ્રણામ યોગ્ય કોણુ બળતા અગ્નિમાંથી નીકળ્યો ?' લક્ષ્મણુ અથવા વિભીષણુ કહે છે, ' ભગવાન વિભાવસુ (અગ્નિ) પોતે જ આર્યાને આગળ કરી આ બાજુ આવે છે !' રામ અગ્નિદેવને જોઇને તેની પાસે જવા કહે છે. સીતાને લઇ અગ્નિ પ્રવેશ કરે છે. રામ નમસ્કાર કરે છે, અગ્નિ એ નારાયણુના અવતારને નમસ્કાર કરતો રોકે છે, અને કહે છે; 'હે રાજેન્દ્ર ! આ સર્વલોકોથી નમસ્કૃતા, અપાપા, અક્ષતા, શુદ્ધ જાનકીનું ગ્રહણુ કરો.'

इमां गृह्णीष्व राजेन्द्र ! सर्वलोकनमस्कृताम् ।
अपापामक्षतां शुद्धां जानकीं पुरुषोत्तम ॥

રાજાને અધીરા થવું પાલવે નહિ, પોતાના સર્વ કૃત્યો લોકદષ્ટિ આગળ પણ ધર્મકૃત્યો તરીકે પ્રકટ રહે-એ વૃત્તિઓ જાગે છે, અને સીતાને જોવા તત્પર થએલા હૃદયને દમે છે. લક્ષ્મણ સાથે બોલતા રામની આ વ્યથા વ્યક્ત થાય છે; વિભીષણ સાથે બોલતી વખતે સંયમ વ્યક્ત થાય છે; અને આ સ્થિતિ કવિએ માનવને સહજ શક્ય રીતે સાધી છે. રામ પોતાની નિર્બળતા (!!) જાણે છે, અને તેમાંથી બચવા સીતાને આવતી જ રોકાવે છે. સીતાને જુએ તો પોતાનું ધૈર્ય ગલિત થઇ જાય એ પોતે જાણે છે; આવી સ્થિતિમાં માણસ ફક્ત પોતાની નિર્બળતાના નિમિત્તને રોકી પોતાની જાતને બચાવી શકે, અને રામ એ રીતે પોતાને બચાવે છે. આ રીતે નાટકના કાર્યમાં આન્તર અન્તરાય ઉત્પન્ન થાય છે. સીતાને અગ્નિમાં પ્રવેશ કરવાની રામ રજા આપે છે, પણ સીતા અગ્નિમાં પ્રવેશ કરે છે એ ખબર સાંભળે છે ત્યારે રામ લક્ષ્મણને રોકવા જવા કહે છે **'निवारय निवारय** અટકાવ, અટકાવ!' આ રીતે કવિ રામને સહૃદય અને ધર્મનિષ્ઠ તરીકે બતાવવા પ્રયત્ન કરે છે.

નાટકની દષ્ટિએ, કલાની દષ્ટિએ, આ પ્રસંગ હૃદયને વિંધે એવો છે. પણ જીવનતત્ત્વની દષ્ટિએ એ કેટલો યોગ્ય છે તે કહેવું કઠિન છે; રામનું આ કૃત્ય અને ઉત્તરાવસ્થામાં સીતાત્યાગનું કૃત્ય-અનેક વાર ચર્ચાનો વિષય બન્યો છે અને બને છે; અને રાજધર્મની આખી ફીલસુફી, સામાજિક દષ્ટિની આખી ધર્મમીમાંસા તેમાં ઠલવવામાં આવે છે. તે બધાને બાજુ ઉપર મુકી એક પ્રશ્ન જ પૂછીએ. જો રામને પોતાની સ્ત્રીની પવિત્રતાની ખાતરી હતી તો શું લોકોની ખાત્રી કાજે એની કસોટી કરવી યોગ્ય હતી ? જેને પવિત્ર માની તેની કસોટી કરવી એ શું તે વ્યક્તિનું અપમાન નથી? મને તો એમ લાગે છે કે રામ સીતાનું અપમાન કરે છે. વાસ્તવિક રીતે જોતાં આ મને રાજધર્મ અને પતિધર્મના વિરોધનો અથવા સામાજિક ધર્મ અને વૈયક્તિક સુખના વિરોધનો પ્રશ્ન લાગતો નથી. આતો સત્યાસત્યનો પ્રશ્ન છે. એક સાચી વાતને લોકની ખાતર જૂઠી માની તે પ્રમાણે આચરણ કરવામાં ધર્મ શી રીતે છે એ સમજાતું નથી. આમાં અંગત સુખ દુઃખનો સવાલ જ નથી, પણ સત્યાસત્યનો સવાલ છે; અને સત્ય રામને માટે તો જગતની કોઇ પણ વસ્તુના કરતા વધારે આદરણીય હોય એમ આપણે માનીએ છીએ. વળી આ જાતની જાહેર કસોટીનો કશો અર્થ નથી એ રામના ઉત્તરચરિતમાં જણાઇ આવે છે. લંકામાં થએલી કસોટીને અયોધ્યાના લોકો શું કરવા માને? તે વખતે રામ-દુષ્યન્તનો એક શબ્દ વાપરીએ તો-'દારત્યાગનું' ઘોર પાપ કરે છે-પાપ કારણ કે પોતાને સીતાની પવિત્રતાની ખાતરી છે.

કવિને ન્યાય આપવા ખાતર એટલું કહેવું જોઇએ કે તેણે રામને સીતા પ્રત્યે અતિ કોમલ દર્શાવી પોતે કોઇ અ-સ્વાધીન કારણને લીધે આમ કરે છે તે બતાવવા સમર્થ પ્રયત્ન કર્યો છે.

આખા નાટકનુ કાર્ય કવિએ એટલી સ્પષ્ટ રેખાઓથી આંક્યું છે કે તેની પુનરુક્તિ કરવાની જરૂર નથી. તે આંકવામાં કવિએ માણુસની બાહ્ય પરિસ્થિતિ ઉપર તેમ જ આન્તર પરિસ્થિતિ ઉપર યોગ્ય ભાર મૂકયો છે તે વાંચકના ધ્યાનમાં આવશે એવી આશા છે. આ નાટકનું આન્તર સ્વરૂપ, તંત્ર સ્વરૂપ–કથાનક નહિ,–બાલચરિત સાથે સમાન છે એ પણ બન્નેના સાવધાન વાંચકના ધ્યાનમાં આવશે.

આ લેખથી મહાભારત અને રામાયણમાંથી વસ્તુ લઇ રચેલા નાટકાની સંમાલોચના પૂરી થાય છે.

શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનભંડારમાં આવતાં ચોપાનીઆમાંના

પુરાતત્ત્વવિષયક લેખોની યાદી

જર્નલ ઓફ ધી રોયલ એશિયાટિક સોસાઇટી (ગ્રેટબ્રિટન) ઓક્ટોબર, ૧૯૨૬

[૧] અબુ તમ્માન અને ઇબ્ન હાની
આર. પી. ડયુહર્સ્ટ

[૨] પાછળના સાતવાહનો અને શકો
કે. એ. નિલકંઠ શાસ્ત્રી

[૩] બેબીલોનીઆના સ્થાપત્યના સ્થાપન-લેખો
સી. જે. ગેડ

[૪] બેબીલોનીઆની રોગહારિન્ આકૃતિઓ
લીઓનાર્ડ વૂલી

જર્નલ ઓફ ધી રોયલ એશિયાટિક સોસાઇટી, બોમ્બે બ્રાન્ચ, વો. ૨, અં. ૧

[૧] હમણાં જ ત્રાવણકોર રાજ્યમાંથી મળી આવેલો પહેલવી લેખવાળો ખ્રીસ્તી ક્રોસ
ડૉ. જીવણજી જમશેદજી મોદી

[૨] ગુજરાત સલ્તનતના અપ્રસિદ્ધ સિક્કાઓ
પ્રો. એસ. એચ. હોડીવાળા

[૩] મહાભારતમાં વર્ણવેલું સર્પસત્ર
એમ. વિન્તરનિત્ઝ

[૪] 'પ્રત્યક્ષ' વિષે નોંધ
પી. કે. ગોડે

જર્નલ ઓફ ધી એશિયાટિક સોસાઇટી ઓફ બેંગાલ, વો. ૨૦, અં. ૭

[૧] ઉમર બઅબ્દિલ અઝીઝની મુસ્નદ
એ. એચ. હાર્લી

[૨] બંગાલમાંના પ્રાચીનવસ્તુવિજ્ઞાન (Archæology) વિષયક અવશેષો વિષે નોંધો
મૌલવી અબ્દુલ વલી ખાનસાહેબ

વો. ૨૧, અં. ૧

[૧] કાઠક સંહિતામાં વિભક્તિઓના ઉપયોગ વિષે નોંધો
શ્રી. સુકુમાર સેન.

[૨] ભારતીય ઉદ્ભવો
એચ. વી હન્ના

વૉ. ૨૧ અં. ૩

[૧] ખોરાસાની બોલીમાં ગામડી કાવ્ય
ડબલ્યુ. ઇવેનોઉ

[૨] દુર્ગાપૂજાને મળતો યુરોપી ઉત્સવ
સ્ટેન કોનોઉ

જર્નલ ઑફ ધી એન્થ્રોપોલોજીકલ ઇન્સ્ટીટ્યુટ (ગ્રેટબ્રિટન) વૉ. ૫૬
જાનેવારીથી જુન, ૧૯૨૬.

[૧] ઑસ્ટ્રેલીઆની ઇન્દ્રધનુષ્ય-સર્પની પુરાણકથા.
એ. આર. રેડકલીફ બ્રાઉન.

[૨] નાગસંસ્કૃતિનાં અમુક દશ્યો.
જે. પી. મીલીસ.

[૩] ટાંગાનિકાના દેશમાંના મહેન્જે જીલ્લાના વારેહી વિષે કેટલીક નોંધો.
એ. જી. ઓ. હોગસન.

[૪] ટાંગાનિકા પ્રદેશમાંની ઉલંગ ખીણમાંના વન્દમ્બ તથા બીજી આફ્રિકાની ટોળીઓના શિકારી રિવાજો વિષે કેટલીક નોંધો.
એ. જી. ઓ. હોગસન.

[૫] નાગ લોકોની ટેકરીઓમાં પથ્થરનો ઉપયોગ.
જે. એચ. હટન.

[૬] પીશારોટી કર્મકાંડ.
કે. રામ પીશરોટી.

[૭] ન્યાતબહારા હિંદી માલ લોકોની સામાજિક વ્યવસ્થા.
સીડની નીકોલસન.

[૮] પામીર અને આમુદરીઆવાળા પ્રદેશનું ભૌગોલિક પ્રાચીનવસ્તુવિજ્ઞાન.
ટી. એ. જોઇસ.

[૯] આંતર માંગોલિયાના વતનીઓ.
એલ. એચ. ડડલે બકસટન

[૧૦] વિષુવવૃત્તી આફ્રિકાના અઝન્દે (નીઆમ-નીઆમ)માંના ધર્મનાં કેટલાક દશ્યો ઉપરનાં અનુમાનો.
કેપ્ટન જે. ઇ. ટીશીલીપ્સ.

[૧૧] કીટુઇ અકમ્બા: કેટલીક બાબત ઉપર આગળ અનુમાનો.
જે. એચ. બ્લેકવુડ મર્ફી.

ન, નવેમ્બર ૧૯૨૬.

[૧] બાલપ્રાણહારક મુસલમાની રાક્ષસો.
ડબલ્યુ ઇવેનોઉ.

ડીસેમ્બર, ૧૯૨૬.

[૧] દક્ષિણ ભારતીય વસ્તુઓને મળતાં નાગ લોકાનાં શંખલાનાં ઘરેણાં.
જે. એચ. હટ્ટન.

ઇન્ડીઅન એન્ટીકવરી, મે, ૧૯૨૬.

[૧] ઉત્તર હિંદનાં લગ્નગીતો.
સ્વ. ડૅા. ડબલ્યુ ક્રુક.

[૨] બુકુર મોકન.
સર આર. સી. ટેમ્પલ.

[૩] પલૌરા–દંતપુર.
સીલ્વેઇન લેવી.

જુન, ૧૯૨૬.

[૧] ગુરુ હરગોવિંદના જીવનનાં કેટલાંક દશ્યો.
ઇંદુભૂષણ બેનરજી.

[૨] ઉચ્ચકલ્પ વ્યાઘ્ર.
પ્રો. જોવીઓ ડુબ્રીલ.

[૩] ઉત્તર હિંદનાં લગ્નગીતો.
સ્વ. ડૅા. ડબલ્યુ ક્રુક.

[૪] અઢારમી સદીના દખ્ખણના ગ્રામ્યજીવન ઉપર આડ અજવાળાં.
એસ. એમ. એડવર્ડ્ઝ.

[૫] ઇંદોરમાં બળવો (કેટલાક અપ્રસિદ્ધ લેખો.)
એચ. જી. રોલીન્સન.

જુલાઇ, ૧૯૨૬.

[૧] ઇંદોરમાં બળવો.
એચ. જી. રોલીન્સન.

[૨] ઉત્તર હિંદનાં લગ્નગીતો.
ડૅા. ડબલ્યુ ક્રુક

[૩] પ્રાચીન ચાઇનાનું નામ.
લેઓનાર્ડ ઉરૌસો.

ઓગસ્ટ, ૧૯૨૬

[૧] પાટનગર નહપાન.
વી. એસ. બખલે

[૨] ઇંદોરમાં બળવો.
એચ. જી. રોલીન્સન.

[૩] પિહુન્ડ, પિંથુન્ડ, પિહુન્દ્ર.
સીલ્વેઇન લેવી

[૪] ઉત્તર હિંદનાં લગ્નગીતો.
ડૅા. ડબલ્યુ ક્રુક

સપ્ટેમ્બર, ૧૯૨૬

[૧] મરગઝી ઓચ્છવ માટે બેતાલીસ સ્તોત્રો.
એ. ભટરવર્થ અને પ્રો. એસ. કૃષ્ણસ્વામી આયેંગર.

[૨] ઇંદોરમાં બળવો.
એચ. જી. રોલીન્સન.

[૩] સોમ. પ્રો. જી. ના.

[૪] ભાસ્કર રવિવર્મનની સાલ વિષે નોંધ.
એ. એસ. રામનાથ આય્યર.

[૫] ક્ષહરાટો. દખ્ખણની વસ્તીમાં એમના કંઇ અવશેષચિન્હો રહ્યાં છે કે એઓનું સમૂળું નિકંદન થયું હતું?
વાય. આર. ગુપ્તે.

જર્નલ ઓફ ધી બિહાર એન્ડ ઓરીસ્સા રિસર્ચ સોસાઇટી.

વો. ૨૦, ભાગ ૧

[૧] બકસરની લડાઇ.
સી. ઇ. એ. ડબલ્યુ ઓલ્ડહામ.

[૨] બરાબર ટેકરીઓ વિષે નોંધો.
વી. એચ. જેકસન.

[૩] આજિવકો.
ડો. એ. બેનરજી શાસ્ત્રી.

[૪] સંતાલી ભાષામાં 'બુરૂ' અને 'બોન્ગ' શબ્દના અર્થ.
રેવ. પી. ઓ. બોડીંગ.

[૫] આર્યભટ વિષે નોંધો.
શરદકાંત ગંગુલી.

[૬] ઓરિસ્સાના ભંજ રાજાઓ.
પરમાનંદ આચાર્ય.

[૭] હિંદી-ઇરાની (Indo-Iranian) સાહિત્યમાં અસુરો.
ડો. એ. બેનરજી શાસ્ત્રી.

[૮] સંતાલી લોકવાર્તાઓ.
શરચ્ચંદ્ર મિત્ર.

[૯] અસુરોઃ પ્રાચીન અને અર્વાચીન.
રાવબહાદુર એસ. સી. રોય.

[૧૦] સંતાલોમાં નરમેધ વિષે નોંધ.
શરચ્ચંદ્ર મિત્ર.

[૧૧] વિમાનવત્થુકથામાં સંગીત અને નૃત્ય.

વૉ. ૨૦ ભાગ ૨.

[૧] કહેવાતા બુદ્ધગયા ચાંદ (hlaque) ઉપરનું લેખપત્ર.
ડૉ. સ્ટેન કોનોઉ.

[૨] વૈદિક સમયથી માંડીને ભારતીય સ્થાપત્ય.
મનોમોહન ગંગુલી.

[૩] સાલ પુષ્પોની જાફ્ત.
રાવબહાદુર શરચ્ચંદ્ર રૉય.

[૪] ભારતમાં અસુરોનો પ્રસાર.
ડૉ. એ. બેનરજી શાસ્ત્રી.

[૫] રામાયણમાંનાં કેટલાંક નામો
અમ્બીકા પ્રશાદ

[૬] લોમશ ઋષિની ગુફા
ડૉ. એ. બેનરજી શાસ્ત્રી

વૉ. ૧૨, ભા. ૩

[૧] લા માર્ગનીસ ' લાઇફ઼ ઑફ઼ નાદિરશાહ '
લોરેન્સ લોકહાર્ટ

[૨] અસુરોનો પ્રસાર–દરિયામાર્ગે
ડૉ. એ. બેનરજી શાસ્ત્રી

[૩] ધર્મપાલ દેવના રાજ્યમાં બનેલા એક પછી એક બનાવો
નલીનિનાથ દાસગુપ્તા

[૪] વૈદિક કાલ પછીના દિવસોમાં ભારતીય સ્થાપત્ય
મનોમોહન ગંગુલી

એનાલ્સ ઑફ઼ ધી ભાંડારકર ઇન્સ્ટીટ્યુટ, વૉ. ૮ ભા. ૨

[૧] મધુસુદન સરસ્વતીઃ એમનું ચારિત્ર અને ગ્રંથો
પ્રહલાદ સી. દીવાનજી

[૨] પાલીસાહિત્યમાં મગધ અને રાજગૃહ
ડૉ. વિમલ ચુર્ણ લૉ.

[૩] મેહેરૌલી સ્તંભનું મૂળ સ્થાન
ચિંતાહરન ચક્રવર્તી

[૪] ઋગ્વેદનું દૈવીકરણ (Apotheosis)
સીતાનાથ પ્રધાન

[૫] આજીવક–એનો અર્થ શું ?
પ્રો. બી. એમ. બરૂઆ

[૬] મધ્યકાલીન હિંદમાં સામાજિક કૌતુહલ
આર. એમ. મુસારી

[૭] પાણીનીસૂત્ર ૪. ૩. ૯૫–૧૦૦ માંના ભક્તિ શબ્દ વિષે ટૂંક નોંધ.
આર. એસ. જુઆરી.

[૮] આપણે કાલીદાસની સાલ વધુ ચોક્કસ રીતે નક્કી કરી શકીએ ?
ડી. આર. ભાંડારકર.

[૯] દેવાલયશાસ્ત્ર (હિંદુ)
રાવસાહેબ કે. વી. વઝે.

કવાર્ટરલી જર્નલ ઓફ ધી મિથિક સોસાઇટી જુલાઇ ૧૯૨૬

[૧] વિદ્યુત્પાત ઉપર રાવણની લંકાની જગા.
વી. એસ. વરેર.

[૨] દશ વિ. પિત્ર અથવા કર્મ વિ. જ્ઞાન.
કે. રામવર્મા રાજા.

[૩] પુરાણોના સમદ્વીપ.
વી. વેંકટ ચેલમ આય્યર.

[૪] પક્ષીઓ વિષેની દંત કથાઓનાં અધ્યયનો (૧૦)
સે. શરચ્ચંદ્ર મિત્ર

ઓકટોબર, ૧૯૨૬

[૧] વિજયનગરમાંના ઐતિહાસિક કોતરકામો
રેવ. એચ. હેરાસ

[૨] પુરાણોના સમદ્વીપ
વી. વેંકટચેલમ આયર

[૩] પક્ષીઓ વિષેની દંતકથાઓનાં અધ્યયનો (૧૧)

[૪] જાતિ (sex) ની ઉત્પત્તિને લગતી પુરાણકથાઓ
પી. કે. ગોડે

ધી ઇન્ડીઅન હીસ્ટોરિકલ કવાર્ટરલી વો. ૨. અં. ૨

[૧] રસાતલ
નન્દોલાલ ડે

[૨] ચીની યાત્રીઓના લખાણોમાં હીંદી–ચીન

[૩] મહાભાષ્યમાં દશ્યમાન થતા પાતંજલિ–(૨)
ડૉ. પ્રભાતચંદ્ર ચક્રવર્તી

[૪] હિંદુસ્તાનનો વેપાર
પી. ટી. શ્રિનિવાસ આયેંગર

[૫] ભારતીય ચિત્રકલા ઉપર તુલનાત્મક દૃષ્ટિપાત
અજીત ઘોષ

[૬] શ્રી ચંદ્રદેવનું કેદારપુરવાળું તામ્રપત્ર
હરિદાસ મિત્ર

[૭] હિંદુ વિજ્ઞાનમાં શુક્રનું અર્થશાસ્ત્ર
પ્રો. બિનોય કુમાર સરકાર
[૮] વિષુવવૃત્ત ઉપર રાવણની લંકાની જગા
વી. એચ. વદેર
[૯] નાસિક લેખપત્રવાળું સેતગિરિ
વિદ્યાસાગર સદાશિવ બખ્લે
[૧૦] ઇટાલીયન ભાષામાં હિન્દુ રાજકારણ
પ્રો. બિનોય કુમાર સરકાર
[૧૧] હિંદબ્યહારનું ભારતીય વાઙ્મય
પ્રભાતકુમાર મુકરજી
[૧૨] રાજા હર્ષ અને ઐહોલનું લેખપત્ર
ચિંતાહરન ચક્રવર્તી
[૧૩] જાનપદ અને પૌર
નરેન્દ્રનાથ લૉ
[૧૪] વાસુદેવપૂજા વિષે પાણિનીની સાક્ષી
અશોકનાથ ભટ્ટાચાર્ય
[૧૫] મહાભાષ્યના એક ફકરાનો શ્રી. જયસ્વાલે પોતાના 'હીંદુ પોલીટી' પુસ્તકમાં કરેલા અર્થ વિષે ટુંક નોંધ
કે. જી. સુબ્રહ્મન્યમ્
[૧૬] અભિધર્મકોશવ્યાખ્યાનો એક ફકરો
વિધુશેખર ભટ્ટાચાર્ય

વો. ૨. અં. ૩

[૧] મથુરામાંથી મળેલું નવું બ્રહ્મી લેખપત્ર
એન. જી. મજુમદાર
[૨] કાંચીના પૂર્વકાલીન પલ્લવો
કે. જી. શંકરલાલ
[૩] હિંદુસ્તાનનો વેપાર
પી. ટી. શ્રિનિવાસ આયંગર
[૪] મહાભાષ્યમાં દશ્યમાન થતા પાંતજલિ (૩)
ડૉ. પ્રભાતચંદ્ર ચક્રવર્તી
[૫] પાલી અને સંસ્કૃત શાળાઓમાં અપાતી બૌધ્ધ કેળવણી
ઇ. જે. થોમસ
[૬] મહાભારતનું તત્ત્વજ્ઞાન-મોક્ષધર્મ.
આર. આર. આયેંગર.
[૭] રસાતલ.
નંદલાલ ડે.

[૮] ગીતાસાહિત્ય અને ભ્રહ્મવિદ્યા સાથેનો એનો સં°
ઉમેશચંદ્ર ભટ્ટાચાર્યજી.

[૯] હિંદુ વિજ્ઞાનમાં શુક્રનું અર્થશાસ્ત્ર.
પ્રો. બિનોયકુમાર સરકાર.

[૧૦] બૌદ્ધસાહિત્યમાં લગ્ન.
વિમલચૂર્ણ લૉ.

[૧૧] ધર્મ (કાયદો) તત્વ.
જે. એન. સી. ગંગુલી.

[૧૨] ગુરુ ગોવિંદસીંગના પૂર્વકાલીન સાહસો.
ઇંદ્રભૂષણ બેનરજી.

[૧૩] હિંદ બહારનું ભારતીય વાઙ્મય.
પ્રભાતકુમાર મુકરજી.

[૧૪] કાચારમાંથી બે સિક્કાઓ.

[૧૫] ક્રેન્ગેનોર.
કે. આર. પિશારોટી.

[૧૬] જાતકોનું ગુણન (multiuication).
બી. એમ. બરૂઆ.

[૧૭] સાધનમાલા અને એનું તીબેટી રૂપાંતર.
વિધુશેખર ભટ્ટાચાર્ય.

[૧૮] જાનપદ અને પૌર (૨)
નરેન્દ્રનાથ લૉ.

[૧૯] રામપાલ તામ્રપત્રનો રોહિતાગિરિ.

કલકત્તા રિવ્યુ, મે. જુન, ૧૯૨૬

[૧] સ્મૃતિઓમાં બ્રાહ્મણવાદ
ડી. આર. વૈદ્ય

[૨] સર વિલિયમ નોરીસનું સુરતમાં આગમનઃ મોગલ દરબાર તરફથી એની મુસાફરીની તૈયારીઓ
એચ. દાસ

[૩] ઋગ્વૈદિક ઇતિહાસના કેટલાક મહત્વના પ્રશ્નો અને વૈદિક અભ્યાસીઓ
એન. કે. દત્ત.

જુલાઈ, ૧૯૨૬

[૧] સર વિલિયમ નોરીસનું સુરતમાં આગમન (૨)
એચ. દાસ

[૨] ઋગ્વૈદિક ઇતિહાસના કેટલાક મહત્વના પ્રશ્નો અને વૈદિક અભ્યાસીઓ
એન. કે. દત્ત

[૪] વરરુચિની ઉભયાભિસારિકા
સુકુમાર સેન

ઓગસ્ટ, ૧૯૨૬

[૧] સારસેની વેપાર ઉદ્યોગ
અબુલ હુસૈન

[૨] સર વિલિયમ નોરીસ મોગલ તંબુમાં (૩)
એચ. દાસ

સપ્ટેમ્બર, ૧૯૨૬

[૧] સર વિલિયમ નોરીસ મોગલ દરબારમાં (૪)
એચ. દાસ

[૨] સંકરમનો બૌદ્ધ મઠ

[૩] ચાલુક્ય સોમેશ્વરનું ચિત્રકલા વિષેનું કથન
એ. એસ. રામનાથ આયર

[૪] સારસેની વેપાર ઉદ્યોગ (૨)
અબુલ હુસૈન

ઓક્ટોબર, ૧૯૨૬

[૧] ઉપનિષદ કાલ
કાર્લો ફોમીશી

[૨] સર વિલિયમ નોરીસ (૫)
એચ. દાસ

[૩] આર્યોનું ભારતને તાબે કરવું
હેમચંદ્ર રાયચૌધુરી

ઇંડિયન રિવ્યુ, માર્ચ, ૧૯૨૬

[૧] મહાન સિકંદર અને બ્રાહ્મણ સન્યાસીઓ
રાવ બહાદુર કૃષ્ણરાવ ભોંસલે.

મોર્ડન રિવ્યુ, સપ્ટેમ્બર, ૧૯૨૬

[૧] બંગાળામાં સન્યાસીઓનો બળવો (અપ્રસિદ્ધ લખાણો પરથી)
ત્રજેન્દ્રનાથ બેનરજી

ઑક્ટોબર ૧૯૨૬

(૧) બંગાળામાં સન્યાસીઓનો બળવો (૨)
બ્રજેન્દ્રનાથ બેનરજી

નાગરીપ્રચારિણી પત્રિકા ભા. ૬, અં. ૪

(૧) કવિ રાજશેખરનો સમય
રાય બહાદુર ગૌરીશંકર ઓઝા

(૨) પ્રેમનિધિ
પં. નારાયણશાસ્ત્રી ખિરતે

(૩) ઉદ્ભટ ભટ્ટ
પ. બટુકનાથ શર્મા

(૪) ચિરંજીવ ભટ્ટાચાર્ય
પં. જગન્નાથ શાસ્ત્રી

(૫) આશાધર ભટ્ટ
પં. બલદેવ ઉપાધ્યાય

(૬) શ્રીહેમચંદ્રાચાર્ય
પં. શિવદત્ત શર્મા

(૭) કલચુરિસમ્રાટ
રાયબહાદુર હીરાલાલ

ભા. ૭ અંક ૧

(૧) ત્રૈભાષિક શિલાલેખ
પૂરણચંદ્ર નાહર

(૨) હસ્તલિખિત હિંદી પુસ્તકોની શોધ
રાયબહાદુર હીરાલાલ

(૩) શ્રીહેમચંદ્રાચાર્ય
પં શિવદત્ત શર્મા

ભા. ૭ અં. ૨

(૧) માઘ કવિનો સમય
રાયબહાદુર ગૌરીશંકર ઓઝા

વિવિધજ્ઞાન વિસ્તાર, ઑક્ટોબર, ૧૯૨૬

મત્સ્યપુરાણમાં ઉલ્લેખેલા કેટલાક પ્રાચીન આચાર

ચિત્રમય જગત, એપ્રીલ, ૧૯૨૬

(૧) અસઈની લડાઈ
શિવરામ મહાદેવ પરાંજપે

મે, ૧૯૨૬

(૧) અસહકારની લડાઇ

શિવરામ મહાદેવ પરાંજપે

જુન, ૧૯૨૬

(૧) અસહકારની લડાઇ

શિવરામ મહાદેવ પરાંજપે

જુલૈ, ૧૯૨૬

(૧) અસહકારની લડાઈ

શિવરામ મહાદેવ પરાંજપે

બુદ્ધિપ્રકાશ માર્ચ ૧૯૨૬

(૧) મધ્યકાલીન ગુજરાતની સામાજિક પરિસ્થિતિ

હીરાલાલ ત્રિભોવનદાસ પારેખ

રા. પુ. બારોટ

જ્ઞાનભંડારસંરક્ષક

સાભાર સ્વીકાર

શિક્ષાપત્રી (સટીક)
સ્વામીનારાયણ-મંદિર-વડતાલ
કૃષ્ણમાચાર્ય

સૂર્યપ્રજ્ઞપ્ત્યુપાંગમ્
શેઠ પુંજાભાઈ હીરાચંદ ૩-૮-૦
મલયગિર્યાચાર્ય

ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર પર્વ ૬, ૭
જૈનધર્મપ્રસારક સભા ,,

શ્રાદ્ધદિનકૃત્ય ઔર આત્મનિંદા ભાવના (અધુરૂં)
બનારસ જૈન પ્રભાકર પ્રેસ ,,

કર્મગ્રંથ ભા. ૨
દેવેન્દ્રસૂરિ ,,

ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર પર્વ ૮-૯
જૈનધર્મપ્રસારક સભા ,,

શ્રી ચૈત્યવંદનાદિ ભાષ્ય ત્રયમ્
બાલાભાઈ કકલભાઈ ,,

દશવૈકાલિક સૂત્ર ટબો

ઉત્તરાધ્યયન સૂત્ર ટબો ,,

પંચાસ્તિકાય ટબો ,,

શ્રી પંચાશક ગ્રંથ
હરિભદ્રસૂરિ ટીકા. અભયદેવસૂરિ ,,

સમવાયાઙ્ગ સૂત્રમ્
ધર્મસ્વામી ,,

ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર પર્વ ૧૦
જૈનધર્મપ્રસારક સભા ,,

અધ્યાત્મોપનિષદ વા આનંદઘનજી કૃત ચોવીશી
માણેકલાલ ઘેલાભાઈ ઝવેરી ,,

પ્રજ્ઞાપનોપાંગમ્ (પૂર્વાર્દ્ધ)
મલયગિર્યાચાર્ય ,,

ઉત્તરાધ્યયન
રાય ધનપતિસિંહ બહાદુર.

સૂત્રકૃતાંગમ્
ધર્મસ્વામી.

કર્મગ્રંથ ભા, ૧	શેઠ પુંજાભાઇ હીરાચંદ	
દેવેન્દ્રસૂરિ.	,,	
પ્રજ્ઞાપનોપાંગમ્ (ઉત્તરાર્ધ)		
મલયગિર્યાચાર્ય.	,,	૧-૧૨-૦
કર્મપ્રકૃતિ.		
શિવશર્માચાર્ય ટીકા. મલયગિર્યાચાર્ય.	,,	૨-૮-૦
પાલનપુર એજન્સી ડીરેકટરી વો. ૧		
ફરામરોજ સોરાબજી માસ્ટર.	મુનિ જિનવિજય દ્વારા.	
શ્રીમદ્ ભગવતીસૂત્ર.		
પંચમ અંગ ખં. ૨	શેઠ પુંજાભાઇ હીરાચંદ.	૧૨-૦-૦
ગં. બેચરદાસ જીવરાજ દોશી.		
સૌરાષ્ટ્રની રસધાર ભા. ૪		
ઝવેરચંદ મેઘાણી.	સ રાષ્ટ્ર લીમીટેડ.	૧-૮-૦
ગુરુતત્ત્વવિનિશ્ચય.		
યશોવિજય.	જૈન આત્માનંદ સભા.	૩-૦-૦
શ્રી શત્રુંજયપ્રકાશ.		
દેવચંદ દામજી કુંડલાકર.	જૈનપત્ર.	૧-૦-૦
નેબ્રાસ્કા યુનિવર્સીટી સ્ટડીઝ.		
વો. ૧-૨૪ (બીજાના પ્રથમ અંક અને વીસમાના ૧-૨ અંક સિવાય)	નેબ્રાસ્કા યુનિવર્સીટી, અમેરીકા.	
આર્ઠવિન્હો ભા. ૧		
સૌ. વિમલાગૌરી સેતલવડ	ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી.	૦-૧૨-૦
,, ભા. ૨	,,	૦-૧૨-૦
સૌંદર્યતત્ત્વ.		
મહાશંકર ઇન્દ્રજી દવે.	,,	૦-૧૦-૦
ગ્રીક સાહિત્યનાં કરુણરસપ્રધાન નાટકોની કથા		
સૌ. લવંગિકા પ્રિ. મહેતા.	ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી	૦-૧૦-૦
કવિતા અને સાહિત્ય વો. ૧		
રમણભાઇ મ. નિલકંઠ	,,	૧-૦-૦
મરાઠી રિસાયત (ઉત્તરાર્ધ)	,,	૧-૦-૦
જીવનલાલ અ. શહેના		
ગુજરાતી ફારસી અરબી શબ્દોનો કોશ ભા. ૧	,,	૧-૦-૦
ભા. ૨	,,	૧-૦-૦
બાલકલ્યાણ		
ડૉ. હરિપ્રસાદ દેસાઇ	,,	૦-૦-૦

સિંહાસન બત્રીસી		
કેશવપ્રસાદ દેસાઇ	„	૦–૧૦–૦
જૈન ગુર્જર કવિઓ ભા. ૧		
મોહનલાલ દલીચંદ દેસાઇ	જૈન શ્વેતાંબર કોન્ફરન્સ	૫–૦–૦
શ્રી શત્રુંજય ડીરેક્ટરી	„	
મકનજી જે. મહેતા		
પાઇઅ લચ્છી નામવાળા	„	
ધનપાલ		
બાલવાર્તા ભા. ૪	દક્ષિણામૂર્તિભવન	
ગિજુભાઇ		
શત્રુંજય વગેરેના ફોટા નં. ૮		
અધ્યાપક મલકાની	અધ્યાપક મલકાની	
તારીખે પાલનપુર (ઉર્દુ)		
સૈયદ ગુલાબુદ્દીન મીઆં	નવાબ સાહેબ પાલનપુર	
પાલનપુર રાજ્યનો ઇતિહાસ ભા. ૧	„	
તાલે મહમદખાન		
પ્રવચન સારોદ્ધાર (ઉત્તરાર્ધ)	દે. લા. જૈ. પુસ્તકોદ્ધારક ફંડ	૪–૦–૦
સિદ્ધસેનસૂરિ		
શ્રી લોકપ્રકાશ ભા. ૨		
વિનય વિજય	„	૨–૦–૦
તત્ત્વાર્થાધિગમસૂત્રમ્		
ઉમાસ્વાતિ	„	૮–૦–૦
શિક્ષણવ્યાખ્યાન માળા	ગુજરાત વિદ્યાપીઠ	૦–૧૦–૦
લઘુ પાઠ		
અ. ધર્માનંદ કોસંબી	અ. ધર્માનંદ કોસંબી	

ગૂજરાત વિદ્યાપીઠના પ્રકાશનો

પાઠ્ય પુસ્તકમાળાઃ

કુમાર મંદિરો માટેઃ

૪,૫ ચાલણગાડી નાની—(બાળપોથી-સચિત્ર) કિં. ૦-૪-૦

„ મોટી—(બીજી આવૃત્તિ) કિં. ૦-૩-૦

૧૧ ચણીબોર—(બાળકવિતાનો સંગ્રહ—ત્રીજી આવૃત્તિ) ભાગ-૧ કિં. ૦-૧-૦

ભાગ-૨ કિં. ૦-૨-૦, ભાગ-૩ કિં ૦-૩-૦, ત્રણે ભાગ સાથે કિં. ૦-૫-૦

૧૧ રાયણ—(ચણીબોર શીખી આગળ વધેલાઓ માટે) ત્રીજી આવૃત્તિ

ભાગ ૧-૨ દરેક ભાગની. કિં. ૦-૩-

૧૫,૧૭,૨૮, વિદ્યાપીઠ વાંચનમાળા-પહેલી ચોપડી (સુધરેલી ચોથી આવૃત્તિ) કિં. ૦-૨-

બીજી ચોપડી (સુધરેલી ત્રીજી આવૃત્તિ) કિં. ૦-૩-

ત્રીજી ચોપડી કિં. ૦-૬-

ચોથી ચોપડી (તૈયાર થાય છે

કુમાર અને વિનય મંદિરો માટેઃ-

૧૬ ઐતિહાસિક વાર્તામાળા—મોગલવંશ (બીજી આવૃત્તિ) કિં. ૦-૧૨-

૨૨ સંક્ષિપ્ત કરણઘેલો કિં ૦-૧૨-

૨૩ પાઠસંગ્રહ ભાગ ૧ લો—સં૦ શ્રી નરહરિ દ્વા. પરીખ કિં. ૦-૧૩-

વિનયમંદિરો માટેઃ—

૧૮ Poetical Selections for Vinita Examination.

૨૪ હિંદી તવારીખ (તુર્ક અને પઠાણ સમયનો ઇતિહાસ)

લે૦ શ્રી. નાજુકલાલ નં. ચોકશી

૨૫ બ્રિટિશ રાજતંત્ર અને આપણી મહાસભા—

લે૦ શ્રી. ચુનીલાલ બે. ભટ્ટ

૨૯ પ્રાકૃતિક ભૂગોળ—લે૦ શ્રી છોટાલાલ બા. પુરાણી

વિનયમંદિરો અને મહાવિદ્યાલયો માટેઃ—

૧૦ મન્તાખે બાતેં ઉર્દૂ—સં૦ મૌ૦ અબુ ઝફર નદવી

૧૪ પૂર્વરંગ—(હિંદનો પ્રાચીન સમયનો ઇતિહાસ)

લે૦ શ્રી. દ. બા. કાલેલકર

૨૭ વ્યાપારી ભૂગોળ—લે૦ શ્રી. ચંદુલાલ ભગુભાઈ દલાલ